મધ્યકાલીન ગુજરાતી કથાકોશ

મધ્યકાલીન ગુજરાતી લૌકિક કથાત્મક કૃતિઓનો
વર્ણાનુક્રમે કૃતિઓનો
વર્ણાનુક્રમે પ્રસ્તુત કથાસાર

બીજો ખંડ

સંપાદક
હરિવલ્લભ ભાયાણી

સંશોધન-સહાયક અને મુખ્ય અધિકરણ-લેખક
કનુભાઈ શેઠ વસંતરાય દવે

ગુજરાત સાહિત્ય અકાદમી
ગાંધીનગર

મધ્યકાલીન ગુજરાતી કથાકોશ

કહબંધે તં નત્થિ જયમ્મિ જં કહ વિ ચુક્કં ॥

(ઉદ્યોતનસૂરિકૃત 'કુવલયમાલાકથા')

'જગતમાં એવો કોઈ પદાર્થ નથી જેને કથારચનામાં સ્થાન ન મળ્યું હોય'.

મધ્યકાલીન ગુજરાતી કથાકોશ

મધ્યકાલીન ગુજરાતી
લૌકિક કથાત્મક કૃતિઓનો
વર્ણાનુક્રમે કૃતિઓનો
વર્ણાનુક્રમે પ્રસ્તુત
કથાસાર

બીજો ખંડ

સંપાદક
હરિવલ્લભ ભાયાણી

સંશોધન-સહાયક અને મુખ્ય અધિકરણ-લેખક
કનુભાઈ શેઠ વસંતરાય દવે

ગુજરાત સાહિત્ય અકાદમી
ગાંધીનગર

Madhyakālīn Gujarati Kathākoś

(Treasury of Medieval Gujarati Tales and Narratives)

Edited by Harivallabh Bhayani,

Published by Gujarat Sahitya Academy
Old Vidhansabha Bhavan, Sector-17,
Gandhinagar-382 017

© ગુજરાત સાહિત્ય અકાદમી

પ્રથમ આવૃત્તિ : ૨૦૦૦

પ્રત : ૫૦૦

કિંમત : રૂ. ૩૦૦-૦૦

પ્રકાશક : **કનૈયાલાલ મ. પંડ્યા**
મહામાત્ર,
ગુજરાત સાહિત્ય અકાદમી
જૂનું વિધાનસભા ભવન,
ટાઉન હૉલ પાસે, સેક્ટર-૧૭
ગાંધીનગર-૩૨૨ ૦૧૭

મુદ્રક : હરજીભાઈ એન. પટેલ
કૃષ્ણા પ્રિન્ટરી
૯૬૬, નારણપુરા જૂના ગામ,
અમદાવાદ-૩૮૦ ૦૧૩
ફોન : ૭૪૯૪૩૯૩

પ્રકાશકીય

સ્વ. ડૉ. હરિવલ્લભ ભાયાણીએ સંપાદિત કરેલ 'મધ્યકાલીન ગુજરાતી કથાકોશ'નો પહેલો ખંડ ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી ૧૯૯૧માં પ્રકાશિત થયો હતો. મૂળમાં મધ્યકાલીન ગુજરાતી કથાકોશ બે ખંડમાં પ્રકાશિત કરવાની ડૉ. હરિવલ્લભ ભાયાણીની યોજના હતી. પ્રથમ ખંડમાં લૌકિક તત્ત્વની પ્રધાનતાવાળી કથાઓ સમાવેલ. એ પ્રકારની થોડી બાકી રહી ગયેલ કૃતિઓ તેમ જ ઇતર પ્રકારની કૃતિઓનો સમાવેશ કરીને બીજો ખંડ તૈયાર કરેલ છે. બીજા ખંડના સંપાદનકાર્યની જવાબદારી ડૉ. ભાયાણીએ ડૉ. કનુભાઈ શેઠ અને ડૉ. વસંતભાઈ દવેને સોંપેલ હતી.

અત્યારે મધ્યકાલીન ગુજરાતી કથાકોશમાં રસ લેનાર ગણ્યાગાંઠ્યા છે. તેમાંની કથાઓ ઘણુંખરું આગળની સંસ્કૃત પ્રાકૃત પરંપરાથી આવેલી છે. આ ખંડ માટેની સામગ્રીનો અભ્યાસ પૂરો પાડવામાં મુખ્યત્વે લા. દ. ભા. સં. વિદ્યામંદિર, અમદાવાદ અને ક્વચિત્ શ્રી મહાવીર આરાધના કેન્દ્ર, કોબાનાં પુસ્તકાલયો સંપાદકોના કાર્યમાં ઘણાં ઉપયોગી નીવડ્યાં છે. પૂર્વ મહામાત્ર ડૉ. હસુ યાજ્ઞિક, ડંકેશ ઓઝા તથા દલપત પઢિયારનો પણ ઘણો સહકાર આ કામમાં મળેલ હોવાનું સંપાદકોએ જણાવ્યું છે. આ ભગીરથ કામ પાર પાડવા માટે સંપાદકો ડૉ. કનુભાઈ શેઠ અને ડૉ. વસંતભાઈ દવેનો ઘણો આભારી છું. ડૉ. ભાયાણીસાહેબ હવે આપણી વચ્ચે નથી, પરંતુ એમનાં માર્ગદર્શન, શ્રમ, સૂઝ અને નિષ્ઠા વગર આ યોજના પાર પડી ન હોત. આથી આ બીજા ખંડનું પ્રકાશન ડૉ. ભાયાણીસાહેબને એક સમુચિત શ્રદ્ધાંજલિ બની રહેશે. મધ્યકાલીન ગુજરાતી કથાકોશના રસિયાઓ, અભ્યાસુઓ અને ભાવકો માટે આ બીજા ખંડનું પ્રકાશન ખૂબ જ ઉપયોગી બની રહેશે એવી આશા રાખું છું.

ગાંધીનગર
તા. ૫-૧-૨૦૦૧

કનૈયાલાલ મ. પંડ્યા
મહામાત્ર

પ્રાક્‌કથન

મેં સંપાદિત કરેલ 'મધ્યકાલીન ગુજરાતી કથાકોશ' ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી ૧૯૯૧માં પ્રકાશિત થયો હતો. માત્ર એક સંદર્ભગ્રંથ તરીકે જ નહીં, કથારસિયાઓ તરફથી અને મધ્યકાલીન સાહિત્યના અભ્યાસીઓ તરફથી પણ તેને સારો આવકાર મળ્યો. કેટલેક કારણે તેમાં ઘણી કથાઓનો સમાવેશ કરી શકાયો ન હતો. તેથી એક બીજો ખંડ તૈયાર કરવાનું મેં અકાદમીને સૂચવ્યું, અને સદ્‌ભાગ્યે અકાદમીએ તે સ્વીકાર્યું. પહેલા ખંડના મારા સહાયક કનુભાઈ શેઠ અને વસંતરાય દવેએ એ કામ કરવાનું માથે લીધું. એમને જરૂરી અનુભવ મળી ચૂક્યો હતો. હું એમના કાર્યમાં ઘટતું માર્ગદર્શન આપવા સંમત થયો. સાધનસામગ્રી મેળવવાની મુશ્કેલીને કારણે કામ પૂરું થતાં ચારેક વરસ લાગ્યાં. અત્યારે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં રસ લેનાર ગણ્યાગાંઠ્યા છે. તેમાંની કથાઓ ઘણુંખરું આગળની સંસ્કૃતપ્રાકૃત પરંપરામાંથી આવેલી છે. એ દૃષ્ટિએ આ કથાકોશ અભ્યાસીઓ અને વાચકોને ઉપયોગી અને રસપ્રદ લાગશે. પહેલો ખંડ હવે અપ્રાપ્ય છે એ આનો પુરાવો છે. અકાદમીને અને સંપાદકોને એક ઘણું ઉપયોગી કામ પાર પાડવા માટે ધન્યવાદ.

અમદાવાદ
૩૦-૬-૨૦૦૦

હરિવલ્લભ ભાયાણી

સંપાદકીય

મધ્યકાલીન ગુજરાતી કથાકોશ બે ખંડમાં પ્રકાશિત કરવાની ડૉ. હરિવલ્લભભાઈ ભાયાણીની યોજના ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા મંજૂર કરવામાં આવી હતી. તે અનુસાર ઈ.સ. ૧૯૯૧માં તેનો પહેલો ખંડ પ્રકાશિત થઈ ગયો છે, જેમાં લૌકિક તત્ત્વની પ્રધાનતાવાળી કથાઓ આપવામાં આવી હતી. ત્યારબાદ એ પ્રકારની થોડી બાકી રહી ગયેલી કૃતિઓનો તેમજ ઇતર પ્રકારની કૃતિઓનો સમાવેશ આ બીજા ખંડમાં કરવામાં આવ્યો છે.

આ બીજો ખંડ સંપાદિત કરવાની સમગ્ર જવાબદારી ઉદારતાપૂર્વક ડૉ. હરિવલ્લભભાઈ ભાયાણીએ અમને સોંપી માટે તથા અમારા આ કાર્યમાં માર્ગદર્શન આપવાનું સ્વીકાર્યું તે બદલ અમે એમનો ખાસ આભાર માનીએ છીએ.

આ કાર્યમાં અમને પરામર્શક ડૉ. હરિવલ્લભભાઈ ભાયાણીએ સતત માર્ગદર્શન અને મદદ આપ્યાં છે જેના વગર અમે આ કાર્ય પાર પાડી શક્યા હોત કે કેમ ? અમે તેમના સહકાર માટે અમારો કૃતજ્ઞભાવ વ્યક્ત કરીએ છીએ.

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા કથાકોશ ખંડ-બે પ્રકાશિત કરવાની યોજના સ્વીકારના કાર્યમાં સક્રિય રીતે રસ લઈ તેને પાર પાડનાર અકાદમીના તે સમયના મહામાત્ર ડૉ. હસુ યાજ્ઞિકનો અમે ખાસ આભાર માનીએ છીએ.

ત્યાર બાદ અમારા કાર્યમાં સાથ સહકાર આપનાર અકાદમીના ભૂતપૂર્વ મહામાત્ર શ્રી ડંકેશભાઈ ઓઝા તથા શ્રી દલપતભાઈ પઢિયારનો આભાર માનીએ છીએ.

મુખ્યત્વે લા.દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ અને ક્વચિત શ્રી મહાવીર આરાધના કેન્દ્ર, કોબા (ગાંધીનગર)નું પુસ્તકાલય અમારા કાર્યમાં ઉપયોગી થયાં છે તે માટે તેમના સંચાલકોનો અમે આભાર માનીએ છીએ.

અમારા આ કાર્યમાં સાથ સહકાર આપનાર વિદ્વાનો અને મિત્રોનો અત્રે આભાર માનીએ છીએ.

કથાકોશનો બીજો ખંડ પ્રકાશિત કરવાના કાર્યને પૂર્ણતાએ પહોંચાડનાર ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર શ્રી કનૈયાલાલ મ. પંડ્યાનો અમે ખાસ આભાર માનીએ છીએ.

સંપાદકો

ડૉ. કનુભાઈ શેઠ

ડૉ. વસંતભાઈ દવે

અનુક્રમણિકા

પ્રકાશકીય	૫
પ્રાક્કથન	૬
સંપાદકીય	૭
અનુક્રમણિકા	૮
કથાકોશ	
કથાસાર	૧-૧૯૭

कथासूचि (अकारादि)

(१) अइमता कथा
(२) अमरकुमार कथा
(३) अमरसेन जयसेननी कथा
(४) अर्जुन मालीनी कथा
(५) अर्हन्नक मुनिनी कथा
(६) अरुणदेव अने देविणी कथा
(७) इलाचीकुमारनी कथा
(८) इषुकार-कमलावती कथा
(९) उज्झितकुमार कथा
(१०) कुंडरिक पुंडरिक कथा
(११) कयवन्ना शाह कथा
(१२) कान्हड कठियारा कथा
(१३) कामदेव कथा
(१४) कालकसूरि कथा
(१५) केसरिया लाडु कथा
(१६) कोचर व्यवहारी कथा
(१७) क्षुल्लक ऋषि कथा
(१८) खंधक मुनि कथा
(१९) खिम ऋषि कथा
(२०) खेमा हडालियानी कथा
(२१) गंगा पाठकनी कथा
(२२) गजसिंहनी कथा
(२३) गुणकरंड गुणावली कथा
(२४) चंड सोमनी कथा
(२५) चंदनबाला कथा
(२६) चार प्रत्येक बुधनी कथा
(२७) चुलनी पिता श्रावक कथा
(२८) छ माईनी कथा
(२९) जगत शेठाणी माणेक देवी कथा
(३०) जिनरक्षित जिनपालित कथा
(३१) झांझरिया मुनि कथा
(३२) ठंठण ऋषि कथा
(३३) तेजसार कथा
(३४) तेतलीपुत्र कथा
(३५) थावच्चा सुत कता
(३६) नरवर्म कथा
(३७) नल दवदंती कथा
(३८) नागदत्त कथा
(३९) नागिल कथा
(४०) नागेश्वरी कथा
(४१) पंचपांडव कथा
(४२) (श्रेष्ठीपुत्री) पद्मिनी कथा
(४३) परदेशी नृप कथा
(४४) पूंजा ऋषिनी कथा
(४५) पृथ्वीचंद कथा
(४६) फाडनसंधान कथा
(४७) बलिभद्र कथा
(४८) बे चोरनी कथा
(४९) बे भाईनी कथा
(५०) भीम (चोपाई) कथा
(५१) भुवन भानु केवली धनदेव कथा
(५२) मदन धनदेव कथा
(५३) मयण रेहानी कथा
(५४) (कुलपुत्र) महाबलनी कथा
(५५) मानभटनी कथा
(५६) मायादित्यनी कथा
(५७) मित्राणंद कथा
(५८) मृगांकलेखानी कथा
(५९) मेघकुमारनी कथा
(६०) मेघरथ अने विद्युन्माली कथा
(६१) मेतारज मुनिनी कथा
(६२) यशोभद्र कथा

(૬૩) રત્નપાલ વ્યવહારી કરતા
(૬૪) રત્નસાર કથા (૧)
(૬૫) રત્નસાર કથા (૨)
(૬૬) લક્ષ્મીપુંજની કથા
(૬૭) વચ્છરાજ દેવરાજ કથા
(૬૮) વયરસ્વામિની કથા
(૬૯) વસુદેવની કથા
(૭૦) વીરમાણ ઉદયમાણની કથા
(૭૧) શનિશ્ચરની કથા
(૭૨) શાંબ પ્રદ્યુમ્નની કથા
(૭૩) સનતકુમાર ચક્રીની કથા
(૭૪) સમરાદિત્ય કેવલી કથા
(૭૫) સુંદર રાજાની કથા
(૭૬) સિંહ વસન્ત કથા
(૭૭) સિંહ શ્રેષ્ઠીની કથા
(૭૮) સૂડા-સાહેલીની કથા
(૭૯) સુભૂમ ચક્રવતીની કથા
(૮૦) હંસ રાજેન્દ્રની કથા
(૮૧) હરિચંદની કથા

કથાસૂચિ

(૧) જિનરક્ષિત અને જિનપાલિત કથા
(૨) સુભૂમ ચક્રવતીની કથા
(૩) નાગદત્ત શેઠની કથા
(૪) નાગેશ્વરી બ્રાહ્મણીની કથા
(૫) પૃથ્વીચંદ અને ગુણસાગરની કથા
(૬) અમરકુમારની કથા
(૭) કુંડરિક પુંડરિકની કથા
(૮) ખંધક મુનિની કથા
(૯) અઈમુત્તા કુમારની કથા
(૧૦) ઝાંઝરિયા મુનિની કથા
(૧૧) નરવર્મ નૃપની કથા
(૧૨) લક્ષ્મીપુંજ શેઠની કથા
(૧૩) મિત્રાણંદ મંત્રીશ્વરની કથા
(૧૪) હંસ રાજેન્દ્રની કથા
(૧૫) નાગિલ ધતકારની કથા
(૧૬) વયર સ્વામીની કથા
(૧૭) અર્હન્નક મુનિની કથા
(૧૮) શનિશ્ચરની કથા
(૧૯) ડામદેવ શ્રાવકની કથા
(૨૦) મયણરેહાની કથા
(૨૧) અમરસેન જયસેનની કથા
(૨૨) કાન્હડ કઠિયારાની કથા
(૨૩) ચુલની પિતા શ્રાવકની કથા
(૨૪) અર્જુન માલીની કથા
(૨૫) મૃગાંક લેખાની કથાની
(૨૬) પંચપાંડવ ચરિત્રની કથા
(૨૭) વસુરાજાની કથા
(૨૮) ચંદનબાલાની કથા
(૨૯) હરિચંદ્ર રાજાની કથા
(૩૦) બે ચોરની કથા
(૩૧) બે ભાઈની કથા
(૩૨) ગજસિંહ રાજાની કથા
(૩૩) ગુણકરંડ ગુણાવલીની કથા
(૩૪) કાલકસૂરિ ખાટકીની કથા
(૩૫) પરદેશી રાજાની કથા
(૩૬) તેતલીપુત્રની કથા
(૩૭) સૂડા-સાહેલીની કથા
(૩૮) રત્નસારની કથા
(૩૯) વીરભાણ ઉદયભાણની કથા
(૪૦) મદન ધનદેવની કથા
(૪૧) સિંહ શ્રેષ્ઠીની કથા.

મધ્યકાલીન ગુજરાતી કથાકોશ

બીજો ખંડ

જિનરક્ષિત અને જિનપાલિત કથા

ચંપાનગરીમાં શેઠ માર્કંદ. એની પત્ની ભદ્રા. એમને બે પુત્રો જિનપાલિત અને જિનરક્ષિત. તેઓ અગિયાર વાર સમુદ્ર પાર કરીને ખૂબ ધન કમાયા પણ લોભને વશ તેઓ એમનાં માબાપે વાર્યા છતાં પણ બારમી વાર અનેક વસ્તુઓ ભરીને વેપારઅર્થે સમુદ્રયાત્રાએ નીકળ્યા.

નસીબસંજોગે સમુદ્રમાં તોફાન થયું. અને તેઓનું વહાણ ભાંગી ગયું. વહાણમાં રહેલો બધો માલ તણાઈ ગયો. સમુદ્રમાં પડી ગયેલ જિનપાલિત અને જિનરક્ષિતને એક પાટિયું હાથ લાગતાં તેઓ તરતા રયણદ્વીપ નામના દ્વીપમાં પહોંચી ગયા. એટલામાં ત્યાં તે દ્વીપમાં રહેતી રયણદેવી હાથમાં તલવાર લઈને એમની સમક્ષ ઉપસ્થિત થઈને બોલી : 'તમે મારી સાથે પ્રેમ કરો અને ભોગવિલાસ કરવા તૈયાર થઈ જાવ તો બચશો, અન્યથા તમે જીવતા નહીં રહો. હું તમને મારી નાખીશ.'

બન્ને તેમ કરવા તૈયાર થઈ જતાં દેવી રયણદેવીએ તેઓને પોતાના ગૃહમાં આણ્યા. એ એમને સુંદર આહાર આપતી અને પછી ભોગવિલાસ માણતી રહેવા લાગી.

એક સમયે રયણદેવીને સમુદ્રયાત્રાએ જવાનું આવ્યું. રયણદેવીએ પોતાની અનુપસ્થિતિમાં તે બન્નેને દ્વીપની ત્રણ બાજુ રમણ કરવા જવાનું જણાવ્યું પણ દક્ષિણ દિશામાં જવાની મના કરી, કેમકે ત્યાં દૃષ્ટિવિષ સર્પ રહે છે. આ પ્રકારની શિખામણ આપીને રયણદેવી સમુદ્ર તરફ ગઈ. આ બાજુ બન્ને ભાઈઓએ પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં આવેલાં ત્રણે વન જોયાં. પણ તેમને કોઈપણ પ્રકારનો આનંદ મળ્યો નહિ એટલે તેઓ રયણદેવીએ મના કરી હતી છતાં દક્ષિણ દિશાના વનમાં ગયા. તો ત્યાં એમણે સખત દુર્ગંધ આવતી અનુભવી. ભય પામ્યા છતાં તેઓ આગળ વધ્યા. ત્યારે તેમણે શૂળીએ ચઢાવેલા પણ મૃત્યુ ન પામેલા એક નરને જોયો. એને એની આવી દશા કેમ થઈ એમ પૂછતાં તેણે જણાવ્યું કે 'હું કાંકદીનો શેઠ છું, ભરદરિયે મારું વહાણ ભાંગી જતાં હું તરતો તરતો અહીં આવી પહોંચ્યો. તે પછી મેં તે દેવી સાથે ભોગ ભોગવ્યા. પણ પછી કોઈક સામાન્ય અપરાધ માટે મને તેણે શૂળીએ લટકાવી દીધો છે. અરે ! તમે કેવી રીતે એને વશ થયા છો ? આ પાપિણી તમને પણ મારશે.'

ત્યારે તે બન્ને જણે જણાવ્યું : 'અમે પણ તારી માફક અમારું વહાણ ભાંગી જતાં તરતા તરતા અહીં આવ્યા છીએ. તો આમાંથી બચવાનો ઉપાય બતાવ ?' તે શૂળી પર રહેલા પુરુષે કહ્યું : 'પૂર્વ તરફના વનમાં અશ્વકાય રૂપ શેલગ યક્ષને વિનંતિ કરતાં તે તમને બચાવશે.' આ સૂચના પ્રમાણે બન્ને ભાઈઓ પૂર્વ દિશાના વનમાં રહેલા યક્ષ પાસે આવ્યા. તેમણે યક્ષને પોતાને

બચાવવાની વિનંતિ કરી. યક્ષે કહ્યું : 'હું તમને બચાવીશ. તમને બન્નેને મારી પીઠ પર બેસાડી સમુદ્ર પાર કરાવીશ પણ જો તમે રયણદેવીના મોહમાં પડશો તો હું તમને ઉલાળી નાંખીશ.' આ પછી બન્ને ભાઈ અશ્વકાય યક્ષની પીઠ પર ચઢી બેઠા.

આ બાજુ કાર્ય પતાવી રયણદેવી ગૃહે પાછી આવી બન્ને પતિને ન જોતાં એણે અવધિજ્ઞાનથી જોયું કે તેઓ શેલગ યક્ષની પીઠ પર બેઠેલા છે. એટલે હાથમાં ખડ્ગ લઈ તે એમની પાછળ પડી અને એમની પાસે આવી કહેવા લાગી : 'તમે પાછા ફરો, નહીં તો હું તમારા ટુકડે ટુકડા કરી નાંખીશ.' યક્ષે કહ્યું : 'તમે બીતા નહીં. તે કાંઈ નહીં કરી શકે. તમે મારી પીઠ પર બેઠેલા છો ત્યાં સુધી નિર્ભય અને નિઃશંક રહો.'

આ પછી રયણદેવીએ સ્નેહયુક્ત વચનમાં વિનંતી કરી કે તમે બન્ને મને છોડી ન જાવ અને પોતાની સાથે મોજમઝા કરવાનું જણાવ્યું. તે એમનો વિરહ એક પળ પણ સહન કરી શકે એમ નથી. વળી કહ્યું : 'તમે શા માટે મને છોડીને જાવ છો ? પાછા વળો.' પણ બન્ને ભાઈઓએ કંઈ પણ મચક ન આપી. પછી બે ભાઈઓ વચ્ચે ભેદ પડાવવા માટે તેણીએ કહ્યું : 'હે જિનરક્ષિત મને તારા માટે ખાસ ઉમેદ હતી, તું તો પ્રેમાળ છે. જિનપાલિત તો કઠોર છે, પણ તું તો દયાવાન છે અને રસાળ છે.' જિનરક્ષિત આ સાંભળી એના તરફ રાગયુક્ત થયો એટલે યક્ષે તેને પોતાની પીઠ પરથી ઉલાળી નાંખ્યો અને પાછળ આવતી રયણદેવીએ એના ટુકડે ટુકડા કરી નાંખ્યા.

જિનપાલિત દૃઢ રહ્યો. યક્ષે એને ચંપાપુરીમાં કુટુંબ સમીપ પહોંચાડ્યો. આ પછી એણે જિનવર પાસે દીક્ષા ગ્રહણ કરી અને અંતે સદ્‌ગતિ પામ્યો.

આધાર : ભાવપ્રભસૂરિકૃત જિનરક્ષિત જિનપાલિત સજ્ઝાય, જૈન સજ્ઝાયમાલા, જૈન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૯૮૮

સુભૂમ ચક્રવર્તી કથા

દેવલોકમાં બે દેવો. મહાસમ્યક્ત્વધારી વિશ્વાનર અને મહામિથ્યાત્વી ધન્વન્તરિ મિત્રો હતા. તેઓ પોતપોતાના ધર્મની પ્રશંસા કરી રહ્યા હતા. આમાં વિશ્વાનર જૈન ધર્મી હતો અને ધન્વન્તરી શૈવ ધર્મી હતો. એક દિવસ તેઓ બન્ને ધર્મની પરીક્ષા કરવા પૃથ્વીલોકમાં આવ્યા.

તે સમયે મિથિલાનરેશ પદ્મરથ શ્રી વાસુપૂજ્ય સ્વામી પાસે દીક્ષા લઈ વિહાર કરતા હતા. તેની પરીક્ષા કરવા દેવોએ અનેક પ્રકારનાં સ-રસ અન્ન વિકુર્વીને તેમને આપવા માંડ્યાં. પણ મુનિએ તેનો અસ્વીકાર કર્યો. માર્ગમાં કાંટા પાથર્યા. વળી બીજા માર્ગે દેડકા વગેરે જીવ-જંતુ વિકુર્વ્યાં. તેઓએ દેડકાવાળો માર્ગ ત્યજીને કાંટાવાળા માર્ગે જવાનું પસંદ કર્યું. એમના પગમાંથી લોહી ઝરવા લાગ્યું પણ તેઓ ક્ષુબ્ધ ન થયા.

દેવોએ આ પછી સુંદર રૂપાંગના વિકુર્વી. તેમણે ગીત નાટક આદિ રૂપ હાવભાવ કરી મુનિને પતિત કરવા પ્રયાસ કર્યો પણ તેઓ એમાં નિષ્ફળ ગયા. ત્યાર પછી દેવોએ નૈમિત્તિકોનું રૂપ ધારણ કરી મુનિ પાસે આવીને કહ્યું, 'હે મુનિ, અમે નૈમિત્તિકો છીએ અને નિમિત્તથી કહીએ છીએ કે તમારું આયુષ્ય હજી ઘણું લાંબું છે આથી તમે આ યુવાવસ્થામાં ભોગ ભોગવો અને વૃદ્ધાવસ્થામાં ધર્મધ્યાન તપસ્યા કરજો.' મુનિએ કહ્યું : 'જો મારું આયુષ્ય લાંબું હશે તો લાંબા સમય સુધી સંયમ પાળીશું. ઘણું પુણ્ય થશે. વળી યૌવનવયમાં કરેલું તપ પ્રશંસાપાત્ર છે.' મુનિની આવી દૃઢ ધર્મશ્રદ્ધા જોઈ દેવો હારી ગયા અને જૈન ધર્મની પ્રશંસા કરી.

આ પછી બન્ને વનમાં ગયા. ત્યાં જમદગ્નિ નામનો વૃદ્ધ તાપસ તપસ્યા કરતો હતો. તેની પરીક્ષા કરવા માંડી. એની દાઢીમાં ચકલા-ચકલીનું રૂપ વિકુર્વ્યું અને ત્યાં રહ્યા.

એક દિવસ ચકલાએ મનુષ્યવાણીમાં ચકલીને કહ્યું : 'હે પ્રિય, હું થોડા દિવસ માટે હિમવંત પર્વત પર જાઉં છું.' ચકલીએ કહ્યું : 'તમે જાવ છો તેનો વાંધો નથી. પરંતુ ત્યાં બીજી ચકલીના પ્રેમપાશમાં પડી બંધાઈ જાવ અને પાછા ન આવો તો મારું શું થાય.' 'હું ગોહત્યા, બાલહત્યા, સ્ત્રીહત્યાના સમ ખાઈને કહું છું કે હું પાછો આવીશ' ચકલાએ કહ્યું. ત્યારે ચકલીએ કહ્યું : 'જો તમે પાછા ન આવો તો તમે આ ઋષિના પાપથી લેપાશો એવા સમ ખાવ તો જવા દઉં.'

જમદગ્નિ ઋષિએ આ સાંભળ્યું એટલે એમને દાઢીની બહાર કાઢ્યા અને ક્રોધે ભરાઈને પૂછ્યું. 'અરે, તમે મને પાપી કહો છો ! ક્યું પાપ મેં કર્યું છે ?'

ચકલી બોલી : 'તમે અમારા પર ગુસ્સે ન થાવ. આપણા શાસ્ત્રમાં કહ્યું છે કે - 'અપુત્રની ગતિ થતી નથી' (અપુત્રસ્ય ગતિર્નાસ્તિ) અને સ્વર્ગ મળતું નથી. તમે તો અપુત્ર છો, તો તમારી ગતિ કેવી રીતે થશે ?'

જમદગ્નિને તે વાત સાચી લાગી. 'કોઈ કન્યાનું પાણિ-ગ્રહણ કરી, પુત્ર ઉત્પન્ન કરું' એમ વિચારી તેણે તપસ્યા છોડી દીધી. તે કોષ્ટકિ નગરીના જિતશત્રુ રાજા પાસે આવ્યો. આ બાજુ ધન્વંતરી દેવ તે ઋષિને ક્ષોભ પામેલા જોઈને જૈન ધર્મને સાચો માની શ્રાવક બન્યો. જમદગ્નિએ રાજા જિતશત્રુને અનેક પુત્રીઓ હોવાનું જાણી તેની પાસેની પોતાના માટે એક પુત્રીની માગણી કરી.

રાજાએ કહ્યું : 'મારે સો પુત્રીઓ છે. તેમાંથી જે તમને વાંછે, તેની જોડે હું તમારાં લગ્ન કરાવું.' પછી જમદગ્નિ પુત્રીઓના અંતઃપુરમાં ગયો. સર્વ પુત્રીઓએ તેમનો જટાધારી દુર્બલ અસંસ્કૃત

દેહને જોઈ એને પરણવાની ના કહી. આથી ગુસ્સે થયેલા જમદગ્નિએ પોતાના તપના બળે સર્વને કૂબડી બનાવી દીધી. ત્યાંથી પાછા ફરતાં તેણે ત્યાં રાજઆંગણામાં એક નાની બાળાને ધૂળમાં રમતી જોઈ. તાપસે તેને એક બિજોરું બતાવ્યું. બાળાએ તે લેવા હાથ લંબાવ્યો. તે જોઈ તાપસે માન્યું કે આ બાળા મને વાંછે છે. આથી તેની માગણી રાજા જિતશત્રુ સમક્ષ કરી. રાજાએ શાપના ભયે તે બાળા ઋષિને એક હજાર ગાયનું ગોકુળ અને દાસ સહિત આપી. આ પછી જમદગ્નિએ બીજી સો કન્યાને-પુત્રીઓને તપ બળે સાજી કરી સ્વરૂપવાન બનાવી. જમદગ્નિ તે કન્યાને પોતાના સાથે લઈ ગયો અને આશ્રમમાં રાખી અને એનું લાલન-પાલન કરાવ્યું. પછી યૌવનવયમાં આવતાં જમદગ્નિએ એની સાથે લગ્ન કર્યાં. તે સ્ત્રીનો ઋતુકાળ આવતાં એની પ્રાર્થનાથી જમદગ્નિએ બ્રાહ્મણ તથા ક્ષત્રિય પુત્ર ઉત્પન્ન થાય તેવા બે ચારુઓ મંત્રીને તૈયાર કરી એને આપ્યા. તે સ્ત્રીએ પોતે ક્ષત્રિય ચારુ ખાધો અને બ્રાહ્મણ ચારુને તેણે પોતાની બહેન માટે હસ્તિનાપુર મોકલી આપ્યો. સમય જતાં એને રામ નામનો પુત્ર અવતર્યો અને એની બહેનને કૃતવીર્ય નામે પુત્ર ઉત્પન્ન થયો. રામ આશ્રમમાં મોટો થવા લાગ્યો. એક દિવસ ત્યાં એક વિદ્યાધર આવ્યો. તેને અતિસારનો વ્યાધિ થઈ ગયો. રામે તેની સેવા કરી, તેથી પ્રસન્ન થઈને તે વિદ્યાધરે તેને પરશુ વિદ્યા આપી. રામ તે વિદ્યા સાધીને પરશુરામ તરીકે પ્રસિદ્ધિ પામ્યો. તે પછી તે પરશુરામ દેવે આપેલ પરશુ લઈ ફરવા લાગ્યો.

એક દિવસ તે સ્ત્રી રેણુકા પોતાની બહેનને મળવા હસ્તિનાપુર ગઈ. ત્યાં તેણે સગા બનેવી અનંતવીર્ય સાથે ભોગ ભોગવ્યા. એ ભોગથી તેને એક પુત્ર થયો. તે પુત્ર સહિત જમદગ્નિએ રેણુકાને પાછી પોતાના ઘેર આણી. આ અંગે પરશુરામે ગુસ્સે થઈને પેલા પુત્ર સહિત પોતાની માને પરશુથી મારી નાંખી. આથી ગુસ્સે થયેલા અનંતવીર્યે આશ્રમમાં આવીને આશ્રમને ભાંગી નાંખ્યો અને જમદગ્નિને માર્યો.

આથી ક્રોધે ભરાયેલા પરશુરામે પોતાના ભાઈ કૃતવીર્યને મારીને હસ્તિનાપુરનું રાજ્ય હસ્તગત કર્યું. આ સમયે કૃતવીર્યની એક સગર્ભા રાણીએ નાસી જઈને કોઈ તાપસના આશ્રમમાં આશરો લીધો. તાપસોએ એને રાણી જાણી ભૂમિગૃહમાં ગુપ્તપણે સલામત રીતે રાખી. તેણે ચૌદ સ્વપ્ન દ્વારા સૂચિત પુત્રને ભૂમિગૃહમાં જન્મ આપ્યો. તેને સુભૂમ નામ આપવામાં આવ્યું. પરશુરામે ક્ષત્રિય પર વૈર વાળવા ફરી ફરીને સાતવાર પૃથ્વી નક્ષત્રીય કરી. ક્ષત્રિયની દાઢો કઢાવી તેને થાળમાં ભરી તે થાળ પોતાની રાજસભામાં રાખ્યો. એક નૈમિત્તિકે પરશુરામને કહ્યું : 'જે પુરુષની દૃષ્ટિથી આ દાઢો ખીર રૂપ બનશે અને જે માણસ તે ખીર પી જશે તેના હાથથી તમારું મૃત્યુ થશે.' આ સાંભળી પોતાના શત્રુને શોધી કાઢવા પરશુરામે એક દાનશાળા ખોલી. તેમાં એક સિંહાસન પર પેલી દાઢો ભરેલો થાળ મૂક્યો.

એક અવસરે વૈતાઢ્ય પર્વતના સ્વામી મેઘનાદે એક નૈમિત્તકને પૂછ્યું : 'મારી કન્યાનો પતિ કોણ થશે ?' તેણે કહ્યું : 'સુભૂમ તારી કન્યાનો પતિ થશે.' આ પછી વિદ્યાધર પોતાની પુત્રી લઈને ત્યાં આવ્યો અને તેને સુભૂમ સાથે પરણાવી. ભૂમિગૃહમાં રહેલા સુભૂમે એક દિવસ પોતાની માતાને પૂછ્યું : 'હે માતા, શું પૃથ્વી આટલી જ છે ?' માતાએ કહ્યું : 'ના વત્સ, પૃથ્વી તો ઘણી વિશાળ છે. તારા પિતાને મારીને પરશુરામે હસ્તિનાપુરનું રાજ્ય લઈ લીધું છે. તેના ભયે આપણે ભૂમિગૃહમાં રહીએ છીએ.'

તે વાત સાંભળી સુભૂમ ગુસ્સે થઈ ગયો. માતાની રજા લઈ ભૂમિગૃહમાંથી બહાર નીકળ્યો. મેઘનાદ વિદ્યાધર સહિત દાનશાળામાં પહોંચ્યો. ત્યાં તેની નજર પડતાં સિંહાસન પર જે દાઢોનો થાળ મૂક્યો હતો તેમાંની દાઢો ખીર રૂપ બની ગઈ. સુભૂમ તે બધી ખીર ગટગટાવી ગયો. આ સમાચાર મળતાં પરશુરામ પોતાના શત્રુને હણી નાંખવા પરશુ લઈને આવ્યો. સુભૂમે પેલો થાળ પરશુરામ તરફ ફેંક્યો એટલે તે થાળ ફાટી એક ચક્ર ઉત્પન્ન થયું. તે એણે પરશુરામ તરફ ફેંક્યું એટલે તે મરણ પામ્યો. પરશુરામના વૈરથી સુભૂમે એકવીસ વાર પૃથ્વી બ્રાહ્મણ વિનાની કરી. ચક્રના બળે છ ખંડ જીતીને તે છ ખંડનો ચક્રવર્તી બન્યો.

આ પછી લોભના કારણે ધાતકી ખંડના ભરતક્ષેત્રને સાધવા માટે ચર્મરત્ન પર કટક ચઢાવી લવણ સમુદ્ર પાર કરવા ગયો. તે વખતે બધા દેવોમાંથી કોઈ દેવ એની સહાય માટે આવ્યો નહીં. પરિણામે સૈન્ય સહિત સુભૂમ ચક્રવર્તી લવણ સમુદ્રમાં ડૂબી ગયો અને સાતમા નરકે ગયો.

આધાર : સોમસુંદરસૂરિકૃત, સુભૂમ ચક્રવર્તી કથા, યોગશાસ્ત્ર બાલાવબોધ

નાગદત્ત શેઠની કથા

ઉજ્જૈન નગરીમાં નાગદત્ત શેઠ. યશોમતી એની પત્ની. એક નાનો પુત્ર. શેઠે એક મહેલ ચણાવ્યો એમાં બાર વર્ષ વીતી ગયાં. બાદમાં તેણે ચિત્રકારોને બોલાવ્યા અને ભલામણ કરી : 'મારા આ મહેલમાં સુંદર ચિત્રો ચીતરજો. એમાં આકાશની વાદળીઓ જેવા સુંદર રંગ પૂરજો જે મારી સાત પેઢી સુધી ઝાંખા ન થાય.' આ વખતે ત્યાંથી એક જ્ઞાની મુનિ મહારાજ ગોચરી લેવા નીકળ્યા હતા. તે પસાર થતા હતા તેમણે તે શબ્દો સાંભળ્યા. મુનિને જોઈ નાગદત્ત એમના પગે પડ્યો. મુનિ ધીમેથી 'ધર્મલાભ' કહી સહેજ હસી આગળ વધી ગયા.

નાગદત્તને આશ્ચર્ય થયું અને તે બબડ્યો : 'ગંભીર ગણાતા જૈન મુનિનું આ રીતે હસવું તે મુનિના આચારને યોગ્ય ન

ગણાય. હું મારા મહેલ અંગે કંઈક ભલામણ કરું એમાં એમનું શું જાય ? નવરો થઈ હું આ અંગે તેમને પૂછવા ઉપાશ્રયે જઈશ.'

આ પછી નાગદત્ત ઘરે જઈ જમવા બેઠો. એ એના ખોળામાં બેઠેલ પુત્રને દુલરાવતો હતો. એટલામાં એણે પેશાબ કર્યો. એના મૂત્રના છાંટા એની થાળીમાં પડ્યા પણ તેને ગણકાર્યા વગર તે થાળીમાંથી ખાવા લાગ્યો. એટલામાં પેલા જ મુનિ ગોચરી અર્થે ફરતા ફરતા નાગદત્તના ઘેર આવી પહોંચ્યા. પત્ની યશોમતીએ મુનિને ભાવથી વહોરાવ્યું. તે વખતે ભોજન કરતા નાગદત્ત તરફ જોઈને મુનિને હસવું આવ્યું અને તે ત્યાંથી વિદાય થયા. આ જોઈને નાગદત્ત આ મુનિના આ વર્તન અંગે ચિંતિત અને સાશંક બન્યો.

જમીને નાગદત્ત દુકાને આવ્યો અને બેઠો. ત્યાં રસ્તા પર એક બોકડો લઈને એક કસાઈ નીકળ્યો. પેલો બોકડો એકદમ નાગદત્તની દુકાન ઉપર ચઢી આવ્યો. એની પાછળ આવેલ કસાઈએ કહ્યું : 'આ બોકડો મારો છે. તે મને પાછો આપો અથવા એના ઉચિત દામ આપો.' શેઠે દામ આપવાની ના પાડી અને બોકડાને દુકાન ઉપરથી ઉતારી મૂક્યો. એટલે બોકડાની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. તે વખતે ત્યાંથી પેલા મુનિ પસાર થતા હતા. બોકડાની આંખમાં આંસુ જોઈને મુનિ સહેજ હસ્યા અને આગળ ચાલ્યા ગયા.

નાગદત્ત વિચારમાં પડી ગયો કે આ મુનિ કેમ ત્રણ પ્રસંગે હસ્યા ? તે ઝડપથી દુકાનેથી ઊઠીને ઉપાશ્રયે આવ્યો. મુનિને વંદણા કરી અને ત્યાં એમની સમક્ષ બેઠો અને પૂછ્યું : 'હે મુનિ મહારાજ, તમે આજે ત્રણ પ્રસંગે ત્રણવાર હસ્યા હતા તો કૃપા કરી તેનું કારણ કહો ?'

'હું જ્યારે ચિત્રકારને ભલામણ કરતો હતો ત્યારે તમે કેમ હસ્યા ? ઘરના કામ અંગે આવી સૂચના કોણ આપતું નથી ? તો આપ કેમ હસ્યા એની પાછળનું કારણ કહો ?'

મુનિએ કહ્યું : 'ભાઈ, પૂછવામાં કોઈ સાર નથી.' પણ નાગદત્તે અતિ આગ્રહ કરતાં મુનિએ કહ્યું : 'અરે, તારું આયુષ્ય માત્ર સાત દિવસનું છે અને તું સાત પેઢી સુધી રંગ ટકાવવાની વાત કરતો હતો એટલે મને હસવું આવ્યું.'

આ સાંભળી દુઃખ અનુભવતા નાગદત્તે પૂછ્યું : 'હે મુનિશ્રી, મારું મૃત્યુ કેવી રીતે થશે ?' મુનિએ કહ્યું : 'તને કપાળમાં શૂળ ઊપડશે અને તારું મૃત્યુ થશે.' આ પછી મુનિએ તેને ધર્મકરણી કરવા સૂચવ્યું.

વળી નાગદત્તે પૂછ્યું : 'હું મારા પુત્રને રમાડતો હતો અને ભોજન કરતો હતો તે વખતે આપ કેમ હસ્યા હતા ?'

મુનિએ કહ્યું : 'તું જેને પુત્ર તરીકે દુલરાવતો હતો તે પૂર્વભવમાં તારી સ્ત્રીનો જાર હતો. તેં એને તારા હાથે ઘણો માર્યો હતો. એવો તે વેર લેવા માટે તારી સ્ત્રીના કૂખે જન્મ્યો છે. તે મોટો થઈને તારી પત્નીને ઝેર આપી મારી નાંખશે અને તારું સર્વધન વ્યસનોમાં ખોઈ નાંખશે. મોટો થઈ મહેલ વેચશે. એવા એનો પેશાબ પડ્યો હતો એવું અન્ન તું જમી રહ્યો હતો તે જોઈને મને હસવું આવ્યું હતું.'

વળી નાગદત્તે પૂછ્યું : 'હે મુનિશ્રી બોકડાવાળા પ્રસંગે આપ કેમ હસ્યા હતા તે કહો.' એટલે મુનિએ કહ્યું : 'તેં જે બોકડો દુકાન બહાર કાઢ્યો તે તારો પિતા હતો. તેણે પૂર્વભવમાં એક ચંડાલ એની પાસે રૂ ખરીદવા આવ્યો હતો અને એણે જેટલા રૂપિયા આપ્યા હતા તેના પ્રમાણમાં તોલમાં કપટ કરીને ઓછું રૂ આપ્યું હતું. ઘેર જઈને તોલ કરતાં રૂ ઓછું થયું એટલે તે એટલા રૂ પેટે નાણાં પાછાં લેવા આવ્યો હતો, પણ તારા પિતાએ નાણાં પાછાં આપ્યાં નહીં. આમ આ દેણું બાકી રહી ગયું અને આથી તારા પિતા મરીને બોકડો થયા અને કસાઈનું દેવું ચૂકવવા આવ્યા. એણે રસ્તામાં પોતાની દુકાન દેખી, તને દેખ્યો, જાણીતું બધું જોયું એટલે તેને જાતિસ્મરણ જ્ઞાન થયું અને તે તારે આશ્રયે આવ્યો. ચંડાળે તને કહ્યું કે પૈસા આપો તો છોડું, પણ તેં લોભને લીધે તેને વેચાતો ન લીધો. આ જોઈ મને હસવું આવ્યું.'

આ સાંભળી નાગદત્ત ઝટ ઊઠ્યો અને જ્યાં કસાઈ હતો ત્યાં પહોંચ્યો અને બોકડાની માંગણી કરી. ત્યારે કસાઈએ કહ્યું : 'મેં દેવા માંડ્યો ત્યારે લીધો નહીં. મેં એને મારી નાંખ્યો અને તે અત્યારે રંધાય છે.' ભારે દુઃખ સાથે નાગદત્ત મુનિ પાસે પાછો આવ્યો અને પછી પોતાનો પિતા મૃત્યુ પામીને કેવી ગતિ પામ્યો હશે, એમ પૂછ્યું. ત્યારે મુનિએ કહ્યું : 'ચિત્તની વિહ્વળતા, ક્રોધ અને નિરાધારતામાં ટળવળતો અને તને તિરસ્કારતો તે મરીને નરકે ગયો.'

આ પછી નાગદત્તે કહ્યું : 'મારું આયુષ્ય સાત દિવસનું છે તો હું શું ધર્મ કરી શકું ?' મુનિએ કહ્યું : 'અરે એક દિવસનું ચારિત્ર પણ અનુત્તર વિમાને પહોંચાડે છે. જેવા ભાવ તેવું ફળ.' આ પછી નાગદત્તે ચારિત્ર ગ્રહણ કર્યું અને સઘળો પરિગ્રહ છોડી દીધો.

તેણે ચાર દિવસ વેદના રહિત ચારિત્ર પાળ્યું અને ત્રણ દિવસ સમતાભાવે શિરના શૂળની વેદના સહી ચારિત્ર પાળ્યું. નાગદત્ત સાતમે દિવસે ઉજ્જેણી છોડી સૌધર્મ દેવલોકે સિધાવ્યો.

આધાર : જ્ઞાનવિમલસૂરિકૃત નાગદત્ત શેઠની સજ્ઝાય, જૈન સજ્ઝાયમાલા, શ્રી જૈન પ્રકાશન મંદિર, અમદાવાદ.

નાગેશ્વરી બ્રાહ્મણીની કથા

ચંપા નગરીમાં સોમિલ બ્રાહ્મણ. નાગેશ્વરી એની પત્ની. ધર્મઘોષ નામના સાધુ. એમના શિષ્ય ધર્મરુચિ મુનિ. તે માસના તપના પારણે ગુરુ આજ્ઞા લઈને ગોચરી વહોરવા નીકળ્યા. ફરતાં ફરતાં તેઓ નાગેશ્વરી બ્રાહ્મણીના ઘરે આવ્યા. નાગેશ્વરીએ એમનું સન્માન કર્યું. પછી ઘરના અંદરના ભાગમાં જઈને કડવા તુંબડાનું અથાણું (સાબણો) બહાર લઈ આવીને બધું સાધુને વહોરાવી દીધું. વહોરીને ધર્મરુચિ ગુરુ પાસે આવ્યા. ત્યારે ગુરુએ એમને એવો આહાર કરવાની ના પાડી. કેમકે તેથી જીવની હાનિ થાય. તે આહાર લઈ તેને પરઠવા-દાટવા તેઓ વનની મધ્યે ગયા. એમણે એમાંથી એક બિંદુ જેટલું ભોંય પર નાંખ્યું, તો જીવ સંહાર થયો. એટલે જીવદયાનો વિચાર કરી મુનિ ધર્મરુચિ તે સર્વ પોતે જ ખાઈ ગયા. એક મુહૂર્ત પછી પેલા આહારના પરિણામે પેટમાં અતુલ વેદના ઊપડી એટલે સંથારાની ગાથા બોલી સર્વ આહારનો ત્યાગ કરી-અનશન ધારણ કર્યું અને પ્રાણત્યાગ કર્યો. મનના ઊંચા ભાવને પરિણામે તેઓ અનુત્તર વિમાનમાં-સ્વર્ગમાં ગયા. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મી કેવળજ્ઞાન પામશે.

બ્રાહ્મણ સોમિલે આ વાત જાણી ત્યારે તે નાગેશ્વરી પર ગુસ્સે થયો અને તેને ઘર બહાર કાઢી મૂકી. એને સોળ પ્રકારના રોગ ઉત્પન્ન થયા અને તે સાતમા નરકમાં અસંખ્યાત કાળ સુધી રહી. પછી તે ચંપાનગરીમાં એક શેઠને ઘર જન્મી. એનું નામ સુકુમાલિકા પાડવામાં આવ્યું. એને એક સુકુમાર કુંવર જોડે પરણાવવામાં આવી. પણ એની સમીપ જતાં અગ્નિઝાળ લાગી એટલે તે એને છોડીને પોતાના ગૃહે આવી ગયો. શેઠે પેલા શેઠના ગૃહે આવી પોતાની પુત્રીને વિના કારણે ત્યજી દેવા માટે ઠપકો આપ્યો. શેઠે પોતાના પુત્રને પાછા જવા કહ્યું પણ પુત્રે તે નારીનો સ્વીકાર કરવાનો સ્પષ્ટ ઇન્કાર કર્યો. પછી શેઠ પોતાના ઘરે પાછા આવ્યા.

પછી શેઠે પોતાની પુત્રી એક દ્રમક (ગરીબ) પુરુષ સાથે પરણાવી. તે પણ તેને છોડી ગયો. આમ બનતાં કુંવરીએ વિચાર્યું કે પૂર્વે મેં ઘણાં પાપ કર્યાં લાગે છે તે ઉદય પામ્યાં છે. એટલે દરરોજ દાન આપવા લાગી. એકવાર ગોવાળિકા સાધ્વી પધાર્યાં. એણે સાધ્વીને કહ્યું : 'મને કોઈ ભરતાર વાંછતો નથી. તો તમે એવો કોઈ ઉપચાર કરવાનો ઉપકાર કરો.' સાધ્વીએ ધર્મોપદેશ આપતાં જણાવ્યું કે શ્રાવકનાં બાર વ્રત ધારણ કર, જે તને તારશે. માતા-પિતાની અનુમતિ મેળવી તેણે દીક્ષા લીધી. પછી તેણે ગુરુણી પાસે વનમાં રહી આતાપના લઈ કાઉસગ્ગ ધ્યાન કરવાની અનુમતિ માગી. આજ્ઞા ન મળી એટલે ગુરુણીના વચનને લોપીને બાગ મધ્યે ગઈ અને છઠ્ઠ તપની તપસ્યા કરી કાઉસગ્ગ ધ્યાન કરવા લાગી. ત્યાં બાગમાં ગણિકાને અનેક પુરુષો સાથે ભોગવિલાસ કરતી જોઈને અર્ધમાસનું સંલેખના તપ કરી એવું 'નિયાણું' કર્યું કે તે આવતા ભવે પાંચ પુરુષોની પત્ની બને. તે મરણ પામીને બીજા સર્ગમાં અવતરી. ત્યાં નવપલ્ય સમય સુધી આયુષ્ય ભોગવી તે દ્રુપદ રાજાની પત્ની ચૂલણીની કૂખે દ્રૌપદી તરીકે જન્મી. પછી તે પાંચ પાંડવની પત્ની બની. અંતે સંયમ ધારણ કરી. દેવલોકમાં ગઈ અને તે પછી તે નિર્વાણ પામી.

આધાર : અજ્ઞાત કૃત નાગેશ્વરી બ્રાહ્મણીની સજ્ઝાય જૈન સજ્ઝાય સંગ્રહ, શ્રી જૈન જ્ઞાનપ્રસારક મંડળ, મુંબઈ.

પૃથ્વીચંદ્ર અને ગુણસાગરની કથા

અયોધ્યાનગરીમાં હરિસિંહ રાજા. પત્ની પદ્મવતી. પુત્ર પૃથ્વીચંદ્રકુમાર. હરિસિંહે પુત્રને આઠ કન્યા સાથે પરણાવ્યો. પણ એનું મન તો વૈરાગ્ય તરફ હતું એટલે એણે પોતાની પ્રિયાને પ્રતિબોધ કરી સંયમ લેવાનું વિચાર્યું. આ પછી તેણે પોતાના ભવનમાં જઈ પોતાની પ્રિયાઓને ઉપદેશ આપતાં કહ્યું : 'વિષયસુખથી કદી તૃપ્તિ થતી નથી અને સંસારમાં કદી સુખ મળતું નથી.' એની સ્ત્રીઓ પર એની ઉપદેશવાણીની અસર પડી. તેઓએ 'આનો શો ઉપાય ?' એમ પૂછ્યું. 'ઉપાય તરીકે સંયમ ગ્રહણ કરવો જોઈએ' એમ એણે કહ્યું. બધી નારી સંયમ લેવા માટે તૈયાર થઈ. એટલે પૃથ્વીચંદ્રે કહ્યું : 'હાલ નહીં. જ્યારે સદ્‌ગુરુ મળશે એટલે ભોગ છોડી સંયમ ગ્રહણ કરીશું.'

માતાપિતાએ આ જાણ્યું એટલે એમણે વિચાર્યું : 'નારી એને વશ કરી શકી નહીં પણ નારી એને વશ થઈ ગઈ છે. એટલે જો એને રાજા બનાવીશું, તો એમાં તે રસ લેતો થશે.' એટલે એમણે એને રાજા બનાવ્યો, પણ પૃથ્વીચંદ્ર તો રાજા બન્યા છતાં સંયમ લેવા કોઈ યોગ્ય ગુરુની રાહ જોવા લાગ્યો.

એક દિવસ રાજસભામાં પૃથ્વીચંદ્ર બેઠો હતો ત્યારે સુધન નામનો એક વેપારી આવ્યો. રાજાએ પૂછ્યું : 'તમે ક્યા ક્યા દેશ જોયા છે ? એમાં કોઈ આશ્ચર્યકારક વસ્તુ કે બિના જોઈ કે જાણી હોય તો કહો.'

એટલે સુધને નીચેની ઘટના કહી સંભળાવી-

'ગજપુરનગર. ત્યાં રત્નસંચય નામનો વાણિયો રહે છે. સુમંગલા એની પત્ની. ગુણસાગર તેનો પુત્ર. એણે એક દિવસ રાજપથ પર એક મુનિને વિચરતા જોયા એટલે એને પૂર્વભવનું જાતિસ્મરણ થયું. માબાપ પાસે જઈને કહ્યું : 'હું સંયમ લેવા-દીક્ષા લેવા માગું છું. તો મને અનુમતિ આપો.' માબાપે કહ્યું : 'પહેલાં તું પદ્મણીને પરણ પછી સંયમ લેજે.' એમ કહી આઠ કન્યાના પિતા પાસે ઉપસ્થિત થઈ કહ્યું : 'અમારો પુત્ર તમારી કન્યા સાથે પરણીને પછી સંયમધારી થશે.' આ સાંભળી એમણે કહ્યું : 'અમે

બીજો વર શોધીશું.' આ વાત આઠ કન્યાઓએ સાંભળી એટલે પોતાના પિતાને કહ્યું : 'અમે આ સિવાય અન્ય કોઈ વરને પરણીશું નહિ અને તે જે કરશે તે કરીશું.' કન્યાઓનાં આવાં વચનથી તે શેઠ હરખ્યા અને વિવાહ કરવાનું નક્કી કરી વિવાહ મહોત્સવનો આરંભ કર્યો. વરઘોડે ચઢીને ગુણસાગર આવ્યો. તે 'ચોરી'માં બેઠો, હર્ષપૂર્વક હસ્તમેળાપ થયો. મહાજન મળ્યું. કુંવરના મનમાં તે સમયે સદ્‌ગુરુ પાસે સંયમ ધારણ કરી આત્મોધ્ધાર કરવાનું ચિંતન આવ્યું. આ ચિંતન કરતાં કરતાં આધ્યાત્મિક શ્રેણીમાં આગળ વધતાં વધતાં તેને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું, પેલી કન્યાઓ પણ સંયમ લેવા તૈયાર થઈ. એનું ચિંતન કરતાં કરતાં અધ્યાત્મ ઉન્નતિ પ્રાપ્ત કરી તે આઠેય કન્યાઓને પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું... અને એ બધાંને સાધુવેશમાં જોઈને નરપતિ આશ્ચર્યમાં પડી ગયો.' આ આશ્ચર્ય જોઈને સુધન પોતે અહીં આવ્યો છે, એમ કહ્યું.

આ આશ્ચર્યકારક ઘટના સાંભળી પૃથ્વીચંદ્રના મનમાં પણ વૈરાગ્ય ભાવ ઉદ્‌ભવ્યો. ચિંતન કરતાં તે શુક્લ ધ્યાનમાં ઊતરી ગયો અને તેને કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું. આ જોઈ માતાપિતા ત્યાં આવ્યાં. પુત્રને જોઈને તેઓ ઉલ્લાસ પામ્યાં. આ સમાચાર આઠ પત્નીઓએ સાંભળ્યા એટલે એમના અંગમાં ઊલટ ન માતાં તેઓને ચિંતન કરતાં કરતાં એમને પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

પૃથ્વીચંદ્ર અને ગુણસાગર કેવળીએ આ પછી લાંબા કાળ પર્યંત વિચરીને અનેક જીવોને તાર્યા.

આધાર : જિનવિજયકૃત પૃથ્વીચંદ્ર અને ગુણસાગરની સજ્ઝાય, જૈન સંગ્રહ, જૈન જ્ઞાન પ્રસારક સભા, મુંબઈ.

અમરકુમારની કથા

રાજગૃહી નગરીમાં શ્રેણિક રાજા ચિત્રશાળા કરાવે છે. અનેક પ્રકારે બાંધકામ કરાવે છે. પણ ચિત્રશાળાનો દરવાજો પૂર્ણ થવામાં હોય પણ તે પછીથી પડી જતો. આમ વારંવાર બન્યું એટલે રાજાએ જોષીને બોલાવી આ અંગે પૂછતાં એણે જણાવ્યું : 'અહીં જો બત્રીસ લક્ષણા બાળકનો ભોગ આપવામાં આવશે તો પછી આમ થશે નહીં.'

રાજાએ રાજ્યમાં ઢંઢેરો પિટાવ્યો : 'જે કોઈ વ્યક્તિ એનો બાળક બલિદાન માટે આપશે તેને ઘણા સોનૈયા આપવામાં આવશે.' આ ઢંઢેરો તે રાજગૃહી નગરીમાં વસતા ઋષભદત્ત અને તેની પત્નીએ સાંભળ્યો. એમને ચાર પુત્રો હતા તેમાંથી અમરકુમાર નામનો પુત્ર ભદ્રાને અણગમતો હોઈ તેણે ઋષભદત્તને તે પુત્ર રાજાને આપી દેવા જણાવ્યું.

ઋષભદત્તે રાજા પાસે જઈને પોતાનો પુત્ર આપવા ઇચ્છા વ્યક્ત કરી જે સાંભળી રાજા હર્ષ પામ્યો. રાજાએ એને કહ્યું : 'તું જે માગે તે આપવા તૈયાર છું. બાળપુત્ર લાવ' આ પછી ઋષભદત્ત ઘરે પાછો આવ્યો. રાજાના સેવકો આવ્યા અને મનમાન્યું ધન આપ્યું અને બાળકુંવરને આપવા જણાવ્યું. આ વાત જાણી પુત્ર અમરકુમારે પોતાને રાજાને ન આપવા પોતાની માતાને આજીજી કરી. માતાએ (ભદ્રાએ) કહ્યું : 'તું મારે મન અણગમતો છે, કંઈ કોઈ કામકાજ કરતો નથી અને તને સારું સારું ખાવાનું જોઈએ છે. તું મારે માટે મરેલો જ છે.' આ પછી અમરકુમાર પોતાને ન આપવા પોતાના પિતાને આજીજી કરે છે. એટલે ઋષભદત્તે કહ્યું : 'તું મને ઘણો વહાલો છે પણ તારી માતા જ તને વેચે છે એમાં મારું કાંઈ પણ ચાલશે નહીં.' એણે એનાં કાકાકાકીને પણ આ અંગે વિનંતિ કરી પણ તેઓ છૂટી પડ્યાં. આ પછી એણે એની માસી, ફોઈ, બહેન વગેરેને આજીજી કરી પણ વ્યર્થ નીવડી. દરેકને ધનમાં જ રસ હતો. રાજસેવકો અમરકુમારનો હાથ પકડી ચાલવા લાગ્યા. એટલે તે રડવા લાગ્યો અને કહેવા લાગ્યો : 'રાજા મને યજ્ઞમાં હોમી દેશે ?' સેવકો એને લઈને ભરબજારમાં આવ્યા. લોકો ટોળે મળ્યા અને બોલવા લાગ્યા કે આ કેવો ચાંડાલ પિતા છે કે જેણે આવા બાળકને મરવા સારુ વેચ્યો.'

અમરકુમારે લોકોને પણ પોતાને બચાવવા વિનંતિ કરી પણ કોઈ તૈયાર થયું નહીં. એક શેઠે કહ્યું : 'હું તને પૈસા આપી ખરીદી શકું છું, પણ રાજાએ યજ્ઞમાં હોમવા માગ્યો છે એટલે એમાં કાંઈ કરી શકું નહીં.'

સેવકો બાળકને લઈ રાજા પાસે આવ્યા. ત્યાં યજ્ઞ કરાવનાર ભટ્ટ કે વેદશાસ્ત્રનો જાણકાર હતો તેણે રાજાને બાળક બતાવવા માંડ્યો પણ રાજાએ કહ્યું : 'હવે બીજી વાત ન કરતાં યજ્ઞનો આરંભ કરો.' બાળક અમરકુમારે રાજાને વિનંતિ કરતાં જણાવ્યું : 'તમે તો પ્રજાનાં માતાપિતા સમાન છો તો તમે અહીં મને હોમવા કેમ તૈયાર થયા છો ?' રાજાએ કહ્યું : 'તારાં માતાપિતાએ તને યજ્ઞમાં હોમવા માટે જ મૂલ્ય લઈને વેચ્યો છે. એમાં હું કોઈ અન્યાય કરતો નથી.'

આ પછી યજ્ઞમાં હોમવા માટે અમરકુમારને ગંગાજળ વડે નવરાવ્યો અને ગળામાં ફૂલની માળા પહેરાવી. કેસર-ચંદનનો લેપ કરી તૈયાર કર્યો અને ભટ્ટ મંત્રોચ્ચાર બોલવા લાગ્યો. ત્યારે અમરકુમાર કોઈ સાધુએ શીખવેલા 'નવકાર મંત્ર'નો જાપ કરવા લાગ્યો આના પ્રતાપે કોઈ દેવનું સિંહાસન ડોલાયમાન થવા લાગ્યું. અને જાણ થતાં તે એકદમ ત્યાં આવ્યો. એણે અગ્નિની ઝાળ ઠંડી કરી દીધી અને ત્યાં એક સુંદર સિંહાસન ખડું કરી દીધું. એના પર અમરકુમારને બેસાડ્યો અને તેના ગુણ ગાવા લાગ્યો. આ બાજુ રાજાને ઊંધો પાડી દીધો એટલે તેના મુખમાંથી લોહી વહેવા લાગ્યું. યજ્ઞ કરાવનાર બ્રાહ્મણો લાંબા થઈને ભૂમિ પર પડી ગયા.

આ જોઈ રાજસભા અચંબો પામી ગઈ. એમણે વિચાર્યું કે આ બાળક કોઈ મહાન વ્યક્તિ છે. એના પગ તેઓ પૂજવા

પ્રભાવે એની દરિદ્રતા દૂર થઈ. નંદાએ ઘણા પ્રયત્નો કર્યા પણ નાગિલે જુગાર રમવાનું છોડ્યું નહીં. માત્ર પુત્રી પરના પ્રેમને કારણે શેઠ લક્ષ્મણ જોઈએ તેટલું ધન નાગિલને આપતો. ધન હારી, પરસ્ત્રી જોડે રમણ કરી નાગિલ મોડો ઘેર આવતો છતાં નંદા તેની આનંદપૂર્વક પરિચર્યા કરતી.

આ પછી નાગિલને એકવાર વિચાર આવ્યો કે 'હું એને પ્રિય નથી, અને મારા અપરાધને જાણવા છતાં આ સ્ત્રીએ કદી મારા પર ગુસ્સો કર્યો નથી.'

એક દિવસે નાગિલ ઘણું ધન હારી ગયો અને વનમાં નાસી ગયો. ત્યાં જ્ઞાની મુનિ ધર્મધ્યાન કરતા હતા. ત્યાં જઈને બેઠો. એમને વંદણા કરી નાગિલે પૂછ્યું : 'મારી પત્ની શુદ્ધ અંતઃકરણવાળી, સરળ અને ભાવનાશીલ હોવા છતાં મારી સાથે ઠંડો વ્યવહાર રાખે છે, જાણે બધું આપે છે પણ મન દેતી નથી. આવું કેમ હશે?' આ સાંભળીને મુનિએ મનમાં વિચાર્યું 'યોગ્ય છે, તે (મારાથી) પ્રતિબોધ પામશે.' એટલે મુનિએ કહ્યું : 'નંદાએ જે દીવો કલ્પેલો તે સાવ ભિન્ન હતો. અર્થાત્ જે પુરુષના હૃદયમાં માયા-પ્રપંચરૂપી કાજળ ન હોય, જીવાદિ નવતત્ત્વની બાબતમાં અસ્થિરતારૂપ વાટ ન હોય, જેમાં સ્નેહના નાશરૂપ વ્યય ન હોય અને સમ્યક્ત્વ ખંડન સ્વરૂપ કંપન ન હોય તેવા વિવેકરૂપી દીપકના ધારકને તે પરણવા માગતી હતી. આ મર્મને કોઈ જાણી શક્યું નહીં. તું ધૂર્ત માણસ એટલે યક્ષને પ્રસન્ન કરી પ્રપંચી દીવો બનાવરાવ્યો. એટલે શ્રેષ્ઠી લક્ષ્મણે તે જોઈને પોતાની પુત્રી નંદા તને પરણાવી. હવે ધર્મિષ્ઠ અને સરલ એવી તે તારા જેવા વ્યસની અને પ્રપંચી ઉપર અનુરાગ શી રીતે ધરે ! જો તુ વ્રતાદિ ધારણ કરીશ ને ધર્મની આરાધના કરીશ તો તારી ઇચ્છા ફળશે.'

આ સાંભળી નાગિલ દ્યૂતકારે પૂર્વે કહ્યો એવો વિવેક અને સ્વદારાસંતોષ વ્રત અને સમ્યક્ત્વ સહિત શીલવ્રતનો સ્વીકાર કર્યો. ઘરે આવી, સ્નાન કરી વિધિવત્ દેવપૂજા કરી અને સુપાત્રને દાન આપ્યું. આ પછી નાગિલ શ્રાવક ધર્મ આચરવા લાગ્યો. આ અંગે નંદાએ આનંદ વ્યક્ત કરતાં કહ્યું : 'તમે વિવેક પામી બધું પામ્યા છો, તે તમે સારું કર્યું છે.' નાગિલે કહ્યું : 'પ્રિયતમે, જે મેં જુગારનું વ્યસન મૂકીને વિવેક ધારણ કર્યો તે મુનિગુરુના આદેશનું કારણ છે.' આ સાંભળી નંદાને ઘણો આનંદ થયો, પરિણામે તેને નાગિલ પર સાચી લાગણી જન્મી. આ પછી નાગિલ યથેચ્છ કામસુખ ભોગવતો સુખરૂપ રહેવા લાગ્યો.

એકવાર નંદા એના પિતાને ઘેર ગઈ હતી, ત્યારે ઉનાળાના દિવસો હોઈ નાગિલ હવેલીની અગાશીમાં સૂતો હતો. ચંદ્ર ચાંદની રેલાવી રહ્યો હતો. એ વખતે કોઈ વિદ્યાધર યુવતી ત્યાંથી આકાશમાર્ગે પસાર થઈ રહી હતી. નીચે અગાશીમાં સૂતેલા સુંદર સોહામણા યુવાન નાગિલને જોઈ કામાધીન થયેલી તે તરત તેની પાસે આવી અને બોલી : 'કામાગ્નિથી સતપ્ત ગાત્રવાળી હું તમારા શરણે આવી છું. મને સંગસુખ કરાવો. હું એક વિદ્યાધરની પત્ની છું. પણ તમને જોઈને મારું મન ઉત્તેજિત થયું છે. હું ચંદ્ર નામના વિદ્યાધરની લીલાવતી નામે પુત્રી છું. તમે મને અંગીકાર નહિ કરો તો તમને સ્ત્રીહત્યાનું પાપ લાગશે. હું તમને અનેક વિદ્યાઓ આપીશ. માટે તમે મારો સ્વીકાર કરો. મારું વચન અન્યથા ન કરો.' આમ કહી તે પોતાનું મસ્તક તેને પગે મૂકવા ઘસી એટલામાં પરસ્ત્રીના સ્પર્શથી જાણે કે દાઝતો હોય તેમ તેણે એકદમ પગ પાછા ખેંચી લીધા. આથી ગુસ્સે થયેલ વિદ્યાધરીએ પોતાની વિદ્યાથી અગ્નિમાં લાલ તપાવેલો લોઢાનો ગોળો બનાવી નાગિલના મસ્તક પર મૂક્યો. પણ નાગિલે નવકાર મંત્રનું ધ્યાન કરતાં તે વિલાઈ ગયો. તે વિદ્યાધરી પરાજિત થતાં શરમ અનુભવી અદૃશ્ય થઈ ગઈ.

થોડા સમય પછી 'મને તમારા વિના મારા પિયરમાં જરા પણ ગમ્યું નહીં એટલે હું પાછી આવી ગઈ' એમ બોલતી નંદારૂપી નંદાના સ્વરમાં બોલતી તે વિદ્યાધરી ઘરના બારણે આવીને ઊભી રહી. નંદાના સ્વરને ઓળખતા એવા નાગિલને શંકા ગઈ એટલે તે બોલ્યો : 'જો તું ખરેખર મારી નંદા હોય તો આ તરફ સીધી ચાલી આવ. અન્યથા તું ધર્મના પ્રભાવે ભગ્ન ગતિયુક્ત થા.' આ કથન પ્રમાણે ધર્મના પ્રભાવે તે વિદ્યાધરીની ગતિ સ્ખલના પામી અને તે ઊભી રહી ગઈ. વિદ્યાધરીની કપટલીલા પ્રગટ થઈ ગઈ. આ જોઈ નાગિલે શીલવ્રત સર્વથા પાલન કરવાનો નિયમ ન હોય તો આમ પ્રપંચ પણ થઈ શકે છે એમ વિચાર્યું અને સર્વવિરતિ સાધુજીવન જ સર્વ ભયથી મુક્ત છે એમ માની તરત તેણે માથાના કેશનો લોચ કર્યો. ત્યાં તો ગૃહસ્થિત દીવાવાળા યક્ષે (આવીને) કહ્યું : 'તમે જીવશો ત્યાં સુધી હું તમારી સાથે રહીશ.' શીલનો મહિમા જોઈને તે વિદ્યાધરી આનંદ પામી.

સવાર પડતાં નંદાને બધી ખબર પડતાં તે પિયરથી ત્યાં દોડી આવી અને પતિ સાથે એણે પણ દીક્ષા અંગીકાર કરી. પેલા યક્ષના પ્રભાવથી અને સેવાથી તેઓ જ્યાં જતાં ત્યાં એમનો અદ્‌ભુત મહિમા વિસ્તાર પામતો. તેઓએ લાંબાકાળ સુધી પૃથ્વી પર વિચરી શાસનનો ઘણો મહિમા વધાર્યો. નિરતિચાર સંયમ પાળ્યો અને પોતે હરિવર્ષ ક્ષેત્રમાં યુગલિક થયાં. ત્યાંથી દેવ-મનુષ્ય થઈ મુક્તિ મેળવશે.

આધાર : તરુણપ્રભસૂરિકૃત નાગિલ દ્યૂતકાર કથા, પ્રાચીન ગુજરાતી ગદ્યસંદર્ભ, જિનવિજયજી, અમદાવાદ. ૧૯૩૦.

વયર સ્વામી કથા

અવંતી દેશમાં ધનગિરિ નામનો ઇભ્ય પુત્ર ઘણો ધરમી. યૌવન વય પામ્યો. માતાપિતાએ પરણાવવા પ્રયાસ કર્યો. એણે

કહ્યું : 'હું દીક્ષા લેવાનો છું. હું ભોગકર્મી નથી, ધર્મકર્મી છું. માટે કોઈએ મને કન્યા આપવી નહીં.'

શેઠ ધનપાલ. એને સુનંદા નામે પુત્રી. એણે નક્કી કર્યું કે 'હું ધનગિરિ વગર અન્ય કોઈને પરણીશ નહીં.' આ પછી ધનગિરિના પિતાએ એને પરાણે સુનંદા સાથે પરણાવ્યો. પત્ની સાથે ભોગ ભોગવતો તે સુખમાં રહે છે. સુરના ભવ થકી કોઈ દેવતા પુણ્ય પ્રતાપે ચ્યવીને સુનંદાના ગર્ભમાં અવતર્યો. ધનગિરિએ પત્ની ગર્ભવતી જાણી, પત્નીને કહ્યું : 'જો તું અનુમતિ આપે તો હું દીક્ષા લેવા માગું છું. કર્મસંજોગે આટલા દિવસ મારે માટે અંતરાય રૂપ હતા. આ વચન સાંભળી સુનંદાએ એનો વિરોધ કર્યો અને જ્યારે તે ગર્ભવતી છે ત્યારે જ તે એને દીક્ષા લેવાની અનુમતિ નહીં આપે એમ જણાવ્યું. વળી કહ્યું : 'તમે પછીથી સંયમ લેજો'.

પણ પછીથી જેમતેમ સુનંદાને સમજાવી, પત્નીના ભાઈ સાથે સિંહગિરિએ ગુરુ પાસે દીક્ષા ગ્રહણ કરી. પૂર્ણ સમયે સુનંદાને પુત્ર જન્મ્યો. તેણે તે વખતે પુત્રને ઉદ્દેશીને કહ્યું : 'તારો પિતા ઘેર નથી. તે તો સંયમના માર્ગે છે. એ હોત તો બહુ પ્રકારે તારો જન્મ મહોત્સવ થાત.'

આ સાંભળી બાળકના મનમાં જાતિસ્મરણ ઉત્પન્ન થયું અને એણે એમ વિચાર્યું કે 'મારે મુનિ થવું છે. પણ મારા ગુણ જોઈને મારી માતા મને મુનિને આપશે નહીં. માટે એના મનમાં દ્વેષ ઉપજાવું તો કંટાળી મને મુનિને આપી દેશે' એટલે તે રાત્રિ-દિવસ રડ્યા જ કરે છે અને એની માતાને કોઈપણ કામકાજ કરવા દેતો નથી. સુનંદા તો દુઃખી દુઃખી થઈ ગઈ.

એ વખતે મુનિ ધનગિરિ ગુરુ સિંહગિરિ સહિત તે નગરમાં પધાર્યા. ધનગિરિ આર્યસમિતિ સાથે ગુરુને નમી ગોચરી કરવા નીકળ્યા. તે વખતે ગુરુએ જ્ઞાનદૃષ્ટિએ જોઈને કહ્યું : 'આજ તમને કોઈ મોટો લાભ થશે. ગોચરીમાં તમને અજીવ કે જીવ જે કાંઈ મળે તે લઈ લેજો.'

બન્ને મુનિ સુનંદાના ઘરે આવ્યા. એમને જોઈને સખીએ કહ્યું : 'તું રાત-દિવસ આ પુત્રથી હેરાનગતિ અનુભવે છે તો તેને એના પિતાને જ આપી દે.' એ સૂચનનો સ્વીકાર કરી સુનંદા પુત્ર લઈને મુનિ પાસે આવી અને પુત્રને મુનિને સોંપવાની વાત કરી. આ સાંભળી મુનિ ધનગિરિને ગુરુએ કહેલ વચન યાદ આવ્યાં અને એમણે સુનંદાને કહ્યું : 'તું મને હાંસીમાં પુત્રને આપી દે છે પણ ખૂબ વિચારજે. નહીં તો પસ્તાઈશ. અને એક વાર આપેલો પુત્ર પાછો મળશે નહીં.' પણ સુનંદાએ તો પુત્રને મુનિપિતાને વહોરાવી દીધો. બાળકને ઝોળીમાં મૂકી બન્ને મુનિ પાછા ફર્યા. ગુરુ સિંહગિરિ-એ જોયું કે ઝોળી પકડેલો હાથ વજનને કારણે નમી ગયો છે એટલે તેમણે તે ઝોળી માગી લીધી. ઝોળીના ભારને લીધે ગુરુનો હાથ પણ નમી ગયો. એમાં રહેલા બાળકનાં લક્ષણ જોઈ ગુરુએ ઉચ્ચાર્યું : 'આ યુગપ્રધાન મુનિ થઈ જિનશાસનને ઉજાળશે.' વજનદાર હોઈ એનું 'વજ્ર' નામ આપવામાં આવ્યું. આ પછી આ બાળકને 'શય્યાતરી નારી' ને સોંપવામાં આવ્યો. તે એને માની જેમ સ્તનપાન કરાવી ઉછેરવા લાગી. તે ધીમે ધીમે મોટો થવા લાગ્યો તેમ તેમ મોહક બન્યો. સુનંદા તે જોઈને આનંદ પામી અને તેણે પોતાના પુત્રની માગણી કરી, પણ તે શ્રાવિકાએ કહ્યું : 'ગુરુએ અમને પાળવા માટે આપેલ બાળકને તને કેમ અપાય ?' આ નકારાત્મકવચન સાંભળી સુનંદા ખૂબ ઉદાસ થઈ ગઈ.

આ પછી ગુરુ વિહાર કરી અન્ય દેશમાં ગયા. વજ્ર મુનિ એક વર્ષનો થયો ત્યારે ફરીને તે નગરમાં આવ્યા. સુનંદા પુત્રને પાછો માગે છે. તેને ધનગિરિ કહે છે : 'તેં એકવાર સાક્ષી રાખી આપ્યો છે. તે પાછો માગતાં શરમ આવવી જોઈએ.' સુનંદાએ ઝઘડો કર્યો. પછી ઝઘડો મિટાવવા બાળક વજ્રને લઈને રાજદરબારમાં આવ્યા. રાજાએ કહ્યું : 'બાળક વજ્રને જે બોલાવશે અને તે જેની પાસે જશે તેને બાળ આપવામાં આવશે.' સુનંદાએ રાજાના કહેવાથી બાળકને પોતાની પાસે બોલાવ્યો પણ તે એની પાસે આવ્યો જ નહીં. આ પછી રાજાએ મુનિ ધનગિરિને બાળકને બોલાવવા જણાવ્યું. ધનગિરિ મુનિએ બાળકને બોલાવતાં ઉચ્ચાર્યું : 'જો ઓઘાનો ખપ હોય તો અમારી પાસે આવ.' તરત બાળક તેમની પાસે આવ્યો. ઓઘો હાથમાંથી લઈ માથે મૂકી તે નાચ્યો. એટલે બાળક ધનગિરિને સોંપવામાં આવ્યો. સુનંદા દુઃખી થતી ઘરે આવી. એણે વિચાર્યું 'મારા ભાઈએ દીક્ષા લીધી છે. પછી મારા પતિએ દીક્ષા લીધી છે. અને પુત્ર પણ દીક્ષા લેશે તો પછી મારો કોણ આધાર !' એણે પણ દીક્ષા લીધી. બાળક વજ્રે આઠ વર્ષે દીક્ષા લીધી. એણે સારો અભ્યાસ કર્યો.

વિહાર કરતા મુનિ સિંહગિરિ પાટલીપુત્રમાં આવ્યા. વજ્ર સ્વામીના ગુણ સાંભળી ધન વણિકની પુત્રી રુકમણીએ એવી પ્રતિજ્ઞા કરી કે તે પરણશે તો વજ્ર સ્વામીને જ પરણશે. ધન વણિક ઘણું ધન લઈ પોતાની કન્યાને લઈ વજ્ર સ્વામી પાસે આવ્યો અને કહ્યું : 'આ ધન લો અને મારી કન્યાને પરણો અને એની આશા પૂર્ણ કરો, તમારા વગર તે અગ્નિને શરણ જશે.'

વજ્ર સ્વામીએ કહ્યું : 'સંસારસુખ તો ભુજંગ જેવું છે. નારી તો વિષની વેલડી છે. જો એને મારા પર રાગ હોય તો તે વૈરાગ્ય ધારણ કરી મારી પાસે દીક્ષા લે.' આ પછી રુકમણીએ પણ દીક્ષા અંગીકાર કરી.

આ પછી જિનશાસનની સેવા કરતા વજ્ર સ્વામી જિનશાસનની શાન વધારે છે અને અંતે 'અણસણ' કરી સુરપદ પામ્યા.

આધાર : જિનહર્ષકૃત વજસ્વામીની સજઝાય, જૈન સજઝાયમાળા, જૈન પ્રકાશન મંદિર, અમદાવાદ.

અર્હન્નક મુનિ કથા

તુંગીયા નગરીમાં જિતશત્રુ નામે રાજા. સુંદર રીતે પ્રજાપાલન કરે. ત્યાં એક દત્ત નામનો શ્રાવક રહેતો હતો. દત્તા એની પત્ની અને બત્રીસ લક્ષણો પુત્ર અર્હન્નક. એક વખત તુંગીયા નગરીમાં અર્હન્નકના મિત્ર એવા જૈન મુનિ પધાર્યા. શ્રાવક દત્ત એમના દર્શને ગયો. દેશના સાંભળી દત્ત વૈરાગ્ય પામ્યો અને ઘરે જઈને એ વાત એણે પોતાની પત્ની દત્તાને કરી. ત્યારે એની પત્નીએ પોતે એકલી પડી જશે એમ જણાવી પોતે પણ દીક્ષા લેવાની ઇચ્છા વ્યક્ત કરી. આ પછી દત્તે પુત્ર અને પત્ની સહિત દીક્ષા ગ્રહણ કરી.

નિર્ગ્રંથ દત્ત જિન ધર્મની આરાધના કરે છે. પોતાનો પુત્ર નાનો છે અને કોમળ છે એમ માની પિતા પોતે જ સ્વયં ગોચરી કરવા જાય છે. બાળ અર્હન્નક મુનિ ઉપાશ્રયે બેસી રહે છે. કેમકે તે ગોચરીના સમયે પડતો તાપ સહન કરી શકે તેમ નથી. પણ તે પિતાની વૈયાવચ્ચ-સેવા કરે છે. આ પછી કેટલાક કાળે નિરતિચાર પાળીને દત્ત સાધુ પરલોક જાય છે. બાળક સાધુ અર્હન્નક ખૂબ દુઃખ અનુભવે છે. તે હવે વિચારે છે 'હવે કોણ મારી સેવા કરશે ? કોણ મને ગોચરી લાવી દેશે ? હવે મારો કોઈ આધાર નથી ?' પહેલાં તો તે કોઈ પણ જગ્યાએ વહોરવા જતો નહીં એના પિતા જ એને માટે વહોરી લાવતા હતા.

હવે અન્ય સાધુ ગોચરી અર્થે નીકળ્યા ત્યારે તે વહોરવા નીકળ્યો. ખરા બપોરે ગોચરી વહોરવા દૂર રહેલા નગરે જવામાં પગ બળતા હતા. આગળ આગળ અન્ય સાધુ ચાલે છે અને તેની પાછળ પાછળ ધીમે ધીમે મુનિ અર્હન્નક ચાલ્યો જાય છે. થોડી થોડી વારે આગળ ચાલતો સાધુ પાછું ફરીને જુવે છે કે અર્હન્નક પાછળ આવે છે કે નહીં. ચાલતાં ચાલતાં અર્હન્નક થાકી ગયો અને પાછળ પડી ગયો અને તે એક આવાસના ઓટલે બેસી ગયો. ત્યાં સામેના મકાનમાં રહેતી સુંદરીએ ગોખમાંથી એને જોયો.

તે સુંદરીનો પતિ પરદેશ ગયો હતો અને એની અનુપસ્થિતિમાં તે સુંદરી વિરહવેદના અનુભવતી હતી. મદનરાજ કામદેવ સમાન સ્વરૂપવાન મુનિ અર્હન્નકને જોઈને તે એના પર મોહ પામી ગઈ, લજ્જા વગરની તેણે સખીને મોકલીને મુનિ-કુમારને પોતાના આવાસે બોલાવ્યો. અર્હન્નક સમીપ આવતાં તે એના પગે પડી અને કહ્યું : 'તમે શું માગો છો ?' અર્હન્નકે ભિક્ષાની માગણી કરી. તરત તે સુંદરી ઘરના અંદરના ભાગમાં ગઈ અને 'સિંહ કેસરિયા' લાડુ લાવીને બાળ સાધુને વહોરાવ્યા.

આ પછી તે સુંદરીએ પોતાનો મનોભાવ પ્રગટ કરતાં કહ્યું : 'હે ગુણવંત સાધુ, તમારે શા માટે ઘરે ઘરે ભમવું પડે ? દીક્ષા પાળવી તો ઘણી કઠિન છે. એનો આચાર વસમો છે. આ બધું ત્યજીને તમે સુખેથી અહીં રહો અને સુખ ભોગવો.'

આ સાંભળી બાળમુનિ ચળ્યો અને તે નારીના આવાસના માળ ઉપર ચઢ્યો અને નારી સાથે ભોગવિલાસ કરવામાં પડી ગયો.

હવે આ બાજુ ગોચરી અર્થે નીકળેલો અન્ય સાધુ જે આગળ ચાલ્યો જતો હતો તેણે પાછળ ફરીને જોયું તો અર્હન્નકને કોઈ ઠેકાણે જોયો નહીં. પાછા ફરીને સાધુએ ઘણી તપાસ કરી પણ બાળમુનિ અર્હન્નકનો કોઈ પત્તો લાગ્યો નહીં. આ પછી તેણે ઉપાશ્રયે જઈને આ વાત આચાર્ય આગળ કરી અને પોતે બાળ-મુનિ અર્હન્નકને સાચવી ન શક્યો તે માટે તે પોતે અપરાધી હોવાનું જણાવ્યું. તે અર્હન્નક મુનિની માતા કે જે પણ દીક્ષા લઈને સાધ્વી થઈ હતી તેણે આ વાત જાણી એટલે તે અત્યંત દુઃખી થઈ ગઈ. તેણે નગરમાં ઠેરઠેર એની તપાસ કરી. શેરી શેરીએ ઘૂમી વળી. અનેક લોકોને 'બાળમુનિ' અંગે પૂછ્યું પણ કોઈ જગ્યાએથી અર્હન્નકની ભાળ મળી નહીં.

હવે એક દિવસ અર્હન્નક સુંદરીના આવાસના ગોખ પાસે બેસીને પેલી સુંદરી સાથે ચોપાટ રમતો હતો તે વખતે પોતાના પુત્રની શોધ કરતી કરતી માતા સાધ્વી ત્યાં આવી પહોંચી. કંઈક કોલાહલ સાંભળીને અર્હન્નક મુનિએ ગોખમાંથી નીચે દૃષ્ટિ કરી તો રડતી પડતી એવી પોતાની સાધ્વી બનેલ માતાને જોઈ અને અર્હન્નક વિચારવા લાગ્યો : 'અરે મને ધિક્કાર છે. મેં કેવું કામ કર્યું. ગુરુને છોડી દઈ હું અહીં ચોપાટ રમું છું અને માતા આમ ટળવળે છે. હું રમણી સાથે રંગ માણું છું.' આમ એને પસ્તાવો થયો અને પોતે ભોળવાઈ જઈને ભોગવિલાસમાં પડી ગયો છે એવો ખ્યાલ આવ્યો. તે એકદમ અધૂરી રમતે ઊઠી ગયો અને નીચે આવી સાધ્વી માતાને જઈને મળ્યો અને ક્ષમા માગી. પુત્રનાં વચન સાંભળી માતા રોમાંચિત થઈ ગઈ. તે પછી અર્હન્નક પેલી સુંદરીને મૂકીને ઉતાવળો ગુરુને જઈને મળ્યો. પસ્તાવો કરી ગુરુને વિનંતિ કરી ફરી દીક્ષા ગ્રહણ કરી અને સંયમનો માર્ગ અપનાવ્યો : પછી તેણે ગુરુને વિનંતી કરી 'અનશન' તપ કર્યું અને આયુષ્ય પૂર્ણ કરી તે સ્વર્ગ ગયો.

આધાર : મહિમાસાગરકૃત અર્હન્નક મુનિ સજ્ઝાય, સજ્ઝાય સંગ્રહ, શ્રી જૈન જ્ઞાન પ્રસારક મંડળ, મુંબઈ.

શનિશ્ચરની કથા

ઉજ્જેણી નગરીમાં રાજા વિક્રમ. રાજસભામાં એક સમયે જ્યોતિષ અંગે ચર્ચા થાય છે. શનિશ્ચરની દૃષ્ટિ કે દશામાં થનાર અનિષ્ટની ચર્ચા-વિચારણા થઈ. વિક્રમે તે અંગે ટીકા કરી. તે ટીકા અવધિજ્ઞાન વડે શનિશ્ચરે જાણી. વિક્રમે એની અવગણા કરી છે તે

જાણીને શનિશ્ચર વિક્રમ સમક્ષ ઉપસ્થિત થયો અને પોતે એના પર ગુસ્સે થયો છે એમ જણાવ્યું. વિક્રમે બીને એની પૂજા કરી સંતોષ્યો.

આ પછી શનિશ્ચરની અનિષ્ટ અસરથી બચવા વિક્રમ રાજ્ય પોતાના મંત્રીને સોંપી ચંપાનગરી ચાલ્યો ગયો. ચંપાનગરી જઈ તે શ્રીપતિ વણિકના હાટે જઈને બેઠો. એટલે તે શેઠની દુકાનમાં ઘણો વકરો થયો. એટલે તે એને પોતાના ઘરે જમવા લઈ ગયો. આ પછી રાજા વિક્રમ ત્યાં જ રહી ગયો.

સવારમાં ઊઠી ઉષ્ણ જળથી સ્નાન કર્યું. સ્નાન કર્યા પછી શરીર લૂછતો હતો ત્યારે શ્રીપતિની પુત્રી હંસ આકારની ખીંટી પર પોતાના ગળામાં પહેરેલો હાર મૂકીને સ્નાન કરવા ગઈ. વિક્રમ પોતાને ઉવેખી ચંપાનગરી જઈ બેઠો છે એટલે પોતાની પરાક્રમ શક્તિ બતાવવા આ અવસરનો લાભ લઈને પેલો હાર ત્યાં ખીંટી પર પ્રગટ થઈ શનિશ્ચર ચૂગી (ગળી) ગયો. આ જોઈ આ અંગે પોતાના પર કલંક આવશે એમ માની બીકનો માર્યો વિક્રમ ત્યાંથી ચાલી નીકળ્યો. પુત્રી સ્નાન કરી શણગાર સજવા લાગી ત્યારે તેણે ખીંટી પર મૂકેલો પેલો હાર ન જોયો. શ્રીપતિએ ઘણી તપાસ કરી પણ હાર મળ્યો નહીં. એટલે તેણે પછીથી વિક્રમ રાજાને શોધી કાઢી પકડ્યો અને એના બે હાથ પીઠ પાછળના ભાગમાં બાંધી દીધા. પછી તે એને ચંપાનગરીના રાજા પાસે લઈ ગયો, તેને ચોર તરીકે જાહેર કર્યો. રાજાએ ચોરના બે હાથ કપાવરાવ્યા. આ પછી વિક્રમનગરના ચૌટા તરફ ચાલી નીકળ્યો. ત્યાં તેને એક તેલી (ઘાંચી) મળ્યો. તે વિક્રમને પોતાના ગૃહે લઈ ગયો. તેણે વિક્રમના હાથને સ્થાને બે કાષ્ટના હાથ જોડાવ્યા. વિક્રમ એ તેલીને ત્યાં રહી ઘાણી ફેરવવાનું કામ કરવા લાગ્યો. તે ઘાણી ફેરવતાં ફેરવતાં પોતાનું દુઃખ ભૂલવા ગીત ગાય છે. આ ગીત સાંભળી રાજાની બેટીએ પોતાની દાસીને રાજા વિક્રમને તેડવા મોકલી. દાસીએ આવીને વિક્રમને જણાવ્યું : 'રાજાની બેટી આપને બોલાવે છે.' આ સાંભળી ઘાંચીએ કહ્યું : 'તું ભલે વિક્રમને લઈ જાય પણ તેને જલદીથી પાછો મોકલી આપજે. એની ગેરહાજરીમાં ઘાણી ચલાવવાનું કામ તે પોતે કરશે.' આવેલ વિક્રમનું અદ્‌ભુત રૂપ જોઈને કુંવરી એને પરણવા તૈયાર થઈ. વિક્રમે કહ્યું : 'મારે હાથ નથી. માટે મને પરણ નહીં.' આ કુંવરીએ ચંડી મંત્ર સાધ્યો અને એને પ્રસન્ન કરી વિક્રમના બે હાથ તુરત સાજા કરવાનું વરદાન માગ્યું. દેવીના વચને વિક્રમના હાથ ફરી સાજા થયા. છાની રીતે વિક્રમ તેની સાથે પરણ્યો.

થોડા સમય પછી શ્રીપતિએ આ વાત જાણી એટલે એણે પોતાની પુત્રી એને પરણાવી. પછી નરપતિને વિનંતિ કરીને તેની પુત્રીને વિક્રમ એને પોતાના ગૃહે લઈ ગયો. ત્યાં ખાઈ-પીને રહેતાં સાડા સાત વર્ષ પૂરાં થયાં. તે વખતે શનિશ્ચર પેલી હંસ આકારની ખીંટીમાં સંક્રમ્યો અને વિક્રમને વરદાન માગવા કહ્યું : 'હે વિક્રમ, મેં તને ઘણો સંતાપ્યો.' પછી રાજા વિક્રમને વરદાન માગવા કહ્યું. રાજા વિક્રમે કહ્યું : 'જો તમે ખરેખર મારા પર પ્રસન્ન થયા હો તો જેનો જન્મ શનિવારે હોય, અને તમે બીજે, ચોથે કે આઠમે આ સ્થાને હો. આ કથા સાંભળશે તેને તમે કદી પીડા આપશો નહીં.' આવું વરદાન આપી શનિ પોતાના ઘેર ગયો. હર્ષ પામેલો રાજા ઉજ્જૈન નગરીમાં ગયો. બધાંએ એને વધાવ્યો. આ પછી સિદ્ધ ગુરુવચનથી જન્મદુઃખ ટાળતો દાનેશ્વર વિક્રમ રાજા સુખપૂર્વક રહેવા લાગ્યો.

આધાર : ललितसागरकृत शनिश्चर छंद, श्री जिनेन्द्र स्तवनावली आदि,- મુનિ દુર્લભસાગરજી

કામદેવ શ્રાવક કથા

ચંપાનગરીમાં કામદેવ નામે એક શ્રાવક ગૃહસ્થ રહેતો હતો. તે ૧૮ કરોડ સોનાની મુદ્રાનો ધણી હતો. વળી દસ ગોકુલ દશ દશ સહસ્ર ગાયોના હતા. તે નગરમાં મહાવીર સ્વામી સમોસર્યા. કામદેવ તેમને વંદન કરવા ગયો. ધર્મદેશના સાંભળી કામદેવે સમ્યક્‌ત્વનાં મૂલ બાર વ્રત અંગીકાર કર્યાં, અનેક નિયમો લીધા. નિયમો લઈને પોતાના ઘેર આવ્યો. ધર્મ આરાધના કર્યા પછી પંદરમા વર્ષે કુટુંબનો ભાર પોતાના મોટા પુત્રને સોંપી તે પોષધ લઈને રહેવા લાગ્યો. એ અવસરે એક મિથ્યાત્વી દેવતાએ બે પહોર રાત્રિના સમયે રાક્ષસ, સર્પ અને હાથીઓ વગેરેનાં રૂપ કરી એને ક્ષોભ પમાડવા - બિવડાવવાનો પ્રયાસ કર્યો. પણ કામદેવ રોમ માત્ર ક્ષોભ પામ્યો નહિ. આ પછી પેલો દેવ પોતાનું અસલ રૂપ પ્રગટ કરી કામદેવ શ્રાવક સમીપે આવી એની પ્રશંસા કરવા લાગ્યો : 'હે કામદેવ, તું ધન્ય છે ! તારી તો પ્રશંસા ઈન્દ્ર મહારાજે સભામાં કરી હતી. મારો અપરાધ ક્ષમા કર.' એમ કહીને તે દેવલોકમાં ગયો. કામદેવે આ પછી કાઉસગ્ગ પાર્યો અને મહાવીર સ્વામીને વંદન કરવા સમોસરણમાં આવ્યો. મહાવીરે પોતાના બાર પાર્ષદ દેવતાઓ સાથે એની પ્રશંસા કરી ગૌતમ વગેરેને કહ્યું : 'જો ગૃહસ્થ હોવા છતાં આવડા મોટા ઉપસર્ગ સહ્યા તો સાધુઓને એનાથી વિશેષ સહેવા જોઈએ.' પછી કામદેવ શ્રાવકની અગિયાર પ્રતિમા આરાધતાં, શરીરે દૂબળો એવો એ સંલેખના કરતો અણુવ્રત પાળતો સમાધિપૂર્વક મરણ પામીને સૌધર્મ દેવલોકમાં અરુણપ્રભ વિમાનમાં ચિહું પલ્યોપમનઈ આઉપ્પઇ દેવ ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મી મોક્ષે જશે.

આધાર : સોમસુંદરસૂરિ કૃત કામદેવ શ્રાવકકથા, પ્રાચીન ગદ્ય સંદર્ભ,

મયણરેહા કથા

(ઈ.સ. ૧૩૫૭)

ભરતક્ષેત્રમાં સુદર્શન નગરીમાં મણિરથ રાજા રાજ્ય કરતો હતો. એને ધારણી નામે રાણી અને યુગબાહુ નામે નાનો ભાઈ

હતાં. બન્ને ભાઈઓ વચ્ચે સારો પ્રેમ હતો.

એક દિવસ મહેલના ઉપરના ભાગમાં રહેલો મણિરથ સમીપમાં આવેલા મહેલમાં રહેલી યુગબાહુની પત્ની મયણરેહાનું રૂપ જોઈ એના પર મોહાંધ થઈ ગયો અને એની સાથે ભોગ ભોગવવા ઇચ્છુક થઈ ગયો.

પોતાની ઇચ્છા ફળીભૂત થાય તે માટે એણે યુગબાહુને યુદ્ધ માટે નગર બહાર જવાનો હુકમ કર્યો. મણિરથના આ હુકમ પાછળના રહસ્યથી અજ્ઞાત એવો યુગબાહુ તુરત જ સૈન્ય સહિત યુદ્ધ અર્થે નગર બહાર નીકળી પડ્યો.

યુગબાહુની અનુપસ્થિતિમાં મયણરેહાને પ્રસન્ન કરવા મણિરથે દાસી મારફતે અનેક કિંમતી ભેટો મયણરેહાને મોકલી. તેણીએ 'જેઠ પિતા તુલ્ય છે' એમ માની તે ભેટોનો સ્વીકાર કર્યો. પછી મણિરથની એની પાછળની બદદાનત જાણી એટલે મયણરેહાએ દાસીને ધમકાવીને બધી ભેટો પાછી મોકલી દીધી.

રાત્રિના સમયે યુગબાહુના મહેલે આવી મણિરથ દરવાજો બંધ જોઈ તે ઉઘાડવા માટે બૂમો પાડવા લાગ્યો. આ બાબતની મયણરેહાને ખબર પડતાં અન્ય ઉપાય ન જણાતાં એણે પોતાની સાસુને જગાડી અને મણિરથ આવ્યાની વાત કરી.

માતાએ એમ અનુમાન કર્યું કે મદિરાપાનમાં ભાન ભૂલી એમનો પુત્ર મણિરથ ભૂલથી અહીં આવ્યો હશે. એમણે દ્વાર ખોલી મણિરથને કહ્યું : 'આ તો યુગબાહુનો મહેલ છે. તારો મહેલ તો સામે છે.' **માતાની વાત સાંભળી મણિરથ શરમાઈ ગયો.**

મણિરથને પોતાની પાછળ પડેલો જાણી તે બધી વિગતો જણાવતો પત્ર એક સંદેશાવાહક મારફતે મયણરેહાએ યુગબાહુને રવાના કર્યો. એમાં જણાવ્યું : 'મને જીવતી જોવા માંગતા હો તો જલદીથી ઘેર પાછા આવજો.' જલદીથી જઈને સંદેશવાહકે પેલો પત્ર યુગબાહુને આપ્યો. પત્ર વાંચી યુગબાહુએ જાણ્યું કે ભાઈએ દગો કર્યો છે અને તરત તે પાછો ફર્યો. એણે નગરમાં ન પ્રવેશતાં પોતાનો વિશ્રામ નગર બહાર કર્યો અને સંદેશો મોકલાવતાં મયણરેહા એને મળવા આવી અને એને બધી વાત કરી. આ જાણી યુગબાહુએ જાણ્યું કે 'હું મળવા જઈશ તો મને મારી નાંખશે' એમ જાણી તે ત્યાં જ રહ્યો.. યુગબાહુ આવ્યો છે એમ જાણી મણિરથને ભય લાગ્યો કે બધા ઉમરાવો એની સાથે છે તો કદાચ તે કંઈક કરે એટલે તેણે યુગબાહુને મારી નાંખવાનો નિર્ણય કર્યો અને રાત્રે એક ઘોડા પર સવાર થઈ નીકળ્યો અને તે યુગબાહુની શિબિરમાં આવ્યો. મણિરથને આવેલો જોઈ મયણરેહાએ યુગબાહુને સાવધ કર્યો. મણિરથ આગળ આવ્યો એટલે યુગબાહુ એની સામે ગયો. મણિરથ એના પર તલવારથી હુમલો કરી ત્યાંથી એકદમ ચાલી નીકળ્યો. પાછા ફરતા મણિરથને માર્ગમાં સર્પ ડંખ્યો અને તે તાત્કાલિક મૃત્યુ પામ્યો.

મણિરથ ગયા પછી મયણરેહા પોતાના પતિ યુગબાહુ પાસે આવી. પતિને મૃત્યુ પામવાની સ્થિતિમાં જોઈ એણે ધૈર્ય રાખી યુગબાહુને ચાર શરણનો સંથારો કરાવ્યો અને ઉપદેશ આપ્યો. આ પછી યુગબાહુ મૃત્યુ પામ્યો અને દેવલોકમાં દેવ થયો.

આ પછી દાસીવેશે મયણરેહા ત્યાંથી નાસી છૂટી અને વનમાં ગઈ. વનમાં તેણે એક પુત્રને જન્મ આપ્યો. બાળકને એક શિલા પર મૂકી તે ત્યાંથી પણ ભાગી નીકળી. આગળ જતાં માર્ગમાં એક નદી આવી. એમાં સ્નાન કરી તે શુદ્ધ થઈ કિનારા પર આરામ કરવા બેઠી. અહીં તે પોતાના દુઃખને યાદ કરી વિલાપ કરવા લાગી કે 'એક પુત્ર ચંદ્રજસાને મહેલમાં મૂકીને આવી અને બીજા પુત્રને વનમાં મૂક્યો.' વિલાપ કરતી મયણરેહાને જોઈ એક દેવ હાથીનું રૂપ કરી ત્યાં નદીમાં આવ્યો અને વિવિધ પ્રકારની રમત કરવા લાગ્યો. રાણી હાથીની રમત જોઈ રહી હતી. એટલામાં હાથીએ એને સૂંઢ વડે ઉછાળી પણ ત્યાંથી કોઈ પસાર થતા દેવે તેને ઊંચકીને પોતાના વિમાનમાં લઈ ગયો.

દેવ રાણીનું રૂપ જોઈ એના પર મોહી પડ્યો અને તે આગળ ન જતાં વિમાન પાછું વાળી પોતાના ઘર તરફ ભાગી ચાલ્યો.

મયણરેહાએ આથી તેને પૂછ્યું : 'ભાઈ તું ક્યાં જતો હતો અને હવે કેમ પાછો ફરી રહ્યો છે ?' ત્યારે તે દેવે કહ્યું : 'હું ભગવાન તીર્થંકરના દર્શને જતો હતો પણ હવે તારા જેવી રૂપસુંદરી મળી એટલે હું ઘર તરફ પાછો જાઉં છું.' આ પછી મયણરેહાએ એને મીઠાં વચને કહ્યું : 'ભગવાંનનાં દર્શન કરવા જતાં હું મળી તો પછી ભગવાનનાં દર્શન કરવાથી તને અધિક ફાયદો થશે ? તીર્થંકરના દર્શન કરતાં તારું કલ્યાણ અધિક થશે.' આ સાંભળી વિદ્યાધર દેવ પોતાના ઘેર ન જતાં પાછો તીર્થંકરના દર્શન કરવા વિમાનમાં બેસી ભગવાનના સમોવસરણ પાસે આવ્યો અને વિમાનમાંથી ઊતર્યો. તેણે ભગવાનને વંદન કર્યા. મયણરેહા પણ ત્યાં આવી.

યુગબાહુ કે જે દેવ થયો હતો તે પણ ત્યાં ભગવાનના દર્શન અર્થે આવ્યો હતો. મયણરેહાને જોઈને તેને પૂર્વભવનું જાતિ-સ્મરણ થયું અને મયણરેહાએ પોતાને પૂર્વભવમાં અંતકાળે જે ધર્મ-ઉપદેશ આપ્યો હતો તેને યાદ કરી એને પોતાની ગુરુણી માની. પ્રથમ તેણે પ્રભુની પ્રદક્ષિણા કરી અને પછીથી અન્ય સાધુ-સાધ્વીને છોડી મયણરેહાને વંદન કર્યાં.

આ જોઈ બધાં હસવા લાગ્યાં, 'આ દેવ ગાંડો છે કે તે માનવ સ્ત્રીને વંદન કરે છે ?' આ વખતે ભગવાને ખુલાસો કરતાં કહ્યું : 'તમે એની હાંસી ઉડાવો છો પણ તે એની પૂર્વભવની ગુરુણી છે. પૂર્વભવમાં એનું નામ યુગબાહુ હતું. આ મયણરેહા એની પત્ની હતી, જેણે એને મૃત્યુ સમયે ધર્મબોધ કર્યો હતો અને તે મૃત્યુ

પામી દેવ થયો છે. મયણરેહાને કારણે એના ભાઈ મણિરથે એને માર્યો હતો. એ વખતે મયણરેહાએ એને ચાર શરણનો સંથારો કરાવ્યો હતો અને યુગબાહુને તાર્યો હતો. મયણરેહા ભરી સભામાંથી ઊઠી અને પોતાના દેવ સ્વરૂપમાં રહેલા પતિને પોતાને દીક્ષા લેવા અનુમતિ આપવા જણાવ્યું. દેવે મયણરેહાને દીક્ષા અર્થે આજ્ઞા આપી. પછી તે દેવ ત્યાંથી રવાના થઈ ગયો.

મયણરેહાએ દીક્ષા લીધી. દેવો બધા પ્રભુને વંદન કરી પોતપોતાના સ્થાને ગયા.

પેલો બાળક કે જેને મયણરેહાએ એક શિલા પર મૂકયો હતો ત્યાં મિથિલાનગરીનો રાજા પદ્મોત્તર શિકાર કરવા વનમાં નીકળ્યો હતો તે આવી ચઢ્યો. રણમાં પડેલા બાળકને જોઈને તે રાજી થયો અને પોતાને પુત્ર ન હોવાથી તે એને પોતાની નગરીમાં લઈ ગયો અને પોતાની રાણી પુષ્પચુલાને સોંપ્યો. અપુત્ર રાણીએ એને પોતાનો પુત્ર માન્યો અને તેનું નામ 'નમિકુમાર' પાડવામાં આવ્યું. તે દિવસે દિવસે મોટો થવા લાગ્યો.

આ બાજુ મણિરથ અને યુગબાહુ બન્ને મૃત્યુ પામ્યા અને મયણરેહા નાસી ગઈ એટલે ચંદ્રજસા કુંવરને રાજા બનાવવામાં આવ્યો. એ સુખપૂર્વક રાજ્ય કરવા લાગ્યો. આ બાજુ નમિકુમાર મોટો થતાં એને પણ રાજા બનાવવામાં આવ્યો.

આ પછી એક હાથીના કારણે નમિકુમાર અને ચંદ્રજસા એકબીજા સાથે યુદ્ધે ચઢ્યા. આ વાતની ખબર પડતાં મયણરેહા પ્રથમ નમિકુમારને મળવા એની રાજસભામાં આવી અને તે નમિકુમારને મળી. નમિકુમારે કહ્યું : 'હાથી જે અટવીમાં પડ્યો છે તે ચંદ્રજસા મને આપતો નથી અને પછી સૈન્ય લઈ તે મારી ભૂમિ લેવા આવ્યો છે.' મયણરેહાએ કહ્યું કે 'તે બીજો કોઈ નહિ પણ તારો જ ભાઈ છે.' પછી મયણરેહાએ પોતાની વાત કરતાં કહ્યું : 'તારા પિતાને મણિરથે માર્યો અને હું તે રાત્રે ત્યાંથી વનમાં નાસી ગઈ. વનમાં તારો જન્મ થયો અને તને રણમાં મૂકી હું આગળ નાઠી. નદીકિનારે બેઠી હતી ને એક વિદ્યાધરનું વિમાન આવ્યું અને એક હાથીએ મને સૂંઢ વડે ઉઠાડી અને હું વિમાનમાં જઈ પડી. પછી હું વિદ્યાધર સાથે ભગવાનના સમોવસરણમાં ગઈ. તારા પિતા કે જે દેવ થયા હતા તે પણ પ્રભુનાં દર્શન અર્થે ત્યાં આવ્યા હતા. તેમની આજ્ઞા લઈ મેં સંયમ સ્વીકાર્યો હતો. તમે બંને ભાઈઓ ઝઘડો છો તે સાંભળી હું અહીં આવી ચઢી છું.' પછી માતા સાથે નમિકુમાર ચંદ્રજસા પાસે આવ્યો. મયણરેહા સાધ્વીને જોઈને ચંદ્રજસાએ વિનય કર્યો અને આવવાનું કારણ પૂછ્યું. ત્યારે મયણરેહાએ કહ્યું : 'તું જેની પર ચઢાઈ લઈને આવ્યો છે તે તારો જ ભાઈ છે ?' આ સાંભળી રાજા ચંદ્રજસા શરમાઈ ગયો. મયણરેહાએ પોતાની બધી વાત એને કહી... ચંદ્રજસા અને નમિકુમાર પરસ્પર મળ્યા. એક હાથી પર બેસી બન્ને ચંદ્રજસાના ઘેર આવ્યા. પછી ચંદ્રજસા અને નમિકુમાર બન્ને રાજસભામાં આવ્યા.

ચંદ્રજસાએ વૈરાગ્ય પામતાં દીક્ષા ગ્રહણ કરીને બન્ને રાજ્ય નમિકુમારે સંભાળ્યાં. મયણરેહા આ પછી પોતાની ગુરુણી પાસે પાછી આવી. અને પછી સંયમ પાળતી તે મોક્ષે ગઈ. મણિરથ નરકે ગયો.

આધાર : હરસેવકકૃત મયણરેહા ચોપાઈ

અમરસેન જયસેન કથા

વત્સદેશમાં દ્વારાપુર નામના નગરમાં અમરસેન રાજા. ચંદ્રજસા એની પટ્ટરાણી. અરસપરસ અપૂર્વ પ્રેમ. પણ અપુત્ર એટલે અત્યંત દુઃખી.

એક દિવસ કોઈ એક રાજાએ એક અશ્વ રાજાને ભેટ મોકલ્યો. અસવારી કરવાની ઇચ્છા થતાં અમરસેને તે ઘોડા પર અસવારી કરી. વક્રશિક્ષા પામેલો અશ્વ એને પવનવેગે અટવીમાં લઈ ગયો. નદી આવતાં તે ઊભો રહી ગયો. રાજા અશ્વ પરથી ઊતર્યો. પાણી પીને એક વૃક્ષ નીચે વિરામ લેવા બેઠો. એટલામાં એક સ્ત્રી ત્યાં આવી પહોંચી અને કહ્યું : 'હું પાતાલવાસી નાગકુમારી છું. તારું રૂપ જોઈને તારા પર મોહ પામી ગઈ છું. તું મારી સાથે ભોગ ભોગવ.' રાજાએ તે પરનારીને ભોગવવાનો ઇન્કાર કર્યો. ક્રોધે ભરાયેલ તે નાગકુમારીએ રાજાને દૃઢ બંધનમાં મૂક્યો. એટલામાં ગુપ્તપણે તે નાગકુમારીનો પતિ નાગકુમાર આ વાર્તાલાપ સાંભળતો હતો તે ત્યાં પ્રગટ થયો અને તેણે રાજાનાં બંધન છોડી નાખ્યાં અને તેને મુક્ત કર્યો. તેણે પરનારીનો ઇન્કાર કરવા માટે રાજાની પ્રશંસા કરી અને ધન્યવાદ આપ્યા. પછી નાગકુમારે કંઈ વરદાન માગવાનો આગ્રહ કરતાં રાજાએ પુત્રપ્રાપ્તિનું અને બધા જીવો (પ્રાણીઓ)ની ભાષાના જ્ઞાનનું વરદાન આપવા જણાવ્યું. નાગકુમારે એને પુત્ર થશે એવું વરદાન આપ્યું અને તેને પશુ-પક્ષીની વિવિધ ભાષાનું જ્ઞાન થશે એવું પણ વરદાન આપ્યું. પણ તે સાથે ચેતવણી આપી કે આ ભાષાની જાણકારીનો ભેદ કોઈને કહેવો નહિ, જો કહેશે તો એના જીવનનો અંત આવશે. આ પછી નાગકુમાર ત્યાંથી વિદાય થયો.

રાજા જે વૃક્ષ નીચે વિશ્રામ લેવો બેઠો હતો. તેની ઉપર એક પંખીનો માળો હતો. એમાં એ સમયે ચકલો-ચકલી વાત કરતાં હતાં તે નીચે બેઠેલો રાજા સાંભળે છે. ચકલો કોઈ કામ માટે બહાર જવા માગે છે પણ ચકલી એની સાથે જવા તૈયાર થાય છે. કેમકે તે કહે છે : 'પુરુષ જાતનો કોઈ ભરોસો નહિ. એને કોઈ રૂપાળી સ્ત્રી જોવા મળે તો તે એના મોહમાં પડી જાય.' ચકલો કહે છે : 'એવું કાંઈ નથી.' તે જલ્દીથી પાછો આવી જવાની વાત કરે છે અને જલદીથી પાછો ન આવે તો પોતાને ગોહત્યાનું પાપ લાગે

એમ જણાવે છે. પછી ચકલાએ નારીના દોષનું વર્ણન કર્યું. ચકલીએ ચકલાને રાત્રિભોજનનો ત્યાગ કરવાનું સ્વીકારે તો પોતે એને જવા દેવાનું કહ્યું. પણ ચકલાએ ભલે પોતાનું કામ ન થાય પણ રાત્રિભોજન ત્યાગનું વ્રત લેવા ઇન્કાર કર્યો. આ સાંભળી રાજાને રાત્રિભોજન અંગે સંદેહ થયો.

રાજા વૃક્ષ નીચેથી ઊઠીને ચાલી નીકળ્યો. રસ્તામાં એને એક સાધુનો મેળાપ થયો. એને રાત્રિભોજનના દોષ અંગે પૂછ્યું. સાધુ મહારાજે રાત્રિભોજનના દોષ વર્ણવતાં જણાવ્યું કે રાત્રિભોજનનો દોષ નવાણુસો જન્મપર્યંત લાગે છે. આ સાંભળી રાજાએ રાત્રિભોજન ન કરવાનું વ્રત અંગીકાર કર્યું. આ પછી એણે પેલા ચકલા-ચકલીની વાત કહી અને આ બન્ને આ પછીના ભવમાં ક્યાં અવતરશે એમ પૂછતાં સાધુ મહારાજે કહ્યું કે ચકલો તારો પુત્ર થશે અને ચકલી તારા પુત્રની પત્ની થશે.

રાજાને અશ્વ એકદમ ઉઠાવીને વન ભણી રવાના થયો. તે પછી રાજાનો પ્રધાન એ અશ્વના પગલે પગલે ચાલીને રાજાને શોધતો શોધતો ત્યાં આવી પહોંચ્યો.

રાજા પેલા સાધુ મુનિને વંદન કરી પ્રધાન સાથે પોતાના નગરે આવ્યો. રાજાએ રાણીને પુત્રપ્રાપ્તિ અંગેના વરદાન અંગે વાતચીત કરી પોતે રાત્રિભોજન ન કરવાનું વ્રત લીધું છે એમ જણાવ્યું.

થોડા સમય પછી રાણીને પુત્ર જન્મ્યો. રાજાએ પુત્ર-જન્મનો ઉત્સવ કર્યો અને એનું જયસેન નામ આપ્યું.

એકવાર રાજાએ પોતાના ખોળામાં બેઠેલા પુત્રને એના પંખી તરીકેના પૂર્વભવની વાત કરી. તે સાભળતાં જ જયસેન બેભાન થઈ ગયો. પાણી છાંટતાં તે ભાનમાં આવ્યો અને પોતે પોતાનો પૂર્વભવ જોયાની વાત કરી. પછી જયસેને પણ રાત્રિભોજન ત્યાગનું વ્રત લીધું. પુત્ર સાત વરસનો થયો એટલે રાજાએ તેને નિશાળમાં મૂક્યો. થોડા સમયમાં તે બોંતેર કલા શીખી ગયો.

વત્સ દેશમાં કમલાપુરી નગરીમાં બલિભદ્ર રાજા. એની પટ્ટરાણી ગુણસુંદરી. જયસેના એની પુત્રી. એક દિવસ એક વૃક્ષ પર ચકલા-ચકલીને જોઈને એને એનો પૂર્વભવ યાદ આવ્યો. તે બેભાન બની ગઈ. ભાનમાં આવ્યા પછી એણે રાત્રિભોજન ત્યાગ કરવાનું વ્રત લીધું. પોતે પૂર્વભવે રાત્રિભોજનનું વ્રત લીધું હતું એટલે રાજાના ગૃહે જન્મી છે એમ માની એણે પોતાના પૂર્વભવનો પતિ જ આ ભવે મળે તો પરણવાનું નક્કી કર્યું.

આ પછી જયસેના પતિપ્રાપ્તિ અંગે ચિંતાતુર રહેવા લાગી અને જો પિતા તેને અન્ય કોઈ જોડે પરણાવવા પ્રયત્ન કરે તો શું કરવું એનો ઉપાય સખીઓને પૂછે છે. એક સખીએ એનો ઉપાય બતાવતાં કહ્યું કે જે પૂર્વભવ અંગે વાત કરે, પોતાના રૂપને અદૃષ્ટ કરી શકે, મોટા અશ્વ પર સવારી કરી શકે અને કાચા (સૂતરના) તાંતણાના હિંડોળા પર હીંચી શકે તેને પરણવાની પ્રતિજ્ઞા કરવા જણાવ્યું.

આ પછી રાજા બલિભદ્રે પ્રધાનની સલાહ અનુસાર કુંવરી જયસેનાને પરણાવવા માટે સ્વયંવરનું આયોજન કર્યું અને જુદા જુદા દેશમાં દૂત મોકલી ત્યાંના રાજકુમારને એ સ્વયંવરમાં નિમંત્ર્યા. અમરસેનના પુત્ર જયસેનને પણ આ સ્વયંવરનું આમંત્રણ મોકલવામાં આવતાં તે બન્ને સૈન્ય સહિત સ્વયંવરમાં પધાર્યા. રાજાએ એ બંનેનું સુંદર સ્વાગત કર્યું.

જયસેન કુંવર આજુબાજુના વનમાં ફરવા નીકળ્યો. ફરતો ફરતો તે એક ચર્મધારણ કરેલા સંન્યાસી-સાધુ પાસે આવી પહોંચ્યો. એ કરૂપ હતો. પછી જયસેને આ કરૂપ શરીર અંગે પૂછતાં એણે પેલું ચર્મ દૂર કરી પોતાનું અસલ દિવ્ય સ્વરૂપ કર્યું અને પછી પેલા ચર્મનો મહિમા સમજાવતાં કહ્યું કે આ ચર્મ ઓઢતાં માણસ કરૂપ બની જાય છે અને તે દૂર કરતાં તે પોતાના અસલ સ્વરૂપમાં આવી જાય છે. રાજા તે સિદ્ધને પ્રણામ કરી પોતાના ઉતારે આવ્યો.

ફરી પાછો જયસેન વનમાં ફરવા નીકળ્યો ત્યારે વનમાં એક અગ્નિકુંડ જોયો. એમાં અગ્નિ ભડભડ બળતો હતો. બાજુમાં વૃક્ષ પર તાંતણા પર એક શીકું બાંધેલું હતું. આ અંગે ત્યાં બેઠેલા સિદ્ધને પૂછતાં તેણે જણાવ્યું કે આ આકાશગામી વિદ્યા પ્રાપ્ત કરવા માટેની વિધિ છે. મંત્રસાધના કર્યા પછી આ તાંતણે બાંધેલા શીકા પર બેસતાં જો આ તાંતણા તૂટે તો આકાશગામિની વિદ્યા પ્રાપ્ત થાય અને તાંતણા ન તૂટે તો તે તાંતણા અતૂટ બની જાય છે, સાંકળ જેવા બની જાય. વધુમાં એણે જણાવ્યું કે તેણે આ વિદ્યા સાધવા અનેક પ્રયત્નો કર્યા પણ એક પદનું વિસ્મરણ થયું હોવાથી વિદ્યાપ્રાપ્તિ થતી નથી. તે સાંભળી જયસેને તેને મંત્રનું પદ બોલવા કહ્યું. અને જે પદ તે ભૂલી ગયો હતો તે પૂર્ણ કર્યું. હવે પોતાની વિદ્યા સિદ્ધ થશે તે જાણીને સિદ્ધ પ્રસન્ન થયો અને પેલું રૂપપરિવર્તન કરી આપનાર (ચર્મ) ભેટ આપ્યું. વળી સિદ્ધે કહ્યું કે હું હવે વિદ્યા સાધુ છું, અને પછી ભિક્ષા પર બેસીશ. તે તૂટશે એટલે મને આકાશગામિની વિદ્યા પ્રાપ્ત થશે. પછી તે તૂટેલા તાંતણા બાંધીને શીકામાં બેસીશ એટલે તને પણ આકાશગામિની વિદ્યા પ્રાપ્ત થશે. પછી મંત્ર ભણી સિદ્ધ શીકામાં બેઠો એટલે તાંતણા તૂટ્યા અને તે આકાશમાં ઊડી ગયો.

કુમાર જયસેને તે તાંતણા સાંધ્યા અને મંત્રાદિ વિધિ પતાવી શીકામાં બેઠો. પણ તાંતણાં તૂટ્યા નહીં અને તે આકાશમાં ઊડી શક્યો નહિ પણ અતૂટ તાંતણા થવાની- કરવાની સિદ્ધિ પ્રાપ્ત થઈ. 'ચર્મ' લઈ તે પોતાના ડેરામાં આવ્યો અને સૂઈ ગયો.

એટલામાં રાજા અમરસેન જાગી ગયો તેણે એક શિયાળને બોલતો સાંભળ્યો. પક્ષી ભાષાજ્ઞ તેણે એમાં સાંભળ્યું કે અહીં એક મનુષ્ય ટળવળતો પડ્યો છે તો એને ભક્ષ કરી જઈએ. આ સાંભળી

પેલા મનુષ્ય પર દયા ઊપજતાં તેણે પોતાના પુત્રને જગાડ્યો અને કહ્યું : 'શિયાળો કોઈ પીડાતા મનુષ્યનો ભક્ષ કરી જશે તો જઈને તે માણસને બચાવ. પુત્ર તરત ખડ્ગ લઈને જે દિશામાં શિયાળ હતાં ત્યાં ગયો. તો એક માણસ દુઃખથી પીડાતો ત્યાં પડ્યો હતો. એ માણસને પૂછતાં તેણે પોતાનો આત્મવૃત્તાન્ત કહેતાં જણાવ્યું કે 'હું એક કુંભાર છું. એક દિવસ મારા ઘેર એક જોગી આવ્યો. એની સેવા-ભક્તિ કરી એનાથી સંતુષ્ટ થયેલા તેણે વરદાન આપ્યું કે માટીમાંથી બનેલો અને ભઠ્ઠીમાં તાવેલો અશ્વ પોતે આપેલ મંત્ર બળ વડે ચાલતો થશે જેની પર તું સવાર થઈ શકીશ.' આ પછી પેલા જોગીએ તે કુંભારને અશ્વમંત્ર શીખવ્યો.

આ પછી મેં એક માટીનો અશ્વ બનાવ્યો કે જે મંત્ર વડે હિંસારવ કરતો આ પછી મારી કીર્તિ ચારે તરફ ફેલાઈ. પણ કેટલાક દિવસ પછી હું પેલો મંત્ર ભૂલી ગયો. આ પછી હું પેલા સિદ્ધ પાસે સિદ્ધાચલમાં ગયો અને ફરીથી મંત્ર સાધ્યો. છ મહિને હું મારા વતન પાછો ફર્યો.

એટલામાં મને ખબર પડી કે રાજા પોતાની રાજકુમારીનાં લગ્ન કરે છે અને એમાં અનેક રાજાઓ આવશે. આ જાણી મેં આ રાજાઓ પાસે માટીના અશ્વને ચાલતા કરી આપવાની પોતાની વિદ્યા દેખાડવાનો નિર્ણય કર્યો અને હું અશ્વ બનાવવા માટે માટી ખોદવા વનમાં આવ્યો. ખાણ ખોદતાં ખોદતાં મારી ઉપર માટી પડી અને હું દબાઈ ગયો. મારી કેડ ભાંગી ગઈ. મને મર્મપ્રહાર લાગ્યો છે એટલે હું જીવીશ નહીં પણ હું મૃત્યુ પામું તે પહેલાં તું મને બચાવવા આવ્યો છે જેથી આનંદથી તને તે મંત્ર શિખવાડીશ. પછી કુંભાર તેને મંત્ર શિખવાડી મૃત્યુને શરણ થયો.

આ પછી અગ્નિની જ્વાળા જોઈને રાજા પોતાના પુત્ર પાસે આવ્યો. ત્યાં તેણે અશ્વને જોયો અને પુત્રને પણ જોયો. એટલામાં ચિતાને શાંત કરી પુત્ર પિતા પાસે આવ્યો અને પિતાને જોઈને કહ્યું : 'તે માણસનું મરણ થયું છે. એટલું જ જણાવ્યું. બીજું કાંઈ કહ્યું નહિ. પછી પિતા અને પુત્ર સૂઈ ગયા.

બીજે દિવસે પ્રભાતે રાજાએ પોતાના પુત્રના વિવાહાર્થે સ્વયંવરની રચના કરી.

આ સાંભળી જયસેના રાજકુમારી ચિંતામાં પડી ગઈ. પોતાની ચાર પ્રતિજ્ઞા કેવી રીતે પૂર્ણ થશે. એટલામાં એનું ડાબું અંગ ફરકવા લાગ્યું. એ જાણી સખીએ કહ્યું : 'એને મનગમતો વર પ્રાપ્ત થશે. જે પ્રમાણે ભાગ્યનો લેખ લખ્યો હોય છે તે પ્રમાણે જ થાય છે. એમાં કાંઈ આઘુંપાછું કરી શકાતું નથી.' આ પછી રાજકુમારી જયસેના વરમાળા લઈને પ્રતિહારિણી સાથે સ્વયંવર મંડપમાં આવી. પ્રતિહારિણીએ ત્યાં બેઠેલા રાજાને એક પછી એક ઓળખાવ્યા. આ પછી જયસેનાની સખી રાજકુમારીની ચાર પ્રતિજ્ઞા અંગે સહુને વાકેફ કરે છે અને જે આ ચાર પ્રતિજ્ઞા પૂર્ણ કરશે તેને રાજકુમારી વરમાળા પહેરાવશે એમ જણાવ્યું. પ્રતિજ્ઞાની વિગત આપતાં સખીએ કહ્યું : 'જે માટીમાંથી બનાવેલા અશ્વ પર બેસી આવશે, પૂર્વજન્મનું વર્ણન કરશે, તાંતણા વડે બાંધવામાં આવેલા હિંડોળે હીંચશે અને પોતાના રૂપનું પરિવર્તન કરી બતાવશે તેને રાજકુમારી વરમાળા પહેરાવશે.' આ ચાર પ્રતિજ્ઞા અંગે જાણી ઘણાખરા રાજવીઓ હતાશ થઈ ગયા. તે વિચારવા લાગ્યા : 'આ કેમ કરી થશે આ તો બધાને બોલાવીને અપમાન કરવા બરાબર છે.' પણ આ પ્રતિજ્ઞાઓ અંગે જાણી જયસેન તો ખુશ થયો અને તેણે જાહેર કર્યું કે તે આ ચાર પ્રતિજ્ઞા પૂર્ણ કરશે.

આ પછી જયસેને પેલું 'ચર્મ' ધારણ કર્યું. એટલે એનું સ્વરૂપ વિકરાળ થઈ ગયું. પછી તે માટીના ઘોડા પર બેસી રાજસભામાં આવ્યો. આ જોઈ સહુ આશ્ચર્ય પામ્યા અને એનું કરૂપ જોઈ રહ્યા. આ પછી રાજસભામાં અશ્વ પર આમતેમ ફરીને તે અશ્વ પરથી ઊતરીને ત્યાં રાખેલા તાંતણા વડે બાંધેલા હિંડોળા પર હીંચવા લાગ્યો. એક પણ તાંતણો તૂટ્યો નહીં. તે જોઈ લોકો આશ્ચર્ય પામ્યા. એણે પોતાને ધૂંબડ તરીકે ઓળખાવ્યો આ પછી તેણે પૂર્વભવનું વર્ણન કરતાં કહ્યું : 'અમે બે (રાજકુમારી અને તે) ચકલો અને ચકલી હતાં અને વૃક્ષની ડાળે બહુ હીંચ્યાં હતાં.' આ સાંભળી રાજકુમારી જાણી ગઈ કે આ મારો પૂર્વભવનો પતિ છે. સખીઓએ એને ચેતવી કે આને વરવાથી તું કાંઈ સુખ પામીશ નહીં. પણ પોતાની પ્રતિજ્ઞામાં દૃઢ એવી રાજકુમારીએ ધૂંબડના ગળામાં જ વરમાળા આરોપી દીધી. આ જોઈ અન્ય બધા રાજા ગુસ્સે થયા અને ધૂંબડને કહેવા લાગ્યા : 'તું આ વરમાળાનો ત્યાગ કરી દે.' પણ ધૂંબડે તેમ કરવાનો ઈન્કાર કર્યો અને બધાને પડકાર કર્યો કે 'જેનામાં બળ હોય તે મારી પાસેથી લઈ લે.' બધા રાજા આથી વધુ ગુસ્સે થયા અને એનો ઘાત કરવા તૈયાર થયા. પણ ધૂંબડે પોતાનો ઘોડો એમની સામે ધરતાં તે બધા ત્રાસ પામી નાશી ગયા અને ધૂંબડને મારવા અને ઝાલી લેવાની બૂમો પાડવા લાગ્યા. બધા રાજા એની સામે ફરી ધસી ગયા. પણ તે સમયે પેલો કુંભાર કે જે મરીને વ્યંતર થયો હતો તે ત્યાં આવ્યો અને તેણે બધાને મારી હઠાવ્યા. કુંવરની જીત થઈ. આ જોઈ બધા લોકોએ એ કોઈ વિદ્યાધર છે એમ માનવા લાગ્યા. એટલામાં કુંવરે પોતાના શરીર પર ધારણ કરેલું પેલું 'ચર્મ' ઉતારી નાંખ્યું એટલે ત્યાં જયસેનકુમાર પોતાના અસલ સ્વરૂપમાં પ્રગટ થયો. આ જોઈ બધા હર્ષ પામ્યા. રાજકુમાર પિતા અમરસેનને પગે પડ્યો અને પોતાનું સર્વ વૃત્તાન્ત પિતાને સમજાવ્યું. આ પછી બલિભદ્ર રાજાએ વિવાહ-ઉત્સવ કર્યો. પછી રાજકુમાર હાથી પર બેસી પરણવા આવ્યો. બધા શણગાર સજી રાજકુમારી જયસેના આવી. બન્નેનાં લગ્ન થયાં. રાજાએ પુષ્કળ કરિયાવર આપ્યો. અમરસેન રાજા પોતાની નગરીએ ગયો અને જયસેન ત્યાં પોતાના સાસરામાં રોકાઈ ગયો. થોડો સમય

ત્યાં સુખપૂર્વક રહ્યો. દરમ્યાન રાજકુમારી જયસેનાએ ચાર પ્રતિજ્ઞા કેવી રીતે પૂર્ણ કરી એ પૂછતાં તેણે વન અને એમના પૂર્વભવનો સર્વ વૃત્તાન્ત કહ્યો. દરમ્યાન રાજકુમારી જયસેનાએ વિદાય થવા રાજા બલિભદ્રની અનુમતિ માંગી. રાજા બલિભદ્રે ઘણા કરિયાવર સાથે પોતાની કુંવરી વરાવી.

એ પછી જયસેન પ્રયાણ કરીને પોતાના નગરે આવ્યો અને માતાપિતાને પગે પડ્યો. અમરસેન પોતાના પુત્ર જયસેનની સાથે પોતાનું રાજકાજ સંભાળતો સુખપૂર્વક ધર્મનું પાલન કરતો રહ્યો.

એકવાર તે નગરની બહાર ઉદ્યાનમાં એક મુનિવર પધાર્યા. રાજા અમરસેન સૈન્ય અને પરિવાર સહિત એમની વંદણા કરવા ગયો. મુનિની 'દેશના' સાંભળી અમરસેને દીક્ષા લેવાનો વિચાર કર્યો. પુત્રને રાજ્યગાદી સોંપી એણે દીક્ષા ગ્રહણ કરી. મુનિ ધર્મ પાળતાં અંતે અનશન કરી તે મુક્તિ પામ્યો.

જયસેન રાજા બન્યો. તે ન્યાયપૂર્વક પોતાની પ્રજાનું પાલન કરવા લાગ્યો. તે સૂતરના તાંતણાથી બાંધેલી પાલખીમાં બેસી રાજ્યમાં ફરતો હતો. તેણે ઘણા રાજાઓને હરાવી પોતાના રાજ્યનો વિસ્તાર કર્યો.

જયસેને આ પછી કુંથુનાથ તીર્થંકરનું દેરાસર બંધાવ્યું. આ પછી અંતે અનશન કરી તે મૃત્યુ પામી વૈમાનિક દેવ થયો.

આધાર : અમરસેન જયસેન રાસ, રાત્રિભોજન પરિહારક રાસ, ભીમસિંહ માણેક.

કાન્હડ કઠિયારાની કથા

અયોધ્યા નગરીમાં કીર્તિધર રાજા. એની રાણી સુપ્રભા. વિનિતાનગરીમાં એકવાર સાધુ આવ્યા. કીર્તિધર એમને વંદન કરવા ગયો. સાધુને વંદન કર્યા પછી તે એમની 'દેશના' (ઉપદેશ) સાંભળવા બેઠો. ત્યાં એક કઠિયારો પણ ઉપદેશ સાંભળવા આવ્યો હતો. એણે સાધુના કહેવાથી પૂનમના દિવસે પરનારીનો પરિત્યાગ કરવાનું વ્રત લીધું. આ પછી કઠિયારો પોતાના ઘેર પાછો ફર્યો.

એક દિવસ તે લાકડાં કાપવા વનમાં ગયો. ત્યારે પુષ્કળ વરસાદ પડ્યો હતો. ઘણાં વૃક્ષો પડી ગયાં હતાં અને નદીના પ્રવાહમાં તણાતાં જતાં હતાં. તે નદીમાં તણાતા એક વૃક્ષને કિનારે ખેંચી લાવ્યો અને તેના ટુકડા કર્યા. વૃક્ષની વાસ ચોમેર ફેલાતી હતી. તે ચંદનવૃક્ષ હતું તે બાબતથી અજાણ એવા તેણે એ ટુકડાની ભારી બાંધી અને દરરોજની જેમ તે ભારી પોતાના માથે મૂકી તે વેચવા બજારમાં ગયો.

શ્રીપતિ શેઠ કે જે સુશ્રાવક અને જૈન ધર્મનાં બાર વ્રત-ધારી હતા. એનો નોકર ચંપક બજારમાં લાકડાં લેવા નીકળ્યો હતો. તે કાન્હડ પાસે આવ્યો અને એની ભારીનું બે ટકા મૂલ્ય ઠરાવી ભારો કઠિયારા પાસે ઉપડાવી શેઠને ઘરે આવ્યો. ગોખમાં બેઠેલા શ્રીપતિ શેઠે પ્રસરેલી સુગંધ ચંદન વૃક્ષના લાકડાની ભારીની છે એમ પારખી લીધું. તે નીચે આવ્યો. કાન્હડે પેલો ભારો ચોક વચ્ચે મૂક્યો. શેઠે ચંપકને પૂછ્યું : 'આની શી કિંમત નક્કી કરી છે ?' એણે કહ્યું : 'મેં તો બે ટકા આપ્યા છે હવે આપને યોગ્ય લાગે તેમ કરો.' ભારો મૂકવા કઠિયારો ઘરમાં ગયો એટલે શેઠે ચંપકને કહીને એ ભારાની કિંમત પેટે પાંચસો સોનામહોરો કઠિયારાને આપવા જણાવ્યું. કાન્હડ પાંચસો સોનામહોર લઈને નગરની વચમાં આવેલ ગણિકાવાસમાં આવ્યો. ત્યાં કામલતા નામની વેશ્યાનું રૂપ જોઈ તે મોહ પામ્યો અને પાસે રહેલી સોના-મહોરો એણે કામલતાને આપી દીધી. કામલતાએ એનું સ્વાગત કર્યું. પછી રાત્રિ સમયે સુંદર શય્યા બિછાવી કામલતા વેશ્યાએ એને આમંત્ર્યો. પણ ઘરની જાળીમાંથી પૂનમના ચંદ્રને જોતાં એને એના વ્રતની યાદ આવી અને વ્રત ન લોપવાનો નિશ્ચય કરી તે કોઈ બહાનું કાઢી ત્યાંથી બહાર નીકળી ગયો. આમ તેણે પોતાનું વ્રત અખંડ રાખ્યું. તે રાત્રિ દરમ્યાન બજારમાં આવેલી કોઈ દુકાનના ઓટલે સૂઈ રહ્યો. આ બાજુ વેશ્યા કામલતાએ ઘણી રાહ જોઈ પણ કાન્હડ આવ્યો નહીં. રાત્રિ પૂરી થઈ અને દિવસ ઊગ્યો. વેશ્યાએ વિચાર્યું : 'આ ધન પારકું છે. એ મને ન ખપે કેમકે એણે મને ભોગવી નથી.' બધી વેશ્યા ભેગી થઈ અને નક્કી કર્યું કે આવું ધન આપણને ન ખપે. એક ઘરડી વેશ્યા રાજા સમક્ષ ગઈ અને બધી વાત જણાવીને રાજાને તે ધન સુપ્રત કર્યું.

રાજાએ પણ આ ધન અંગે નગરમાં ઢંઢેરો પિટાવ્યો : 'કામલતાને ઘેર કોઈ ધન મૂકીને ગયો છે તો તે કોણ હતો ?' આ પડહ સાંભળી કાન્હડ કઠિયારો ત્યાં આવ્યો અને 'આ ધન મારું છે' એમ કહ્યું. એટલે રાજાના અધિકારીઓએ એને રાજા સમક્ષ ઊભો કર્યો. રાજાએ કાન્હડ કઠિયારાને આટલું બધું ધન એની પાસે કેવી રીતે આપ્યું તે એને પૂછતાં તેણે પોતે મુનિ ઉપદેશથી પૂનમે પરનારી ત્યાગના લીધેલા વ્રતની અને ચંદનકાષ્ટના મૂલ્ય તરીકે શ્રીપતિ શેઠે આપેલ પાંચસો સોનામહોર અને તે લઈને તે વેશ્યાગૃહે ગયો હતો અને પૂનમના ચંદ્રને જોઈ પોતાના વ્રતનું સ્મરણ થતાં તે કોઈ બહાનું બનાવીને પાછો ફર્યો હતો તે સર્વ જણાવી આ ધન એનું જ છે એમ કહ્યું. આ સાંભળી રાજા ખૂબ ખુશ થયો. રાજાએ શ્રીપતિ શેઠને બોલાવ્યો. એણે પણ બધી વાત રાજાને કરી અને પોતે પાંચસો સૌનૈયા આપ્યા હતા તે વાત પણ કરી. પછી રાજાએ તે સોનૈયા પાછા કાન્હડને આપ્યા. એટલામાં કેવલધર અણગાર ત્યાં આવ્યા. રાજાએ એમને સર્વ બીના જણાવી પૂછ્યું કે આ બધામાં- રાજા, શ્રીપતિ શેઠ, કામલતા વેશ્યા અને કાન્હડ કઠિયારામાં-શ્રેષ્ઠ કોણ ? મુનિએ કહ્યું કે બધાનો મહિમા જુદો જુદો, પણ વ્રત પાળનાર કાન્હડનો મહિમા આ ચારેયમાં વિશેષ છે. એણે

પાંચસો સોનૈયા અને વેશ્યાનો ભોગ બન્નેનો ત્યાગ કર્યો હતો.

રાજાએ તે પછી કાન્હડ કઠિયારાને પોતાનો પ્રધાન સ્થાપ્યો અને રાજકાજની જવાબદારી એને સોંપી. આમ વ્રતપાલન અને શીલના મહિમાથી કાન્હડ પ્રધાન થયો.

પછી કાન્હડે સદ્‌ગુરુના ઉપદેશથી શ્રાવકનાં વ્રત ધારણ કર્યાં. આ પછી ત્યાં ધર્મઘોષ મુનિ આવ્યા. એમની પાસે કાન્હડે દીક્ષા અંગીકાર કરી અને અંતે અનશન કરી મૃત્યુ પામ્યો અને દેવલોકમાં દેવ થયો.

માનસાગરગણિકૃત કાન્હડ કઠિયારાનો રાસ

ચુલનીપિતા શ્રાવકની કથા

વારાણસી નગરીમાં જિતશત્રુ રાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં ચુલનીપિતા નામનો એક શ્રાવક રહેતો હતો. તેની પાસે આઠ ગોકુલ કે જેમાં દશ દશ હજાર ગાયો હતી, એટલું પશુધન હતું.

એકવાર આ નગરના સમીપમાં આવેલા વનમાં મહાવીર ભગવાન પધાર્યા. જિતશત્રુ રાજા સહિત અનેક ભગવાન મહાવીરને વંદન કરવા ગયા. પેલો ચુલનીપિતા પણ વંદન કરવા ગયો. એકવાર ધર્મોપદેશ સાંભળી તે પ્રતિબોધ પામ્યો અને તેણે શ્રાવકનાં બાર વ્રત ધારણ કર્યાં... પરમેશ્વરને વંદી તે ઘેર આવ્યો. પછી તેણે પોતાની પત્ની શામાને પણ સમોસરણમાં મોકલી. તેણે પણ ભગવાન મહાવીર સમક્ષ શ્રાવિકાનાં બાર વ્રત અંગીકાર કર્યાં. ચુલનીપિતા ઘરનો ભાર મોટા પુત્રને સોંપી ઘરની પાછળ આવેલ પૌષધશાળામાં જઈ કાઉસગ્ગ ધ્યાન ધરતો હતો. બે પ્રહર રાત્રિ વીત્યા પછી એક મિથ્યાત્વી દેવતા ત્યાં આવ્યો. ખડ્‌ગ કાઢી એણે ચુલનીપિતાને કહ્યું : 'તું આ વ્રત છોડી દે નહિ તો તારા મોટા પુત્રને તારી સમક્ષ મારી, એનું માંસ તેલ ભરેલી કઢાઈમાં તળીને ખાઈશું, એનું લોહી પીશું.' આ દેવે આમ ત્રણવાર કહ્યું પણ ચુલનીપિતા વિચલિત થયો નહીં. પછી મોટા પુત્રને ચોટલી પકડી એણે કહ્યું હતું તે પ્રમાણે કર્યું. તો પણ ચુલનીપિતા ક્ષોભ પામ્યો નહીં. વળી દેવે વચલા પુત્રને મારવા જણાવ્યું. પણ તે સાંભળીને પણ તે ચુલનીપિતા ક્ષોભ પામ્યો નહીં. એટલે એનો પણ વધ કર્યો તો પણ ચુલનીપિતા ક્ષોભ પામ્યો નહીં. પણ દેવે કહ્યું : 'આ પ્રમાણે તારી માતાનો પણ વધ કરીશું તો તું આ વ્રત છોડી દે.' પણ ચુલનીપિતા વિચલિત ન થયો. એટલે દેવે એને એની ભદ્રા માતાને રડતી દેખાડી અને કહ્યું : 'આ તારી માતાનો વધ કરીશું, જો તું વ્રત છોડીશ નહીં તો.' આ સાંભળી ચુલનીપિતાએ વિચાર્યું— 'આ દુષ્ટે પહેલાં મારા ત્રણે પુત્રોને તો માર્યા છે, પણ એટલાથી તે સંતોષ પામ્યો નથી. તો હવે તે પૂજ્ય માતાને પણ અનર્થ કરશે. તો હવે તે અટકાવું.' એમ વિચારી ચુલનીપિતાએ કલબલાટ કર્યો. એટલે દેવ અદશ્ય થઈ ગયો. કઢાઈ વગેરે માયા પણ સંકેલી લીધી. એનો કલબલાટ સાંભળીને એની માતા કે જે આવાસમાં સૂતી હતી તે ચુલનીપિતા પાસે આવીને કહેવા લાગી : 'તેં શા માટે કલબલાટ કર્યો ?' ચુલનીપિતાએ કહ્યું : 'કોઈ દુષ્ટ દેવતાએ મારા ત્રણે પુત્રોનો વધ કર્યો છે. અને તેણે તને પણ અનર્થ કરવા માંડ્યો, તે જોઈ મેં કકળાટ કર્યો હતો. ભદ્રા માતાએ કહ્યું : 'કોઈ મિથ્યાત્વી દેવતાએ તને વિચલિત કરવા આવી માયા કરી લાગે છે. તેં જે કકળાટ કર્યો તેથી પૌષધવ્રતનો ભંગ કર્યો છે. તો દેવની ક્ષમા માગી લે. ત્રણે પુત્રો એના સ્થાને સ્વસ્થ છે. મને પણ કોઈએ કાંઈ અનર્થ કર્યો નથી. તે દેવતાએ તને ક્ષોભ પમાડવા માટે આવી બીક બતાવી હતી.' એટલે ચુલનીપિતાએ 'મિથ્યામિદુક્કડમ્' કહીને પોતાનું પોષધવ્રત પાળ્યું. પછી એણે શ્રાવકની અગિયાર પ્રતિમા આરાધી. બાદમાં સંલેખના કરી અનશન કરી મૃત્યુ પામી સૌધર્મ દેવલોકમાં અરુણપ્રત વિમાનમાં બે પલ્યોપમ આયુષ્યવાળો દેવ થયો.

ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય થઈ ચારિત્ર પાળી તે મોક્ષમાં જશે. એકાવતારી થશે. ચુલનીપિતાએ પોતાના ત્રણે પુત્રોનો વધ થયેલો જોઈને પોષધવ્રતનો ભંગ ન કર્યો તે વાત ગાઢ મહત્ત્વની છે.

આધાર : સોમસુંદરસૂરિકૃત ચુલનીપિતા શ્રાવકની કથા, પ્રાચીન ગુજરાતી ગદ્યસંદર્ભ.

અર્જુન માલી કથાનક

ભરતક્ષેત્રની રાજગૃહી નગરીમાં રાજા શ્રેણિક રાજા રાજ્ય કરતો હતો. નગર સમીપ આવેલા ઉદ્યાનમાં મુદ્‌ગર યક્ષની મૂર્તિ હતી, જેની સેવા તે ઉદ્યાનનો માલી અર્જુન કરતો હતો. તે અર્જુનની અત્યંત સ્વરૂપવાન એવી બંધુમતી નામની પત્ની હતી. હવે એકવાર અર્જુન અને એની પત્ની ઉદ્યાનમાં હતાં તે વખતે છ નર ત્યાં આવ્યા. તે બંધુમતીનું અપૂર્વ રૂપ જોઈ મોહી પડ્યા. તેમણે અર્જુન માલીને બાંધી, બંધુમતી સાથે ભોગવિલાસ માણ્યો. આ સમયે અર્જુને મુદ્‌ગર યક્ષનું ચિત્તમાં સ્મરણ કરી કહ્યું કે 'હે યક્ષ, તમે આજ મારી સેવકની સહાય કરજો.' આ સાંભળી યક્ષ અર્જુન માલીના દેહમાં પ્રવેશ્યો. એટલે અર્જુન માલી દોરડાનું બંધન તોડી દોડ્યો અને પેલા છ નર અને બંધુમતી નારીની હત્યા કરી નાંખી. આ પછી અર્જુન માલીએ દરરોજના છ નર અને એક નારી એમ એક હજાર અને બસો સાઠ લોકોની હત્યા કરી. આ વાત નગરમાં પ્રસરી ગઈ એટલે લોકો અર્જુન માલીથી ડરીને બહાર નીકળતા નહીં.

એક વખત રાજગૃહીના ઉદ્યાનમાં મહાવીર સ્વામી પધાર્યા. આ જાણી શેઠ સુદર્શન એમને વંદન કરવા ચાલી નીકળ્યો.

એને જોઈ યક્ષ એને હણવા દોડ્યો. આ જોઈ શેઠે મનમાં પ્રતિજ્ઞા કરી કે 'આ ઉપસર્ગ-વિઘ્નમાંથી હું જો બચી જઈશ તો હું જીવન-પર્યંત દરરોજ ચોવિહાર કરીશ. એમ કહી તે નવકાર મંત્ર જાપ કરતો ધ્યાન ધરવા લાગ્યો. યક્ષ હણવા ધસી આવ્યો. પણ ધર્મના પ્રભાવે તેના હાથ આકાશમાં થંભી ગયા. એટલે યક્ષ અર્જુનના દેહમાંથી નીકળી નાસી ગયો. આ બાજુ અર્જુનનો દેહ જમીન પર પડી ગયો. થોડીવારે ચેતન આવતાં તેણે શેઠ સુદર્શનને તે ક્યાં જાય છે તેમ પૂછતાં તેમણે પોતે મહાવીર ભગવાનને વંદન કરવા જાય છે એમ જણાવ્યું. આ જાણી અર્જુન પણ ભગવાનને વંદન કરવા એમની સાથે ગયો. ભગવાનની વાણી સાંભળી અર્જુનને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને તેણે ચારિત્ર ગ્રહણ કર્યું. પછી પોતે પૂર્વે યક્ષરૂપે કરેલા કર્મને ખપાવવા તે રાજગૃહીમાં જ રહ્યો. યક્ષરૂપે અર્જુને જે જે લોકોને માર્યા હતા તેનું વૈર વાળવા લોકોએ એને થપાટ, પાટુ અને મુઠ્ઠી વડે તેમજ લાઠીથી માર માર્યો. પણ સાધુ અર્જુને તો એને 'તારાં કર્યાં તું ભોગવે છે' એવો વિચાર કરી સહન કર્યાં. પછી એમ ધ્યાન કરતાં એને કેવલજ્ઞાન થયું અને મોક્ષ પામ્યો.

આધાર : કવિયણકૃત અર્જુન માલી સજ્ઝાય, આનંદ-કાવ્યમહોદધિ : મુક્તક ૫, સંપાદક : જીવણચંદ સાકરચંદ ઝવેરી, મુંબઈ-૧૯૧૬.

મૃગાંકલેખા કથા

ઉજ્જૈની નગરીમાં અજિતસેન રાજા. મતિસાર મંત્રી. આ નગરીના ધનસાર નામના શ્રેષ્ઠીને રૂપ, ગુણ, અને વિદ્યામાં બધી રીતે સંપૂર્ણ એવી મૃગાંકલેખા નામે પુત્રી હતી. આ શ્રેષ્ઠીપુત્રી જિનધર્મમાં શ્રદ્ધા રાખનારી હતી.

એક દિવસ સાગરચંદ્ર નામનો એક શ્રેષ્ઠીપુત્ર ત્યાં આવી પહોંચ્યો. મૃગાંકલેખાનું અપૂર્વ રૂપ જોઈને તે એના રૂપ પર મોહી પડ્યો. માતાપિતાની સંમતિથી એમનાં લગ્ન લેવાયાં. પણ ત્યાં અચાનક જ મૃગાંકલેખા અને તેની સખીઓની ગુપ્ત વાતચીત સાંભળી સાગરચંદ્રના મનમાં કાંઈક ગેરસમજ થઈ અને તે મૃગાંક-લેખાને મારી નાંખવા તૈયાર થયો. પણ મિત્રની સમજાવટથી હત્યા કરતો નથી, પણ લગ્ન પછી એને બોલાવતો નથી.

મૃગાંકલેખા આમ સાસરામાં અવગણના સહન કરતી રહેતી હતી અને ધર્મધ્યાન કરતી હતી. દરમ્યાન રાજમાન મેળવી સાગરચંદ્ર પાછો ફર્યો. ધર્મપ્રભાવે મૃગાંકલેખા સાગરચંદ્રને મળે છે. બે વચ્ચે થયેલ દેહમિલનની કોઈને ખબર નથી હોતી. સાગરચંદ્રને તરત પરદેશ જવું પડ્યું અને તે દરમ્યાન મૃગાંકલેખાને ગર્ભ રહ્યો. આ વાતની ખબર પડતાં કુટુંબીજનોએ એને અસતી જાણી કાઢી મૂકી. અનેક મુશ્કેલીઓ વેઠતી વનમાં ભટકતી મૃગાંકલેખાએ વનમાં પુત્રને જન્મ આપ્યો. મૃગાંકલેખા સરોવરમાં નાહવા પડી એટલામાં એનો પુત્ર ગુમ થઈ ગયો. પુત્રની શોધમાં ભમતી મૃગાંકલેખા એક ગોવાલણીને ત્યાં જઈ ચઢી. પછી કામાંધ શેઠના હાથમાં સપડાય છે. શેઠાણીને શેઠની દાનતની ખબર પડતાં તે મૃગાંકલેખાને પોતાના ઘરમાંથી હાંકી કાઢે છે. આમ એનું શીલ ખંડિત થતું નથી. આ પછી તે એક ગણિકાના હાથમાં સપડાય છે અને હેરાન થાય છે. ગાંડપણનો ઢોંગ કરી તે અહીં પણ પોતાનું શીલ ખંડિત થવા દેતી નથી.

મૃગાંકલેખાનો પુત્ર એક વેપારીને મળે છે. અને તે એને પોતાનો પુત્ર માની સારી રીતે ઉછેરે છે. યુવાન વયમાં આવતાં તે એને પરણાવે છે. પણ પછી શેઠાણીને 'આ મારો પુત્ર નથી' એવા પરાયાપણાનો ભાવ જાગે છે અને શા માટે આવાં લાડ-માનપાન એને આપવાં જોઈએ ? એમ શેઠાણી વિચારે છે. એટલે શેઠાણી એને મારી નાંખવાની પેરવી કરે છે. શેઠને આ વાતની ખબર પડે છે. તે પેલા કુમારને ખૂબ ધન આપી સાથે ખૂબ પરિવાર આપી, પોતાને તે કેવી રીતે મળ્યો હતો એ વાત કહી વિદાય કરે છે અને માબાપને શોધવા મોકલે છે.

આ બાજુ પાછો ફરીને સાગરચંદ્ર મૃગાંકલેખાની વીતકકથા જાણી દુઃખી થાય છે અને તેની શોધમાં નીકળી પડે છે. મૃગાંકલેખા નહીં મળે તો દીક્ષા લઈશ એવો નિશ્ચય કરે છે. ઘણી શોધ પછી પણ મૃગાંકલેખા ન મળતાં તે આપઘાત કરવાનો વિચાર કરતો હોય છે ત્યાં તેને મૃગાંકલેખાનો પત્તો મળે છે. છેવટે સાગરચંદ્રને મૃગાંકલેખા અને પુત્રનો મેળાપ થાય છે.

અનેક વર્ષો સુખ ભોગવી સાગરચંદ્ર એકવાર એક કેવળી પાસે પૂર્વજન્મ જાણી સંસારની અસારતા જાણી દીક્ષા લે છે.

આધાર : મધ્યકાલીન રાસ સાહિત્ય, ભારતી વૈદ્ય, મુંબઈ-૧૯૬૬.

પંચ પંડવચરિત્ર કથા

આદિજિનેશ્વરના પુત્ર કુરુનરેન્દ્રના પુત્રે અમરપુરી જેવું હસ્તિનાપુર નગર વસાવ્યું. તે નગરમાં શાંતિનાથ જિનેશ્વર થઈ ગયા. તેમના કુળમાં મહાબળવાન અને દાનવીર એવો રાજા શાન્તનુ થઈ ગયો. તે શિકારનો ખૂબ શોખીન હતો. એકવાર તે શિકાર કરવા વનમાં ગયો હતો. ત્યારે શાન્તનુ રાજા વનમાં ઘણો દૂર નીકળી ગયો. ત્યાં ગંગાકિનારે એક મણિમય મહેલમાં જહ્નુ રાજાની પુત્રીનો મેળાપ થયો. પછી એની સાથે વાતચીત કર્યા બાદ તેને તે પરણ્યો અને ઘેર આવ્યો. પછી તે સ્ત્રીએ એક પુત્રને જન્મ આપ્યો જેનું નામ 'ગાંગેય' પાડવામાં આવ્યું. તે સર્વ કલામાં નિપુણ થયો.

ગંગાએ રાજા શાન્તનુને શિકારની લત છોડાવવા ઘણા પ્રયત્ન કર્યા, પણ રાજા ન માન્યો. આખરે શાન્તનુના શિકાર-

શોખથી તંગ આવી ગયેલી ગંગા પુત્રને લઈ પિયર ચાલી ગઈ. આમ ને આમ ચોવીસ વર્ષ પૂર્ણ થયાં.

એક સમયે શિકાર કરતો કરતો રાજા શાન્તનુ ગંગાતટે આવી પહોંચ્યો. ત્યાં એમની સામે બે ખભે બે ભાથાં અને હાથમાં ધનુષ્ય લઈ એક વીર બાળક આવ્યો અને પોતે વનનો રખેવાળ હોઈ રાજાને વિનંતિ કરી કે તે વનના લોકોને હેરાન ન કરે. પણ રાજાએ એના વચનની અવગણના કરી. અંતે તે બાળક અને રાજા વચ્ચે યુદ્ધ થયું. યુદ્ધની વાત જાણતાંવેંત જ તે બાળકની માતા ગંગા આવી અને પિતાપુત્રની પરસ્પર ઓળખાણ કરાવી. રાજાએ ગંગાને પાછી મહેલે આવવા વિનંતી કરી. ગંગા ગઈ નહીં, પણ પુત્રને રાજા સાથે મોકલ્યો.

એક દિવસ રાજા શાન્તનુએ જમના તટે રૂપાળી બાળાને જોઈ. ત્યાં રહેલા હોડીવાલાને તે બાલિકા કોણ છે એમ પૂછ્યું. અને તેણે એના હાથની માંગણી કરી. હોડીવાલો તેનો અસ્વીકાર કરે છે. કારણમાં એ કહે છે કે તમારા ગંગાપુત્રને રાજ્ય મળે ત્યારે તેની પુત્રી અને બાળકો દુઃખી થાય એવી શંકા વ્યક્ત કરી. રાજાની આ વાત જાણી ગાંગેય હોડીવાલાને મળે છે. પોતે આજન્મ લગ્ન નહિ કરે કે રાજ્ય નહીં સ્વીકારે તેવી પ્રતિજ્ઞા કરી.

આ પછી અત્રે રત્નપુરના રાજા રત્નશેખર વિદ્યાધરને ત્યાં પુત્રી જન્મી, જેને વિદ્યાધરે જન્મતાં એને જમનાતટે ત્યજી દીધી. 'આ શાન્તનુની સત્યવતી નામે પત્ની થશે' એવી ભવિષ્યવાણી સાંભળી ત્યાં રહેલો હોડીવાલો તેને પોતાના ઘેર લઈ ગયો.

હસ્તિનાપુરમાં રાજા શાન્તનુને ગંગા અને સત્યવતી નામે બે રાણીઓથી અનુક્રમે ગંગાથી ગાંગેય અને સત્યવતીથી બે પુત્રો થયા જેમાંનો એક બાળપણમાં મરણ પામ્યો. શાન્તનુ રાજાનું મૃત્યુ થતાં ગંગાપુત્ર ગાંગેયે બીજા કુમાર વિચિત્રવીર્યને હસ્તિનાપુરની ગાદીએ બેસાડ્યો. કાશીશ્વરની ત્રણ કન્યાઓ અંબા, અંબાલા અને અંબિકાનું અપહરણ કરી લાવી એની સાથે પરણાવી. એના ફળ રૂપ અંબિકાને ધૃતરાષ્ટ્ર, અંબાલાને પાંડુ અને અંબાને વિદુર-પુત્ર થયા. એમાં પાંડુને રાજા બનાવવામાં આવ્યો.

સોરીપુરના રાજાની પુત્રી કુંતાનું છબીમાં આલેખાયેલું રૂપ જોઈ પાંડુ રાજાને તેના પ્રત્યે મોહ ઉત્પન્ન થયો. આ પાંડુની છબી આપવા ગયેલા પુરુષ પાસેથી પાંડુ અંગે જાણ્યું. કુંતા પણ પાંડુ રાજાને માટે વ્યાકુળ બની ગઈ અને ગળે ફાંસો ખાવા તૈયાર થઈ ગઈ. પણ એટલામાં મુદ્રાના પ્રભાવથી પાંડુ રાજા જ ત્યાં આવી પહોંચ્યો. પછી બંનેનાં ગુપ્તપણે લગ્ન થયાં જેના પરિણામે કુંતીને એક પુત્ર થયો. પણ હજી લગ્ન ગુપ્ત હોઈ કુંતીએ આ પુત્રને કેટલાંક રત્નો સાથે એક પેટીમાં મૂકી નદીમાં વહેતો મૂકી દીધો. પાછળથી કુંતીના પિતા અંધકવિષ્ણુએ પુત્રીનું મન પાંડુમાં આસક્ત જાણી તેને પાંડુ સાથે પરણાવી. ગાંધાર દેશના રાજાએ તેની સૌથી મોટી પુત્રી ગાંધારીને કુલદેવતાના આદેશથી ધૃતરાષ્ટ્રને પરણાવી. દેવક નરપતિએ પોતાની પુત્રી કુમુદિનીને વિદુર જોડે પરણાવી અને મદ્ર દેશના રાજાએ પોતાની પુત્રી માદ્રીને પાંડુ સાથે પરણાવી.

કેટલાક કાલ બાદ ગાંધારીએ ગર્ભધારણ કર્યો અને તેને ખરાબ દોહદ થવા લાગ્યા.

પુણ્યપ્રભાવે કુંતીએ પહેલાં પાંચ પુત્રોને જન્મ આપ્યો. પાંચે શુભ સ્વપ્નથી સૂચન મળ્યા અનુસાર કુંતીના પાંચે પુત્રો સારાં લક્ષણવાળા થયા. બાદમાં ગાંધારીએ સો પુત્રોને જન્મ આપ્યો. ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાં સૌથી મોટો પુત્ર દુર્યોધન. તે પાંડવો વિરુદ્ધ પ્રપંચ કર્યા કરતો. પાંડવોમાં બલવાન ભીમ કૌરવોને રંજાડતો. વય પ્રાપ્ત થતાં તેઓ કૃપા ગુરુને ત્યાં ભણવા લાગ્યા. દરમ્યાન એમને બાણવિદ્યા માટે દ્રોણ ગુરુ મળ્યા. આ રાજકુમારોમાં અર્જુન અને કર્ણ બે વીર હતા.

એક દિવસ ગુરુ દ્રોણ દુર્યોધન વગેરે કૌરવ અને યુધિષ્ઠિર વગેરે પાંડવોને વનમાં લઈ ગયા અને ત્યાં તેમની ધનુર્વિદ્યાની પરીક્ષા કરી. આ પરીક્ષામાં અર્જુન સર્વશ્રેષ્ઠ તરીકે પુરવાર થયો. દ્રોણે પ્રસન્ન થઈ અર્જુનને રાધવેધની વિશિષ્ટ વિદ્યા આપી.

એક દિવસ ગુરુ દ્રોણ પોતાના બધા શિષ્યો રાજકુમારોને લઈ નદીએ નાહવા ગયા. દ્રોણ ગુરુ નાહતા હતા ત્યાં દ્રોણનો પગ કોઈ જલચર જીવે પકડ્યો. દ્રોણે મોટી બૂમો પાડવા માંડી. તેમને બચાવવા કોઈ રાજકુમાર ન દોડ્યો, પણ અર્જુન દોડ્યો એટલે ગુરુ તેના પર પ્રસન્ન થયા.

એક વખતે ગુરુએ રાજાને નવો અખાડો બનાવવા વિનંતિ કરી. તે પ્રમાણે આ નવા અખાડામાં દુર્યોધન અને ભીમ વચ્ચે ગદાયુદ્ધ થયું. તે પછી અર્જુન અને કર્ણ વચ્ચે બાણયુદ્ધ થયું. પછી અર્જુને કર્ણને અકુલીન કહ્યો અને પોતાના જેવા કુલવાન સાથે તેણે યુદ્ધ કરવું ન જોઈએ. પણ તે વખતે દુર્યોધને કહ્યું : 'વીરતા પ્રમાણે જ કુળને જાણવું જોઈએ.' આ સમયે સારથિ અતિરથ આવી કહે છે કે 'મને તો ગંગામાં વહેતી આવેલી રત્નમંજૂષામાંથી આ કર્ણ કુંડલ સહિત મળી આવ્યો હતો. એટલે તે નીચ છે એમ નથી.' આ સાંભળીને પણ કુંતી પોતે જ એની માતા છે તે સાચી વાત કહેતી નથી. પાંડવો તરફના વેરને કારણે દુર્યોધન કર્ણને રાજ્ય આપી રાજા બનાવે છે.

એક દિવસ એક દૂતે આવીને દ્રુપદ રાજાની કુંવરીના સ્વયંવરમાં આવવાનું સહુને નિમંત્રણ આપ્યું.

પાંડુ રાજા પોતાના પાંચે કુંવરને લઈને સ્વયંવરમાં જવા નીકળ્યા. પાંડુને લેવા રાજા દ્રુપદ વાજિંત્રોના નાદ સહિત સામે આવ્યા. પછી રાજસભામાં ગયા. દ્રોપદી રાજસભામાં આવી. અર્જુને રાધવેધ કર્યો અને દ્રોપદીએ એને વરમાળા પહેરાવી. પણ

તે માળા પાંચે ભાઈઓના ગળામાં એકસાથે દેખાઈ. આથી યુધિષ્ઠિર શરમાઈ ગયો. ત્યાં એક ચારણ મુનિએ આવીને કહ્યું કે 'ગયા જન્મે તપ કરીને આ સ્ત્રીએ પાંચ પુરુષ ઇચ્છ્યા હતા.' પછી પાંચે પાંડવોનાં દ્રૌપદી સાથે લગ્ન થયાં.

લગ્ન પછી બધાં હસ્તિનાપુર આવ્યાં. નારદ મુનિએ બધા ભાઈઓ માટે દ્રૌપદી સાથે રહેવાનો સમય નક્કી કરી આપ્યો. એક વખત અર્જુને આ શરત-ધર્મનું ઉલ્લંઘન કર્યું. તેથી શરત પ્રમાણે તેને બાર વર્ષ વનવાસ વેઠવો પડ્યો. તે વખતે તે વૈતાઢ્ય પર્વત પર ગયો અને ત્યાં રહેલા નાભિમલ્હારને પ્રણામ કર્યા. મણિચૂડને રાજ્ય અપાવી તેના પર ઉપકાર કર્યો અને અઠ્ઠાવન તીર્થોની યાત્રા કરી. બાર વર્ષે અર્જુન પાછો હસ્તિનાપુર આવ્યો. મણિચૂડના મિત્રની બેનનું એક રાજા અપહરણ કરી જતો હતો ત્યારે એમાંથી બચાવી તેને તે હેમાંગદને આપી આવ્યો.

પાંડુ રાજાએ યુધિષ્ઠિરને ગાદીએ બેસાડ્યો. પાંડવોએ વિજય કરી બધા રાજવીઓને વશ કર્યા અને મણિચૂડ પાસે સભામંડપ બંધાવી અને એમાં રાજસભાનું આયોજન કર્યું. તેમના આમંત્રણથી કૃષ્ણ અને દુર્યોધન ત્યાં આવ્યા. આ પ્રસંગે પાંડવોએ દાન આપ્યું, બિમ્બ-પ્રતિષ્ઠા કરાવી. સભામાં દુર્યોધન સામે જોઈને કૃષ્ણે હાસ્ય કર્યું. આથી ગુસ્સે થયેલા દુર્યોધને કૂડ-પ્રપંચ કરી યુધિષ્ઠિરને જુગાર રમવા તેડાવ્યો. વિદુરે આમ ન કરવા જણાવ્યું. પરંતુ વિદુરનું વચન ન માનતાં જુગાર રમવા ગયેલા યુધિષ્ઠિરે સર્વસ્વ ગુમાવ્યું. દ્રૌપદીને પણ હારી ગયો. દ્રૌપદીના કેશ પકડી દુઃશાસન તેને રાજ્યસભામાં ઘસડી લાવ્યો. એને અપમાનિત કરવામાં આવી. દુર્યોધને તેને પોતાના ખોળામાં બેસવા બોલાવી... ગુસ્સે થયેલી દ્રૌપદીએ શાપ આપ્યો. દુઃશાસને દ્રૌપદીનાં ચીર ખેંચીને એને નગ્ન કરવાનો પ્રયત્ન કર્યો. આવું બનતાં ગાંગેય દુર્યોધનનો ત્યાગ કરી ગયા. જુગારમાં હારેલા પાંડવોએ બાર વર્ષ વનવાસમાં રહેવું અને તેરમા વર્ષે ગુમપણે ફરવું એમ નક્કી કરવામાં આવ્યું. આ પ્રમાણે દ્રૌપદી સાથે પાંડવો વનમાં ગયા.

પાંડવો માતા-પિતાની રજા લઈ વનમાં જવા નીકળ્યા. સત્યવતી, અંબા, અંબાલિકા, અંબિકા તેમને વળાવવા ગયાં. પાંચાળીને ડરાવનાર કીરમીર દાનવને ભીમે યુદ્ધ કરી હણી નાંખ્યો. દ્રૌપદીનો ભાઈ પાંડવોને પોતાને દેશ લઈ ગયો. પુરોચન નામે દુર્યોધનનો પુરોહિત ત્યાં આવ્યો અને હવે દુર્યોધનને પસ્તાવો થયો છે અને તેમને વારણાવર્તના મહેલમાં રહેવા વિનંતી કરી છે એમ કહ્યું. તેથી પાંડવો વારણાવર્ત મહેલમાં રહેવા ગયા. વિદૂરને દુર્યોધનના પ્રપંચની ખબર પડી ગઈ એટલે તેણે વારણાવર્તના લાક્ષાગૃહ અંગેની સાચી બાબત પાંડવોને ગુમપણે જણાવી દીધી અને લાક્ષાગૃહમાંથી બહાર નીકળી જવાય એવી સુરંગ ખોદાવી. રાત્રિ દરમ્યાન પાંડવો પેલી સુરંગ વાટે લાક્ષાગૃહ છોડી ચાલ્યા ગયા. લાક્ષાગૃહને આગ લગાડવામાં આવી પણ આ લાક્ષાગૃહની આગમાં પાંચ પુત્રો અને એક પુત્રવધૂ સહિત કોઈ અન્ય વૃદ્ધ જ બળી મર્યો હોય છે.

આ બાજુ સુરંગ વાટે નાસી છૂટેલા પાંડવો કુંતી અને દ્રૌપદી સાથે રાત્રિ દરમ્યાન બીતા ફફડતા આગળ વધ્યા. બધાં થાકી જતાં ભીમે તેમને ખભે ઊચકી લીધાં. એટલામાં એમને તરસ લાગી. ભીમ એમને માટે પાણીની શોધ કરવા નીકળ્યો. એટલામાં તેને એક સુંદર બાલા દેખાઈ, જે પહેલાં તો વિકરાળરૂપે હતી. આ બાલા તે રાક્ષસી હિડંબા હતી. તે ભીમને મળી અને કહેવા લાગી કે મારા પિતા હિડંબને માણસની વાસ આવતાં તેમણે મને માણસો લાવવા મોકલી છે. ભીમને તે હાથ જોડીને વિનંતી કરવા લાગી કે 'તું મને પરણ' અને વધુમાં તેણે કહ્યું કે 'તે એમના વનવાસ દરમ્યાન મદદરૂપ થશે'. એટલામાં હિડંબ રાક્ષસ ત્યાં આવ્યો. ભીમ અને હિડંબ વચ્ચે યુદ્ધ થયું અને ભીમે તેને મારી નાંખ્યો.

પછી હિડંબા પાંડવો સાથે ગઈ. દ્રૌપદી અને કુંતીને પોતાના ખભા પર લઈને માર્ગમાં આગળ વધવા માંડી.ત્યાં એક અવસરે પાંડવો વનમાં ભૂલા પડ્યા.

હિડંબા સાથે ભીમનાં લગ્ન થયાં. હિડંબા પાંડવો, દ્રૌપદી અને કુન્તીની સેવા કરતી. તેમની સાથે જ વનમાં ભમતી. પાંડવો એકચક્રપુરમાં દેવશર્મન બ્રાહ્મણના ઘેર બ્રાહ્મણ વેશે રહ્યા, ત્યારે હિડંબા પોતાને ઘેર જવા નીકળી અને પોતાનું સ્મરણ કરે ત્યારે ત્યાં હાજર રહેવાની સૂચના કરી. એક દિવસ બ્રાહ્મણના ઘેર રોકકળ થઈ. તેના પરથી પાંડવોને લંકાસુરની વાત જાણવા મળી. તે લંકાસુર દરરોજ અનેક નગરજનોનો વધ કરતો હતો. તે પછી રોજ એક માણસ પૂરો પાડવાની રાજાએ તેને કબૂલાત આપી હતી તે પ્રમાણે દરરોજ વારા પ્રમાણે એક નગરજન તેને પૂરો પાડવામાં આવતો. તે દિવસે દેવશર્માના ઘરનો વારો હતો. દેવશર્માના ઘરના વારામાં ભીમ લંકાસુર પાસે ગયો અને તેનો વધ કરી આવ્યો. આ વાતની દુર્યોધનને ખબર પડી અને જે વનમાં ઝૂંપડી બાંધીને પાંડવો રહેતા હતા ત્યાં પોતાનો પ્રિયવદ નામનો દૂત મોકલ્યો. આ વાતની વિદૂરને ખબર પડી ગઈ. તેણે અગાઉથી પાંડવોને આ વાત અંગે ચેતવી દીધા. દૂતની વાત જાણી દ્રૌપદી ગુસ્સે થઈ. યુધિષ્ઠિરે એને અવધિ પૂરી થતાં સુધી વાટ જોવા, શાંતિ રાખવાનું કહ્યું. દૂતના કહેવા પ્રમાણે યુધિષ્ઠિર ગંધમાદન પર્વત પર ગયો. અર્જુન ઇન્દ્રકીલ પર્વત પર ચઢ્યો અને બેઠો. તેની વનરાઈ જોવાથી એને બધી વિદ્યા સિદ્ધ થઈ. એટલામાં એક સૂવર તેના તરફ ધસી આવ્યો.

અર્જુન અને સૂવર વચ્ચે યુદ્ધ થયું. છેવટે પોતાના અસલ સ્વરૂપે પ્રગટ થઈ અર્જુનને વરદાન માગવા કહ્યું. આ પછી અર્જુન તેની પાસેથી ઇન્દ્રનો નાનો ભાઈ વિદ્યુન્માલી રોષે ભરાઈને રાક્ષસો સાથે ભળ્યો હોઈ અને એ રાક્ષસોને હરાવવાના છે એમ જાણી

દાનવો સાથે લડવા ગયો. અર્જુને તેમને હરાવ્યા. એટલે ખુશ થઈને ઇન્દ્રે તેને કવચ, મુકુટ અને શસ્ત્ર આપ્યાં અને ચિત્રાંગદે ધનુર્વેદ આપ્યો. પછી તે પાંડવોની પાસે આવ્યો. આ સમય દરમ્યાન આકાશમાંથી એક સુવર્ણકમલ પડ્યું. આ કમલ જોઈ દ્રૌપદીને આવા કમલની ઇચ્છા થઈ. તે મેળવવા ભીમ વનેવને ફર્યો. ભીમને વાર લાગી એટલે યુધિષ્ઠિરે હિડંબાનું સ્મરણ કર્યું. હિડંબા તેમને ભીમ પાસે લઈ ગઈ. પાંડવોએ ભીમ-હિડંબાના પુત્ર ઘટોત્કચને રમાડ્યો. હિડંબા પાછી ગઈ. ત્યાં એક આશ્ચર્ય થયું. દ્રૌપદીના કહેવાથી ભીમ સરોવરમાં પેઠો. પણ તે પાછો બહાર આવ્યો નહીં. એટલે એક પછી એક ભાઈ તેની પાછળ સરોવરમાં પેઠા. પણ કોઈ ભાઈ પાછા આવતા નથી. એટલે કુંતી અને દ્રૌપદી નવકાર મંત્રનું સ્મરણ કરતાં ધ્યાનમાં બેઠાં. બીજે દિવસે પાંચે પાંડવો એક પુરુષ સાથે ત્યાં આવી પહોંચ્યા. તે પુરુષ પોતાની સાથે સુવર્ણકમલ લાવેલો હતો.

ઇન્દ્રના આદેશથી નાગપાશ છોડી નાગરાજે પાંડવોને રાજ્ય, દ્રૌપદી માટે હાર અને કમલ આપ્યાં. વળી તેમને પાંચ વિદ્યા સિદ્ધ થાય છે.

છઠ્ઠા વર્ષે દ્વૈતવનમાં જાય છે. ત્યાં દુર્યોધનની પત્ની રોતી રોતી આવે છે. તેની વાત સાંભળી યુધિષ્ઠિરે આજ્ઞા કરવાથી અર્જુન દુર્યોધનને ચિત્રાંગદ પાસેથી છોડાવે છે.

ચિત્રાંગદ પાસેથી દુર્યોધનને છોડાવી અર્જુન તેને યુધિષ્ઠિર પાસે લાવે છે. કુશળ સમાચારની પૂછપરછ પછી દુર્યોધન પાછો જાય છે. પણ જયદ્રથ પાછો આવે છે. કપટી તે દ્રૌપદીનું અપહરણ કરી ભાગે છે. ભીમ, અર્જુન તેની પાછળ પડે છે અને તેના સૈન્યને હરાવી દ્રૌપદીને પાછી મેળવે છે.

આ બાજુ નગરમાં જઈ દુર્યોધન ઢંઢેરો પિટાવે છે કે જે કોઈ પાંડવોનો વિનાશ કરશે તેને ઇનામ આપવામાં આવશે. પુરોહિતનો પુત્ર કૃત્યાથી પાંડવોને મારવાનો પ્રયાસ કરે છે, પણ નારદ ઋષિની સલાહથી પાંડવો ધ્યાનમાં બેઠા હોય છે. એટલે કૃત્યાથી કાંઈ કરી શકાતું નથી. સાત દિવસ પછી આખું સૈન્ય આવે છે પણ પાંડવો તેનો સામનો કરે છે.

પાંડવો માસખમણનાં પારણાં કરવાના હોય છે ત્યાં એક મુનિ આવે છે. પાંડવો તેને અતિથિદાન દે છે ત્યારે આકાશવાણી થાય છે કે 'વનવાસનું ૧૩મું વર્ષ મત્સ્યદેશમાં ગાળો.' પાંચે પાંડવો, બ્રાહ્મણ, રસોઈયા, નૃત્યશિક્ષક, અશ્વસંધિ જેવા જુદા જુદા વેશ ધારણ કરી રહે છે. ત્યાં કીચકને મારે છે, ગાયોનું હરણ થતું અટકાવે છે અને ૧૩મા વર્ષના અંતે તે દેશની કુંવરી ઉત્તરા અભિમન્યુને પરણે છે.

કૃષ્ણ દૂતકાર્ય માટે જઈ દુર્યોધનને વનવાસનો અવધિ પૂરો કરી આવેલા પાંડવોને પાંચ નગર જ આપવાનું કહે છે. પણ દુર્યોધન તેમ કરવાનો ઇન્કાર કરે છે. કૃષ્ણ તેને પાંડવોના બળની તેમજ તેમણે કરેલા ઉપકારની યાદ આપે છે પણ દુર્યોધન અચલ રહે છે. આના પરિણામે બંને પક્ષ વચ્ચે યુદ્ધનો પ્રસંગ ઊભો થાય છે. ગાંગેય પણ દુર્યોધન તેનું કહ્યું માનતો નથી એમ કહે છે. કુંતી ગુપ્ત રૂપે કર્ણને મળે છે અને યુદ્ધમાં કૌરવો સાથે ન ભળવાનું કહે છે પરંતુ કર્ણ દુર્યોધનનો પક્ષ છોડવાનો ઇન્કાર કરે છે. કૃષ્ણ યુદ્ધમાં અર્જુનનું સારથિપદ લેવાની જાહેરાત કરે છે.

વિદૂર વ્રત લઈ વનમાં જાય છે. શ્રીકૃષ્ણ દ્વારિકા જાય છે. બન્ને પક્ષે યુદ્ધની તૈયારી થાય છે અને જબરું યુદ્ધ થાય છે. તેમાં બન્ને પક્ષે ગાંગેય, દ્રોણ, અભિમન્યુ, જયદ્રથ, ભગદત્ત, કર્ણ વગેરે અનેક યોદ્ધા મરે છે. યુદ્ધના અંતે દુર્યોધન સરોવરમાં સંતાયો હોય છે. તેને બહાર કાઢી ભીમ હરાવે છે. અશ્વત્થામા, કૃપ, કૃતવર્મા રાત્રે પાંડવોના પુત્રોની હત્યા કરે છે, શિખંડીને મારે છે. **કૃષ્ણ બધાને બોધ કરી સાંત્વન કરે છે. યુદ્ધના અંતે બધા લોકો હસ્તિનાપુર આવે છે.**

પાંડવોને નેમિ જિનેશ્વરના વ્યાખ્યાનથી કેવળજ્ઞાન થાય છે અને તેઓ દીક્ષા લઈ, પરીક્ષિતને રાજ્ય આપે છે.

આધાર : શાલિભદ્રસૂરિકૃત, પંચપાંડવ રાસ, ગૂર્જર રાસાવલી.

વસુરાજાની કથા

શક્તિમતી નગરીમાં ક્ષીરકદમ્બક નામનો ઉપાધ્યાય બ્રાહ્મણ રહેતો હતો. એની પાસે ત્રણ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. એક એ જ ઉપાધ્યાયનો પુત્ર પર્વતક, બીજો રાજા અભિચંદ્રનો પુત્ર વસુ અને ત્રીજો બ્રાહ્મણપુત્ર નારદ.

એકવાર આ ત્રણે વિદ્યાર્થીઓ અભ્યાસ કરીને થાકેલા એવા તે આવાસની અગાશીમાં સૂતા હતા. તે વખતે આકાશમાં ઊડીને જતા ચારણ શ્રમણ મહાત્માઓ વચ્ચે પરસ્પર એવી વાત થતી સંભળાઈ કે—'આ ત્રણમાંથી એક વિદ્યાર્થી મરી સ્વર્ગમાં જશે અને બીજા બે વિદ્યાર્થીઓ મૃત્યુ પામીને નરકમાં જશે.' સમીપમાં રહેલા ઉપાધ્યાય ક્ષીરકદમ્બકે આ વાતચીત સાંભળી અને તે વિચારમાં પડ્યો. એણે ત્રણે વિદ્યાર્થીઓની પરીક્ષા-કસોટી કરવાનો વિચાર કર્યો. તે માટે એણે લોટમાંથી ત્રણ કૂકડા બનાવીને તે ત્રણેને એક એક આપ્યો અને કહ્યું : 'જ્યાં કોઈ ન જુએ તેમ હોય ત્યાં આને મારી નાંખીને આવો.'

રાજપુત્ર વસુ અને ઉપાધ્યાય પુત્ર પર્વતક એ બે પોતપોતાના કૂકડાને મારી નાંખી આવી પહોંચ્યા. નારદ આખો કૂકડો લઈને પાછો આવ્યો અને ગુરુને કહેવા લાગ્યો : 'તેવું કોઈ

સ્થાનક નથી જ્યાં કોઈ ન જુવે. એ મને જુવે છે અને હું એને જોઉં છું. જ્ઞાની બધે જુવે છે. એટલે મેં કૂકડાને માર્યો નથી અને આખો કૂકડો પાછો આણ્યો છે.' આ પરથી ગુરુએ જાણ્યું કે આ દયાવાન છે એટલે સ્વર્ગમાં જશે અને મારો પુત્ર અને રાજાનો પુત્ર વસુ બન્ને નરકગામી થશે.

આ પછી વૈરાગ્ય અનુભવી ઉપાધ્યાય ક્ષીરકદમ્બકે અને રાજા અભિચંદ્રે બન્નેએ દીક્ષા લીધી. પર્વતક ઉપાધ્યાયપદે બિરાજ્યો. અનેક વિદ્યાર્થીઓ એની પાસે અભ્યાસ કરવા લાગ્યા. રાજા અભિચંદ્રની ગાદી પર એનો પુત્ર વસુ બેઠો. સત્યવાદી તરીકે લોકમાં એની ખ્યાતિ થઈ.

એક દિવસ શિકાર અર્થે ભમતા એવા એને શિકારીએ એક સ્ફટિક શિલા દેખાડી. રાજા વસુએ તે ગુપ્તપણે મંગાવી પોતાના સિંહાસન નીચે મૂકી. આમ થતાં રાજસિંહાસન જાણે આકાશમાં અધ્ધર રહ્યું હોય એમ દેખાવાથી 'રાજા વસુનું સિંહાસન સત્યના મહિમાથી અધ્ધર રહે છે' એવી વાત લોકમાં ખૂબ પ્રસિદ્ધિ પામી.

એકવાર નારદ પોતાના મિત્ર ઉપાધ્યાય પર્વતકને મળવા આવ્યો. એ વખતે પર્વતક વિદ્યાર્થીઓને ભણાવતો હતો. એમાં એણે अजैर्दृष्टव्यं એ વેદપદ અન્તર્ગત રહેલ अज અબ્દનો અર્થ 'બોકડો' એવો કર્યો અને એના થકી યજ્ઞ કરવો જોઈએ એમ કહ્યું. આ સાંભળી નારદે પર્વતકને 'अज' શબ્દનો એવો અર્થ કરતાં અટકાવ્યો અને કહ્યું કે આ સંદર્ભમાં 'अज' શબ્દનો અર્થ 'ત્રણ વર્ષનું અચિત્ત (સૂકું) ધાન્ય' એવો થાય છે એમ ગુરુએ કહ્યો હતો. પણ અભિમાની બની ગયેલા પર્વતકે તે અર્થ માન્ય ન કર્યો. આ અંગે બન્ને વચ્ચે ભારે વિવાદ થયો. પછી પર્વતક કહેવા લાગ્યો કે જે ખોટું કહેતો હશે તેની જીભ કાપી નાંખવામાં આવશે અને નક્કી કર્યું કે આ વાતના વિષયમાં સાક્ષી તરીકે વસુ રાજાને પ્રમાણભૂત માનવો, એ જે કહે તે સાચું માનવું. આ વિવાદ અંગે જાણકાર એવી પર્વતકની માતા અગાઉથી વસુ રાજા પાસે પહોંચી ગઈ અને પુત્ર પર્વતકે કરેલો અર્થ સાચો છે એમ કહે એમ એને મનાવ્યો.

બીજે દિવસે ઉપાધ્યાય પર્વતક અને નારદ બન્ને સમુદાય સહિત રાજા વસુ પાસે આવ્યા. વસુરાજે પર્વતકના વચન અંગે ખોટી સાક્ષી પુરાવી. આથી દેવતાઓ ગુસ્સે થયા અને સિંહાસન સહિત પેલી સ્ફટિક શિલા ભાંગીને ભૂકો કરી નાંખી. વસુદેવ રાજા નીચે પડી ગયો અને મૃત્યુ પામી નરકે ગયો. ગુસ્સે થયેલા દેવોએ એના આઠ પુત્રોને પણ મારી નાંખ્યા. પણ સત્યવાદી નારદની પૂજા કરી.

આધાર : સોમસુંદરસૂરિકૃત વસુરાજાની કથા, પ્રાચીન ગુજરાતી ગદ્યસંદર્ભ.

ચંદનબાલા કથા

ભરતક્ષેત્રમાં ચંપાવતીનગરી. એમાં દધિવાહન નામે રાજા. એની રાણી ધારિણી. એને એક પુત્રી જન્મે છે.

કૌસાંબી નગરીમાં શ્રેણિક નામે રાજા રાજ્ય કરતો હતો. તે એકવાર આ દધિવાહન રાજા પર લશ્કર લઈ ચઢી આવે છે. બન્નેનાં સૈન્ય વચ્ચે ખૂનખાર જંગ જામે છે. અંતે દધિવાહન રાજા ભાગી જાય છે. શ્રેણિક રાજા વિજયી થાય છે. શ્રેણિક રાજાનો એક સૈનિક દહિવાહન રાજાની રાણી અને પુત્રીને રથમાં નાંખીને ભાગી નીકળે છે. રસ્તામાં તે રાણીને પોતાની સાથે લગ્ન કરવા સમજાવે છે. પણ રાણી તો રાજા અને બીજી ચિંતાઓ કરતી કરુણ વિલાપ કરતી રસ્તામાં જ મૃત્યુ પામે છે. પેલો સૈનિક ચંદનનાં કાષ્ટ લઈ આવી તેને અગ્નિદાહ આપે છે અને રાજપુત્રીને ત્યાં જ છોડી દઈ આગળ વધે છે. એટલામાં ધનપતિ નામનો એક ગૃહસ્થ એ રસ્તેથી પસાર થાય છે. રસ્તામાં પડેલી નાની સુંદર છોકરીને જોઈ ધનપતિ તેને સાથે લઈ લે છે અને ઘેર જઈ તેને પોતાની પત્નીને સોંપે છે. તેનું નામ ચંદનબાલા પાડવામાં આવે છે.

ચંદનબાલા યૌવનવય પ્રાપ્ત કરે છે. પછી એકવાર જ્યારે ધનપતિ કોઈ કામકાજ અર્થે પરદેશ ગયો હોય છે ત્યારે શેઠાણી 'ધનપતિ હવે મને કાઢી મૂકશે અને ચંદનબાલાને પરણશે' એવો વિચાર કરીને તે ચંદનબાલાના કેશનું મુંડન કરાવી તેને ઘરના પાછલા ભાગમાં પૂરી દે છે. ત્યાં પડેલી ચંદનબાલા રોયા કરે છે. તેને લાગે છે કે પૂર્વજન્મમાં ધન ન દીધું તેને પરિણામે જ મારી આ સ્થિતિ થઈ છે. ધનપતિ પાછો આવી ચંદનબાલાને ન જોતાં એની તપાસ કરે છે. પછી એને સમગ્ર પરિસ્થિતિની જાણ થાય છે. ધનપતિ ચંદનબાલાને છોડાવે છે પણ તે આહારનો ત્યાગ કરે છે, ઉપવાસ કરે છે અને એટલામાં આવી પહોંચેલા ભગવાન મહાવીર પાસે દીક્ષા ગ્રહણ કરે છે.

આધાર : આસિગકૃત ચંદનબાલા રાસ, રાજસ્થાન ભારતી ભાગ ૪.

હરિશ્ચંદ્ર રાજાની કથા

અયોધ્યા નગરીમાં રાજા હરિશ્ચંદ્ર એના સત્યવાદીપણા માટે વિખ્યાત. એની પટરાણી સુતારા પ્રતિવ્રતા. એનો મંત્રી મતિસાગર.

રાજા એકવાર વનમાં ક્રીડા કરવા ગયો. તે વખતે એક જૈન મુનિ મહારાજનો ભેટો થયો. તે વંદણા કરવા ગયો. પછીથી મુનિનો ઉપદેશ સાંભળી તેણે સમકિત વ્રત લીધું.

એકવાર ઇંદ્રસભામાં ઇંદ્રે પૃથ્વીલોકના રાજા હરિશ્ચંદ્રના

સત્યવાદીપણાની પ્રશંસા કરી પણ એક મિથ્યાવાદી દેવ તે માનવા તૈયાર ન થયો. પૂર્વભવના વેરને કારણે તેણે તેની પરીક્ષા કરવા અને હેરાન કરવાનું નક્કી કર્યું.

તે દેવ અયોધ્યા નગરી સમીપ આવ્યો અને એક બગીચાની રચના કરી. આ બગીચામાં એક સૂવર આવીને તોફાન કરતો હતો. તે માટે એક તાપસે આવીને હરિશ્ચંદ્રને ફરિયાદ કરી અને તેનાથી બચાવ કરવા વિનંતી કરી. તે વિનંતીને માન આપી હરિશ્ચંદ્ર રાજા બગીચામાં જાય છે. રાજા સૂવરને જોઈ એને મારવા બાણ મારે છે. પણ ભૂલથી તે વચ્ચે આવી પડેલી ગર્ભવતી હરણીને વાગે છે અને તે મૃત્યુ પામે છે. આ જોઈ રાજાને ઘણો પસ્તાવો થાય છે. એટલામાં એક તાપસ ત્યાં ધસી આવે છે અને હરણી મારવા બદલ ગુસ્સે થઈને રાજાને શાપ આપવા તૈયાર થાય છે. રાજા તેને પોતાનું રાજ્ય આપી શાંત પાડે છે. એટલામાં તે તાપસનો શિષ્ય આવે છે અને એ પણ હરણી કોણે હણી એવો કકળાટ કરે છે. એને પણ રાજા એક લાખ સોનામહોર આપવાનું વચન આપી શાંત પાડે છે.

રાજા પોતાના મહેલમાં પાછો ફરે છે અને બધી વાત રાણી સુતારાને કરે છે. સુતારા રાજાને રાજ્ય ભંડારમાંથી એક લાખ સોનામહોર આપી, હરણી મારવાના પાપમાંથી છુટકારો મેળવવા જણાવે છે. પણ એટલામાં પેલો તાપસ આવી એક લાખ સોનામહોર અંગે ઉઘરાણી કરે છે. રાજા મંત્રી મતિસારને બોલાવે છે અને તેને રાજભંડારમાંથી લાખ સોનામહોર તાપસને આપવા જણાવે છે. તાપસે આનો ઇન્કાર કર્યો અને કહ્યું : 'હવે રાજ્ય તાપસને અર્પણ કર્યું છે એટલે રાજની બધી રિદ્ધિ અમારી છે. એટલે એ રિદ્ધિ પર તારો કોઈ હક્ક નથી.' રાજા હરિશ્ચંદ્રે એક લાખ રૂપિયા મહાજન પાસે ઉછીના માગ્યા. પણ મહાજને તે આપવાનો ઇન્કાર કર્યો. રાજાએ લાખ સોનામહોર આપવા માટે તાપસ પાસે એક માસની મુદત માગી.

આ પછી રાજા દેશાંતર જવા તૈયાર થયો. પટરાણી સુતારા અને પુત્ર રોહિતાશ્વ સાથે જવા તૈયાર થયાં. એટલામાં તાપસે આવીને સોનામહોર અંગે ઉઘરાણી કરી અને 'સુતારા રાજરમણી હોવાથી તેને રાજા સાથે નહીં જવા દઈએ' એમ કહ્યું. આ વાતનો મંત્રીશ્વર મતિસાગરે વિરોધ કર્યો કે 'રાજરાણી પરનારી હોઈ તેને જવા દેવી જોઈએ.' આ સાંભળી તાપસ ગુસ્સે થયો અને મંત્ર બળે મતિસાગરને પોપટ બનાવી દીધો જે ત્યાંથી તરત ઊડી ગયો. આ જોઈ ભય પામેલા રાજાએ રાજરાણી અને સર્વ રિદ્ધિ રાખવા તાપસને જણાવ્યું. પણ રાણીએ રાજાને પોતાની સાથે લઈ જવા વિનંતિ કરી અને અંતે તે બેભાન બની ગઈ. દાસીએ તેને શીતલ જલ છાંટી સચેત કરી. આ જોઈ કુંતલ સેવકે પણ રાણીને રાજા સાથે જવા દેવાની વાત કરી. એટલે આ સાંભળી તાપસે એને શિયાળ બનાવી દીધો. તે શિયાળ રૂપે વનમાં નાસી ગયો. રાજા હરિશ્ચંદ્ર આ જોઈ ગભરાઈ ગયો. આ પછી રાજાની વિનંતિથી રાણી સુતારા અને રોહિતાશ્વને એની સાથે જવા દેવામાં આવ્યાં.

ચાલતાં ચાલતાં તેઓ ગંગા નદીએ આવ્યાં. રોહિતાશ્વને ભૂખ લાગતાં તે રડવા લાગ્યો. રાજાએ એને ઘણો સમજાવ્યો છતાં રોહિતાશ્વ લાડુ વગેરે વસ્તુઓ પોતાને આપવા કહેવા લાગ્યો. આ સાંભળી રાજારાણી ઘણાં દુઃખી થયાં. રાજાએ કહ્યું : 'હવે કોઈ ગામ આવે ત્યાં તે વસ્તુ લઈ આપવામાં આવશે.' રોહિતાશ્વે 'બધી સંપત્તિ ક્યાં ગઈ ?' એમ પૂછ્યું. એટલે સુતારાએ કહ્યું : 'આ બધો કર્મનો ખેલ છે. તારા પિતાના પુણ્યબળે બધું સારું થશે.' રોહિતાશ્વ આ સાંભળી રડવા લાગ્યો. એટલામાં એક ડોશી લાડુ ભરેલા થાળ લઈને ત્યાં આવી અને તે બાળક રોહિતાશ્વને આપ્યા અને અંતરિક્ષમાં ચાલી ગઈ.

દશ દિવસના પ્રવાસ પછી તેઓ કાશી નામના નગરે આવી પહોંચ્યાં. ત્યાં એક દેરાસરમાં જઈ તેઓએ તીર્થંકરનાં દર્શન કર્યાં અને હરિશ્ચંદ્ર અને સુતારા ત્યાં સૂઈ ગયાં. મધ્યરાત્રે રાજા જાગૃત થાય છે. એક લાખ સોનામહોર આપવા અંગે ચિંતા કરે છે અને બેભાન બની જાય છે. સુતારાએ એને સચેત કર્યો. પછી સુતારાએ રાજાને પોતાને વેચીને ધન મેળવવાની વાત કરી. આમ સત્યવચન અને ટેક સાચવવાની વાત કરી.

રાજા બજારમાં જઈને સુતારા વેચવાનો પોકાર કરે છે. એક બ્રાહ્મણ એક લાખ સોનામહોર આપી સુતારાને ખરીદી લે છે. સુતારા એ બ્રાહ્મણ સાથે જવા લાગી એટલે રોહિતાશ્વ પણ એની પાછળ પાછળ જવા લાગ્યો. પછી બ્રાહ્મણને વિનંતિ કરતાં તેણે *દશ હજાર સોનામહોર આપીને રોહિતાશ્વને પણ ખરીદી લીધો.* પછીથી રાણી સુતારા અને રોહિતાશ્વ તે બ્રાહ્મણ સાથે ચાલી નીકળ્યાં. આ પછી હરિશ્ચંદ્રે ઘણો વિલાપ કર્યો તે ચંદ્ર દ્વારા રાણીને સંદેશો મોકલાવ્યો.

આ પછી રાજા જાતે જ એક ચંડાળને ત્યાં વેચાયો. તે ત્યાં સ્મશાનમાં આવતાં મડદાનાં વસ્ત્રો એકઠાં કરવાનું, પાણી ભરવાનું વગેરે કામ કરવા લાગ્યો અને 'હરિયા' નામે પ્રસિદ્ધ થયો. અહીં તે સુતારાના વિરહમાં ઝૂરતો અને એને મળવાની ઇચ્છા કરતો રહેવા લાગ્યો.

બ્રાહ્મણના ઘરે રહેલી સુતારાએ બધા શૃંગારશણગાર ત્યજી દીધા. બ્રાહ્મણે તેના તરફ કુદૃષ્ટિ કરી અને તેની સાથે ભોગ ભોગવવાની વાત કરી પણ સુતારાએ એને ઠપકો આપ્યો. આ સાંભળી તે બ્રાહ્મણને પસ્તાવો થયો અને પછી સુતારાને પોતાની બેન સમાન ગણી.

પછી સુતારા બ્રાહ્મણ-પત્ની જોડે એક દિવસ સરોવરે પાણી ભરવા ગઈ. ત્યાં એક બગીચો હતો. સુતારા ત્યાં ફૂલ તોડવા ગઈ. ત્યાં 'હરિયો' આવીને ફૂલ લેતી સુતારાને ટપારે છે. રાણી સુતારા રાજાને ઓળખી ગઈ. આમ પતિ-પત્નીનું મિલન

થયું. પછી સુતારા બ્રાહ્મણ-પત્ની જોડે પાછી ગઈ.

તાપસ છળ કરવાનો નિર્ણય કરી કાશીનગરીએ આવ્યો. અને ડાકણનો વેશ ધારણ કરી કાશીનગરીના ઘણા લોકોને મારી નાંખ્યા. નગરીમાં 'હાહાકાર મચી ગયો. ત્યાંના રાજાએ પડહ વજાવડાવ્યો કે જે ડાકણને પકડી આપશે તેને જે માગશે તે રાજા આપશે. પછી તાપસ મંત્રવાદી બનીને રાજા પાસે આવીને સુતારા જ ડાકણ છે એમ જણાવે છે. રાજાએ સુતારાને પકડી મંગાવી. રાજાએ આ પછી ચાંડાલ કાલદંડને બોલાવ્યો. સાથે 'હરિયો' પણ આવ્યો. રાજા ડાકણનું શિરમુંડન કરવાનું કહે છે. કાલદંડ આ કામ હરિયાને સોંપે છે. હરિયો-હરિશ્ચંદ્ર સુતારાને ઓળખી જાય છે. પોતાની પત્નીનું શિરમુંડન કેમ થાય. છતાં હરિયાએ તેમ કરવાની અનુમતિ આપી. એટલામાં એક દેશાંતરી પોપટ લઈને ત્યાં રાજા પાસે આવ્યો. તેણે રાજાને કહ્યું : 'હું એક નિર્ધન બ્રાહ્મણ છું. મારી પત્નીએ મને પરદેશ જઈ ધન કમાવાનું કહ્યું હતું. વનમાં જવાના માર્ગે મેં એક પોપટને જોયો. તેની આંખે અગ્નિની જ્વાળા લાગી હતી. મેં દયા આણી તેને બચાવ્યો અને તેની સેવા કરી તેને સ્વસ્થ કર્યો. પોપટે મને જણાવ્યું : 'તું કાશી જઈને તેના રાજાને ભેટ કરજે અને એક લાખ દામ માગજે.' એટલે હું આપની પાસે આવ્યો છું.' આમ કહી તેણે પોપટ રાજાને આપ્યો. પોપટનું રૂપ જોઈ રાજા ખુશ થયો. પછી પોપટે રાજાને કહ્યું : 'આ બ્રાહ્મણને લાખ સોનામહોર આપો.' એટલે રાજાએ લાખ સોનામહોર આપી બ્રાહ્મણને સંતોષ્યો. તે આશીર્વાદ આપી વિદાય થયો. પછી પોપટ સુતારાને જોઈ દુઃખી થયો અને રાજાને કહ્યું : 'આ સ્ત્રી કોઈ ડાકણ નથી. આ ચાંડાલનો સેવક તે રાજા હરિશ્ચંદ્ર છે. આ સ્ત્રી એની પત્ની સુતારા છે અને હું તેનો મંત્રી છું. પોતાના વચનપાલન માટે તેણે સુતારાને વેચી અને પોતે ચાંડાલને ત્યાં વેચાયો. તાપસે મને પોપટ બનાવી દીધો.' રાજા આ સાંભળી આશ્ચર્ય પામ્યો. એણે નજર કરી તો પેલો મંત્રવાદી દેખાયો નહીં. બધાને અચરજ થયું. આ સુતારા સતી છે. પછી અગ્નિ પેટાવવામાં આવ્યો અને પોપટ બોલ્યો : 'જો આ સ્ત્રી ડાકણ હોય તો હું બળી મરજો.' એમ કહી પોપટ અગ્નિમાં પડ્યો. તો ત્યાં ઠંડા પાણીમાં કમલ થઈ ગયેલું જોવા મળ્યું. આ જોઈ રાજા હરખ્યો. પછી હરિયાને બોલાવી એને માનપાન આપ્યું અને પોતાનું અર્ધું રાજ્ય આપવાની વાત કરી. પણ હરિયાએ તેનો ઇન્કાર કર્યો અને : 'હું તો ચાંડાલને ત્યાં સેવક છું.' એમ કહી તે પાછો ચાંડાલને ત્યાં ગયો. પેલી સુતારા પણ પેલા બ્રાહ્મણના ઘરે પાછી ગઈ.

એક દિવસ હરિયો (રાજા હરિશ્ચંદ્ર) નદીકિનારે બેઠો હતો. એટલામાં ત્યાં કોઈ સ્ત્રી રડતી રડતી આવી. એના હાથમાં એનો મરેલો બાળક હતો. હરિયો વિલાપ કરતી સ્ત્રીનો સ્વર ઓળખી ગયો. તે સુતારા હતી. રાજા પાછો ફર્યો. ત્યાં એક ઝાડ પર એક બાળકને લટકતો-તરફડતો જોયો. એ બાળક એમ બોલતો હતો કે 'હું કાશીના રાજાનો પુત્ર છું. મને બચાવો. મને પરણ્યાને સાત જ દિવસ થયા છે. હું મારાં માતાપિતાનો એકનો એક છું. હું સૂતો હતો ત્યાંથી એક અવધૂતે મને અહીં આણ્યો છે. અહીં જે કઢાઈ છે અને જેમાં તેલ ઊકળે છે તેમાં તે મને હોમી દેશે.' રાજા હરિશ્ચંદ્ર એને બચાવવા ઝાડ પર ચઢ્યો અને એને છોડી એના સ્થાને પોતે બંધાયો. છૂટો થયેલો રાજકુમાર પોતાને ઘરે ગયો અને ચાંડાલના સેવક હરિયાએ પોતાને બચાવ્યો એમ કહ્યું.

એટલામાં ત્યાં એક ભયંકર અવધૂત આવી પહોંચ્યો. તેણે બંધાયેલા હરિશ્ચંદ્રને છોડ્યો અને નીચે ઉતારીને કહ્યું કે 'હું તારો આ કઢાઈમાં હોમ કરવા માગું છું તો તું જ તારા હાથે એક એક અંગ કાપીને આપ.' તે પ્રમાણે રાજાએ પહેલાં એક હાથ, પછી બીજો હાથ, પછી પગ એમ એક પછી એક અંગો કાપીને કઢાઈમાં હોમ્યાં. પછી છેલ્લે મસ્તક હોમવા તૈયાર થયો. એટલામાં એક શિયાળ ત્યાં આવી રડવા લાગ્યું. તાપસ પણ ત્યાં પ્રગટ થયો. શિયાળ કુંડમાં પડ્યો. એટલે તે સુવર્ણનો પુરુષ થઈ ગયો. તાપસે પ્રગટ થઈ હરિશ્ચંદ્રને ધન્યવાદ આપ્યા. દિવ્ય ઔષધિ આણી રાજાને સાજો કર્યો. એટલામાં ત્યાં ચાંડાલ કાલદંડ આવ્યો અને હરિયાને મૃતક પાસેથી વસ્ત્રો લઈ આવવા કહ્યું. પછી હરિયાએ સુતારા પાસે જઈને બાળકનાં વસ્ત્રો માગ્યાં અને 'પુત્ર કેમ મર્યો ?' તેમ પૂછ્યું. સુતારા કહે છે કે 'વાડીમાં રમવા ગયો હતો ત્યાં સાપ કરડ્યો અને તે મૃત્યુ પામ્યો હતો.' હરિયો એને કહે છે કે 'બાળકના શરીર પર રહેલાં વસ્ત્ર મને આપ.' એટલામાં આકાશધ્વનિ-વાણી થઈ અને રાજા હરિશ્ચંદ્રને ધન્યવાદ આપવામાં આવ્યા. પછી કુસુમવૃષ્ટિ થઈ. સુરે મદદ કરી એટલે રાજા અયોધ્યાની રાજસભામાં જઈને બેઠો. એટલામાં રોહિતાશ્વ ત્યાં આવી પહોંચ્યો. પટરાણી સુતારા પણ આવી પહોંચી. આ પછી રાજા સુખપૂર્વક રહેવા લાગ્યો. પોપટ અને શિયાળને દેવે પાછા માનવ બનાવ્યા. તેઓ આવીને રાજા હરિશ્ચંદ્રને મળ્યા. રાજાને આ બધું કેમ બન્યું એવી જિજ્ઞાસા થઈ. એટલામાં દેવ પ્રગટ થયો અને તેણે કહ્યું : 'આ બધું દુઃખ મેં તને આપ્યું તેનું કારણ એ છે કે ઇંદ્રની સભામાં તારાં વખાણ સાંભળી તે માનવા હું તૈયાર ન થયો અને તારી પરીક્ષા કરવા સર્વ પ્રપંચ કર્યો. પણ તું તારા સત્યવચનથી ડગ્યો નહીં.' આ સાંભળી રાજા હર્ષ પામ્યો.

અનેક વર્ષો રાજપાટ ભોગવી વિવિધ સુખભોગ પછી હરિશ્ચંદ્રે ચારિત્ર લેવાનો વિચાર કર્યો. નગરમાં આવેલા શાંતિનાથ જિનરાજ પાસેથી પૂર્વભવનું સ્મરણ કરી વૈરાગ્ય પામી રોહિતાશ્વને ગાદીએ બેસાડી હરિશ્ચંદ્ર-સુતારા દીક્ષા લે છે અને મુક્તિપદ પામે છે.

આધાર : કનકસુંદરકૃત, હરિચંદ્રનો રાસ.

બે ચોરની કથા

વેણાતટિ નગરીમાં મૂલદેવ નામનો રાજા. એકવાર નગરવાસીઓએ રાજાને કહ્યું : 'હે સ્વામી, એક ચોર નગરમાં રહેલો છે, પણ કોઈ એને પકડી શકતું નથી.' રાજાએ કહ્યું : 'થોડા દિવસમાં જ ચોરને અમે પ્રગટ કરીશું. તમે ચિંતા કરશો નહિં.' પછી રાજાએ તલારને (કોટવાલને) બોલાવ્યો. તલારે કહ્યું : 'મેં અનેક પ્રયત્નો કર્યા છતાં તે ચોર પકડાયો નથી.' પછી રાજા જાતે રાત્રે પછેડી ઓઢીને જે જે સ્થાને ચોર મળે એમ હતું તે તે જગ્યાએ ફર્યો. પછી કોઈ એક જગ્યાએ જઈને સૂતો. એટલામાં એને મંડિક નામના ચોરે જોયો અને તેને ઉઠાડ્યો અને પૂછ્યું : 'અરે, તું કોણ છે ? જો તું મારી સાથે આવશે તો તને ધનવાન કરીશ.' રાજા એની સાથે જવા લાગ્યો. મંડિક ચોર નગરમાં પેઠો. એક શેઠના ઘરમાં ખાતર પાડ્યું. ત્યાંથી સર્વસ્વ લઈ એનું પોટકું બાંધી રાજાના મસ્તકે મુકાવી તે બન્ને એક જૂના બગીચામાં આવ્યા અને ત્યાં આવેલી એક ગુફાનું બારણું ઉઘાડી અંદર પેઠા. પછી મંડિકે એમાં રહેલી દિવ્ય રૂપવાળી પોતાની બહેનને કહ્યું : 'આ પરોણાના પગ પખાળ.' એટલે તે કૂવાના કાંઠે આસન માંડી તે રાજાને બેસાડી તેના પગ ધોવા લાગી. એના પગની કોમળતાથી એના તરફ રાગવતી થયેલી તે રાજાને કહેવા લાગી : 'જો મને પરણો, તો એક વાત કહું.' રાજાએ કહ્યું 'પરણીશું.' પછી તે બોલી : 'જે પોટલું ઉપાડીને આવે છે તેના અગાઉ પગ ધોવામાં આવે છે. પછીથી તેને કૂવામાં નાંખી દેવામાં આવે છે. હું તમારા રૂપ પર મોહી ગઈ છું એટલે કહું છું તમે ચાલ્યા જાવ.' રાજા ઊઠીને ચાલવા લાગ્યો ત્યારે પેલી સ્ત્રીએ એને પકડ્યો. પણ તે એમાંથી છૂટીને નાસી ગયો. એટલામાં મંડિક ચોર લોઢાનો ખાંણિયો લઈ તેની પાછળ દોડ્યો. રાજાએ પોતાનાં વસ્ત્રો એક ઝાડના ઠૂંઠાને ઓઢાડ્યાં, પછી પાસે સંતાઈ રહ્યો. પેલા ઠૂંઠાને પાડીને મંડિક ચોર પાછો ફરી ગયો. રાજા ત્યાંથી નીકળીને પોતાના આવાસે આવ્યો. બીજે દિવસે રાજાએ રાજસવારી દરમ્યાન પેલા ચોરને વનમાં કામ કરતો જોયો. રાત્રિએ એને જોયો હતો તેથી રાજા તેને ઓળખી ગયો. રાજાએ તેને માનસહિત બોલાવી એની બેનના હાથની માંગણી કરી. પછી યોગ્ય અવસર જાણી મંડિકે બહેનને રાજા સાથે પરણાવી. રાજાએ તેની બેન પાસે વસ્ત્રાભૂષણ વગેરે મંગાવ્યાં. એક પછી એક એમ અનેક વસ્તુઓ મંગાવી લીધી. પછી મંડિક ચોરને અનેક પ્રકારે વિડંબના આપી. સગા સાળાને પણ આમ રાજાએ જતો ન કર્યો.

આધાર : સોમસુંદરસૂરિકૃત - બે ચોરની કથા, પ્રાચીન ગુજરાતી ગદ્યસંદર્ભ, સંપા. જિનવિજયજી અમદાવાદ.

બે ભાઈની કથા

પૂર્વના સમયમાં કોઈ એક ગામમાં બે ભાઈઓ રહેતા હતા. એક સમયે એક ભાઈ પહેલા વરસાદ પછી લાકડાં વગેરે કાઢવા માટે નદીકિનારે ગયો. એવામાં એણે નદીમાં વહી જતી સોનામહોર ભરેલી કઢાઈ જોઈ. તે એણે બહાર કાઢી, પણ તે કઢાઈ કાદવવાળી હોવાથી તે ધોવા નદીકિનારે બેઠો પણ ધોતાં ધોતાં કઢાઈ એના હાથમાંથી છટકીને નદીમાં જઈ પડી. એના મોહમાં એ ગાંડો થઈ ગયો અને એમ કહેવા લાગ્યો : 'ધોતાં ગઈ, ધોતાં ગઈ.' પછી તે ઘેર પાછો ગયો. પછી જે કોઈ પણ બોલાવે તેને એમ કહેવા લાગ્યો 'ધોતાં ગઈ, ધોતાં ગઈ.' પછી એનાં સગાંવ્હાલાંએ એને એક ઓરડીમાં પૂરી દીધો અને કેટલાક દિવસો સુધી ભૂખ્યો રાખ્યો. ભૂખને કારણે એનું ગાંડપણ ચાલ્યું ગયું. એણે પોતાના મોટાભાઈને સોનામહોરથી ભરેલી કઢાઈનો વૃત્તાન્ત કહ્યો. તે વાત સાંભળી મોહમાં તે પણ ઘેલો થઈ ગયો અને કહેવા લાગ્યો 'તો કેમ ધોઈ ?' પછી સગાવ્હાલાંએ એને ઓરડીમાં પૂરી દઈ ભૂખ્યો રાખ્યો. એટલે તેનું ઘેલાપણું ગયું.

આધાર : સોમસુંદરસૂરિકૃત બે ભાઈની કથા, પ્રાચીન ગુજરાતી ગદ્યસંદર્ભ, સંપા. જિનવિજયજી, અમદાવાદ.

ગજસિંહ રાજાની કથા

ઉજ્જૈની નગરીનો રાજા જયસિંહ. કમલાવતી પટ્ટરાણી. રાજા અપુત્ર અને દુઃખી. પુત્ર-પ્રાપ્તિ અર્થે રાજારાણી ગોત્રજ દેવની સૂચના અનુસાર દાનપુણ્ય કરે છે. આના ફળરૂપ રાણીને એક પુત્ર પ્રાપ્ત થાય છે. રાણીને સ્વપ્નમાં ગજ અને સિંહ દેખાયેલા એટલે કુમારનું નામ ગજસિંહ પાડવામાં આવ્યું. થોડા જ સમયમાં કુમાર બધી વિદ્યાઓ પ્રાપ્ત કરી લે છે. વયપ્રાપ્ત થતાં રાજા તેને યુવરાજપદે સ્થાપે છે.

એવામાં એકવાર રાજસભામાં આવીને એક સુથાર કાષ્ટનો મોર રાજાને ભેટ ધરે છે. એક બ્રાહ્મણની સંજીવની વિદ્યાના પ્રતાપે મોર સજીવન થાય છે. રાજા આ મોર યુવરાજ ગજસિંહને ભેટ આપે છે.

એક ડાકણને કોઈક કારણસર યુવરાજ ગજસિંહ સાથે વેર બંધાય છે, એટલે તે કુમારને હેરાન કરવાનો વિચાર કરી કુમારનું સ્વરૂપ લઈ રાણી પાસે આવે છે અને સૂતેલી રાણીના દેહ સાથે રમત કરવા લાગે છે. રાજા આ દશ્યો જોઈ જાય છે અને ક્રોધે ભરાઈ પ્રધાનને રાજકુમારનો વધ કરવા હુકમ કરે છે. પ્રધાન રાજાને સમજાવવા પ્રયત્ન કરે છે પણ રાજા વધુ ગુસ્સે થાય છે. એટલે પ્રધાન રાજા ન જાણે તેમ યુવરાજને પરદેશ મોકલી આપે છે. પેલા મોર પર સવાર થઈને કુમાર અનેક દેશોમાં ફરે છે. દરમ્યાન કુમાર સિદ્ધ પુરુષ પાસે વિદ્યા પ્રાપ્ત કરે છે અને રાક્ષસના

હાથમાંથી ચાર રાજકન્યાઓને છોડાવી એમના વાલીની અનુમતિથી એમની સાથે લગ્ન કરે છે.

ત્યાંથી વળી આગળ વધતાં રસ્તે ચારે પત્ની સાથે સૂતેલા કુમાર પર મોહિત થયેલી એક વિદ્યાધરી સૂતેલા કુમારનું અપહરણ કરી જાય છે. સવારે જાગીને પોતાના પતિને ન જોતાં ચારે પત્ની અરે આકુળવ્યાકુળ થઈ જાય છે અને પોતાના પતિની શોધખોળ કરે છે. શોધતાં શોધતાં દશપુર નામના નગરમાં આવી પહોંચે છે આ નગરના પાપી રાજાની નજર તેમના પર પડે છે અને તેની નજર બગડે છે. પણ અઠમ તપના પ્રભાવે તેઓને એક દિવ્ય હાર પ્રાપ્ત થાય છે જેના તેજપ્રભાવથી પેલો રાજા અંધ બની જાય છે અને ચારેય રાજાથી સુરક્ષિત થઈ જાય છે. આ પછી તે ચારેય રાજકન્યા ગજસિંહની રાહ જોતી ત્યાં જ રહી જાય છે.

આ બાજુ ગજસિંહ વિદ્યાધરીના અનેક હાવભાવ છતાં ચળતો નથી અને અડગ રહે છે. તેની પ્રશંસા સાંભળી તે નગરીનો રાજા શ્રીધર ગજસિંહને પોતાની કન્યા પરણાવે છે. શ્રીધર પાસેથી અદશ્ય થવાની અને ગગનગામિની વિદ્યા મેળવી રાજકુમાર પોતાની ચાર પત્નીઓની શોધ કરવા નીકળી પડે છે. રસ્તે અપરમાતાના કારણે દુઃખી એવી શ્રીપુર નગરની રાજકન્યાને હાથીની પકડમાંથી છોડાવીને એની સાથે લગ્ન કરે છે. વળી નદીમાં તણાઈ જતી બે કન્યાઓને બચાવી તે એમને પરણે છે. આ બે કન્યાઓ પાસેથી ગજસિંહને પોતાની પ્રથમ ચાર પત્નીના સમાચાર મળે છે અને તે દશપુર પર ચઢાઈ કરે છે. તેમાં તેને વિજય પ્રાપ્ત થાય છે. આમ તેઓ બધાં ભેગાં થાય છે.

શ્રીધર રાજાને ત્યાં પાછા ફરતાં ગજસિંહ કેટલાક ધૂર્ત પુરુષોના હાથમાં ફસાઈ જાય છે. એમાંથી પોતે બચે છે અને પોતાની જેમ ફસાયેલી બીજી ચાર કન્યાઓને બચાવે છે પછી એમની જોડે લગ્ન કરે છે. આગળ જતાં એક નગરમાં ગજસિંહ અનાજ લેવા જાય છે તે દરમ્યાન તેની પેલી ચાર પત્નીઓને એક ગણિકા છેતરીને પોતાના ગૃહે લઈ જાય છે. પાછા ફરીને ગજસિંહ તેમને છોડાવે છે. પછી શ્રીધર રાજાને ત્યાં પહોંચી ત્યાંની રાજકુમારીને લઈને તે દશપુર આવે છે અને દશપુરના રાજા તરીકે સારી રીતે રાજ્ય કરી પ્રજાનું સફળ રીતે પાલન કરે છે. થોડો વખત વીતતાં ગજસિંહને માતાપિતાની યાદ આવે છે એટલે ઉજ્જૈની જાય છે. પિતા એને પોતાનું રાજ્ય સોંપી દીક્ષા ગ્રહણ કરે છે. કેટલોક સમય રાજ્ય કરી ગુરુદેશના અને પૂર્વભવની કથા સાંભળી ગજસિંહ દીક્ષા લેવા તત્પર થાય છે પણ ગુરુ તેને રોકે છે. હવે ગજસિંહને ચાર પુત્રો થાય છે. તેમાંથી યુવરાજને રાજ્ય સોંપી છેવટે ગજસિંહ દીક્ષા લે છે.

આધાર : અજ્ઞાતકૃત ગજસિંહ રાજાનો રાસ, રાસ સાહિત્ય, ભારતી વૈદ્ય, મુંબઈ ૧૯૬૬.

ગુણકરંડ ગુણાવલી કથા

માલવદેશની ઉજ્જેણી નગરીમાં અરિમર્દન રાજા. આ નગરીમાં ગુણકરંડ નામનો એક ધાર્મિક અને દાનવીર શ્રેષ્ઠી રહેતો હતો. એની શીલવતી પત્ની ગુણાવલી. એક સમયે પતિ-પત્નીમાં એવો વિવાદ થયો કે 'એમના ઘરમાં રહેલી રિદ્ધિ કે ધનસમૃદ્ધિ સામાન્યતઃ સ્ત્રીના-પત્નીના કર્મે જ હોય છે.' આ સાંભળી ગુણકરંડના અભિમાનને ચોટ લાગી અને તે ગુસ્સે થઈ ગયો. ગુણકરંડે તે વખતે રસ્તામાંથી પસાર થઈ રહેલા એક વૃદ્ધ બ્રાહ્મણને બોલાવીને આ અંગે પૂછતાં તેણે પણ એમ કહ્યું કે 'પુરુષ ઘરમાં લક્ષ્મી લાવે છે પણ એ તો સ્ત્રીના નસીબ પ્રમાણે હોય છે.' આ સાંભળી ગુણકરંડ વધુ ગુસ્સે થયો.

આ પછી ગુણકરંડે પોતાનું બધું કામકાજ ધંધો-વ્યાપાર બંધ કરી રત્નદ્વીપ જવાનો નિર્ણય કર્યો અને તે પ્રમાણે તે પોતાનો વ્યાપાર બંધ કરી દે છે. નોકર-ચાકરને છૂટા કરી દે છે અને ઘરબાર પણ વેચી દે છે. રત્નદ્વીપ જવા નીકળતી વખતે તે ગુણવતીને કહે છે : 'હું રત્નદ્વીપ જઈને રહીશ. મારા કર્મનું-ભાગ્યનું જે હતું તે મેં લઈ લીધું છે. હવે તું બધું સંભાળી લેજે. આપણાં જેવાં ઘર હતાં તેવાં ઘર બંધાવજે, બે ઘોડા વસાવજે, એક સ્ત્રી પરણી લાવજે અને એક પુત્રને જન્મ આપજે અને તે વખતે મને બોલાવજે.' આટલું કહીને ગુણકરંડ રત્નદ્વીપ જવા ચાલી નીકળ્યો.

ગુણાવલીએ આ બધું સાંભળ્યું પણ તેણે પોતાનું અભિમાન ન છોડ્યું. ગુણાવલીએ ગુણકરંડે કરેલ સર્વ બાબત કરી બતાવવાનું નક્કી કર્યું.

ગુણાવલીએ ધાવમાતા પાસેથી થોડું ધન મેળવી, એમાંથી એક લાકડાની પેટી ખરીદી, એમાં રેતી ભરી અને ગુણકરંડના મિત્ર વેપારીને ત્યાં ગીરવી મૂકીને બે લાખ દીનાર ઉછીના મેળવ્યા. આ પછી ગુણાવલીએ બધા જૂના વાણોતરને બોલાવી, તેમને ફરી નોકરી પર રાખીને, ફરીથી પેલા ધનની સહાય વડે વેપાર શરૂ કર્યો અને જમાવ્યો. ઘણું ધન કમાઈ ગુણાવલીએ સાત માળનું મોટું ઘર બંધાવ્યું. વળી ઉછીના બે લાખ પરત કરી પેલી પેટી પાછી મેળવી લીધી.

કેટલાક વખત પછી ગામમાં આવેલ વણજારા પાસેથી ગુણાવલીએ ખાંડની બધી પોઠ ખરીદી લીધી અને વખારમાં ભરી દીધી. થોડા સમય પછી રાજાના ઘેર લગ્ન-પ્રસંગ આવ્યો. તે વખતે રાજાને ખાંડની જરૂર પડી. બજારમાં ખાંડ લેવા ગયા પણ બજારમાં ખાંડ મળી જ નહીં. પણ પછીથી રાજાને જાણવા મળ્યું કે ગુણાવલી પાસે ખાંડનો મોટો જથ્થો છે. રાજાએ ગુણાવલી પાસે ખાંડની માગણી કરી. ગુણાવલીએ રાજીખુશીથી જોઈતી ખાંડ રાજાને આપી. આથી રાજા ખુશ થયો. એણે ખાંડના દામ તો ચૂકવ્યા પણ સાથે સાથે બે જાતવાન ઘોડાઓ પણ ગુણાવલીને ભેટ તરીકે આપ્યા આ પ્રમાણે બીજું વચન પણ સિદ્ધ થયું.

ત્રીજું વચન-સુંદર સ્ત્રી પરણવાનું-પૂર્ણ કરવાનું ગુણાવલીએ વિચાર્યું. એ માટે એણે વિધિપૂર્વક કુળદેવીની આરાધના કરી અને છ મહિના સુધી પુરુષદેહ મળે એવું વરદાન મેળવ્યું. પછી ધાવમાતા અને વાણોતરને વ્યાપારનો બધો કારભાર સોંપી, તે પુરુષવેશ ધારણ કરી રત્નદ્વીપ જવા નીકળી. ગામ, નગર, પુર ઓળંગતી તે એક ઉદ્યાનમાં આવી પહોંચી. આ ઉદ્યાનમાં આવેલા એક વડના ઝાડ નીચે રાતવાસો રહેવા થોભી. થોડી રાત્રિ વીત્યા પછી એક ભારંડપક્ષી તે ઝાડની બખોલમાં રહેલાં પોતાનાં બચ્ચાં પાસે આવ્યું. બચ્ચાંએ મોડું થવાનું કારણ પૂછતાં ભારંડ પક્ષીએ વસંતપુરના રાજાની અંધ રાજકુમારીની કરુણ કથા કહી : 'અંધાપાથી કંટાળી રાજકુમારીએ નિશ્ચય કર્યો છે કે એક મહિનામાં એનો અંધાપો દૂર નહીં થાય તો તે અગ્નિમાં પ્રવેશ કરશે. રાજા-રાણીને આ કુંવરી ઘણી વ્હાલી છે. એટલે રાજાએ નગરમાં પડો વજડાવ્યો છે કે જે કોઈ એની પુત્રીની દૃષ્ટિ સાજી કરી આપશે તેને અર્ધ રાજ્ય અને રાજકુમારી આપવામાં આવશે. સત્તાવીશ દિવસ તો વીતી ગયા છે પણ હજી રાજકુમારીની દૃષ્ટિ સાજી થઈ નથી. હવે ત્રણ દિવસ બાકી રહ્યા છે એટલે રાજા અને પ્રજા ખૂબ ચિંતિત છે.' આ કથા સાંભળી બચ્ચાંએ 'દૃષ્ટિ સાજી થવાનો કોઈ ઉપાય છે કે કેમ ?' એમ પૂછતાં ભારંડ પક્ષીએ કહ્યું : 'એમની વિષ્ટાને ઝાડ નીચે ઉગેલી વેલીના રસમાં પીસીને આંખે લગાડવાથી દૃષ્ટિ પાછી મળશે.' વડ નીચે રહેલી પક્ષીની બોલી સમજતી ગુણાવલી આ વાત સાંભળીને ખુશ થઈ. વિષ્ટા અને વેલી લઈ તે વસંતપુર આવી અને રાજાની રાજકુમારીને દૃષ્ટિ પાછી મેળવી આપી. ઢંઢેરા અનુસાર પેલી રાજકુમારી સાથે એનાં લગ્ન કરાવવામાં આવ્યાં. રાજાએ અર્ધ રાજ્ય ગુણાવલીને આપવા માંડ્યું. એનો એણે ઇન્કાર કર્યો. પછી રાજાની અનુમતિ મેળવી ગુણાવલી રાજકુમારીને લઈને ઉજ્જૈન નગરી આવી પહોંચી. ગુણાવલીએ પોતાની બધી વાત પેલી રાજકુમારીને જણાવી. આ પછી બન્ને બહેનો થઈને રહી.

હવે તેણે ચોથું વ્રત-પુત્રને જન્મ આપવાનું વચન પૂર્ણ કરવાનું વિચાર્યું. એણે આ અંગે રાજાને જ સાક્ષી રાખવાનું વિચાર્યું. અને તે સ્વયં રાજા પાસે ગઈ અને સર્વ બીના જણાવી. આશ્ચર્ય પામેલા રાજાએ આ બાબત સાક્ષી રહેવાનું કબૂલ્યું.

પેલી રાજકુમારીને બધો કારભાર સોંપી ગુણાવલી મહિયારણનો વેશ ધારણ કરી, રત્નદ્વીપ આવી અને એક દૂધની દુકાન ખોલી. આ મહિયારણને ગુણાવલી તરીકે ન ઓળખતો ગુણકરંડ એની દુકાને આવ્યો અને એનું રૂપ જોઈ મોહી પડ્યો. પરિચય વધતાં તે બન્ને શારીરિક સંબંધમાં પણ આવ્યાં. થોડા વખતમાં જ ગુણાવલી ગર્ભવતી થઈ ગઈ. ગર્ભધારણ કર્યાને ત્રણ માસ બાદ મહિયારણે પોતાના વતન પાછા ફરવાની અનુમતિ ગુણકરંડ પાસે માગી અને વિદાય વખતે ગુણાવલીએ નિશાની તરીકે ગુણકરંડની વીંટી મેળવી લીધી. બાદમાં ગુણાવલી પોતાના નગરે ઉજ્જૈન પાછી ફરી. પૂરા સમયે ગુણાવલીએ પુત્રને જન્મ આપ્યો જેનું નામ બુદ્ધિપ્રપંચ પાડવામાં આવ્યું. થોડા સમય પછી ગુણકરંડ ગુણાવલીના વિરહથી અકળાઈને પોતાના નગર ઉજ્જૈન પાછો ફર્યો.

પતિના આગમનની ખબર પડતાં, ગુણાવલી પુત્ર બુદ્ધિપ્રપંચને ઘોડા પર સવાર કરી, એનું સામૈયા કરવા ગઈ. પતિ-પત્નીનું મિલન થયું. બધા ઘેર પાછા ફર્યા. ગુણાવલીએ પુત્ર બુદ્ધિ-પ્રપંચને પિતા પાસે બેસવા કહ્યું. 'આ પુત્ર કોનો ?' એમ વ્યાકુળ બનેલા ગુણકરંડ સમક્ષ ગુણાવલીએ વીંટી અને વસ્ત્રો દેખાડ્યાં અને મહિયારણની યાદ દેવડાવી. પછી બધી વાત વીગતે જણાવી. આ સાંભળી ગુણકરંડ શરમાયો.

આ પછી બન્ને સ્ત્રીઓ સાથે અનેક વર્ષો સંસારસુખ ભોગવતો તે સુખપૂર્વક રહ્યો. એકવાર નગરમાં પધારેલ જૈન મુનિવરનાં દર્શન અર્થે ગયેલો ગુણકરંડ પૂર્વભવનું કથન સાંભળી વૈરાગ્ય પામ્યો અને તેણે બન્ને સ્ત્રીઓ સાથે દીક્ષા ગ્રહણ કરી. એક હજાર વર્ષ દીક્ષા પર્યાય પાળ્યો. પછી અનશન અને સંલેખના કરી ગુણકરંડ, દેવલોકમાં ગયો અને ગુણાવલી પણ મોક્ષ પામી.

આધાર : ગુણકરંડ અને ગુણાવલી રાસ, જ્ઞાનમેરુ રાસ સાહિત્ય, ભારતી વૈદ્ય, મુંબઈ-૧૯૩૦.

કાલકસૂરિ ખાટકીની કથા

એકવાર ભગવાન મહાવીર રાજનગરીમાં સમોસરણ અર્થે પધાર્યા હતા. તે વખતે રાજા શ્રેણિક અને મંત્રીશ્વર અભયકુમાર પણ અત્રે આવ્યા. કાલકસૂરિ ખાટકી પણ આવ્યો. એ વખતે ભગવાન મહાવીરને 'છીંક' આવી. તે સમયે દુર્દરાંક દેવે કહ્યું : 'હે પરમેશ્વર તમે મૃત્યુ પામો.' એટલામાં શ્રેણિક રાજાને છીંક આવી એટલે દેવ બોલ્યો : 'ચિરંજીવ.' એવામાં અભયકુમારને 'છીંક' આવી એટલે દેવ બોલ્યો : **'જીવભાવઈમરિ'** એટલામાં કાલકસૂરિ ખાટકીને 'છીંક' આવી. દેવ બોલ્યો : 'જીવનદી, મરનદી'. ધર્મદેશના પૂર્ણ થતાં તે દેવ ભગવાનને વંદીને ગયો. તે અદૃશ્ય થયો એટલે શ્રેણિક રાજાએ ભગવાન મહાવીરને પૂછ્યું : 'હે ભગવાન દેવે 'તમે મરો' એમ કેમ કહ્યું ?' ભગવાને કહ્યું : 'તેણે ભક્તિથી એ પ્રમાણે કહ્યું છે. કેમકે અમે સંસારમાં રહી અનેક બાધા વેઠીએ છીએ જ્યારે મૃત્યુ પછી કેવલ મોક્ષનું સુખ છે એટલે તેણે ભક્તિપૂર્વક 'મરો' એમ કહ્યું હતું. તને 'જીવ'એમ કહ્યું કેમકે તું અહીં જીવતાં રાજસુખ ભોગવે છે અને મૃત્યુ પામીને નરકમાં જઈશ અને દુઃખ ભોગવીશ... અભયકુમાર ધર્મપૂર્વક જીવન જીવે છે એટલે એને જીવવાનું અને મરવાનું બન્ને રૂડાં છે. કાલકસૂરી પાપ કરતો પાંચસો ભેંસો મારતો જીવે છે તે દુઃખદાયક છે અને મૃત્યુ પામ્યા પછી તે સાતમા નરકે જઈ દુઃખ ભોગવશે. એટલે તેને માટે જીવવાનું અને મરવાનું બન્ને દુઃખદાયક છે.' આ સાંભળી શ્રેણિકે ભગવાનને વિનંતિ કરતાં કહ્યું : 'હે ભગવાન, તમે છો

છતાં હું નરકમાં કેમ જઉં ?' ભગવાને કહ્યું : 'તેં અગાઉ નરકનું આયુષ્ય બાંધ્યું છે. પછી સમ્યક્ત્વ પામ્યો છે. તે સમ્યક્ત્વના બળે આવતી ચોવીસીમાં તું પ્રથમ તીર્થંકર પદ્મનાભ થઈશ. તો મનમાં દુઃખ ન પામતો.' આથી શ્રેણિકે પૂછ્યું કે 'ભગવાન કોઈ ઉપાય છે કે જેથી હું નરક ન જઉં.' ભગવાને કહ્યું : 'તારા ઘરમાં કપિલા દાસી છે તે ભક્તિપૂર્વક મહાત્માને દાન આપે અથવા કાલક ખાટકી દિવસ દરમ્યાન પાંચસો ભેંસો મારે છે તે ન મારે તો તું નરકમાં જવાનું ટાળી શકીશ.' આ સાંભળી રાજા શ્રેણિક હરખ પામ્યો અને એણે કપિલા દાસી પાસે જઈને મહાત્માને દાન કરવા કહ્યું. ત્યારે કપિલાએ કહ્યું : કે 'તું મને સર્વપ્રકારે સુવર્ણમય કરે કે મારી નાંખે તોપણ હું દાન નહીં કરું.' કાલક ખાટકીને બોલાવી કહ્યું : 'તું ગમે તેટલું ધન લે પણ તું જીવહિંસા છોડી દે.' કાલકે તેનો સ્પષ્ટ ઇન્કાર કર્યો. રાજાએ એને અંધકૂપમાં એક રાત-દિવસ રાખ્યો. પછી ભગવાન પાસે જઈને કહ્યું : 'મેં કાલકને એક દિવસ-રાત્રિ હિંસા કરતો રોક્યો છે.' ભગવાને કહ્યું : 'એણે કૂવામાં પાંચસો ભેંસો બનાવીને તેને મારી છે.' આ જાણી શ્રેણિક રાજાને દુઃખ થયું. એણે વિચાર્યું કે નરકમાં જવાનું કર્મ અન્યથા થઈ શકે એમ નથી. પછી તેણે કાલકને મુક્ત કર્યો. તે પાંચસો ભેંસો મારતો રહ્યો અને પાપના ઢગ રચી નાંખતો રહ્યો. જીવનના છેલ્લા સમયે એને દારુણ રોગ આવ્યા. તેની પીડાથી તે આક્રંદ કરવા લાગ્યો. જે જે પદાર્થો સુખકારક હતા, તે દુઃખદાયક અનુભવવા લાગ્યો. એનો પુત્ર સુલસ બાપના દુઃખની શાંતિ-સમાધિ માટે અભયકુમારને મળવા આવ્યો. અભયકુમારે કહ્યું : 'તારા પિતાએ જીવહિંસા આદિ અનેક પ્રકારનાં પાપ કર્યાં છે એટલે તે સાતમા નરકે જશે. જો હવે જે જે વિપરીત ભક્તિ કરશે તે તેને રૂડી થશે.' આ વાત જાણી સુલસે કાલકને કડવા-તીખા રસ જમાડ્યા. દુર્ગન્ધવાળું પાણી પિવડાવ્યું, વિષ્ટા આદિકનો લોપ કર્યો. ઊભા કાંટા પર, સોયા ઉપર સુવરાવ્યો. આમ જે વિપરીત કરવામાં આવ્યું તેને રૂડું માનવા લાગ્યો. આમ કરતાં તે સાતમા નરકમાં ગયો. સુલસે વિચાર્યું કે 'બાપે કરેલા પાપના ફળને જોઈને હું હવે જીવહિંસા નહીં કરું.' સગાંસંબધીએ મળીને સુલસને બાપનું પદ અંગીકાર કરવા કહ્યું, 'ભેંસને પહેલા ઘા તું કર, પછી અમે કરીશું.' સુલસે કહ્યું : 'જેમ મને મારો જીવ વહાલો છે, તેમ બધાં પ્રાણીઓને પોતાનો જીવ વહાલો હોય. એટલે આજીવિકા કારણે એવું પાપ કેમ કરું ?' : સગાંએ કહ્યું : 'જીવ મારતાં જે પાપ થાય છે તે અમે થોડું થોડું વહેંચી લેશું.' એમ કહી બલાત્કારે ભેંસ મારવા માટે સુલસના હાથમાં કુહાડી આપી. સુલસે કુહાડીથી પોતાની જાંઘમાં જખમ કર્યો. તેને મૂર્છા આવી ગઈ. થોડીવારે મૂર્છા દૂર થતાં એણે સગાંઓને કહ્યું : 'મારા પગે ખૂબ પીડા થાય છે. તે તમે થોડી થોડી વહેંચી લો જેથી હું પીડારહિત થાઉં.' સગાંઓએ કહ્યું : 'અરે સુલસ તું ભોળો છે. કોઈની પીડા કોઈ કેમ લઈ શકે ?' એટલે સુલસે કહ્યું : 'તમે જો આટલી પીડા લઈ શકતા નથી તો મારું પાપ કેમ લઈ શકશો ? કુટુંબના કારણે પાપ કરી મારે એકલાને જ દુઃખ ભોગવવાનું આવે એટલે હવે કુલક્રમગત હિંસા હું નહીં કરું. બાપ જો આંધળો થયો હોય તો પુત્રે આંધળા થવું ? બાપ કૂવામાં પડે તો પુત્રે કૂવામાં પડી મરવું ?'

એટલામાં અભયકુમાર મંત્રીશ્વર ત્યાં આવી પહોંચ્યો. એણે સુલસની પ્રશંસા કરી અને એને ધર્મમાં સ્થિર કર્યો. સમ્યક્ત્વમૂલ બાર વ્રત આરાધી અંતે સુલસ દેવલોક પહોંચ્યો.

આધાર : સોમસુંદરસૂરિકૃત કાલકસૂરિ ખાટકીની કથા, પ્રાચીન ગુજરાતી ગદ્યસંદર્ભ, સંપા. જિનવિજયજી, ગુજરાત વિદ્યાપીઠ, ઈ.સ. ૧૯૩૦.

પરદેશી રાજાની કથા

શ્વેતાંબિકા નામની નગરીમાં પરદેશી નામે રાજા રાજ્ય કરતો હતો. એને રવિકાંતા નામે પત્ની અને સૂર્યકાંત નામે પુત્ર હતો. મંત્રીઓમાં મુગટ સમાન મંત્રી ચિત્રસાર હતો કે જે ખૂબ બુદ્ધિશાળી અને સર્વ પ્રકારે કુશળ અને નિષ્ણાત હતો.

રાજા અધર્મી અને અન્યાયી હતો. તે પ્રજા પર અનેક જુલમ કરતો હતો. તે વ્યસની અને ભોગવિલાસ કરનાર હતો. તે શુભાશુભ કર્મનાં ફળને નહિ માનનારો હતો.

આ પરદેશી રાજાને શ્રાવસ્તી નગરીના રાજા જિતશત્રુ સાથે મિત્રાચારી હતી. એક વખતે પરદેશી રાજાએ મંત્રી ચિત્રસારને ધન, ઘોડા અને અન્ય મૂલ્યવાન વસ્તુઓ લઈને શ્રાવસ્તી નગરીમાં જિતશત્રુ પાસે મોકલ્યો. મંત્રી ઘોડાઓ વગેરે લઈને શ્રાવસ્તી નગરી આવ્યો અને જિતશત્રુ રાજાને પરદેશી રાજાએ મોકલેલ ભેટસોગાદો નજરાણાં તરીકે આપી. જિતશત્રુ રાજાએ પણ સારો એવો આદર સત્કાર કર્યો અને રહેવા માટે સુંદર આવાસ અને સુંદર સગવડો આપી.

ચિત્રસાર થોડો સમય શ્રાવસ્તી નગરીમાં રહ્યો. આ સમયમાં ત્યાં કેશી ગણધર નામના જૈન મુનિ પધાર્યા. આ અંગેની માહિતી રાજસેવક પાસેથી જાણી ચિત્રસાર મંત્રી એમને વંદન કરવા ગયો. ચિત્રસાર એમનું વ્યાખ્યાન સાંભળી ખૂબ પ્રભાવિત થયો અને મુનિશ્રીને પોતાના રાજ્યમાં પધારવાનું નિમંત્રણ આપ્યું. કેશી ગણધરે પરદેશી રાજા અધર્મી અને કુકર્મ કરનારો હોઈ, નિમંત્રણનો ઇન્કાર કર્યો. પણ ચિત્રસારે ખૂબ આગ્રહ કરતાં એમણે શ્વેતાંબિકા નગરીમાં પધારવાનું સ્વીકાર્યું. જિતશત્રુ રાજાએ આપેલી ભેટસોગાદ લઈને થોડા દિવસ બાદ ચિત્રસાર મંત્રી સ્વનગરી પાછો ફર્યો.

થોડો સમય વીત્યા બાદ કેશી ગણધર મુનિ વિહાર કરતા કરતા શ્વેતાંબિકા નગરીમાં પધાર્યા. ચિત્રસાર મંત્રીએ તેમનું આદર સન્માન કર્યું. મંત્રી ચિત્રસારે અધર્મી પરદેશી રાજાને મુનિ સમક્ષ

લઈ જવા માટે યુક્તિ-પ્રપંચ કર્યો. તે રાજાને કંબોજ દેશના ઘોડાની પરીક્ષા કરવા જવાને બહાને કેશી ગણધર પાસે લઈ ગયો. આ વખતે રાજા અને મુનિ વચ્ચે ધર્મ અંગે જબરો વાદવિવાદ થયો અને અંતે મુનિની વાણીથી પ્રભાવિત રાજાએ જિનધર્મની આજ્ઞા સ્વીકારી.

પરદેશી રાજાની રાણી રવિકાંતાને પતિએ જિન ધર્મનો સ્વીકાર કર્યો તે વાત પસંદ આવી નહિ. તેણે સૂર્યકાંત રાજપુત્રને એના પિતા વિરુદ્ધ ઉશ્કેરવાનો પ્રયત્ન કર્યો પણ રાજપુત્ર આ બાબતમાં સમ્મત ન થયો. આ પછી રાણીએ ગુપ્તપણે વિષયુક્ત આહાર રાજાને આપ્યો. આહાર ખાધા પછી રાજાને શરીરપીડા થવા લાગી અને લથડી પડ્યો. રાજા પોતાનો અંતકાલ આવ્યો જાણી ગયો અને પોષધશાળામાં જઈને સંથારો કર્યો. રાજાને રાણીના કૃત્યની જાણ થઈ ગઈ. રાજા રાણીને ક્ષમા આપી મૃત્યુ પામ્યો અને દેવલોક પામ્યો.

આધાર : સહજસુંદરકૃત પરદેશી રાજાનો રાસ, કવિ સહજસુંદરની રાસકૃતિઓ, સંપા. નિરંજના વોરા, પ્રાકૃત વિદ્યામંડળ, અમદાવાદ-૧૯૮૯.

તેતલિપુત્ર કથા

જંબુદ્વીપની તેતલિપુર નામની નગરીમાં કનકરથ રાજા રાજ્ય કરતો હતો. રાણીનું નામ પદ્મ‌ાવતી અને રાજમંત્રીનું નામ તેતલિપુત્ર હતું.

એક દિવસ તેતલિપુત્ર નગરમાં ફરવા નીકળ્યો હતો. તે સમયે તેની નજર સુવર્ણકારની એક કન્યા પોટ્ટિલા પર પડી. તે એના રૂપસૌન્દર્યથી પ્રભાવિત થયો અને એના પિતા પાસે માંગણી કરી. તે એને પરણ્યો. બંને પતિ-પત્ની ભોગ ભોગવતાં આનંદથી દિવસો નિર્ગમન કરવા લાગ્યાં.

રાજા કનકરથ સત્તાલોલુપ હતો. એટલે તે પોતાના પુત્રને પણ પોતાનો હરીફ ગણતો. અને ભવિષ્યમાં વય પ્રાપ્ત થતાં પોતાની સત્તા પ્રાપ્ત ન કરી શકે તે માટે તેમને વિકલાંગ બનાવી દેતો.

રાણી પદ્મ‌ાવતી પોતાના પુત્રોની આવી દશા માટે તથા રાજાના સત્તાલોભી, લાલસાયુક્ત સ્વભાવથી દુઃખી હતી. તેણે રાજાને પોતાના જ પુત્રોને વિકલાંગ ન બનાવવા અને રાજગાદીના વારસ માટે તથા પિંડદાન માટે પુત્ર આવશ્યક છે તેમ રાજાને સારી રીતે સમજાવ્યો, વિનંતી કરી પણ રાજાએ તેની વાત માનવાનો ઇન્કાર કર્યો.

આ પછી રાણીએ ભવિષ્યમાં જન્મનાર પુત્રને ગુપ્તપણે ઉછેરવાનો નિર્ધાર કર્યો અને મંત્રી તેતલિપુત્રને તે અંગે ગોઠવણ કરવા જણાવ્યું. વખત જતાં એક જ સમયે રાણી પદ્મ‌ાવતી અને તેતલિપુત્રની પત્ની પોટ્ટિલાએ એકસાથે જ ગર્ભ ધારણ કર્યો. સમય થતાં રાણી પદ્મ‌ાવતીએ સ્વરૂપવાન પુત્રને જન્મ આપ્યો. આ બાજુ પોટ્ટિલાએ મૃત પુત્રીને જન્મ આપ્યો. રાણીની વિનંતીથી તેતલિપુત્રે પુત્ર-પુત્રીની અદલાબદલી કરી, રાણીના કુંવરને પોટ્ટિલાને સોંપ્યો અને મૃત પુત્રી રાણી પદ્મ‌ાવતી પાસે મૂકી. રાજાને મૃત પુત્રી જન્મી છે એમ ખબર આપવામાં આવી. રાણીને મૃત પુત્રી જન્મી છે એમ માનીને રાજા નિશ્ચિંત બન્યો અને પુત્રીની મરણોત્તર ક્રિયા કરી. તેતલિપુત્રે રાજકુમારનું નામ મકરધ્વજ પાડ્યું અને તેનો ગુપ્તપણે ઉછેર કરવા લાગ્યો.

કેટલોક સમય વીત્યા પછી એકાએક જ તેતલિપુત્રને પોટ્ટિલા અપ્રિય થઈ પડી. તેને પોટ્ટિલાનું નામ સાંભળવું પણ ગમતું નહિ. આ સ્થિતિમાં પોટ્ટિલા અત્યંત વ્યથિત થઈ અને દુઃખમાં દિવસો વિતાવવા લાગી. આ પરિસ્થિતિ જોઈને એક દિવસ તેતલિપુત્રે પોતાની ભોજનશાળામાં સાધુ-સંન્યાસીઓને ભોજન કરાવી અન્નદાન કરીને આત્માને શાંતિ આપવાની સલાહ આપી. આ સલાહ પ્રમાણે પોટ્ટિલાએ અન્નદાન કરવા માંડ્યું.

આ સમય દરમ્યાન નગરમાં જૈન સાધ્વી સુવ્રતા પધાર્યાં. પોટ્ટિલા એમને વંદન કરવા ગઈ અને પોતાને ઘેર આહાર-પાણી વહોરવા આવવા માટે વિનંતિ કરી. ઘેર આવેલ સુવ્રતા આર્યાને ઘરે આહાર વહોરાવ્યા બાદ તેમને વંદણા કરી, પોતાના પતિનો પ્રેમ પાછો મેળવવાનો ઉપાય પૂછ્યો. સુવ્રતા આર્યાએ તેને સંસારની અસારતાનો ઉપદેશ આપી દીક્ષા લઈ લેવા સૂચવ્યું. પોટ્ટિલા દીક્ષા માટેની અનુમતિ મેળવવા તેતલિપુત્ર પાસે ગઈ અને વિનંતી કરી. આ સાંભળી તેતલિપુત્રે ભવિષ્યમાં પોટ્ટિલાએ પોતાને કેવલ પ્રરૂપિત ધર્મનો ઉપદેશ આપવાની શરત મૂકીને દીક્ષા લેવાની અનુમતિ આપી. આ પછી પોટ્ટિલાએ વિધિપૂર્વક દીક્ષા ગ્રહણ કરી.

સમય થતાં કનકરથ રાજા મૃત્યુ પામ્યો અને રાજપુત્ર મકરધ્વજને રાજગાદી પર બેસાડવામાં આવ્યો. પૂર્વ ઉપકાર યાદ રાખી મકરધ્વજે પિતાતુલ્ય મંત્રી તેતલિપુત્રની સત્તા અને ભૌતિક સુખ-સગવડોમાં અનેક ગણો વધારો કરી આપ્યો. આ સ્થિતિમાં તેતલિપુત્ર ખૂબ એશઆરામથી રહેવા લાગ્યો.

પોટ્ટિલાએ પોટ્ટિલદેવના સ્વરૂપમાં તેતલિપુત્રને આગળ આપેલ વચન અનુસાર ધર્મનો બોધ આપવાનો પ્રારંભ કર્યો. પણ એશઆરામ અને ભોગવિલાસમાં રહેતા તેતલિપુત્ર પર કોઈ અસર થઈ નહિ. આ પરથી પોટ્ટિલદેવે વિચાર્યું કે જ્યાં સુધી તેતલિપુત્રને સુખ-સમૃદ્ધિ મળતાં રહેશે ત્યાં સુધી ઉપદેશની કોઈ અસર પડશે નહિ. આથી તેણે યુક્તિપૂર્વક રાજા મકરધ્વજને મંત્રીથી વિમુખ બનાવ્યો. રાજા દ્વારા અપમાનિત થયેલા મંત્રીનો એનાં માતા,

પિતા, પુત્રો અને પત્નીએ પણ અનાદર કર્યો. અપમાનિત થયેલા તેતલિપુત્રે આત્મહત્યાનો પ્રયાસ કર્યો તો તેમાં પણ તે નિષ્ફળ ગયો. આ સમયે પોટ્ટિલદેવે પોટ્ટિલાના સ્વરૂપમાં હાજર થઈને સંયમધર્મનો ઉપદેશ આપ્યો. તેતલિપુત્રને પોતાનો પૂર્વજન્મ અને તે વેળા ચૌદ પૂર્વોનો કરેલો અભ્યાસ યાદ આવ્યો. મહાવ્રતો લઈને તેણે તપશ્ચર્યા કરી અને કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. તેતલિપુર નગરની નજીકના દેવોએ નાદ કર્યો. કેવલજ્ઞાનનો મહા ઉત્સવ ઊજવ્યો.

મકરધ્વજ રાજાને સમાચાર મળતાં તેણે તેતલિપુત્ર પાસે આવી ક્ષમાયોજના કરી. તેતલિપુત્રના ઉપદેશથી તેણે પણ સંયમધર્મ સ્વીકાર્યો અને ધર્મપાલન કરતાં તે અવિચલ ઠામોનો અધિકારી બન્યો અને લાંબો સમય સંયમ પાળી, અંતે મૃત્યુ પામી પોટ્ટિલદેવ થયો.

આધાર : સહજસુંદરકૃત, તેતલિપુત્ર રાસ, કવિ સહજસુંદરની રાસકૃતિઓ, પ્રાકૃતવિદ્યા મંડળ, અમદાવાદ.

સૂડા-સાહેલી કથા

ઉજ્જૈની નગરીમાં મકરકેતુ રાજા રાજ્ય કરતો હતો. એની રાણી સુલોચના. તેમની રૂપવતી અને ગુણવતી પુત્રી સાહેલી. એક દિવસ સ્વપ્નમાં સાહેલીએ જોયું કે તે વિદ્યાધરપુરીમાં ગઈ હતી. એ નગરીનો રાજા મદન. એનો પુત્ર શુકરાજ અત્યંત બુદ્ધિશાળી અને અનેક વિદ્યાઓનો જાણકાર હતો. વિદ્યાબળે તે દરરોજ નવાં નવાં સ્વરૂપ ધારણ કરતો હતો. સાહેલીએ સ્વપ્નમાં શુકરાજ સાથે અનેક ક્રીડાઓ કરી અને આનંદ માણ્યો. સવાર થતાં જ તેની નિદ્રા તૂટી અને સ્વપ્નનગરી તથા શુકરાજ અલોપ થઈ ગયાં. પરંતુ સ્વપ્નમાં માણેલ સુખ સાહેલી ભૂલી શકી નહિ. વિરહવેદનાને કારણે એનું શરીર દૂબળું પડવા લાગ્યું. જીવનના વિવિધ પ્રકારના આનંદ-પ્રમોદમાંથી તેનો રસ ઓસરવા લાગ્યો. સાહેલીની આવી સ્થિતિ નિહાળતાં તેની સખીઓ તેને આ અંગે વારંવાર પૂછવા લાગી. પણ સાહેલી કંઈ પણ કહેતી નહિ. આખરે એક દિવસ સાહેલીએ પોતાના સ્વપ્નની અને શુકરાજ સાથેના પ્રેમની વાત સખીને કરી અને પોતે અન્ય કોઈ સાથે નહિ પણ શુકરાજ સાથે જ પરણશે એવો પોતાનો દૃઢ નિર્ણય પણ જણાવ્યો.

સ્વપ્નમાં જ જોયેલા શુકરાજને શોધવાનું કાર્ય ઘણું કઠિન હતું. પણ સખીઓએ યુક્તિ-પ્રયુક્તિ કરી અને દેશ-વિદેશમાં સાહેલીના રૂપ-સૌન્દર્યની અને શુકરાજ સાથેના તેના પ્રેમની વાતો વહેતી કરી. સાહેલીના રૂપ-સૌંદર્યની વાત શુકરાજને કાને પહોંચતાં તે એના પ્રતિ આકર્ષાયો. જે સુંદરી તેને સ્વપ્નમાં જ જોઈ પ્રેમાસક્ત બની ગઈ હતી તેને મળવાનો અને તેનું પાણિગ્રહણ કરવાનો શુકરાજે નિશ્ચય કર્યો. શુકરાજ વિવિધ રૂપ ધારણ કરતો, સાહેલીની શોધ કરતો, છેવટે સૂડાનું રૂપ ધારણ કરી સાહેલીની નગરી ઉજ્જૈનીમાં આવી પહોંચ્યો. પક્ષી રૂપે માનવવાણીમાં વિવિધ ગાથા-સમસ્યાઓ ઉચ્ચારતો તે સાહેલીના મહેલે આવી પહોંચ્યો. પક્ષીરૂપમાં તે સાહેલીને અને સૌને પ્રિય થઈ પડ્યો. આ સૂડાને જોઈને સાહેલીના મનમાં પોતાનું સ્વપ્ન સફળ થવાની આશા જાગી. સાહેલીએ સૂડાને તેનો પરિચય પૂછ્યો. આ પછી સૂડાએ જણાવ્યું કે 'તે વિદ્યાધરપુરીના રાજાનો રાજકુમાર હતો. વિદ્યાબળે વિવિધ રૂપ ધારણ કરતો તે દેશવિદેશમાં ફરતો હતો. તેની મનવલ્લભા પત્ની રિસાઈને ચાલી ગઈ હતી. તેને શોધવા તે ચારેબાજુ ફરતો હતો. તેણે અનેક સૂડીઓ જોઈ પણ કોઈ એની વિરહવેદના મટાડી શકે તેમ ન હતી. લોકમુખે સાહેલીના રૂપ-સૌન્દર્યની વાત સાંભળીને તે તેની પાસે આવ્યો છે.'

સૂડાનો ઉપર્યુક્ત વૃત્તાન્ત સાંભળીને રાણી સુલોચનાએ એને પોતાના જ મહેલમાં રહેવાનું સૂચવ્યું. સાહેલીને આ સૂચન ખૂબ ગમ્યું. સૂડા માટે સુંદર રત્નજડિત સોનાનું પાંજરું આણવામાં આવ્યું. સૂડો સુખરૂપ એમાં રહેવા લાગ્યો. સાહેલી સૂડાના સાહચર્યમાં જ પોતાનો બધો સમય વિતાવવા લાગી. સૂડા સાથેના સતત સંપર્કને કારણે સાહેલીને શુકરાજનું સ્મરણ વધુ સતાવતું હતું. સૂડો સાહેલીની મનોવેદના જાણવા તત્પર બન્યો. સાહેલીએ સૂડાને પોતાના સ્વપ્નની સર્વ કથા અને પોતાની વ્યથાની વાત સંભળાવી. વળી જણાવ્યું કે શુકરાજ વિના તેની જીવનની ક્ષણો લાંબી બની જતી હતી. શુકરાજ અને સૂડો એક જ જાતિના હોવાથી સૂડો તેની શોધ કરવા માટે અવશ્ય મદદરૂપ બની શકે તેમ હતો એમ પણ સાહેલીએ જણાવ્યું.

સૂડાએ સાહેલીને શિખામણ આપતાં કહ્યું : 'સાહેલીએ જે શુકરાજને નજરે જોયો પણ નથી એના વિરહમાં દુઃખી થવું યોગ્ય નથી. તેને તો એનાથી વધુ યોગ્ય સાથી મળી રહે તેમ છે.' આ સાંભળી સાહેલી નિરાશ થઈ અને આ જન્મે શુકરાજ સિવાય બીજા કોઈ સાથે લગ્ન નહિ કરવાનો પોતાનો નિર્ધાર જણાવ્યો.

સૂડાને સાહેલીના પ્રેમની પ્રત્યક્ષ પ્રતીતિ થઈ. તેના હૃદયમાં પણ સાહેલી પ્રત્યે અનુરાગ જાગ્યો. હંસ અને પોપટનાં વિવિધ રૂપ ધારણ કરીને સાહેલીના મનનું રંજન કરતા સૂડાએ તેને પોતાના સાચા સ્વરૂપનો પરિચય આપ્યો. સાહેલીના રૂપ-સૌંદર્યનાં ગુણગાન અને સ્વરૂપની વાત જાણીને તે પોતાની સુંદર પત્ની અને રાજ્યનો ત્યાગ કરીને ત્યાં આવ્યો હતો, એમ જણાવ્યું. સાહેલી પ્રત્યેનો એનો અનુરાગ જ તેને અહીં લઈ આવ્યો હતો. સૂડાનો આ વૃત્તાન્ત સાંભળીને સાહેલી ખુશ થઈ ગઈ. તેનું સ્વપ્ન સફળ થયું હતું. બન્ને પ્રેમીઓનું મિલન થયું.

આ પછી એક સમસ્યા એ ઊભી થઈ કે પક્ષી અને માનવીનું સહજીવન કેમ શક્ય બને ? સૂડો આ કારણે રાતદિવસ

દુઃખી રહેવા લાગ્યો. વિદ્યાધરી પત્નીના શાપને કારણે સૂડો પોતે પક્ષી મટીને મનુષ્ય બની શકે તેમ ન હતો. પૂર્વજન્મના ફળરૂપે તેણે આ શાપ સ્વીકારી લીધો હતો. આ કારણ જાણી સાહેલી પણ દુઃખી રહેવા લાગી. તેણે સૂડાને આશ્વાસન આપવાનો પ્રયાસ કર્યો, પણ તે સફળ ન થયો. બન્ને આ વિકટ પરિસ્થિતિ અંગે સચિંત બની આંસુ સારવા લાગ્યાં અને ઉપાય શોધવા લાગ્યાં.

આ સમય દરમ્યાન એક દિવસ અચાનક આકાશવાણી થઈ. દેવની વાણી સંભળાઈ કે 'ઉત્તર-પશ્ચિમ દિશાની વચ્ચે નંદનવન જેવું વન હતું. પાંચ પાંચ વર્ણનાં પુષ્પો ત્યાં ખીલતાં હતાં. એ ભૂમિમાં દેવોનો વાસ હતો. ત્યાં બહુરૂપી નામે એક વૃક્ષ હતું. એ વૃક્ષના રસમાં સ્નાન કરનાર પુરુષ બની શકે'. આ સાંભળી સૂડો સાવધ બન્યો અને તે સત્વરે નજીકમાં આવેલા તે વનમાં પહોંચ્યો. વૃક્ષના રસથી સ્નાન કરી તે પુરુષ રૂપ બન્યો અને તે સાહેલી પાસે આવ્યો.

સર્વત્ર આનંદ થયો. સાહેલી અને શુકરાજનાં લગ્ન થયાં બન્નેએ સાથે રહીને વિવિધ પ્રકારનાં સુખો ભોગવ્યાં. આમ અનેક વર્ષો વીત્યાં. એક સમયે તેઓ વસંતઋતુમાં વિહાર કરી રહ્યાં હતાં, ત્યાં કાગડાને ઘેર હંસીને પત્ની રૂપે રહેતી જોઈ કામદેવનો પ્રભાવ જાતિ-કુજાતિનો ભેદ કે વિવેક પણ ભુલાવી દે છે એવી પ્રતીતિ થતાં શુકરાજના મનમાં વૈરાગ્ય જાગ્યો. આ પછી ગુરુનાં બોધવચનો સાંભળતાં તે તાપસ બન્યો. અનેક વર્ષો સુધી તપ કરીને તે સ્વર્ગે ગયો.

આધાર : સહજસુંદરસૂરિકૃત સૂડા સાહેલી રાસ, કવિ સહજસુંદરની રાસ કૃતિઓ, સંપાદક : નિરંજના વોરા, પ્રાકૃત વિદ્યામંડળ, અમદાવાદ-૧૯૮૯.

રત્નસાર કુમારની કથા

રત્નપુરી નગરીમાં રત્નાંગદ રાજા રાજ્ય કરતો હતો. એની રાણી રત્નપ્રભા. એમને રત્નસાર નામે એક પુત્ર. આઠ વર્ષે અભ્યાસ અર્થે નિશાળમાં મૂક્યો. નિશાળમાં એને એક સૂડા જોડે મિત્રતા થઈ ગઈ. તે અભ્યાસ દરમ્યાન પણ સૂડા જોડે વાર્તાલાપ કરતો. આમ અભ્યાસ બાજુ પર રહેતો અને સૂડા સાથેની ગોષ્ઠી ચાલુ રહેતી. આવી પરિસ્થિતિ જોઈને અકળાયેલ ગુરુએ રાજા પાસે જઈને આની ફરિયાદ કરી. રાજાએ ગુરુને તે અભ્યાસમાં પ્રમાદ કરે તો ગમે તે શિક્ષા કરવાની છૂટ આપી.

આ પછી ગુરુએ એક દિવસ સૂત્રનો પાઠ ખોટો બોલવાની શિક્ષા અર્થે એને થોડો વખત દોરડાના બંધનમાં બાંધી મૂક્યો. રત્નસાર રડતો કકળતો ઘેર આવ્યો. વસ્તુસ્થિતિ જાણી માતાપિતાએ પણ એને ધમકાવ્યો. આમ બન્ને તરફથી સંતાપ અનુભવતો રત્નસાર પેલા સૂડા પાસે આવ્યો. એને નિરાશ જોઈ સૂડાએ એનું કારણ પૂછ્યું. રત્નસારે પોતાનું દુઃખ વર્ણવતાં જણાવ્યું કે સૂડાને લીધે એને ભણવાનું ગમતું નહિ અને તે બરાબર ભણતો ન હતો એટલે એને શિક્ષા કરવામાં આવી અને બધા એના તરફ જોઈને હસતા હતા.

રત્નસારની વિગત સાંભળી સૂડાએ એનો ઉકેલ સૂચવતાં કહ્યું કે 'તે એને એક સરસ્વતી મંત્ર આપે છે, જેની આરાધના કરવાથી રત્નસારને સર્વ વિદ્યા થશે'. પછી સૂડાએ આપેલ 'મંત્ર'નો જાપ કરવાથી રત્નસારને સર્વ વિદ્યાઓ પ્રાપ્ત થઈ. તે ફરીથી નિશાળે ગયો.

આ પછી એને જે કાંઈ પણ પૂછવામાં આવતું તેનો તે યોગ્ય ઉત્તર આપવા લાગ્યો. ગુરુએ પણ આ પછી એની શક્તિ જાણી અને સંગીત વગેરે કળા તથા અશ્વપરીક્ષા, દંડાયુદ્ધ વગેરે કળામાં પારંગત બનાવ્યો. પછી ગુરુ રત્નસારને રાજસભામાં રાજા સમક્ષ લઈ ગયા. રાજસભામાં રત્નસારે પોતાની કળાના પ્રદર્શન દ્વારા બધાની પ્રશંસા મેળવી.

આ અરસામાં રાજ્યના વનપાલે આવીને રાજાને ફરિયાદ કરી કે 'એક હાથી આવીને વનને ઉજાડે છે.' આ સાંભળી રાજા રત્નાંગદ સુભટોને લઈને એનો મુકાબલો કરવા તત્પર થયો. એટલામાં રત્નસારે પિતા રત્નાંગદ પાસે આ કાર્ય માટે પોતાને જવાની અનુમતિ માગી. રાજાની અનુમતિ મળતાં રત્નસાર હાથીનો મુકાબલો કરવા વનમાં ગયો. હાથી સાથે લડતાં લડતાં તે હાથીની પીઠ પર ચઢી બેઠો. એટલામાં હાથી આકાશમાં ઊડ્યો અને રત્નસારને લઈને તે શ્રીપુર નગરમાં ઊતર્યો. પછી હાથી કે જે એક વિદ્યાધર હતો તેણે રૂપપરિવર્તન કરી દેવપ્રધાનનું રૂપ ધારણ કર્યું અને રત્નસારને કહ્યું કે 'તે પોતે શ્રીપુરુષ રાજાને મળીને પાછો આવે છે ત્યાં સુધી રત્નસાર ત્યાં જંગલમાં જ રહે.' આ પછી દેવપ્રધાન ચાલ્યો ગયો.

રત્નસાર જંગલમાં ફરતો ફરતો પ્રકૃતિના વિવિધ સૌંદર્યનું દર્શન કરીને આનંદિત થયો. એટલામાં એણે એક સુંદરીને એની સખીઓ જોડે આનંદપ્રમોદ કરતી જોઈ. રત્નસાર તે સુંદરીને જોઈ તેના તરફ આકર્ષાયો. એ સુંદરી એની સખી જોડે વાત કરે છે. તે વાત દરમ્યાન તે પોતાની સખીને કહે છે કે 'એનો વહાલો પ્રીતમ રત્નપુરીના રાજા રત્નાંગદનો પુત્ર રત્નસાર છે. તે જો એને મળશે તો તો ઠીક નહીં તો અન્ય કોઈ પુરુષમાં એનું મન માનશે નહિ.' ગુપ્તપણે રહેલો રત્નસાર આ સાંભળી હર્ષ પામ્યો.

એટલામાં ત્યાં એક કઠપૂતલી આવીને નૃત્ય કરવા લાગી. આ દેવચરિત્ર જોઈ રત્નસાર આશ્ચર્ય પામ્યો. ત્યાં તો બીજી બે નારીઓ ત્યાં આવી પહોંચી અને ત્યાં ઊભેલા રત્નસારને જોઈ એના ગળામાં 'વરમાળા' પહેરાવી દીધી. 'આમ કેમ કરો છો ?' એમ પૂછવામાં આવતાં તે નારીઓએ પોતાનો આત્મવૃતાન્ત આ પ્રમાણે કહ્યો :

'મંગલપુર ગામમાં કાન્હડદે નામનો રાજા રહે છે. ભાનુમતી એની રાણી. તે અપુત્ર હતો. આથી રાજા ચંદ્રકલા નામે બીજી રાણી પરણ્યો. ચંદ્રકલા થોડા જ વખતમાં ગર્ભવતી થઈ. ભાનુમતીએ વિચાર્યું કે 'જો ચંદ્રકલા પુત્રને જન્મ આપશે તો તે પતિની લાડકી અને વહાલી થઈ પડશે' એટલે તેણે કોઈ રીતે તે રાજાને અપ્રિય થઈ પડે તે માટે એક યોજના ઘડી કાઢી. એ સંદર્ભમાં તેણે ચંદ્રકલા પ્રત્યે કૃત્રિમ પ્રીત બતાવી ભોજનમાં ગુપ્તપણે મદિરા પાઈ ચંદ્રકલાને બેભાન બનાવી દીધી. આ પછી એક પલંગ પર ચંદ્રકલાને સુવાડી એની સમીપ એક કૃત્રિમ પુરુષ-આકૃતિ મૂકી બારણાં બંધ કરી ભાનુમતીએ રાજા પાસે જઈને કહ્યું કે 'એણે ચંદ્રકલાના આવાસમાં કોઈ પુરુષને જોયો છે. તો આ અંગે કોઈને મોકલીને ચોકસાઈ કરવી જોઈએ, એમ કહેવા તે આવી છે.'

આ સાંભળી ગુસ્સે થયેલો રાજા જાતે જ ચંદ્રકળાનું ચરિત્ર જોવા એને આવાસે આવ્યો. બારણાં ખોલીને અંદરનું દૃશ્ય જોઈ તે ચંદ્રકલાને મારી નાંખવા તૈયાર થઈ ગયો. પણ પોતાને સ્ત્રી-હત્યાનું પાપ લાગશે એવા ભયે તેમ કરવાનું માંડી વાળીને તે પાછો ફરી ગયો. સવારમાં તેણે ચંદ્રકલા રાણીને પોતાના માણસો મોકલીને ઘર બહાર કાઢી મુકાવી.

એકલી અટૂલી ચાલી નીકળેલ ચંદ્રકલાએ માર્ગમાં બે પુત્રીઓને જન્મ આપ્યો. પુત્રીઓ જોઈને તે ચિંતામાં પડી ગઈ કે આ બે પુત્રીઓને લઈને તે ક્યાં જશે ! એટલામાં આકાશવાણી થઈ કે 'ચંદ્રકલા અહીં જ રહે અને તે અહીં રહેશે તો અન્નપાણી અને ધન તે એને આપશે.' અને તે વાણીએ પોતે ચક્રેશ્વરી માતા હોવાનું જણાવ્યું. ચંદ્રકલાએ પૂછ્યું કે 'અહીં રહેતાં એનું શીલ કેવી રીતે સચવાશે ? અને તે કોની જોડે વાતચીત કરશે ?' ત્યારે ચક્રેશ્વરી દેવીએ કહ્યું કે 'તે દેવી પોતે એની સેવા કરવા આવશે.' વળી દેવીએ એને એક સુરનિર્મિત પૂતલી આપી એની સાથે ચંદ્રકલાને વાતચીત કરવાનું જણાવ્યું. આ પછી ચંદ્રકલા પોતાની બાળકીઓ સહિત ત્યાં રહી ગઈ. બાળકીઓ મોટી થઈ એટલામાં માતા મૃત્યુ પામી. આટલું કહી પોતાનો આત્મવૃત્તાન્ત પૂર્ણ કરતાં તેઓ બેએ પોતે ચંદ્રકલાની પુત્રીઓ છે એમ જણાવ્યું અને પછી રત્નસારને પોતાને પરણીને એના દેશમાં લઈ જવાની વાત કહી. કેમકે વનમાં રહીને શું કરી શકાય ?'

રત્નસારે જણાવ્યું કે એનું ગામ તો હજારો કોશ દૂર હોઈ ત્યાં જઈ શકાય નહિ. જે કોઈ એને અહીં લાવ્યું છે તે એને પાછો પોતાના નગરે પહોંચાડશે. એટલે તે હાલ તો અત્રે વનમાં જ રહેશે.

આ પછી રત્નસારે તે બન્ને જોડે લગ્ન કર્યાં અને તેઓની સાથે ભોગવિલાસ કરતો રહેવા લાગ્યો.

પેલા હાથીનું રૂપ ધારણ કરનાર વિદ્યાધર શ્રીપુરનગરમાં જઈને રાજાને મળ્યો અને જણાવ્યું કે 'એને સોંપેલું કામ એણે પૂરું કર્યું છે. રત્નસારને તે નગર સમીપના કુસુમવનમાં લઈ આવ્યો છે.' આ સાંભળી રાજા સામૈયા સાથે આવીને રત્નસારને મળ્યો અને જણાવ્યું કે તે રત્નમંજરીનો પિતા છે. એણે હાથી રૂપી વિદ્યાધર વડે એનું અપહરણ કરાવ્યું આવ્યું હતું. કેમકે જ્ઞાનીઓએ એમ ભવિષ્ય ભાખ્યું હતું કે 'રત્નપુરીના રાજા રત્નાંગદનો પુત્ર રત્નસાર એની પુત્રી રત્નમંજરીને પરણશે.' આ પછી રાજાએ રત્નસારને પોતાની પુત્રી રત્નમંજરી જોડે પરણવા જણાવ્યું. એટલે રાજાના વચનને માન્ય ગણી રત્નસારે રત્નમંજરી સાથે લગ્ન કર્યાં. આ પછી તે પોતાની ત્રણે પત્નીઓ સાથે ભોગવિલાસ કરતો ત્યાં રહી ગયો.

એકવાર રત્નસાર ઉપવનમાં વિહાર કરવા ગયો ત્યારે એને એના મિત્ર સૂડાનો મેળાપ થયો. બન્ને મળીને ખૂબ આનંદ પામ્યા. રત્નસારે 'સૂડા'ને પોતાનાં માતાપિતાના ખબરઅંતર પૂછ્યા. ત્યારે સૂડાએ કહ્યું કે 'હાથી એનું અપહરણ કરી ગયો હતો પછી એના પિતા ઘણું દુઃખ પામ્યા હતા. એમણે એને (સૂડાને) રત્નસારની ખોળ કરવા મોકલ્યો હતો. તદનુસાર એણે એની ઘણી ખોળ કરી હતી અને અંતે તે બન્ને અહીં મળી ગયા.' હવે વિલંબ કર્યા વગર ઘેર જઈને માતાપિતાને મળવા સૂડાએ સૂચવ્યું.

આ પછી રત્નસારે સસરા પાસે પોતાના નગરે જવાની અનુમતિ માંગી. રાજાએ રત્નસારને ઘણું ધન વગેરે તથા એક વિમાન સાસરવાસા તરીકે આપ્યાં. આ પછી રાજાએ દુઃખી હૃદયે રત્નમંજરીને વિદાય આપી.

રત્નમંજરી અને અન્ય બે પત્નીઓને લઈને વિમાનમાં બેસીને રત્નસાર પોતાના નગરે જવા ઊપડ્યો. રસ્તામાં એક કૌતુક થયું. કોઈએ હાથ પસારી રત્નસારનું અપહરણ કર્યું અને તેને એક ધગધગતા અગ્નિકુંડ પાસે લાવવામાં આવ્યો. આ કુંડ સમીપ દશ નારીઓ બેઠેલી હતી. રત્નસાર આ જોઈ આશ્ચર્ય પામ્યો. એટલામાં તો તે દસે નારીએ એના કંઠમાં 'વરમાળા' આરોપી દીધી. રત્નસાર આથી આનંદ પામ્યો. પછી પેલી નારીઓને પેલા અગ્નિકુંડ અંગે પૂછતાં એમણે પોતાનો આત્મવૃત્તાન્ત જણાવતાં કહ્યું —

'ભિદ્દલપુરમાં શ્રીપાલ નામે રાજા રાજ્ય કરતો હતો. ભામા એની રાણી. સુયશ એમનો પુરોહિત અને વિમલમતી એની પત્ની. રાજાનો મંત્રી બુધસાર એનાં પત્ની કમલા, નગરમાં એક સાર્થવાહ રહેતો હતો. એની પત્ની નામે ચંદ્રમતી. વળી ત્યાં વરદત્ત નામે એક શ્રેષ્ઠી રહેતો હતો જેની પ્રીતિમતી નામે પત્ની. આ પાંચ પત્નીઓએ બેબે પુત્રીઓ જણી. આ દસે જણીઓ કોઈ મુનિના ઉપદેશે શ્રાવિકા થઈ અને પરસ્પરની પ્રીતિને કારણે તે સાથે જ રહેવા લાગી. યૌવનવય પ્રાપ્ત થતાં એમણે એક જ વરને

પરણવાનું નક્કી કર્યું. એમણે ભગવો વેશ ધારણ કરી વનમાં વાસ કર્યો. એક જોગી એમના રૂપલાવણ્યથી આકર્ષાઈ એમની પાછળ પડી ગયો. તેણે એમને આકર્ષવા અનેક ઉપાય કર્યા પણ તે તેમાં સફળ થયો નહિ. આખરે જોગીએ એક પ્રપંચ કરવાનું વિચાર્યું. તે નગરમાં ગયો અને લોકોમાં વાત ફેલાવી કે નગર બહાર દસ ડાકણ આવી છે, તે એમનાં બાળકોને ભરખી ન જાય તેમ સાચવવાનું કહ્યું. આ વાત સાંભળી લોકો નગર બહાર ધસી ગયા અને પેલી દસ સંન્યાસીનીઓને માર મારતા ચૌટામાં લઈ આવ્યા. પછી બધા નગરલોકોએ નિર્ણય કરી એમને નગર બહાર કાઢી મૂકી. આ દસ નારી પોતાના શીલની રક્ષા અર્થે ચિંતા કરતી હતી તેવામાં ગોમુખ યક્ષે ચિઠ્ઠી લખી તેમની સંભાળ તે રાખશે એમ જણાવ્યું અને રત્નપુરના રત્નાંગદેનો પુત્ર વિમાનમાં બેસીને અત્રે આવશે અને અમને પરણશે.' શીલ-રક્ષા અર્થે અગ્નિકુંડનો ઉપાય સૂચવતાં ગોમુખે જણાવ્યું હતું કે એમાં ધગધગતો અગ્નિ રાખજો અને જાહેર કરજો કે 'જે કોઈ આ અગ્નિમાં પડશે ને શીતલ જલનો અનુભવ કરશે તેને જ તેઓ પરણશે.' આમ કરવાથી કોઈ એમને હેરાન કરશે નહિ. તેથી એમણે એમ કર્યું. રત્નસારને વિમાનમાં જતો જોઈ તે નારીઓએ એનું અપહરણ કર્યું.' આમ વૃત્તાન્ત પૂર્ણ કર્યા પછી નારીઓએ રત્નસારને પોતાનું પાણિગ્રહણ કરવા જણાવ્યું.

આ વૃત્તાન્ત સાંભળી રત્નસાર હરખ પામ્યો અને તેણે તે દસે નારી સાથે લગ્ન કર્યાં. એવામાં પેલા જોગીની વીણાનો સ્વર સંભળાય છે. આ સાંભળી પેલી દસ નારીઓ ગભરાય છે પણ રત્નસારે એમને ન ડરવાનું કહ્યું અને પોતે શારદા-મંત્ર જપતો ઊભો રહ્યો. પેલો જોગી ત્યાં આવ્યો પણ મંત્ર-પ્રભાવે તે પરાભવ પામ્યો અને તેણે પોતાની પાસે રહેલી કંથા, રસકૂંપી અને આકાશમાં ગમન કરનારી વીણા રત્નસારને ભેટ આપી.

રત્નસાર વીણા પર પોતાની પત્નીઓ સહિત પોતાના નગરે જવા નીકળ્યો. એટલામાં માર્ગમાં એક જોગણી આવીને ઊભી રહી અને પોતાના ભાઈ જોગી પાસેથી લીધેલ કંથા, રસકૂંપી અને વીણા પરત કરવા કહ્યું. પણ રત્નસારે નવકારમંત્રનો જાપ કરતાં જોગણી પ્રસન્ન થઈ અને તેણે પોતાનો આત્મવૃત્તાન્ત કહી રત્નસારને વીણા પર બેસી પોતાના નગરમાં રવાના કર્યો. આ પછી રત્નસાર વીણાની સહાયથી પોતાની તેર પત્નીઓ સહિત સ્વનગર પહોંચ્યો. રાજા રત્નાંગદે અને લોકોએ એનું ભવ્ય સ્વાગત કર્યું.

સમય જતાં રાજા રત્નાંગદ રત્નસારને રાજગાદી સોંપીને પોતે દીક્ષા લે છે. રત્નસાર વર્ષો સુધી રાજગાદી સંભાળે છે.

કેટલાંક વર્ષો બાદ એક જૈન આચાર્ય નગરમાં પધાર્યા. રત્નસાર એમને વંદન કરવા ગયો. આ મુનિ પાસેથી પોતાનો પૂર્વભવ જાણીને રત્નસારને વૈરાગ્ય જાગતાં તે રાજપાટ છોડીને દીક્ષા લે છે. પેલી તેર રાણીઓ પણ વૈરાગ્ય ધારણ કરે છે અને લાંબો સમય તપશ્ચર્યા કરીને રત્નસાર કેવલપદ પામે છે.

આધાર : સહજસુંદરકૃત રત્નસારકુંવર રાસ, કવિ સહજસુંદરની રાસકૃતિઓ, સંપા. નિરંજના વોરા, પ્રાકૃત વિદ્યામંડળ અમદાવાદ-૧૯૯૯.

વીરભાણ ઉદયભાણ કથા

ખડગસેન રાજાને બે રાણી, પટરાણી કનકાવતી અને બીજી રૂપમતી. પણ કોઈને પુત્ર નથી. આથી રાજા અને રાણીઓ દુઃખી. કોઈની 'સોલ વર્ષે પુત્ર થશે' એવી ભવિષ્યવાણી. તે અનુસાર રાજા એકવાર વનમાં ગયો હતો, ત્યારે એક યોગીનો ભેટો થયો. રાજાએ એમની સેવા કરતાં પ્રસન્ન થયેલા યોગીની કૃપાથી રાજા ખડગસેનની પટરાણી કનકાવતીને બે પુત્રો જન્મ્યા જેમનાં નામ વીરભાણ અને ઉદયભાણ પાડવામાં આવ્યાં. યુવાન વયમાં આવેલા આ બન્ને કુમારો માથે નગરની યુવતીની છેડતી કરવાનો આરોપ-આળ આવ્યું. દરમ્યાન પોતાને પુત્ર ન હોવાથી રૂપમતી ઈર્ષા અને દુઃખ અનુભવતી. એકવાર કુમારો દડાથી રમતા હતા તે વખતે દડો રૂપમતીના મહેલમાં ગયો. કુમારો તે દડો લેવા રૂપમતીના મહેલમાં ગયા. કુમારોનું રૂપ જોઈ તેઓ પર મોહી પડેલી રૂપમતીએ પોતાની સાથે ભોગ ભોગવવાની અયોગ્ય માગણી કરી, પણ કુમારોએ તેનો ઈન્કાર કર્યો. આથી ગુસ્સે થયેલી રૂપમતીએ આ બન્નેને હેરાન કરવાનો નિર્ણય કર્યો અને તેણે રાજાની સમક્ષ કુમારોએ પોતાનું શીલ ખંડિત કર્યાનો આરોપ રજૂ કર્યો. લાંબો વિચાર કે તપાસ કર્યા સિવાય રાજાએ બન્ને કુમારોને મૃત્યુદંડની શિક્ષા ફરમાવી, પણ પ્રધાને તેમને યુક્તિપૂર્વક પરગામ મોકલી આપ્યા. નગર બહાર નીકળેલા કુમારોને રસ્તામાં આગળ વધતાં પાણી પીવાની તરસ લાગી એટલે ઉદયભાણને એક ઝાડ નીચે બેસાડી વીરભાણ પાણી લેવા ગયો. વીરભાણને પાણી શોધતાં અને લાવતાં વાર લાગી. એટલા સમય દરમ્યાન જે ઝાડ નીચે ઉદયભાણ બેઠો હતો, તે ઝાડ પરથી એક ટીપું પડ્યું. ટીપે ટીપે પાણી ભેગું કરીને પીવાની ઇચ્છાથી ઉદયભાણે પેલા ટીંપાંને એક દોણીમાં એકઠાં કર્યાં. દોણી ભરાઈ જતાં તે મોઢે માંડી એટલામાં એક સમડીએ આવી ઝપટ મારી તે દોણી ઊંધી કરી નાખી. આમ બે વાર બનતાં ગુસ્સે થયેલા ઉદયભાણે બાણથી પેલી સમડીને વીંધી નાંખી. એટલામાં વીરભાણ પાણી લઈને આવ્યો અને સર્વ બીના જાણી. તપાસ કરતાં જાણવા મળ્યું કે જે ટીપાંઓ વડે ઉદયભાણ દોણી ભરતો હતો તે મોટા કાળા ઝેરી સર્પના મોઢામાંથી ટપકતાં ઝેરનાં ટીપાં હતાં. પશ્ચાતાપ કરતા બંને ભાઈઓ પાણી પી તાજા થઈ માર્ગમાં આગળ વધ્યા.

માર્ગમાં વડનું ઝાડ આવ્યું. ત્યાં રાતવાસો કરવાનો નિર્ણય કર્યો. રાતવાસા દરમ્યાન બન્ને ભાઈઓએ વારાફરતી સૂવાનું અને ચોકી કરવાનું ઠરાવ્યું. પહેલો ચોકી કરવાનો વારો ઉદયભાણનો આવ્યો. હવે તે ઝાડની બખોલમાં રહેતી અજગરણી અને વાસુકિ

વચ્ચે પરસ્પર વાગ્યુદ્ધ થયું. એમાં ઝાડ નીચે ચોકી કરતા બેઠેલા ઉદયભાણે જાણ્યું કે વાસુકિને માથે શ્રીમણિ છે. તે જે મેળવે તેને ધન, કીર્તિ, વિજયશ્રી મળે, અકાલ મોત ન આવે, પાણીમાં ડૂબે નહીં અને અજગરણીના મસ્તક પરની મોહનવેલિ મેળવનારને હય, ગજ, રથનો પરિવાહ, દેશ-દેશાવર મળે. આ સાંભળી ઉદયભાણે તે બન્ને વસ્તુ પ્રાપ્ત કરવાનું નક્કી કર્યું અને વાસુકિને મારી મણિ મેળવ્યો. વાસુકિને ઉદયભાણે મારી નાંખ્યો એટલે એના પર પ્રસન્ન થયેલી અજગરણીએ પોતે જ તેને મોહનવેલિ આપી. સવાર પડતાં ઉદયભાણે વીરભાણને ઉઠાડ્યો પણ ઉદયભાણને દૃષ્ટિવિષની અસર થયેલી હતી. તેને માટે વૈદ્યને બોલાવવા વીરભાણ સમીપ આવેલા નગરમાં ગયો. આ વખતે જ જોગાનુજોગ નગરીનો રાજા અપુત્ર મરણ પામતાં વીરભાણ પંચદ્રવ્યથી નગરીનો રાજા બન્યો અને બે રાજકન્યા સાથે પરણ્યો.

વડના ઝાડ નીચે સૂતેલા ઉદયભાણને ત્યાંથી પસાર થતા કોઈ વિદ્યાધરે સાજો કર્યો. સાજો થયેલો ઉદયભાણ વીરભાણની શોધ કરતો નગરમાં આવ્યો પણ નગરમાં વીરભાણ ન મળતાં પોતાના ભાગ્યની પરીક્ષા કરવાનું નક્કી કર્યું. રાજા બનેલો વીરભાણ વૈદ્યને લઈને વનમાં ગયો પણ ત્યાં ઉદયભાણ ન મળતાં તે ઘણો નિરાશ થઈ ગયો.

ઉદયભાણ નગરમાં રહેતા એક કુંભારને ત્યાં રહ્યો. આ નગરીમાં સિંહનો બહુ ત્રાસ હતો. સિંહ રોજ રાત્રે આવીને નગરજનોને મારી નાંખતો. એટલે તેનો ઉપાય કરવા ચિઠ્ઠી નાંખવાનું અને જેના નામની ચિઠ્ઠી નીકળે તે નગરદ્વારે જઈને સૂવે તથા સિંહનો ભક્ષ થાય એવી વ્યવસ્થા કરવાનું નગરજનોએ ઠરાવ્યું હતું. એકવાર બજારમાંથી ઘરે આવીને ઉદયભાણ જુએ છે તો કુંભારણ રોતી હતી. તેને રોવાનું કારણ પૂછતાં કુંભારણે સિંહના ત્રાસની અને નગરજનોએ ગોઠવેલી વ્યવસ્થાની વાત કરી અને આ વ્યવસ્થા પ્રમાણે એ દિવસે ચિઠ્ઠીમાં તેના પુત્રનું નામ નીકળ્યું હોવાથી તે રોતી હતી એમ જણાવ્યું. એટલે ઉદયભાણે કુંભારણના પુત્રને બદલે પોતે જઈ સિંહને મારી નાંખી નગરજનનો ત્રાસ દૂર કર્યો અને પોતે ત્યાં જઈ સૂઈ રહ્યો. પણ નગરજનો સૂતેલા ઉદયભાણને ખાઈમાં ગબડાવી દઈ સિંહને મારી નાખવાનો યશ પોતે લે છે. નગરમાં રહેતા જીવા પટેલ ખાઈમાં પડેલ ઉદયભાણને બહાર કાઢી પોતાના ઘેર લઈ જાય છે. તેને પુત્ર તરીકે રાખ્યો અને તેનું કુશલસંઘ નામ પાડ્યું. જીવા પટેલે કુશલસંઘને પરણાવ્યો. કુશલસંઘને પગલે ઘરની સમૃદ્ધિ વધી. એની ગામલોકોને ઈર્ષા આવી અને તેઓએ બાપદીકરાને હેરાન-પરેશાન કરવાની યોજના કરી. નગરશેઠે રાજાને કહી કુશલસંઘને પોતાના ચાર પુત્રો સાથે પરાણે વહાણમાં પરદેશ મોકલ્યો અને પુત્રોને રસ્તે કુશલસંઘને મારી નાખવાની તાકીદ કરી. પણ વહાણની સફર દરમ્યાન તેઓને આવો કોઈ લાગ મળ્યો નહિ. પણ ઊલટપક્ષે કુશલસંઘની રિદ્ધિમાં વધારો થયો. માર્ગમાં આવેલ ફૂલૂટકોટના રાજાની પુત્રી કુશલસંઘને પરણી. હવે પાછા ફરતાં નગરશેઠના પુત્રોએ લાગ મળતાં રસ્તે કુશલસંઘને દરિયામાં ફેંકી દીધો અને રાજપુત્રી ફૂલમતી પાસે તેઓએ અયોગ્ય માંગણી કરી. પરંતુ તેઓ એમાં નિષ્ફળ ગયા એટલે તેઓએ ફૂલમતીને વીરભાણ રાજાને ભેટ તરીકે આપવાનું નક્કી કર્યું. આ બાજુ દરિયામાં પડેલો ઉદયભાણ શ્રીમણિના પ્રભાવે તરતો રહ્યો અને ફૂલમતીને મળી તેને આશ્વાસન આપ્યું. નગર પાછા ફરેલા વહાણમાંથી ઊતરવાની ફૂલમતીએ ના પાડી એટલે શ્રેષ્ઠીપુત્રોએ રાજાને મળી અમે એક રૂપાળી સ્ત્રી આપના માટે લાવ્યા છીએ તો તે તમે રાખો એમ કહ્યું. રાજા વીરભાણ વહાણમાં બેઠેલી ફૂલમતીને જોઈને મોહિત થયો છે પણ ફૂલમતીએ યુક્તિથી રાજાને પોતાની સાચી ઓળખાણ આપી અને બન્ને ભાઈઓનું મિલન થયું.

આ બાજુ રાજા ખડગસેનને પુત્રોની ભાળ મળતાં જ પ્રધાનને તેમને બોલાવવા મોકલ્યો. અપરમાતા રૂપમતીને ખડગસેને આ પૂર્વે જ કાઢી મૂકી હતી. બંને કુમારો રાજાને રૂપમતીને પાછી બોલાવવા સમજાવે છે. રાજાએ કુમારોને રાજ્ય સોંપી દીક્ષા લીધી. વીરભાણ ઉદયભાણને રાજ્ય આપી પોતાનું ત્રંબાવટી નગરીનું રાજ્ય ભોગવે છે. કેટલોક સમય આમ સુખપૂર્વક ગાળ્યા પછી એકવાર નગરમાં પધારેલ ધર્મઘોષ મુનિ પાસેથી પોતાના પૂર્વભવની કથા અને ઉપદેશ સાંભળી બન્ને ભાઈઓને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને દીક્ષા લેવાની ઇચ્છા થઈ. પરંતુ હજી તમારે ભોગકર્મ બાકી છે, એમ ધર્મઘોષ મુનિએ કહ્યું તેથી તેઓએ શ્રાવકવ્રત ગ્રહણ કર્યાં છે. એકવાર શેત્રુંજયની યાત્રાનો સંઘ કાઢ્યો.

ઉદયભાણને ફૂલમતીથી પુત્ર જન્મ્યો. વીરભાણને બે પુત્રો જન્મ્યા. અનેક વર્ષ પર્યંત રાજપાટ અને સુખ ભોગવ્યા પછી વીરભાણના નગરમાં એક મુનિ પધાર્યા. વીરભાણે હવે ચોક્કસ દીક્ષા લેવાનો વિચાર કર્યો અને ઉદયભાણને ખબર કરવા દૂતને મોકલ્યો. ઉદયભાણ અને ફૂલમતી પણ દીક્ષા લેવા આવી પહોંચ્યાં. ઉદયભાણને પુત્ર તરીકે ઉછેરનાર પેલા જીવા પટેલ અને ધર્મદત્ત પ્રધાન સાથે ચારે જણે દીક્ષા લીધી.

આધાર : કુશલસાગરકૃત વીરભાણ ઉદયભાણરાસ, રાસ સંગ્રહ-ભારતી વૈદ્ય.

મદન-ધનદેવ-કથા

(ઈ.સ. ૧૮૭૫ - ઈ.સ. ૧૮૧૯)

મદનનો ગૃહત્યાગ

કુશસ્થલ નગરમાં મદન શ્રેષ્ઠી રહેતો હતો. એને ચંડા અને પ્રચંડા નામે બે પત્નીઓ. બન્ને વચ્ચે તીવ્ર કલહ. મદને બન્નેને જુદા જુદા ઘરમાં રાખી અને વારાફરતી તે એક એકને ઘેર જવા-આવવા લાગ્યો. એક વખત મદન પ્રચંડાને ઘેર એક દિવસ વધુ

રોકાઈને ચંડાને ઘેર ગયો. આથી ગુસ્સે થયેલી ચંડાએ મદન તરફ છૂટું સાંબેલું ફેંક્યું. આ જોઈ મદન ત્યાંથી નાઠો. કેટલેક દૂર જઈ પાછું ફરીને જોતાં સાંબેલાને બદલે ભયંકર સાપને આવતો જોઈને ગભરાઈ ગયો ને દોડતો દોડતો પ્રચંડાના ઘરમાં ઘૂસી ગયો. ગભરાઈ ગયેલા એને પ્રચંડાએ પૂછતાં મદને ચંડાના ગુસ્સાની અને પાછળ પડેલા સાપની વાત કરી. એટલે પ્રચંડાએ પોતે એનો ઉપાય કરશે એમ કહી મદનને સ્વસ્થ થવા જણાવ્યું.

એટલામાં પેલો સાપ આંગણામાં આવી પહોંચ્યો. તેને જોઈને પ્રચંડાએ પોતાના શરીરના મેલની ગોળીઓ કરીને તે સાપ સામે ફેંકી. એ ગોળીઓ નોળિયા થઈ ગયા અને એમણે સાપના ટુકડે ટુકડા કરી નાખ્યા. આ જોઈ મદને આશ્ચર્ય અનુભવ્યું. પછી ચંડાએ અને પ્રચંડાએ કરેલ આચરણથી ભય પામેલો મદન બન્નેનો ત્યાગ કરીને પરદેશ ચાલ્યો ગયો.

મદન સંકાશ નગરીમાં આવ્યો અને બાગમાં આરામ કરવા બેઠો. એટલામાં કોઈ ભાનુદત્ત નામના શેઠે આવીને એને કહ્યું : 'મદન, તું ભલે આવ્યો, મારે ઘેર ચાલ.' પોતાને નામથી બોલાવવા માટે આશ્ચર્ય અનુભવતો તે એના ઘેર ગયો. ભાનુદત્તે એને સ્નાન, ભોજન કરાવ્યું. પછી પોતાની પુત્રી વિદ્યુલ્લતાને એની સામે લાવીને મદનને એનું પાણિગ્રહણ કરવાનું કહ્યું. સામે ઊભેલી રૂપવાન કન્યાને જોઈ તેણે ભાનુદત્તને અજાણ્યા એવા પોતાને કન્યા કેમ આપે છે તે અંગે પૂછતાં તેણે ખુલાસો કરતાં કહ્યું કે 'પુત્રી યુવાન થતાં એને પરણાવવાની ચિંતા કરતા એને કુળદેવીએ સ્વપ્નામાં આવી કહ્યું કે આવતી કાલે નગરના બાગમાં મદન નામના યુવક સાથે તારી કન્યા પરણાવજે અને તેને તારા એટલે કે એની કુળદેવીના આદેશ પ્રમાણે જ પોતાની પુત્રી પરણાવે છે.

આ પછી વિદ્યુલ્લતા અને મદનનાં લગ્ન થયાં. મદન ભાનુદત્તે આપેલ ઘરમાં રહીને વિદ્યુલ્લતા સાથે ભોગ ભોગવતો રહ્યો. આમ કરતાં વર્ષાઋતુ આવી. તે સમયે એક વિયોગી સ્ત્રી પતિનું સ્મરણ કરીને રડતી હતી. તે સાંભળીને મદનને પોતાની ચંડા-પ્રચંડા પત્નીઓની યાદ આવી અને તે આંસુ સારવા લાગ્યો. વિદ્યુલ્લતાએ પૂછતાં તેણે પોતાની બે પત્નીઓની વાત કરી. પછી વિદ્યુલ્લતાએ મદનને આશ્વાસન આપવા પત્નીઓને મળવા જવાની વાત કહી. મદને જવાની અનુમતિ માંગી પણ વિદ્યુલ્લતાએ ચોમાસામાં રસ્તા કીચડવાળા હોઈ હાલ ન જતાં શરદ ઋતુમાં જવાની સૂચના કરી. શરદ ઋતુ આવતાં લાગ જોઈને મદને વિદ્યુલ્લતા પાસે પત્નીઓ પાસે જવાની રજા માંગી જેની તેણે તરત જ સંમત્તિ આપી. રસ્તામાં ખાવા માટે કરંબાનું ભાતું પણ આપ્યું. ભાતું લઈ મદન કુશસ્થલ તરફ જવા રવાના થયો. બપોરના સમયે એક તળાવની પાળે આરામ કરવા બેઠો. પછી ભોજન કરવાની ઇચ્છા થતાં તેને કોઈ અતિથિને આપીને પછી ભોજન કરવાનો વિચાર થયો. તેવામાં ત્યાં આવતા એક જટાધારી સાધુને જોઈ તેણે શ્રદ્ધાપૂર્વક એને કરંબામાંથી થોડો ભાગ આપ્યો. મદન પણ ભોજન કરવા તૈયાર થયો. પણ છીંક આવતાં અપશુકન થયા જાણી તેણે ખાવામાં વિલંબ કર્યો. ભૂખ્યો સાધુ ત્યાં બેસીને ખાવા લાગ્યો. એટલામાં તો તે ઘેટો થઈ ગયો અને બેં બેં કરતો સંકાશ નગરી તરફ ચાલ્યો. તે જોઈને મદને વિચાર્યું 'જો મે કરંબો ખાધો હોત તો હું પણ ઘેટો થઈ જાત. એ ઘેટો ક્યાં જાય છે અને શું કરે છે તે જાણવાની જિજ્ઞાસાથી તે એની પાછળ પાછળ જવા લાગ્યો. બન્ને સંકાશ નગરીમાં પહોંચ્યા. ઘેટો વિદ્યુલ્લતાના ઘરમાં પેઠો. મદન એક બાજુ સંતાઈને ઊભો રહ્યો. વિદ્યુલ્લતા બારણાં બંધ કરીને ગુસ્સે થઈને ઘેટાને મારવા લાગી અને પોતાને મૂકીને ચંડા-પ્રચંડાને મળવા જવા માટે ઉપાલંભ આપવા લાગી. ઘેટાના પોકારથી લોકો એકઠા થઈ ગયા અને ઠપકો આપવા લાગ્યા. આ પછી વિદ્યુલ્લતાએ મંત્રેલું પાણી ઘેટા પર છાંટતાં તે જટાધારી સાધુ બની ગયો. આ જોઈ આશ્ચર્ય પામેલા લોકોએ સાધુને પૂછતાં તેણે પોતાનો વૃત્તાંત કહ્યો. બાદમાં ભય પામેલો સાધુ ત્યાંથી નાસી ગયો. વિદ્યુલ્લતાને પણ નિર્દોષ સાધુને મારવા બદલ પશ્ચાત્તાપ થયો. છુપાઈને આ બધું જોતો મદન સ્ત્રીનાં ચરિત્ર અંગે વિચારતો થયો અને વિદ્યુલ્લતાનો પણ ત્યાગ કરી હસંતી નગરી તરફ ચાલ્યો આવ્યો.

નગરના બાગમાં જિનમંદિરમાં દર્શન કરી તે રંગમંડપમાં બેઠો હતો એવામાં એક યુવાન તેની પાસે આવીને બેઠો. એ યુવાનને દુઃખી જોઈને એને પૂછતાં તેણે પોતાનો વૃત્તાન્ત કહ્યો-

ધનદેવનો વૃત્તાન્ત

હસંતી નગરીમાં ધનપતિ નામે શેઠ રહેતો હતો. લક્ષ્મી એની પત્ની. બે પુત્રો ધનસાર અને ધનદેવ. બન્નેને સર્વ કળા ભણાવી અને પરણાવ્યા. બન્ને સુખથી સંસાર સુખ ભોગવવા લાગ્યા. માતાપિતાનાં મૃત્યુ પછી બન્ને ભાઈઓ સ્ત્રીઓના કલહથી કંટાળી ધનાદિક વસ્તુઓ વહેંચીને જુદા જુદા રહેવા લાગ્યા. નાનાભાઈ ધનદેવને સ્વેચ્છાચારી પત્નીથી અસંતોષ અનુભવતો જાણી ધનસારે એને રૂપગુણયુક્ત બીજી કન્યા પરણાવી.

આરંભમાં તો નવી સ્ત્રી સાથે ભોગ ભોગવતો ધનદેવ સુખથી રહેવા લાગ્યો. પણ આ નવી પત્ની પણ દુર્ભાગ્યે સ્વેચ્છાધારી નીકળી. એક દિવસ બન્ને પત્નીઓનું ચરિત્ર જાણવાની ઇચ્છાથી ધનદેવ તાવ આવ્યાનું બહાનું બતાવી સૂઈ ગયો અને નસકોરાં બોલાવવા લાગ્યો. પછી રાત્રિના અંધકારમાં એની બે પત્નીઓ સ્વેચ્છાચારે નીકળી. નગર બહાર આવીને તે બન્ને જણીઓ એક આંબાના ઝાડ પર ચઢી. તે વખતે જાગતો એવો ધનદેવ પણ ગુપ્ત રીતે ત્યાં આવીને પેલા આંબાની બખોલમાં છુપાઈ ગયો. પછી તે સ્ત્રીઓએ મંત્ર જાપ કર્યો અને આંબો આકાશમાં ઊડીને રત્નપુર નગરમાં આવ્યો. બન્ને સ્ત્રીઓ ઝાડ પરથી ઊતરી નગરમાં ગઈ.

ધનદેવ પણ બખોલમાંથી નીકળી તેમની પાછળ પાછળ ગયો. અને તેમનું આવું ચરિત્ર જોઈ આશ્ચર્ય પામ્યો.

રત્નપુરમાં તે વખતે શ્રીપુંજ શેઠની પુત્રી શ્રીમતીનો લગ્ન ઉત્સવ ચાલતો હતો. તેને પરણવા વસુદત્તનો પુત્ર ઘોડા પર બેસી માંડવે આવ્યો હતો. પણ લોકોના ધક્કાથી તોરણનો થાંભલો પડી ગયો અને તે વરરાજાને વાગવાથી તે તત્કાલ મૃત્યુ પામ્યો. વસુદત્તે પુત્રીને પરણાવી દેવા અન્ય વરની શોધમાં પોતાના માણસો મોકલ્યા. તેઓ ધનદેવને વર તરીકે લઈ આવ્યા. એને પુત્રીને યોગ્ય જાણી વસુદત્ત હર્ષપૂર્વક ધનદેવ સાથે એનાં લગ્ન કરાવવા સંમત થયો. પછી લગ્નવિધિ શરૂ થઈ. આ વખતે ધનદેવની બંને પત્નીઓ ફરતી ફરતી અહીં આવી પહોંચી. તેઓને વરરાજા જોઈને તે પોતાનો વર ધનદેવ હોવાની શંકા થઈ. પણ તેને તો ઘેર તાવ આવ્યો હોઈ સુવાડી આવી હોવાથી તે અંગે નિશ્ચિંત બની ગઈ. ધનદેવ લગ્નવિધિ પત્યા પછી કોઈ બહાનું કાઢી છટકીને નગર બહાર આવી આંબાની બખોલમાં ભરાઈ ગયો. પછી એની પત્નીઓ પણ તે પછી ત્યાં આવી. એમણે મંત્ર ભણ્યો અને આંબો આકાશમાં ઊડીને પોતાના ઘરના આંગણે આવી ગયો. ધનદેવ બખોલમાંથી નીકળીને ઘરમાં જઈને ઓઢીને સૂઈ ગયો. બન્ને સ્ત્રીઓ એને સૂતેલો જોઈ શંકા વિના સૂઈ ગઈ. સવારે ઘરકામ કરતાં નાની સ્ત્રીએ ધનદેવના હાથે કંકણ બાંધેલું જોઈને મોટીને તે વાત કહી. મોટીએ નાનીને ન ગભરાવાનું અને આ અંગે પોતે ઈલાજ કરે છે એમ જણાવ્યું.

પછી મોટી સ્ત્રીએ દોરો મંત્રીને સાત ગાંઠ વાળીને ધનદેવના પગે બાંધી દીધો, એટલે તરત એ પોપટ થઈ ગયો. પોપટ બનેલો ધનદેવ ઊડીને જવા લાગ્યો, પણ મોટી સ્ત્રીએ તેને પકડીને પાંજરામાં પૂરી દીધો. પાંજરામાં પુરાયેલો ધનદેવ શોક કરતો રહ્યો.

રત્નપુરમાં શ્રીમતીના પતિની શોધ કરવામાં આવી પણ કાંઈ પત્તો લાગ્યો નહીં. સવારે તેણે લખેલો શ્લોક તેના જોવામાં આવ્યો. તેમાં લખ્યું હતું કે 'હસંતીપુરના નિવાસી ધનપતિનો પુત્ર ધનદેવ અહીં આવ્યો હતો અને તે પરણીને પાછો ગયો.' શ્રીમતીએ એ વાત પોતાના પિતા શ્રીપુંજને જણાવી. પિતાએ જમાઈને બોલાવવાનું નક્કી કર્યું. એ નગરનો સાગરદત્ત શેઠ ધન કમાવા માટે હસંતીનગર જતો હતો. તે વાત જાણીને શ્રીપુંજ શેઠે ધનદેવને માટે રત્ન-અલંકાર આપી સાગરદત્ત સાથે સંદેશો કહેવરાવ્યો કે તે જલ્દીથી પોતાની પત્નીને લઈ જાય. સાગરદત્ત હસંતી આવ્યો અને ધનદેવના ઘેર ગયો. ત્યાં ધનદેવને ન જોતાં એ અંગે પૂછતાં તેની પત્નીઓએ તે પરદેશ ગયો હોવાનું જણાવ્યું. શ્રીપુંજ શેઠે મોકલાવેલા અલંકાર લઈને પત્નીઓએ પોપટનું પાંજરું શ્રીપુંજ શેઠને ભેટ તરીકે મોકલાવ્યું. સાગરદત્ત રત્નપુર પાછો ફર્યો. શ્રીપુંજને ધનદેવના સમાચાર કહીને પોપટ આપ્યો. શેઠે તે પોપટ પોતાની પુત્રીને આપ્યો. પુત્રી પણ તેથી સંતોષ પામી અને પોપટને રમાડતી દિવસો વિતાવવા લાગી.

એક દિવસ પોપટના પગે બાંધેલો દોરો શ્રીમતીના જોવામાં આવ્યો. તેણે તે તોડી નાંખતાં તત્કાલ પોપટને બદલે ધનદેવ પ્રગટ થયો અને બન્ને આનંદ પામ્યાં. તેણે તે વાત પિતા શ્રીપુંજને જણાવી. આ જાણી પિતા સહિત બીજાં બધાં આનંદ પામ્યાં. ધનદેવ અને શ્રીમતી સુખે રહેવા લાગ્યાં. થોડા સમય પછી શ્રીપુંજના મૃત્યુ બાદ શ્રીમતીએ ધનદેવને પોતાના નગરે લઈ જવાની વાત કરી. પણ ધનદેવે તે વાત ટાળી. ફરીથી પાછી શ્રીમતીએ તે વાત કાઢતાં ધનદેવે પોતાની બે પત્નીઓ અંગેનો સર્વ વૃત્તાન્ત કહ્યો. ત્યારે શ્રીમતીએ ધનદેવને તે એની બે શોક્યનો બરાબર સામનો કરી શકશે એમ કહી ધનદેવને લઈને હસંતીનગર આવી. પોપટના બદલે ધનદેવને મૂળ રૂપમાં જોઈ બંને પત્નીઓ ભડકી. પણ પૂર્વેના બનાવથી અજાણ હોવાનો ઢોંગ રચી તેમણે ધનદેવનું સ્વાગત કર્યું. પછી મોટી સ્ત્રીના કહેવાથી નાની સ્ત્રી પગ ધોવા માટે જળ લઈ આવી. પતિના પગ ધોઈ તે જળ મંત્રીને મોટીએ તેને જમીન પર નાંખ્યું એટલે ચારે તરફ પાણી વધવા લાગ્યું. તે જોઈ ભય પામી ધનદેવે શ્રીમતી સામું જોયું. શ્રીમતીએ એને ન ગભરાવાનું કહ્યું. પાણી વધતું વધતું છેક નાક સુધી આવ્યું. એટલે શ્રીમતીએ પોતાના મોંથી બધું પાણી પી લીધું એક પણ ટીપું બાકી રહ્યું નહીં. આ ચમત્કાર જોઈ પેલી બે એના પગમાં પડી ગઈ અને પોતાની હાર સ્વીકારી. અને હવેથી તેઓ પતિસેવા કરશે એમ જણાવ્યું. આ પછી ત્રણે સ્ત્રીઓ હળીમળી રહેવા લાગી. પણ પેલી બે સ્ત્રીઓના સંગદોષથી શ્રીમતી પણ સ્વેચ્છાચારી બની ગઈ. આથી ધનદેવે ત્રણે સ્ત્રીનો ત્યાગ કરવાનું વિચારી તે હસંતીનગરી આવ્યો.

યુવાને વૃતાન્ત પૂરો કરતાં કહ્યું કે તે પોતે જ ધનદેવ છે. આ પછી બન્ને સમદુઃખીઓએ સંસારત્યાગ કરવાનું વિચાર્યું. આ વખતે ત્યાં એક જૈન મુનિ પધાર્યા. તેઓ એમને વંદણા કરવા ગયા. તેમનો ઉપદેશ સાંભળી બંનેએ દીક્ષા ગ્રહણ કરી અને અંતે 'અનશન'કરી સૌધર્મ દેવલોકમાં દેવ થયા.

આધાર : પદ્મવિજયકૃત મદન-ધનદેવ રાસ.

સિંહ શ્રેષ્ઠીની કથા

વાસંતી નામની નગરીમાં કીર્તિપાલ નામનો રાજા. તેને ભીમ નામનો પુત્ર અને સિંહ નામે શ્રેષ્ઠીપુત્ર મિત્ર હતો. સિંહ પરમાત્મા જિનેન્દ્રદેવનો અનન્ય ઉપાસક હતો. એકવાર રાજસભામાં કોઈ દૂતે આવી કીર્તિપાલ રાજાને કહ્યું : 'મહારાજા, નાગપુરના મહારાજા ચંદ્રને રત્નમંજરી નામે પત્ની છે. તેને ગુણમાલા નામે પુત્રી છે. તે તમારા પુત્રને આપવાની વાત માટે મને તમારી પાસે મોકલ્યો છે. તે રાજપુત્રી રૂપમાં રતિ જેવી છે જે તમારા પુત્રને

અનુકૂળ છે. તો કુમારને અમારી રાજપુત્રીને વરવા અમારી સાથે મોકલો.' ત્યારે રાજસભામાં બેઠેલા સિંહ શ્રેષ્ઠીના મુખ સામે જોઈને કીર્તિપાલ રાજાએ કહ્યું : 'સિંહ શ્રેષ્ઠી, તમારામાં ને મારામાં કશો ફરક હું ભાળતો નથી. માટે તમે કુમારને લઈ નાગપુર જાવ અને તેના વિવાહનું કાર્ય પતાવી આવો.'

આ સાંભળી અનર્થદંડના ભય, ચિંતા ને વિચારમાં પડેલા શેઠને નિરુત્તર જોઈને રાજાએ જરા ગુસ્સે થઈને પૂછ્યું – 'શું તમને આ સંબંધ ન ગમ્યો ? કે આપણા સંબંધથી ધરાઈ ગયા છો ?' શેઠે શાંતિથી કહ્યું : 'મહારાજા, એવું કોઈ કારણ નથી. મારા વ્રતની વાત છે. મેં સો યોજનથી વધારે ન જવા-આવવાનો નિયમ લીધો છે ને નાગપુર અહીંથી એનાથી વધારે દૂર છે. માટે મારાથી નહીં જઈ શકાય.' આ સાંભળી આગમાં ઘી હોમાય તેમ ને રાજાનો ક્રોધ ભભૂકી ઊઠ્યો. રાજાએ કહ્યું : 'અરે સો યોજન કરતાં વધુ કેમ જતા નથી ? હું તમને બંધનમાં મૂકી હજાર યોજન દૂર મોકલી શકું એમ છું.' સિંહ શ્રેષ્ઠીએ શાંત ચિત્તે કહ્યું : 'તમારો વિરહ હું સહન ન કરી શકું એટલે અહંકાર સહિત થઈને હું સો યોજન કરતાં વધુ અંતરે જતો નથી.' આ સાંભળી રાજા શાંત થયો અને સૈન્ય સહિત સિંહ શ્રેષ્ઠીની સાથે કુમાર ભીમને રવાના કર્યો અને ભીમને કહ્યું : 'જે કાંઈ સિંહ શ્રેષ્ઠી કહે તે તું કરજે.'

માર્ગે જતાં સિંહ શેઠે કુમારને ઇંદ્રિયો અને મનના તમાશાની વાસ્તવિકતા સમજાવી. વિષયમાં રહેલા અલ્પ સુખને સમજાવ્યું. આવો બોધ પામી ભીમકુમારની સંસારવાસના જ તૂટી ગઈ. કુમાર શેઠનો ઉપકાર માનવા લાગ્યો. ત્યાં તો સો યોજનનો પંથ પૂરો થતાં સિંહ શેઠ અટકી ગયા. આગળ જવા તૈયાર ન થયા. સેનાનાયકે એકાંતમાં કુમાર પાસે આવી કહ્યું : 'યુવરાજ, શેઠ આગળ વધવાની ના પાડે છે ને નીકળતી વખતે રાજાજીએ સ્પષ્ટ આજ્ઞા આપી છે કે કદાચ શેઠ સો યોજનથી આગળ જવાની ના પાડે તો તેમને બાંધીને પણ નાગપુર લઈ જવા.' આ વાત ભીમે સિંહ શેઠને જણાવી. સિંહ શેઠે કુમારને કહ્યું : 'આ સંસારમાં શરીર પણ જ્યાં આપણું થતું નથી ત્યાં બીજું તો કોણ આપણું થાય ? શા માટે થાય ? માટે હું તો પાદપોપગમ (વૃક્ષની જેવી સ્થિરતાવાળું) 'અણસણ' લઈશ. પછી મારા શરીરનું જેને જે કરવું હોય તે કરે.'

આ પછી સિંહ સેઠ 'અનશન' લેવા ઊપડ્યા. ભીમકુમાર પણ સાથે ચાલ્યો. રાત્રિ પડી. કુમાર અને શેઠ બન્ને ક્યાંય દેખાતા નથી. ઘણી તપાસને અંતે સવારના પહોરમાં તેઓ એક પર્વત પર ચડ્યા તો ત્યાં અનશન આદરી બેઠેલા બન્નેને જોઈ સેનાધ્યક્ષ અને સૈનિકો તેમને પ્રણામ કરવા લાગ્યા. પછી ખૂબ જ વિનયપૂર્વક બોલ્યા : 'મહાત્માઓ' તમે તો ધન્ય છો. કૃતપુણ્ય છો. અમારો અપરાધ ક્ષમા કરો. પણ અમારે શું કરવું ? રાજા આ વાત જાણશે તો અમને શિક્ષા કરશે.' ઇત્યાદિ તેમણે ઘણી વિનવણી કરી પણ તે બંને લેશમાત્ર પણ ક્ષોભ પામ્યા નહીં.

સૈનિકો છેવટે રાજા પાસે પાછા આવ્યા. રાજા તરત ત્યાં દોડી આવ્યો. તેણે નક્કી કર્યું કે 'કુમારને પરાણે બાંધીને પણ પરણાવવો તથા સિંહ શેઠને શત્રુની જેમ મારી નાંખવો.' માર્ગના જાણકાર સાથે રાજા પર્વત પર પહોંચ્યો. આશ્ચર્ય વચ્ચે તેણે જોયું કે સિંહ-વાઘ જેવાં હિંસક પશુ પણ તે બન્નેની પાસે બેઠેલાં હતાં. એટલે 'આમને ભક્તિ-બહુમાનથી પટાવવા પડશે' એમ વિચારી રાજાએ ઘણી વિનવણી કરીને મીઠાં વચનો કહ્યાં. પણ તેઓને તે ડગાવી શક્યો નહિ. આમ કરતાં મહિનાના ઉપવાસને અંતે તેમને કેવળજ્ઞાન થયું. સુર-અસુરનો સમૂહ તેમને નમવા ત્યાં આવી પહોંચ્યો ને આયુ પણ પૂર્ણ થતાં તેઓ મુક્તિ પામ્યા. તેમનો મોક્ષ થયેલો જાણી કીર્તિપાળ રાજાએ શોકથી કહ્યું : 'અરે ઓ મિત્ર, સો યોજન ઉપરાંત ન જવું એવો તમારો નિયમ હતો- નિશ્ચય હતો તો હવે અમને મૂકીને અસંખ્ય યોજન દૂર મોક્ષમાં શા માટે ગયા ?'

આમ અનેક પ્રકારે વિલાપ કરતો ને પોતાની અણસમજની નિંદા કરતો તે રાજા પોતાની રાજધાનીમાં પાછો આવ્યો ને ધર્મમાં ઉધમશીલ બન્યો.

આધાર : સોમસુંદરસૂરિકૃત સિંહ શ્રેષ્ઠીની કથા, પ્રાચીન ગુજરાતી ગદ્યસંદર્ભ.

થાવચ્ચાસુત

દ્વારિકાનગરીમાં થાવચ્ચા નામની ગાથાપતિની (ગૃહસ્થની સ્ત્રી) વસતી હતી. તે ખૂબ હોંશિયાર અને શ્રીમંત હતી. તેને એક પુત્ર હતો તે થાવચ્ચાસુત તરીકે જ ઓળખાતો. થાવચ્ચાસુત બાળપણમાં અભ્યાસમાં તેજસ્વી અને બુદ્ધિશાળી હતો. તેનો વિદ્યાભ્યાસ પૂરો થયો ત્યારે થાવચ્ચાએ તેને બત્રીસ કન્યાઓ પરણાવી.

એક વખત ભગવાન નેમિનાથ વિહાર કરતા કરતા દ્વારિકાનગરીમાં પધાર્યા. શ્રીકૃષ્ણ અને નગરજનો તેમને વંદન કરવા ગયા. તેમની સાથે થાવચ્ચાસુત પણ ગયો. ભગવાન નેમિનાથના ઉપદેશથી પ્રભાવિત થયેલા થાવચ્ચાસુતે દીક્ષા લેવાનું વિચાર્યું. ઘરે આવીને તેણે માતાને પોતાનો વિચાર કહ્યો. એ સાંભળી માતા થાવચ્ચાને ભારે આઘાત લાગ્યો. પુત્રવિયોગના દુઃખે તે રડવા લાગી. પુત્રને તેણે પોતે જ્યાં સુધી જીવિત છે ત્યાં સુધી દીક્ષા ન લેવા સમજાવવા માંડ્યો. માતાના પરલોકવાસ પછી, પોતાનો વંશ વધારીને પછી દીક્ષા લેવા કહ્યું. માતાએ પુત્રને બત્રીસ સ્ત્રીઓ ઉપરનો મોહ ન છોડવા વિનંતી કરી. વળી બાપદાદાની સંપત્તિનો ઉપભોગ કરવા કહ્યું. દીક્ષાનો માર્ગ કેટલો કઠિન છે તે દૃષ્ટાંતો આપીને સમજાવ્યું પરંતુ થાવચ્ચાસુત તો પોતાના નિર્ણયમાં મક્કમ રહ્યો. આથી થાવચ્ચાએ કૃષ્ણ મહારાજ

પાસે જઈ પોતાના પુત્રનો દીક્ષામહોત્સવ સારી રીતે ઊજવવા વિનંતી કરી. શ્રીકૃષ્ણે દ્વારિકાનગરીમાં થાવચ્ચાસુતની દીક્ષાનો ઢંઢેરો પિટાવ્યો. એ સાંભળી અન્ય નગરજનોમાં પણ કેટલાક દીક્ષા લેવા તૈયાર થયા. થાવચ્ચાસુતના મસ્તકલોચ વખતે તેમાંથી કેટલીક લટ થાવચ્ચાએ પોતાના પુત્રના સંભારણા તરીકે લઈ લીધી. તેને ગંગોદકથી ધોઈ, શ્વેત વસ્ત્રમાં બાંધી એને દાબડીમાં સાચવીને મૂકી દીધી. થાવચ્ચાસુત નેમિનાથ ભગવાનના હાથે દીક્ષા લઈ સાધુ બન્યા. ત્યારબાદ શાસ્ત્રગ્રંથોનો થાવચ્ચાસુતે અભ્યાસ કર્યો અને સંયમપાલનમાં દૃઢ થયા.

વડીલ સાધુઓની સેવા કરતાં કરતાં થાવચ્ચાસુતે જ્ઞાન અને તપશ્ચર્યાની સાધના કરી. નેમિનાથ ભગવાનની આજ્ઞા લઈ થાવચ્ચાસુત પોતાના એક હજાર શિષ્યો સાથે વિહાર કરતા સેલક નગરે પહોંચ્યા. તે નગરના સેલક નામના રાજાને પદ્મ‌ાવતી નામે રાણી અને મંડુક નામે પુત્ર હતાં. સેલક થાવચ્ચાસુતને વંદન કરવા ગયો ત્યારે મુનિનો ઉપદેશ સાંભળી તેના મનમાં વૈરાગ્ય જન્મ્યો પરંતુ, કઠિન સાધનાને કારણે તેણે દીક્ષા લેવાની ના પાડી. શ્રાવકનાં બાર વ્રત સ્વીકાર્યાં.

સેલકનગરથી વિહાર કરી થાવચ્ચાસુત સુગંધિકા નગરી તરફ ગયા. ત્યાં સુદર્શન નામે એક શેઠ રહેતા હતા. તે વખતે ચાર વેદના પારંગત સુક પરિવ્રાજક પોતાના એક હજાર પરિવ્રાજકો સાથે સુગંધિકા નગરીમાં પધાર્યા. લોકો તેમનાં દર્શને ગયા. સુદર્શન શેઠ પણ વંદન કરવા ગયા. સુક પરિવ્રાજકે શેઠને દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારનો શુચિધર્મ સમજાવ્યો. સુક પરિવ્રાજક ત્યાંથી વિહાર કરીને ગયા પછી થાવચ્ચાસુત એ નગરમાં પધાર્યા. સુદર્શન શેઠ તેમનાં દર્શને ગયા ત્યારે એમણે શેઠને સાધુઓનો અને ગૃહસ્થોનો વિનયધર્મ સમજાવ્યો. થાવચ્ચાસુતે લોહીવાળાં વસ્ત્રને જોઈ દૃષ્ટાંત આપ્યું અને શ્રાવકધર્મ અને વિનયધર્મ વચ્ચેનો ભેદ સમજાવતાં સુદર્શન શેઠે શ્રાવકનો ધર્મ સ્વીકાર્યો.

સુદર્શન શેઠે શ્રાવક ધર્મ અંગીકાર કર્યાનું સાંભળી સુક પરિવ્રાજકને આંચકો લાગ્યો. તેઓ શેઠને સમજાવવા સુગંધિકા નગરી આવી પહોંચ્યા. સુદર્શન શેઠે તેમને આવકાર્યા નહીં. તેનું કારણ પૂછતાં પરિવ્રાજકને તેમણે કહ્યું કે પોતે થાવચ્ચાસુત પાસે વિનયધર્મ-શ્રાવકધર્મ અંગીકાર કર્યો છે. આથી સુક પરિવ્રાજક સુદર્શન શેઠ સાથે થાવચ્ચાસુતને કેટલાક પ્રશ્નો પૂછવા ગયા જેના ઉત્તરો આપી મુનિએ એમના મનનું સમાધાન કર્યું.

સુક પરિવ્રાજકે યાત્રા, યાપનીય, અવ્યાબાધ અને પ્રાસુક વિહાર વિશે પૂછતાં થાવચ્ચાસુતે એ દરેકની પરિભાષા સમજાવી. આમ, બંને વચ્ચે કેટલાક પ્રશ્નોત્તર થયા. છેવટે સુક પરિવ્રાજકે થાવચ્ચાસુત ઋષિ પાસે દીક્ષા લીધી. સુકના એક હજાર શિષ્યોને પણ થાવચ્ચાસુતે દીક્ષા આપી. થાવચ્ચાસુતે શત્રુંજય પર્વત પર જઈ એક મહિનાની અંતિમ સંલેખના કરી, કેવળજ્ઞાન પામી, દેહ છોડી મોક્ષે સિધાવ્યા.

[થાવચ્ચાસુત ઋષિ ચોપાઈ અંતર્ગત સેલક મુનિની કથા]

સુક અણગારે સેલકનગરે આવી સેલકને ઉપદેશ આપતાં તેણે રાજ્યનો ભાર પોતાના પુત્ર મંડુકને સોંપી પાંચસો મંત્રીઓ, અધિકારીઓ સાથે દીક્ષા લીધી.

દીક્ષા પછી કઠિન વ્રતનિયમોને કારણે તેમને એક મહારોગ લાગુ પડ્યો. રાજસુખને કારણે કોમળ કાયાવાળા સેલક મુનિની તબિયત એકદમ લથડી જતાં તેઓ વિહાર કરતા કરતા સેલક નગરે આવ્યા. તેમને જોઈ મંડુક રાજા અત્યંત ચિંતિત થયા. મંડુકે સેવાચાકરીનો લાભ આપવા માટે પોતાને મહેલે આવીને રહેવા સેલક મુનિને વિનંતી કરી. ઉપચાર અને સારા આહારથી તેમનું શરીર તંદુરસ્ત થયું. પછી તેમને નગર છોડીને જવાનું ગમ્યું નહીં. સાધુની નિત્યક્રિયામાં શિથિલતા આવી ગઈ. મદ્યપાન કરવા લાગ્યા. આમ સેલક મુનિ ચલિત સાધુ બનતાં એમના બધા શિષ્યો એમને છોડી ગયા. પંથક નામનો એક શિષ્ય તેમની સેવાચાકરી કરવા રહ્યો.

પંથક સેલકની ખડેપગે સેવાચાકરી કરતા હતા. એવામાં કાર્તિક ચોમાસીના દિવસે પેટ ભરીને ભોજન કરીને ગુરુ ઊંઘતા હતા ત્યારે પ્રતિક્રમણ કરીને ગુરુની ક્ષમા માગવા તેમનો ચરણસ્પર્શ કરતાં ગુરુ જાગી ગયા અને પંથક ઉપર રોષે ભરાયા. પંથકે સ્પષ્ટતા કરી અપરાધ માટે ક્ષમા માગી. પંથકનાં વચનથી સેલકના ચિત્તમાં ઝબકારો થયો અને પોતાના પ્રમાદીપણા માટે પશ્ચાત્તાપ કરવા લાગ્યા. એશઆરામ છોડી પાછા સાધુપણામાં સ્થિર થયા. શત્રુંજય પર જઈ સંલેખના કરી સેલક મુનિએ દેહ છોડ્યો.

ભુવનભાનુ કેવલી

- ઉદયરત્ન

મેરુ પર્વતની પશ્ચિમ દિશામાં ગંધિલાવતી નામનો રમણીય દેશ હતો. તેમાં વિજયપુર નામની સુંદર નગરી હતી. ત્યાંના લોકો ધનવાન હતા, એટલું જ નહિ, ધર્મપરાયણ પણ હતા. તે નગરનો રાજા ચન્દ્રમૌલિ અનેક રાજાઓમાં અગ્રણી હતો. તે અત્યંત સ્વરૂપવાન હતો.

એક વખત રાજા ચન્દ્રમૌલિ પોતાના રત્નજડિત સિંહાસન પર બેઠો હતો તે વખતે પૂર્વ દિશામાં એક અલૌકિક તેજ પ્રગટ્યું. તેજની સાથે જ સુગંધિત પવન પણ વાવા લાગ્યો. સુમધુર સંગીત પણ સંભળાવા લાગ્યું. રાજાને અનુભવ થયો કે કિન્નરો માત્ર ગીત જ નથી ગાતા, પણ નૃત્ય પણ કરે છે. દેવદુંદુભિથી આકાશ ગાજી ઊઠ્યું.

રાજા ચન્દ્રમૌલિના મનમાં પણ જિજ્ઞાસા થવા લાગી. તે વખતે એક પ્રતિહારીએ આવી રાજાને કહ્યું કે પૂર્વદિશાનો વનપાલ રાજસભામાં પ્રવેશવા માગે છે. રાજાનો આદેશ મળતાં વનપાલે સભામાં પ્રવેશ કર્યો. તેણે નિવેદન કર્યું કે આપના ઉદ્યાનમાં ભુવનભાનુ કેવલી પધાર્યા છે. રાજાએ ત્યાં જ ઊભા થઈ ભુવનભાનુ કેવલીને નમસ્કાર કર્યા. પછી બધા અધિકારીઓને આદેશ આપ્યો કે ભુવનભાનુ કેવલીને વંદન કરવા આપણે જવાનું છે. રાજાએ વંદન કરવા જવા ચતુરંગિણી સેના તૈયાર કરી. પોતે એક હાથી પર આરૂઢ થયો. મુનિની નજીક પહોંચતાં જ છત્ર, ચામર, શસ્ત્ર, પુષ્પમાળાઓ, તાંબૂલ, જોડા વગેરે છોડીને મુનિની સામે ઊભો રહ્યો. રાજાએ પોતે બાળપણમાં કરેલાં મુનિઓનાં દર્શનની વાત કરી. પણ પાછળથી રાજ્યવ્યવસ્થામાં વ્યસ્ત હોવાથી સારા સંસ્કારો લુપ્ત થતા ગયા અને વિષયવાસનાનું પ્રાધાન્ય વધ્યું. એ પાપપંકમાંથી નીકળવાનો માર્ગ વિચારતો હતો એવામાં જ વનપાલે આવી મને આપના આગમનના સમાચાર આપ્યા. હું પ્રસન્ન થયો. હું આપના શરણે આવ્યો છું. મારી રક્ષા કરો. મુનિએ કહ્યું કે જે આજસુધી તમારી રક્ષા કરતા તે જ તમારી રક્ષા કરશે.

રાજા ચન્દ્રમૌલિએ કહ્યું કે ભગવન્, આપ આ સંસારના રક્ષક છો. અન્ય કોણ વ્યક્તિ છે જે તમારો પણ રક્ષક છે. ભુવનભાનુ કેવલીએ કહ્યું કે આ વિષય દીર્ઘ છે. તારું મન વિક્ષુબ્ધ છે તેથી અત્યારે તેનું વિવરણ કરવાનું મુશ્કેલ છે. છેવટે રાજાના ખૂબ આગ્રહથી મુનિવરે કહેવા માંડ્યું.

લોકોદર નામનું એક મોટું નગર હતું. બધા વર્ણના લોકો તેમાં રહેતા હતા. ત્યાંના લોકો શિલ્પકલામાં પ્રવીણ હતા. નીતિશાસ્ત્રમાં નિષ્ણાત લોકો ત્યાં રહેતા હતા. તે નગરમાં બે રાજા હતા. એકનું નામ મોહરાજા અને બીજાનું નામ ચારિત્રરાજા. તે બંનેના સ્વભાવ વચ્ચે દિવસ-રાતનું અંતર હતું. મોહરાજા પાપરૂપી સેનાનું પ્રતિનિધિત્વ કરતો હતો. તે બહુ બળવાન હતો. તે પોતાને સર્વેસર્વા માનતો હતો. તેને હિંસામાં વિશ્વાસ હતો. તે અનેક દુર્ગુણોથી ભરેલો હતો.

બીજી તરફ ચારિત્રરાજાની ધર્મરૂપી વિરાટ સેના હતી. તેનો વડો સમ્યગ્દર્શન હતો. તે પોતાની સત્તાનો સદુપયોગ કરતો હતો. તે સર્વ જીવોનો હિતકારી હતો. અનંતકાળથી મોહરાજા અને ચારિત્રરાજા એ બંનેની વિરાટ સેનાઓ યુદ્ધ કરતી હતી. તેમાં કોઈક દિવસ ચારિત્ર રાજાનો તો કોઈ દિવસ મોહરાજાનો વિજય થતો. ત્યાં એક ત્રીજો રાજા હતો જેનું નામ કર્મ-પરિણામ હતું. તે કોઈ વખત પોતાનું શુભ તો કોઈ વખત અશુભ પરિણામ બતાવતો હતો. આ કર્મ-પરિણામ મોહરાજાનો મોટો ભાઈ હતો. તેની પત્નીનું નામ કાલ-પરિણતિ હતું. 'લોકસ્થિતિ' એ મોહરાજા અને કર્મ-પરિણામ રાજાની મોટી બહેન હતી. કર્મ-પરિણામ રાજા સંસારરૂપી નાટક કરવામાં ખૂબ ચતુર હતો. તે રોજ નવી નવી લીલાઓ કરતો. તેને લીધે દેવ પણ કોઈ વખત ગધેડો બની જતા તો કોઈ વખત ગધેડો દેવ બનતો.

કર્મ-પરિણામ જે મોહરાજાનો મોટો ભાઈ છે તે ચારિત્રધર્મના પક્ષમાં હોય તો તેનો વિજય થાય, મોહરાજાના પક્ષમાં હોય તો તેનો વિજય થાય. એકવાર મોહરાજાએ તેને બીજા પક્ષે જતો જોયો તો ક્રોધિત થઈને કહ્યું કે હું સદા તમારો પક્ષ લઉં છું, તમારી સાથે મધુર આલાપ-સંલાપ કરું છું, તમને જે રીતે ગમે તે રીતે નાટક કરાવું છું છતાં પણ તમે શત્રુપક્ષની તરફેણ કરો છો. કર્મ-પરિણામે કહ્યું કે મારે ચારિત્રરાજા સાથે જૂની દોસ્તી છે માટે કોઈ કોઈ વખત તેનો પક્ષ લેવો પડે છે પરંતુ મારા અંતરમાનસમાં તો તું જ છવાયેલો છે. મોહરાજાએ તેને કહ્યું કે જો તમે પ્રસન્ન થયા હો તો તમારી અવ્યવહારરાશિ રૂપી નગરીમાંથી એક એવો યોદ્ધો પ્રદાન કરો કે જેના સહયોગથી હું ચારિત્રધર્મની સેનાને હરાવી શકું. કર્મ-પરિણામ રાજાએ પોતાના નાનાભાઈની વિનંતી સાંભળી અવ્યવહારરાશિ રૂપી નગરીમાં દુર્ભવ્ય અને અભવ્ય જેવા અનેક યોદ્ધાઓ તેને આપ્યા. મોહરાજાને તેથી આનંદ થયો. તેને શ્રદ્ધા બેઠી કે ચારિત્રધર્મના સૈનિકો આમનો વાળ પણ વાંકો નહીં કરી શકે. જ્યારે આ સમાચાર ચારિત્ર્યધર્મની સેનાને મળ્યા ત્યારે તેમનો જુસ્સો ઊતરી ગયો. તે નિરુત્સાહ થઈ ગઈ. સેનાને નિરુત્સાહ થયેલી જોઈ સદ્બોધ નામનો મંત્રી પોતાના માલિક ચારિત્રધર્મ પાસે ગયો. તેણે તેમને ન ગભરાવા કહ્યું અને ઉત્સાહથી આગળ વધવા સમજાવ્યા. એ સાંભળી ચારિત્રધર્મનો જુસ્સો ખૂબ વધી ગયો. સદ્બોધ મંત્રીએ ચારિત્રધર્મ રાજાને કર્મ-પરિણામ પાસે જવાનું સૂચન કર્યું. કારણ કે 'ઝેર જ ઝેરનું મારણ છે.' કર્મ-પરિણામ રાજા મોહરાજા જેટલો દુષ્ટ નથી. તેને સમજાવીને આપણા પક્ષમાં લેવો જોઈએ. ચારિત્રરાજા કર્મ-પરિણામ પાસે ગયો. તેણે કર્મ-પરિણામની ઉદારતાની પ્રશંસા કરી. પછી તેની પાસે મદદની માગણી કરી. કર્મ-પરિણામ પહેલાં થોડીવાર તો મૌન રહ્યો. પછી તેણે અવ્યવહારરાશિ રૂપી નગરીમાંથી એક યોદ્ધો લાવી સદ્બોધ મંત્રીને કાનમાં કહ્યું કે થોડો સમય તો આ યોદ્ધો મારી આજ્ઞાથી મોહનો અનુયાયી રહેશે. પણ પછી ધીમે ધીમે તે તમને મદદ કરશે. એ સાંભળી એ વીર યોદ્ધાને લઈ ચારિત્રધર્મરાજા પોતાના સ્થાને ગયો. તેણે સદ્બોધ મંત્રીને કહ્યું, 'કર્મ-પરિણામ રાજાએ મોહરાજાને અનેક સહાયકો આપ્યા, જ્યારે મને માત્ર એક જ આપ્યો. તે પણ પહેલાં તો મોહરાજાનો જ પક્ષ લેશે. પછી આપણો અનુયાયી બનશે.'

સદ્બોધ મંત્રીએ સમજાવ્યું કે ભાઈઓ વચ્ચે પ્રેમ હોય એ સ્વાભાવિક છે. વળી 'લોકસ્થિતિ' તે બંને ભાઈઓની મોટીબહેન છે. પરંતુ તમે તે જાણો છો કે અંધકાર ગમે તેટલો ગાઢ હોય તો પણ પ્રકાશનું એક કિરણ તેને દૂર કરે છે.

કર્મ-પરિણામ રાજાએ એક વીર સુભટને અવ્યવહારરાશિ નગરમાંથી બહાર કાઢી તેને વ્યવહારનિગોદ નામક નગરમાં રાખ્યો અને પોતે પણ ગુપ્તપણે તેની સાથે રહ્યો. જ્યારે મોહરાજાએ આ જાણ્યું કે કર્મ-પરિણામે એક વીર સુભટને ચારિત્રધર્મરાજાને સમર્પિત કર્યો છે ત્યારે તેના મનમાં વિચાર ઉદ્‌ભવ્યો કે કર્મ-પરિણામ તો નારદ જેવો છે. માટે મારે પુરુષાર્થ કરવો જોઈએ. પછી મોહરાજા ક્રોધ, માન, માયા, લોભ, મિથ્યાત્વ વગેરે સેનાને લઈને વ્યવહારનિગોદ રૂપી નગરમાં આવ્યો. પેલો યોદ્ધો વ્યવહાર-નિગોદમાંથી નીકળીને જતો ન રહે એટલા માટે અનંત ઉત્સર્પિણી અવસર્પિણીકાળ સુધી તેને વ્યવહારનિગોદમાં રાખ્યો. તેને અનેક પ્રકારનાં કષ્ટ આપ્યાં જેથી તે યોદ્ધો વિચલિત થઈ જાય. એક દિવસ મોહરાજા ક્યાંક બહાર ફરવા ગયો હતો ત્યારે કર્મ-પરિણામ રાજાએ તે વીર સુભટને વ્યવહારનિગોદમાંથી કાઢી પૃથ્વીકાયમાં રાખ્યો, મોહરાજાને જ્યારે એ વાતની ખબર પડી ત્યારે તે જાગ્રત થઈ ગયો અને પેલા યોદ્ધાને પૃથ્વીકાયમાં અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી કાળસુધી રાખ્યો. ત્યાં તેને અનેક કષ્ટ આપ્યાં જેથી તેને ખ્યાલ આવે કે મોહરાજાથી છુપાવીને જે કાર્ય કરવામાં આવે છે તેનાથી કેટલું કષ્ટ સહન કરવું પડે છે. ફરી એકવાર મોહરાજા ક્યાંક બહાર ફરવા ગયો ત્યારે કર્મ-પરિણામ રાજાએ તે યોદ્ધાને પૃથ્વીકાય નગરમાંથી કાઢી અપકાયનગરમાં રાખ્યો. પછી ત્યાંથી તેજસ્કાય અને વાયુકાય નગરમાં રાખ્યો જેથી મોહરાજા અત્યંત ગુસ્સે થયો. અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી કાળ સુધી તે યોદ્ધાને કષ્ટ આપ્યા કર્યું. પછી મોહરાજાને અસાવધાન જોઈને વીર યોદ્ધાને વનસ્પતિમાં લઈ ગયો. મોહરાજાને લાગ્યું કે કર્મ-પરિણામ રાજા મારી સાથે છલના કરી રહ્યો છે ત્યારે તે યોદ્ધાને સત્તર કોટા-કોટિ સાગરોપમ સુધી વનસ્પતિકાયમાં રાખીને વિવિધ યાતનાઓ પ્રદાન કરી. આમ મોહરાજાએ અસંખ્ય વર્ષો સુધી પેલા વીર યોદ્ધાને યાતનાઓ આપી.

આમ એકેન્દ્રિયના કારાગૃહમાંથી પંચેન્દ્રિય અને ત્યાંથી ફરી એકેન્દ્રિયમાં પેલા વીર યોદ્ધાની ખેંચતાણ ચાલી. એક વખત કર્મ-પરિણામ રાજાએ તે યોદ્ધાજીવને ખેંચીને અનાર્ય દેશના ચર્મજ મનુષ્યોના નગરમાં મૂક્યો. જ્યારે મોહરાજાને ખબર પડી કે પેલો યોદ્ધો ભાગી ગયો છે ત્યારે મોહરાજા પાસે રસગૃદ્ધિ અને અનાર્યપ્રવૃત્તિ નામની બે સ્ત્રીઓ પહોંચી ગઈ અને રાજાને કહ્યું કે જો તમારો આદેશ હોય તો ફરીથી તે જીવને એકેન્દ્રિયના કારાગૃહમાં નાંખી દઈએ. રાજાએ આદેશ આપ્યો એટલે પેલી બે સ્ત્રીઓએ પેલા યોદ્ધા પાસે જઈ પોતાની જાળ ફેલાવી. રસગૃદ્ધિએ તેને દારૂ પીવા, માંસ, માંછલાં અને ઈંડાં ખાવા અને વિવિધ પ્રકારની અભક્ષ્ય વસ્તુ ખાવા પ્રેર્યો. અનાર્યવૃત્તિએ તેને મા-બહેન અને અન્ય સ્ત્રીઓ તરફ કુદૃષ્ટિ કરવા પ્રેર્યો, આથી પેલા યોદ્ધાનો વિકાસ અટકી ગયો. થોડા વખતમાં જ મોહરાજા તેને નરકમાં લઈ ગયો અને ત્યાં કારાગૃહમાં રાખ્યો. વેદનીય કર્મને કારણે તેના શરીરમાં અનેક રોગ ઉદ્‌ભવ્યા. ફરી એકવાર માનવ બની કસાઈના રૂપે અનેક જીવોને માર્યા.

એક દિવસ કર્મ-પરિણામ રાજા તેને આર્ય દેશમાં ઉચ્ચ જાતિના નગરમાં લઈ ગયો. તે કનકપુરમાં અમર શ્રેષ્ઠીની પત્ની નંદાના ગર્ભમાંથી પુત્ર રૂપે જન્મ્યો. મોહરાજાએ પોતાના સેનાપતિઓને બોલાવી ઠપકો આપતાં કહ્યું કે તમારી જરાક જેટલી અસાવધાનીથી પેલા યોદ્ધાનો જીવ અનાર્યક્ષેત્રમાંથી બહાર નીકળી આર્યક્ષેત્રમાં જતો રહ્યો છે અને ઉચ્ચ કુળમાં તેનો વાસ થઈ ગયો છે. ચારિત્રરાજાના શરણમાં તે પોતાનો ઝડપી વિકાસ કરશે. એવો ક્યો યોદ્ધો છે જે તેના વિકાસને રૂંધી શકે.

મોહરાજાની વાત સાંભળી મિથ્યાદર્શન મંત્રીએ પોતે તેનો વિકાસ રૂંધવાનું બીડું ઝડપ્યું. તે કનકપુર આવ્યો. શ્રેષ્ઠીપુત્ર છ માસનો થતાં તેનાં માતાપિતા અવસાન પામ્યાં. શ્રેષ્ઠીપુત્ર રૂપે અવતરેલો યોદ્ધો યુવાન થયો. યુવાવસ્થામાં તે કુસંગતિમાં ફસાયો તેથી સપ્ત વ્યસનોનો ભોગ બન્યો. વેશ્યાઓના સંગને કારણે તે મદ્ય-માંસ વગેરેનું સેવન કરવા લાગ્યો. તેથી તેનો વિકાસ રુંધાયો. ફરીથી તે જીવ એકેન્દ્રિય કારાગૃહમાં લાંબા સમય સુધી ભટક્યા કર્યો.

એક દિવસ મોહરાજા તદ્દન નિશ્ચિંત થઈ ગયો કે હવે આ જીવ ક્યાંય નહીં જાય ત્યારે કર્મ-પરિણામ રાજાએ તે યોદ્ધાના જીવને શ્રીનિલય નામના નગરમાં ધનતિલક નામના શ્રેષ્ઠીની પત્ની ધનવન્તીના ગર્ભમાં પહોંચાડી દીધો. ફરી મોહરાજાએ મંત્રીઓને બેદરકારીનું પરિણામ શું આવે છે તે કહ્યું. મિથ્યાત્વ મંત્રીએ ફરી રાજાને ચિંતા ન કરવા કહ્યું. મંત્રી ચિંતાતુર ચહેરો લઈ ઘેર આવ્યો ત્યારે તેની પત્ની કુદૃષ્ટિએ ચિંતાનું કારણ પૂછ્યું. મંત્રીએ બધી વિગત કહી.

કુદૃષ્ટિએ ચિંતા છોડી પોતાની સાથે આવવા મંત્રીને કહ્યું. મંત્રી તેની સાથે શ્રીનિલય નગર ગયો. એ વખતે ધનવંતીએ પુત્રને જન્મ આપ્યો. તેનું નામ વૈશ્રમણ રાખવામાં આવ્યું. તે ધીમે ધીમે મોટો થયો. કુદૃષ્ટિએ પોતાની નાની બહેન તૃષ્ણાને પોતાની થોડી શક્તિ બતાવવા કહ્યું, તૃષ્ણા ધનતિલકની પાસે પહોંચી તેથી ધનતિલકે પોતાના પુત્ર વૈશ્રમણને વિદેશ જઈ ધન કમાઈ લાવવા કહ્યું. પિતાની પ્રેરણાથી તે ધન કમાવા તૈયાર થયો. કુદૃષ્ટિએ લાભાન્તરાયને તેનો ચમત્કાર બતાવવા કહ્યું. વૈશ્રમણે પિતાને કહ્યું કે હું કોઈ પણ વેપાર કરીશ તો ધનના ઢગલા થઈ જશે. તેણે વેપાર શરૂ કર્યો પણ લાભાન્તરાયને કારણે એક પૈસો પણ કમાતો નહોતો. તેને ખાવાના પણ ફાંફા પડવા લાગ્યા. એક દિવસ તૃષ્ણાએ પણ પોતાનો પ્રભાવ બતાવવા વિચાર્યું. તે વખતે એક તસ્કરે આવી વૈશ્રમણને ચોરેલાં આભૂષણો બતાવ્યાં. વૈશ્રમણને

સસ્તા ભાવે આપી દેવા કહ્યું. વૈશ્રમણે લાલચમાં તે લઈ લીધાં અને આનંદ પામ્યો. તેણે વિચાર્યું કે ચોરીનો માલ ભલે હોય હું એનાથી સુખી થઈ જઈશ. જેવો એ આભૂષણોનો ડબ્બો પોતાની પાસે લઈને બેઠો કે તરત જ રાજયના સિપાઈઓએ આવી વૈશ્રમણને આભૂષણોના ડબ્બા સાથે પકડી લીધો. તેને રાજા સામે ઊભો કર્યો. રાજા તેની ઉપર ખૂબ ક્રોધે ભરાઈ બોલ્યો, 'અરે દુષ્ટ, શ્રેષ્ઠીપુત્ર થઈને ચોરી કરતાં તને જરાય વિચાર ન થયો ?' રાજાએ તેને શૂળીએ ચઢાવવાનો આદેશ આપ્યો. જ્યારે એ સમાચાર શ્રેષ્ઠી ધનતિલકને મળ્યા ત્યારે તે ખૂબ દુઃખી થયા. તે બહુ જ લોભી હતો. છતાં એકાએક પોતાના પુત્રને શૂળી પર ચડતો કેવી રીતે જોઈ શકે ? તે રાજા પાસે પહોંચ્યો અને તેની માફી માગી. રાજાએ તેના પુત્રનો અપરાધ ઘણો મોટો હોવાનું કહ્યું. તેણે આભૂષણોની ચોરી કરી ઘણું મોટું દુષ્ટ કાર્ય કર્યું છે. પરંતુ તે એક શ્રેષ્ઠીનો(તમારો) પુત્ર છે તેથી તેને એ શરત પર મુક્ત કરું કે તમે તેના વજન બરાબર સુવર્ણમુદ્રાઓ આપો. શ્રેષ્ઠીએ તેમ કર્યું અને પુત્રને છોડાવ્યો. વૈશ્રમણ માટે હવે શ્રીનિલયનગરમાં રહેવાનું દુષ્કર થઈ ગયું. તેણે પરદેશ જઈ ધન કમાવાનું વિચાર્યું. તેણે પોતાનો વિચાર પિતાને જણાવ્યો. પિતા ધનતિલકે પણ તેને ચીજવસ્તુઓ ખરીદવા અઢળક ધન તેને આપ્યું. વેપાર કરવા લાયક ચીજવસ્તુઓ લઈને તે ઊપડ્યો. પરંતુ દૂર જતાં તે મુખ્ય રસ્તો ભૂલી જંગલના રસ્તે ચડી ગયો. રસ્તામાં લૂંટારાઓએ તેને લૂંટી લઈ એક વૃક્ષ સાથે બાંધી દીધો. ભૂખ્યો-તરસ્યો તે કેટલાય દિવસ સુધી પડ્યો રહ્યો. તે વખતે કેટલાક લોકો જંગલમાં લાકડાં લેવા ગયા. તેમણે વૈશ્રમણને વૃક્ષ સાથે બંધાયેલો જોયો. એ લોકોને દયા આવવાથી બંધનમાંથી છોડાવ્યો. પોતાની પાસેનું ભોજન કરાવ્યું અને પાણી પાયું. લોકોએ તેને તેની આ સ્થિતિ કેવી રીતે થઈ તે વિશે પૂછતાં વૈશ્રમણે બધી હકીકત કહી. પોતે વ્યાપારાર્થે શ્રીનિલયનગરથી રત્નપુર જઈ રહ્યો હતો તે કહ્યું. લોકોએ તેને રત્નપુરનો રસ્તો બતાવ્યો. તે ચાલવા લાગ્યો. માર્ગમાં એક જલાશયમાં સ્નાન કર્યું, પાણી પીધું અને આગળ ચાલ્યો. ભૂખથી પીડાતો તે આગળ ચાલ્યો પણ છેવટે મૂર્છિત થઈને પડ્યો. હોશ આવ્યા પછી આગળ ચાલ્યો. રાત્રિના અંધકારમાં તે પડતો-આખડતો ચાલતો હતો. ગામમાં ભીખ માગતો પણ અંતરાયકર્મને કારણે કંઈ ખાવા મળતું નહોતું. ગ્રામવાસીઓએ તેનો બદસૂરત ચહેરો જોઈ ધારી લીધું કે તે ચોરોનો ગુપ્તચર છે અને ભિક્ષાના બહાને અહીં આવ્યો. આથી ગ્રામવાસીઓએ તેને કારાગૃહમાં પુરાવી દીધો. છેવટે કારાગૃહના અધિપતિને તેણે સમજાવ્યું કે તે એક વેપારી છે અને વેપાર કરવા રત્નપુરી જઈ રહ્યો હતો ત્યારે ચોરોએ તેની આ દશા કરી છે. કારાગૃહના વડાએ તેને છોડી દીધો. પછી અનેક કષ્ટ સહન કરતો તે બેનાતટ નગર પહોંચ્યો. ત્યાં એક શ્રેષ્ઠીને ત્યાં નોકરી કરી. ત્યાં અંતરાયકર્મે તેને પરેશાન ન કર્યો તેથી તે લાખો રૂપિયા કમાયો. જેમ જેમ એ કમાતો ગયો તેમ તેમ તેની તૃષ્ણા બેવડાતી ગઈ.

એક દિવસ એ બગીચામાં ફરી રહ્યો હતો ત્યારે બે મિત્રો પૈસા કમાવાના માર્ગો અંગે ચર્ચા કરતા હતા. તેમાં સમુદ્રયાત્રાનો પણ ઉલ્લેખ હતો. વૈશ્રમણે તે વાત સાંભળીને વિચાર્યું કે સમુદ્રયાત્રા કરું, કરોડો રૂપિયા કમાઉં. તે અનેક નૌકાઓમાં કિંમતી વસ્તુઓ લઈ રત્નપુર જવા નીકળ્યો. પરંતુ સમુદ્રમાં ભયંકર તોફાન ઊઠ્યું. જોતજોતામાં નૌકાઓ સમુદ્રમાં ડૂબી ગઈ. એક નૌકા તૂટીને વેરણછેરણ થઈ ગઈ. તેનો લાકડાનો એક ટુકડો વૈશ્રમણના હાથમાં આવ્યો. તેના સહારે તરતો તરતો વૈશ્રમણ કિનારે પહોંચ્યો. કેટલાક દિવસ સુધી તે કિનારે જ બેભાન અવસ્થામાં પડ્યો રહ્યો. એક જણે દયા લાવી તેની દવા કરી જેથી તે સ્વસ્થ થયો.

એ અપરિચિત દેશમાં અપરિચિત ફળ અને મદ્ય-માંસનું સેવન કરવાથી તેના શરીરમાં અનેક રોગ થઈ ગયા. તેમાંથી બચવા તે ઔષધ માટે ફાંફા મારવા લાગ્યો. કોઈ વૈદ્યે તેને દવા આપી સ્વસ્થ કર્યો. ફરી ધન કમાવાની તેની ઇચ્છા પ્રબળ થઈ. તે અનેક પ્રકારે કૂડકપટ દ્વારા ધન કમાવા પ્રયત્ન કરવા લાગ્યો. કોઈ એક ચોરે રાજકોશમાંથી ધનનું હરણ કરી એક વૃક્ષ નીચે બેઠેલા વૈશ્રમણના હાથમાં તે પોટલી પકડાવી દીધી. વૈશ્રમણે પોટલી ખોલીને જોયું તો તેમાં બહુ મૂલ્ય રત્નો હતાં. તે આનંદથી નાચી ઊઠ્યો. તે વખતે રાજાના અનુચરોએ તેને ચોર સમજી પકડી લીધો. રાજાની સામે ખડો કરી દીધો. રાજાને વૈશ્રમણે પોતે ચોર ન હોવાનું કહ્યું પણ રાજાએ એની વાત ન માની અને તેનેં વીંછીના ડંખ મરાવવાની સજા કરી. વૈશ્રમણ ત્રાસી ગયો. આ સિવાય પણ ઘણાં કષ્ટ આપવામાં આવ્યાં. એને લાગ્યું કે આના કરતાં તો મરવું સારું. એ વખતે કોઈ ડાહ્યા માણસે તેને સમજાવ્યું કે આવી પરિસ્થિતિમાં માત્ર ધર્મ જ રક્ષણ કરે છે. તેણે ધર્મનું શરણ લેવાનું નક્કી કર્યું. એ સાંભળીને મિથ્યાત્વની પત્ની કુદૃષ્ટિ વિચારવા લાગી કે આના મનમાં વિરક્તિ થઈ છે તો ક્યાંક તે જીવ સમ્યક્ત્વ ન લઈ લે. કુદૃષ્ટિએ વૈશ્રમણના મનમાં જે વૈરાગ્ય ભાવના જાગૃત થઈ રહી હતી તેને નષ્ટ કરવાનો પ્રયાસ કર્યો. તેના મનમાં એવી ભાવના જાગૃત કરી કે હું તો હજી નવજુવાન છું. મારાં માતપિતા જીવિત છે. તેમની હયાતીમાં મોજમજા જ કરવી જોઈએ. ધર્મ તો વૃદ્ધાવસ્થામાં આચરવાની બાબત છે. તેને પોતાનું વતન શ્રીનિલયનગર અને માતાપિતાની સ્મૃતિ તાજી થઈ. તે ત્યાં પહોંચ્યો. જોયું તો માતાપિતા અવસાન પામ્યાં હતાં. ઘર ખંડેર થઈ ગયું હતું. ફરીથી તેના મનમાં વૈરાગ્યની ભાવના જાગૃત થવા લાગી. એ જોઈને કુદૃષ્ટિને ચિંતા થવા લાગી કે આ જીવ ક્યાંક સદ્ધર્મ ગ્રહણ કરીને પોતાની ચુંગાલમાંથી બહાર ન નીકળી જાય. તેણે પોતાની પુત્રી કુધર્મબુદ્ધિને વૈશ્રમણની પાસે મોકલી કે જેથી તે અધર્મને ધર્મ સમજવા લાગે.

મોહરાજાએ મિથ્યાત્વ મંત્રીને સચેત કર્યો કે આ જીવ તારી ચુંગાલમાંથી મુક્ત ન થઈ જાય. મિથ્યાત્વે રાજાને કહ્યું કે તમે

ચિંતા ન કરશો. મેં મારી પુત્રીને તેની પાસે મોકલી દીધી છે. જેથી તેની દૃષ્ટિ હંમેશ ભ્રમપૂર્ણ રહેશે.

સદ્‌બોધ મંત્રીએ કર્મ-પરિણામ રાજાને કહ્યું કે તમે વચન આપેલું પરંતુ અનંત પુદ્‌ગલ પરાવર્તનનો સમય પસાર થઈ ગયો છે છતાં પેલા વીર યોદ્ધાનો જીવ ચારિત્રધર્મના શરણમાં નથી પહોંચ્યો. ક્યાં સુધી તેની પ્રતીક્ષા કરવાની છે ? કર્મ-પરિણામે કહ્યું કે હું પણ ઇચ્છું છું કે તે જીવ જલ્દીથી ચારિત્ર્યધર્મના શરણમાં પહોંચે. પરંતુ મોહરાજા અને તેની સેના એટલી જાગ્રત છે કે જેથી તેનો વિકાસ નથી થતો.

કર્મ-પરિણામની પાસે ચારિત્રધર્મ રાજાનો મંત્રી પહોંચ્યો. એ જાણી મોહરાજા પોતાના ભાઈ પાસે ગયો અને સદ્‌બોધને કહ્યું, 'તે જીવ આજ સુધી અમારા શરણમાં રહ્યો છે. તમે આજ સુધી તેની સંભાળ લીધી નથી. હવે તેની પાછળ કેમ પડ્યા છો ? અહીંથી ચાલ્યા જાવ.'

સદ્‌બોધે વિચાર્યું કે મોહરાજા સાથે ખોટી ચર્ચા કરવાનો કોઈ અર્થ નથી. જો તે જીવ ભવ્ય હશે તો મોહરાજા ગમે તેટલા પ્રયત્ન કરશે તો પણ અમારો જ વિજય નિશ્ચિત છે. સદ્‌બોધ ત્યાંથી કંઈ કહ્યા વગર જતો રહ્યો. વૈશ્રમણે મોહરાજાના સંકેતથી તથા કુદૃષ્ટિ અને કુધર્મબુદ્ધિની પ્રેરણાથી શ્રીનિલયનગરની બહાર એક તપસ્વી સ્વયંભૂ રહેતો હતો અને જે પંચાગ્નિ તપ કરતો હતો તેની પાસે જઈ ધર્મનો મર્મ જાણવાની ઇચ્છા પ્રગટ કરી. તપસ્વીએ કહ્યું કે શૌચમૂલ જ સાચો ધર્મ છે. તેથી વૈશ્રમણ તપસ્વી સ્વયંભૂના આદેશાનુસાર વસ્ત્રપ્રક્ષાલન, શરીરપ્રક્ષાલન વગેરેને જ ધર્મ માનીને તેમાં રચ્યોપચ્યો રહેવા લાગ્યો. હોમ-હવનમાં અનેક પશુઓનો તે બલિ આપતો.

એક દિવસ તેણે સ્વયંભૂ પાસે તાપસી પ્રવ્રજ્યા ગ્રહણ કરી અને મિથ્યા મતનો પ્રચાર કરવા લાગ્યો. લોકોને તેણે મિથ્યાત્વ તરફ દોર્યા તેથી મોહરાજા પ્રસન્ન થયો. જીવનભર તેણે મિથ્યાત્વનો પ્રચાર કર્યો તેથી વૈશ્રમણ ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી એકેન્દ્રિય વગેરે વિવિધ કારાગૃહોમાં અનંતકાળ ભટકતો રહ્યો. પછી તે જીવ મનુષ્ય રૂપે બ્રહ્મદત્ત નામના બ્રાહ્મણને ત્યાં પુત્ર સોમદત્ત રૂપે અવતર્યો.

મિથ્યાત્વની પત્ની કુદૃષ્ટિ પણ તેની સાથે જ હતી. મોહરાજાએ તેને આદેશ આપી રાખ્યો હતો કે જો તે જીવની ઉપેક્ષા કરશે તો તે ચારિત્રધર્મને શરણે જતો રહેશે. તે જીવ જ્યારે મનુષ્યરૂપે અવતર્યો ત્યારે કુદૃષ્ટિ તેની સાથે જ હતી. એને લીધે સોમદત્ત દેવદેવીઓનાં નામ પર બલિદાન આપવા લાગ્યો. ભેંસ, બકરાં વગેરેનું બલિદાન આપતો અને માંસાહાર પણ કરતો. ફરી તે જીવ પરિભ્રમણ કરવા લાગ્યો. મોહરાજા પોતાની મહિલા સેના ઉપર ખુશ થઈ ગયો.

એકવાર એ જ જીવ કર્મ-પરિણામને કારણે માનવ થયો. એનું નામ ચંદનસાર રાખવામાં આવ્યું. મિથ્યાત્વે કુદૃષ્ટિને સાવધાન કરી. ચંદનસાર મોટો થયો. તેને અનેક મિત્રો હતા જે વિષયલોલુપ હતા. તેનો સિદ્ધાંત હતો - ખાઓ, પીઓ અને મોજમજા કરો. તે હંમેશા ઇંદ્રિયવિષયોમાં તલ્લીન રહેતો. વિષયવાસનામાં વધારો કરવા તે રોજ અભક્ષ પદાર્થોનું સેવન કરતો. તેની પત્ની તેને કાયમ ઠપકો આપતી. વધારે પડતા ખોરાક અને વિષયસેવનને કારણે તેને કુષ્ઠરોગ થયો અને છેવટે મૃત્યુ પામ્યો. ફરીથી તે નરક, તિર્યંચ વગેરે યોનિઓમાં ભટકતો રહ્યો.

ફરી એકવાર તે સૌભાગ્યપુર નગરમાં સુન્દર શ્રેષ્ઠીને ત્યાં પુત્ર 'વરુણ' રૂપે અવતર્યો. વરુણ જેમ જેમ મોટો થતો હતો તેમ તેમ મોહરાજાને ચિંતા સતાવવા લાગી કેમકે સુન્દર શેઠ ધર્મનિષ્ઠ હતા. તેથી તેનો પુત્ર પણ ધર્મ પ્રાપ્ત કરી લે તેમ લાગ્યું. મોહરાજાને થયું કે એમ થાય તો મારો અનંતકાળનો પ્રયત્ન નિષ્ફળ જાય.

મોહરાજાને ચિંતાતુર જોઈ કુદૃષ્ટિએ કહ્યું કે તમે ચિંતા ન કરશો. પેલા યોદ્ધાનો જીવ ધર્મયુક્ત વાતાવરણમાં રહેવા છતાં ધર્મથી વિમુખ રહેશે.

કુદૃષ્ટિએ પોતાના સહયોગી દર્શનાવરણ અને વેદનીય કર્મને બોલાવ્યા અને કહ્યું કે મોહરાજાના આદેશથી તમે તેના શરીરમાં એવી આળસ પેદા કરી દો કે ધર્મનું નામ લેતાં જ તેને ઊંઘ સતાવવા લાગે. તેનું શરીર ધર્મને ગ્રહણ ન કરી શકે. પછી તો ધર્મનું નામ લેતાં જ વરુણના માથામાં દર્દ થવા લાગતું હતું. તેણે પોતાના પિતાને કહ્યું કે ધર્મ તો વૃદ્ધાવસ્થામાં આચરવાની બાબત છે. પિતાએ તેને કહ્યું કે વૃદ્ધાવસ્થા આવશે કે કેમ તે એક પ્રશ્ન છે. વરુણ માંસસેવન કરતો, મદિરાપાન કરતો. તે પછી તે વિવિધ યોનિયોમાં અનંતકાલ ભટકતો રહ્યો. ત્યારબાદ તે નરકમાંથી નીકળી વિમલપુર શહેરના રમણ શ્રેષ્ઠીને ત્યાં અવતર્યો. તેનું નામ સુમિત્ર રાખવામાં આવ્યું. તે મોટો થયો. એક દિવસ આચાર્ય ધર્મઘોષ વિમલપુરમાં પધાર્યા. તેમનું પ્રવચન સાંભળવાની ઇચ્છા સુમિત્રના મનમાં જાગી. એની જાણ થતાં મોહરાજાએ પોતાના અનુચરોને સાવધાન રહેવાનો આદેશ આપ્યો. જો સુમિત્ર ધર્મઘોષની નજીક પહોંચી જાય તો શત્રુદળ સેનાનો તેને સહયોગ મળી જશે.

મોહરાજાના આદેશથી રાગે કહ્યું, 'હું જઈને મારા પ્રભાવથી પ્રભાવિત કરીશ.' જેવો સુમિત્ર પ્રવચન સાંભળવા જવાની તૈયારી કરવા લાગ્યો કે તરત જ તેનાં સંતાનોએ તેને ઘેરી લઈને તેમની સાથે ક્રીડા કરવા ઉદ્યાનમાં આવવા વિનંતી કરી. સુમિત્રે વિચાર્યું કે આચાર્ય તો હમણાં અહીં રોકાશે. આજે પહેલી વખત સંતાનોએ વ્યક્ત કરેલી ઇચ્છાની પૂર્તિ કરવી જોઈએ.

બીજી વાર જ્યારે પ્રવચન સાંભળવા જવાની તૈયારી કરી ત્યારે પત્ની કનકલતાએ નૌકાવિહારમાં જવાની ઇચ્છા કરી. પત્નીની ઇચ્છાને કેવી રીતે નકારી શકે ? આમ દરેક વખતે સ્વજનો કે

પરિજનોના મોહમાં ફસાયેલો રહ્યો. સુમિત્ર આચાર્ય ધર્મઘોષના સત્સંગનો લાભ લઈ ન શક્યો. એનું જીવન તસ્કરોના સંપર્કથી દુર્ગુણોથી ભરાઈ ગયું. ત્યાંથી મરીને તે ઘણી યોનિયોમાં ફર્યો. ત્યાંથી અનંતકાળ બાદ ફરીથી કર્મ-પરિણામ રાજાના સહયોગથી માલવપ્રદેશની રાજધાની અવંતિપુરમાં ગંગદત્ત રાજાના પુત્ર સિન્ધુદત્ત રૂપે અવતર્યો.

સિન્ધુદત્ત બહુ પ્રભાવશાળી રાજકુમાર હતો. રાજા ગંગદત્ત બહુ જ ધર્મપરાયણ રાજા હતો. રાજાએ સિંધુદત્તને ભણાવવાની વ્યવસ્થા કરી. યુવાવસ્થામાં આવતાં અનેક રાજકુમારીઓ સાથે તેનું પાણિગ્રહણ કરાવ્યું. તે વખતે અવંતિપુરમાં આચાર્ય વિજયઘોષ પધાર્યા. રાજા ગંગદત્ત તેમને વંદન કરવા ગયો. સિંધુદત્તને પણ પોતાની સાથે આવવા કહ્યું તેથી તે પણ ગયો. સિંધુદત્તને ગયેલો જાણી મોહરાજાનું સિંહાસન ડોલવા લાગ્યું.

મોહરાજાએ એ વખતે જ જ્ઞાનાવરણીય કર્મને બોલાવીને કહ્યું, 'તું જલ્દી જા અને સાથે તારા નાના ભાઈ દર્શનાવરણીયને પણ લઈ જા, જેથી એ જીવ આચાર્ય વિજયઘોષનાં પ્રવચનોનો લાભ લઈ ન શકે.'

મોહરાજાના હુકમથી બંને ભાઈ જલ્દી પહોંચી ગયા. જ્ઞાનાવરણીયે સિંધુદત્તની ચિંતનશક્તિ ધૂંધળી કરી નાખી. દર્શનાવરણીયે પ્રવચન-સભામાં બેસતાં જ તેને ઘેરી નિદ્રા આપી દીધી. તે જઈને એક ખૂણામાં બેસી ગયો. એને ખબર જ ન પડી કે ક્યારે પ્રવચન સમાપ્ત થયું. રાજા ગંગદત્તે પ્રવચન સમાપ્ત થયું ત્યારે કહ્યું, 'વત્સ, તેં પ્રવચનશ્રવણનો લાભ લીધો નહીં. આજે તો તને ઘેરી ઊંઘ આવી ગઈ. હવે તારી શંકાનું સમાધાન આચાર્યને પૂછીને કરી લે.' પરંતુ જ્ઞાનાવરણીયની પ્રબળતાને કારણે તેને કોઈ પ્રશ્ન જ સૂઝતો નહોતો. રોજ તે ગંગદત્તની પ્રેરણાથી ઉપદેશ સાંભળવા જતો પણ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મોની પ્રબળતાને કારણે તેની કોઈ અસર તેના પર થતી નહીં. તેને કંઈ સમજાતું જ નહોતું. રાજા ગંગદત્તે તેને અનેક દૃષ્ટિએ સમજાવવાનો પ્રયત્ન કર્યો પણ સિંધુદત્તને એ બધું વ્યર્થ લાગ્યું. કર્મના પ્રભાવથી તે આચાર્યમાં દોષદર્શન કરવા લાગ્યો. પરિણામે તે જીવને નરકાદિ યોનિઓમાં ફરીથી ભટકવું પડ્યું. મોહરાજાએ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીયને ધન્યવાદ આપ્યા. પેલો જીવ અનંતકાળ બાદ ફરીથી વિજયવર્ધનપુરમાં સુલસ શ્રેષ્ઠીના પુત્ર નંદનરૂપે અવતર્યો.

આ અવતારમાં તે જીવ સામાન્ય પ્રવૃતિને યોગ્ય થઈ ગયો. તેનામાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાની યોગ્યતા પેદા થઈ ગઈ. તેથી મોહરાજાનું સિંહાસન ડોલવા લાગ્યું. તેને લાગ્યું કે આ જીવ હવે સમ્યગ્ દર્શનને ચોક્કસ પ્રાપ્ત કરી લેશે. મિથ્યાત્વે મોહરાજાને ચિંતા ન કરવા કહ્યું. મિથ્યાત્વની પત્ની કુદૃષ્ટિને કારણે નંદનને વિચાર આવવા લાગ્યો કે આ બધી વાતો મિથ્યા છે. કોઈ દેવ નથી, કોઈ ગુરુ નથી, કોઈ ધર્મ નથી. મોહરાજાએ બધાં કર્મોને પેલા જીવને બંધનમાં નાખવા કહ્યું. તેથી તે જીવનું પુનઃ અનુબંધન થયું. તે જોઈ મોહરાજા ખૂબ રાજી થયો. નંદનનો જીવ અનંતકાળ સુધી વિવિધ યોનિઓમાં ભટકતો રહ્યો. ફરીથી કર્મ-પરિણામના સહયોગથી તે મલયપુરમાં ઇન્દ્ર નામના રાજાની રાણી વિજયાના પુત્ર વિશ્વસેન તરીકે અવતર્યો. યુવાન થતાં તેણે અનેક રાજકુમારીઓનું પાણિગ્રહણ કર્યું.

એક દિવસ મલયપુરના અશોક ઉદ્યાનમાં આચાર્ય ધર્મસેનનું આગમન થયું. પિતાની સાથે વિશ્વસેન તેમનું પ્રવચન સાંભળવા ગયો. આચાર્યે પોતાના દિવ્યજ્ઞાનથી જોયું કે વિશ્વસેનનો જીવ અનંતકાળથી મોહરાજાની ચુંગાલમાં ફસાયેલો છે. તેમણે વિશ્વસેનને તેના પતનનું કારણ કહ્યું. વિશ્વસેનના પૂછવા પર આચાર્યે આજ સુધીના તેના જીવનનું શબ્દચિત્ર રજૂ કર્યું. આચાર્યે સર્વપ્રથમ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા કહ્યું. સદ્‌ગુરુના ઉપદેશથી વિશ્વસેનને આનંદ થયો.

ચારિત્ર્યધર્મ રાજાની બે પુત્રીઓ- સર્વવિરતિ અને દેશવિરતિ. તે રાજા ઘણો મેધાવી અને ઉદાર. સર્વવિરતિની સખી મુક્તિ છે. સર્વવિરતિ જ્યારે પોતાના પ્રાણપતિ પર ન્યોછાવર થઈ જાય છે ત્યારે મુક્તિ પણ સર્વવિરતિના ઇશારાથી તેની પસંદગી કરી લે છે.

વિશ્વસેન ગુરુએ બતાવેલા માર્ગે ધર્મની આરાધના કરવા લાગ્યો. મોહરાજાને ખ્યાલ આવી ગયો કે કર્મ-પરિણામે પેલા જીવને ચારિત્રધર્મ રાજાના શરણમાં પહોંચાડી દીધો છે. મિથ્યાત્વે મોહરાજાને કહ્યું કે એ જીવને હું ચોરી લાવીશ અને તમારાં ચરણોમાં પહોંચાડી દઈશ. મિથ્યાત્વ પોતાની પત્ની કુદૃષ્ટિને લઈ વિશ્વસેનની પાસે પહોંચ્યો. વિશ્વસેને તો આંખ ઊંચી કરીને કુદૃષ્ટિ તરફ જોયું પણ નહીં. મલયપુર નગરના ઉદ્યાનમાં વિશ્વભૂતિ નામે એક મહાન તપસ્વીનું આગમન થયું હતું જે યુવરાજ વિશ્વસેનના જૂના મિત્ર હતા. હવે વિશ્વસેન રાજા બન્યો હતો. વિશ્વસેનને પાખંડી લોકો પર શ્રદ્ધા નહોતી. હજારોની મેદની તપસ્વીના દર્શને જતી હતી પણ વિશ્વસેન ન ગયો. વિશ્વભૂતિએ સમાચાર કહેવડાવ્યા કે એકાદ વખત તો રૂબરૂ આવીને મળી જા. રાજા વિશ્વસેન પોતાના વિશ્વાસુ સાથીઓ સાથે વિશ્વભૂતિનાં દર્શન માટે ગયો. તપસ્વીએ તેનું સ્વાગત કર્યું. વિશ્વભૂતિએ મંત્રોના ચમત્કાર બતાવ્યા. રાજાએ રાજકોષ માટે સુવર્ણપુરુષ પ્રાપ્ત કરવો જોઈએ. રાજાની જિજ્ઞાસા ઉત્તેજિત થઈ. તેણે તે તક ઝડપી લેવાનું નક્કી કર્યું. તપસ્વી વિશ્વભૂતિએ બત્રીસ લક્ષણા પુરુષને મંત્રથી પ્રભાવિત કરી ઊકળતા તેલની કઢાઈમાં નાખવાથી સુવર્ણપુરુષ પ્રાપ્ત થાય એમ કહ્યું. રોજ તેના શરીરમાંથી ટુકડો કાપ્યા બાદ બીજે દિવસે તે પૂર્ણ થઈ જશે એમ પણ બતાવ્યું. રાજાએ બધી વસ્તુઓ એકત્ર કરી સુવર્ણપુરુષ તૈયાર કર્યો. વિશ્વસેનને તે જોઈ આનંદ થયો. એને લાગ્યું કે જૈનાચાર્યના સંપર્કમાં નકામાં વર્ષો ગુમાવ્યાં. તપસ્વીના

સંપર્કમાં આવતાં જ અક્ષયનિધિ પ્રાપ્ત થઈ ગઈ. આને જ સાધના કહેવાય. તે જૈન ધર્મ છોડીને ફરીથી મિથ્યાત્વ તરફ વળ્યો અને મુક્તકંઠે ત્રિદંડી પરિવ્રાજકની પ્રશંસા કરવા લાગ્યો. તે ધર્મના નામે હિંસા કરવા લાગ્યો. પરિણામે એકેન્દ્રિય વગેરે વિવિધ યોનિમાં ભટકવા લાગ્યો. કર્મ-પરિણામ રાજાએ એ જીવને ફરીથી ચંપાનગરીમાં ધનવંત શ્રેષ્ઠીને ત્યાં સુભગ નામના પુત્ર રૂપે અવતાર્યો. તે ધીમે ધીમે મોટો થયો. યુવાવસ્થા પ્રાપ્ત થતાં એક દિવસ કર્મ-પરિણામ એ જીવને ફરીથી સદ્‌ગુરુદેવના શરણમાં લઈ ગયો. સદ્‌ગુરુએ તેને ધર્મનું રહસ્ય બતાવ્યું તેથી તે જીવને ક્ષયોપશમ સમ્યક્‌ત્વની પ્રાપ્તિ થઈ. એ જાણી મોહરાજાએ મિથ્યાત્વ મંત્રીને કહ્યું કે ફરીથી પેલા જીવે સમ્યક્‌ત્વરત્ન પ્રાપ્ત કરેલ છે. હવે તો સાવધાન રહો.

મોહરાજાનો ઠપકો સાંભળી રાગે પોતાની શક્તિનો પરચો બતાવી દેવાનું બીડું ઝડપ્યું. સુભગના મનમાં રાગ આધિપત્ય જમાવવા લાગ્યો. તે રાતદિવસ સ્વજનો, પરિજનોના મોહમાં ગૂંથાયેલો રહેવા લાગ્યો. રાગની અતિશયતાથી તે ક્યાંય બહાર નહોતો જતો. કેટલીક વાર તો સ્વપ્નમાં પણ પત્ની, પુત્ર વગેરેનો વિયોગ જોઈ રડવા લાગતો. સુભગને એક પુત્ર થયો. દિવસ-રાત તે તેની પાછળ મોહગ્રસ્ત રહેતો. પુત્ર મોટો થતાં સુભગે એક શ્રેષ્ઠ સુંદરી સાથે તેનાં લગ્ન કરાવી નાખ્યાં. સુંદરી સ્વભાવે પણ સુંદર હતી. પરંતુ તેનો પતિ રાત-દિવસ પોતાના પિતાની આસપાસ ફર્યા કરતો હતો જે તેને પસંદ નહોતું. સુંદરી સ્નેહથી પોતાના પતિને વશ કરી કહ્યું કે તમારા પિતા તો તમારી પાછળ ગાંડા થયા છે. હું મારાં માતાપિતા અને ભાંડુઓને છોડીને તમારે માટે અહીં આવી છું પરંતુ તમે તો મારી દરકાર કરતા જ નથી. તમારી આંખો સામે તો પિતા જ ઘૂમ્યા કરે છે.

પત્નીનાં કટાક્ષ વચનો સાંભળી તેણે કહ્યું કે પિતાનો મારી ઉપર મોટો ઉપકાર છે. તેને હું કેવી રીતે ભૂલી શકું ? સુંદરીએ કહ્યું, 'હું ક્યાં એમને ભૂલી જવાનું કહું છું. તમે તેમની સેવા-સુશ્રૂષા કરો, તેની સાથે મને પણ ન ભૂલી જાવ.'

સુભગપુત્ર મદન ધીરે ધીરે પિતાને ભૂલી સુંદરીમાં આસક્ત થઈ ગયો. એક દિવસ સુંદરીએ મદનને કહ્યું, 'તમારા પિતા ગાંડા જેવા છે. તેમને કઈ ક્રિયા ક્યાં કરવી તેનું ભાન નથી. તે જ્યાં બેસે છે ત્યાં આસપાસ માખીઓ ગણગણવા લાગે છે. તમે એમને કંઈ કહેતા નથી. હું કહેવા જાઉં છું તો મને ધમકાવે છે અને કહે છે કે ઘરનો માલિક હું છું. મારી ઇચ્છા હશે તે મુજબ કરીશ. રાતદિવસની આ કચકચથી થાકી ગઈ છું. તેથી થાય છે કે હું મારે પિયર જતી રહું. તમે તમારા પિતાની સાથે આનંદથી રહો.' પત્નીની વાત સાંભળી મદને પિતાને ધક્કો મારી ઘરની બહાર કાઢી મૂક્યા. સુભગને પોતાના પુત્ર પ્રત્યે રાગ હતો. તે ભીખ માંગીને પોતાનો ગુજારો કરતો. આથી તે સમ્યક્‌ત્વથી ભ્રષ્ટ થઈ સંસારની વિવિધ યોનિઓમાં પરિભ્રમણ કરતો રહ્યો.

ત્યાંથી કર્મ-પરિણામ રાજાના સહયોગથી તે ગૃહપતિનો પુત્ર થયો. તેનું નામ સિંહ રાખવામાં આવ્યું. મોટો થતાં સદ્‌ગુરુના ઉપદેશથી તેને સમ્યક્‌ત્વ પ્રાપ્ત થયું. તેના પિતા ગૃહપતિએ એક સર્વાંગ સુન્દરી સાથે તેને પરણાવ્યો. સિંહ તેની પત્નીમાં અધિકપણે અનુરક્ત થઈ ગયો. તે પત્નીના ઇશારે કામ કરવા લાગ્યો. તેનું મંતવ્ય હતું કે આ સંસારમાં જો કોઈ શ્રેષ્ઠ વસ્તુ હોય તો વનિતા છે.

સિંહ જેટલો એની પત્નીને ચાહતો હતો એટલી ચાહના એની પત્નીને સિંહ તરફ નહોતી. તે અન્ય સુંદર પુરુષોને પ્રેમ કરતી હતી. પોતાની વાસના તે અન્ય પુરુષો સાથે સંતોષતી. પોતાનાં કુકૃત્યોનો કોઈને ખ્યાલ ન આવે એટલા માટે પોતાના પતિને કહી તેણે ઘરમાં જેટલા વિશ્વાસુ નોકરો હતા તેમને હાંકી કઢાવ્યા અને નવા યુવાન અનુચરોને તેણે રાખ્યા. જે રોજ નવા શૃંગાર કરતી અને વિવિધ જાર પુરુષો સાથે કામકીડા કરતી હતી. છતાં સિંહને પત્ની પ્રત્યે અનુરાગ હતો. તેને તે પતિવ્રતા સમજતો.

એક દિવસ તેની પત્ની કોઈ જારપુરુષ સાથે કામક્રીડામાં લીન હતી તે વખતે સિંહ ત્યાં પહોંચી ગયો. સ્ત્રીએ પોતાના જાર પુરુષો જેને તેણે બહાર બેસાડી રાખ્યા હતા તેમને ઇશારો કરી સિંહને માર મરાવ્યો. અને જ્યારે અર્ધ બેભાન થઈને પડી ગયો ત્યારે તેણે કહ્યું, 'નાથ, અંધારામાં મને લાગ્યું કે કોઈ બીજો પુરુષ આવી ગયો છે. મને ખબર નહીં કે તમે હશો.'

પત્નીના કથનથી સિંહ ઉપર અનુકૂળ પ્રભાવ પડ્યો. તે વિચારવા લાગ્યો કે પત્ની કેટલી પતિવ્રતા છે ! એક દિવસ તેની પત્નીનો એક જારપુરુષ તેને મળવા આવ્યો. તે વખતે સિંહની પત્ની પોતાના પતિ સાથે વાતચીત કરી રહી હતી. તેણે પોતાના જારને આવતો જોઈ સિંહને કહ્યું, 'પતિદેવ, મારા પિતાએ કોઈ જરૂરી કામ અંગે અમારા ઘરની એક વિશિષ્ટ વ્યક્તિને મોકલી છે. સંભવ છે કે એને કોઈ ગુપ્ત મંત્રણા કરવી હોય. હું પતિવ્રતા છું. હું કોઈ પરપુરુષ સાથે વાત નથી કરી શકતી. કેટલાક ઈર્ષ્યાળુ લોકો મારા પતિવ્રતા-ધર્મને કલંકિત કરવા પ્રયત્ન કરે છે.' સિંહે કહ્યું, 'તારા જેવી પતિવ્રતા સ્ત્રી વિશ્વમાં કોઈ નથી. તું આરામથી તારા પિયરની વ્યક્તિ સાથે વાત કરી શકે છે. દુનિયાના મનમાં તારા માટે જે ભ્રમ હોય તે, પણ મારા મનમાં રજમાત્ર ભ્રમ નથી.' એણે જારપુરુષ સાથે એકાંતમાં અનેક પ્રકારની કામક્રીડાઓ કરી. સ્ત્રીએ પોતાના પતિને કહ્યું, 'આ વ્યક્તિ જે મારા પિયરથી આવી છે તે મારા પિતાને ખૂબ વહાલી છે. તેથી મેં તેને થોડા વધુ દિવસ રોકાવા કહ્યું. પણ મેં તેને રોકવામાં ભૂલથી તમારી રજા લીધી નહીં. જો તમે રજા આપો તો તે થોડા વધુ દિવસ રોકાય. તમારો આદેશ થશે તો તેને માટે ભોજન વગેરેની વ્યવસ્થા કરી દઈશ.' સિંહે કહ્યું, 'તું કેટલી ભલી છે ! દરેક વાત મને પૂછીને

જ કરે છે. એમાં પૂછવાનું શું હતું ? તારા પિયરની વ્યક્તિ છે. તેને વધુમાં વધુ દિવસ રહેવાનું કહે. જો તું નહીં કહે તો તારા પિતા (મારા સસરા) શું વિચારશે ? તેને રહેવા એક સુંદર જગા ખાલી કરી આપું છું જેથી તે આનંદથી રહી શકે.'

સિંહની પત્નીને તો એટલું જ જોઈતું હતું. તે પોતાના ઉપપતિને સુંદરમાં સુંદર પકવાનોથી તૃપ્ત કરવા લાગી. જ્યારે જ્યારે સમય મળતો ત્યારે તેની સાથે કામક્રીડા કરી લેતી. પણ તેણે પોતાના પતિના મનમાં ઠસાવી દીધું કે તેની સ્ત્રી પતિવ્રતા છે.

સિંહને તેના અન્ય હિતેચ્છુઓ કહેતા કે તારી પત્નીનાં લક્ષણો સારાં નથી. તેં આવી વ્યક્તિને તારા મકાનમાં કેમ રાખેલ છે ? પરંતુ સિંહ તો કોઈનું સાંભળતો નહોતો. તે કહેતો, 'મારી પત્નીને બદનામ કરવામાં તમે સૌ રોકાયેલા છો. તમને મારી પત્નીની ઈર્ષ્યા થાય છે માટે આવું કહો છે.' લોકો તેને સમજાવતા પણ પત્નીમોહમાં આંધળો બનેલો તે કોઈને સાંભળતો નહીં. એક વ્યક્તિએ સિંહને કહ્યું કે તને અમારી વાત પર વિશ્વાસ ન હોય તો મારી સાથે તારે ઘેર ચાલ. હું તને બતાઉં કે તારી પત્નીનું આચરણ કેવું છે ? એ વ્યક્તિ સિંહને લઈને દુકાનથી ઘેર આવ્યો અને બતાવ્યું કે એક જારપુરુષ તમારા ઘરમાં છે. સિંહે બારણું ખખડાવ્યું. તેની પત્નીએ બારણું ઉઘાડ્યું અને સિંહને કહ્યું કે તમે સમયસર આવ્યા છો. હું હમણાં જ તમને બોલાવવા મોકલતી હતી. કેમકે તમારા પૂર્વજોએ કોઈ જરૂરી કામ માટે એક દૂત મોકલ્યો છે. તે જ્યારે અહીં આવ્યો તો મેં તમારા વતી તેનું સ્વાગત કર્યું અને પૂર્વજોના ક્ષેમકુશળ પૂછ્યા. દૂતે કહ્યું કે હું તમારા પતિ સિંહને મળવા માગું છું કારણ કે સિંહના પિતાએ કહેવડાવ્યું છે કે જ્યાં સુધી તું મારી ઉપાસના નહીં કરે ત્યાં સુધી તારા મનમાં શાંતિ થશે નહીં.

સિંહે મકાનમાં બેઠેલા જારપુરુષને પત્નીના કહેવા પ્રમાણે પિતાનો દૂત સમજી તેને વંદન કર્યા અને પિતાના આદેશ વિશે પૂછ્યું. પેલી વ્યક્તિએ કહ્યું કે તમારા પિતાએ કહેવડાવ્યું છે કે તમે તમારી પતિવ્રતા પત્નીના કથન પર પૂરો વિશ્વાસ રાખજો. આવી પતિવ્રતા સ્ત્રીઓ સંસારમાં બહુ ઓછી છે. એક ભેંસ રાખીને તેના દૂધથી પિતૃઓનાં અસ્થિને ધોજો તેથી દરેક પ્રકારનો આનંદ પ્રાપ્ત થશે. આટલું કહીને જારપુરુષ જવા લાગ્યો. સિંહે કહ્યું, 'તમે જ્યારે પણ પિતૃલોકથી અહીં પધારો ત્યારે ઘેર આવી જરૂરથી દર્શન આપજો.' પેલાએ કહ્યું, 'જ્યારે પણ હું અહીં આવીશ ત્યારે જરૂર તમારે ઘેર આવીશ.' આટલું કહી તે વિદાય થયો.

તેના ગયા પછી સિંહે પોતાની પત્નીને કહ્યું કે બૂરું ન લગાડીશ. પણ લોકોના મગજમાં તારા પવિત્ર ચરિત્ર સંબંધી અનેક ખોટી ધારણાઓ છે. કોઈ વિશ્વાસપાત્ર વ્યક્તિના કહેવાથી આ સમયે દુકાનેથી એકાએક ઘેર આવ્યો હતો. સિંહની પત્નીએ સ્ત્રીચરિત્રનું પ્રદર્શન કરતાં કહ્યું કે મને તો પહેલેથી ખબર હતી કે તમે તમારું મગજ બીજાને ત્યાં ગીરે મૂક્યું છે. તમારી વિચારવાની શક્તિ કુંઠિત થઈ ગઈ છે તેથી જ તમે દોડતા આવ્યા. તમે એટલું ન વિચાર્યું કે દુનિયાના લોકો તો એકબીજાને લડાવવામાં પડ્યા હોય છે. લોકો તો અનેક વાતો કહેશે. મારી બાબતમાં ખોટી અફવાઓ ઉડાડશે. વ્યભિચારિણી કહેશે અને તમે તેમના કહેવા પર વિશ્વાસ કરશો.

પોતાની પત્નીને નારાજ થયેલી જોઈ તેને મનાવવા સિંહે તેના પગ પકડ્યા. પરંતુ તેણે પોતાના પગથી સિંહના માથા પર જોરથી પ્રહાર કર્યો. પરંતુ મોહની પ્રબળતાને કારણે લાત ખાવા છતાં દુઃખી થવાને બદલે તેના પગ ચૂમવા લાગ્યો અને પોતાના અપરાધની ક્ષમા માગવા લાગ્યો. સિંહની પત્નીએ વિચાર્યું કે આ તો મારો દાસ છે. છતાં તેને એક વાર એવો પરચો બતાવવો જોઈએ કે જેથી ભવિષ્યમાં હંમેશ માટે તેને અંગે કોઈ ચિંતા ન રહે.

સિંહ એક સરસ ભેંસ ઘેર લઈ આવ્યો. સિંહની પત્ની રોજ ભેંસનું દૂધ અને મલાઈ ખાવા લાગી. દસ-પંદર દિવસ પછી એક દિવસ તેણે કોઈ ગુપ્ત જગાએ ભેંસને સંતાડી દીધી. પછી પોતાના પતિને કહ્યું કે ભેંસ ક્યાંક ગુમ થઈ ગઈ છે. તેને શોધી લાવો. પત્નીના આદેશથી તે જંગલમાં આમથી તેમ ભટકતો રહ્યો. પરંતુ ભેંસ તો તેની પત્નીએ સંતાડી રાખી હતી. તે તેને ક્યાંથી જડે ? સંધ્યા સમયે તે ભૂખ્યો-તરસ્યો જ્યારે ઘેર પાછો આવ્યો ત્યારે તેની પત્નીએ ભૂત વળગ્યું હોય એવો ઢોંગ રચતાં કહ્યું કે તમને આપણા પૂર્વજો પર વિશ્વાસ નથી. જ્યારે તમારા પૂર્વજોએ કહ્યું કે તારી પત્ની નિર્દોષ છે છતાં પણ તમારા મનમાં શંકા રહી ગઈ જેથી ભેંસનું અપહરણ થયું છે. હજી પણ જો તમે તેમના પર વિશ્વાસ કરશો તો ભેંસ દરવાજા ઉપર આવીને ઊભી રહેશે. તેણે પહેલેથી જ જારપુરુષને સંકેત કરી રાખેલ જેથી તેણે ભેંસને દરવાજે લાવી ઊભી કરી દીધી. ભેંસ મકાનમાં પ્રવેશી. એ જોઈને સિંહને વિશ્વાસ બેઠો કે હકીકતમાં પોતાની પત્ની પતિવ્રતા છે. જો મેં તેના કહેવાનો જરા પણ અનાદર કર્યો તો મારા પૂર્વજો મારા પર નારાજ થઈ જશે. તે પત્નીનાં ચરણોમાં પડી ગયો અને કહ્યું કે હવે ભવિષ્યમાં ભૂલ નહીં થાય. તેની પત્નીએ પોતાને માટે સુંદરમાં સુંદર વસ્ત્રો મંગાવ્યાં. પતિના પૂછવા પર તેણે કહ્યું, 'તમારા પિતૃઓનો આદેશ છે કે માથું મૂંડાવી નાખો.' સિંહ તો પત્નીના રાગમાં ગાંડો બન્યો હતો. સિંહ સમ્યક્ત્વ છોડી મિથ્યાત્વમાં ડૂબેલો રહેવા લાગ્યો. તે આયુષ્ય પૂર્ણ કરી વિવિધ યોનિઓમાં ભટકી કર્મ-પરિણામ રાજાના સહયોગથી હસ્તિશીર્ષ નગરમાં જિનદાસ શ્રેષ્ઠીને ઘેર જિનશ્રી રૂપે અવતર્યો.

જિનદાસ હસ્તિશીર્ષમાં લબ્ધપ્રતિષ્ઠિત શ્રાવક હતો. તે જિનધર્મને ખૂબ ચાહતો. પિતાના સંસ્કાર પુત્રી જિનશ્રીમાં પણ ઊતર્યા. જિનશ્રીની માતા પણ ધર્માનુરાગિણી હતી. યુવાન થતાં જિનશ્રીનાં લગ્ન વિમલ શ્રેષ્ઠીના પુત્ર મદન શ્રેષ્ઠી સાથે થયાં.

જિનશ્રીને એક પછી એક પાંચ સંતાન થયાં. તેની આજ્ઞાનું સૌ પાલન કરતાં. તેના સૌથી મોટા પુત્રનાં લગ્ન ધર્મદત્ત સાર્થવાહની પુત્રી ધનશ્રી સાથે થયાં.

મોહરાજાના આદેશથી મિથ્યાત્વે દ્વેષને આદેશ આપ્યો કે તારા મોટા ભાઈ રાગ સિંહના ભવમાં પોતાનો પરચો બતાવી તેને અમારા શરણે લઈ આવેલ. હવે તું પણ ચમત્કાર બતાવ. દ્વેષ ત્યાંથી રવાના થઈ સીધો જ જિનશ્રી પાસે આવ્યો. તેની પુત્રવધૂ ધનશ્રી બહુ જ સારા સ્વભાવની હતી. ધનશ્રીના મનમાં જિનશ્રી પ્રત્યે ઊંડી નિષ્ઠા હતી. તે હંમેશા પોતાનાં સાસુનાં ગુણગાન ગાતી. પરંતુ દ્વેષને કારણે જિનશ્રીને ધનશ્રીની કોઈ વાત ગમતી નહોતી. તે રાતદિવસ ધનશ્રી સાથે ઝઘડતી રહેતી. જ્યારે આડોશીપાડોશી ભેગા થતા ત્યારે ધનશ્રી વિશે ખરાબ બોલતી. ભોજન બનાવતી વખતે વસ્તુઓ ચોરી લે છે વગેરે કહેતી. જો ઘરની વસ્તુ સંભાળીને ન રાખું તો બધી વસ્તુઓ ઉડાડી દે વગેરે જેવા શબ્દો તે બોલતી.

પરંતુ ધનશ્રી તેની સાસુની કદી ટીકા નહોતી કરતી. એક દિવસ વિમલ શ્રેષ્ઠીએ પોતાની પત્નીને કહ્યું કે તું વહુને નકામી બદનામ કરે છે. તેનો સ્વભાવ સારો છે તારે તારો સ્વભાવ બદલવો જોઈએ. તારી ઉંમર થઈ છે તેથી ગુસ્સો ન કરવો જોઈએ. એ સાંભળી જિનશ્રી દ્વેષની આગમાં બળવા લાગી. તેથી સમ્યગ્દર્શન તેની પાસેથી જતું રહ્યું. એક દિવસ નગરનો એક પ્રતિષ્ઠિત વેપારી વિમલ શ્રેષ્ઠીને મળવા તેને ઘેર ગયો. તે વખતે જિનશ્રી મોટા અવાજે પોતાની પુત્રવધૂ સાથે લડી રહી હતી. તે અપશબ્દો બોલતી હતી. વહુ શાંત હતી. એ જોઈ પ્રતિષ્ઠિત વેપારીએ વિમલ શેઠને કહ્યું, 'તમે તમારી પત્નીને સમજાવો કે વહુ સાથે આમ ન લડે. કારણ કે છેવટે વહુ જ ઘરની માલિક બને છે. તેનું અપમાન કરવાનું બરાબર નથી. આ કરવાથી લક્ષ્મી પણ રૂઠે છે.' વિમલ શેઠે જિનશ્રીને કહ્યું તો ઊલટું તે તો વધુ ક્રોધે ભરાઈ વહુરાણીને મારવા દોડી. તેને ધક્કો મારી પછાડી તેની ઉપર ચડી બેઠી. આડોશીપડોશી વહુને બચાવવા દોડી આવ્યા. વિમલ શેઠને જિનશ્રીનો આ વ્યવહાર બહુ જ ખરાબ લાગ્યો. તેણે સંસારનો ત્યાગ કરી આર્હતી દીક્ષા ગ્રહણ કરી. જિનશ્રી પણ આર્તધ્યાનમાં આયુ પૂર્ણ કરી વિવિધ યોનિઓમાં પરિભ્રમણ કરી છેવટે દેવપ્રિય વિપ્રને ત્યાં જ્વલનશિખ રૂપે જન્મ લીધો. મોટો થતાં તેને આચાર્ય ધનસેનનો સંપર્ક થયો તેથી પુનઃ તેને સમ્યક્ત્વ રત્ન પ્રાપ્ત થયું.

મોહરાજા વિચારવા લાગ્યો કે પેલા જીવને ફરીથી સમ્યક્ત્વ પ્રાપ્ત થયું છે. તેણે પોતાના મુખ્ય અમાત્યને બોલાવી કહ્યું કે પેલો જીવ સાધનાનો માર્ગ ગ્રહણ કરી ન લે. તમારે સાવધાન રહેવાની જરૂર છે. મોહરાજાને મુખ્ય સેનાપતિ મિથ્યાત્વે કહ્યું કે આ વખતે વિશેષ પ્રબળ સૈનિકોને મોકલવાની જરૂર નથી. માત્ર અંતરાયકર્મ જ પર્યાપ્ત છે. તેના પ્રભાવથી તે જીવ સમ્યક્ત્વથી વિમુખ થઈ જશે. મોહરાજાએ તેને કહ્યું કે તમે ભૂલ કરી રહ્યા છો. દરિદ્ર વ્યક્તિ પણ સમ્યક્ત્વી હોઈ શકે. એટલે દરિદ્રતાની સાથે ક્રોધને પણ મોકલો. મોહરાજાના આદેશથી અંતરાયની સાથે ક્રોધ પણ ગયો. જ્વલનશિખ આર્થિક સ્થિતિ સારી ન હોવા છતાં તે હંમેશા શાંત રહેતો. પરંતુ હવે અનંતાનુબંધી ક્રોધને લીધે વાતવાતમાં તે ગુસ્સે થતો અને કોઈ વાર પત્નીને મારતો તો કોઈવાર પુત્રને મારતો. વળી, કોઈએ કોઈ અપરાધ ન કર્યો હોય તો હંમેશા ક્રોધની આગમાં બળતો રહેતો. જો તેને કોઈ સમજાવતું તો તેના પર ગુસ્સે થઈ અપશબ્દોનો પ્રયોગ કરતો.

એક વાર કોઈ કારણ વગર પત્નીને લાકડીથી મારવા લાગ્યો. લોકોએ એને સમજાવ્યો કે પત્ની પર આ રીતે ક્રોધ ન કરાય. સમજાવનારને પણ તે મારવા તૈયાર થયો. આથી કોઈ વ્યક્તિ તેની સાથે વાર્તાલાપ કરવા તૈયાર નહોતી. આર્થિક મુશ્કેલીને કારણે જ્વલનશિખ તથા તેના પરિવારને અર્ધા નાગા-ભૂખ્યા રહેવું પડતું હતું. તેની પાસે પૂર્વજોની જમીન હતી પણ તે પથરાળ હતી. તેમાં ખેતી કરવાનું મુશ્કેલ હતું. એક વખત તે ખેતરમાં હળ હાંકી રહ્યો હતો. બળદો તાકાતવાળા હતા છતાં હળ ખેંચી શકતા નહોતા તેથી જ્વલનશિખે બળદોને એવા માર્યા કે તેમનાં નાક અને મોંમાંથી લોહી વહેવા લાગ્યું. ક્રોધને કારણે તેનું સમ્યક્ત્વ ભ્રષ્ટ થઈ ગયું અને આયુષ્ય પૂર્ણ કરી તે નરકમાં ગયો. ત્યાંથી નીકળી વિવિધ યોનિઓમાં ભટકતો તે જીવ કર્મ-પરિણામ રાજાના સહયોગથી સૂર્યપુર નગરમાં રાજા ધનંજયની પત્ની રુકિમણીના ગર્ભમાં આવ્યો. તે જીવ ગર્ભમાં આવ્યો ત્યારે તેની માતાને સ્વપ્નમાં લક્ષ્મીદેવીનાં દર્શન થયાં. આથી તેણે પુત્રનું નામ કુબેર રાખ્યું.

રાજા ધનંજય ધર્મનિષ્ઠ હતો. પિતાના ઉદ્‌બોધનથી કુબેરદત્તને પણ સમ્યક્ત્વરત્ન ઉપલબ્ધ થયું. યુવાન થતાં તેનું વ્યક્તિત્વ સૂર્યની જેમ ચમકવા લાગ્યું, અનેક વીર યોદ્ધાઓ તેનું નામ સાંભળી ધ્રૂજતા. એક વાર સૂર્યપુરની રાજધાનીમાં વ્યાઘ્ર નામનો એક બહાદુર પલ્લીપતિ ઠેર ઠેર લૂંટફાટ કરતો. તેની સમગ્ર પ્રજા ત્રાહિ ત્રાહિ પોકારી ગઈ. જ્યારે કુબેર રાજસભામાં બેઠો હતો તે વખતે એક શિષ્ટમંડળ રાજસભામાં આવ્યું. શિષ્ટમંડળે પલ્લીપતિના ઉપદ્રવની ફરિયાદ કરી. એ સાંભળી રાજાના આદેશથી કુબેરે વ્યાઘ્ર પર ચઢાઈ કરી. તેને બંદી બનાવી રાજા સમક્ષ ઉપસ્થિત કર્યો. રાજા પુત્રની વીરતા જોઈ આનંદિત થયો. સભાસદોએ કુબેરની વીરતાનાં મુક્તકંઠે વખાણ કર્યાં. મોહરાજાના આદેશથી માને આ યોગ્ય અવસર છે એમ માની કુબેરના મનમાં પ્રવેશ કર્યો. પોતાની પ્રશંસા સાંભળી કુબેર મનમાં ફુલાવા લાગ્યો. તે આત્મપ્રશંસા કરતો કહેવા લાગ્યો કે જો હું ન હોત તો વ્યાઘ્ર વધુ ઉત્પાત મચાવત. બીજો કોઈ તેને વશ કરવા ગયો હોત તો તે પકડાત નહીં. કુબેર પહેલાં બહુ નમ્ર હતો. રોજ માતાપિતાને નમસ્કાર કરતો. પરંતુ અનંતાનુબંધી માનને કારણે તેણે ગુરુજનોને

પણ વંદન કરવાનું છોડી દીધું. તે મનમાં સમજવા લાગ્યો કે હું જ મહાન છું.

કુબેર કેટલાય દિવસો સુધી માતાપિતા પાસે ન ગયો એટલે માતાપિતાએ મુખ્ય અમાત્યને તેની પાસે મોકલી કહેવડાવ્યું કે અમે તારી આતુરતાથી રાહ જોઈએ છીએ. કુબેરે અમાત્યને કહ્યું, 'પિતાજી મારા દુશ્મન છે. તેમણે મને રણક્ષેત્રમાં મોકલ્યો. હું મરી ગયો હોત તો શી સ્થિતિ થાત. પિતાજીને મારી તાકાત પર વિશ્વાસ નથી. હું મોટામાં મોટા ઇન્દ્ર કે નરેન્દ્રને પકડી શકું છું.' અમાત્યે બહુ જ નમ્રતા સાથે કહ્યું કે તમારું કહેવું બરાબર છે. તમારા બળ વિશે તો શું કહેવાનું હોય ? તેથી તો સૂર્યપુરની યશોગાથા સર્વ દિશાઓમાં ગુંજી રહી છે. તમારી માતાને ધન્ય છે કે જેણે તમારા જેવા પુત્રને જન્મ આપ્યો. પરંતુ તમારી એક વાત મને ન ગમી કે હું પિતાની પાસે નથી આવતો એમણે મારી પાસે આવવું જોઈએ. તમે માતાપિતા પાસે આવી એમનાં આશીર્વચનો પ્રાપ્ત કરો.' અમાત્યની શિખામણ સાંભળી કુબેરે ગુસ્સે થઈ કહ્યું કે મને શિખામણ આપવાની જરૂર નથી. તું મારી સાથે બહુ લપછપ ન કર. કારણ કે તને મારી શક્તિનું ભાન નથી. અમાત્ય કંઈક કહેવા માગતો હતો પણ કુબેર તેને હાથતાળી દઈ છટકી ગયો.

અમાત્યે જઈને મહારાજા ધનંજયને કહ્યું કે કુબેરનો અહંકારે સાતમા આસમાને ચડી ગયો છે. તમારો આદર કરવાનો તો આઘો રહ્યો. ઊલટું તે તો એવું ઇચ્છે છે કે તમે તેના શરણે જાવ. એ સાંભળી રાજા ધનંજયને વિચાર આવ્યો કે રાજ્યને છોડી સાધુ બની જઉં અને રાજ્ય પુત્રને આપી દઉં. રાજાએ પુત્રને રાજ્ય આપવાની બધી તૈયારી કરી. પુત્રને બોલાવવા ફરીથી મુખ્ય અમાત્યને મોકલ્યો. તેણે જઈ કુબેરને કહ્યું કે કોઈ ખાસ કામથી રાજા તમને બોલાવે છે. પરંતુ અનંતાનુબંધી માનને કારણે કુબેરે મુખ્ય અમાત્યનું અપમાન કર્યું. ફરીવાર રાજાએ સામંતને મોકલ્યો. તેનું પણ તેણે અપમાન કર્યું. તે પછી માંડલિક રાજાઓને મોકલ્યા. તે સહુનું કુબેરે અપમાન કર્યું. રાજકુમાર ન આવ્યો તેથી રાજાએ મહારાણીને પુત્રની પાસે મોકલી. તેણે જઈને કહ્યું, 'વત્સ તારા પિતાજી ખૂબ જરૂરી કામે તને બોલાવી રહ્યા છે.' માતાના સ્નેહપૂર્ણ આગ્રહથી કુબેર રાજસભામાં આવ્યો. રાજાએ તેનું સન્માન કર્યું અને પોતાની પાસેના આસન પર બેસાડ્યો. રાજાએ તેની પ્રશંસા કરતાં કહ્યું, 'વત્સ, તારી યશકીર્તિ સાંભળી મારું હૃદય ઉછાળા મારે છે. તારી વીરતાથી દેશવિદેશના અનેક રાજાઓ પોતાની પુત્રીઓ તારી સાથે પરણાવવા ઇચ્છે છે. મારી ઇચ્છા છે કે તેમાંથી યોગ્ય કન્યા પસંદ કરી મારી ભાવનાનો આદર કરો. હું રાજ્યનો ત્યાગ કરી શ્રમણ જીવન જીવવા ઇચ્છું છું. તું રાજ્યને સંભાળ અને યોગ્ય રીતે તેનું સંચાલન કર.'

અભિમાનથી છકી ગયેલો કુબેર બોલ્યો, 'તમે મને રાજ્ય આપવા ઇચ્છો છો. હું આવા રાજ્યને લેવા ઇચ્છતો નથી. મારામાં એટલું સામર્થ્ય છે કે આવાં સેંકડો રાજ્યો ઊભાં કરી શકું. હું આવું રાજ્ય નથી લેતો,' આમ કહીને તે ઊભો થઈ ગયો. તેણે રાજસિંહાસનને ત્રણવાર ઠોકરો મારી અને ત્યાંથી ચાલી નીકળ્યો. રાજા ધનંજય એ જોઈ દુઃખી થયો. રાજાએ પોતાના નાના ભાઈ નીલને રાજ્ય સોંપી પોતે ચારિત્રધર્મ ગ્રહણ કર્યો.

અભિમાનને કારણે કુબેર પહેલેથી સમ્યક્ત્વથી ભ્રષ્ટ થઈ ચૂક્યો હતો. તે રાજ્ય છોડી જંગલમાં પહોંચ્યો. તે જંગલમાં વ્યાઘ્રનો પુત્ર ચિત્રક રહેતો હતો. તેણે રાજકુમાર કુબેરને જોયો તો વિચારવા લાગ્યો કે જેણે મારા પિતાનું અપમાન કર્યું હતું તેનો બદલો ચૂકવવાનો સમય આવી પહોંચ્યો છે. ચિત્રકે વિષ પાયેલા બાણનો તીક્ષ્ણ પ્રહાર કુબેર ઉપર કર્યો. તેથી કુબેર મરી ગયો. કુબેર મરીને નર્કમાં ગયો. પછી ઘણાં દુઃખો ભોગવીને તે કર્મ-પરિણામ રાજાના સહયોગથી મહાપુર નગરમાં ધનાઢ્ય શ્રેષ્ઠીને ત્યાં જન્મ્યો. તેનું નામ પદ્મ રાખ્યું. પદ્મ જેમ જેમ મોટો થવા લાગ્યો તેમ તેમ માયાએ વિચાર્યું કે મારા બંને ભાઈઓએ એક એક ભવમાં પોતાનો ચમત્કાર બતાવ્યો છે તો આ વખતે હું મારો ચમત્કાર બતાવું. કેમ કે શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે અમાયાવી સમ્યગ્દૃષ્ટિ હોય છે અને માયાવી મિથ્યાદૃષ્ટિ હોય છે. હું જ્યાં રહીશ ત્યાં સમ્યગ્દર્શન આવી જ શકશે નહીં. પદ્મ બાળપણથી જ માયાવી હતો. તે પહેલાં સાથીદારો સાથે માયાપૂર્ણ વ્યવહાર કરતો. તેના સારા વ્યવહારને જોઈ બધા તેની તરફ આકર્ષાવા લાગ્યા. પરંતુ તેની અંદર હળાહળ ઝેર ભર્યું હતું. એ ઝેરથી બધા પ્રભાવિત થવા લાગ્યા.

એક દિવસ આર્ય ધર્મચિત્ર નામના આચાર્યનું ત્યાં આગમન થયું. રાજા સહકુટુંબ તેમને વંદન કરવા ગયો. ધનાઢ્ય શ્રેષ્ઠી પણ તેની સાથે ગયા. ઉપદેશ સાંભળીને રાજા ખૂબ પ્રભાવિત થયો. શ્રેષ્ઠીએ આચાર્યને કહ્યું, 'ભગવન્ મારો પુત્ર પદ્મ કપટની સાક્ષાત મૂર્તિ છે. તમે એને ઉપદેશ આપો કે જેથી તે માયાથી મુક્ત થઈ શકે.' આચાર્યે પદ્મને એકાન્તમાં માયાનાં દુષ્પરિણામો વિશે સમજાવ્યો. આચાર્યનો ઉપદેશ સાંભળી શ્રેષ્ઠીકુમાર પ્રતિબોધ પામ્યો અને સમ્યક્ત્વ પામ્યો. તેણે માયાનો ત્યાગ કર્યો અને રાજાનો વિશ્વાસુ બની ગયો.

એક વાર વસંતઋતુમાં ધનાઢ્ય શ્રેષ્ઠી બગીચામાં પોતાના પરિવાર સાથે પહોંચી ગયા. ત્યાંનો રાજા બુદ્ધસેન પણ બગીચામાં ફરવા આવ્યો હતો. રાજાની કિંમતી વીંટી બગીચામાં પડી ગઈ જે પદ્મને મળી. મહેલમાં પહોંચીને રાજાએ જોયું તો હાથમાંની કિંમતી વીંટી નહોતી. તેને બહુ ચિંતા થઈ. રાજાએ નગરમાં ઢંઢેરો પિટાવ્યો કે જેને મારી વીંટી મળી હોય તે આપી જાય. તેની ઉપર મારું નામ પણ અંકિત થયેલું છે. વીંટી પાછી આપનારને ઇનામ પણ આપવામાં આવશે. ઢંઢેરો સાંભળવા છતાં પદ્મે તેની ઉપર ધ્યાન ન આપ્યું. પદ્મને જ્યારે વીંટી જડી ત્યારે ધનાઢ્ય શ્રેષ્ઠીના

એક પડોશીએ તેને જોયો હતો. તેણે જઈને ધનાઢ્ય શ્રેષ્ઠીને બધી વાત કરી. પડોશીના ગયા બાદ ધનાઢ્ય શેઠે પુત્રને બોલાવી કહ્યું કે તને જો રાજાની વીંટી જડી હોય તો રાજાને પાછી આપી દે. સદ્‌ગુરુના ઉપદેશથી પદ્મ માયાથી મુક્ત થયો હતો તે ફરી પાછી જાગી ઊઠી. પદ્મે પિતાને કહ્યું કે મેં રાજાની વીંટી લીધી નથી. રાજાએ ફરી જાહેર કરાવ્યું કે જો મારી રત્નજડિત વીંટી કોઈની પાસેથી મળશે તો મૃત્યુદંડ દેવામાં આવશે. તેનું બધું ધન લઈ લેવાશે. રાજાની ઉદ્‌ઘોષણા સાંભળી નગરના લોકો ભયભીત થઈ ગયા. ધનાઢ્ય શેઠ અને તેમની પત્નીએ પુત્રને વારંવાર સમજાવવાના પ્રયત્ન કર્યા. પણ માયાવી પદ્મે તેનો ઇન્કાર કર્યો. રાજાના ગુપ્તચર વિભાગને જાણ થઈ કે રાજાની રત્નમુદ્રિકા પદ્મની પાસે હોવી જોઈએ. કારણ કે જ્યારે રાજા બગીચામાં ફરવા ગયો હતો ત્યારે ધનાઢ્ય શ્રેષ્ઠી પણ ગયેલ. પદ્મ રાજાની પાછળ પાછળ આવતો હતો. ગુપ્તચર વિભાગનો એક અધિકારી જે રત્નપારખુ હતો તેણે ઝવેરીનું રૂપ લીધું. તે ધનાઢ્ય શ્રેષ્ઠીની દુકાને પહોંચ્યો. દુકાને પદ્મ બેઠો હતો. તેણે પદ્મને કહ્યું, 'હું સિંહલદ્વીપથી આવું છું. અમારા રાજાને રત્નોનો ઘણો શોખ છે. હું ત્યાંથી નીકળતો હતો ત્યારે તેમણે મને કહ્યું કે કોઈ બહુમૂલ્ય રત્નમુદ્રિકા મળી જાય તો લેતા આવજો. તમે નગરના પ્રતિષ્ઠિત ઝવેરી છો. તમારી પાસે જે વીંટીઓ હોય તે મને બતાવો. કિંમતની તમે ચિંતા ન કરશો. હું મોઢે માગ્યા પૈસા આપીશ. પદ્મે વિચાર્યું કે આ વિદેશી છે. તેને રાજાની મુદ્રિકા વેચી દઉં તો સારી એવી રકમ મળશે. વળી, મુદ્રિકા પરદેશ જતી રહેશે તેથી મારી પોલ પણ ખુલ્લી નહીં થાય.

પદ્મે આગંતુક વેપારીને પૂછ્યું કે તે કેટલા દિવસ રોકાનાર છે. વેપારીએ તો કહ્યું કે આવતી કાલે જ ચાલ્યો જવાનો છું. પદ્મે કહ્યું કે કાલે આવજો. હું તમને કિંમતી વીંટી બતાવીશ. તે વીંટી તમને ખૂબ પસંદ પડશે. બીજે દિવસે ગુપ્તચર વિભાગનો અધિકારી પદ્મની દુકાને પહોંચ્યો. તેની સાથેના બીજા ગુપ્તચરો છુપાઈને ઊભા રહ્યા. પદ્મે ધીરેથી પેલી વીંટી વેપારીના હાથમાં આપી. રત્નમુદ્રિકા જોઈને અધિકારી સમજી ગયો કે તે રાજાની વીંટી છે. તેની ઉપર નામ પણ લખેલું હતું. અધિકારીએ કિંમત પૂછી. પદ્મે સવા કરોડ સોનામહોરો હોવાનું કહ્યું. ગુપ્તચર વિભાગના અધિકારીએ સંકેત કરી રાજાના સૈનિકોને બોલાવ્યા. પદ્મ તો ચમકી ગયો. બધાએ કહ્યું કે વીંટી તો રાજાની છે. પદ્મને પકડીને રાજસભામાં રજૂ કર્યો. રાજાએ તેને મૃત્યુદંડ દીધો. પદ્મ મરીને તિર્યંચ બન્યો. પછી તે વિવિધ યોનિઓમાં ભટકતો રહ્યો. એક દિવસ કર્મ-પરિણામ રાજાએ તેને ફરીથી જયપુર નગરમાં ધનદત્ત શ્રેષ્ઠીને ત્યાં સોમદત્ત રૂપે ઉત્પન્ન કર્યો. તે મોટો થયો ત્યારે સદ્‌ગુરુદેવના સંપર્કથી તેને સમ્યક્‌ત્વ પ્રાપ્ત થયું. મિથ્યાત્વે વિચાર્યું કે આ જીવને પહેલાં ક્રોધ, માન, માયા વડે સંસારમાં પરિભ્રમણ કરાવવા મારે શરણે લાવવામાં આવેલ. હવે હું લોભને મોકલું જેથી તે તેનો પ્રભાવ દર્શાવી શકે. મિથ્યાત્વના આદેશથી લોભ તે જીવની પ્રગતિ રોકવા તૈયાર થયો. તેને લીધે સોમદત્તમાં લોભવૃત્તિ જાગી તે જ્યારે ગર્ભમાં આવ્યો ત્યારે ધનદત્ત શ્રેષ્ઠી પાસે જે પુષ્કળ સંપત્તિ હતી તે નષ્ટ થઈ ગઈ હતી. ધીરે ધીરે એવી સ્થિતિ આવી કે સોમદત્તને ખાવાના સાંસા પડવા લાગ્યા. પરંતુ તેની લોભવૃત્તિ વધી રહી હતી. તે વેપારમાં છળકપટ કરતો. તે ભેળસેળ કરતો. સારી વસ્તુ બતાવીને ખરાબ વસ્તુ આપતો અને એ રીતે લાખો રૂપિયા કમાયો. રોજ વેપારમાં જ તે રચ્યોપચ્યો રહેવા લાગ્યો અને એક દિવસ કરોડપતિ થઈ ગયો. લોભની અતિશયતાથી તેનું સમ્યક્‌ત્વ રત્ન નષ્ટ થઈ ગયું. દાન-ધર્મથી વિમુખ થઈ તે રાતદિવસ પૈસા કમાવામાં જ પડ્યો રહેતો. વધુ ધન કમાવા તે વેપાર માટે વિદેશોમાં પહોંચી ગયો. તેણે કિંમતી રત્નો એકત્ર કર્યાં. તેનાં માતા, પિતા, પત્ની, પુત્ર, ભાઈમાંથી કોઈ તેનું ધન ન વાપરે એનું તે ધ્યાન રાખતો. માતા-પિતા અને પત્નીએ ધનનો ઉપયોગ કરવા સમજાવ્યું. પણ તેની કોઈ અસર તેની ઉપર ન થઈ. તે વધુ ને વધુ લોભી થતો ગયો. એક દિવસ તેણે પોતાના પ્રિય ભાઈને કેટલાક પૈસા આપ્યા. જ્યારે તેનો હિસાબ કરવામાં આવ્યો ત્યારે તેમાંથી એક કોડી ગુમ થઈ ગઈ હતી. તે ભાઈ ઉપર ખૂબ ગુસ્સે થયો. સાત દિવસ સુધી તેને એક ખૂંટી સાથે બાંધી રાખ્યો. તેને કંઈ ખાવાપીવા ન આપ્યું. ઊલટું તેને કોરડા ફટકારતાં તે પરલોક પહોંચી ગયો. બધા સોમદત્તને ધિક્કારવા લાગ્યા.

એકવાર નગરમાં સારાં લાકડાં મળતાં નહોતાં. તે અનેક ગાડીઓ લઈ ભયંકર જંગલમાં ગયો. નોકરો મારફત સારાં લાકડાં કપાવવા લાગ્યો. પોતે એક વૃક્ષની નીચે બેસી લાકડાં જુદાં પાડતો હતો. તે વખતે એક સિંહ ત્યાંથી નીકળ્યો. તે ભૂખ્યો હતો. સોમદત્તે વિચાર્યું કે ક્યાંક મારી ઉપર હુમલો ન કરી બેસે. એણે લાકડીથી સિંહને માર્યો. છંછેડાયેલા સિંહે સોમદત્તને જ મારી નાખ્યો. તીવ્ર લોભને કારણે તે નરક તિર્યંચ વગેરે યોનિમાં લાંબા સમય સુધી પરિભ્રમણ કરતો રહ્યો.

અનંતકાળ પરિભ્રમણ કર્યા પછી તે જીવે વિજયખેટપુર નગરમાં ધનશ્રેષ્ઠીના ઘરમાં સુંદર નામના પુત્ર રૂપે જન્મ ધારણ કર્યો. આચાર્ય ધર્મસિંહ તે નગરમાં પધાર્યા. ગુરુના સત્સંગથી તે જીવને ફરીથી સમ્યક્‌ત્વ રત્નની પ્રાપ્તિ થઈ. આચાર્યની પાસે એણે શ્રાવકવ્રતો લીધાં. તે જીવ મોહરાજાના અગિયાર શત્રુઓને દબાવી શ્રાવક થયો. તેણે ગુરુદેવ સમક્ષ પ્રતિજ્ઞા લીધી કે હું જાણી જોઈને જીવહિંસા નહીં કરું. ફક્ત સાપરાધી જીવની હિંસાની છૂટ રહેશે. સાથે સાથે તેણે બાર વ્રતો પણ લીધાં. તે શ્રાવક વ્રતોનું પાલન કરવા લાગ્યો. એક દિવસ સુંદરના પિતા ધનશ્રેષ્ઠી તેને ઘરનો કારભાર સોંપી સાધનાના માર્ગે ચાલી નીકળ્યા. સુંદર ઘરનો કારભાર ચલાવવા માંડ્યો.

મોહરાજાએ જોયું કે એ જીવની સાથે ચારિત્રરાજાએ

પોતાની પુત્રી દેશવિરતિનું પ્રાણિગ્રહણ કરાવ્યું છે. હવે તે જીવ મારે અધીન રહેશે નહીં. હવે મારે તેને મારે શરણે લાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. મિથ્યાત્વ સેનાપતિએ વિચાર્યું કે ફરીથી એ જીવને અપ્રત્યાખ્યાની ચતુષ્કે પોતાનો પ્રભાવ બતાવવો જોઈએ. એમ નહીં થાય ત્યાં સુધી એ જીવ શ્રાવકધર્મથી વિમુખ નહીં થઈ શકે. સુંદરના મનમાં અપ્રત્યાખ્યાની ચતુષ્ક જાગી ઊઠ્યો. તેને લીધે દેશવિરતિ સુંદરી તે જીવને છોડી જતી રહી. કેમ કે અપ્રત્યાખ્યાની ચતુષ્કની હાજરીમાં દેશવિરતિ સુંદરી ત્યાં રહી શકે નહીં.

અપ્રત્યાખ્યાની ચતુષ્ક(ક્રોધ, માન, માયા અને લોભ)ને કારણે જીવ ફરીથી પંચમ ગુણસ્થાનેથી નીચે ઊતરી ગયો. તે જીવ વધ, બંધન, છવિચ્છેદ વગેરે અતિચારોનું સેવન કરવા લાગ્યો. પછી હિંસક પ્રવૃત્તિને કારણે સમ્યક્ત્વથી પણ ભ્રષ્ટ થઈ ગયો જેથી તે મિથ્યાત્વમાં આયુષ્ય પૂર્ણ કરી ભવનપતિ અસુર બન્યો. લાંબા સમય સુધી તે સંસારમાં ભટકતો રહ્યો. તે પછી તે જીવ એક વાર ફરીથી શાલીભદ્ર શ્રેષ્ઠીને ત્યાં મણિભદ્ર રૂપે અવતર્યો.

ત્યાં તેને ફરીથી સહજતાથી સમ્યક્ત્વ રત્નની પ્રાપ્તિ થઈ. તેણે શ્રાવકવ્રત ગ્રહણ કર્યાં. કેટલોક વખત તે તેનું પાલન કરતો રહ્યો. અપ્રત્યાખ્યાની ચતુષ્કે જોયું કે આ જીવ મારી ચુંગાલમાંથી છટકી રહ્યો છે તેથી તેણે ફરીથી પોતાનો પ્રભાવ દેખાડ્યો. અપ્રત્યાખ્યાની લોભથી વશીભૂત થયેલા તેણે મૃષાવાદનું સેવન કરવા માંડ્યું. તેણે પ્રતિજ્ઞા કરેલી કે મૃષાવાદના પાંચ અતિચારોનું સેવન નહીં કરું. તે તેણે તોડી નાખી. એ પાંચ અતિચારો આ પ્રમાણે હતા : કન્યાના સંબંધમાં, ગાયના સંબંધમાં, ભૂમિના સંબંધમાં, પોતાની પાસે રાખેલ થાપણના સંબંધમાં, અસત્ય નહીં બોલું અને જૂઠી સાક્ષી નહીં આપું એ પાંચેય અતિચારોને ભૂલી મિથ્યા બોલવા લાગ્યો.

એક વાર શાલીભદ્ર શ્રેષ્ઠી ક્યાંક બહાર ગયા હતા. તેથી મણિભદ્ર નિરંકુશ બની વસ્તુના બે-ત્રણ ગણા ભાવ બતાવી વેચવા લાગ્યો. વસ્તુ લેતી વખતે ઓછો ભાવ દેખાડતો, વેચતી વખતે વધુ ભાવ લેતો. પૂછવામાં આવતાં તે શપથ લેતો. તે અસત્યને ધન કમાવાનું સાધન માનવા લાગ્યો. જ્યારે કોઈએ એને કહ્યું કે શ્રાવક થઈને જૂઠું બોલવું એ શોભાસ્પદ નથી. તેણે કહ્યું, 'તમને ખબર નથી. જૂઠું બોલ્યા વિના વેપાર ચાલી શકે નહીં.' આમ તે સમ્યક્ત્વથી ચલિત થઈ આયુષ્ય પૂર્ણ કરી વ્યંતર દેવ થયો. ત્યાંથી તે તિર્યંચ યોનિના કારાગૃહમાં રહ્યો તથા વિવિધ યોનિઓમાં પરિભ્રમણ કરતો કરતો ફરી એક વાર ધનદ શ્રેષ્ઠીના ઘેર સોમ નામે ઉત્પન્ન થયો. ત્યાં પણ તેણે વ્રતો ગ્રહણ કર્યાં. આ વખતે તેણે અદત્તાદાન વ્રતના પાંચ અતિચારો (સ્તેનાહૃત, તસ્કર પ્રયોગ, વિરુદ્ધ રાજ્યાતિક્રમ, કૂટ-તુલા-કૂટ માપ તથા તત્પ્રતિરૂપક વ્યવહાર)નું સેવન કર્યું જેથી તે ચોરવૃત્તિ આચરવા લાગ્યો. ફલ-સ્વરૂપ તે સમ્યક્ત્વથી ભ્રષ્ટ થઈ ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી પરિભ્રમણ કરતો ફરીથી દેવ બન્યો અને ત્યાંથી ચ્યુત થઈ સુરપુરમાં મનોહર શ્રેષ્ઠીનો પુત્ર દત્ત બન્યો. એ ભવમાં પણ તેણે વ્રત ગ્રહણ કર્યાં. પરંતુ કામવાસનાની તીવ્રતાને કારણે તેણે ચતુર્થ વ્રતનો ભંગ કર્યો. અને પાંચ અતિચારો, પરવિવાહકરણ, અપરિગૃહીતાગમન, અનંગક્રીડા (ઇત્વરિકા, પરગૃહીતાગમન અને કામભોગ તીવ્રાભિલાષા)નું સેવન કર્યું. ભોગાભિલાષી થઈને વ્રત પાળી ન શક્યો.

ત્યાંથી તે જ્યોતિષલોકમાં દેવ બન્યો. વ્રત ભંગ કરવાને કારણે અનેક યોનિઓમાં પરિભ્રમણ કરીને તે ફરીથી મનુષ્ય બન્યો. તેનું નામ ધનબહુલ રાખવામાં આવ્યું. સદ્‌ગુરુના ઉપદેશથી તેણે વ્રતો ગ્રહણ કર્યાં. પહેલાં તે નિરતિચાર વ્રતોનું પાલન કરતો રહ્યો. પરંતુ લોભને કારણે તે અધિકથી અધિક પરિગ્રહ કરવામાં લાગ્યો રહેતો જેથી તે અપરિગ્રહ વ્રતનું પાલન ન કરી શક્યો. તેણે અપરિગ્રહના પાંચ અતિચારો (ક્ષેત્ર-વસ્તુ પ્રમાણાતિક્રમ, ધનધાન્ય પ્રમાણાતિક્રમ, હિરણ્ય-સુવર્ણ પ્રમાણાતિક્રમ, દ્વિપદ-ચતુષ્પદ પ્રમાણાતિક્રમ અને કુપ્ય-પ્રમાણાતિક્રમ)નું સેવન કર્યું.

આ રીતે પેલા જીવે માનવી બનીને વ્રતોનો સ્વીકાર કર્યો અને એક એક વ્રતનો ભંગ કરતો રહ્યો. એક વાર એ જીવે માયાને કારણે સ્ત્રીવેદનું બંધ કર્યું અને કુંડની નગરમાં સુભદ્ર સાર્થવાહના ઘરમાં પુત્રીરૂપે જન્મ લીધો. એનું નામ રોહિણી રાખવામાં આવ્યું. તેનામાં નાનપણથી જ ધાર્મિક સંસ્કાર હતા. દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે તેનામાં સ્વાભાવિક જ રુચિ હતી.

એક વાર કુંડની નગરમાં સાધ્વી સમુદાયનું આગમન થયું. રોહિણીએ સાધ્વીઓની તનમનથી સેવા કરી. તે નિરતિચાર શ્રાવકધર્મનું પાલન કરવા લાગી. પોતાનો મોટા ભાગનો સમય તે સ્વાધ્યાય, ધ્યાનમાં વ્યતીત કરતી. નિરર્થક બકવાસ તેને પસંદ નહોતો. એ જીવની આ રીતે આધ્યાત્મિક પ્રગતિને જોઈને મોહરાજા ચિંતિત થઈ ગયો. મોહરાજા વિચારવા લાગ્યો કે એવો ઉપાય કરું કે જેથી તેનો વિકાસ થંભી જાય. હું જો તેની થોડી પણ ઉપેક્ષા કરીશ તો તે જીવ સાધનાના સર્વોચ્ચ શિખરે પહોંચી જશે. એ વખતે મોહરાજાની પાસે વિકથાઓ હાજર થઈ. તેમણે રાજાને કહ્યું કે અમે ભલે દેખાવમાં સામાન્ય હોઈએ પણ જીવની પ્રગતિ રોકવામાં અમારી શક્તિ ગજબની છે. જો તમારો આદેશ હોય તો અમે તે જીવ પર અમારો ચમત્કાર દેખાડીએ. મોહરાજાને તેના મનની વાત જ સાંભળવા મળી. રાજાએ તેમને તેની ચિંતા દૂર કરવા અભિનંદન આપ્યા.

વિકથાઓએ ચાર (સ્ત્રીકથા (પુરુષકથા), ભક્તકથા, રાજકથા, દેશકથા) સખીઓ સાથે રોહિણીના મનમાં પ્રવેશ કર્યો અને તેના મનને પ્રભાવિત કર્યું જેથી રોહિણી ધર્મસ્થાનકમાં જઈ સ્વાધ્યાય અને ધ્યાનને ભૂલી એકબીજાની નિંદા કરવા લાગી. તે સાધુ-સાધ્વીની નિંદા કરતી, શ્રાવક વિરુદ્ધ બોલતી, તો કોઈ વખત શ્રાવિકાનો પર્દાફાશ કરતી.

રોહિણીને કોઈ નિંદા-ટીકા ન કરવા, મૌન રહેવા સમજાવતું તો તે કહેતી કે તેનાથી મૌન રહી શકાતું નથી. સાધ્વીઓએ જે ઉપદેશ આપ્યો એની પણ કોઈ અસર ન થઈ. તેનું બોલબોલ કરવાનો દુર્ગુણ દિનપ્રતિદિન વધવા લાગ્યો. એક વાર આચાર્ય ધર્મમિત્રના પ્રવચન દરમિયાન કોઈની નિંદા કરવા લાગી. સભામાં વિક્ષુબ્ધતા પેદા થઈ.

સાર્થવાહની પુત્રી હતી તેથી તેને કોઈ કંઈ ન કહેતું. ગુરુદેવે એને પ્રવચન સભામાં મૌન રહેવા સૂચવ્યું. રોહિણીએ કહ્યું કે જો ચૂપ રહીશ તો લોકો મને મૂંગી સમજશે. સદ્‌ગુરુએ પોતે જ મૌન રહેવાનું યોગ્ય માન્યું. આખો દિવસ વિકથામાં જ રચીપચી રહેતી તેથી બધી ધાર્મિક ક્રિયાઓ તે ભૂલી ગઈ. એક વખત તેણે કહ્યું, 'કુંડની નગરના રાજાની જે મહારાણી છે તે વ્યભિચારિણી છે. તે બીજા જાર પુરુષોની સાથે ખાય-પીએ છે. બીજી સ્ત્રીઓએ તેને રોકી ત્યારે પોતે જે કહી રહી છે તે પૂર્ણ સત્ય છે. રોહિણી જ્યારે આ વાત કહી રહી હતી ત્યારે મહારાણીની દાસીઓ ત્યાંથી પસાર થતી હતી. તેમણે રોહિણીની વાત સાંભળી કહ્યું કે અમારી મહારાણી તો પતિવ્રતા છે. દાસીઓએ જઈ મહારાણીને વાત કરી. રાણીએ રાજાને કહ્યું. રાજાએ પોતાના સેવકોને મોકલી સુભદ્ર સાર્થવાહની સાથે રોહિણીને બોલાવી. રાજાએ રોહિણીને એકાંતમાં પૂછ્યું કે શી વાત છે ? રોહિણીએ નનૈયો ભણ્યો. રાજાએ દાસીઓને બોલાવી. દાસીઓએ બધી વાત કરી. એ સાંભળી રોહિણી ગભરાઈ ગઈ. ધર્મસ્થાનકમાં બેઠેલી મહિલાઓને પણ રાજાએ પૂછ્યું ત્યારે તેમણે પણ રોહિણી એ પ્રમાણે બોલી હતી એમ કહ્યું. રાજાએ સુભદ્ર શ્રેષ્ઠીને કહ્યું કે તમારે કારણે તેને ઓછી સજા કરું છું. તેને (રોહિણીને) નગરમાંથી કાઢી મૂકવામાં આવી. લોકો ચર્ચા કરતા હતા કે જે રોજ સામાયિક, પ્રતિક્રમણ, સ્વાધ્યાય કરતી હતી તેણે જૈનધર્મની નિંદા કરી. તે સમ્યક્‌ત્વથી ભ્રષ્ટ થઈ. આયુ પૂર્ણ કરી તે અપરિગૃહીતા નામની વ્યંતરણી દેવી બની. તે કોઈ વખત બહેરી, તો કોઈ વખત મૂંગી બની. તેને જીભના અનેક રોગ થયા.

મોહરાજા વિકથાથી અત્યંત પ્રસન્ન થયા. એક વાર કર્મ-પરિણામ રાજાના સહયોગથી તે જીવ ઇન્દ્રપુરી નામના રાજ્યમાં સમીકરણ રાજાની મહારાણી જયન્તીના ગર્ભમાં ઉત્પન્ન થયો. તેનું નામ અરવિંદકુમાર રાખવામાં આવ્યું. તે મોટો થતાં બધી કલાઓમાં નિષ્ણાત થયો. તેણે પૂર્વ સંસ્કારોને કારણે ધર્મ ગ્રહણ કર્યો. એ વખતે આચાર્ય પ્રવરનું ત્યાં આગમન થયું. તેમનું પાવન પ્રવચન અરવિંદને ખૂબ ગમ્યું. સમ્યક્‌ત્વ રૂપી મંત્રીએ ચારિત્રરાજાને કહ્યું કે આપની સુપુત્રી સર્વવિરતિ જે અત્યંત સુંદર છે તેની સાથે અરવિંદનું પાણિગ્રહણ કરાવવામાં આવે કેમ કે અરવિંદ તેને યોગ્ય છે. ચારિત્રરાજાએ એમ કર્યું. અરવિંદ જાગરૂક રહીને સર્વવિરતિને પ્રેમ કરતો. સર્વવિરતિને મુશ્કેલી ન પડે તેની સાવધાની તે રાખતો. સર્વવિરતિ સુંદરીના શણગાર માટે તેણે ક્ષમા, નિર્લોભતા, સરલતા, મૃદુતા વગેરે વિશિષ્ટ ગુણોનાં ઘરેણાં બનાવ્યાં. અરવિંદ અણગાર અપ્રમત્તરૂપી મસ્ત હાથી પર બેસી મોહરાજાની સાથે લડવા નીકળ્યો. તે મોહરાજાની સેનાને નષ્ટ કરવા લાગ્યો. ત્યારે મોહરાજાએ શત્રુનો નાશ કરવા પુરુષાર્થ કરવાનું વિચાર્યું.

અરવિંદ મુનિ બ્રહ્મચર્યથી કામનો (કામદેવનો) નાશ કરી રહ્યા હતા. તે સમતાના બાણથી મદને વીંધી રહ્યા હતા. વિનયથી માનને હરાવી રહ્યા હતા. સરળતાથી માયાને જીતી રહ્યા હતા. અલોભથી લોભ પર વિજયપતાકા ફરકાવી રહ્યા હતા. એમની પ્રગતિ હર પળે થઈ રહી હતી. એમ લાગતું હતું કે આ વખતે મોહરાજાને હરાવી દેશે કારણ કે મોહરાજાની સેનાને ધડાધડ હરાવી રહ્યા હતા, તે આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી વગેરેની સેવામાં હંમેશા તલ્લીન રહેતા હતા. મોહરાજાએ અરવિંદ મુનિને સાધનાથી વિચલિત કરવા સંજ્વલન કષાયને ફરી જાગ્રત કરવાનો પ્રયત્ન કર્યો. એક વાર આચાર્યદેવે અરવિંદ અણગારને સાધનામાં હંમેશા સાવધાન રહેવા કહ્યું. જરાક પણ પ્રમાદ આવે તો તે સાધક સાધનાના માર્ગમાંથી ચલિત થઈ જાય છે.

એ સાંભળતાં જ અરવિંદ મુનિએ કહ્યું, 'મારા જેવો સાધક જે હંમેશા સાધનામાં જ તલ્લીન રહે છે તેને માટે આપને વિશ્વાસ નથી. તમારા અન્ય શિષ્યો જે હંમેશા પ્રમાદમાં જ રચ્યાપચ્યા રહે છે તેને આપ કંઈ કહેતા નથી. ફક્ત મને જ ઠપકો આપો છો.' ગુરુએ કહ્યું, 'જે કુળવાન હોય તેને જ ઉપદેશ આપી શકાય. સંગેમરમરનો પથ્થર જે ટાંકણું સહન કરી શકે છે તેમાંથી જ મૂર્તિ બને છે.'

મોહરાજાએ જોયું કે આ સારો અવસર છે. તેને હાથમાંથી ન જવા દેવો જોઈએ. મોહરાજાને કારણે અરવિંદ મુનિમાં ક્રોધની સાથે માને પણ પ્રવેશ કર્યો. અરવિંદ મુનિએ ગુરુને કહી દીધું કે તમે મને નથી જાણતા. હું કેટલો જ્ઞાની, ધ્યાની અને તપસ્વી મુનિ છું. તમારા સમુદાયમાં મારા જેવો તપસ્વી અને સાધક મુનિ બીજો કોઈ નથી. તમે મને નકામા હેરાન કરો છો. મેં આપને કહી દીધું. હવે કદી મને કહેવાની જરૂર નથી.

મુનિને ક્રોધી જોઈ ગુરુને લાગ્યું કે આને ઉપદેશ આપવો નકામો છે. અરવિંદ મુનિ પોતાને મહાન સમજવા લાગ્યા. તેમનામાં ક્રોધ અને અહંકારનું પ્રાધાન્ય થતાં ચારિત્રધર્મથી ચલિત થયા અને આયુષ્ય પૂર્ણ કરી જ્યોતિષ્ક લોકમાં દેવ થયા.

થોડો સમય સંસારમાં પરિભ્રમણ કરી તે રાજપુર નગરમાં શ્રાવક અમાત્યના પુત્ર ચિત્રમતિ બન્યા. માતાપિતાના અવસાન પછી ચિત્રમતિએ આચાર્યદેવના સંપર્કથી પોતાના પુત્રને ગૃહભાર સોંપી સાધનાનો માર્ગ સ્વીકાર્યો. થોડો વખત તે મોહરાજાની સેનાને પરાસ્ત કરતો રહ્યો, પણ અંતમાં મોહરાજાને કારણે તેનામાં

વિષયસુખ પ્રત્યે અનુરાગ પેદા થયો. તેથી તે સાધનાથી ભ્રષ્ટ થઈ સૌધર્મ દેવલોકમાં સામાન્ય દેવ બન્યો.

ત્યાંથી તે કંચનપુર નગરમાં ક્ષેમંકર રાજાને ત્યાં પુત્રના રૂપમાં ઉત્પન્ન થયો. તેનું નામ વિજયસેન રાખવામાં આવ્યું. તે મોટો થતાં સદ્‌ગુરુના ઉપદેશથી સર્વનો ત્યાગ કરી સાધનાના મહામાર્ગ પર ચાલ્યો. તે માર્ગે તેણે કર્મની અઠ્ઠાવીસ પ્રકૃતિઓનું ઉપશમન કર્યું તેથી તે જીવને પરમ આનંદની ઉપલબ્ધિ થઈ. આવો આનંદ તેને પ્રથમવાર જ પ્રાપ્ત થયો હતો. અગિયારમા ગુણસ્થાનમાં પહોંચી તેણે યથાખ્યાત ચારિત્રને પણ પ્રાપ્ત કરી લીધું. આ જીવે મોહરાજાની સેનાને મૂર્છિત કરી દીધી. મોહરાજા આથી મનમાં ક્રોધે ભરાયો હતો. તેણે સંજ્વલન લોભને કહ્યું કે તમે જાવ અને તેના મનમાં આસક્તિ પેદા કરો. થોડી વાર પછી તે જીવમાં સૂક્ષ્મ લોભનો પ્રાદુર્ભાવ થયો. તેનું પતન થયું. છેવટે મોહરાજાએ તે જીવને મિથ્યાત્વ સેનાપતિને સોંપી દીધો. મિથ્યાત્વે બધા દુર્ગુણોને પોતાની શક્તિ બતાવી દેવા આદેશ આપ્યો. તેથી તે જીવે અનેક દુષ્કૃત્ય કર્યાં જેથી તે નરકગતિમાં પહોંચ્યો. લાંબા સમય સુધી ત્યાં ભ્રમણ કરતો રહ્યો. મોહરાજા પોતાના વિજયથી પ્રસન્ન થયો.

એ જીવને ફરીથી કર્મ-પરિણામ રાજાએ બ્રહ્મપુર નગરમાં શ્રેષ્ઠી સુનંદની ધર્મપત્ની ધન્યાની કૂખે ઉત્પન્ન કર્યો. તેનું નામ પુંડરીક રાખવામાં આવ્યું. પુંડરીકની પ્રતિભા અદ્‌ભુત હતી. થોડા દિવસોમાં જ તેણે ગંભીર અધ્યયન કરી લીધું. તે મુનિઓ સાથે દાર્શનિક ચર્ચાઓ કરતો. એક વખત તેણે એક સંતને પૂછ્યું, 'ભગવન્, આ સંસારમાં ક્યું જ્ઞાન મહાન છે ?' સંતે કહ્યું, 'પૂર્વ સાહિત્યનું અધ્યયન બધાથી મહાન છે. જેણે ચૌદ પૂર્વોનું અધ્યયન કરી લીધું છે તે શ્રુતકેવળી કહેવાય છે. કુમારે પ્રશ્ન કર્યો, 'એક પૂર્વને લખવા કેટલી શાહીની જરૂર રહે છે ?' આચાર્યદેવે કહ્યું, 'જેની ઉપર અંબાડી મૂકવામાં આવી હોય એવો એક હાથી ઢંકાઈ જાય એટલી શાહી એક પૂર્વને લખવામાં જાય. એવી રીતે ચૌદ પૂર્વ લખવા ચૌદ હાથીને ઢાંકી શકાય એટલી શાહી જોઈએ. પરંતુ પૂર્વસાહિત્ય હજી સુધી લખાયું નથી અને લખી શકાય પણ નહીં. માત્ર ગુરુના મુખેથી સાંભળી તે યાદ રાખી શકાય'.

પુંડરીકે જિજ્ઞાસાથી પૂછ્યું કે પૂર્વ સાહિત્યનું અધ્યયન કરાવનાર કોઈ ગુરુ અત્યારે હયાત છે ? સંતે કહ્યું કે મારા ગુરુ ચૌદ પૂર્વ જાણે છે. તમે ઇચ્છો તો તેમની પાસે ભણી શકો. પુંડરીકે આચાર્યદેવ પાસે જઈ પૂર્વ સાહિત્યના અભ્યાસની ઇચ્છા વ્યક્ત કરી.

આચાર્યદેવે અધ્યયન માટેની એક શરત જણાવી કે તે માટે શ્રમણ બનવું પડે. માતાપિતાની અનુમતિ પછી જ સાધુ બનાવી શકાય છે. પુંડરીકે માતાપિતાની અનુમતિ માગી. માતાપિતાએ તે આપી. સદ્‌ગુરુ પાસે તેણે અધ્યયન શરૂ કર્યું. થોડા સમયમાં જ તેણે અધ્યયન કરી લીધું. તેની રુચિ જોઈ ગુરુ ખૂબ રાજી થયા. ગુરુએ તેને હંમેશા સ્વાધ્યાયમાં રત રહેવાનું કહ્યું હતું તે પ્રમાણે પુંડરીક કરવા લાગ્યો. મોહરાજા આથી વ્યથિત થયો. દર્શનાવરણીય કર્મે તેને કહ્યું કે ફરીથી તે જીવને તમારી સેવામાં લાવીશું. તે જીવના શ્રુતજ્ઞાનને વિસ્મૃત કરાવી દઈશ. મોહરાજાએ તેને તરત જ તેમ કરવા આદેશ આપ્યો. મોહરાજાના આદેશથી તે દર્શનાવરણીય કર્મે પોતાનો પ્રભાવ દાખવવા માંડ્યો જેથી પુંડરીકના શરીરમાં આળસ પ્રવેશી. જ્ઞાન વિસ્મૃત થવા લાગ્યું. ઊંઘ સતાવવા લાગી. ધીરે ધીરે તે બધું શ્રુતજ્ઞાન ભૂલવા લાગ્યો.

એક દિવસ આચાર્યે કહ્યું, 'વત્સ, પહેલાં તારા મનમાં જ્ઞાનની કેટલી ભૂખ હતી ! અધ્યયન કરવા તો તું સાધુ બન્યો હતો પરંતુ આટલા દિવસોમાં જ તું આળસુ થઈ ગયો. જે સૂએ છે તે સુખી થતો નથી. જાગતો રહેનાર સુખી થાય છે. સદ્‌ગુરુનાં વચનો સાંભળી પુંડરીકે તેમને કહ્યું કે હું સૂતેલી અવસ્થામાં આગમોનો સ્વાધ્યાય કરું છે. ગુરુદેવે વિચાર્યું કે આનામાં જૂઠ પણ પ્રવેશ્યું છે. તે હંમેશા ગુરુદેવની વાતને ખોટી પાડવાના પ્રયાસ કરવા લાગ્યો. તેના પર અસત્યનું આવરણ આવી ગયું. મિથ્યાત્વને કારણે તે જીવે નરક અને તિર્યંચ ગતિને પ્રાપ્ત કરી.

મોહરાજાનો વિજય થયો. ચારિત્રધર્મની સેનામાં હલચલ મચી ગઈ. તેમણે એકાંત સ્થાનમાં સભા બોલાવી. ચારિત્રધર્મે તેમાં કહ્યું કે મોહરાજાની સેનામાં સદ્‌ગુણોને નષ્ટ કરનાર પરાક્રમી જીવો છે. ચારિત્રધર્મને નિરાશ થયેલો જોઈ સદ્‌બોધ મંત્રીએ તેને નિરાશ ન થવા કહ્યું. હવે તે જીવ મોહના શરણે લાંબો સમય નહીં રહે. હવે તે જલ્દીથી આપણે શરણે આવશે અને પછી અહીં જ રહેશે. આટલા સમય સુધી તો કર્મોનું જોર હતું તેથી આપણું જોર ચાલ્યું નહીં. એ સાંભળી સૌના મનમાં ઉત્સાહનો સંચાર થયો.

પેલો જીવ કર્મ-પરિણામ રાજાના સહયોગથી પદ્મસ્થલ નગરમાં સિંહવિક્રમ મહારાજાની મહારાણી કમલિનીના ગર્ભમાં ઉત્પન્ન થયો. તેનું નામ સિંહરથ રાખવામાં આવ્યું. સિંહની જેમ તે ખૂબ પરાક્રમી હતો. એક વાર પદ્મસ્થલ નગરમાં આચાર્ય ધર્મદત્તનું આગમન થયું. સિંહરથ તેમનું પ્રવચન સાંભળવા પહોંચ્યો. તેમનું પ્રવચન સાંભળી તે ગદ્‌ગદ્ થઈ ગયો. તે દેખાવે ખૂબ સુંદર હોવાથી અનેક સ્ત્રીઓ તેના પર મુગ્ધ હતી. તેને પતિ બનાવવા ઇચ્છતી હતી. પરંતુ સિંહરથના મનમાં કામવાસનાનું નામ પણ નહોતું. તે હંમેશા અધ્યયન, ચિંતન, મનનમાં તલ્લીન રહેતો હતો. તેણે શ્રાવકધર્મ ગ્રહણ કર્યો. તેનું તે પાલન કરવા લાગ્યો. એક વખત પદ્મસ્થલ નગરમાં ગુણનિધિ નામના આચાર્યનું શુભાગમન થયું. તેમનો ઉપદેશ સાંભળી તેણે સંસારનો ત્યાગ કરી શ્રમણધર્મ સ્વીકાર્યો. સર્વવિરતિ સુંદરી સાથે તેનું પાણિગ્રહણ થયું. તે અપ્રમત હાથી પર ભાવનારૂપી અંબાડી મૂકી તેની પર બેઠો.

વિવેકરૂપી તીર અને અઢાર હજાર શીલાંક રથની સાથે તે રવાના થયો. મોહરાજાની સેનાના નાયકો વગેરે ભયભીત થઈ ગયા. ચારિત્ર ક્રોધ, માન, માયા, લોભ વગેરે દુર્ગુણોને સદ્‌ગુણોથી હરાવી દીધા. તેણે અહિંસાથી હિંસા પર વિજય પ્રાપ્ત કર્યો. મોહરાજાએ એ જીવને પોતાના શરણે લાવવાનો પ્રયાસ કર્યો પણ ચારિત્રધર્મની સેના તૈયાર હતી તેથી તેનું જોર ન ચાલ્યું. મંત્રોચ્ચાર કરી આયુ પૂર્ણ કરી સાતમા મહાશુક્ર દેવલોકમાં મહર્દ્ધિક દેવ બન્યો. ત્યાંથી આયુ પૂર્ણ કરી કમલપુર નગરમાં રાજા શ્રીચન્દ્રની મહારાણી કમલાની કૂખે જન્મ્યો. તેનું નામ ભાનુકુમાર રાખવામાં આવ્યું.

ભાનુકુમાર મોટો થયો ત્યારે તેના પિતાએ કહ્યું, 'વત્સ, હું સંસાર છોડી સંયમ ગ્રહણ કરવા માગું છું. હવે તું રાજ્ય સંભાળ.' ભાનુકુમાર ઇચ્છા ન હોવા છતાં પણ તેણે રાજ્ય સંભાળ્યું. લાંબા સમય સુધી રાજ્ય ભોગવી તેણે પણ પોતાના પુત્રને રાજ્ય સોંપી સંયમ ગ્રહણ કર્યો. તે મોહનીય કર્મના એકે એક સૈનિકને ચારિત્રધર્મના સહયોગથી પછાડવા લાગ્યો. નિરતિચાર સંયમ પાલનને લીધે તે જીવ અંતિમ સમયે સસંથારા આયુષ્ય પૂર્ણ કરી નવ ગ્રૈવેયક વિમાનમાં દેવ બન્યો. ત્યાં તે એકત્રીસ સાગર સુધી સુખસાગરમાં તરતો રહ્યો. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી પદ્મપુર નગરમાં સીમન્તક રાજાના પુત્ર ઇન્દ્રદત્તના રૂપમાં એણે જન્મ લીધો. પૂર્વભવમાં ચારિત્રધર્મ ગ્રહણ કરીને મોહનીય કર્મને હરાવેલ. આ જન્મમાં પણ મોટો થયા પછી અનંતકાળ માટે શત્રુ મોહને હરાવવા તેણે દીક્ષા લીધી. ચારિત્રધર્મ રાજા તરફથી એની સાથે અનેક વીર સૈનિકો જોડાયા. તેણે મોહની સેનાને છિન્નભિન્ન કરી નાખી. મોહરાજા હતાશ થઈ ગયો. ઇન્દ્રદત્ત વીર યોદ્ધાની જેમ ઝઝૂમીને ચારિત્રધર્મ દ્વારા કર્મોને નષ્ટ કરતો રહ્યો. અંત સમયે તે સંથારો કરી સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ બન્યો. ત્યાં પણ તે સ્વાધ્યાય વગેરેમાં તલ્લીન રહ્યો. ત્યાં આયુષ્ય પૂર્ણ કરી તે જીવ ગંધિલાવતી રાજ્યમાં ચન્દ્રપુરી નગરીમાં અકલંક રાજાની મહારાણી સુદર્શનાના ગર્ભમાં ઉત્પન્ન થયો. જેવો તે જીવ માતાના ગર્ભમાં આવ્યો કે તરત જ માતાએ સ્વપ્નમાં એક સિંહને પોતાના મુખમાં પ્રવેશ કરતો જોયો. સ્વપ્નને જોઈ રાણીએ રાજાને વાત કરી અને તેનું ફળ પૂછ્યું. રાજાએ વિચારીને કહ્યું કે તું સિંહ સમાન તેજસ્વી પુત્રની માતા બનીશ. તારો પુત્ર સિંહ જેવો પરાક્રમી હશે. જો તે સાધુ બનશે તો એટલો તેજસ્વી થશે કે તે નિમિત્તમાં ન પડી ઉપાદાનને ગ્રહણ કરશે. તે કર્મને નષ્ટ કરવા પ્રયત્ન કરશે. એ સાંભળી રાણીને આનંદ થયો. પુત્રજન્મ પર રાજાએ આખાય નગરમાં ઉત્સવ મનાવ્યો. રાજકુમારનું નામ બલિ રાખવામાં આવ્યું. તે બહુ પુણ્યવાન હતો. તેના દિવ્ય રૂપ પર સેંકડો કન્યાઓ મુગ્ધ હતી. પરંતુ બલિ ભોગોથી નિર્લિપ્ત હતો. તેના મનમાં ઉપાસનાનું સામ્રાજ્ય હતું. તેણે માતાપિતા સમક્ષ સંયમ ગ્રહણ કરવાની ઇચ્છા પ્રગટ કરી. પિતાએ કહ્યું કે થોડો વખત તું રાજ્ય ભોગવ કેમ કે અમે સાધનાનો માર્ગ ગ્રહણ કરવા ઇચ્છીએ છીએ.

બલિકુમારની ઇચ્છા ન હોવા છતાં માતાપિતાના આગ્રહને કારણે તેણે અનેક રાજકુમારીઓ સાથે લગ્ન કર્યાં અને રાજ્ય પણ ભોગવ્યું. રાજા અકલંક અને મહારાણી સુદર્શનાએ આચાર્ય કુવલયચન્દ્ર પાસે દીક્ષા લીધી અને લાંબા સમય સુધી શ્રમણ-જીવનનું પાલન કરી સ્વર્ગમાં દેવ થયા. રાજા બલિએ ઠેર ઠેર દાનશાળાઓ, પાઠશાળાઓ, ઔષધાલયો વગેરે અનેક સમાજોપયોગી કાર્યોમાં પોતાની શક્તિ અને ધનનો ઉપયોગ કર્યો. એક દિવસ બલિ રાજા સંધ્યા સમયે સામાયિક કરી રહ્યો હતો. તે વખતે તેની નજર અનંત આકાશ તરફ ગઈ. ત્યાં ઘટાટોપ વાદળો જામ્યાં હતાં પણ જોતજોતામાં દાક્ષિણાત્ય પવનને કારણે વાદળો વિખરાઈ ગયાં. એ જોઈ બલિએ વિચાર્યું કે મારું જીવન પણ ક્ષણભંગુર છે. એ ક્યારે નાશ પામે તેની ખબર નથી. જ્યાં સુધી શરીર સ્વસ્થ હોય ત્યાં સુધી ધાર્મિક સાધના કરી લેવી જોઈએ. સામાયિક સાધના પછી રાજા બલિ પૌષધવ્રતની સાધના કરીને પણ આ રીતે ચિંતન કરતો હતો. થોડા દિવસ પછી રાજા બલિની ભવ્ય ભાવનાને જાણીને કુવલયચન્દ્ર પોતાના વિરાટ શિષ્ય-સમુદાય સાથે ચંદ્રપુરી નગરીના બહારના ઉદ્યાનમાં પધાર્યા. એ સમાચાર જાણી બલિરાજા આનંદિત થઈ ઊઠ્યો. તે મુનિની પ્રવચન-સભામાં ગયો. તેણે પોતાનો ઉદ્ધાર કરવા કુવલયચન્દ્રને કહ્યું. કુવલયચન્દ્ર કેવલીએ તેને કહ્યું, 'રાજન્, તું અનંતકાળથી વિરાટ વિશ્વમાં મોહરાજાને કારણે પરિભ્રમણ કરી રહ્યો છે. તેના ચક્કરમાં પડી તેં અનંત ભવ બરબાદ કર્યા છે. તું ચારિત્રધર્મના વીર યોદ્ધાઓનો સહકાર લઈ મોહરાજાની સેનાને હરાવી દે.

કુવલયચન્દ્રના ઉપદેશથી રાજા બલિએ પોતાના સૌથી મોટા પુત્ર નયસારને રાજ્ય આપી આર્હતી પ્રવ્રજ્યા ગ્રહણ કરી અને સર્વપ્રથમ તેણે મોહને નષ્ટ કર્યો. તે પછી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયને નષ્ટ કરી કેવલજ્ઞાન, કેવલદર્શન પ્રાપ્ત કર્યાં.

કેવલજ્ઞાન થવાથી તે બલિમુનિ જ 'ભુવનભાનુ કેવલી' ના નામે જ જાણીતા થયા. રાજા ચન્દ્રમૌલીને ભુવનભાનુ કેવલીએ કહ્યું, 'હે રાજા, હું એ જ જીવ છું જેને વારંવાર મોહરાજાએ હરાવ્યો હતો. હવે મેં જિનધર્મ પ્રાપ્ત કર્યો છે.' રાજા ચન્દ્રમૌલીની આંખોમાં આંસુ આવી ગયાં. તેણે પોતાનો ઉદ્ધાર થાય તેવો ઉપાય બતાવવા કહ્યું. તે પછી ભુવનભાનુ કેવલી અને ચન્દ્રમૌલી રાજા વચ્ચે ચર્ચા ચાલી જેમાં જીવ કેટલા સમયમાં મુક્તિ પામે છે. વગેરે બાબતો હતી. ચન્દ્રમૌલીએ ભુવનભાનુ કેવલી પાસે દીક્ષા ગ્રહણ કરવાની ઇચ્છા વ્યક્ત કરી. ભુવનભાનુ કેવલીએ સાધનાના કાર્યમાં વિલંબ ન કરવા કહ્યું.

ચન્દ્રમૌલી રાજાએ પોતાના પુત્ર ચન્દ્રવદનને રાજ્યાસને બેસાડી મહારાણીની સાથે સંયમ માર્ગ સ્વીકાર્યો. તે પછી ચન્દ્રમૌલી મુનિએ પૂર્વસાહિત્યનો અભ્યાસ કર્યો અને ચૌદ પૂર્વમાં તે પારંગત થયા. ભુવનભાનુ કેવળીએ જીવનની સંધ્યાએ નામ, ગોત્ર, વેદનીય અને આયુષ્ય કર્મોને નષ્ટ કરી શૈતેશીકરણ દ્વારા પરમાનંદ પદને પ્રાપ્ત કર્યું.

[જૈન કથાએં - **K 10057 લા.દ.ભા.સં. વિદ્યામંદિર, ગ્રંથાલય]**

ક્ષુલ્લક ઋષિ રાસ

અયોધ્યાના પુંડરીકને ગુણસુંદરી નામે રાણી હતી. પુંડરીકને કંડરીક નામે એક ભાઈ. કંડરીકની પત્ની યશોભદ્રા અત્યંત સ્વરૂપવાન હતી. તેને જોઈ પુંડરીકના મનમાં કુવિચાર આવ્યો. તેને વશ કરવા પુંડરીકે કિંમતી વસ્ત્રાભૂષણો મોકલ્યાં. યશોભદ્રાએ તો જેઠનો પ્રસાદ માની તે સ્વીકાર્યાં. એક દિવસ તક જોઈ પુંડરીકે તેની સમક્ષ બૂરી માગણી મૂકી. યશોભદ્રાએ તેનો ઇન્કાર કર્યો.

પુંડરીકે ગુસ્સે ભરાઈ પોતાના ભાઈ અને યશોભદ્રાના પતિ કંડરીકને મારી નાંખ્યો. શીલનું રક્ષણ કરવા યશોભદ્રા ત્યાંથી નાસી છૂટી. તે વખતે તે ગર્ભવતી હતી. શ્રાવસ્તી પહોંચેલી યશોભદ્રાએ ચારિત્ર ગ્રહણ કર્યું. ગુરુણીએ તેને બહાર ન જવા સૂચવ્યું. પૂરા માસે યશોભદ્રાએ પુત્રને જન્મ આપ્યો. જેનું નામ ખુલ્લકુમાર (ક્ષુલ્લકકુમાર) રાખવામાં આવ્યું.

ક્ષુલ્લકકુમારે આઠ વર્ષની ઉંમરે અજિતસૂરિ પાસે દીક્ષા લીધી. જ્ઞાનોપાસના કરતાં કરતાં બાર વર્ષ વીતી ગયાં. પરંતુ તેના મનમાં એકાએક કામ જાગતાં માતા પાસે જઈ સાધુની સાધનસામગ્રી સુપરત કરીને સંયમનો માર્ગ આકરો હોઈને તે પાળી શકશે નહીં એમ જણાવ્યું. માતાએ ગુરુણી પાસે આજ્ઞા લેવા મોકલ્યો. ગુરુણીએ બાર વર્ષ રાહ જોવાનું કહેતાં તે માની ગયો. બાર વર્ષ પૂરાં થતાં ફરી ગુરુણી પાસે આવ્યો ત્યારે તેણે ગચ્છનાયક પાસે મોકલ્યો. ગચ્છનાયકે ઉપાધ્યાય પાસે મોકલ્યો. ઉપાધ્યાયના કહેવાથી બીજાં બાર વર્ષ મૌનવ્રત ધારણ કરી પસાર કર્યાં. આમ અડતાળીસ વર્ષ પસાર થઈ ગયાં, પણ કામે તેનો કેડો છોડ્યો નહીં. ક્ષુલ્લકે ફરી માતા પાસે આવી સંયમ છોડવા કહ્યું. તેણે સંપત્તિ વગર સુખ નથી એમ જણાવ્યું ત્યારે માતાએ સંપત્તિ માટે તેને પિતરાઈઓ પાસે જવા કહ્યું અને સાથે રત્નકંબલ અને મુદ્રા લઈ જવા સૂચવ્યું જેથી તેને અર્ધો રાજભાગ મળી જાય.

રત્નકંબલ અને મુદ્રા લઈ ક્ષુલ્લક અયોધ્યા પહોંચ્યો. તે વખતે રાજાના દરબારમાં એક નૃત્યાંગના નૃત્ય કરી રહી હતી. તે જોવા દરબારમાં અનેક લોકો એકઠા થયા હતા. નૃત્યાંગનાએ આખી રાત નૃત્ય કર્યું પણ રાજા રીઝ્યો નહીં. નટી નિરાશ થઈ. દાન ન મળવાથી તેના મનમાં દુઃખ થયું. પરંતુ પ્રેક્ષકોમાંથી ક્ષુલ્લકે રત્નકંબલ, રાજકુમારે બેય કુંડળ, મંત્રીએ કડું, હસ્તિપાલે અંકુશ અને સાર્થવાહની પત્નીએ હાર આપ્યો. એ પાંચેયનું મૂલ્ય લાખ લાખ રૂપિયા હોવાથી નટી તો ન્યાલ થઈ ગઈ. બીજાઓએ પણ યથાશક્તિ ભેટસોગાદો નટીને આપી.

ક્ષુલ્લક, રાજકુમાર, મંત્રી હસ્તિપાલ અને સાર્થવાહની પત્નીએ નૃત્યાંગનાને ભેટ આપી તેથી રાજા રીસે ભરાયો. એણે સવારમાં એ પાંચેય દાન આપનારને બોલાવી પોતાના પહેલાં દાન આપવાનું કારણ પૂછ્યું.

પ્રથમ કુમારે જવાબ આપ્યો કે અહીં એવો વિચાર કરીને આવ્યો હતો કે તમે મને રાજ્ય આપ્યું નથી તો નાટક પૂરું થયા પછી તમને મારીને રાજ્ય લઈ લઈશ. પરંતુ આ નાટકથી મને પ્રતિબોધ થયો. જિંદગીનાં ઘણાં વર્ષો વહી ગયાં છે, હવે શા માટે જન્મ વેડફી દેવો ? એટલે મારી પાસેની વસ્તુ મેં આપી દીધી.

મંત્રીએ રાજાને જવાબ આપતાં કહ્યું કે આપ મને વાડીવજીફા આપતા નથી તેથી મનમાં વિચાર્યું હતું કે દુશ્મનને બોલાવી રાજ્યનો નાશ કરાવું.

ક્ષુલ્લકે રાજાના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું કે દીક્ષાકાળ અસહ્ય હતો તેથી અડધું રાજ્ય મેળવી સુખ ભોગવવાની ઇચ્છાથી અહીં આવ્યો હતો.

હસ્તિપાલે કારણ આપતાં કહ્યું કે તમે હાથીઓ માટે પૂરતું ઘાસ આપતા નથી તેથી હાથીઓને લઈને બીજે જતા રહેવાનો વિચાર કરેલો.

સાર્થવાહની પત્નીએ પોતાનો ભરથાર બાર વર્ષથી પાછો આવ્યો નથી તેથી કુલાચાર લોપાવાનો ભય બતાવ્યો.

પાંચેયના જવાબ સાંભળી રાજાએ એ બધાંના મનની આશા પૂરવા તૈયારી બતાવી. પરંતુ એ પાંચેય જણાએ હવે પાપમાં ન પડવાની ઇચ્છા પ્રદર્શિત કરીને જણાવ્યું કે અમે કામભોગથી વાજ આવી ગયાં છીએ. સંસાર અસાર છે એ અમને સમજાઈ ગયું છે તેથી અમે તો સંયમ ધારણ કરીશું. આ પછી આકરાં જપ-તપ કરી પાંચેય જણ ભવપાર ઊતરી ગયાં.

આ બધામાં ક્ષુલ્લકકુમાર ઉત્તમ પુરવાર થયા.

(આધાર : સમયસુંદરકૃત 'ક્ષુલ્લક ઋષિ રાસ')

મેતારજ મુનિ

-રાજ વિજયન

રાજગૃહી નગરીમાં માસખમણનાં પારણાં માટે મેતારજ મુનિ સોનીને ઘેર આવ્યા. સોનીએ ઊઠીને મુનિને વંદન કર્યા. સોની જવલાં ઘડતો ઘડતો ઊભો થયો હતો. એને લાગ્યું કે ઋતુ વગર પણ આજે આંબો ફળ્યો છે. તેણે ભિક્ષામાં લાડુ આપ્યા. એ દરમિયાન કૌંચ પક્ષી આવીને જવલાં ચણી ગયું. મુનિ તો ભિક્ષા લઈ પાછા વળ્યા. સોનીએ જોયું તો પોતે ઘડેલાં જવલાં નથી. એને શંકા ગઈ કે જવલાં આ સાધુએ જ લઈ લીધાં હશે. તેણે તો રીસ કરીને જવલાં પાછાં આપી દેવા સાધુને કહ્યું. સોનીએ તો મેતારજ મુનિના ગળામાં ચામડાની દોરી ભરાવી તેમને તડકે નાખ્યા. સખત તડકાને કારણે હાડકાંના કડાકા બોલવા લાગ્યા, ચામડી બળવા લાગી. સોનીએ ભારે દુઃખ આપ્યું, પણ મુનિએ તો મન સ્થિર રાખ્યું. એ એવા મોટા મુનિ હતા કે મનમાં જરાય રોષ નહોતા આણતા. પોતે પોતાનાં જ કર્મોનું ફળ ભોગવે છે એમ માનીને સોનીનો કોઈ વાંક જોતા નહોતા. ગજસુકુમાલને માથે પણ માટીની પાળ કરી તેમાં અંગારા મૂકી પીડા આપેલી. પણ તે તો તરત જ મુક્તિને પામ્યા. સુકોશળ સાધુના શરીરને વાઘણે વલૂર્યું હતું. અરણિક અણગાર કેવલજ્ઞાન પામી મુક્તિ પામ્યા. ખંધકસૂરિના શિષ્યોને પાપી પુરોહિત પાલકે ઘાણીમાં પીલ્યા હતા. અંબડના સાતસો ચેલાઓની પણ એ જ દશા થઈ હતી. એવી જ સ્થિતિ મેતારજ મુનિની થઈ.

આ દરમિયાન સોનીની સ્ત્રીએ લાકડાની ભારી લાવી નીચે નાખી. તેના ધબકારાથી કૌંચ પક્ષી જાગી ગયું. તેણે વિષ્ટા કરી તેમાં જવલાં નીકળી ગયાં. વિષ્ટામાં જવલાં જોઈને સોની લજ્જા પામ્યો. તે સાધુનો ઓઘો અને મુહપત્તિ લઈ સાધુ થઈ ગયો અને મન, વચન, કાયાને સ્થિર કરી પોતાની જાતને તારી.

[આ.કા.મ. મૌ.૫ પરિશિષ્ટ-૫]

પુંજાઋષિ

ઉત્તર ગુજરાતના જાણીતા જૈન તીર્થધામ ભોંયણીની પાસે આવેલ રાતિજ ગામના ખેડૂત ગોરા પટેલની પત્ની ધનબાઈને પેટે પુંજાઋષિનો જન્મ. ગોરા પટેલનુ કુટુંબ ખાધેપીધે સુખી. પરંતુ પુંજાઋષિને પહેલેથી જ સંસાર પ્રત્યે આસક્તિ ઓછી. ગુરુવચનથી આકર્ષાઈને પુંજાઋષિએ દીક્ષા ગ્રહણ કરી.

પુંજાઋષિએ આઠ ઉપવાસ, આઠ ચોવિહાર, બે વાર માસક્ષમણ, બે વાર વીસ વીસ દિવસના ઉપવાસ, પંદર દિવસના પિસ્તાળીસ, સોળ દિવસના સોળ, ચૌદ દિવસના બાર, તેર દિવસના તેર, બાર દિવસના બાર, દસ દિવસના ચોવીસ, બસો પચાસ અઠ્ઠાઈઓ, સિત્તેર દિવસ સુધી છઠ એટલે બે-બે દિવસના ઉપવાસ કર્યા. તેમાં પણ એક અઠ્ઠાઈ કરી, બાસઠ દિવસ છઠના ઉપવાસ કર્યા. બાર વર્ષ સુધી ઘી, દૂધ, તેલ, ગોળ, દહીં, પકવાન જેવા વિકૃતિ પેદા કરનાર પદાર્થોનો ત્યાગ કર્યો. પાંચ વર્ષ સુધી વસ્ત્ર ન ઓઢ્યું, સાડાપાંચ વર્ષ નગરત્યાગ કર્યો.

આટલી કઠોર તપશ્ચર્યા પછી એક અભિગ્રહ એવો લીધો કે દેવપૂજા કર્યા પછી ચાર સ્ત્રીઓ પ્રેમથી ઘી વહોરાવે તો જ લેવું. નરોડાના અમદાવાદી સંઘમાં ફૂલાં, ગમતાંદે, જીવી અને રાજુલદેએ દેવપૂજા કરી પુંજાઋષિને ઘી વહોરાવ્યું.

પુંજાઋષિ ગચ્છોની કૂપમંડૂકતાથી દૂર રહ્યા હતા. તેમણે અન્ય ગચ્છના સાધુઓની પણ કીર્તિગાથા ગાઈ હતી.

(આધાર : સમયસુંદરકૃત 'પુંજાઋષિ રાસ')

ઢંઢણ ઋષિ

- જિનહર્ષ

ઢંઢણ ઋષિ એવા ઉત્કૃષ્ટ કોટિના સાધુ હતા કે તેમણે લીધેલો અભિગ્રહ ખૂબ આકરો હતો. તેમણે એવી પ્રતિજ્ઞા લીધી હતી કે જો શુદ્ધ આહાર પ્રાપ્ત થશે તો વહોરીશ. તેઓ પ્રતિદિન ગોચરી માટે જતા હતા પણ શુદ્ધ અને યોગ્ય આહાર નહોતો મળતો તેથી લેતા નહોતા અને ઉપવાસ કરતા. એમ કરતાં શરીર હાડપિંજર થઈ ગયું. હરિએ શ્રી નેમિને પૂછ્યું કે અઢાર હજાર મુનિવરોમાં કોણ શ્રેષ્ઠ એ મને મહેરબાની કરીને કહો. તેમણે જવાબ આપ્યો કે ઢંઢણ મુનિ સૌથી શ્રેષ્ઠ છે.

કોઈ મિથ્યાત્વીને (જૈન ધર્મના વિરોધીને) મુનિને જોઈને એમના પ્રત્યે ભાવ ઊપજ્યો. તેણે મુનિને પોતાને ઘેર આવવા નિમંત્રણ આપ્યું. તેણે મુનિને શુદ્ધ મોદક (લાડુ) વહોરાવ્યા. ઋષિ તે લઈને પ્રભુજી પાસે આવ્યા. તેમણે પ્રભુજીને પૂછ્યું કે મારી લબ્ધિ તરીકે આ લાડુ મળ્યા છે ? ત્યારે શ્રીપતિએ કહ્યું કે એ તારી લબ્ધિ નથી. એ સાંભળી ઢંઢણ મુનિએ એનો ત્યાગ કર્યો. તેમણે ઈંટોના ભઠ્ઠે જઈ લાડુના ચૂરેચૂરા કરી નાખ્યા અને માટીમાં ભેળવી દીધા.

જેમ જેમ એ લાડુનો ભૂકો કરતા ગયા તેમ તેમ તેમનાં કર્મોનો સમૂહ ચૂર્ણ થઈ ગયો અને તે કેવલજ્ઞાન પામ્યા.

[આ.કા.મ.મૌ. ૫ પરિશિષ્ટ-૬]

કયવન્ના શાહનો રાસ

- જયતસીકૃત

રાજગૃહી નગરીમાં ધનદત્ત શેઠ નામે એક અતિ ધનવાન રહેતો હતો. રાજાને તેને માટે માન હતું. ધનદત્તને વસુમતી નામે એક સુંદર પત્ની હતી. તે ઓછાબોલી હતી. સમય જતાં તેને ગર્ભ

રહ્યો. શેઠે તેનો સીમંતનો પ્રસંગ રંગેચંગે ઊજવ્યો. પૂરે માસે તેણે તેજસ્વી દીકરાને જન્મ આપ્યો. સઘળી વિધિ કર્યા બાદ બાળકને કયવન્નો નામ આપવામાં આવ્યું. આઠ વર્ષનો થતાં શાળાએ મોકલવામાં આવ્યો. ભણીગણી તે પંડિત થયો.

એક દિવસ વસુમતીએ પતિ પાસે જઈ પુત્રને પરણાવવાની માગણી કરી. જો દીકરાનાં લગ્ન થાય તો તેનાં સંતાનોથી વંશવેલો વધે. ધનદત્તે પત્નીની વાત માની જોશીઓ તેડાવી સાગરદત્તની પુત્રી જયશ્રીનું માગું નંખાવ્યું. નક્કી થતાં દીકરાને જયશ્રી સાથે પરણાવ્યો. વહુ રૂપગુણમાં સુદર હતી, ચોસઠ કલાઓની જાણકાર હતી. કયવન્ના અને જયશ્રીની જોડી એટલે જાણે રાધાકૃષ્ણની જોડી, કામદેવ અને રતિની જોડી. પુત્ર-પુત્રવધૂની સુંદર જોડી જોઈને માબાપ હર્ષ પામ્યાં. બંનેને રહેવા એક મહેલ આપ્યો.

કયવન્નો પંડિત પાસે શાસ્ત્રો શીખતો હતો. તે વિષયોપભોગથી દૂર રહેતો. મનમાં કોઈ વિકાર નહોતો. તે તો વિદ્યાવ્યાસંગમાં જ રચ્યોપચ્યો રહેતો. કયવન્નાની ઉદાસીનતા જોઈ જયશ્રીએ એક વખત સાસુને કહ્યું કે મારો પતિ જાણે સુંદર હીરો છે, સુગંધી કેવડો છે. પરંતુ એ તો મારી સાથે વાતચીત કરતો નથી કે નથી હૈયું ખોલતો. તેથી મારા હૈયામાં દુઃખ રહે છે. પતિ તો તદ્દન વૈરાગીની જેમ રહે છે. મારા પ્રત્યે તેને અનુરાગ નથી. તે તો ભોગરાગ છોડી જોગીશ્વરની જેમ રહે છે. હું તો સુગંધીદાર જાઈ છું. પણ તે (પતિ) ભ્રમરની જેમ મને ભોગવતો નથી. હું કુલવાન સ્ત્રી છું જ્યારે નાવલિયો તો વૈરાગી છે. મને પથારીમાં ઊંઘ આવતી નથી. જતાં-આવતાં તે આવો કે આવજો પણ કહેતો નથી.

વહુનાં વેણ સાંભળી શેઠાણીએ શેઠને સઘળી વાત કહી અને કોઈ ઉપાય કરવા વિનંતી કરી. શેઠે વિચારીને કહ્યું કે કેટલીક બાબતો તો વણશીખવ્યે આવડી જાય છે. હંસને ચાલ કોણ શીખવે છે ? ભ્રમરને ભોગ કરતાં કોણ શીખવે છે ?

શેઠે ઘણાં વેણ કહ્યાં પણ શેઠાણી ન સમજ્યાં એટલે ધનદત્તે ઘણા વ્યસનીઓને તેડાવ્યા અને કુમારને વ્યસનકલા શીખવવા ધનની લાલચ આપી. વ્યસનીઓ કુમાર પાસે રાતદિવસ રહેવા લાગ્યા. તેઓ મદ્યપાનથી રંગરાગમાં રચ્યાપચ્યા રહેવા લાગ્યા. કસૂંબાપાણી થવા લાગ્યાં. કયવન્નો પણ વાંદરાની જેમ વ્યસનીઓની સાથે હીન ચેષ્ટાઓ કરવા લાગ્યો. કુમાર નટ સાથે વેશ્યાના ઘેર ગયો. વેશ્યા દેવદત્તાએ તેનું સ્વાગત કર્યું. તેણે બે હાથ જોડીને કુમારને કહ્યું કે હું તો તમારી દાસી છું. તન, મન, ધન એ બધું જ કયવન્નાનું જ છે એમ કહીને તેણે કયવન્નાને વશ કરી લીધો. વેશ્યાના મોહપાશમાં પડેલ કયવન્નાએ દાસીને પોતાને ઘેર મોકલીને તેની પાસે કોટિ ધન મંગાવ્યું. તે મોજશોખમાં આળોટવા લાગ્યો. ઘર-કુટુંબને તે વીસરી ગયો. દરેક વર્ષે માતાપિતા તેને કરોડ રૂપિયા મોકલતાં. તેનો ઉપભોગ કયવન્નો કરતો. આમ કરતાં બાર વર્ષ વીતી ગયાં. માબાપે દાસીને મોકલી કયવન્નાને ઘેર પાછા ફરવા કહેવરાવ્યું પણ તે માન્યો નહીં. દાસી ઘેર પાછી આવી. તે તો વેશ્યાના પ્રેમમાં લિપ્ત રહેવા લાગ્યો. કયવન્નાની માતાએ ઘણો વિલાપ કર્યો. જેને પાળીપોષીને મોટો કર્યો તે પુત્ર વૃદ્ધાવસ્થામાં પણ ઉપયોગી ન થયો એમ કહેતી તે અત્યંત દુઃખી થતી હતી. આમ દુઃખી થયેલાં માતાપિતા કાળધર્મ પામ્યાં. બીજી તરફ કયવન્નાની પત્ની ઘરે રહીને કુલાચાર પાળતી હતી. કયવન્નાની પત્ની તો ઘરમાં ધન ખૂટતાં આભૂષણો મૂકવા લાગી. ઘરમાં કોઈ કમાનાર નહોતું તેથી ભરણપોષણ માટે તેણે કાંતવા માંડ્યું.

દીકરીનું દુઃખ જોઈ કયવન્નાની સાસુએ તેને કહ્યું કે જે વેશ્યામાં લુબ્ધ થયો છે તેનો કેડો છોડી દે. ત્યારે દીકરીએ જવાબમાં કહ્યું કે એ મારા મનને ગમી ગયો છે. બીજો કોઈ મનમાં વસતો નથી. હું જીવીશ ત્યાં સુધી એને છોડીશ નહીં.

દીકરીની વાત સાંભળી ડોશીએ કયવન્ના માટે ન કહેવાનાં વચન કહ્યાં. વેશ્યાએ પણ કયવન્ના પાસે ધન ખૂટતાં તેને છોડી દીધો. કયવન્નો વેશ્યાગૃહેથી નીકળી પિતા ધનદત્તનું ઘર પૂછતો પૂછતો ચાલ્યો. માર્ગમાં નગરશેઠ મળતાં તેમને રસ્તો પૂછ્યો. શેઠે શેઠ-શેઠાણી અવસાન પામ્યાં હોવાનું કહ્યું. કુમારે પોતાના અવગુણ સાંભળી જાતને ધિક્કારી. માતાપિતાને તીર્થ સમાન કહ્યાં. ફરતો ફરતો કુમાર ઘેર આવ્યો. ઘર જર્જરિત થઈ ગયું હતું. જ્યાં ઝાઝાં દાસ-દાસીઓ વસતાં હતાં તે આજે સાવ ઉદાસ જણાતું હતું. જેના ખભા ઉપર બેસી લાડ કરતો હતો તે લાડ કરાવનારાંઓ આજે નહોતાં. કુંવરે બારણે ઊભા રહી પત્નીને પોપટ સાથે વાત કરતી સાંભળી.

કયવન્નાની પત્ની પોપટને કહેતી હતી કે તારું રૂપ સુંદર છે, તારી વાણી મધુર છે, તારી પાંખ નીલી છે અને ચાંચ રાતી છે. તારી ચાંચને સોને મઢાવું, તારી પાંખને દૂધે પખાળું. તું મારા પિયુને જઈને સંદેશ આપ કે તારી સ્ત્રી ઘેર એકલી છે. તેણે તેલ-તંબોળ છોડી દીધાં છે, અંગ-શણગાર છોડી દીધા છે. શણગાર તેને અંગારા જેવા લાગે છે. તેણે સુખની નિદ્રા છોડી દીધી છે. વળી તેને જઈને કહેજે કે તારી સ્ત્રીએ કહેવડાવ્યું છે કે તેં કુલાચાર લોપ્યો છે. તારી શાખને જોઈને તે પરણી હતી. તેણે પતિને કલ્પતરુ માન્યો હતો; પરંતુ તું તો આકડો-એરંડો નીવડ્યો. તને રત્ન માનીને ગાંઠે બાંધ્યો, પરંતુ તું તો પથ્થર પાક્યો. હંસ કાગડો થયો. સોનું સીસું નીવડ્યું. હે ભગવાન, તેં કંથ વગરની સ્ત્રી શું કામ સરજી ?

કયવન્નાની સ્ત્રી પ્રભુને પ્રાર્થના કરતી હતી કે હે પ્રભુ વાલમનો વિરહ તું દૂર કરજે. ચંદ્રનું કિરણ અને તંબોલ રસ એ વિરહી સહન કરી શકતાં નથી. જેની જોડ તૂટી જાય તેના હાલહવાલ કેવા થાય ? મુખેથી જે કહેવાય તે કાગળમાં લખી ન શકાય. મારા મનની વાત તું તારા મનથી જાણજે. પોપટને તેણે કહ્યું કે જલ્દી

જઈને પાછો આવજે. હું તારી બારણે ઊભી રહીને વાટ જોઉં છું.

કયવન્નાની પત્ની મનને સ્થિર કરી કાંતવા બેઠી. વિરહિણીની વાણી સાંભળીને કુમારને આઘાત લાગ્યો. તે ઘરમાં ગયો. રાહુએ જેમ ચંદ્રને ગ્રહ્યો હતો એવો એ લાગ્યો. સતી સ્ત્રીને લાગ્યું કે આ પરપુરુષ તેને આંગણે કેમ આવ્યો હશે ! તેણે તો પેલા કુમારને જતા રહેવા કહ્યું ત્યારે કુમારે કહ્યું કે હું પરપુરુષ નથી, હું કયવન્નો છું. કામિનીનાં તનમન એ સાંભળી ખીલી ઊઠ્યાં.

કયવન્નાની સ્ત્રી તો આનંદથી નાચી ઊઠી. તેનું દુઃખ દૂર થઈ ગયું. બાર વર્ષને અંતે તેને તેનો પિયુ મળ્યો. જાણે દૂધમાં સાકર ભળી હોય તેમ તેનો પતિ તેને મળી ગયો. બારણે તોરણ બંધાયાં. જયશ્રી જેવી કોઈ સ્ત્રી નહીં અને કયવન્ના જેવો કોઈ ભરતાર નહીં. બંનેની સરસ જોડી જામી. હવે વેશ્યાની દીકરી અક્કા કયવન્નાનું ઘર શોધતી આવી. તેની અને જયશ્રીની જોડી થઈ. બે આંખ જેવી બે સ્ત્રીઓને જોઈને લોકો કયવન્નાને સુખિયો માનતા. હુકમ જયશ્રીનો ચાલતો. જયશ્રીના ભાગ્યથી તેને ગર્ભ રહ્યો. કયવન્નો પણ ખુશ થયો.

એક દિવસ પતિને ઉદાસ જોઈને જયશ્રીએ તેનું કારણ પૂછ્યું. ત્યારે કયવન્નાએ કહ્યું કે મારા મનમાં ધનની ચિંતા છે. આપણું ઘર મોટું ગણાય. બાપદાદાની પ્રતિષ્ઠા પણ ઘણી. ખર્ચ કર્યા વગર ઘરની લાજ ન રહે. મારી પાસે પૈસા નથી. પૈસા જ બધાં કામ કરે છે. સહુ પૈસાને વશ રહે છે. પૈસાથી સ્નાત્રપૂજા થાય, પૈસાથી જ જિનગુણ ગાજે. સ્ત્રી પૈસાને પૂજે, લાડી તેને જ બે હાથ જોડે. પૈસાથી જ વેપાર થાય. દેવું કરવાથી ઊંઘ ન આવે. નારીનું સર્વસ્વ તેનો પતિ હોય છે. ધરતીનું સર્વસ્વ વરસાદ છે તેમ પુરુષનું બળ ધન છે તેમાં કોઈ સંદેહ નથી. મારે કોઈ વેપારવણજ નથી તેથી મનમાં દુઃખ થાય છે. હું પરદેશ કમાવા જઈશ. તમે બંને સ્ત્રીઓ ઘરમાં સંપીને રહેજો. પતિનાં વચન સાંભળી જયશ્રીએ પોતાનાં ઘરેણાં ઉતારી પતિના ચરણોમાં મૂકી કહ્યું કે આ સર્વસ્વ તમારું છે. તેમાંથી વેપારવણજ કરો. પતિએ એ જોઈ કહ્યું કે ઘરેણાં વેચતાં તો લાજ જાય.

સ્ત્રીને મનાવી કયવન્નાએ જવાની ગોઠવણ કરી લીધી. એ વખતે નગરમાં એક સાર્થવાહે ઘોષણા કરાવી કે જો ધન કમાવાની ઇચ્છા હોય તો મારી સાથે ચાલો. એ સાંભળી કયવન્નાને હર્ષ થયો. શુભ શુકન જોઈને જયશ્રી સાથે તે સાથમાં આવ્યો. દેવળમાં સેજ પાથરી તેની ઉપર શાહ બેઠો.

કુળવંતી જયશ્રીએ પતિને હાથ જોડી મનની ઇચ્છાઓ સિદ્ધ કરવા સિધાવવા કહ્યું. વળી એ પણ કહ્યું કે પરદેશમાં જ ન રહેતાં જલ્દી પાછા ફરજો. સમયાંતરે ક્ષેમકુશળના સમાચાર મોકલજો. ચોર, ચુગલીખોર અને ધૂર્ત માણસોનો વિશ્વાસ ન કરશો. વચમાં વચમાં મને પણ યાદ કરશો. ધન પ્રાપ્ત કરી વહેલા પાછા વળજો. તમે મારા પ્રાણના આધાર છો. તમારાં દર્શન જ્યારે ફરીથી થશે તે દિવસ મારે માટે ધન્ય હશે. વળી, મારી એક વિનંતી સ્વીકારશો કે હું પતિભક્ત સ્ત્રી છું તેથી તમારી જમવાની વેળા પછી હું જમીશ. જે દિવસે તમે જાતે આવીને તમારા હાથે પાન આપશો ત્યારે તે ખાઈશ. હું તમારી મેઘની જેમ રાહ જોઈશ. જયશ્રી તેને શિખામણ આપતી જતી હતી અને સાથે નિસાસા પણ નાખતી હતી. ફરી ફરીને તેના સામે જોતી કારણ કે મન પિયુ પાસે હતું. પાછા વળતાં પગ લથડિયાં ખાતા હતા. માંડ માંડ તે ઘેર પહોંચી. સ્ત્રીએ વિચાર્યું કે જેને કારણે હું જીવતી હતી તે તો પરદેશ ચાલ્યો.

હવે કયવન્નો દેવળમાં પત્નીનો વિચાર કરતો રાતભર સુખની નિદ્રામાં સૂતો હતો. એ વખતે કોઈ શાહુકાર અપુત્ર મરણ પામ્યો. તેની માતાએ ચારેય વહુઓને કહ્યું કે ચૂપચાપ રહેજો. જો રાજા રડવાનો અવાજ સાંભળશે તો ધન પડાવી લેશે. કોઈ સુંદર પુરુષને હું ઘરમાં લાવીને રાખીશ. તમારે પુત્ર થશે. વહુઓએ એ સાંભળીને આવું દુષ્કૃત્ય ન કરવા સાસુને કહ્યું.

ચારેય વહુઓને સાથે લઈને ડોશી નગરમાં ફરી સાર્થમાં આવી. તે સાર્થમાં બધા પુરુષોને જોતી હતી પણ કોઈ નજરમાં નહોતો આવતો. પછી તે દેવળમાં ગઈ. ત્યાં કયવન્નાને સૂતેલો દીઠો. તેને ખાટલા સહિત ઉપાડી ઘરમાં લાવી. ચારે સ્ત્રીઓ ખાટલાની ચારે બાજુ બેઠી. કયવન્નો જાગ્યો ત્યારે તેણે કંઈક પ્રપંચ થયાનું અનુભવ્યું. ચારે તરફ જાણે વિધાતાએ ન રચ્યાં હોય એવાં મોતીનાં ચામર હતાં. તેની વચમાં લાલ પરવાળાં પરોવ્યાં હોય એવું લાગતું હતું. ચારેય સ્ત્રીઓ મૃગલોચની, ચંદ્રવદની હતી. સુવર્ણ જેવા તેમના દેહ હતા. કુમાર તો તેમને જોઈને આભો જ બની ગયો હતો. તે વિચારતો હતો કે આ સાચું છે કે હું સાચો છું. તેના મનમાં શંકા પેદા થઈ કે હું આવી પડ્યો છું. તે વિચારવા લાગ્યો કે હવે કેવી રીતે અહીંથી છૂટવું. એવામાં ડોશીએ આવીને કહ્યું કે આ ઘર અને આ વહુઓ તારી છે. એમની સાથે રંગરાગ ભોગવ. મેં કુલદેવતાનું સ્મરણ કર્યું તેથી તેણે પ્રસન્ન થઈ મને પુત્ર આપ્યો.

ડોશીની વાત સાંભળી કુમારને આનંદ થયો. કોણ કમાય અને કોણ ભોગવે એ કર્મની જ ગતિ છે. ઊંદર જમીન ખોતરીને દર કરે છે અને સર્પ એમાં રહે છે. કયવન્નો તો સુખ ભોગવવા લાગ્યો. ચારેય સ્ત્રીઓ કુમાર સાથે આનંદમાં દિવસો વિતાવવા લાગી. બાર વર્ષના ઘરવાસ દરમિયાન ચારેયને ચાર પુત્રો થયા.

હવે ડોશીનો સ્વાર્થ સરી જતાં તેણે વહુઓને કુમારને કાઢી મૂકવા જણાવ્યું. તે વહુઓની સાથે લડવા માંડી. તે લોભી ડોશી કોઈને પાણી પણ પાતી નહોતી. કોઈ મહેમાન આવે તો ઘરની બહાર જ ઊભો રાખે. સાસુના બોલ સાંભળી ચારેય વહુઓને

ભારે દુઃખ થયું.

બધી વહુઓએ મળીને સાસુને કહ્યું કે બાર વર્ષની પ્રીત હવે કેમ કરીને છૂટે. કુમાર અહીં આવ્યો તેથી લાજ રહી, લક્ષ્મી રહી, વળી ચાર દીકરા પણ થયા. હવે એને છોડતાં જીવ ચાલતો નથી. પતિ વગરનું ઘર મસાણ જેવું લાગે. ખાવાપીવાનું, પહેરવા-ઓઢવાનું તેના વિના અળખામણું લાગે. એ સાંભળી ડોશીએ વહુઓને પોતાની લાજમાં રહેવા કહ્યું. વળી એ પણ કહ્યું કે ઘર મારું છે, ધન મારું છે. એને (કુમારને) ને મારે શો સંબંધ ? જાર મટીને તે ઘરધણી થઈ ગયો છે. એને બહાર કાઢો. તે ડોશીએ તો ડાકણની જેમ ડોળા કાઢવા માંડ્યા. ચારે બાજુ તોડફોડ કરવા માંડી. ડોશીની સામે વહુઓનું જોર ચાલતું ન હતું.

ચારેય સ્ત્રીઓએ વિચારીને તેજસ્વી રત્નો લીધાં. એ રત્નોમાં એવી શક્તિ હતી કે તેનાથી જલ ફાટીને જુદું થઈ જાય. ચારેયે મોટા લાડુ બનાવીને તેની વચ્ચે રત્ન નાંખ્યાં. પછી લાડુની કોથળીને ઓશીકે મૂકી ખાટલો ઊંચકી બાર વર્ષે ફરી પાછો મૂળ સ્થાને મૂકી દીધો.

હવે કુળવાન સુંદરી (જયશ્રી) શ્રીફળ ને ફૂલ લઈને વર્ધન નામે પુત્રની સાથે જોશી પાસે ગઈ. બે હાથ જોડીને તેણે જોશીને પૂછ્યું કે મારી નણંદનો વીર પાછો ક્યારે આવશે ? પતિ બાર વર્ષથી પરદેશ ગયો છે પરંતુ તેના કોઈ સમાચાર નથી. બધા જ પરદેશવાસીઓ ઘેર આવી ગયા છે પણ મારો પતિ હજી સુધી આવ્યો નથી.

જોશીએ મુહૂર્ત જોઈને કહ્યું કે તારો પતિ આજે તને મળશે. જોશીની મીઠી વાણી સાંભળીને ડાબું અંગ પણ ફરક્યું. જયશ્રીએ જોશીને કહ્યું કે એ મારો પતિ મને આજે મળશે તો તારી જીભ સોનેથી મઢાવીશ. જોશીને ત્યાંથી તે પાછી આવી કે તરત જ તેણે સાંભળ્યું કે એ જ સાર્થ પાછો આવ્યો છે. બંને સ્ત્રીઓ મળીને સાર્થ તરફ ચાલી.

પેલી તરફ ખાટલા સહિત દેવળમાં મૂકવામાં આવેલ કયવન્નો હવે જાગ્યો. તેણે જોયું કે આસપાસ ચારમાંથી એકેય સ્ત્રી નહોતી. તેણે વિચાર્યું કે મણિ-મોતીની માળાઓ ક્યાં ગઈ ! ક્યાં હિંડોળાખાટ ચાલ્યાં ગયાં !

જયશ્રી દેવળમાં ગઈ. તેણે એ જ પથારી જોઈ. તેની ઉપર બેઠેલ પ્રીતમને જોયો. માતાએ પ્રેમથી પુત્રને કહ્યું કે આ તારા પિતા છે.

બંને પદ્મિની સ્ત્રીઓએ કહ્યું કે આજે અવતાર સફળ થયો. ભગવાને ભાગ્યસંજોગે ભરતારને મેળવી આપ્યો. જયશ્રીના મનમાં આશ્ચર્ય થયું કે એ પથારી તો આ જ છે. નાણાં તરીકે તો હૂંડીઓ હશે. હાથેપગે મેલ ચડ્યો નથી. માર્ગનો થાક દેખાતો નથી. કપડાં પણ બગલાની પાંખ જેવાં ચોખ્ખાં છે. તાજું પાન આરોગેલ છે. દાંત અને હોઠ રાતા છે. પત્નીના પૂછવા છતાં કોઈ ઉત્તર મળતો નથી.

પછી પતિ-પત્ની અને પુત્ર ત્રણેય ઘેર આવ્યાં. કયવન્ના શાહનો પુત્ર હવે અગિયાર વર્ષનો થઈ ગયો હતો. જયશ્રીએ કોથળી લીધી. તેમાંના ચાર લાડુ લીધા. તે જોઈને બાળકે માતા પાસે શિરામણ માગ્યું. માતાએ તેને એક લાડુ આપ્યો. લાડુ લઈને બાળક પાઠક પાસે ભણવા ગયો. બાળકે લાડુ ખાધો તે વખતે તેમાંથી એક રત્ન નીકળ્યું. બાળકના હાથમાંથી રત્ન છૂટી પડ્યું અને કંદોઈના કૂંડમાં પડ્યું. એમ થતાં જ કુંડમાંનું પાણી ફાટી ગયું. કંદોઈએ ઉત્સાહથી એ રત્ન લીધું. બાળકને લાડુ, પેંડા, ઘારી જેવી મીઠાઈઓ આપી, મીઠાં વચનોથી ભોળવીને તેની પાસેનું અમૂલ્ય રત્ન પડાવી લીધું.

પેલી તરફ કયવન્નાને તેની પત્નીએ ભોજન પીરસ્યું પહેલાં લાડુ પીરસ્યા. તેને ભાંગતાં તેમાંથી રત્ન નીકળ્યાં. રત્નોને જોઈ જયશ્રીએ કહ્યું, 'તમે ધન્ય છો, તમે સારું ધન લાવ્યા છો.' કયવન્નાએ માત્ર હુંહુંકાર કરીને જવાબ આપ્યો. જ્યારે ભાગ્ય જાગે છે ત્યારે આપત્તિ પણ સંપતિ બની જાય છે. કયવન્નાની બંને પત્ની પતિભક્તિ કરવા લાગી. કવયન્નાના ઘરમાં રિદ્ધિ સિદ્ધિ વધવા લાગી. તેણે વેપારવણજ શરૂ કર્યો. ઘરમાં લક્ષ્મીનો વાસ થયો.

એવામાં નગરમાં ઢંઢેરો પિટાતો સંભળાયો કે જે વ્યક્તિ રાજાના હાથીને મગરમચ્છના મુખમાંથી છોડાવશે તેને આર્ધું રાજ્ય આપવામાં આવશે અને રાજકુંવરી પરણાવવામાં આવશે. મગરમચ્છ હાથીને પાણીમાં ખેંચતો હતો. લોકો એકઠા થયા પણ કોઈનું જોર ચાલતું નહોતું. લોભિયાઓએ અનેક નિષ્ફળ ઉપાયો કર્યા.

કંદોઈએ ઢંઢેરો સાંભળી મનમાં વિચાર કર્યો. તેને પોતાની પાસેના અમૂલ્ય રત્નને પ્રતાપે રાજપાટ અને રાજકુંવરીને પરણવાનું સુખ ભોગવવાની લાલસા જાગી. રત્નને સાચવીને તે સીધો જ નદીમાં પ્રવેશ્યો. એવામાં જ પાણી ફાટ્યું મગરમચ્છ દૂર થઈ ગયો. પાણી વગર તેનું જોર ઘટી ગયું. સિંચાણક હાથી તેની પકડમાંથી છૂટી ગયો. નગરનો રાજા આનંદ પામ્યો.

પછી રાજવીએ કંદોઈને પૂછ્યું, 'આ અમૂલ્ય રત્ન ક્યાંથી લાવ્યો ? જો ખોટું બોલીશ તો તને મારીશ.' કંદોઈએ સાચું કહી દીધું, 'મેં કયવન્નાના પુત્ર પાસેથી પ્રેમથી આ રત્ન લઈ લીધું છે.' કંદોઈના મુખેથી સાચી વાત સાંભળી રાજા શ્રેણિકે તેને છોડી મૂક્યો.

રાજાના બંધનમાંથી છૂટી કંદોઈ ક્ષેમકુશળ ઘેર આવ્યો. રાજા શ્રેણિક હવે મનમાં વિચારવા લાગ્યો કે સાધુ, સતી, જ્ઞાની અને ગજદંત આટલાં વચનનાં પાકાં હોય છે અને તે બોલેલું પાળે છે. રાજાએ પોતાનું વચન પાળવા અભયકુમાર મંત્રીને મોકલીને કયવન્નાને દરબારમાં બોલાવ્યો. કયવન્નાને સઘળી હકીકત પૂછી

અઢળક ધન તેને આપ્યું અને સારું મુહૂર્ત જોવરાવી પુત્રી પણ પરણાવી. રાજાએ દાયજામાં હજાર ગામ આપ્યાં.

હવે ત્રણેય સ્ત્રીઓ ખીર, ખાંડ અને ઘીના સંગમની જેમ શોભતી હતી. કયવન્નો સુખ ભોગવવા ભાગ્યશાળી બન્યો. રાજા શ્રેણિક અને અભયકુમાર પણ તેને માનતા.

એક વખત કયવન્નો મંત્રી અભયકુમાર પાસે હતો ત્યારે મનમાં વિચાર આવ્યો કે પેલી પાપી ડોશીએ પહેલાં મને ઘરમાં રાખી પછી કાઢી મૂક્યો હતો તેને પાઠ ભણાવવો જોઈએ. તેણે સઘળી હકીકત મંત્રીને કહી. મંત્રીએ બુદ્ધિપૂર્વક યુક્તિ રચી દહેરાને સફેદ રંગે રંગ્યું. તેની ઉપર સુંદર ચિત્રો દોરાવ્યાં. તેને 'ચઉમુખનું મંદિર' એવું નામ આપ્યું. તેમાં યક્ષની કયવન્ના જેવી જ સુંદર મૂર્તિ મૂકી. પછી ઢંઢેરો ફેરવ્યો કે આ યક્ષદેવ પ્રત્યક્ષ છે. જે તેની પૂજાઅર્ચના કરે તેના રોગ ટળી જાય. કયવન્નો અને મંત્રીશ્વર બંને મંડપમાં ઊભા રહ્યા. નગરની સ્ત્રીઓ બાળકોને લઈ ટોળેટોળાં ત્યાં આવવા લાગી. તે સ્ત્રીઓ દેવને પ્રસન્ન થવાની વિનંતી કરીને તેની આગળ નૈવેદ્ય મૂકતી હતી. એવામાં પેલી ડોશી ચારેય વહુઓ અને તેમની આગળ ચારેય બાળકોને લઈને ત્યાં આવી. હળવે હળવે ચાલતી તે મંદિરમાં પહોંચી. ત્યાં તેણે મનમોહક મૂર્તિ જોઈ. બિલકુલ નખશિખ કયવન્ના જેવી જ મૂર્તિ. એને જોઈ ચારેય વહુઓનાં ગાત્રો ખીલી ઊઠ્યાં. કયવન્ના જેવી જ મૂર્તિ જોઈને ડોશીને શંકા ગઈ કે અહીં કંઈક ગરબડ લાગે છે.

હસતાં-રમતાં ચારેય બાળકો મૂર્તિ પાસે આવ્યાં. તે બોલવા લાગ્યાં, 'અહીં રિસાઈને કેમ બેઠા છો ? ઊઠો, આજે ઘેર આવો. તમને દાદાજીના સોગંદ છે.' કોઈ બાળક આંગળી ખેંચે છે, તો કોઈ વળી હાથ ખેંચે છે. કોઈ વળી પગ છોડતો નથી, તો કોઈ બાથમાં ઘાલે છે. એક બાળક કહેવા લાગ્યો, 'આ મારો બાપ છે.' એક ખોળામાં આવીને બેઠો, તો એક ગાલ ઉપર ચુંબન દેવા લાગ્યો. નાનાં બાળકોનાં વચનોથી વાતનો સઘળો સાર ગ્રહણ કરી કયવન્નો અને મંત્રી અભયકુમાર પ્રગટ થયા. કયવન્નાને જોઈ ડોશી ધ્રૂજી ઊઠી. ધુતારી ડોશીને ઘરમાંથી કાઢી મૂકવામાં આવી. ચારેય સ્ત્રીઓ પતિને મળીને આનંદિત થઈ. ચારેય દીકરા પણ સુંદર હતા. કયવન્નો હવે સાત સ્ત્રીઓ સાથે સુખ ભોગવવા લાગ્યો.

એ વખતે પોતાના ચરણકમલની રજ વડે ભૂમિને પવિત્ર કરતા અગિયાર ગણધરો સાથે ગૌતમ સ્વામી રાજગૃહી નગરીની બહાર સમોસર્યા. હરણની જેમ ફાળ ભરીને આવેલા વનપાલે શ્રેણિકને આ સમાચાર આપ્યા. એ સાંભળી રાજા શ્રેણિક અને મંત્રીને આનંદ થયો. કયવન્નો શાહ પણ આનંદ પામ્યો.

શ્રેણિક મહારાજનો મનોરથ ફળ્યો. સુંદર વસ્ત્ર પરિધાન કરી પદ્મ હસ્તી પર બેસી, અનેક યોદ્ધાઓને લઈ રાજા ભગવાનને વંદન કરવા ચાલ્યો. સાથે અભયકુમાર અને કયવન્નો શાહ પણ હતા. સહુએ શ્રીવીર જિનેશ્વરને નજરે નિહાળ્યા.

શ્રેણિક મહારાજે ત્રણ પ્રદક્ષિણા કરી જિનદેવને વંદન કર્યા. સહુ નગરલોકો પણ પ્રભુને વંદન કરીને બેઠા. જિનદેવે દેશના આપી. ધર્મનું મૂળ સમકિત છે એમ કહી આત્મહિત માટે તેનું પાલન કરવા કહ્યું. સર્વ વિષયોપભોગ જગતમાં નડતરરૂપ છે. તેને છોડીને વૈરાગ્યમાં મન જોડવા કહ્યું.

જિનવરની વાણી સાંભળીને લોકો પ્રતિબોધ પામ્યા. કયવન્નાના મનમાં પણ હર્ષ થયો. તેણે ભગવાનને પોતાના પૂર્વભવ વિશે પ્રશ્ન કર્યો. ભગવાને તેને તેનો પૂર્વભવ કહ્યો.

શાલિગ્રામ નામે એક સમૃદ્ધ ગામમાં એક ગોવાલણ ડોશી રહેતી હતી. તેને એક પુત્ર હતો. પૈસા માટે તે ડોશી પરઘેર કામ કરતી હતી. ગરીબીને લીધે તેને કોઈ પૂછતું નહીં. પારકાં ઢોર ચરાવીને એ મા-દીકરો પેટ ભરતાં હતાં. એવામાં એક તહેવારને દિવસે ઘેરઘેર ખીર રંધાતી જોઈને બાળકે ગોવાલણી પાસે જમવામાં ખીરની માગણી કરી. ગમે તેટલું સમજાવ્યા છતાં પુત્ર માન્યો નહીં ત્યારે માતાએ કહ્યું કે ઘરમાં ખીર રાંધવા ભાત નથી. બાળકને રડતો જોઈ ચાર પાડોશણોએ આવી રડવાનું કારણ પૂછ્યું. પછી એક સ્ત્રીએ દૂધ આપ્યું, બીજીએ ચોખા, ત્રીજીએ ઘી અને ચોથીએ બૂરું-ખાંડ આપ્યાં. ખીર તૈયાર થતાં બાળકને થાળીમાં પીરસી. તે વધારે ઊની હોવાથી ખીરમાં થૂંક ન પડે તે રીતે ફૂંક મારીને ઠારવા બાળકે પ્રયત્ન કર્યો. એ વખતે કોઈ કારણસર માતા ઘરની બહાર ગઈ. એ વખતે એક આશ્ચર્યકારક ઘટના બની.

એક અતિથિ ગોવાલણીને આંગણે આવીને ઊભો રહ્યો. માસક્ષમણનું પારણું કરવા તે શુદ્ધ આહાર વહોરાવતા હતા. આંગણે આવેલા અતિથિને બે હાથ જોડીને વંદન કર્યા. ઘેર બેઠાં સાધુનો ભેટો થવાથી જાણે જંગમ તીર્થ મળ્યું હોય એમ લાગ્યું. બાળકે થાળમાંની ખીરના ત્રણ ભાગ કર્યા. પછી પહેલો ભાગ સાધુને વહોરાવ્યો. એટલી ખીર ઓછી લાગતાં બીજો ભાગ પણ સાધુને વહોરાવ્યો. વહોરવા આવનાર પાત્ર ઉત્તમ જણાતાં ત્રીજો ભાગ પણ બાળકે વહોરાવી દીધો. હવે ખીરનો થાળ ખાલી થઈ ગયો.

સાધુને વંદન કરી બાળક પાછો આવીને બેઠો. એવામાં માતાએ બહારથી આવીને જોયું તો ખીરનો થાળ ખાલી હતો. બાળકને તૃપ્ત કરવા માતાએ બાકીની તમામ ખીર તેને પીરસી દીધી. બાળકે માતાને ખીર સાધુને વહોરાવી દીધી હોવાની વાત ન કહી. તેણે ગુપ્ત દાન દીધું હતું. બાળકને જમતો જોઈને માતાએ વિચાર્યું કે મારો દીકરો રોજ આટલો ભૂખ્યો રહેતો હશે ! માતાની નજર લાગતાં જ બાળકને મૂર્છા આવી ગઈ. તેં સુપાત્રે દાન આપ્યાનું સાંભળી માતા અને પડોશની સ્ત્રીઓએ અનુમોદના કરી. પડોશી સ્ત્રીઓ કે જેણે અનુમોદના કરી એ ચારેય તારી સ્ત્રીઓ થઈ. ઉત્તમ દાનના પ્રભાવથી તું ઉત્તમ કુળમાં અવતર્યો. ખીરના ત્રણ ભાગ કરી દાન આપ્યું તેથી તને ત્રણ વખત રિદ્ધિ મળી અને ત્રણ વખત અંતરાય પડ્યા. સુપાત્રને દાન આપવાથી અનંત ફળ

મળે છે.

વીરની વાણી સાંભળીને કવયન્નો શાહ પ્રતિબોધ પામ્યો. જિનેશ્વરને વંદીને તે પોતાને ઘેર પહોંચ્યો. તેણે દીક્ષા લેવાનું નક્કી કર્યું. પોતાની પાટે પુત્રને સ્થાપ્યો. સાતેય સ્ત્રીઓએ સાથે મળી પતિને વિનંતી કરી કે અમે પણ તમારી સાથે દીક્ષા લઈશું. દીક્ષા મહોત્સવ યોજાયો. રાજગૃહી નગરીમાંથી સાત સ્ત્રીઓ અને કયવન્નો એમ આઠ જણની પાલખી જિનેશ્વરને વાંદવા ચાલી. પ્રભુએ સ્વહસ્તે લોચ કરી દીક્ષા આપી.

રાજા અને પ્રજા જિનવરને વંદીને પોતપોતાને ઘેર ગયાં. કયવન્નો દીક્ષા પાળતો મોટો જતિ થયો. તેણે સ્થવિરો પાસે અભ્યાસ શરૂ કર્યો. પછી કયવન્નો પંચ મહાવ્રત પાળતો મિત્રશત્રુને સરખા ગણતો જીવન વ્યતીત કરવા લાગ્યો.

[**શેઠ કયવન્ના શાહનો રાસ** (દાનફલ માહાત્મ્યરૂપ) ચતુર્થાવૃત્તિ : પ્રકાશક : શ્રાવક ભીમસિંહ માણેક, નિર્ણયસાગર પ્રેસ - મુંબઈ. નં. ૧૦૯૩૩ (એલ.ડી.ઇન્ડોલોજી)]

ઇલાચીકુમાર

- જ્ઞાનસાગર

ઇલાવર્ધન નગરમાં ધનદત્ત નામના શેઠ રહેતા હતા. એમની ઉપર લક્ષ્મીની અપાર કૃપા હતી. પરંતુ તેમને ત્યાં શેર માટીની ખોટ હતી. તેથી તેમને તમામ સમૃદ્ધિ ફિક્કી લાગતી. શેઠ-શેઠાણીએ ઇચ્છાપૂર્તિ થાય તે માટે એકે એક તીર્થની યાત્રા કરી પણ કોઈ વરદાન ન મળ્યું. જેમ જેમ ઉંમર વધતી ગઈ તેમ તેમ તેમની વ્યગ્રતા વધતી ગઈ.

ઘણા દિવસ પછી શેઠના મનમાં વિચાર આવ્યો કે કુળદેવીની આરાધના કરું તો કંઈક ફળ મળે. એમણે પોતાનાં કુળદેવી ઇલાદેવીની આરાધના કરી. સંજોગવશાત્ તેમને ત્યાં પુત્રજન્મ થયો. શેઠની કામના પૂર્ણ થઈ. ઇલાદેવીની કૃપાથી પુત્ર થયો હતો તેથી તેનું નામ 'ઇલાપુત્ર' અથવા 'ઇલાચીકુમાર' રાખવામાં આવ્યું.

ઇલાપુત્ર પ્રખર બુદ્ધિશાળી હતો. માતાપિતાનો તે આજ્ઞાંકિત પુત્ર હતો. યુવાન થતાં જ તેણે પોતાનો વ્યવસાય સંભાળી લીધો. શેઠને પુત્રની વિનયશીલતા અને વ્યવહારકુશળતા અંગે સંતોષ હતો અને કોઈ પ્રકારની ચિંતા નહોતી.

ઇલાપુત્ર એક દિવસ ક્યાંક જઈ રહ્યો હતો. માર્ગમાં એક નટમંડળના કલાકારોની કલા જોઈ મુગ્ધ થઈ ગયો. ઇલાપુત્ર નટમંડળીમાંની એક સુંદર કન્યાને જોઈ આકર્ષાયો. મોહ અને પ્રેમની જંજીરોએ એને જકડી લીધો. તે ત્યાં જ થંભી ગયો. પાગલની જેમ તે કન્યાને જોતો જ રહ્યો. તે તેનાથી દૂર ગઈ ત્યારે પ્રતિજ્ઞા કરી કે 'લગ્ન તો નટકન્યા સાથે જ કરીશ.'

ઘેર આવ્યા બાદ તે અત્યંત બેચેન રહેવા લાગ્યો. તે હવે ધંધામાં ધ્યાન નહોતો આપતો. મિત્રો, માતાપિતા સાથે બોલતો નહીં. પ્રત્યેક ક્ષણે તેને નટકન્યા જ નજર સમક્ષ દેખાતી. તેના સ્વાસ્થ્ય પર પણ અસર થઈ. તે જોઈ ધનદત્તને પણ ચિંતા થવા લાગી. ઇલાપુત્રના દુઃખનું કારણ જાણવા ઘણા પ્રયત્નો કર્યા. પરંતુ કંઈ માહિતી પ્રાપ્ત ન થતાં શેઠે જ કુમારને ચિંતાનું કારણ પૂછ્યું. ઘણા પ્રયત્ન પછી ઇલાપુત્રે બધી જ વાતનો ઘટસ્ફોટ કર્યો જે સાંભળતાં જ શેઠ આશ્ચર્યચકિત થઈ ગયા. શેઠે પુત્રને નટકન્યા સાથે લગ્ન ન કરવા સમજાવ્યો પરંતુ પુત્ર તો એકનો બે ન થયો.

પુત્રની દયનીય સ્થિતિ જોઈ શેઠે પોતાનો વિચાર બદલ્યો અને પોતે જ નટમંડળીના વડા પાસે જઈ તેની પુત્રી પોતાના પુત્ર સાથે પરણાવે તો કન્યાના વજન જેટલું સુવર્ણ તેને આપવાનું કહ્યું. નટે કહ્યું, 'હું સુવર્ણના બદલામાં કન્યા વેચતો નથી. મારી કન્યા તો સ્વયં લક્ષ્મી છે. જો તમારો પુત્ર મારી કન્યાને મેળવવા ઇચ્છતો હોય તો તે આવીને મારી મંડળીમાં જોડાઈ નટવિદ્યા શીખી ધન કમાય અને સમગ્ર જાતિને ભોજન વગેરેથી પ્રસન્ન કરી તેનું પાણિગ્રહણ કરી શકે છે.'

નટની વાતથી શેઠ ખૂબ દુઃખી થયા. ઘેર આવીને પુત્રને સઘળી વાત કરી. ઇલાપુત્ર પણ તે સાંભળી ચિંતિત થયો. તેણે વિચાર્યું, 'હવે તો નટકન્યા માટે મારે જ કંઈક પ્રયત્ન કરવો રહ્યો.' જ્યારે જ્યારે નટકન્યાનો તેને વિચાર આવતો ત્યારે તે ગાંડા જેવો થઈ જતો. આખરે એક દિવસ તે ઘર છોડી નટ પાસે પહોંચ્યો. નટ પોતાની વાત પર મક્કમ હતો. તેણે કહ્યું, 'અમારી વિદ્યામાં કુશળતા પ્રાપ્ત કરી ધન કમાવાનું જો તને સ્વીકાર્ય હોય તો તને કન્યાદાન કરવાનો વિચાર કરું.'

ઇલાપુત્રે પ્રસ્તાવ સ્વીકાર્યો અને તરત જ નટમંડળીમાં સામેલ કરી તેની વિદ્યામાં નિષ્ણાત બનાવવા કહ્યું. માતાપિતાને પૂછ્યા વિના ચાલી નીકળેલ ઇલાપુત્ર નટમંડળીની સાથે ગામેગામ, શહેરે-શહેર ભમતો નટવિદ્યા શીખવા માંડ્યો. પ્રખર પ્રતિભાશાળી હોવાને કારણે નટવિદ્યા શીખતાં વાર ન લાગી. ચતુર, મિલનસાર અને વાકપટુ હોવાને કારણે તે નટોમાં પ્રિય થઈ ગયો. સમય જતાં એવું લાગવા માંડ્યું કે ઇલાપુત્ર વણિકપુત્ર નહીં, પણ જન્મજાત નટપુત્ર જ છે.

ઇલાપુત્રને કારણે નટમંડળીની ખ્યાતિ દૂરદૂર ફેલાઈ ચૂકી હતી. રાજાઓ અને શ્રીમંતો તરફથી મંડળીને નિમંત્રણ મળતું રહેતું. ઇલાપુત્ર નટવિદ્યામાં પારંગત થતાં નટમંડળીના માલિકે તેને અને પોતાની પુત્રીને ખેલ કરવા મોકલવા માંડ્યાં. એક વખત એક રાજાનું નિમંત્રણ મળતાં મંડળીના વડાએ ઇલાપુત્ર અને પોતાની સ્વરૂપવાન પુત્રીને કલા-પ્રદર્શન માટે મોકલ્યાં. ઇલાપુત્રનું નામ

સાંભળતાં જ નગરની જનતામાં ઉત્સાહ વ્યાપી ગયો. રંગમંચ સજાવવામાં આવ્યો અને સમય થતાં રાજા, રાણી, સભાસદો અને અપાર જનસમૂહ એકત્ર થયો. દર્શકો ઇલાપુત્રની નૃત્યકલાનો આનંદ માણવા લાગ્યા.

નૃત્ય-સંગીતના સુંદર કાર્યક્રમનો લોકો આનંદ માણી રહ્યા હતા પરંતુ રાજાનું ધ્યાન ક્યાંક બીજે જ હતું. તે તો નટકન્યાને જોઈ સુધબુધ ખોઈ બેઠો હતો. તેને નહોતું સંગીત સંભળાતું કે નહોતું નૃત્ય દેખાતું, તેની સમક્ષ તો નટકન્યાનું લાવણ્ય જ નાચી રહ્યું હતું. તે મનમાં ને મનમાં તે કન્યાને પ્રાપ્ત કરવા યોજના વિચારતો હતો. તેને લાગ્યું કે જ્યાં સુધી આ યુવાન નટ હયાત હશે ત્યાં સુધી નટકન્યાને મેળવવામાં નિષ્ફળ રહીશ. કોઈ પણ ભોગે એ કન્યા મેળવીને જ જંપીશ. તેને માટે નટપુત્રનો ભોગ લેવો પડશે તો લઈશ.

ઇલાપુત્ર જમીનમાં ખોડેલા વાંસની ઉપર ખીલા જેવા સાધન પર મૂકેલી સોપારી પર પોતાની નાભિને ટેકવીને ખૂબ ઝડપથી ચક્કર લગાવી રહ્યો હતો. તેના હાથમાં ખુલ્લી તલવાર અને ઢાલ હતાં. તે પોતાની કલા દેખાડી રહ્યો હતો. લોકો તેની કલા પર વારી ગયા હતા. ઇલાપુત્ર ખેલ કરતો હતો ત્યારે રાજા વિચારતો હતો, 'આ વાંસ તૂટી જાય અને નટયુવક નીચે પટકાય તો નટકન્યા સહેલાઈથી મને પ્રાપ્ત થાય.' પણ ચક્કર લગાવતો નટયુવક તો હેમખેમ નીચે ઊતર્યો અને રાજા પાસે આવી પુરસ્કારની યાચના કરી.

રાજાનું મન કપટથી ભરેલું હતું. નટને પુરસ્કાર આપી તેને સન્માનિત કરવાની તેની ઇચ્છા નહોતી. રાજાએ કહ્યું : 'રાજવ્યવસ્થાની ચિંતામાં પડેલો હું તારું નૃત્ય જોઈ શક્યો નથી. જો તું ફરી એક વાર મને નૃત્ય બતાવે તો તને ઇચ્છિત પુરસ્કાર આપું.'

ઇલાપુત્ર પહેલાં તો રાજાની વાત સાંભળી ખિન્ન થયો. પણ સાહસ કરી બીજી વાર વાંસ પર ચઢ્યો અને કલાકો સુધી પોતાની કલાનું પ્રદર્શન કરી હેમખેમ રાજાની સામે હાજર થયો. રાજાની આશાઓ પર કુઠારાઘાત થયો. એણે ફરી એક રસ્તો વિચાર્યો. રાજાએ નટને કહ્યું, 'નટરાજ, તું તારી કલામાં પાવરધો છે. લોકો તારી ઉપર મુગ્ધ છે. પરંતુ મને એટલો આનંદ ન આવ્યો. મારું મન સ્થિર નથી અને મન સ્થિર ન હોય તો કોઈ કલાનો રસાસ્વાદ લઈ શકાતો નથી. તું તારી કલાનું હજી એક વાર પ્રદર્શન કરે તો સારું થાય. હું તને માંગ્યું ઇનામ આપીશ.'

રાજાનાં વચનોથી ઇલાપુત્ર ભારે નિરાશ થયો છતાં હિંમત ન હાર્યો. ફરીથી વાંસ પર ચડ્યો અને વધારે જોરથી પોતાની કલાનું પ્રદર્શન કરવા લાગ્યો. સમગ્ર મંડળી એ વિચારીને ખુશ થતી હતી કે રાજા આ વખતે પ્રસન્ન થઈને માલામાલ કરી દેશે. ત્રણ પ્રહર કરતાં વધારે રાત્રિ વીતી ચૂકી હોવા છતાં દર્શકો તો અડ્ડો જમાવીને બેઠા હતા. ઇલાપુત્ર ત્રીજી વાર પણ હેમખેમ નીચે ઊતર્યો અને રાજા પાસે ઇનામ માગવા લાગ્યો. રાજાને પોતાની કલ્પનાઓ પર પાણી ફરી વળતું લાગ્યું.

રાજા નટના પ્રાણ લેવા માગતો હતો. નટ રાજા પાસેથી ધન લેવા ઇચ્છતો હતો. કોણ જીતશે તે નક્કી થઈ શકતું નહોતું. રાજાએ ધૃષ્ટતાથી ફરી કહ્યું, 'જો પુરસ્કાર જોઈતો હોય તો હજી એક વાર ખેલ બતાવ.' રાજાના આદેશથી દર્શકોનાં મનમાં ઘૃણા પેદા થઈ. બધા રાજાને ધિક્કારવા લાગ્યા. રાણીને પણ ખરાબ લાગ્યું. ઇલાપુત્રની ધીરજ ખૂટી ગઈ. આટલો કષ્ટસાધ્ય ખેલ ચોથી વખત કેવી રીતે બતાવી શકાય ?

ઇલાપુત્ર સખત થાકી ગયો હતો. એની નસેનસ તૂટતી હતી. જો ખેલ ન બતાવે તો આખી રાતનો પરિશ્રમ પાણીમાં જતો હતો અને જો બતાવે તો જીવને જોખમ હતું. નટકન્યાએ ઇલાપુત્રને આમ ધન અને જીવન વચ્ચે ઝોલાં ખાતો જોઈ ઉમંગથી બોલી, 'હિંમત ન હાર. સૂર્યોદય નજીકમાં છે અને દુશ્મન પોતે જ શરમાશે. બરાબ ઇચ્છનારનું જ ખરાબ થશે. આપણી કલામાં પવિત્રતા અને પરિશ્રમ હોઈને તે નિષ્ફળ નહીં જાય.'

એક તરફ ઇલાપુત્ર રાજા પર ગુસ્સે થતો હતો તો બીજી તરફ નટકન્યા તરફથી પ્રેરણા પામતો હતો. તે ક્ષણવારમાં વાંસ પર ચઢી ગયો અને બેગણા વેગથી ખેલ કરવા માંડ્યો. તેના હાથમાં ખુલ્લી તલવાર હતી. તેણે તેનાથી રાજાને નિશાન બનાવવા વિચાર કર્યો. તેણે વિચાર્યું કે જે કન્યામાં મારું મન લલચાયું છે તેમાં જ રાજાનું મન પણ લાગેલું છે.

તે પોતાના વિચારોની સાથે સાથે જ શરીરને પણ ઘુમાવતો હતો. એટલી વારમાં સૂર્યોદય થયો. એ વખતે એક સાધુ એક ગૃહસ્થના ઘેર ભિક્ષા માટે આવ્યા. અત્યંત સ્વરૂપવાન ગૃહિણી સાધુને ભિક્ષા આપવા આવી. મુનિએ નીચું જોઈ ભિક્ષા લીધી અને પાછા વળ્યા. ઇલાપુત્રનું ધ્યાન મુનિ અને સ્ત્રી પર ગયું. તેની ભાવના બદલાઈ. તેણે વિચાર્યું, 'ક્યાં આ મુનિ અને ક્યાં હું. મુનિએ રૂપવતી તરુણીની સામે આંખ ઉઠાવીને જોયું પણ નહીં. હું એક શ્રેષ્ઠીપુત્ર હોવા છતાં એક નટીના પ્રેમમાં પાગલ થઈ ઠેર ઠેર ભટકી રહ્યો છું. ક્યાં મારો એ સમૃદ્ધ પરિવાર, ક્યાં મારાં માતા-પિતા અને ક્યાં એ સુખસામગ્રી. એક નટીને પામવા માટે જાનની બાજી ખેલી રહ્યો છું. જેને હું ચાહું છું, તેને રાજા પણ ચાહે છે. જો એ મારી હોય તો તેને કોણ અને કોને હડપ કરી જાય ? એક સમય હતો કે લોકો મારી પાસે માગવા આવતા. અને આજે હું યાચક છું. પ્રેમપાશ કેવળ આત્માને જ નહીં, પણ શરીરનેય જકડી રાખે છે. હું સ્વતંત્ર છું. હું શા માટે કોઈને આધીન રહું. હું જે સંબંધ સ્થાપવા માગું છું તે માત્ર શારીરિક છે અને થોડાં વર્ષોનો જ છે. મર્યાદિત સમય માટે અમર્યાદિત બંધનો સ્વીકારવાં તે મૂર્ખતા છે. હું નટકન્યાને પ્રેમ કરું છું પણ તે હજી સુધી દૂર છે.

એક નર્તકીને મેળવવા મેં જેટલી તપશ્ચર્યા કરી એટલી જ જો મારા પોતાના આત્મા માટે કરી હોત તો મેં દિવ્યતા પ્રાપ્ત કરી હોત.

આમ ઇલાપુત્રના અંતઃકરણમાં ભાવનાની વિશુદ્ધતા વધી. સંયમ તરફ અનુરાગ અને વિષય પ્રત્યે વિરક્તિ વધી. મનમાં અપૂર્વ નિર્મળતા અને ધર્મોલ્લાસ જાગ્યો. હવે ઇલાપુત્રને રાજા પ્રત્યે કોઈ વેરભાવ ન રહ્યો અને નટકન્યા પ્રત્યે અનુરાગ ન રહ્યો. તેણે સાધનાશિખર સર કર્યું. વીતરાગ દશાને પ્રાપ્ત કરી વાંસ પરથી નીચે ઊતર્યો અને તે જ રંગમંચ ઉપરથી જનકલ્યાણનો ઉપદેશ આપ્યો.

મુનિ રૂપે તેણે વર્તમાન પરિસ્થિતિને લક્ષમાં રાખી ઉદ્‌બોધન કર્યું જેથી રાજા-રાણી અને નટકન્યાનાં હૃદય-પરિવર્તન થયાં.

[આધાર : ઇલાચીકુમાર રાસ ; જ્ઞાનસાગર ઉપદેશમાલા આખ્યાનક મણિકોશ ઋષિમણ્ડલવૃત્તિ.]

જગતશેઠાણી માણેકદેવી

- સાગરચંદ્ર

સતયુગમાં અનેક સાધુ-સાધ્વીઓ થઈ ગયાં જેમાં સોળ સતીનો પણ સમાવેશ થતો હતો. કલિયુગમાં આવી જ એક સતી માણેકદેવી નામે થઈ ગઈ જેણે ઘણાં તપ, જપ અને વ્રત કર્યાં હતાં.

મધ્યદેશમાં ગંગા નદીના કિનારે કૌસાંવી નામે નગરીની પાસે સાહિજાદપુર નામે નગર હતું. તે નગરની પાસેથી ગંગા નદી વહેતી હતી. નગરમાં અનેક જ્ઞાતિજાતિના લોકો વસતા હતા. તેમાં સવિશેષ ઓસવાળોની વસ્તી હતી. તેમાં પૂરણમલ નામે વિરાણી ગોત્રનો ધાર્મિકવૃત્તિનો અને અતિદાની શ્રાવક વસતો હતો. તેની પત્ની નામે ગુલો સતી હતી. તેની કૂખે સંવત ૧૭૩૦ના શ્રાવણ વદ એકાદશીએ એક પુત્રીનો જન્મ થયો. જેમ જેમ તે કન્યા મોટી થતી ગઈ તેમ તેમ માતાપિતાનું સુખ વધવા લાગ્યું. કન્યા સર્વગુણસંપન્ન હતી. ઉંમરલાયક થતાં માતાપિતા તેને પરણાવવાનો વિચાર કરી તેને યોગ્ય વર શોધવા લાગ્યાં.

પાટણમાં વસતા ઓસવાળ વંશના ધનવાન અને દાનેશ્વરી શેઠને ત્યાં સાત પુત્ર હતા. તેમાં માણિકચંદ અનેક વિદ્યાઓના ભંડાર જેવો હતો. તે અત્યંત સ્વરૂપવાન પણ હતો. તેની સાથે પૂરણમલે દીકરીનો વિવાહ કર્યો. શુભ દિને, શુભ ચોઘડિએ કન્યાને પરણાવી વિદાય આપી.

પાટણમાં વરકન્યા આવ્યાં. જાચકોને દાન આપ્યું. વહુને જોઈને પરિવારજનો આનંદ પામ્યાં. જેને ઘેર આવી વહુ પધારે તેને ઘેર રિદ્ધિસિદ્ધિનો જેમ કોઈ પાર ન રહે તેમ તેના આગમને મણિમોતી અને સોનારૂપાંના ભંડાર વધવા લાગ્યા. પુત્ર-પૌત્રાદિકનો પરિવાર વધવાની સાથે સાથે લક્ષ્મીની પણ મહેર વધવા લાગી. વહુને નરદેહે સાક્ષાત્ લક્ષ્મી આવી હોવાનું માની તેનું માણેકદેવી નામ રાખ્યું. પૂર્વભવના પુણ્યને પ્રતાપે તે ઇંદ્ર જેવું સુખ ભોગવવા લાગી. પતિપત્ની વચ્ચે અધિક સ્નેહ હતો.

બંગાળદેશના મકસૂદાબાદ નગરમાં માણિકચંદ શેઠે કોઠી નાખી. રાજા, પ્રજા, ઉમરાવો, ફોજદાર, સૂબા અને નવાબ વગેરે દિલ્લીપતિ જે હુકમ આપે તેને માન આપતા. બાદશાહ ફરકશાહે શેઠ માણિકચંદને જગતશેઠનો ઇલ્કાબ આપ્યો. માણિકચંદ શેઠને બે પુત્રો આણંદચંદ અને દયાચંદ હતા. બંને ખૂબ ઉદાર હતા. ભાઈ, ભત્રીજા, દીકરી, પૌત્રીઓ વગેરેનો પરિવાર વધવા લાગ્યો. સવારના સમયે જિનદેવની પૂજા કરી, સદ્‌ગુરુને વંદના કરે, રોજ પચખાણ વ્રત કરે. પોતાનું ધન સાત ક્ષેત્રમાં વાપરે, દુઃખી લોકોનાં દારિદ્ર હરે. કુટુંબ ધનવાન હોવા સાથે ઉદાર પણ હતું. સંવત ૧૭૭૧ના માઘ માસની દશમને ગુરુવારે માણિકચંદ શેઠનો સ્વર્ગવાસ થયો. તેમની કીર્તિ જગતમાં અક્ષુણ્ણ રહી.

માતા(માણેકદેવી)એ પુત્ર સમક્ષ સમેતશિખરનો સંઘ કાઢવાની ઇચ્છા વ્યક્ત કરી. માતાનો મનસૂબો જાણી પુત્રે તૈયારીઓ આરંભી. દેશવિદેશે આમંત્રણ પાઠવવામાં આવ્યાં. ચોવીસેય સંઘને નિમંત્રણ મોકલી ખાસ ખરચી મોકલી. જેણે જેણે માંગ્યાં તેમને વાહન મોકલવામાં આવ્યાં. મુહૂર્ત જોવરાવી સૌ જાત્રા કરવા નીકળ્યા. આણંદચંદને સંઘપતિનું તિલક કરવામાં આવ્યું. સંઘમાં દયાચંદ પણ જોડાયા.

સંઘ જિનવરની જાત્રાએ ઊપડ્યો. સંઘની સાથે અંબાડી નાખેલા હાથીઓ, જાતજાતના પાણીપંથા અશ્વો, અસંખ્ય વહેલો, રથ, પાલખી વગેરે હતાં. પ્રથમ ચોમાસુ જ્યાં વીરજિને તે વર્ધમાન નગર જોયું પછી ચંપાપુરીમાં જિનરાજના જીર્ણ મંદિરને જુહાર્યું. ત્યાંથી સૌએ વિંદાપુરી નગરી આવી જિનરાજને પૂજ્યા અને ઉત્સવ મનાવ્યો. ત્યાંથી શિખરની તળેટીમાં આવ્યા. ગિરિરાજને જોઈને (તેનાં દર્શન કરીને) જન્મને સફળ કર્યો. હર્ષોલ્લાસ સાથે શિખર પર ચડ્યા. સ્નાત્રપૂજા પ્રતિષ્ઠા કરી, રત્ન-સુવર્ણની આંગી રચી, સત્તરભેદી પૂજા રચાવી. ત્રણ દિવસરાત ગિરિશિખર ઉપર રહીને ભાવભક્તિથી તીર્થને ભેટ્યા. જાત્રા કરીને સંઘ શિખરની તળેટીમાં આવ્યો. સંઘને વિવિધ પકવાનોનું ભોજન કરાવ્યું. લોકો 'ધન્ય' 'ધન્ય' કહેવા લાગ્યા. સંઘ ઘેર પાછો આવ્યો. નગરમાં મોટો ઉત્સવ રચ્યો. માણેકદેવીએ સંપત્તિનો સદુપયોગ કર્યો.

માતા માણેકદેવીનો યશ સંસારમાં બધે પ્રસરી ગયો. ઘરમાં ચાંદીનું જિનમંદિર બનાવ્યું. તેમાં સોના-ચાંદીની શ્રી જિનરાયની પ્રતિમા પધરાવી. રોજ માણેકદેવી નવકાર મંત્ર ભણે. પોતાને હાથે દાન દીધા પછી જ ભોજન કરે. છઠનું પારણું કરે. એકેય ટેક માણેકદેવી છોડતાં નહોતાં. બે પહોર શાસ્ત્ર સાંભળે, બંને વખત પ્રતિક્રમણ કરે. સચિત વસ્તુને અડકે પણ નહીં. બંગાળમાં પોષાળ અને દેવમંદિરો નહોતાં તે માતા માણેકદેવીના

પ્રતાપે ઠેર ઠેર થયાં. જે નગરમાં જૈનોનાં બેચાર ઘર હતાં ત્યાં સો જેટલાં થયાં. જે ગરીબગુરબાં માણેકદેવી પાસે જતાં તેમને પુષ્કળ ધન દાનમાં મળતું. જે સ્ત્રીએ કદીય સોનાચાંદીની વીંટીય ન પહેરી હોય તે સોનાના ભારથી માણેકદેવી દ્વારા લદાઈ જતી. સતયુગમાં કર્ણ, ભોજ અને વિક્રમ જેવા દાનેશ્વરી થયા, તો કળયુગમાં માણેકદેવી થયાં.

માણેકદેવીએ અનેક પ્રકારનાં તપજપ કર્યાં. પ્રથમ તેમણે વીસથાનિક કર્યા. તેની ઉજવણી કરીને પુષ્કળ ધન ખર્ચ્યું. શત્રુંજયના ત્રાણું છઠ્ઠ કર્યા. છ માસિક છઠ્ઠ એકસો આઠ કરી. તે કાળની ચૌવીસી બોંતેર છઠ્ઠ કરી. અગિયારેય ગણધરોની છઠ્ઠ કરી. કર્મપ્રકૃતિની એકસો અડતાળીસ છઠ્ઠ કરી. આમ છવ્વીસ વરસ સુધી છઠ્ઠનાં પારણાં કર્યાં. વ્રત કરતાં શરીર હાડપિંજર જેવું થઈ ગયું તો પણ તે છોડ્યાં નહીં. ઘણાં દાન આપ્યાં, ઘણા ઉપકાર કર્યા, લાખો જીવનું પ્રતિપાલન કર્યું. માણેકદેવીના અંતરમાં ક્ષમા, દયા, સમતા હતાં. માણેકદેવી દાન, શીલ, તપ અને ભાવનાની સાક્ષાત મૂર્તિ હતાં. તેઓ ઇંદ્રાણીના જેવાં સુખી હતાં અને રાજા જેવું રાજ્ય ભોગવતાં.

પુત્ર માતાજીનો હુકમ માથે ચડાવતો. દિવસમાં ત્રણવાર માતાને વંદન કરતો. સો માગે તો હજાર આપતો. માણેકદેવી રોજ તો દાનપુણ્ય કરતા, પરંતુ અવસાનના એક વર્ષ પહેલાં તો તેમણે ખૂબ દાન કરવા માંડ્યું. વસ્ત્ર, પાત્ર અને અન્નદાન આપવામાં પાછાં પડતાં નહીં. એક વર્ષ સુધી ખૂબ નાણાં દાનમાં આપ્યાં. પુત્ર પૌત્રાદિક પરિવારનું હિત કરી આશિષ આપી. દાનપુણ્ય કરતાં કરતાં, સદ્‌ગુરુની વાણી સાંભળતાં સાંભળતાં માણેકદેવી સ્વધામ સિધાવ્યાં. સંવત ૧૬૯૮ના પોષ વદ-૧ને રોજ તેઓ સ્વર્ગવાસી થયાં.

માણેકદેવીએ પોતાનો જન્મ સફળ કર્યો. માણિકચંદ શેઠને પણ ધન્ય. માણેકદેવીનાં માતાપિતાને ધન્ય છે. શાસ્ત્રમાં સાધુ-સતીની વાત સાંભળતાં હતાં, પરંતુ માણેકદેવીનું દૃષ્ટાંત તો સાક્ષાત્ હતું.

(**શ્રી જૈન રાસ-સંગ્રહ** - સાગરચન્દ્રજી મહારાજ નં. ૧૩૯૬૨ લા.દ)

વચ્છરાજ - દેવરાજ

- લાવણ્યસમય

જંબૂદ્વીપના સિંધુ દેશમાં ચંદ્રાવતી નામે નગરી હતી. તે નગરીમાં ચોરાશી જાતના વણિક વસતા હતા. વળી, સોની, ગાંધી, દોશી, મણિયાર, સુખડિયા જેવા ધંધાદારીઓનો પણ પાર નહોતો. એ નગરી દેવપુરી જેવી શોભતી હતી. એ નગરીનો વીરસેન નામે રાજા ન્યાયવંત અને શુદ્ધ વિચારનો હતો. તેની પાસે અખૂટ સંપત્તિ હતી. તેને ધારિણીદેવી નામે અત્યંત સ્વરૂપવાન રાણી હતી. રાજા-રાણી વચ્ચે ખૂબ પ્રેમ હતો. બંને જણ સુખોપભોગ ભોગવતાં હતાં. એક વખત સ્વપ્નમાં રાણીએ ઇંદ્રને ચાલતો જોયો. તેણે જાગીને રાજાને સ્વપ્નની વાત કરી. રાજાએ સ્વપ્નનો અર્થ કરતાં કહ્યું કે રાણીને પુત્ર થશે તે અત્યંત ચપળ હશે. પૂરા દિવસે રાણીને પુત્ર પ્રસવ થયો જેનું નામ દેવરાજ પાડવામાં આવ્યું.

બે-ચાર વર્ષ પસાર થયા પછી પટરાણી સંધ્યાસમયે સામાયિક કરી રાત્રિ પડતાં સૂવા માટે પોતાના મહેલમાં ગઈ. સોનાની ખાટ ઢાળી ધારિણીદેવી સૂઈ ગઈ. તેણે સ્વપ્નમાં એક સાંઢ જોયો. તરત જ જાગીને તેણે રાજાને એ સ્વપ્નનો અર્થ પૂછ્યો. રાજાએ કહ્યું કે હવે તારે પેટે જે પુત્ર અવતરશે તે દેવરાજથી પણ ઉદાર હશે. એ સાંભળી રાણીને અપાર આનંદ થયો. રાણીએ પૂરા નવ માસે એક પુત્રને જન્મ આપ્યો. પુત્રજન્મની વધામણી આપનાર સેવકને રાજાએ કિંમતી ભેટસોગાદો આપી. રાજાએ પુત્રનો જન્મમહોત્સવ ઊજવ્યો. પાંચ વર્ષનો થતાં તેને નિશાળે મૂકવામાં આવ્યો. ત્યાં તે છંદ-અલંકાર ઉપરાંત બીજી વિદ્યાઓ પણ શીખ્યો.

રાજાને એકવાર દાહજ્વર થયો. તે કોઈ ઉપાયે મટતો નહોતો. લોકો પણ હાહાકાર કરવા લાગ્યા. લોકો રાજ્ય અંગે વિચાર કરવા લાગ્યા. દેવરાજ વયમાં મોટો હતો પરંતુ રાજના પાલનમાં હોશિયાર નહોતો. ગુણમાં નાનો વચ્છરાજ ચડિયાતો હતો. લોકોએ રાજાની પદવી એને જ અપાય એવો અભિપ્રાય વ્યક્ત કર્યો.

નાનાને ગાદી આપવાની વાત સાંભળી દેવરાજે સઘળી પ્રવૃત્તિ બદલી નાંખી. રાજાના જૂના રખેવાળોને તાત્કાલિક બદલી નાખવામાં આવ્યા. વીરસેન રાજા વિચારવા લાગ્યો કે રાજ્ય પાપીના હાથમાં ગયું છે. જો રાજ્ય વચ્છરાજના હાથમાં હોત તો મને લાજ ન આવત. ઉચાટને કારણે રાજાનો રોગ બેવડાયો અને તે સ્વર્ગે સિધાવ્યો. ધારિણી પતિ વિના માછલીની જેમ તરફડવા લાગી. તે પતિના ગુણ સંભારતી શોક કરતી હતી. સગાંવહાલાંઓ તેને તેમ કરતી રોકતાં હતાં. ધારિણીએ સંસારનો આ માર્ગ છોડી વીતરાગનો ધર્મ અપનાવ્યો.

વચ્છરાજ રોજ રાજા(દેવરાજ)ને પ્રણામ કરવા જતો. હાથ જોડીને તે રાજાને પગે પડતો. એ વખતે પાપબુદ્ધિ મંત્રી રાજાને ભંભેરતો કે જો કુમાર (વચ્છરાજ) જીવતો રહેશે તો તમારું રાજ્ય ઝૂંટવી લેશે. એ સાંભળી મંત્રીને રાજા કહેતો કે તું કાંઈ પ્રપંચ કરી તેને મારી નાંખ. એ વાત સાંભળી વચ્છરાજે માતા પાસે આવી બીજે ચાલ્યા જવાની ઇચ્છા વ્યક્ત કરી. જવાબમાં ધારિણીએ કહ્યું કે સઘળી દોલત મૂકી માસી વિમલાની સાથે તારી મદદે આવીશ.

ચંદ્રાવતી નગરીથી ત્રણેય જણ ચાલતાં ચાલતાં માળવામાં

ઉજ્જૈન નગરી પહોંચ્યાં. ત્યાં કનકશ્રીનો પતિ કનકભ્રમ નામે રાજા હતો. ભૂખતરસથી પીડાતાં ત્રણેય નગરીની બહાર બેઠાં. તે વખતે વિમલાની વિમલ બુદ્ધિમાં વિચાર આવ્યો. તેણે વચ્છરાજ અને ધારિણીને આરામ કરવાનું કહી પોતે નગરમાં ઉતારાની શોધમાં જવાનું કહ્યું. તે નગરમાં ફરતી ફરતી સોમદત્ત નામના વેપારીને ત્યાં ગઈ. સોમદત્તે તેને આવવાનું કારણ પૂછ્યું. વિમલાએ હાથ જોડીને કહ્યું કે અમે પરદેશી છીએ, રહેવાનું ઠેકાણું જોઈએ છે. સોમદત્તે એક ઓરડો રહેવા માટે આપતાં બે માસના ભાડા પેટે ચાર ટંકા માગ્યા. વિમલાએ પોતાની પાસે રોકડા પૈસા નથી, પણ ભાડાના બદલામાં તમે કહેશો તે દાસકર્મ કરીશું એમ કહ્યું. ધર્મને ખાતર જમવાનું પણ આપવા તેણે વિનંતી કરી. વિમલા વચ્છરાજ અને ધારિણીને પણ ગામમાં લઈ આવી. તે ત્રણેય સોમદત્તને ઘેર રહ્યાં.

સોમદત્તે એકવાર ધારિણીને કહ્યું કે કુંવર ઘેર બેસી રહ્યો છે એના કરતાં મારાં વાછરડાં ચારે તો ત્રણેય જણને ભોજન મળી રહે. ધારિણીએ અનિચ્છાએ કુંવરને વાછરું ચારવા મોકલ્યો. કુંવર જ્યાં નગરની બહાર ઊંચું ઘાસ હોય ત્યાં વાછરડાં ચારતો. ત્યાં એક વખત કોલાહલ સાંભળી કુંવર તે તરફ જોવા ગયો. તેણે જોયું તો ઘણા રાજકુમારો શસ્ત્ર ચલાવવાની તાલીમ લેતા હતા. કુંવરને તે જોઈ આનંદ થયો. કોઈ શસ્ત્ર ચલાવવામાં ભૂલ કરે તો કુંવર મોટું મચકોડતો હતો. કુંવરને જોઈ શસ્ત્રવિદ્યા શીખવનાર ગુરુએ તેને ક્યાંથી આવ્યો હોવાનું અને શસ્ત્રકલાનો કેટલો અભ્યાસ હોવાનું પૂછ્યું. તેણે કૌતુક જોવા આવ્યો હોવાનું કહ્યું. કલાચાર્યે કુંવરને શસ્ત્રો ચલાવવા કહેતાં તેણે તેમ કર્યું. સૌ તેને કૌતુકથી જોઈ રહ્યા. કુંવર બીજા રાજકુમારો માટે આવેલું ભોજન જમીને આરામ કરતો હતો તે વખતે ચરવા છૂટાં મૂકેલાં વાછરડાં વહેલાં ઘેર જતાં રહ્યાં. સાંજે સોમદત્તે ઘેર આવી કુમારને વાછરું વહેલાં શાથી ઘેર આવ્યાં તે અંગે પ્રશ્ન કર્યો તો જવાબમાં કુંવરે થાકને કારણે વાડીમાં આરામ કરતો હોવાથી વાછરું ઘેર આવી ગયાંનું કારણ બતાવ્યું. બીજે દિવસે પણ કુંવર શસ્ત્રવિદ્યા શીખવાતી હતી ત્યાં પહોંચ્યો. તેણે વાછરુંની ચિંતા મૂકી દીધી હતી તેથી બીજે દિવસે પણ વાછરું વહેલાં ઘેર ગયાં. સોમદત્તે ધારિણીને ઠપકો આપતાં કહ્યું કે જો એકેય વાછરું ગુમ થશે તો તેની જવાબદારી તમારી રહેશે. ધારિણીએ પુત્રને વાછરડાં સાચવવા કહ્યું. કુંવરે વાછરડાં ચારવાની જ ના પાડી દીધી. બે-ત્રણ દિવસ જે ચાર્યાં તે તો તમારી પ્રત્યેના દાક્ષિણ્યને કારણે જ. રાજાના કુંવરો જ્યાં રમતા હતા ત્યાં જઈને વચ્છરાજ રોજ જમતો. ધારિણી એને ઘરનો ભાર ન ઉપાડવા ઠપકો આપે. એ સાંભળી કુંવર વનમાં ગયો. ત્યાં તેણે એક યક્ષનો મહેલ જોયો. યક્ષના બગીચામાંથી કોઈ ફૂલપાન તોડી શકે તેમ નહોતું. મહેલની આસપાસ ઘણાં પ્રાણીઓ રહેતાં હતાં. એ વનમાં ભમતાં ભમતાં કુંવરે ઝેરી સર્પોથી લપેટાયેલ એક મોટા ચંદનવૃક્ષને જોયું. એક લાંબી કુહાડી લઈ ચંદનવૃક્ષને કાપી તેના અનેક ટુકડા કર્યા. તેની કાવડ બનાવી પાછો નગર તરફ આવ્યો. આવતાં મોડું થઈ ગયું હોવાથી નગરના દરવાજા બંધ થઈ ગયા હતા. કુંવરે નગરની બહાર જ એક પહોરની ઊંઘ ખેંચી કાઢી. જાગ્યો ત્યારે તેણે વિચાર્યું કે કોઈ આવીને ચંદન લઈ જશે. તે પછી તે વનમાં યક્ષનો મહેલ હતો ત્યાં પહોંચ્યો. એક ઝાડ પર કાવડ લટકાવી મહેલમાં પહોંચી કમાડ બંધ કર્યાં. બે પ્રહર પછી ચંદ્રોદય થતાં વિદ્યાધરીઓના વૃંદે રસિક નાટારંભ શરૂ કર્યો. વિદ્યાધરીઓમાંની પ્રભાવતીએ નૃત્ય કરતી વખતે પોતાની ચોળી નીચે મૂકેલી તે ઉલાળાના કાણામાંથી વચ્છરાજે જોયું. તે કંચુક ઝગારા મારતો હતો. કુંવરે બારણું ઉઘાડી તે કંચુક લઈ લીધો અને ગભારામાં પેસી ગયો. પછી બારણે સાંકળ ભીડી દીધી. પ્રભાવતી મહેલમાંથી નીકળી પછી રસ્તામાં પોતાનો કિંમતી કંચુક ન હોવાનું જાણી પાછી આવી. આખા દેવળમાં તે શોધી વળી પણ ક્યાંયથી તે જડ્યો નહીં. પવનથી ઊડી ગયો હોય તો જંગલમાં તપાસ કરી. પ્રભાવતી પોતાનો કંચુક શોધતી હતી તે વખતે તેણે એક ઝાડ પર લટકતી એક કાવડ જોઈ વિચાર્યું કે યક્ષના મંદિરમાં નક્કી કોઈક છે. તેણે જ મારો કંચુક લીધો હોય. ગમે તેમ કરી બ્હીવડાવું તો તે બારણું ઉઘાડી કંચુક આપી દે. પ્રભાવતીએ બ્હીડાવવાના ઘણા પ્રયત્નો કર્યા પણ કુંવર નિર્ભય થઈને નિશ્ચિંત રહ્યો. યક્ષના ભયને કારણે વિદ્યાધરી તો બારણાને હાથ લગાડતાં ડરતી હતી. તેણે કંચુક મેળવવાનો કે બારણાં ખોલાવવાનો ઉપાય વિચારી કાઢ્યો. અંદર જે હશે તેનાં સગાં ઉજ્જૈનમાં રડતાં હશે. તેમનું રુદન સાંભળી અહીં પાછા આવી એમ જ રડીશું એમ વિચારી તે નગરી પાસે પહોંચી. તેણે ધારિણી અને વિમલાને રોતાં સાંભળ્યાં. ધારિણી રડતાં રડતાં પુત્ર તું શા માટે રિસાયો છે ? તું ભૂખ્યો-તરસ્યો હોઈશ એમ કહેતી જતી હતી. વિદ્યાધરીએ પાછા આવી માયા વડે ધારિણીની જેમ જ રોવા માંડ્યું. પણ કુંવરના પેટનું પાણીય ન હાલ્યું. આખરે વિદ્યાધરી કંચુક વગર જ પોતાને ઘેર ગઈ. સવાર થતાં બારણાં ઉઘાડી કુંવર વૃક્ષ પરથી કાવડ લઈ નગરમાં ગયો. વિમલાએ તેને વધાવી લીધો. ધારિણીને વંદન કરી કુંવરે તેને ચંદન અને કિંમતી કંચુક આપ્યાં.

વચ્છરાજ બેત્રણ દિવસના અંતરે ચંદન લાવી તેને વેચી ધન એકઠું કરવા લાગ્યો. તેને ધનની ચિંતા ટળી ગઈ. પછી તે જ્યાં રાજકુમાર હતો ત્યાં ગયો. કનકભ્રમ રાજાએ પુત્રને તેની બાજુમાં રહેલા મિત્ર વિશે પૂછ્યું. રાજપુત્રે કહ્યું કે હું બીજું કશું જાણતો નથી પરંતુ અમે જ્યાં શસ્ત્રવિદ્યા શીખતા હતા ત્યાં તે કુંવર અમને મળેલો. કનકભ્રમે કુંવરને જ તેની સ્થિતિ વિશે પૂછ્યું. રાજાએ તેને શસ્ત્રવિદ્યા કેટલી આવડે છે તે બતાવવા કહેતાં કુંવરે તેનું નિદર્શન કર્યું. રાજા આથી ખુશ થયો. કુંવરે પોતાની સઘળી કથની કહી. એની કથા સાંભળી કનકભ્રમની રાણી કનકશ્રીના

મનમાં હેત ઊભરાઈ આવ્યું. તેણે કુંવરને કહ્યું કે તું તો મારો ભાણેજ છે. વચ્છરાજને તેણે ખોળામાં બેસાડ્યો. પછી કનકશ્રી હાથી પર બેસી જ્યાં વિમલા અને ધારિણી હતાં ત્યાં જઈ તેમને તેડી આવી. ત્રણેય જણી ભેગી રહેવા લાગી. રાજાએ વચ્છરાજને બેચાર નગરનું રાજ્ય લેવા કહ્યું. કુંવરે રાજ્ય લેવાની ના પાડી પણ સેવા કરવાનું સ્વીકાર્યું.

કુંવરે રાજાને કહ્યું કે તમે જ્યાં સુધી નહીં કહો ત્યાં સુધી હું કોઈના કામે જઈશ નહીં. એકવાર રાજા પોતાના મહેલમાં સૂતો હતો ત્યારે વચ્છરાજ ખુલ્લી તલવારે તેની ચોકી કરતો હતો. રાત્રિના બે પ્રહર પસાર થયા પછી રાજાની નિદ્રા ઊડી ગઈ. તેણે એક સ્ત્રીને રડતી સાંભળી. રાજાએ ઊઠીને ચોકિયાતોને બોલાવ્યા. ચોકિયાતો તો ભરઊંઘમાં હતા. તે વખતે વચ્છરાજે આવીને પોતાને હુકમ કરવા કહ્યું પણ રાજાએ તો તે ઘેર કેમ નથી ગયો તે પૂછ્યું. કુંવરે પોતે રાજાના કહ્યા વગર ઘેર ન જવાની પ્રતિજ્ઞાની યાદ આપી. કુંવરે બધા ચોકિયાતો સૂતા છે માટે જે કામ હોય તે તેને કહેવા કહ્યું. રાજાએ કોના રડવાનો અવાજ આવે છે તે જોઈ આવવા કહ્યું. આજ્ઞા લઈ કુંવર ચાલ્યો. નગરીમાં તો કોઈ રડતું ન જણાયું. કુંવર જમણા હાથમાં તલવાર લઈ ગઢ ઓળંગી ગયો. જે તરફથી રડવાનો અવાજ આવતો હતો તે તરફ જતાં છેક મસાણમાં પહોંચી ગયો. ત્યાં એક વડના વૃક્ષ નીચે બેસીને રડતી એક સ્ત્રીને જોઈ. કુંવરે તેની પાસે જઈ રડવાનું કારણ પૂછ્યું. રડતાં રડતાં તેણે કુંવરને કહ્યું કે મારા પતિને અહીં બાંધ્યો છે. તે ભૂખ્યો-તરસ્યો ચીસો પાડે છે. તેણે ઘેરથી જમવાનું મંગાવ્યું હતું. હું ઘેર જઈ ચૂરમું લઈ આવી. હું કોળિયો હાથમાં લઈને ઊંચો કરું છું પરંતુ તેને હું પહોંચી શકતી નથી. કુંવરે પેલી સ્ત્રીને ચૂરમાનો કોળિયો હાથમાં લઈ પોતાની ખાંધ ઉપર ચડી તેના પતિને ખવરાવવા સૂચન કર્યું. એ સાંભળી પેલી સ્ત્રી કાંધે ચડી તલવાર કાઢી માંસનો ટુકડો કરી ખવડાવતી હતી તે કુંવરની નજરે ચડ્યું. કુંવરે તેને પાપિણી કહીને કપટ કરવા મથતી તેને શાપ આપીશ એમ કહ્યું. પછી કુંવર તલવાર કાઢી તેને મારવા ધસ્યો. વચ્છરાજના હાથમાં તે વંતરીનું વસ્ત્ર આવી ગયું. વંતરી નિર્વસ્ત્ર થઈ નાઠી કારણ કે તેને શસ્ત્ર વાગવાની બીક લાગી. એમ કરતાં દિવસ ઊગ્યો. વંતરીના વસ્ત્રસહિત વચ્છરાજે રાજાને મળીને રાત્રિનો સઘળો વૃત્તાંત કહ્યો. વચ્છરાજની બહાદુરી જોઈ રાજાને આનંદ થયો. વચ્છરાજે આપેલું વસ્ત્ર રાજાએ રાણી કનકશ્રીને ભેટ આપ્યું. પટરાણીએ એ પહેર્યું પરંતુ તેના જેવા કંચુક વગર શોભતું નથી માટે તેવો કંચુક લાવી આપો એમ રાજાને કહ્યું.

રાજા ચિંતાતુર થયો. તેણે વચ્છરાજ સામે જોયું. ખેચરડીનો કંચુક જે કુંવરે લાવી આપેલો તે પહેરવાથી મનમાં બળતરા થવા લાગી. તત્કાળ કાળમુખ થઈને રહી. રાણીએ કહ્યું કે આવું વસ્ત્ર પાટણનગરીમાં મળે તો તે મંગાવો. કનકશ્રીએ હઠ લીધી. રાજા મનમાં વ્યથિત થયો. વચ્છરાજે રાજાને ધરપત આપી કે તેવું વસ્ત્ર હું લાવી આપીશ માટે ઉચાટ ન કરશો. 'જો છ માસની અંદર ન લાવું તો અગ્નિપ્રવેશ કરીશ' એવી પ્રતિજ્ઞા કરી કુંવર નીકળી ગયો.

ધારિણીનો પુત્ર વચ્છરાજ હાથમાં તલવાર લઈને એકલો નીકળી પડ્યો. રસ્તામાં એક જંગલની નજીક નાનું ગામ જોયું. કુંવરે ત્યાં જઈ કોઈકને ગામ વિશે પૂછપરછ કરી. જવાબ મળ્યો કે ભૂમિતલ નગરનો વીરસિંહ નામે રાજા છે. દત્તશેઠ નામે વેપારી છે. શ્રીદેવી તેની પત્ની હતી. શ્રીદત્તા નામે તેને એક પુત્રી હતી. તે બધી કલાઓમાં પારંગત હતી. તે અનેક લોકોને છેતરતી. તેની પાસે સો ચોકિયાત મૂકો તો પણ તેની પાસે ગયેલ તરત જ પરલોક પહોંચી જતો. રોજ એક પુરુષને મારી નાખતી. એ વાત રાજાએ સાંભળી ત્યારે તેણે શ્રીદત્તને બોલાવ્યો. રાજાએ તેને કહ્યું કે નગરમાંથી ચાલ્યા જાવ. શ્રીદત્તે વનમાં જઈ દત્તપુર નામનું નાનું નગર વસાવ્યું. કુંવર પણ એ નગરમાં ગયો. શેઠે તેને મહેલમાં આવતો જોયો. તેણે કુંવરને બેસવા આસન આપ્યું. બંને આનંદથી બેઠા અને પોતપોતાનો વૃત્તાંત કહેવા લાગ્યા. એવામાં એક પુરુષને આવતો કુંવરે જોયો. કુંવરે શેઠને તેના વિશે પૂછ્યું. શેઠે પોતાની પુત્રીનો વૃત્તાંત કહેતાં કહ્યું કે જો એ પુરુષ એની સાથે રહેશે તો નક્કી તેનો અંત આવશે. વચ્છરાજે એ સાંભળી કહ્યું કે એ પુરુષને બદલે હું શ્રીદત્તા સાથે રાત ગાળીશ.

રાત પડતાં શ્રીદત્તાએ જ્યાં પલંગ ઢાળ્યો હતો ત્યાં પહોંચ્યો. કુંવરીએ મનમાં વિચાર્યું કે મેં જન્મ ધરીને શું પ્રાપ્ત કર્યું. આ જગતમાં તેના જેવી બીજી કોઈ સ્ત્રી પુણ્યરહિત નહીં હોય. મારે કારણે ઘણા પુરુષ ગુજરી ગયા. વળી આજે આ પુરુષ પણ મરશે. કુંવર સાહસ કરી પલંગમાં પોઢ્યો. જાગતા રહેનારને ભય ન હોય. તે ઢોલિયા પરથી નીચે ઊતર્યો. ગોખે થઈ નીચે ગયો અને ત્યાંથી ખોડ(લાકડું) લઈ ઉપર આવ્યો. અને શ્રીદત્તાની બાજુમાં સુવડાવી દીધું. કુંવર દીવાના પડછાયામાં રહ્યો. હાથમાં ખડ્ગ રાખી સુભટની જેમ ઊભો રહ્યો. શ્રીદત્તાએ બંને હાથમાં કંકણ-કડાના આકારે ઔષધિ રાખી. એમાં એક એવી હતી કે મુખથી ફૂંક મારે તો ધુમાડો થાય. મનુષ્ય પથારીમાં સૂએ એટલે આવીને હાથ ગળાની આસપાસ વીંટાળે. તેણીનો આવો આચાર જોઈને કુંવરે ખડ્ગનો પ્રહાર કર્યો. હાથ કપાતાં તેને ઘણી વેદના થઈ. તે બરાડા પાડવા લાગી. વંતરીની પાછળ કુંવર પડ્યો. તેને દૂર ભગાડી તે પાછો આવ્યો. કુંવર જ્યારે ઢોલિયા પાસે આવ્યો ત્યારે તેની નજરે બે કંકણ પડ્યાં. તેણે તે હાથમાં લીધાં. તે ઊંઘ્યો નહીં, બેસી રહ્યો. સવાર થતાં કુંવરીએ સામું જોયું. તેણે વચ્છરાજને જીવતો જોયો. તેના મનોરથ ફળ્યા. કુંવરીએ વિચાર્યું કે કુંવરે મારું કલંક દૂર કર્યું. તેણે એ પણ વિચાર્યું કે જો પરણીશ તો આ કુંવરને જ પરણીશ. કુંવરી બે હાથ જોડીને કુંવરને રાતની હકીકત પૂછતી હતી, કુંવર કહેતો હતો એવામાં દાસી દાતણ-પાણી લઈને આવી.

તેણે બંનેને આનંદ કરતાં જોયાં. તેણે આવીને શેઠને કહ્યું. શેઠનું મન આનંદિત થયું. તે વચ્છરાજ જ્યાં બેઠો હતો ત્યાં ગયા અને તેને કહ્યું કે તેં આજે આ ઉત્તમ કાર્ય કર્યું છે. પછી તેમણે પોતાની દીકરી સાથે લગ્ન કરવાનું કહ્યું. કુંવરે કુળ જાણ્યા વિના લગ્ન કેવી રીતે થાય એમ કહ્યું. છેવટે ઘણી સમજાવટ પછી પોતાની પુત્રી સાથે તેને પરણાવ્યો. આઠ પહોર ત્યાં રહી કુંવરે કન્યાને પોતાની પ્રતિજ્ઞા જણાવી, તેને પિયરમાં જ મૂકી પોતાના માર્ગે ચાલ્યો. રસ્તામાં ગાઢ જંગલમાં તેણે રત્ન જેવું એક સુંદર નગર જોયું. એક સરસ તળાવ હતું તેના પાણીથી હાથપગ ધોઈ કુંવર નગરની સામે જોઈને બેઠો. ત્યાં નગરની સ્ત્રીઓ રત્નના ઘડા લઈને પાણી ભરી આવતીજતી હતી. એણે એક સ્ત્રીને નગરનું તથા રાજાનું નામ પૂછ્યું. એ ઉપરાંત શા માટે આટલું બધું પાણી લઈ જવું પડે છે તે પણ પૂછ્યું. જવાબમાં સ્ત્રીએ કહ્યું કે નગરીનું નામ લીલાવતી હોવાનું અને પુરુષવિહીન આ નગરી વંતરીના હાથમાં છે. તેની ઠકુરાણી વિદ્યુન્મતી એક રાત્રે ક્યાંક ગઈ હતી ત્યાં કોઈ બહાદુર પુરુષ ભેટી ગયો જેણે ઠકુરાણીનો હાથ કાપી નાખ્યો. તેના હાથનાં બે કંકણનો જ મહિમા વિશેષ હતો જે હાથ કપાઈ જતાં પડી ગયાં. એક કંકણનો મહિમા એવો હતો કે બધા પ્રકારના ઘા તેનાથી રુઝાઈ જતા. બીજા કંકણનો મહિમા એ હતો કે તેને ફૂંકવાથી બહુ ધુમાડો થાય. તે સ્ત્રીએ એ પણ કહ્યું કે હાથમાં અપાર પીડા થાય છે. તેની ઉપર પાણીની ધાર કરવામાં આવે છતાં રડી પડાય છે. કુંવરે કહ્યું કે હું તેનો ઉપાય જાણું છું. તેનાથી તે સાજી થઈ જશે. નગરમાં જઈ તું તારી સ્વામિનીને વિનંતી કર. કુંવરનાં વચન સાંભળી દાસીએ જઈને પોતાની સ્વામિનીને વિનંતી કરી. પીડાથી ગભરાયેલી પેલી વંતરીએ(ઠકુરાણીએ) દાસીને તાત્કાલિક તેને બોલાવી લાવવા મોકલી. દાસી કુમારને તેડવા ગઈ. માર્ગમાં કુમાર વિચારવા લાગ્યો કે જો આની સ્વામિની તુષ્ટમાન થાય તો તેની પાસેથી એની પાસેની ચાર ઉત્તમ વસ્તુ માગી લઉં. એ વસ્તુઓમાં અશ્વરૂપી એક યક્ષ હતો, બીજી બે નિષ્કલંક કન્યાઓ હતી અને મનવાંછિત પૂર્ણ કરનાર પલંગનો સમાવેશ થતો હતો. કુંવર ઠકુરાણીને ઘેર પહોંચ્યો. વૈદ્ય તરીકેની કામગીરી આરંભી, પહેલાં એક કંકણ કાઢી તેને ફૂંક મારી ઘણી ધૂણી કરી. બીજા કંકણને પાણીથી ધોઈ તેને ઠકુરાણીના હાથ પર છાંટ્યું તેથી તેના હાથની બધી પીડા મટી ગઈ. ઠકુરાણીને આરામ થઈ ગયો. ઠકુરાણીએ કુંવરનો આભાર માનતાં કહ્યું કે તેં જ આ બધું કર્યું છે. કુંવરે પણ પોતે જ આ કર્યાનું કહ્યું. ઠકુરાણીએ કુંવરને માગે તે આપવા કહ્યું. કુંવરે કન્યાદિક વગેરે ચારેય વસ્તુ માગી લીધી. ઠકુરાણીએ કહ્યું કે એ વસ્તુ તને આપીશ પણ મનમાં દિલગીર ન થઈશ. તે ચારેય વસ્તુ તને આપું તે પહેલાં તેની ઉત્પત્તિ વિશે સાંભળી લે. વૈતાઢ્ય પર્વતની પાસે ચમરચંચા નામે નગરીમાં ગંધવાહન નામે રાજાને બે સ્ત્રીઓ હતી. તે બંનેને રત્નવતી અને કનકાવતી નામે બે પુત્રીઓ હતી. તે જ્યારે યુવાન થઈ ત્યારે રાજાને તેમને પરણાવવાની ચિંતા થઈ. રાજાએ જોશીને દીકરીઓ ક્યા કુમાર સાથે પરણશે એમ પૂછ્યું. જ્યોતિષીએ રાજાને ચિંતા ન કરવા કહ્યું. તેણે એ પણ કહ્યું કે કુંવરીઓ આ પૃથ્વી પરના માણસને જ પરણશે. તમારું આયુષ્ય પણ હવે એક માસનું જ બાકી રહ્યું છે. વળી તમારી બહેન કમલાવતી જે મહીપતિને પરણી હતી. તેણે બીજાં લગ્ન કરતાં તમારી બહેનને તરછોડી દીધી હતી. બાળપણમાં તેણે (બહેને) કઠણ તપ કર્યું તેથી વિદ્યુમતિ નામે વંતરી થઈ. થોડા દિવસ પછી બીજી કન્યા પણ મૃત્યુ પામીને દત્તશેઠને ત્યાં પુત્રી થઈ અવતરી. વંતરી જે પુરુષ તેની પાસે રહે તેને મારી નાખશે. એમ કરતાં એક બહાદુર પુરુષ તેનો હાથ કાપી નાખશે અને પછી તેને રૂઝવશે તે બંને દીકરીઓનો પતિ થશે. એ વાત સાંભળી રાજાએ એ બંને પુત્રીઓને મારી પાસે મૂકી. મહિનો પૂરો થયે રાજા મૃત્યુ પામીને વંતરપતિ થયો. તેણે યક્ષ, પલંગ અને વળિયા (કંકણ) આપ્યાં. એ બધું તું પ્રાપ્ત કરી એનું રાજ્ય ભોગવ. સુંદરીએ એટલું કહ્યું એટલે વચ્છરાજ તેના ઘેર રહ્યો. શ્રીદત્તા સાથે વચ્છરાજ પરણ્યો છે એ વાત જાણી વંતરીએ ક્રોધ છોડી દીધો. તેણે પુત્રીને ઘણો પ્યાર આપ્યો. તેણે કુમારને કંચુક આપ્યો જે લઈને કુમાર એકલો ચાલ્યો. કુમાર ત્રણ સ્ત્રીઓને પરણ્યો.

રોજેરોજ કુંવર અવનવા ભોગ ભોગવતો હતો. એમ કરતાં પોતાની પ્રતિજ્ઞાના છેલ્લા છ માસ બાકી રહ્યા. પ્રતિજ્ઞા યાદ આવતાં તે સૂઈ ન શક્યો. પાછા વળતાં માર્ગમાં દત્ત શેઠનું ઘર આવતું હતું ત્યાંથી તેણે શ્રીદત્તાને પોતાની સાથે લીધી. ત્રણેય સ્ત્રીઓને લઈ તે ઉજ્જૈણીનગરી પહોંચ્યો. કનકશ્રીએ વચ્છરાજને કહ્યું કે તેના આવવાથી તે આનંદિત થઈ છે. રાજાના હુકમથી વચ્છરાજ પોતાનો પરિવાર છે ત્યાં કેટલેક દિવસે પહોંચ્યો. કનકશ્રી રોગથી ગ્રસ્ત થઈ હતી તેથી તે અવસાન પામી. રાજાને ઘણું દુઃખ થયું. રાજાએ ઘણો વિલાપ કર્યો. તેને વિલાપ કરતો જોઈ ગુણસાર મંત્રીએ સર્વ મનુષ્યની એ જ ગતિ છે એમ સમજાવ્યું. રાજાએ શોક છોડી દીધો.

એક વખત વચ્છરાજે પોતાની સ્ત્રીઓને પોતાનો મનોરથ જણાવતાં કહ્યું કે રાજાને એક વખત સહકુટુંબ ભોજન કરવા બોલાવીએ. કામિનીઓએ એમ કરવામાં ઘણી આપત્તિ આવવાની સંભાવના હોવાનું કહી રોકવા પ્રયત્ન કર્યો. જો તમારે રાજાને જમવા જ બોલાવવા હોય તો અમને પીરસવા પણ ન બોલાવશો એમ તે સ્ત્રીઓએ કહ્યું. વચ્છરાજે એ વાત માન્ય રાખી અને રાજાને સવારે જમવા નોંતર્યો, એક પહોર દિવસ ચડતાં રાજાએ દૂતને મોકલી જમવાની વ્યવસ્થા અંગે તપાસ કરાવી. દૂતે પાછા આવી રાજાને સમાચાર આપ્યા કે જમવાની કોઈ તૈયારીઓ વચ્છરાજે કરી નથી. રાજાએ વિચાર્યું કે મારી ઠેકડી ઉડાડવા આ પ્રયાસ થયો છે કે શું ? રાજા આમ વિચારતો હતો એવામાં વચ્છરાજે આવી જમવાનું તેને નિમંત્રણ આપ્યું. એ સાંભળી રાજા ક્રોધે ભરાયો અને

વચ્છરાજને કહ્યું કે અમને સવારમાં જમવા બોલાવ્યા અને તું ઘેર જઈ સ્ત્રીઓ સાથે આનંદપ્રમોદ કરવા લાગ્યો. તેં કોઈ જાતની રસોઈ કરી નથી. હવે કોઈ વખત અમારી હાંસી ન કરીશ.

વચ્છરાજે રાજાને ગુસ્સે ન થવા કહ્યું. જો મેં તમારી મશ્કરી કરી હોય તો મારે ત્યાં આવી જોઈ જાવ. એ સાંભળી રાજા વચ્છરાજને ઘેર જવા ઊપડ્યો. એ જોઈ વચ્છરાજને આનંદ થયો. રાજાની પહેલાં ઘરમાં જઈ વચ્છરાજે પલંગ પાસે વિવિધ વાનગીઓ ઉલ્લાસથી માગી. રાજા આવી પહોંચતાં વચ્છરાજે સોનાની ઝારીમાં પાણી ભરી રાજાને હાથપગ ધોવરાવ્યા. રાજાને સોનાના સિંહાસને બેસાડ્યો. કુંવરે સુવર્ણથાળમાં અનેક વાનગીઓ પીરસી. અન્ન પીરસવાનો સમય થયો ત્યારે કુંવરે (વચ્છરાજે) ઘરમાં જઈ સ્ત્રીઓને કહ્યું કે હવે તમે પીરસો. પતિનો હુકમ સાંભળી સ્ત્રીઓ વ્યથિત થઈ કારણ વગર સાપને છંછેડે છે એમ કહ્યું. પણ પતિનો હુકમ એ ત્રણેય સુશીલ સ્ત્રીઓએ ઉથાપ્યો નહીં. જો કે તેમનાં ચિત્તમાં ચિંતા પેઠી હતી છતાં પીરસવા તૈયાર થઈ. સર્વ સ્ત્રીઓએ સુંદર વસ્ત્રાલંકાર ધારણ કર્યાં. તે સ્ત્રીઓ જેવી પીરસવા આવી કે તેમને જોઈ રાજન આકર્ષાયો. દરેક સ્ત્રીએ રાજાને જુદી જુદી વાનગીઓ પીરસી. પરંતુ રાજા તો તેમનાં રૂપથી જ અંજાઈ ગયો. એ વખતે વચ્છરાજે હાથ સાફ કરવા વસ્ત્ર આપ્યું. પાન-સોપારીનો મુખવાસ આપ્યો.

જમીને રાજા પોતાના મહેલમાં પહોંચ્યો પરંતુ તેનું મન તો વચ્છરાજની સ્ત્રીઓ પાસે જ હતું. રાજાએ મતિતાત નામના મંત્રીને બોલાવી હૃદયની વાત કહી. તેણે કહ્યું કે કુંવરની સ્ત્રીઓ જેવી સ્ત્રીઓ મારા અંતઃપુરમાં પણ નથી. માટે કુંવરને મારી એની ત્રણેય સ્ત્રીઓને મહેલમાં લઈ આવો. મંત્રીએ ઉપાય બતાવતાં કહ્યું કે કુંવર તમને વંદન કરવા આવે ત્યારે તેને તમે સિંહભૂપ રાજાના સિંહાસને બેસાડજો અને તેને માન આપજો. પછી સિંહભૂપને ઇશારો કરજો જેથી તે તેને મારી નાખે. ત્યારપછી રમણી તમારી પાસે આવશે. રાજા આ અંગે વિચારતો હતો એવામાં જ અદ્‌ભુત રૂપવાળો કુંવર ત્યાં આવ્યો. રાજાએ તેને સિંહાસને બેસાડ્યો. તે વખતે સિંહભૂપ ત્યાં આવ્યો. રાજાએ તેને કુંવરને મારવા ઇશારો કર્યો. સિંહભૂપે પ્રહાર કરવા મુઠ્ઠી ઉગામી કે બળવાન વચ્છરાજે સિંહભૂપને તેની સાથે લડીને તેને મારી નાખ્યો. બધી દિશાઓમાં ફેરવી તેને ફેંકી દીધો. કુંવર કનકભ્રમને પ્રણામ કરી પોતાના સ્થાને પહોંચ્યો. તેણે રમણી આગળ સઘળી વાત કરી. રમણીઓએ કહ્યું કે રાજાને જમવા બોલાવવાની અમે ના પાડી હતી. વળી રાજા તમને મારવાના ઘણા પ્રયાસ કરશે માટે તમે સાવધાન રહેજો. સિંહભૂપને કુંવરે માર્યાનું સાંભળી રાજાના મંત્રીએ કુંવર પાસે વાઘણનું દૂધ મંગાવવાનો ઉપાય બતાવ્યો. કુંવર જ્યારે રાજાને મળવા ગયો ત્યારે કુંવરને વાઘણનું દૂધ લાવી આપવા કહ્યું. કુંવર તો રાજાનો હુકમ લઈ ઘેર આવ્યો. વિદ્યાધરીએ તેને આજે રાજાએ શું કામ આપ્યું એમ પૂછ્યું. કુંવરે વિદ્યાધરીને પૂછ્યું કે તેં કેવી રીતે જાણ્યું ? વિદ્યાધરીએ કહ્યું કે તમારી રક્ષા કરવા રાતદિવસ એક ક્ષણ પણ તમારો પીછો છોડતી નથી. કામિનીએ કહ્યું કે વાઘણનું દૂધ લાવવા તમે અશ્વસ્વરૂપે રહેલા યક્ષ પર બેસી જ્યાં ગાઢ જંગલ છે ત્યાં પહોંચો. મારી માતાની વાઘણ રૂપે રહેલી દૃષ્ટિને યક્ષ ઓળખશે અને તેને હર્ષથી દૂધ આપશે. કામિનીનાં વચન સાંભળી કુંવર અટવીમાં પહોંચ્યો. દેવસ્થાન જોઈ કુંવરે વંદન કર્યાં. કુમારને અશ્વને કારણે ઓળખ્યો કે આ તેની સખીની પુત્રીનો પતિ હતો. કુંવરે જે વૃત્તાંત કહ્યો તેનાથી દેવે પ્રસન્ન થઈ નિશ્ચિંત થઈ જવા કહ્યું. દેવે કહ્યું કે અમારું એક વચન માની બકરીની પેઠે વાઘણનો કાન પકડો. કુંવરે તેમ કર્યું અને માળવાનો રાજા જ્યાં બેઠો હતો ત્યાં પહોંચ્યો. તેણે રાજાને કહ્યું કે વાઘણને દોહી જેટલું દૂધ જોઈએ તેટલું લઈ લો. તે વખતે વિકરાળ વાઘણે ત્રાડ પાડતાં બધા લોકો પાછા હઠી ગયા. વાઘણે મંત્રીના કાન કરડી ખાધા. રાજાની સભામાં બેઠેલા શૂરવીરો પણ હચમચી ઊઠ્યા. તેમને વાઘણે નખ માર્યા. રાજા અને મંત્રીએ વાઘણને ત્યાંથી લઈ જવા કહ્યું. કુંવર વાઘણને ઘેર લઈ ગયો અને પછી તેને જંગલમાં છોડી દીધી.

પાંચસાત દિવસ પછી રાજાએ કુંવરને કહ્યું કે માથાના રોગે ભરડો લીધો છે. તેને દૂર કરવા જો બોલતું પાણી મળે તો કામ થઈ જાય. કુંવરે તેવું પાણી ક્યાં મળે એ વિશે પૂછ્યું. તે વખતે મંત્રી મતિતાતે કહ્યું કે વજ્રાભીમ નામના જંગલમાં બે પર્વત છે. તે પર્વત ઘડીકમાં જુદા થાય છે, તો ઘડીકમાં ભેગા થઈ જાય છે. તે પર્વતની નીચે એક કુંડ હોવાનું અને તેમાં બોલતું પાણી હોવાનું મંત્રીએ કહ્યું. કુંવરે ઘેર જઈ રમણીઓને વાત કરી. સુંદરીઓએ પોતાના પતિને કહ્યું કે અમારી એક સખી વંતરી છે. તે બાજપક્ષીનું રૂપ ધારણ કરી બે પર્વતમાં છુપાઈ રહે છે. અશ્વ ઉપર બેસી તેની પાસે પહોંચશો એટલે તે ઓળખીને બોલતું પાણી આપશે. કુંવર પર્વતની પાસે પહોંચ્યો. સિંચાણીએ તેને પૂછ્યું કે એવું શું કામ પડ્યું કે અહીં સુધી આવવું પડ્યું. કુંવરે કામ કહ્યું અને તેને જે પાણી જોઈતું હતું તે લીધું.

પાણી લઈને વચ્છરાજ કુંવર કનકભ્રમ રાજાની પાસે પહોંચ્યો. તેની પાસેનું પાણી ઘણું ઊકળતું હતું. અગ્નિની જેમ તેમાંથી જ્વાળાઓ નીકળતી હતી. પાણી એવું બોલતું હતું કે રાજા અને મંત્રીને ખાઈ જાઉં. એમ બોલતા પાણીએ રાજાના મંત્રીની દાઢી બાળી નાખી. રાજાનો મંત્રી વિચારવા લાગ્યો કે કોઈપણ ઉપાયે કુંવર મરે એમ નથી. એને મારવા ઘણા પેંતરા કર્યા પણ તેના મહાભાગ્યને કારણે તે બચી જાય છે. વચ્છરાજ પોતાના ઘેર ગયો. મંત્રીશ્વરે વળી રાજાને એક નવો પેંતરો બતાવ્યો. રાજાએ વિચાર્યું કે હવે વચ્છરાજ ચોક્કસ મરશે. કુંવર સભામાં આવ્યો કે તરત જ રાજાએ તેને બોલાવ્યો. કુંવરે આવીને વંદન કર્યા ત્યારે રાજાએ કહ્યું કે મારી દીકરી શ્રીસુંદરી યુવાન થઈ હોવાથી તેનાં લગ્ન નક્કી થયાં છે. તેમાં યમરાજને નોતરું મોકલવું છે કારણ કે

તેની સાથે દોસ્તી છે. તેને નિમંત્રણ આપ્યા વગર ન ચાલે. યમરાજને નોંતરવા જવા માટે ચિતા રચી તેમાં પ્રવેશી પછી આગ મૂકવાથી સીધા યમઘેર જવાય. કુંવરે જવાની હા પાડી. માળવાનો રાજા આનંદ પામ્યો.

વચ્છરાજ ઘેર પહોંચ્યો. સુંદરીઓ તેની પાસે આવી. રાજાનો હુકમ તેણે તેમને કહી સંભળાવ્યો. તે સાંભળી યક્ષે કહ્યું કે હું તમારો વેશ લઈ ભૂપતિનો આદેશ માથે ચડાવીશ. આમ કહી તેણે રૂપ-પરિવર્તન કર્યું. પછી તે રાજાને મળ્યો. તેણે રાજાને તેના કામે જતો હોવાનું કહ્યું. રાજાએ તેને એક મહિનો પૂર્ણ થયે જમરાજાને સાથે લઈ આવવાનું કહ્યું. એમ કહી રાજા અને મંત્રીએ કુંવરને ચિતામાં નાખ્યો. યક્ષ કુંવરના ઘર ભણી ચાલ્યો. રાજાએ મંત્રીને હવે કુંવરની સ્ત્રીઓને પોતાને ઘેર લાવવા કહ્યું. મંત્રીએ એક માસ ધીરજ રાખવા કહ્યું. જો ઉતાવળ કરશો તો લોકોમાં હાંસીપાત્ર થવાનો ડર પણ બતાવ્યો. એક માસ વીત્યા પછી રાજાએ મંત્રીને વચ્છરાજને ઘેર મોકલ્યો. તેણે વચ્છરાજને નહાતો જોયો. યક્ષે યમદૂતનું રૂપ લઈ વાળ વિખેરી નાખી હાકહૂક કરી લોકોને બ્હીવડાવવા માંડ્યું. કુંવર અશ્વ પર બેસી સાથે રત્નનો ભંડાર અને યમદૂતને લઈ રાજા પાસે ગયો. કુંવરને જોઈ રાજાને આશ્ચર્ય થયું કે ચિતામાંથી આ કેવી રીતે જીવતો નીકળ્યો હશે ! રાજાએ કુંવરને પૂછ્યું કે મારો મિત્ર યમરાજ કેમ તમારી સાથે ન આવ્યો ? કુંવરે કહ્યું કે તેમને પળવારની નવરાશ નથી. તેમના વિના ત્યાં જરાય ચાલે એમ નથી. તમારા માટે આ સોળ રત્ન આપ્યાં છે. મારું (કુંવરનું)સાહસ જોઈ તેણે મને તરત જ વૃદ્ધાવસ્થા કે મરણ ન આવે એવું વરદાન આપ્યું. કુંવરના અહીં પહોંચ્યા પછી છ માસ બાદ યમરાજે દૂતને મોકલી રાજાને કહેવડાવ્યું કે યમરાજા તમને મળવા ઘણા ઉત્સુક છે. તેમનાથી આવી શકાતું નથી માટે તમને જ મળવા બોલાવ્યા છે. વળી બીજા કોઈ અંગત માણસને તેમની પાસે મોકલશો તો તેને પણ અજરામર કરશે. આ વાત સાંભળી રાજા અને મંત્રી જવા તત્પર થયા. સેવકો પાસે ચિતા તૈયાર કરાવી સૌપ્રથમ દૂતે અગ્નિમાં ઝંપલાવ્યું, પછી ચાર મંત્રીશ્વરોએ તેમાં ઝુકાવ્યું. પરંતુ રાજા અગ્નિમાં ઝંપલાવવા ગયો કે તરત જ કુંવરે હાથ પકડી કહ્યું કે આવું ભોળપણ ન કરો. અગ્નિમાં કોઈ એક ક્ષણ પણ જીવી શકે નહીં. તમને જે કુબુદ્ધિ આપતા હતા તેમને બુદ્ધિબળ વડે માર્યા છે. હવે તમે સુખેથી રાજ્ય કરો.

રાજાએ કુંવરનું ભાગ્ય જોઈ મનમાં વૈરાગ્ય આણ્યો. તેણે પોતાની પુત્રી વચ્છરાજને પરણાવી, રાજ્યની ધુરા કુંવરના હાથમાં સોંપી. રાજાએ ક્ષણવારમાં રાજરિદ્ધિ છોડી દઈ મહોત્સવ કરી ધર્મઘોષસૂરી પાસે દીક્ષા લીધી. ગુરુ પાસે જઈ પોતાનાં પાપ ખમાવ્યાં. રાજાએ યતિધર્મ આદર્યો. કુંવરે શ્રાવકધર્મ સ્વીકાર્યો.

આ રાજા કે જેને કુંવરે પોતાના આવાસે ભોજન માટે નિમંત્ર્યો હતો તેણે કુંવરની ત્રણ પત્નીઓને જોઈ તેને પોતાના મહેલમાં લઈ જવા ઘણા પ્રયાસો કર્યા. છેવટે કુંવર વચ્છરાજની સાથે પોતાની પુત્રી પરણાવી તેને માળવાનું રાજ્ય આપ્યું. માળવાનો રાજા થયા પછી કુંવરે પ્રજાને ખૂબ સંતોષી. તેણે સોમદત્તને બોલાવી મહામંત્રીપદ આપ્યું.

એકવાર ચંદ્રાવઈથી અવધૂત જેવો એક માણસ આવ્યો. તેણે વચ્છરાજને પ્રણામ કરી તેની સમક્ષ એક લેખ મૂક્યો. વચ્છરાજે લેખ વાંચ્યો તો તેમાં મહાજન દેવરાજ વિશે ઘણી ફરિયાદ કરી મદદ કરવા વિનંતી કરી હતી. વળી, વિના વિલંબે ચંદ્રાવઈ જઈ દેવરાજને જીતીને સિંધુ દેશનું રાજ્ય સાચવવા પણ કહ્યું હતું. કુંવરે મનમાં વિચાર્યું કે કોઈ બીજો તેડાવશે તો જવું પડશે. પણ એક તરફ ભાઈનું રાજ છે, બીજી તરફ પિતાનું કામ છે. ભાઈ ઉપર કેમ ચડાઈ કરવી એમ કુંવર વિચારતો હતો ત્યારે દૂતે કહ્યું કે ભાઈએ સમગ્ર તંત્ર બગાડી મૂક્યું છે.

પ્રજાને પીડાતી જોઈ વચ્છરાજ કટક લઈને ઉજ્જૈનીનગરીથી નીકળ્યો. કેટલાક દિવસે તે ચંદ્રાવઈ નજીક પહોંચ્યો. એક દૂત મોકલીને દેવરાજને કહેવડાવ્યું કે કાં તો લશ્કર લઈને સામો આવે અથવા પ્રાણ બચાવવા નાસી જાય. દેવરાજ મનમાં અભિમાન આણી ઘણું લશ્કર લઈ વચ્છરાજ સામે લડવા ચાલ્યો. બંને લશ્કર વચ્ચે ઘમસાણ યુદ્ધ થયું, છેવટે વચ્છરાજનો વિજય થયો.

નગરના લોકોએ વચ્છરાજનું ઉમળકાભેર સ્વાગત કર્યું. મહાજનો ભેટસોગાદ લઈ રાજાને આપવા માંડ્યા. રાજા તેમાં કંઈક ઉમેરીને પાછી આપતો. મોટાભાઈને વચ્છરાજે માળવાનું રાજ્ય આપ્યું.

રાજા વચ્છરાજે રાજ્યનું યોગ્ય રીતે પાલન કર્યું. એકવાર વનપાળે આવી પાલિતસૂરિ નામે સાધુ આવ્યાનો સંદેશો આપ્યો. રાજા ગુરુને વંદન કરવા ગયો. ગુરુ પાસે બેસીને તેણે પોતાને આ સુખ કેવી રીતે મળ્યાં તે વિશે પૂછ્યું. ગુરુએ કહ્યું કે વસંતપુર પાટણમાં સૂર નામે ભૂપતિ હતો. તે વિદ્યાધર કુળની એક રમણીને પરણ્યો. પહેલી સ્ત્રી ઉપરનો પ્રેમ તેણે ઓછો કરી નાખ્યો. તેણે તપ કરી દેહ પાડ્યો અને તે વંતરી થઈ. જે વંતરીએ તેને સ્વામિની તરીકે સ્થાપી તેણે તને ચાર વસ્તુ આપી. કર કાપીને તેં એને રૂઝવ્યો. બીજી સ્ત્રી હતી તે અત્યંત સ્વરૂપવાન હતી. તે શ્રીદત્તા તરીકે અવતરી. તેં એનો દોષ નિવારી દીધો અને તું એને પરણ્યો. જીવદયા પાળી સૂર ભૂપતિ હતો તે વચ્છરાજ રૂપે અવતર્યો. ગુરુનાં વચન સાંભળી વચ્છરાજે સંયમ ગ્રહણ કર્યો.

[આનંદ કાવ્યમહોદધિ મૌક્તિક - ૩ દ (૫૩)- ૧, ગ ૩ : ૩ : ૧, ૧૨૦૧, એલ.ડી. ઇન્ડોલૉજી.]

છ ભાઈનો રાસ

- અજ્ઞાત કવિકૃત

ભગવાન નેમિનાથની વાણી સાંભળી એક શ્રેષ્ઠીના છ પુત્રોને વૈરાગ્ય ઊપજ્યો. માતાપિતાની રજા લઈ એમણે દીક્ષા ગ્રહણ કરી. એમણે આખી જિંદગી બે બે ઉપવાસને અંતે એક એક દિવસ જ પારણું કરવું એવો નિયમ નેમિનાથ સમક્ષ લીધો. એકવાર ભગવાન નેમિનાથ દ્વારિકા પધાર્યા. એમની સાથે પેલા છયે સાધુઓ પણ ત્યાં આવ્યા.

પ્રભુની આજ્ઞા લઈ છયે સાધુઓ ગોચરીભિક્ષા લેવા નગરમાં નીકળ્યા.

આ છયે સાધુઓ દેખાવે ખૂબ સુંદર હતા. તે દરેકનો ચહેરો બાકીનાઓના ચહેરા સાથે બિલકુલ મળતો આવતો. છયે જણ એકસરખા જ લાગતા હતા. એ છ ભાઈઓ બેબેના જૂથમાં-સમુદાયમાં ગોચરી માટે ફરતા હતા. આમાંના બે મુનિ ફરતા ફરતા વસુદેવના આવાસમાં આવી પહોંચ્યા. વસુદેવની પત્ની દેવકી તેમના આવવાથી ખૂબ પ્રસન્ન થઈ. તેણે સાધુઓને આદરમાન આપી ભિક્ષામાં મોદક વહોરાવ્યા.

ગોચરી લઈ સાધુઓ નીકળ્યા પછી થોડીવારે વળી બે સાધુઓ ગોચરી માટે આવ્યા. દેવકીને એમને જોઈ આશ્ચર્ય થયું. તેણે વિચાર્યું કે ભૂલથી એ સાધુઓ ફરીથી અહીં આવી ચડ્યા લાગે છે. [સામાન્ય રીતે જે ઘેર એક વખત ભિક્ષા લીધી હોય તે ઘેર ફરીથી જવાય નહીં.]દેવકીને તો સાધુઓને વહોરાવવાનો ફરીથી લાભ મળ્યો તેથી એ વિશેષ પ્રસન્ન થઈ. તેણે પોતાના પુત્ર કૃષ્ણ માટે રાખેલ લાડુ સાધુઓને વહોરાવી દીધા.

થોડીવાર પછી બાકી રહેલા બીજા બે સાધુઓ દેવકીને ત્યાં આવી પહોંચ્યા. અગાઉ આવી ગયેલા સાધુઓ જેવો જ અદ્દલ ચહેરો ધરાવતા સાધુઓને જોઈ દેવકીને થયું કે બીજે ગોચરી મળી નહીં હોય માટે ત્રીજી વાર અહીં આવ્યા હશે, બાકી આવા મોટા સાધુ ભૂલ ન કરે. પરંતુ તેના મનમાં એ વિચાર આવ્યો કે ત્રણવાર એકના એક સ્થળે આવવું પડે એ સાધુના આચારની વિરુદ્ધ છે. દેવકીએ એ પણ વિચાર્યું કે જો હું પહેલેથી એમનું એ બાબતે ધ્યાન દોરીશ તો ગોચરી લીધા વિના તે ચાલ્યા જશે. આથી પહેલાં એણે એમને કૃષ્ણના જમણ માટેના મોદક વહોરાવ્યા.

હવે દેવકી વિમાસણમાં પડી. તેણે મનમાં વિચાર્યું કે સાધુઓને આ વાત કહેવા જેવી નથી, બીજી બાજુ, જો એ ન કહું તો મને જ દોષ લાગે. આચારભંગ થતો હોય તો ધ્યાન દોરવું જોઈએ એમ વિચારીને તેણે સાધુઓને કહ્યું : 'હે મુનિવરો, આ વિશાળ દ્વારિકાનગરીમાં સાત કરોડ મકાનો છે. વળી, નગરની બહાર બોંતેર કરોડ ઘરો વસેલાં છે. એમાં અનેક સુખી, સંપન્ન માણસો વસે છે. આમ છતાં મારે ત્યાં આપ ત્રણવાર પધાર્યા તે મારું અહોભાગ્ય છે.'

સાધુઓએ જવાબ આપ્યો કે એ તો તારા પુણ્યનું ફળ છે.

દેવકીને થયું કે આ સાધુઓ મારા કહેવાનો અર્થ સમજ્યા લાગતા નથી. આથી તેણે વધુ સ્પષ્ટતા કરતાં કહ્યું કે આપને અન્યત્ર આહાર ન મળ્યો હોઈને આપ ત્રીજીવાર આવ્યા એ બહુ જ સારું થયું.

હવે મુનિઓ દેવકીના કહેવાનો અર્થ સમજ્યા. એમણે કહ્યું, 'દેવકી ! અમે છ ભાઈઓ છીએ. અમારી પહેલાં બે વાર જે વહોરી ગયા એ બીજા મુનિઓ, કારણ કે અમે સરખા ચહેરાવાળા છ મુનિઓ (ભાઈઓ) છીએ.' એ સાંભળી દેવકીને આશ્ચર્ય થયું તે મનમાં વિચારવા લાગી કે આ બધા કઈ માના દીકરા હશે ? એ બધા ભાઈઓ દેખાવમાં અતિ સુંદર છે, મહાદેવની જેમ તે કામવિજેતા બનેલા છે. તેણે મુનિઓને પૂછ્યું, 'હે મુનિરાજો, તમે ક્યાં જન્મ્યા છો ? તમારી નગરી કઈ ? તમે કોના પુત્ર છો ?'

મુનિઓએ ઉત્તર આપ્યો, 'અમે નાગશેઠ અને સુલસાના પુત્ર છીએ અને ભદ્દિલપુરના રહેવાસી છીએ. અમે છયે ભાઈઓએ એકસાથે દીક્ષા લીધી છે. અમે દરેક બત્રીસ બત્રીસ પત્નીઓ અને બીજી બત્રીસ બત્રીસ વસ્તુઓ-જેવી કે, દાસ દાસીઓ વગેરેનો ત્યાગ કર્યો છે. કુટુંબ અને માતાને રડતાં છોડી અમે દીક્ષા લીધી છે.

આ સાંભળીને દેવકીએ વિચાર્યું કે આવો ભર્યોભાદર્યો પરિવાર તજીને દીક્ષા શા માટે લીધી હશે ? એણે સાધુઓને પૂછ્યું, 'તમે શા દુઃખે ઘર છોડીને નીકળ્યા છો ?'

સાધુઓએ કહ્યું, 'અમે મહેલમાં દાસદાસી અને બત્રીસ પત્નીઓ સાથે એવી રીતે સમય વિતાવતા હતા કે કાળ કેવી રીતે ગયો તેનીય અમને ખબર નહોતી પડતી. એવામાં એક વખત ભગવાન નેમિનાથ પધાર્યા. અમે એમનો ધર્મોપદેશ સાંભળ્યો. સુખોપભોગનો ત્યાગ કરી અમે સંયમ સ્વીકાર્યો. ચાર મહાવ્રતો પાળવા માંડ્યા. છયે કાયના જીવોને અભયદાન આપ્યું. મા અને પત્નીઓને ઝૂરતી રહેવા દઈ સાધુજીવન ગાળવા લાગ્યા. આજીવન બે બે ઉપવાસોને અંતે પારણાં કરવાનું વ્રત સ્વીકાર્યું. આજે અમે બબ્બેના સમુદાયમાં અહીં પારણાંની ગોચરી લેવા આવ્યા છીએ, આથી અમે અહીં ત્રીજી વાર આવ્યા હોવાનું તમને લાગે છે.

દેવકીના ગળે સાધુઓએ કહેલી ગૃહત્યાગની વાત ન ઊતરતાં એણે વારંવાર પૂછ્યું, 'ઘરમાં શાની ખોટ હતી કે જેથી તમે આમ કર્યું ?' મુનિઓએ એ ખોટ બતાવી :

'અમે ભવ્ય આવાસોમાં રહેતા હતા. અમારે રૂપરૂપના અંબાર જેવી સુંદર સ્ત્રીઓ હતી. એ બધું પુણ્યનું ફળ હતું.' આ પછી સાધુઓએ તેમનાં લગ્નાંતે પોતાની પત્નીઓને સાસુ પાસેથી (સાધુઓની સંસારી માતાઓ પાસેથી) પ્રાપ્ત થયેલી બત્રીસ બત્રીસ

ઉત્તમ વસ્તુઓની-બત્રીસની જોડની યાદી આપી. જેમ કે; બત્રીસ કરોડ સોનૈયા, બત્રીસ કરોડ રૂપૈયા, બત્રીસ કુંડળ, બત્રીસ હાર, બત્રીસ નટસમૂહો વગેરે વગેરે. અને અંતે શિખામણનાં એકસો ને બાણું વિધાનો [છ x બત્રીસ=એકસોને બાણું પુત્રવધૂ; પ્રત્યેકને એક એક]. પછી કહ્યું : 'અમે છ ભાઈઓ આનંદપ્રમોદમાં રહેતા હતા. અમને કશો તોટો નહોતો.'

આટલું સાંભળ્યા છતાં દેવકીએ તેમને વૈરાગ્ય પામવા માટેનું કારણ પૂછવાનું ચાલુ રાખ્યું.

મુનિઓએ કહ્યું : 'નેમિનાથજીની વાણી સાંભળી અમે સંસારની અસારતા જાણી લીધી. કુટુંબને કારમું ગણ્યું. અમારી વાત પર હે દેવકી ! તું શંકા ન કરીશ.' આ પછી મુનિઓએ સંસારની અસારતા સમજાવતી નેમિનાથજીએ કહેલી વાત ફરીથી કહી સંભળાવી. નેમિનાથજીની ધર્મવાર્તા સાંભળી તેમને છયેને થયેલ ધર્મજ્ઞાન અને પરિણામે ધારણ કરેલ સંયમ વિશે પણ કહ્યું.

મુનિઓની વાત સાંભળી દેવકી વિચારવા લાગી કે આટલી નાની વયમાં દીક્ષા લેનાર આ બાળકો ધન્યવાદને પાત્ર છે. સમગ્ર રાજ્યમાં આમના જેવું કોઈ નથી. આ પછી દેવકીએ ખરા હૃદયથી બાલ મુનિરાજોની ભાવભરી પ્રશંસા કરી.

દેવકીએ જોયું તો એ છયે ભાઈઓ દેખાવમાં એકસરખા લાગતા હતા. સાધુઓને જોઈ દેવકીએ પોતાનો અવતાર ધન્ય માન્યો.

રાણી દેવકી સાધુઓનું રૂપ અને તેમનાં ઊંચાં લક્ષણો જોઈ રહી. સાધુઓની વાણી અત્યંત કોમળ હતી. દેવકીએ વિચાર્યું કે જે ઘરમાંથી આવા સુંદર પુત્રોએ સંન્યાસ ધારણ કર્યો હશે તે ઘરમાં શો ઉમંગ બાકી રહ્યો હશે ? આ મુનિઓ જેવું રૂપ મારા રાજ્યમાં એક કૃષ્ણ સિવાય બીજા કોઈનું નથી. આ સાધુઓ સાથે મારે કોઈ સગપણ નથી છતાં આમના પ્રત્યે મને શાથી પ્રેમ ઊભરાયો હશે ? શ્રાવક-શ્રાવિકાને સાધુ ઉપર ધર્મસ્નેહ હોય છે, પરંતુ આ સાધુઓને જોતાં મને પૂર્વસ્નેહ જેવી અનુભૂતિ કેમ થઈ હશે ?

સાધુઓ દેવકીજીના ઘરેથી નીકળ્યા. તેમને જતા જોઈ તે ખૂબ દિલગીર થઈ. એ રડી પડી.

દેવકીની સ્મૃતિ તાજી થઈ. તે વિચારવા લાગી કે પોતે નાની હતી ત્યારે અતિમુક્ત નામના સાધુએ કહ્યું હતું કે તે (દેવકી) એવા આઠ પુત્રોને જન્મ આપશે કે જેનો ભારતભરમાં જોટો નહીં હોય. એવા આઠ પુત્રને જન્મ આપ્યા વિના તેને કેવી રીતે આનંદ થાય ? તેનો આ સંશય શ્રી નેમિનાથ સિવાય બીજું કોઈ ભાંગી શકે તેમ નથી. પોતે તેમની પાસે જઈને એ શંકાનું નિવારણ કરશે.

આમ વિચારી પ્રભુને વંદન કરવા જવાની સર્વ તૈયારી તેણે કરી.

દેવકીએ ચાકરને બોલાવી જલ્દીથી રથ જોતરવાની આજ્ઞા કરી. ચાકરે રથશાળામાં જઈ સુંદર રથ તૈયાર કરી બહારની ઉપસ્થાન શાળામાં લાવ્યો. દેવકીએ સુંદર નાની શીંગડીઓવાળા ધોળા બળદોની જોડ મંગાવી રથે જોડવા કહ્યું.

દેવકીએ સ્નાનાદિથી પરવારી નવાં વસ્ત્રો ધારણ કર્યાં, સુંદર ઘરેણાં પહેર્યાં, અને સખીઓની સાથે શ્રી નેમિનાથજીને વંદન કરવા નીકળી.

દેવકી નેમિનાથજી જ્યાં સમોસરણમાં બેઠા હતા ત્યાં પરિવાર સાથે પહોંચી. ત્યાં જઈ નેમિનાથજીને આદરપૂર્વક વંદન કર્યા.

તેણે પ્રભુને કહ્યું : 'હું સંશય નિવારવા માટે આપની પાસે આવી છું.' પ્રભુએ જવાબ આપ્યો, 'એ છયે મુનિઓ તારા પુત્રો છે. એ વિશે તું લેશમાત્ર શંકા ન કરીશ. નાગશેઠ અને સુલસાને ઘેર તો એ માત્ર ઉછેર પામ્યા છે એટલું જ.' **દેવકીએ કહ્યું : 'એમને જન્મ આપ્યાનો મર્મ હું જાણતી નથી, તો એ મને સમજાવો.'**

પ્રભુએ કહ્યું : 'એક વખત તમારાં ભાભી જીવજશાએ એમંતા અણગારને આવતા જોઈને વગર વિચાર્યે એમની હાંસી કરતાં કહ્યું, 'આવો મુનિવર, આપણે ભેગાં મળી ગીત ગાઈએ.' ગુસ્સે થયેલા એમંતાએ શાપ આપ્યો કે તને તો લાતથી જ ખબર પડશે. દેવકીનો સાતમો ગર્ભ તારા કુળનો નાશ કરશે. તું જાણતી નથી કે મારો શબ્દ કદી નકામો ગયો નથી.

આ શાપ સાંભળીને જીવજશા ધા નાખતી કંસ પાસે ગઈ. કંસ તેનો શાપ સાંભળી ચેતી ગયો. તેણે ઉપાય કર્યો કે વસુદેવ પાસેથી તેણે વચન લીધું કે દેવકીનાં સર્વ બાળકો મામા કંસને ઘેર મોટાં થાય. વસુદેવે વચન આપ્યું. કંસ રાજી થઈ ગયો.

દેવકી જ્યારે જ્યારે ગર્ભવતી થતી ત્યારે કંસ એના ઉપર સતત ચોકી પહેરો મૂકતો.

એ વખતે ભદ્દિલપુર નામના ગામમાં નાગશેઠ અને એની પત્ની સુલસા રહેતાં. તે બહુ સુખી હતાં. પણ સુલસાને પેટે મરેલા પુત્રો જ અવતરતા. આથી એણે હરિણગમેષી દેવની આરાધના કરી. દેવે પ્રસન્ન થઈને તેને પૂછ્યું કે તું શા માટે મારી આરાધના કરે છે ? સુલસાએ કહ્યું, 'મારાં મરેલાં બાળકો જીવતાં થાય એવી શક્તિ આપો.' દેવે એમ કરવાની અશક્તિ દર્શાવી. સુલસાએ બીજો કોઈ ઉપાય બતાવવા કહ્યું. દેવે આ બધું પૂર્વપુણ્યને પ્રતાપે જ બનતું હોવાનું કહ્યું. ત્યારે સુલસાએ દેવને કહ્યું કે તમે પ્રસન્ન થયા તે પણ ન થવા જેવા જ. આ સાંભળી દેવે કહ્યું કે તરતનું જન્મેલું બાળક તને લાવી આપીશ. દેવકીએ 'દેવ ગમે તેનાં બાળક લાવે તો તેવાં મારે નથી જોઈતા' એમ કહ્યું. દેવે તેને ધરપત આપતાં કહ્યું કે કંસે દેવકીના જે પુત્રો મારવા માટે માગ્યા છે તે

તને લાવી આપીશ. એ સાંભળી સુલસા રાજી થઈ.

ભગવાને દેવકીને તે પછીની વાત કહેતાં કહ્યું કે મનમાં દયા લાવી હરિણગમેષી દેવે અવધિજ્ઞાનનું મંડાણ કર્યું.

અવધિજ્ઞાનને આધારે દેવે વિચાર કરીને દેવકી અને સુલસા બંનેને એક જ સમયે ગર્ભવંતાં કર્યાં અને જન્મસમયે દેવકીનો પુત્ર લઈને સુલસાને આપ્યો અને સુલસાનું મૂએલું બાળક લઈ દેવકી પાસે મૂક્યું. એ છયે ભાઈઓની બાબતમાં આમ બન્યું. દેવે તે બંને સ્ત્રીઓને નિદ્રા પ્રેરીને આમ કર્યું એટલે તે તમે કોઈએ જાણ્યું નહીં. માત્ર બધાંને એટલી જ ખબર પડી કે કંસે તારાં મરેલાં બાળકો લીધાં.

એ છયે ભાઈઓ મોટા થયા, ભણ્યા, પરણ્યા અને સુખ ભોગવવા લાગ્યા. એ પછી એમણે વૈરાગ્યવાણી સાંભળી દીક્ષા લીધી.'

આ પછી દેવકી ભગવાન નેમિનાથને વંદન કરી છ સાધુઓ પાસે આવી.

દેવકી પોતાના પુત્રોને વંદન કરવા આવી. પુત્રોના પ્રેમથી પરિપ્લાવિત થયેલ દેવકીના થાનમાંથી દૂધની ધાર છૂટી. દેવકી એકીટશે એ છ ભાઈઓને જોઈ રહી. આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી. આમ મોહવશ થયેલી દેવકી દુઃખી થવા લાગી. એના મનમાં અશુભ વિચારો આવવા લાગ્યા.

એવામાં કૃષ્ણ માતા દેવકીને પગે લાગવા આવ્યા.

કૃષ્ણ પગે લાગ્યા તે પણ દેવકીને ધ્યાન ન રહ્યું. કૃષ્ણે તેમને કોઈએ દૂભવ્યાં હોય તો કહેવા કહ્યું.

અંતે દેવકીએ કૃષ્ણને કહ્યું : 'જગતની સર્વ દુઃખી નારીઓમાં હું સૌથી વધુ દુઃખી છું. મેં તારા જેવા બીજા છને જન્મ આપ્યો છે પણ તેમને હું ગોદમાં લઈને રમાડી શકી નથી. એક ફક્ત સાતમો તું મારી પાસે આવ્યો. પણ તુંય મને છેક છ મહિને મળવા આવ્યો. તે પહેલાં તું સોળ વર્ષ મારાથી અળગો-નંદજસોદાને ત્યાં-રહ્યો. તેં યમુનાના જળમાં રહેતા કાળીનાગને નાથ્યો. મેં તારા બાળપણના એકે કોડ પૂર્યા નથી. મારે તો આ મોહિની કર્મનો ઉદય થયો છે !'

કૃષ્ણે દેવકીને કહ્યું : 'બાળકને હુલરાવવાના કોડ પૂરવા માટે હું મારા પૂર્વભવના સંબંધી એક દેવને બોલાવું છું. તને પુત્ર થાય એવો પ્રયત્ન કરીશ.' દેવકીજીને પગે લાગી કૃષ્ણ પૌષધશાળામાં આવ્યા. ત્યાં તેમણે હરિણગમેષી દેવને આરાધ્યા. દેવે હાજર થઈને કામ પૂછ્યું. કૃષ્ણે તેમની પાસે પોતાને માટે નાનો ભાઈ માગ્યો. દેવકીને આઠમો પુત્ર થાય તેમ કરવા કહ્યું.

દેવે અવધિજ્ઞાનથી કૃષ્ણને કહ્યું કે દેવલોકમાંથી ચ્યવીને દેવકીની કૂખે પુત્ર જન્મશે. એ ભણીગણી મોટા થયા પછી સાધુ થઈ જશે.

કૃષ્ણે આવીને દેવકીને દેવવાણીની વાત કહી. દેવકીને આનંદ થયો. પછી દેવકી પોતાના મહેલમાં ગઈ. પછી દેવલોકમાંથી ચ્યવીને એક આત્મા દેવકીના ઉદરમાં ઉત્પન્ન થયો. માતાએ ગર્ભાવસ્થામાં જ સ્વપ્નમાં સિંહ જોયો. તેનો અર્થ પૂછવા તે વસુદેવ પાસે ગઈ. વસુદેવે સ્વપ્નનું અર્થઘટન કરતાં કહ્યું કે તને એક પુત્ર અવતરશે. પૂરા માસે દેવકીએ ગજસુકુમાળને જન્મ આપ્યો. દેવકી એને રમાડીને પોતાના વણપૂર્યા મનોરથ પૂરા કરવા લાગી.

ગજસુકુમાળ મોટો થયો, ભણ્યો ને સોમલને ત્યાં એનું વેવિશાળ થયું.

એ વખતે જ શ્રી નેમિનાથ ફરતા ફરતા સોરઠમાં દ્વારિકા નગરી આવી પહોંચ્યા. ત્યાં નંદનવનમાં ઊતર્યા. તેમની સાથે અઢાર હજાર સાધુ અને ચાલી હજાર સાધ્વીઓ હતી. વનપાલકે જઈને નેમિનાથ પધાર્યાની વધામણી કૃષ્ણને આપી. કૃષ્ણ ઊઠીને તેમને સત્કારવા સાતઆઠ પગલાં આગળ ગયા. વંદન કરી તેમણે નોકર પાસે કૌમુદી ભેર વગડાવ્યું. વધાઈ આપનારને સાડાબાર લાખ સોનામહોર આપી. નગરજનો પ્રભુના આગમનની વાત સાંભળી તેમનાં દર્શન માટે ઉત્સુક થયા.

સોરઠ દેશની દ્વારિકાનગરીમાં વસુદેવ રાજા રાજ્ય કરે છે. એના દસે ભાઈઓ, રાણી દેવકી અને બલભદ્ર તથા કૃષ્ણ એ કુમારો દીપી રહ્યા છે. એ દ્વારિકામાં નેમિજિનેશ્વર સમોસર્યા તેથી યાદવો અને કૃષ્ણાદિક સર્વને ખૂબ આનંદ થયો. કૃષ્ણ અને બલરામ ગજસુકુમાળને લઈને પ્રભુ પાસે આવ્યા. પ્રભુને વંદન કરી યોગ્ય સ્થાને બેઠા. તે વખતે પ્રભુએ તેમને એક ધર્મકથા કહી. પ્રભુની દેશના સાંભળી અનેક નરનારી પ્રતિબોધ પામ્યાં. તેમણે વ્રતો અંગીકાર કર્યાં. વ્યાખ્યાન પૂરું થતાં કૃષ્ણ પોતાના મહેલમાં પાછા ફર્યા. પણ નેમિનાથજીની વાણી સાંભળી ગજસુકુમાળ પ્રતિબોધ પામ્યા. ઘેર આવીને તેમણે માતા દેવકીને કહ્યું : 'જિનરાયની વાણી સાંભળીને મારો આત્મા જાગી ઊઠ્યો છે. મારે દીક્ષા લેવી છે. એ માટે મને અનુમતિ આપો. તેમાં વિલંબ ન કરો. પ્રભુએ વર્ણવેલો ધર્મ મને રુચ્યો છે. આ સંસાર અસાર છે.' પછી ખૂબ વિસ્તારથી ગજસુકુમાળે પ્રભુના ઉપદેશોનો સાર માતાને વર્ણવી બતાવ્યો.

પુત્રનાં વચનો સાંભળી દેવકી મૂર્છાવશ થઈ ગઈ. મોહવશ થઈ તે રડવા લાગી. તેણે ગજસુકુમાળને કહ્યું : 'તું મારો પ્રાણ છે, મારી આંધળાની લાકડી છે. વળી સંયમ પાળવાનું અત્યંત દુષ્કર હોઈને તું તે પાળી શકીશ નહીં.'

ગજસુકુમારે કહ્યું : 'પોતે કાયર ન હોઈને દીક્ષાનાં દુઃખોને દુઃખ નહીં ગણે. મને આવો ડર બતાવી શા માટે ઠગો છો ?' દેવકીએ કહ્યું કે સંયમરૂપી નગરીનો કોટ ભાંગી પડશે ત્યારે મારાં વચન તને યાદ આવશે. પુત્રે માતાની બધી વાતનો ઇન્કાર

કર્યો. માતાએ સંયમ લેતાં પહેલાં સંસારના ભોગ ભોગવી લેવાનું કહ્યું.

પુત્રે જવાબ વાળ્યો કે વિષયરસ તો જન્મમરણરૂપી દુઃખનો દાતા છે. ધર્મ ન સાધનાર નરકને પામે છે. સંસારમાં કર્મ પ્રમાણે ફળ મળે છે. સ્ત્રી કદી અભંગ પ્રીતિ પાળતી નથી. એ તો અનેક યુદ્ધો કરાવનારી છે. આ ભૌતિક સંપત્તિ નકામી છે. માત્ર જિનમાર્ગનો પાયો જ સાચો છે.

માતાને લાગ્યું કે સંયમ ગ્રહણ કરવાની ના પાડું છું માટે કુમાર ઉદાસ છે. એણે ઉત્તર આપ્યો : 'દુષ્કર સંયમ તું બાળક હોવાને કારણે પાળી શકીશ નહીં.'

કુમારે કહ્યું : 'આજે મેં પ્રભુની અમૃત સમી વાણી સાંભળી છે. મને સંયમ ઉપર જ રાગ ઊપજ્યો છે. ધન અને સ્વજનો કારમાં લાગે છે. હે માતા, દીક્ષા ગ્રહણ કરવાની મને અનુમતિ આપો.'

દેવકીએ એને ઘણુંય સમજાવ્યો. દીક્ષાની દુષ્કરતા બતાવી પરંતુ કુમારે તો માતાને દીકરાનો મોહ ન રાખવા સમજાવ્યાં. માતાએ હમણાં લગ્ન કરવાં પછી સમય આવ્યે દીક્ષા લેવાનું કહ્યું, પણ ગજસુકુમાળે તો નનૈયો જ ભણ્યો. દેવકી અને વસુદેવ વિલાપ કરવા લાગ્યાં.

કૃષ્ણે કુમારને દ્વારિકાનગરીની ગાદીએ બેસાડી તેની આણ પ્રવર્તાવવા કહ્યું. ગજસુકુમાળે તેનો કશો જવાબ ન આપ્યો તેથી કૃષ્ણને અને અન્ય સૌ કોઈને આનંદ થયો. કૃષ્ણે ગજસુકુમાળને રાજગાદી પર બેસાડી હાથ જોડી આણ પ્રવર્તાવવા કહ્યું. ગજસુકુમાળે પોતાના દીક્ષામહોત્સવની તૈયારી કરવા કહ્યું. સાધુનાં ઉપકરણ મંગાવ્યાં. કૃષ્ણે તેમ કર્યું. કુંવરને પોતાના નિર્ણયમાં અફર જાણી દેવકીએ પણ તેમને આશિષ આપી. કુમારને પાલખીમાં બેસાડી વરઘોડો કાઢી નેમિનાથજી પાસે લાવવામાં આવ્યા. કૃષ્ણે પ્રભુને તેને સોંપ્યો. પ્રભુએ એને દીક્ષા આપી. પ્રભુએ રૂડી રીતે દીક્ષા પાળવા કહ્યું. દેવકીએ પણ પોતાની આંધળાની લાકડી તેમને હાથ સોંપી રહ્યાનું કહ્યું.

આમ ગજસુકુમાળને પ્રભુને સોંપી દેવકી અને કૃષ્ણ પાછાં વળ્યાં. ભગવાન નેમિનાથે ગજસુકુમાળને દીક્ષા આપી ધર્મના/સાધુના સર્વ આચાર શીખવ્યા. ગજમુનિ બધા આચાર પાળવા લાગ્યા.

સાંજ પડતાં ગજમુનિએ સ્મશાનમાં જઈ કાયોત્સર્ગ ધ્યાન ધરવા માંડ્યું. તેમના હૃદયમાં શુભ ધ્યાનનો ઉદય થઈ રહ્યો. એવામાં જાણીબુઝીને સોમલ ત્યાં આવી પહોંચ્યો. મુનિને જોઈ એના મનમાં વૈર ઉત્પન્ન થયું. તેની પુત્રીનો જન્મ એળે ગુમાવ્યાનો બદલો લેવા એણે મુનિના માથા ઉપર માટીની પાળ બાંધી એમાં ખેરના ધગધગતા અંગારા ભર્યા.

મુનિને ભયંકર દુઃખ થયું પણ ધીરજ રાખી પોતાના આત્માની સંભાળ લીધી. એમણે વિચાર્યું કે જે દાઝે છે તે મારું નથી. મુનિએ પોતાનાં ઘાતીકર્મ ખપાવ્યાં, કેવળજ્ઞાન પામ્યા, ને અંતે મુક્તિધામ પહોંચ્યા. સાતેય દીક્ષિત ભાઈઓ આ રીતે મુક્તિ પામ્યા. દેવતાઓએ ગજમુનિને કેવળજ્ઞાન પ્રાપ્ત થયાનો મહોત્સવ કર્યો.

[આધાર : અજ્ઞાત કવિકૃત દેવકીજી છ ભાયારો રાસ, સંપા. ડૉ. બિપિનચંદ્ર ઝવેરી ખ ૩૦૩૯ લા.દ. વિદ્યામંદિર]

તેજસાર

વારાણસી નગરીમાં મહાશક્તિશાળી પ્રજાપાલક વીરસેન નામે રાજા રાજ્ય કરતો હતો. તેને પદ્મવતી નામે રાણી હતી. રાણીને ગર્ભ રહ્યો. તેણે સ્વપ્નમાં દીપક જોયો. રાણીએ સ્વપ્નનો અર્થ પૂછ્યો. સ્વપ્નપાઠકે કહ્યું કે તમારે ત્યાં દિનકર જેવો પુત્ર થશે. પૂરા માસે રાણીએ પુત્રને જન્મ આપ્યો. તેને તેજસાર નામ આપવામાં આવ્યું. પાંચ વર્ષનો થતાં નિશાળે મૂકવામાં આવ્યો. તે સાત વરસનો થયો ત્યારે તેની માતાનું અવસાન થયું. તેજસારની માતા મૃત્યુ પામીને વિદેહ ક્ષેત્રમાં રિદ્ધિવંત વ્યંતરી થઈને અવતરી. રાજા બીજી સ્ત્રી સાથે પરણ્યો. બીજી રાણીએ એક પુત્રને જન્મ આપ્યો જેનું નામ વિક્રમસેન પાડ્યું. રાજા બીજી રાણીનું કહ્યું માનતો. તેણે સ્ત્રીચરિત્ર અજમાવી રાજાને ભરમાવ્યો કે તેજસાર તમને અને વિક્રમસેનને મારીને રાજ્ય લઈ લેશે. રાજા કાચા કાનનો હતો. તેજસાર એક સવારે રાજાને વંદન કરવા આવ્યો ત્યારે તેણે (રાજાએ) મોઢું ફેરવી લીધું. એ જોઈ કુંવરને ખેદ થયો. તેણે રાજ્યમાં ન રહેવાનો નિર્ણય કર્યો. રાત્રે કુમાર તેજસાર નગરી છોડી નીકળી પડ્યો. બાર વર્ષનો કુમાર માર્ગમાં કંદમૂળ ખાઈને નિર્વાહ કરતો કેટલેક દિવસે ત્રંબકસેન રાજાની ત્રંબાવતી નગરીમાં આવી પહોંચ્યો. નગરમાં રહેવાની સગવડ મળે તે માટે ભણવાને બહાને પંડિતના ઘર વિશે પૂછપરછ કરી. કોઈએ માહિતી આપી કે ગંગાદત્ત નામના બ્રાહ્મણને ઘેર પાંચસો છાત્રો અભ્યાસ કરે છે. કુમારે તેને ઘેર જઈ પગે લાગી પોતે પરદેશથી ભણવા આવ્યો હોવાનું કહ્યું. પંડિતે તેના ખાવાપીવા અને ભણવાની વ્યવસ્થા કરી આપી. દીકરાની પેઠે કુમારને રાખી વિદ્યા ભણાવી. વડો નિશાળીઓ બનાવી પંડિત નિશ્ચિંત થઈ ગયો. પંડિતની પોસા નામની પત્ની બદચરિત્ર હતી. પોતાની સ્ત્રી આગળ પંડિતનું કંઈ ઊપજતું નહોતું. છાત્રો પાસે છાણ એકત્ર કરાવી છાણાં થપાવે, પાણી ભરાવે, વાસીદું કઢાવે, ઘાસનો એક એક પૂળો છાત્રો પાસે મંગાવી પાંચસો પૂળા ભેગા કરે, જે છાત્ર પૂળો ન લાવે તેને કંઈ ખાવાપીવા ન આપે.

એક દિવસ બધા નિશાળિયા ઘાસની શોધમાં વનમાં ગયા. તેઓને શોધ કરવા છતાં ઘાસ ન મળ્યું. જો ઘાસ લીધા

વિના પાછા જાય તો પંડ્યાણી જીવ લઈ લે. તેની બીકને લીધે ઘાસ એકત્ર કરવા તેજસાર ઘણા ઘાટ ઓળંગી દૂર નીકળી ગયો. ઘાસ લઈને પાછા ફરતાં તે ભૂલો પડ્યો. બીજા નિશાળિયા ઘાસ લઈને ઘેર પહોંચી ગયા. તેજસાર વનમાં એકલો અટવાયો. રાત પડી ગઈ. માંડ માંડ રસ્તો જડતાં નગર નજીક પહોંચ્યો ત્યારે તેણે એક ભયંકર રાક્ષસને જોયો. તેજસાર તેનાથી બચવાનો માર્ગ વિચારવા લાગ્યો એવામાં રાક્ષસે તેજસારને પકડી ભક્ષણ કરવાનું કહ્યું કારણ કે તે સાત દિવસથી ભૂખ્યો હતો. કુંવરે ઢીલ ન કરવા કહ્યું ત્યારે રાક્ષસે પોતાનું ઘર ત્યાંથી સાત ગાઉ દૂર હોવાનું કહી તેજસારને ખભે બેસવા માગણી કરી. તેજસારને બેસાડીને ચાલ્યો. રસ્તામાં કુંવરે રાક્ષસના પગનાં તળિયાં અત્યંત કોમળ હોવાનું જોયું. તેણે રાક્ષસને તેનું કારણ પૂછ્યું. રાક્ષસે કહ્યું કે સૂરજ સામે ન જોવું એવું મને વરદાન છે. જો કોઈ વખત ચાલવું પડે તો આંખ મીંચીને જ ચાલવું પડે. તેજસારે એ સાંભળીને મનમાં વિચાર્યું કે રાક્ષસ જ્યારે પગ ધોવા બેસે ત્યારે તેનાથી છૂટવા ઉપાય કરીશ. સૂર્યોદય થતાં રાક્ષસને ઘેર આવ્યા. રાક્ષસે પહેલાં શરીરને સ્વચ્છ કરી પછી તેજસારનું ભક્ષણ કરવાનો વિચાર કર્યો. કુંવરે તે વખતે બરાબર લાગ સાધ્યો અને સામે ઊભેલા ઘોડા પર બેસીને નાસી છૂટ્યો. રાક્ષસ પગ સુકાયા વગર ચાલી શકે તેમ નહોતો. વળી, સૂરજ સામે દૃષ્ટિ કરીને પણ તે તેને પકડવા જઈ શકે તેમ નહોતો. છતાં પગ સુકાયા પછી આંખો બંધ કરી પડતો-આખડતો તે કુંવરની પાછળ દોડ્યો. પણ કુંવરે દૂરથી એક યોગીની મઢી જોઈ. તે ઘોડાને નિર્ભયસ્થાને લઈ ગયો. યોગીએ તેને ડરવાનું કારણ પૂછ્યું. કુંવરે તેની પાછળ રાક્ષસ પડ્યો હોવાનું કહ્યું ત્યારે યોગીએ પોતાની મઢીની બહાર દંડ હોવાથી ભૂતપ્રેત રંજાડી ન શકે એમ કહી દંડ તેજસારના હાથમાં આપી રાક્ષસને મારવા કહ્યું.

યોગીના આદેશથી તેજસારે દંડ ગ્રહણ કરી રાક્ષસના મસ્તક પર ફટકારતાં એ ભોંય ભેગો થઈ ગયો. તેજસાર તેની છાતી પર ચડી બેઠો. છેવટે રાક્ષસે હાર કબૂલ કરી. રાક્ષસે તેને બે વિદ્યા આપવાનું કહી પોતાને મુક્ત કરવા માગણી કરી. એ બે વિદ્યાઓમાં (૧) કટકથોભણી - કટકને સ્થિર કરી દેવાની વિદ્યા અને (૨) મુષ્ઠીબંધ - મુઠ્ઠી મંત્રીને મારવાથી સામી વ્યક્તિ નિશ્ચેત થઈ ભોંય પડે તેવી વિદ્યાઓ આપી. પછી રાક્ષસ પોતાના સ્થાને ગયો. તેજસાર પણ યોગીને દંડ પાછો આપી શીખ લઈ ઘાસનો ભારો બાંધી ત્રંબાવતી નગરીમાં પંડ્યાને ઘેર આવ્યો.

તેજસારને રોજ પાંચસો પૂળા મંગાવતી હોવા છતાં બીજે દિવસે એક તરણું પણ જોવા ન મળે એવી પંડ્યાણી વિશે કૌતુક થયું. ઘેર એક પણ ઢોર નહોતું કે તે ઘાસ વેચતી પણ નહોતી, તો પછી ઘાસ ક્યાં જાય છે તેનું તેને આશ્ચર્ય થતાં ગુપ્તપણે તપાસ કરવાનું વિચાર્યું. કુંવર ઊંઘી જવાનો ઢોંગ કરી પડ્યો હતો ત્યારે એક પ્રહર રાત્રિ વીત્યે પંડ્યાણી નિર્વસ્ત્ર થઈ ગધેડીનું રૂપ ધારણ કરી આંગણામાં આળોટવા લાગી અને ચારેય પહોર ઘાસ ખાવા લાગી. સવાર થતાં તે માનવરૂપ ધારણ કરતી હતી.

તેજસારને એ જોઈ લાગ્યું કે જે દિવસ ઘાસના પૂળા નહીં મળે તે દિવસે તે નિશાળીઓને ખાઈ જશે. તેણે સૌને ભેગા કરી આ વાતની જાણ કરી. બાળકોએ પણ કુંવરને કહ્યું કે તારા થકી અમે જીવીએ છીએ. તેજસારે તેમને સાવચેત રહેવા કહ્યું.

દિવાળી પાસે આવતાં બાકળા ફેંકતી તે મોટેથી બોલવા લાગી. બાળકોએ કુંવરને પૂછ્યું કે પંડ્યાને ઘેર આજે શું છે ? કુંવરે કંઈક મોટો પ્રપંચ હોવાનું કહી આજે સહુની ઘાત હોવાનું કહ્યું. જે બીતા ન હોય તે ગુપ્તપણે મારી સાથે રાતવાસો રહે એમ કહી કુંવરે સહુને આશ્વાસન આપ્યું. બાળકો છાનામાના પંડ્યાણી જે ક્રિયા કરતી હતી તે જોવા લાગ્યાં. તેણે ચોસઠ જોગણીને બોલાવી. પંડ્યાણીએ તે સર્વને પ્રસન્ન થવા વિનંતી કરી. પોતે પાંચસો બાળકોને ભેગાં કર્યાં છે તેમાં તેજસાર નામે એક બત્રીસલક્ષણો છોકરો પણ છે. જોગણીઓને સવારે આવી બાકળા લઈ જવા કહ્યું. નિશાળિયાઓએ તેજસારને પૂછ્યું કે સવારમાં જોગણીઓ આવશે તો શું કરીશું ? આ પંડ્યાણી તો નિર્દય છે. તે અસુરને હાથ સોંપશે. તેની આગળ આપણું જોર નહીં ચાલે. કુંવરે બાળકોને કહ્યું કે મારી પાછળ ચાલ્યા આવો. બાળકો તો તેની પાછળ વનખંડમાં પહોંચી ગયાં. સવાર થતાં ચોસઠ જોગણીઓએ આવી ભોગ માગ્યો. પંડ્યાણીએ હમણાં બધા જ ભણવા આવશે એમ કહ્યું. પણ દિવસ ચાર ઘડી ચઢી ગયો છતાં કોઈ ન આવતાં જોગણીઓએ પંડ્યાણીનું જ ભક્ષણ કરી જવા કહ્યું. પંડ્યાણીએ ગધેડીનું રૂપ ધારણ કરી કુંવરનો પીછો કર્યો. બાળકોએ તેને જોઈ. તે બધાં બી ગયાં. પણ કુંવરે તો જોર કરી તેની ઉપર સવારી કરી. ગધેડી તો પવનની ગતિથી આકાશમાં ઊપડી. કુંવરને પછાડવા તે અવળીસવળી ઘૂમવા લાગી. છેવટે કુંવરે રાક્ષસે આપેલ મુષ્ઠીવિદ્યા અજમાવી ગધેડીને અચેત કરી દીધી.

ત્યાંથી કુંવર આગળ ચાલ્યો. તે ગોદાવરી નદીના તીરે વિસામો લેવા રોકાયો. આરામ કર્યા પછી કુંવર વનખંડમાં માર્ગ શોધતો ચાલવા લાગ્યો. તેવામાં તેણે મનુષ્યનો અવાજ સાંભળ્યો. કુંવરે વિચાર કર્યો કે જંગલમાં કોણ હશે. ક્ષત્રિયકુમારે તો ડર્યા વગર અવાજની દિશા તરફ જઈને જોયું તો એક સ્ત્રી રડતી હતી. કુંવરને જોઈ તે બોલવા લાગી કે આ પાપી મારી હત્યા કરે છે. તારા વગર મારો કોઈ આધાર નથી. કુંવરે મનમાં વિચાર્યું કે ક્ષણે ક્ષણે મારું નામ રટણ કરતી આ બાલિકા કોણ હશે ?

તેજસારે આગળ વધીને જોયું તો એક યોગી અગ્નિકુંડ ઉપર તેલની કડા ઉકાળીને, જવતલ માંસના ઢગલા કરી મેલી વિદ્યાની સાધના કરતો હતો. તેની આગળ કન્યાનો વધ કરવા ખડ્ગ પડ્યું હતું. લાકડાની પૂતળી જેવી કન્યાને એક વૃક્ષ સાથે બાંધી રાખી હતી. કુંવરને લાગ્યું કે આ પંડ્યાણીનું જ ચરિત્ર લાગે છે.

યોગીએ જંગલમાં મનુષ્યનો અવાજ આવતો સાંભળી વિચાર્યું કે વિદ્યાસાધનામાં વિઘ્ન આવશે અને બાળાને મનુષ્ય હરી જશે. યોગીએ હાથમાં ખડ્ગ લઈ કન્યાનો વધ કરવા તેનો ચોટલો તાણી ખેંચી. કુમારે ચપળતાથી તેને ધક્કો મારી દૂર કર્યો. કુંવર અને યોગી બાથંબાથ આવી ગયા. કુંવરે મુષ્ઠીમંત્ર મારતાં યોગી અચેત થઈ ખડ્ગ સાથે ભોંય પર પડ્યો. કુંવરે તેનું ખડ્ગ લઈ લીધું અને વૃક્ષ સાથે બાંધેલી કન્યાને મુક્ત કરી. કન્યા આનંદિત થઈ. કુંવરે કન્યાને તે યોગી પાસે કેવી રીતે આવી તે વિશે પૂછ્યું. તેજસાર કોણ છે ? તને તેની સાથે શા માટે પ્રેમ છે ? એ બધું સ્થિરચિત્તે બેસીને કહે. વળી તારું નામ, ઠામ અને કુળ પણ જણાવ. કુંવરીએ સઘળી વાત કરી.

ચંપાવતી નામે નગરીનો કનકકેતુ નામે રાજા હતો. તેને ચંપકમાલા નામે રાણી હતી. તેની કૂખે સાત પુત્રો થયા. પરંતુ તેને એક પુત્રીની ઝંખના હતી. છેવટે પુત્રી જન્મતાં તેનો જન્મોત્સવ ઊજવ્યો. તે કન્યાનું નામ વિજયશ્રી પાડવામાં આવ્યું. તે કન્યા હું છું. એક વખત એક કેવળજ્ઞાની સાધુ આવ્યાના સમાચાર વનપાળે આપ્યા. હું પિતાજીની સાથે તેમને વંદન કરવા ગઈ. પિતાએ મારા ભરથાર વિશે સાધુ મહારાજને પ્રશ્ન કર્યો. સાધુએ કહ્યું કે મંત્રબળે કરીને તારી પુત્રીનું હરણ કરી તેને હણવા માટે તૈયાર થયેલા યોગી પાસેથી તેને છોડાવનાર કાશીરાજ વીરસેનનો પુત્ર તેજસાર તેનો પતિ થશે. સાધુ વાત કહેતા હતા ત્યારે હું પાસે બેઠી હતી.

એક દિવસ હું શણગાર સજી મારા આવાસમાં બેઠી હતી તે વખતે યોગીએ મારું અપહરણ કર્યું અને તાડના ઝાડ સાથે બાંધી દીધી. પછી તમે (તેજસારે) દોડી આવી મને છોડાવી. તમે જ મારા સ્વામી છો. પછી તે કન્યાએ તેજસારને પોતાની સઘળી વાત કરવા કહ્યું. કુંવરે પણ બધી હકીકત કહી.

વિજયશ્રીએ કહ્યું કે યોગીનો વિચાર આવતાં જ શરીરમાં ધ્રુજારી છૂટે છે. યોગી જો ઊભો થઈને આવે તો મુશ્કેલીમાં મૂકી દે. તેજસારે કહ્યું કે યોગીને જ્યાં સુધી હું સચેત નહીં કરું ત્યાં સુધી તે અચેત જ રહેશે. યોગી પાસે જઈને દંપતીએ જળ મંત્રીને છાંટતાં તે સચેત થઈ ગયો. યોગીએ તેજસારને મનમાન્યું રૂપ કરવાની અને અંજન કર્યા પછી તેને કોઈ જોઈ ન શકે એમ બે વિદ્યા આપી.

યોગીની સાક્ષીએ ચાર ઢગલી કરી તેજસાર વિજયશ્રી સાથે પરણ્યો. યોગી કુંવરની રજા માગી પોતાના સ્થાને ગયો. તેજસાર અને વિજયશ્રી આરામ કરવા બેઠાં.

તે પછી બંને જણ દક્ષિણ દિશામાં ચાલ્યાં. જે કદી તડકામાં પગ ન મૂકતી તે કન્યા અડવાણે પગે ચાલવા લાગી. બપોર થતાં વિજયશ્રીને પાણીની તરસ લાગી. તેણે પતિને પાણી લાવી આપવા કહ્યું. કુંવર વિજશ્રીને એક વૃક્ષની શીતળ છાયા નીચે બેસાડીને પાણી લેવા ગયો. દૂર એક સરોવરમાંથી તેણે પાણી પીધું અને વિજયશ્રી માટે પણ લીધું. રાણીએ પીતાં તેને શાંતિ થઈ. પતિને તેણે પાણી ક્યાંથી લાવ્યા એમ પૂછ્યું એટલે તેજસારે સરોવરનું વર્ણન કર્યું. બંને જણ ત્યાં ગયાં. વિજયશ્રીએ પતિને ઊંઘ લેવા કહ્યું. પતિએ તેને સૂઈ જવા કહ્યું એટલે તે સૂઈ ગઈ. કુંવર ચારેય દિશામાં જોતો બેઠો છે એવામાં તેણે મૃગલાનું ટોળું જોયું. કુંવર તેમને જોવા નજીક ગયો તો વનચરની ભેગી એક સ્ત્રીને જોઈ. તે અત્યંત સ્વરૂપવાન હતી. કુંવર તે સ્ત્રી પાસે ગયો. શરમની મારી તે મૃગલાંઓમાં ભળી ગઈ. જેમ જેમ તેજસાર પશુઓ પાસે જતો ગયો તેમ તેમ તે દૂર ભાગવા લાગ્યાં. સુંદર કન્યાને જોઈ મોહ પામેલા કુંવરને મોહબાણ મારતાં તે ઘાયલ થયો. બંને એકબીજાંને ચાહવા લાગ્યાં. હરણાંઓ પવનવેગે દોડી ગયાં. જોતજોતામાં કુંવરી અંતર્ધાન થઈ ગઈ. કુંવર નિરાશ થઈને ત્યાં થોભી રહ્યો. કુંવરી તો બાળપણથી જ પશુઓ સાથે ઊછરી હતી. માતા મૃત્યુ પામી પછી તે વંતરી થઈ.

હવે કુંવર વિચારવા લાગ્યો કે જે સ્ત્રી નાસી ગઈ છે તે મને હવે કેવી રીતે મળશે ? પરંતુ કુંવરને વિજયશ્રી યાદ આવતાં તે જ્યાં સૂતી હતી ત્યાં ગયો. પરંતુ વિજયશ્રી ત્યાં નહોતી. તે રુદન કરવા લાગ્યો. તે તો તેને શોધતાં શોધતાં થાકી ગયો પણ પત્નીનો પત્તો લાગ્યો નહીં. તેજસારને તો વિરહ ઉપર વિયોગ થયો.

કુંવર બેસી રહેવાથી કામ નહીં સરે એમ વિચારી આગળ ચાલ્યો. નદીનાળાં શોધતો તે જતો હતો તેવામાં તેણે મનુષ્યનાં પગલાં જોયાં. તે પગલે પગલે આગળ ગયો તો તેણે એક પર્વત જોયો જેની ઉપર ચઢવાનો કોઈ માર્ગ નહોતો પરંતુ મધ્યભાગમાં એક ગુફા જોઈ. પ્રવેશવાનો માર્ગ શોધી કાઢી કુંવર તેમાં પ્રવેશ્યો. અંદર જઈને જોયું તો અંદર એક સુંદર કદલીવન જોયું. ત્યાં વળી કદલીગૃહમાં એક અપ્સરા જેવી કન્યાને બેઠેલી જોઈ. કુંવરે તેને એકલી ત્યાં બેસવાનું કારણ પૂછ્યું. સ્વરૂપવાન કુંવરને જોઈ સ્ત્રી મોહી પડી. કુંવરે તેને કહ્યું કે પોતાની સ્ત્રીને કોઈ હરી ગયું છે. તેને શોધતાં બે દિવસ વીતી ગયા છે.

વિદ્યાધરીએ કુંવરને કહ્યું કે આ કદલીગૃહમાં મારા ઉપરાંત બીજી ચાર કન્યા છે. તેમાં તમારી પત્ની હોય તો જોઈ લો. ચાર કુંવારી કન્યા ઉપરાંત પાંચમી કદલીગૃહમાં વિજયશ્રીને બેઠેલી જોઈ. કુંવરને જોઈ વિજયશ્રી હર્ષિત થઈ. કુંવરે તેને એ જગ્યાએ કેવી રીતે પહોંચી એમ પૂછ્યું તો વિજયશ્રીએ પોતાને કંઈ ખબર ન હોવાનું કહ્યું.

કુંવરે વિદ્યાધરીને પૂછ્યું કે કોઈ પુરુષના સહારા વગર પાંચેય સ્ત્રીઓ કેવી રીતે રહો છો ? હસીને સુંદરી કહેવા લાગી કે વૈતાઢ્ય પર્વત પર શુરપુર નામે નગરમાં વિજયસિંઘ નામે એક રાજા હતો. તેને જયમાલા નામે પટરાણી હતી. લીલાપતિ નામે

પુત્ર અને શ્રીમતી નામે પુત્રી હતી. તે પુત્રી તે હું જ. ભાઈ મોટો થતાં વિદ્યાધરની કુંવરી સાથે પરણ્યો પરંતુ તે વિષયભોગમાં એટલો ગરકાવ હતો કે તેના મનમાં મનુષ્યની કન્યા પરણવાની ઇચ્છા જાગી. પ્રજ્ઞપ્તિ વિદ્યાના બળે તે ગગનમાં ફરતો તે દેશવિદેશ જોવા લાગ્યો. તેણે વિદ્યાબળે એક મોટા નગરના રાજાની કુંવરીનું અપહરણ કર્યું. એમ કરતાં એણે ત્રણ કન્યા સાથે લગ્ન કર્યાં. ચોથીની જે ખોટ હતી તે તારી કન્યા પરણતાં પૂરી થશે. તારી કન્યા મારી ભોજાઈ થશે.

વિવાહનો બધો સામાન લેવા વિદ્યાધર ગયો. તેજસારે સઘળી વાત સાંભળી. તેને કોઈ વિદ્યાધરી નામે શ્રીમતીએ પોતાને યોગ્ય પતિ માની લીધો. કુંવરીએ શરમ છોડી કુંવરને પાસે બોલાવી બધો ભેદ કહ્યો. પછી તેને કહ્યું કે જો મને પટરાણી બનાવે તો હું તને પરણું. ઉપરાંત બીજી ચાર કન્યાને પણ તું પરણ. કુમારે ધૂળની ચાર ઢગલી કરી છેડાછેડી બાંધી ચાર ફેરા ફરી લીધા. તેજસાર પાંચ કન્યાને વર્યો. વિદ્યાધર લટકતો રહી ગયો.

છયે જણ પરણીને કદલીગૃહમાં બેઠાં બેઠાં વાતો કરતાં હતાં. વિજયશ્રીએ પતિને પૂછ્યું કે મને વનમાં સૂતી મૂકીને કઈ દિશામાં ગયેલા ? કુંવરે સઘળી વાત કરી.

હવે લીલાપતિ નામે કુંવર બધો સરસામાન લઈ ચાર કન્યા પરણવા ત્યાં આવ્યો. જોયું તો એક પુરુષની નજીક પાંચ સ્ત્રીઓ બેઠી હતી જેમાં એક પોતાની બહેન પણ હતી. વિદ્યાધર તે જોઈને કોપી ઊઠ્યો. વિદ્યાધરે પોતાની બહેનને પેલો પુરુષ કોણ છે એમ પૂછતાં તે તેનો બનેવી હોવાનું અને પોતે પાંચેય કન્યાને તેની સાથે પરણાવી હોવાનું કહ્યું.

વિદ્યાધરે ગુસ્સે થઈ બહેન-બનેવી બંનેને મારવાનું વિચાર્યું. બંને પુરુષો વચ્ચે યુદ્ધ મંડાયું. કોઈ એકબીજાને મચક આપતા નહોતા. તેજસારે યોગીએ આપેલ વિદ્યા સ્મરી જુદાં જુદાં રૂપ ધારણ કર્યાં. વિદ્યાધરે પણ એમ કર્યું. લીલાપતિએ વિચાર્યું કે આ મનુષ્ય તો મારા કરતાં પણ બળવાન છે. તેણે તેજસારના હાથમાંથી છૂટવા માતાની સ્તુતિ કરી. માતા પ્રસન્ન થઈ તેજસાર સાથે યુદ્ધે ચડી. દેવીએ તેજસારને ઊંચકીને સમુદ્રના ઊંડાં જળમાં નાંખ્યો. તેજસારે કર જોડીને દેવીની સ્તુતિ કરતાં દેવીએ તેને ઉગારી લીધો. માતાએ પ્રસન્ન થઈ સહાય કરવાનું વચન આપ્યું. કુંવરે વિધિના ખેલ ઉપર વિચાર કર્યો. પાંચ કન્યાને પરણી તરત જ છૂટો પડ્યો. ગઈકાલે જે પ્રિયા સાથે લગ્ન કર્યાં તે પણ વનમાં રહી. કુંવર તો નસીબમાં લખ્યું હશે એમ થશે એવું વિચારી વનમાં આગળ ચાલ્યો. દૂર જતાં તેણે એક સુંદર સરોવર જોયું. એવામાં એક મદમસ્ત હાથી પાણી પીવા ત્યાં આવ્યો. તેજસાર તો ઝાડની ડાળી પર ચડી ગયો. હાથી મનુષ્યને જોઈ તેને મારવા દોડ્યો. તેજસારે તેને વશ કરી તેની ઉપર સવારી કરી. હાથી પૂર્વ દિશામાં દોડ્યો. તેજસારે દૂર તોપગોળાનો અવાજ સાંભળ્યો. તેણે કોઈક મળે તો પૂછવાનું વિચાર્યું. એટલામાં જંગલમાં બે સ્ત્રીઓ એક ડોશી અને એક કન્યા મળી. કુંવરે તેને નાસભાગનું કારણ પૂછ્યું. ડોશીએ કન્યાની પાછળ કોઈ પડ્યું હોવાની વાત જલ્દીથી જણાવી. કુંવરે તેમનું રક્ષણ કરવાનું આશ્વાસન આપ્યું. કુંવરનાં વચન સાંભળી બંને સ્ત્રીઓ રાજી થઈ. તેમણે પોતાની વીતક કથા કહેવા માંડી.

ચંપાપુરી નગરીમાં સુખી લોકો વસતા હતા. તે નગરીના રાજા વિજયકેસરીને ચંપાવતી નામે પટરાણી હતી. તે બંને સુખમાં રચ્યાંપચ્યાં રહેતાં હતાં. સમય જતાં રાણીને ગર્ભ રહ્યો. તેણે પૂરે માસે પુત્રીને જન્મ આપ્યો. તેને પુષ્પાવતી નામ દીધું. મોટી થતાં તે ચોસઠ કલામાં પારંગત થઈ. રાજાએ પુત્રીને પરણાવવા માટે દેશવિદેશમાં માગાં મોકલવા માંડ્યાં. કેટલાક મુરતિયા કન્યાને ગમતા નહોતા. એક દિવસ એક જ્યોતિષીને રાજાએ પોતાની પુત્રીનો પતિ કોણ થશે એમ પૂછ્યું. દેશવિદેશથી અનેક રાજાઓનાં માગાં આવે છે પરંતુ ક્યાંય મન માનતું નથી. જ્યોતિષીએ હસ્તરેખા જોઈ કહ્યું કે વારાણસી નગરીનો કુંવર તેજસાર આ કન્યાને પરણશે. રાજાએ જ્યોતિષીને અઢળક ધન આપી સંતોષ્યો. રાજાએ રાણીને તારી પુત્રી ચાર દેશનું રાજ્ય પામશે એમ કહ્યું. રાજા-રાણી વાત કરતાં હતાં એવામાં એક દૂતે આવી રાજાને લેખ આપ્યો. તેણે વિજયકેસરી રાજાને કહ્યું કે ગોડી દેશનો રાજા સભામાં બેઠો હતો તે વખતે એક પારધી ત્યાં સસલું લઈને આવ્યો. તેને ખોળામાં બેસાડી માથે હાથ ફેરવવા લાગ્યો. તેણે પોતાના રાજા રૂપસેન વતી કન્યાનું માગું નાખ્યું. વિજયકેસરીએ ના કહી. કાસદે જઈને રાજાને વાત કરી. પ્રધાનની વાત સાંભળી રૂપસેન વિજયકેસરી સાથે લડવા તૈયાર થઈ ગયો. સેના ભેગી કરી. સેના લઈને રૂપસેન બંગાળમાં ચંપાનગરી પાસે પહોંચ્યો. વિશ્વકેસરીએ યુદ્ધ માંડ્યું. દસ દિવસ સંગ્રામ ચાલ્યો. ચંપાનગરી પડવાની તૈયારી હતી એટલે વિજયકેસરીએ કન્યા અને ધાવમાતાને સલામત રીતે ત્યાંથી નીકળી જવા કહ્યું. તેથી આ જંગલમાં આવ્યાં છીએ. તેજસારે તે બંને સ્ત્રીઓને કહ્યું કે હવે કોઈની બીક નથી.

ધાવમાતાએ કુંવરને કહ્યું કે સબળ સેનાની સામે તું કેવી રીતે ટકી શકીશ. કુંવરે તેમનું દુઃખ ટાળવા ધીરજ ધરવા કહ્યું. તેજસારના પ્રબળ તેજથી દુશ્મન સૈન્ય પાછું હઠી ગયું. દુશ્મન રાજાએ આવીને જોયું તો પુષ્પાવતી કન્યાની સાથે એક પુરુષ પણ હતો. રૂપસેને આવીને કહ્યું કે કન્યાને નાસી જતી જોઈ અમે તેની પૂંઠે આવ્યા છીએ. તેણે પોતાને કન્યા સોંપી નાસી જવા તેજસારને કહ્યું. તેજસારે શરણે જવા ના કહી. રૂપસેને કુંવરને મારવા ઘણા પ્રયત્નો કર્યા. કુંવરે છેવટે રાક્ષસે આપેલ કટકથંભણ વિદ્યા અજમાવતાં સેના પાષાણ જેવી જડ થઈ ગઈ.

તેજસાર ત્યાંથી ચંપાપુરી આવ્યો. નગરીનું સંકટ તેણે ભાંગ્યું. લોકોએ તેને સન્માન્યો. પુષ્પાવતીએ બધી વાત ધાવમાતાને કરી. તેજસારે વિજયકેસરી રાજાને વંદન કર્યા. રાજાને પુત્રી

મળવાથી આનંદ થયો.

તેજસારે રૂપસેનની સેનાને સચેત કરી. રૂપસેને તેનો આભાર માન્યો. પુષ્પાવતીએ આવી માતા ચંપાવતીને તેજસારે કરેલા ઉપકારની વાત કરી, આ ભવમાં તેને ભરથાર બનાવવાની ઇચ્છા વ્યક્ત કરી. વિજયકેસરીએ તેજસાર સમક્ષ પોતાની પુત્રીને પરણવાનો પ્રસ્તાવ મૂક્યો. લગ્ન નક્કી થતાં માતાપિતા ખુશી થયાં. લગ્નોત્સવ સરસ રીતે ઊજવાયો. રૂપસેન જોતો જ રહી ગયો. તેણે પણ પોતાની પુત્રી તેજસારને પરણાવી. વળી કન્યાદાનમાં પાંચસો ગામ પણ તેજસારને આપ્યાં. સુરસુંદરીની માતાએ પણ આવી શિખામણ આપી. ત્યાંથી નીકળી તેજસાર ચંપાપુરી આવ્યો. વિજયકેસરી તેને લેવા સામો આવ્યો. ચંપાપુરીમાં તેજસાર બંને સ્ત્રીઓ સાથે આનંદપ્રમોદ કરતો હોય છે તે વખતે ત્યાં કોઈ સાધુ મહારાજની પધરામણી થઈ હોવાના સમાચાર મળ્યા. તેમને વંદન કરવા નગરનાં નરનારીઓ ગયાં. તેમણે જિનધર્મ પાળવા આદેશ આપ્યો. વિજયકેસરીએ મહારાજની દેશના સાંભળી દીક્ષા લેવાનું વિચાર્યું. તેજસારને તેણે રાજ્ય આપી દીધું.

તેજસારે વિચાર્યું કે અગાઉ જે પાંચ કન્યાને પરણ્યો હતો તે શું કરતી હશે ? વિદ્યાધર તેમનો સંહાર કરશે. તે અબળાઓનું કોણ રક્ષણ કરશે ? આમ તેજસાર ચિંતા કરતો હતો.

પેલી તરફ લીલાપતિ નામના વિદ્યાધરને દેવીએ કહ્યું કે તારા શત્રુને પાણીમાં નાંખી દીધો છે. લીલાપતિએ વિચાર્યું કે જે બહેનને રખોપું કરવા બેસાડી હતી તે જ પરણી ગઈ. તેણે નક્કી કર્યું કે જે બહેને મને છેતર્યો તેને હણતાં પાપ નહીં લાગે. બહેનને મારી ચારેયને પરણવા વિચાર્યું. ચારેય કન્યાઓને તેણે જલ્દીથી લગ્ન કરવા કહ્યું. ચારેય કન્યાઓએ તો પોતાનો પતિ પરમેશ્વર જેવો છે તેમ કહી તેને પરણવાનો ઇન્કાર કરી દીધો. સ્ત્રીઓનાં વચન સાંભળી ગુસ્સે થયેલો તે ખડ્ગ લઈને શ્રીમતીને મારવા ધસ્યો. એવામાં રાત પડી ગઈ. હાથમાં ખડ્ગ લઈને બહેનને કઠોર વચન કહેવા લાગ્યો. તેણે બહેનની માથાની વેણી પકડીને ખડ્ગનો પ્રહાર કરવાનું વિચાર્યું. એવામાં વિજયશ્રીએ પતિનું વેર વાળવા ખડ્ગનો સામે પ્રહાર કરી લીલાપતિને મારી નાખ્યો. વિજયશ્રીએ વેર વાળ્યું, શ્રીમતી મરતાં મરતાં બચી ગઈ. પાંચેય સ્ત્રીઓ મળી. વિજયશ્રીને બાકીની સર્વેએ શાબાશી આપી. પછી સૂકાં લાકડાં એકઠાં કરી લીલાપતિને અગ્નિદાહ દીધો. નાહીધોઈને પાંચેય જણી બેઠી હતી ત્યારે પતિ સાંભર્યો. દરેક સ્ત્રી પોતાનાં પાપ સંભારતી ને રોતી હતી.

છેવટે વિજયશ્રીએ રોવાથી દુઃખ નહીં ટળે એમ કહી મયણરેહાનું દૃષ્ટાંત આપ્યું. પાંચેયે સાથે મળીને વિચાર કર્યો કે પતિ જીવતો હોય તો જ જીવવું. શ્રીમતીને બીજી ચારેએ વિનંતી કરી કે તું વિદ્યાધરની પુત્રી છે માટે આકાશમાં વિહાર કરી પતિને શોધી કાઢ. વિદ્યાધરીએ એ વચન સાંભળી કહ્યું કે વિદ્યાબળે મહેલની રચના કરું તેમાં બેસી રહેજો. પતિને શોધવા ત્રણે લોકમાં ફરી વળીશ. પતિ મળશે તો જ પાછી આવીશ, નહીં તો અગ્નિપ્રવેશ કરીશ. છ માસ પછી તમને ઠીક લાગે તેમ તમે કરજો.

શ્રીમતી વિદ્યાબળે આકાશમાં ઊડી. તે સર્વ જગ્યાએ શોધી વળી. ફરતાં ફરતાં તે અષ્ટાપદ પર્વત પર પહોંચી. તેણે ત્યાંનાં પ્રસિદ્ધ દેરાં જોયાં. વિદ્યાધરી બધું જોતી હતી તે વખતે ક્યાંકથી મનુષ્યનો અવાજ સંભળાયો. એક અવધૂત વિદ્યાની સાધના અર્થે સામગ્રી એકઠી કરીને બેઠો હતો. સામે કદલીસ્થંભ સાથે સોળ વર્ષની એક સુંદરી બાંધી હતી. તે બાલિકા રડતી હતી. યોગીએ બાળાને રોવાની ના કહી ધમકી આપી કે ચોસઠ જોગણીઓ આવશે તો તારો બલિ ચડાવીશ. એ સાંભળી બાળા વધારે જોરથી રડવા લાગી. તેને જોઈને શ્રીમતીને દયા આવી. તેણે યોગીને સ્ત્રીને ન મારવા વિનંતી કરી. યોગીએ તેને પણ ધમકાવી ત્યાંથી ચાલ્યા જવા કહ્યું. શ્રીમતીએ તેને ત્યાંથી ચાલ્યા જવા ધમકાવ્યો. પણ તે તો ખડ્ગ લઈને સામો થયો. વિદ્યાધરીએ તેને પછાડી દીધો પછી બાળાનાં બંધન છોડવા લાગી. તેણે બાળાને નામઠામ પૂછ્યું. બાળાએ કહ્યું 'પોતે અયોધ્યાની રહેવાસી છે. સુખાનંદ નામનો બ્રાહ્મણ જે રાજ્યનો પુરોહિત છે તેની પુત્રી છું. માતાનું નામ ગંગા છે. પાંચ પુત્ર ઉપર હું એક પુત્રી છું. મારાં સગાં ઘણાં છે. મારું નામ ગુણમાલા છે. એક વખત હું પિતાના ખોળામાં બેઠી હતી ત્યારે એક જ્યોતિષી આવ્યો. તેને મારા પિતાએ આ કન્યાનો પતિ કોણ થશે એવો પ્રશ્ન કર્યો. જ્યોતિષીએ કન્યાનું અપહરણ એક યોગી વિદ્યાની સાધના માટે કરશે તે વખતે એક વિદ્યાધરી આવી તેને છોડાવશે. તે પછી તેજસાર નામે કુંવર તારી પુત્રીનો પતિ થશે. એમ કહીને જ્યોતિષી ચાલ્યો ગયો. મારા પિતાએ મારું જતન કરવા ઘણા પ્રયત્નો કર્યા પણ બનવાનું હોય તે બને જ છે. એક ઇંદ્રે ઉત્સવ માંડ્યો હતો. તે જોવા રાજા-પ્રજા સૌ ગયાં. હું પણ સખીની સાથે ગઈ. મને કુદરતી હાજત લાગી તેથી દૂર વનમાં ગઈ. તે વખતે આ યોગી પકડીને મને આ ગુફામાં લઈ આવ્યો. હવે તમે મને છોડાવી. મારાં માતાપિતા મારા વિના ટળવળતાં હશે માટે મને ઝડપથી તેમની પાસે લઈ જાવ.'

શ્રીમતીએ તેને માતપિતાને ઝડપથી મેળવી આપવાનું કહી પેલા યોગીને સચેત કરવા મૂઠ વાળી લીધી. યોગીએ તેનો ઉપકાર માન્યો. ગુણમાલાને લઈ વિદ્યાધરી અયોધ્યા આવી. દીકરીને હેમખેમ પાછી આવેલી જોઈ માતાપિતાને આનંદ થયો. કુટુંબના સર્વે સભ્યો શ્રીમતીને પગે લાગ્યા. પછી શ્રીમતી મુનિને વંદના કરવા ગઈ. તેણે મુનિને પતિ વિશે પૃચ્છા કરી. મુનિએ સઘળી વાત કહી. તેજસાર ચંપાપુરીમાં રાજ્યનું સુખ ભોગવે છે એમ કહ્યું. એ સાંભળી શ્રીમતી રાજી થઈ. સાધુ પાસેથી ઊઠી તે સુખાનંદના ઘેર આવી. તેણે સુખાનંદને કહ્યું કે તમારે ત્યાં આવવાને

કારણે પતિના સમાચાર મેળવી શકી છું. તેથી પતિ પાસે જઈશ. સુખાનંદે પણ કુટુંબ સાથે તેજસાર પાસે જવા તૈયારી બતાવી ગુણમાલા તેને પરણાવવા કહ્યું. સુખાનંદનાં વચન સાંભળી શ્રીમતીએ વિમાનની રચના કરી સુખાનંદના પરિવારને બેસાડી આકાશગમન કર્યું. તે સૌ ચંપાપુરી આવ્યાં. વિમાન નગરની બહાર ઊભું રાખ્યું. નગરલોકે તે સ્થાનમાં તેજસારની આણ પ્રવર્તતી હોવાનું કહ્યું. પતિની પ્રશંસા સાંભળી શ્રીમતી ખુશ થઈ.

રાજસભામાં જઈ તેણે પતિને જોયો. તેજસારે પણ તેને જોઈ. પુષ્પાવતીના મનમાં શંકા પેદા થઈ કે આ સ્ત્રી વણતેડી કેમ આવી હશે ? શ્રીમતીએ પોતાને વિસારી મૂકીને અન્ય બે સ્ત્રીને પરણ્યા હોવાનું પૂછ્યું. તેજસારે તેને બધી સ્ત્રીઓની યાદ આવતી હોવાનું કહ્યું. પુષ્પાવતીને તેજસારે શ્રીમતીની ઓળખ આપતાં કહ્યું કે અગાઉ જે પાંચ સ્ત્રીની સાથે હું પરણ્યો હતો તેમાં સૌથી મોટી આ છે. તેને મળ. બાકીની ચાર પાછળ રહી છે. શ્રીમતીએ તેજસારને તે ચાર વનમાં રહી હોવાનું કહીને સઘળી વાત કરી. પછી કહ્યું : 'અયોધ્યાનો વિપ્ર સુખાનંદ પોતાની પુત્રી ગુણમાલાને લઈને તમારી સાથે પરણાવવા આવ્યો છે.' તેજસારે બધી ગોઠવણ કરી ગુણમાલા સાથે લગ્ન કર્યાં.

તેજસારે શ્રીમતીને પૂછ્યું કે તારો ભાઈ લીલાપતિ હવે કોઈ ઉત્પાત તો નહીં મચાવે ને ? શ્રીમતીએ સઘળી વાત કહી વિજયશ્રીએ તેને કેવી રીતે માર્યો તે કહ્યું. પોતે કેવી રીતે તેને શોધવા નીકળી હતી તે કહ્યું. તેજસારે તેને કહ્યું કે બાકીની ચારને તેડી આવો. સુખાનંદ વિપ્રને અયોધ્યામાં મૂકી જ્યાં ચાર સ્ત્રીઓ બેઠી છે ત્યાં શ્રીમતી આવી. વિજયશ્રીને અંગ ફરકવાનાં શુભ શુકન થયાં.

પેલી ચાર સ્ત્રીઓએ વિદ્યાધરીને પતિના સમાચાર પૂછ્યા. તેણે કહ્યું કે જ્ઞાની ગુરુના મુખેથી વાત સાંભળી ચંપાપુરી ગઈ તો ત્યાં પતિને રાજા થયેલો જોયો. ત્યાં ત્રણ નારી સાથે તેણે લગ્ન કર્યાં હતાં. હું તેની પાસે ગઈ. મને જોઈ તેને આનંદ થયો. બે દિવસ પછી તેણે મને કહ્યું બાકીની ચારને લઈ આવ પછી હું તમને લેવા આવી.

તેજસાર ઊઠીને બાકીની ચાર સ્ત્રીઓને મળ્યો. તે પછી રાજાએ આઠેયને માટે અલગ અલગ મહેલ બનાવ્યા. પટરાણી તરીકે શ્રીમતીને સ્થાપી. પ્રથમ વિજયશ્રીને પરણ્યો હતો. તેને તેની વિગત પૂછી હતી. વિદ્યાધરીની વિગત પણ જાણી હતી. બીજી ત્રણ સ્ત્રીઓ વિશે કંઈ ખબર નહોતી તેથી તેજસારે નાત, જાત, કુળ, દેશ, ગામ, માતા-પિતા વગેરે વિશે પૂછ્યું. કમળાએ વાત કહેવા માંડી.

વેસાનગરના રાજા સબલસિંહને તેની પટરાણી ખૂબ જ વહાલી હતી. તેને બે પુત્રો હતા; શ્રીદત્ત અને શ્રીદેવ. તે પછી કમળાવતી નામે પુત્રી થઈ. પુત્રી ઉપર માતાપિતાને બહુ પ્યાર હતો. પરંતુ પુત્રી જન્મની સાથે જ મૂંગી હતી.

એક વખત નગરની બહાર એક જ્ઞાની ગુરુ પધાર્યા. રાજા તેમને વંદન કરવા ગયો. પછી તેમને મારા પૂર્વજન્મ વિશે પિતાએ પૂછ્યું. ગુરુએ કહ્યું,

ઐરાવત ક્ષેત્રમાં વીરધવલ નામે રાજા હતો. તેનો અમરદત્ત નામે ભલો પ્રધાન હતો. તેને ઘેર બે સ્ત્રીઓ હતી. બંને ગુણની ખાણ હતી, મોટી સ્ત્રી જૈનધર્મ પાળતી હતી. પોષધશાળામાં બેસતી જ્યારે તેની શોક્ય ઘરકામમાંથી નવરી જ નહોતી થતી. પતિ મોટીને કંઈ કહેતો નહીં તેથી તેના મનમાં અપાર દુઃખ હતું. તેણે મોટીનો કોઈ ઉપાય કરવા વિચાર્યું. નાનીએ મોટીને પોષધશાળામાં જતી રોકી તેથી જ્ઞાનાવરણી કર્મ બંધાયું. એ કર્મથી છૂટવા તેણે ગુરુને પૂછ્યું. ગુરુએ કહ્યા પ્રમાણે જપ-તપ કર્યાં. પાંચ વર્ષ પછી ગુરુ ફરીથી ત્યાં આવતાં પુત્રીનો પતિ કોણ થશે એમ પૂછ્યું. ગુરુએ જવાબ આપ્યો કે તારી પુત્રીનું અપહરણ એક વિખ્યાત વિદ્યાધર કરશે. પર્વતની મધ્યમાં તેને રાખશે. તે વખતે ત્યાં તેજસાર કુંવર આવશે જે તમારી પુત્રીને પરણશે અને વિદ્યાધર લટકતો રહી જશે. કમળાવતીના મુખેથી તેની કથા સાંભળી વિરાટનગર ખાતે તેજસારે સાસુ-સસરાને આ ખબર આપી. કમળાવતીનાં માતાપિતા દીકરીને મળવા દોડી આવ્યાં. સબળસિંહે દીકરીને ઘણો દાયજો આપ્યો. એવી જ રીતે વિજયશ્રીને ઘેર પણ પત્ર લખ્યો.

તેજસારે લીલાવતીને પૂછ્યું કે તું ખગપતિને હાથ કેવી રીતે ચઢી. લીલાવતીએ કહ્યું કે હસ્તિનાપુરમાં સુખકર નામે રાજા હતો. તેને ગુણવતી નામે પટરાણી અને લીલાવતી નામે પુત્રી હતી. ગુણકર નામે એક પુત્ર પણ હતો. ભાઈબહેન ખુશીથી દિવસો પસાર કરતાં હતાં. એકવાર રાજા વનક્રીડા કરવા જતો હતો તે વખતે કુંવર અને કુંવરીને પણ સાથે લીધાં. લીલાવતી અને કુંવર જે હાથી પર બેઠાં હતાં તેનો મહાવત લઘુશંકા અર્થે નીચે ઊતર્યો કે તરત જ હાથી તોફાને ચડ્યો. રાજા પુત્રવિયોગથી દુઃખી થયો. હાથી તો વિંધ્યાચળમાં પહોંચી ગયો. વનમાં હાથી ફરતો હતો તે વખતે તે એક આંબાના વૃક્ષ નીચે આવ્યો. લીલાવતીએ એક ડાળી પકડી લીધી. હાથી તો ત્યાંથી ચાલ્યો ગયો. રાત પડતાં લીલાવતીને ભૂખ લાગી. આંબાનાં ફળ ખાઈને ભૂખ મટાડી. એવામાં રાત્રિ થતાં એક વનચર આવ્યો અને આંબાની વૃક્ષની ટોચે જઈને બેઠો. વનચરથી તે ભય પામી. વાંદરાએ તેને ન ડરવા કહ્યું. એણે વિશ્વાસ આપ્યો. બંને જણ જોડાજોડ બેઠાં. લીલાવતીના રૂપને જોઈ વનચરના મનમાં કામ વ્યાપ્યો. તેની વર્તણૂક જોઈ લીલાવતી મનમાં વિચાર કરવા લાગી કે મનુષ્ય હોય તો તેને સમજાવી શકાય. જનાવરને કેવી રીતે સમજાવાય ? શિયળ લૂંટાય તેના કરતાં મરણ આવે તે સારું. તે જેવો હુમલો કરવા આવ્યો કે તરત જ લીલાવતીએ પડતું મૂક્યું. તેની સાથે પેલો પણ લડથડ્યો.

બંને નીચે આવ્યાં. એવામાં ત્યાં સિંહ આવી ચડ્યો. લીલાવતીએ મરકટને ન મારવા સિંહને વિનંતી કરી. સિંહે તેમ કર્યું. લીલાવતીએ સિંહને મનુષ્યભાષા કેવી રીતે પ્રાપ્ત થઈ એમ પૂછતાં તેણે કહ્યું કે પોતે પૂર્વભવમાં મનુષ્ય હતો. આહારની ઇચ્છા થતાં ઘણા ભાત (ઘણાં પ્રકારનાં ફળ) ખાવાથી વિકૃતિ થતાં મરણ થયું. પૂર્વભવના સંબંધથી લીલાવતી તેની પુત્રી હતી. અરુણોદય થતાં તરસ લાગી. એક જગ્યાએ બેસી ભોજન કર્યું. ત્યાંથી વિદ્યાધર મને વનમાં લાવ્યો. પછી તે મને લઈને આકાશમાં ઊડ્યો. ત્યારબાદ તમે મળતાં બધાં દુઃખ ટળી ગયાં.

લીલાવતીના મુખે વાત સાંભળીને દૂતને હસ્તિનાપુર મોકલી તેનાં માતાપિતાને સંદેશો કહેવડાવ્યો કે બંગાળ દેશની ચંપાપુરીના રાજા તેજસારે તમારી પુત્રી સાથે લગ્ન કર્યાં છે. તેણે તમને મળવા બોલાવ્યાં છે. લીલાવતીનાં માબાપ આવીને પુત્રી-જમાઈને મળ્યાં.

ત્રીજી સ્ત્રીને તેજસારે ગામઠામ પૂછતાં તેણે કહ્યું કે માલવા દેશની અછતાનગરીના અરિમર્દન રાજા અને તેની પટરાણી ગુણમાળાની હું પુત્રી છું. તેમને બે પુત્રો મદન અને મનોહર એ નામે હતા. મારું નામ ફગુશ્રી પાડ્યું હતું. મારે માટે જાતજાતનાં રમકડાં તૈયાર કરવામાં આવતાં. એ નગરીમાં એક જોરાવર સુથાર રહેતો હતો. તેનો પુત્ર કારીગરીમાં પાવરધો હતો. તે છોકરો જુવાન હતો. તેણે મનમાં વિચાર્યું કે કોઈક ઉપાય કરી રાજાની પુત્રીને પરણું. તેણે લાકડાનો એક હંસ બનાવ્યો. તેને પાંખો લગાડી. તેમાં એવી કળ લગાડી કે તે પક્ષીની જેમ આકાશમાં ઊડી શકે. આ હંસ તેણે ફગુશ્રીને ભેટ ધર્યો. ફગુશ્રી તેનો આકાર જોઈ આનંદ પામી. રમતાં રમતાં તે હંસ ઉપર બેઠી અને ભૂલથી કળ દબાઈ જતાં હંસ આકાશમાં ઊડવા લાગ્યો. ગગનમંડળમાં ભમતાં ફગુશ્રીને ત્રણ દિવસ થઈ ગયા. તેણે મનમાં વિચાર્યું કે કરેલાં કર્મ ઉદય થઈ આવ્યાં હોઈને જિનવરના હાથમાં હવે સઘળું છે. એવામાં તેણે એક પર્વત જોયો. ફગુશ્રીએ હંસને ત્યાં ઉતાર્યો. હંસ પથ્થર સાથે અથડાયો. તેના કટકા થઈ ગયા. તેને છોડીને આઘે ગયેલી ફગુશ્રીએ ફળફૂલ વીણીને ભોજન કર્યું. પછી તે વનમાં રસ્તો શોધતી ફરતી હતી તેવામાં માર્ગમાં તસ્કરો મળ્યા. તેમણે વિચાર્યું કે આ જંગલમાં એકલી અબળા કોણ હશે ? તેમણે નજીક આવીને ફગુશ્રીને પૂછ્યું કે તમે કોણ છો ? અપ્સરા, વિદ્યાધરી કે માનવ અવતાર ? ફગુશ્રીએ પોતે માનવ હોવાનું કહી વસ્તીમાં પહોંચવાનો માર્ગ બતાવવા કહ્યું. તસ્કરોએ તેને પોતાની સાથે આવવા કહ્યું એટલે વિશ્વાસ રાખી તે સાથે ચાલી. પણ માણસના કૂડકપટને તે સમજી શકી નહીં. બેએક ગાઉ દૂર ગયા હશે ત્યાં પર્વત ઓળંગી જોયું તો એક નગરી હતી. સાંગો અને બાંગો એ તસ્કરો સાથેની સ્ત્રીનું શું કરવું તે વિચારવા લાગ્યા. એમને તો પૈસા સાથે જ પ્રેમ હતો. એ તો ફગુશ્રીને સાથે લઈ ચૌટામાં ગયા. કોઈકે તેમને કહ્યું કે કપુરતિલકા નામની નાચનારીને ઘેર અઢળક રિદ્ધિ છે. એને સમાચાર મળતાં તેણે આવીને સાંગા-બાંગાને મોં માગ્યાં દામ આપી ફગુશ્રીને ખરીદવાનું કહ્યું. તસ્કરોએ તો ફગુશ્રીને તેને સોંપી દીધી અને પોતે હમણાં આવે છે એમ કહી ચાલ્યા ગયા. કપુરતિલકાએ ઘેર જઈ તેને પહેરવા-ઓઢવા અને આનંદપ્રમોદ કરવા કહ્યું. સાંજ પડી એટલે તેણે ફગુશ્રીને નાહીધોઈ શુદ્ધ થવા કહ્યું. ફગુશ્રીને લાગ્યું કે માતાની જેમ લાડ કરે છે એટલે જેમ કહ્યું તેમ કર્યું. એના ઘરની ચિત્રશાળામાં સરસ પલંગ પાથર્યો. રાજાનો લાડકો પુત્ર ત્યાં આવ્યો એટલે કપુરતિલકાએ ઊભા થઈ આવકાર આપ્યો. પછી તેની આગળ નાચગાન શરૂ કર્યાં. ફગુશ્રીને લાગ્યું કે આનું વર્તન તો ગણિકા જેવું લાગે છે. તેણે વિચાર્યું કે હવે શું કરું ? એટલામાં કુંવરે ગણિકાને પ્રશ્ન કર્યો કે તારા ઘરમાં આ સુંદર સ્ત્રી કોણ છે ? વેશ્યાએ કહ્યું કે તને ભેટ આપવા જ સવાલાખ રૂપિયા આપી ખરીદી છે. એ સાંભળી ફગુશ્રી ચમકી. એને શિયળ સાચવવાની ચિંતા થતાં તરત જ બધા શણગાર ફગાવી દીધા. વાળ વિખેરી નાંખી જેમ ભૂતડી રડે તેમ રડવા લાગી. કુંવર ઝંખવાણો પડી ગયો. તેને થયું કે આને નજર લાગી કે પછી વળગાડ વળગ્યો ! મંત્રતંત્રના જાણકારને બોલાવ્યા. ધૂપદીપ કરી ઝોડઝપટ કરવામાં આવી પણ કોઈ ઉપાય કામ લાગ્યો નહીં. એવામાં એક સિદ્ધ પુરુષ ત્યાં આવ્યો. કુંવરે તેને કહ્યું કે આ સ્ત્રી સાજીસારી બેઠી હતી તેમાંથી એકદમ કંઈક થઈ ગયું. તેને જો સાજી કરો તો માગો તેટલા પૈસા આપીશ. યોગીએ જવાબમાં કહ્યું કે હું કહું તેમ કરો તો તેનું ઝોડ કાઢી દઉં. ધૂપદીપ મોકલી આપો અને તમે સહુ બહાર રહો. હું એકલો જ ઘરમાં રહીશ. કુંવરે તેને જલ્દી કરવા કહ્યું. કુંવરનું વચન સાંભળી સિદ્ધ ઘરમાં ગયો. બારણું બંધ કરી ધૂપદીપ આપવા લાગ્યો. એકાંતમાં અબળાને લાગ્યું કે શિયળનું રક્ષણ કેવી રીતે કરીશ ?

સિદ્ધને કામાતુર થયેલો જોઈ ફગુશ્રીએ દેવીની સ્તુતિ કરી. તેનાથી તેને શક્તિ મળી. તેણે ભયંકર રૂપ ધારણ કર્યું. એ જોઈ યોગી ભાગ્યો. કમાડ ઉઘાડી તે નાઠો. તેની પાછળ ફગુશ્રી નીકળીને વનમાં નાસી ગઈ. વનમાં આખી રાતનો ઉજાગરો થતાં એક જગ્યાએ તે સૂઈ ગઈ. એવામાં અજગર આવી તેને ગળી ગયો. પછી તે સરોવરની પાળે ગયો. ઝાડ સાથે વીંટળાયો. એવામાં એક હાથીએ આવી તેને પૂંછડેથી પકડી ચક્કર ચક્કર ફેરવ્યો. અજગરના મુખમાંથી છૂટી ફગુશ્રી સરોવરમાં પડી. ત્યાં તેને મગરમચ્છ ગળી ગયો. સરોવરના જળમાંથી નીકળી નદીના જળમાં પડ્યો. નર્મદા નદીના કાંઠે નર્મદપુરમાં માછીમારે તેને પકડ્યો. તેના પેટમાંથી ફગુશ્રી નીકળી. નગરીમાં એ વાત ફેલાઈ. એ નગરીના રાજા નરબદાસે તેનાં માતાપિતા વિશે તપાસ કરી. ફગુશ્રીએ સઘળી વાત કરી. રાજાએ વાત સાંભળી તેને કહ્યું કે તારી માસી રતનવતી રહે છે. પછી તે માસીને ઘેર રહેવા લાગી.

એ વખતે ત્યાં એક મુનિવર આવ્યા. સહુ તેને વંદના કરવા જતા હતા તેની સાથે તે પણ ગઈ. સુગુરુએ ધર્મદેશના આપી. નરબદાસે ગુરુને ફગુશ્રીના પૂર્વભવ વિશે પૂછ્યું. ગુરુએ કહ્યું, 'પૂર્વભવમાં તે પયઠણપુરમાં પુરુષોતમ નામે રાજા હતો. તેને પ્રેમલા નામે પટરાણી હતી. તે નગરીમાં હરિચંદ નામનો એક ધનિક વેપારી હતો. રાજાને તેને માટે ઘણું માન હતું. એક વખત વેપારીને વેપારમાં નુકસાન થયું. દેવાળું નીકળી જશે એ બીકે વ્યાજે પૈસા લેવા તે ધના-મના પાસે ગયો. તેમણે આપવા કહ્યું પણ કોઈકના જામીન માગ્યા. હરિચંદે વિચાર્યું કે રાજા મારો મિત્ર છે તેની જમાનત આપી કરજ લઈ આવું. પછી રાજાના જામીન આપી તેણે ધન લીધું.

પછી ધના-મના ઉઘરાણી કરવા લાગ્યા. રાજાએ તેમને અપાવીશ એમ કહી આશ્વાસન આપ્યું.

એક દિવસ પુરુષોત્તમ રાજા મૃગયા કરવા વનમાં ગયો. મૃગની પાછળ અશ્વો દોડતા હતા. તે વખતે એક હરણી બે બચ્ચાં સાથે ભાગતી જોવા મળી. બચ્ચાં ભયથી દોડતાં હતાં. રાજા તેનો પીછો છોડતો નહોતો. નાસભાગમાં ત્રણ પહોર વીત્યા. હરણી મૃત્યુ પામી. રાજાને તેનું પાપ લાગ્યું. રાજા મૃત્યુ પામીને ફગુશ્રી થયો. હરણીએ સુથાર થઈ લાકડાનો હંસ બનાવ્યો. ધના-મના જે લેણદાર હતા તે સાંગો-બાંગો ચોર થયા. તેમના હાથમાં ફગુશ્રી આવી. હરિચંદ મરીને વેશ્યા થયો. તેને ઘેર ફગુશ્રીને વેચી. જામીનગીરી વચ્ચે આવી. ફગુશ્રી શિયળ બચાવવા ગાંડી થઈ. સિદ્ધ યોગી આવ્યો તે રાજાનો પ્રધાન હતો. મૃગબાળક અજગર થયો. રાજાનો હંસલો ઘોડો હાથી થયો. અજગરના ઉદરમાંથી નીકળી સરોવરમાં પડી. જે મગરમચ્છે તેને ગળી તે હરણીપુત્રનો બીજો અવતાર હતો. જે માછીમાર થયેલો તે અશ્વરક્ષપાલ હતો. જે પટરાણી હતી તે બીજું કોઈ નહીં પણ બીજો પ્રધાન હતો. વિદ્યાધરને ઘેર જે પેદા થયાં તે લીલાપતિ અને વિજયશ્રી હતાં. રાજાએ ગુરુને પૂછ્યું કે આ કન્યાનો પતિ કોણ થશે ? ગુરુએ તેને તેજસાર રાજા પરણશે એમ કહ્યું. પછી સહુ સહુને ઘેર ગયાં. માસાને ઘેર રહેતાં કેટલાક દિવસ વીતી ગયા. એક વખત ફગુશ્રી સૂતી હતી ત્યાં લીલાપતિ વિદ્યાધર આવ્યો. ફગુશ્રીનું રૂપ જોઈ લીલાપતિને મોહ જાગ્યો. તેણે નિદ્રા મૂકી તેણીનું અપહરણ કર્યું અને વનમાં મૂકી. તે પછીની વાત તો જાણીતી છે.

તેજસારે અરિમર્દન રાજાને પત્ર લખી કહેવડાવ્યું કે ફગુશ્રી સાથે તેણે લગ્ન કર્યાં છે માટે મળવા આવો. માતાપિતા મળવા આવ્યાં.

વિજયશ્રી નામની પ્રથમ પ્રિયાને પિયર પણ દૂતને મોકલી તેનાં માતાપિતાને સંદેશો આપ્યો કે તમારી પુત્રીનું યોગીએ અપહરણ કરેલું તેને તેજસાર નામનો રાજા પરણ્યો છે અને તે ચંપાપુરીમાં લહેર કરે છે. તેનાં માતાપિતા આવીને પુત્રીને મળી ગયાં. તેજસાર હવે આઠ-આઠ સ્ત્રીઓ સાથે સુખ ભોગવતો હતો. સુખમાં કેટલાક દિવસો વીત્યા.

એવામાં એક દિવસ મધરાતે તેજસારને ઉપાડી કોઈએ જંગલમાં આવેલા એક સુવર્ણમય મહેલમાં મૂક્યો. તેની નિદ્રા હરી લેવામાં આવી. તેજસાર જાગ્યો. મનોહર મહેલ જોઈને તે વિચારવા લાગ્યો કે આ ઇંદ્રભવન ક્યાંથી ? પોતાની નગરી, ત્યાંના બાગ વગેરે ક્યાં ગયાં ? એમ વિચારતો તે ચારે તરફ જોવા લાગ્યો. જે વ્યંતરી તેને ઉપાડી લાવી હતી તે ખાટલાની બાજુમાં બેઠી હતી. તેજસારે ઊભા થઈ તેને વંદન કર્યાં. ડોસીએ તેનાં ઓવારણાં લીધાં અને આશીર્વાદ આપ્યા કે મારી પુત્રીના પ્રાણ-આધાર એવા તમારી જોડી ચિરંજીવ રહો. તેજસારે તે ડોસીને પૂછ્યું કે ક્યા કારણે આ જંગલમાં આવેલા મહેલમાં એકલાં વસો છો. ડોસીએ કહ્યું; 'હે ચંપાનરેશ, સાંભળ. પાટણ નામે નગરમાં અસુમુખ નામની બાળા હતી. તેને માટે અનેક રાજકુમારોને લાવવામાં આવ્યા. પરંતુ તેમાંથી એકેયને પરણવા તે તૈયાર ન થઈ. હું તો તેનાથી વાજ આવી ગઈ. એક દિવસ આ જ વનમાં ઉત્સાહથી મૃગટોળામાં તે રમતી રમતી સરોવર કાંઠે આવી. ત્યાં તેણે એક અદ્‌ભુત દેવકુમારને જોયો. મનુષ્યને જોઈને મૃગલાં નાસી ગયાં. મૃગટોળામાં કુંવરીને જોઈ રાજકુમાર આકર્ષાયો. આપમુખી (અસુમુખી) એ તેની સામે જોયું પણ કંઈ બોલી નહીં. પરંતુ મનથી તેને પતિ માની લીધો. પરંતુ કુમાર અને તેની વચ્ચે જંગલને કારણે અંતર પડી ગયું. તેણે નામઠામ પૂછ્યું નહીં. પરંતુ મનમાં નિશ્ચય કર્યો કે જો પરણીશ તો તે કુમારને જ પરણીશ, બીજાને નહીં.

મણિમહેલમાં આવી તેણે શણગાર ત્યજી દીધા. તે શોકમાં ડૂબી ગઈ. મેં ઘણું પૂછ્યું પરંતુ તે કંઈ બોલી નહીં. આપમુખી (અસુમુખી) તો ખાવાપીવાનું છોડીને રડ્યા જ કરતી હતી. તે વખતે મેં પુત્રીને ચિંતાનું કારણ કહે તો ઉપાય કરવા કહ્યું. તેના પ્રત્યુત્તર રૂપે તેણે કહ્યું કે હરણાં સાથે રમતીરમતી હું સરોવર પાસે ગઈ. ત્યાં એક મનોહર પુરુષ જોયો. તેણે તેને બોલાવી પરંતુ તે બોલી નહીં. પેલો પુરુષ તેની પાછળ ગયો. તેનાં નયનબાણ વાગ્યાં. કન્યા તેના પ્રેમમાં પડી ગઈ. પરંતુ તે પુરુષ ક્યાં ગયો તે ખબર નથી. હવે પુરુષને મેળવી આપો, નહીં તો પ્રાણ છોડી દઈશ એમ તેણે કહ્યું.

પુત્રીનાં વચન સાંભળી તેને સાથે લઈ સરોવર પાળે આવી, વન-ઉપવન જોયાં, પણ તે પુરુષનો પત્તો ન લાગ્યો. તેનું નામ-ઠામ કંઈ જ જાણતી નહોતી. ફરીફરીને બેય જણીઓ થાકી ગઈ. સાંજ પડતાં ઘેર આવી પુત્રીને સમજાવી કે તારા ઇચ્છિત પુરુષને પાતાળમાંથી પણ શોધી કાઢીશ. રોજ રોજ એ વનમાં ફરીને જોવા લાગી પણ કોઈ ભાળ મળી નહીં. એ વખતે એ જ વનમાં ચાર માસની તપસ્યા કરી કાઉસગ્ગ રહેલા મુનિને હું(ડોસી) રોજ વંદન કરવા જતી. મુનિએ એક વખત આપવીતી કહી કે

આજથી ત્રીજા ભવે ધનપુર નગરીમાં ધનપાલ નામનો વેપારી હતો. તેને ધનદેવ અને ધનરાજ નામના બે ભણેલાગણેલા પુત્રો હતા. મોટો ધનદેવ એક વખત એક ગામે ઉઘરાણી કરવા ગયો. ત્યાં જુગાર રમાતો જોઈ તે પણ રમવા બેસી ગયો. પાસે જે ધન હતું તે હાર્યો. ઉછીના લઈને રમ્યો તે પણ હારી ગયો. લેણદારને પૈસા આપવા ઘર બહાર ઊભા રાખી છાનામાના પૈસા લઈ તેને આપ્યા. તેના બાપે તે જોયું. પિતાએ કહ્યું કે મહામહેનતે કમાયેલું તું ઉડાવે છે. આવી રીતે ઘરબાર ન ચાલે. પિતાનાં કડવાં વેણ સાંભળી તે ઘર છોડીને ચાલવા લાગ્યો. રસ્તામાં એક નદી આવી. તેમાં વહેતું નિર્મળ પાણી પીવા તે ત્યાં ગયો. પાણી પીને પાછા વળતાં જોયું તો એક સિંહ આહાર કરીને સૂતો છે. વણિકપુત્રે તેને છંછેડ્યો. સિંહ ત્રાડ દઈને ઊભો થયો અને હુમલો કર્યો. કુમારે તલવાર કાઢીને સામનો કર્યો અને સિંહને માર્યો. તેનાં કાન અને પૂછડું તેણે સાચવી રાખ્યાં. પછી તે નગરમાં ગયો. નગરના લોકો સિંહથી ત્રાસી ગયા હતા. રાજાએ જાહેર કરેલું કે જે સિંહને મારશે તેને હું ઇનામ આપીશ. નદીને કાંઠે મુએલા સિંહને એક સિપાઈએ જોયો. આનંદ માટે તેણે તેના નખ લઈ લીધા. પછી એક રજપૂત ત્યાં પહોંચ્યો. તેણે નાક, હોઠ કાપી લીધાં. સૌ પહેલાં સિપાઈ રાજા પાસે ગયો અને વધાઈ આપી કે મેં સિંહને માર્યો છે. એનો પુરાવો આ નખ છે. એવામાં રજપૂતે આવી કહ્યું કે સિંહને તેણે માર્યો છે એનો પુરાવો આ નાક, હોઠ છે. મને ઇનામ આપો. એ વખતે પારધીઓ સિંહના મૃતદેહને ઢસડીને લાવ્યા. રાજાએ તેને ધારીને જોયો. તેનાં કાન, પૂંછડું દેખાતાં નહોતાં. રાજા એ જોઈને સમજી ગયો. સિપાઈને તેણે કહ્યું કે તું સિંહના નખ લાવ્યો છે, તો બીજી એંધાણી રજપૂત લઈને આવ્યો છે. પરંતુ તેનું નાક, પૂછડું નથી તો તે તમારી પાસે હોય તો લાવો. વાત ચારે બાજુ ફેલાઈ ગઈ. સાચાને જ ઇનામ મળશે. લોભને કારણે જે કૂડ કરશે તેના મોંમાં ધૂળ પડશે. રાજાએ તપાસ કરાવી કે જેની પાસે કાન, પૂંછડું હોય તે લઈને આવે.

ધનદેવે બજારમાં સિંહની વાત સાંભળી. તે એંધાણી લઈ રાજદ્વારે પહોંચ્યો તેની વાત સાંભળી સિપાઈ કટાક્ષમાં બોલવા લાગ્યો કે વણિક બિચારો સિંહને શા માટે મારે ? રજપૂત અને સિપાઈ બંને કહેવા લાગ્યા કે રજપૂત અને સિપાઈ જ યુદ્ધમાં લડે, બીજા ભાગી જાય. રાજાએ રજપૂતને કહ્યું કે સિપાઈની વાત સાંભળો.

રાજાએ ત્રણેને કાજી પાસે જઈ ન્યાય કરાવવા મોકલ્યા. કાજીએ સિપાઈને સઘળી વાત કરવા કહ્યું. સિપાઈએ કહ્યું કે મેં સિંહને ઊભો કરીને માર્યો. સિંહે આંખો કરડી કરી ત્રાડ નાંખી. મેં પણ ડર્યા વગર તેનો સામનો કર્યો. વાણિયો એ જોઈને નાસી ગયો. સિંહ ઊંધે માથે પડ્યો. બંને પગ ઊંચા રહી ગયા. તેનું પૂંછડું નીકળી ગયું. કાજી હસી પડ્યા. સિપાઈને લાગ્યું કે હવે ઇનામની આશા નથી તેથી તે ત્યાંથી જતો રહ્યો.

પછી રજપૂતને બોલાવી કાજીએ પૂછ્યું. તેણે કહ્યું કે જેવો સિંહ મોં ફાડીને દોડતો આવ્યો કે તરત જ મેં તેના મોઢામાં ડૂચો મારી દીધો. તલવારથી તેને મારી આ નિશાની લઈને સીધો જ અહીં આવ્યો છું. રજપૂતે કહ્યું કે આ સિપાઈ મારા કામમાં આડી ટાંગ નાખે છે. કાજીએ થોડા વધુ પ્રશ્નો પૂછતાં રજપૂત મૂંઝાયો. તે પણ સિપાઈની જેમ જતો રહ્યો. પછી વણિકપુત્રને બોલાવ્યો. કાજીએ તેને સિંહને કેવી રીતે માર્યો એમ પૂછતાં તેણે સઘળી વાત માંડીને કહી. તેણે કહ્યું કે સિંહને મરેલો જાણી તેનાં કાન અને પૂંછડી કાપી લીધાં. તેનો મેં જરૂર પડ્યે કામ આવશે એમ માની સંગ્રહ કર્યો. વણિક તો અગમબુદ્ધિ કહેવાય. વણિકે કહ્યું કે સિંહને માર્યાની નિશાની મેં રાખી છે. કાજીએ ચુકાદો આપ્યો કે વણિકે જ સિંહને માર્યો છે. કાજીએ વસુપાલ પાસે જઈ ન્યાય કર્યો. રાજા રાજી થયો. રાજાને શેઠ વિના ક્ષણ પણ ચાલતું નહોતું.

રાજાને મૃગાવતી નામે એક પુત્રી હતી. તે અત્યંત સ્વરૂપવાન હતી. એક વખત તે સહેલી સાથે વનમાં ગઈ. ત્યાં એક મદોન્મત્ત હાથીએ આવી મૃગાવતીને સૂંઢમાં પકડી ભાગ્યો. તરત જ તેની સહેલીએ રાજા સમક્ષ જઈ એ વાત કરી. તરત જ રાજા તેને બચાવવા દોડ્યો. તેની સાથે ધનદેવ પણ ગયો. બધા જ્યાં હાથી હતો ત્યાં પહોંચ્યા. શેઠ ઘોડાને છોડી દઈ વૃક્ષ ઉપર ચઢી ગયા. હાથીને બધી દિશાએથી ઘેરી લીધો. હાથી વૃક્ષ નીચે આવ્યો કે તરત જ વણિકપુત્રે કૂદકો મારી હાથીને અંકુશમાં લીધો. હાથીએ સૂંઢ ઊંચી કરી ત્યારે ઝડપથી તેને પકડી લઈ શેઠે મૃગાવતીને પોતાની પાછળ બેસાડી દીધી. રાજા અને રૈયતે શેઠનો આદર કર્યો.

મૃગાવતીએ ઘેર આવી માતાને કહ્યું કે શેઠે મને જીવતદાન આપી ઘણો ઉપકાર કર્યો છે. આ ભવમાં તો તે જ મારો ભરથાર. રાણીએ રાજાને વાત કરી. રાજાએ વણિકપુત્રને બોલાવી પોતાની પુત્રી સાથે પરણવા કહ્યું. તાત્કાલિક લગ્ન લેવાયાં. રાજાએ ધનદેવને અર્ધું રાજ્ય પણ આપ્યું. ધનદેવે માતાપિતા અને ભાઈને પણ તેડાવી લીધાં. પરંતુ રાજપુત્રી તેમની સેવા કરતી નહોતી. ઊલટાની કેટલીકવાર તો તેમની ઠેકડી કરતી. તે જોઈને ધનરાજે તેને વિચારીને વેણ બોલવા કહ્યું. આથી દિયર પ્રત્યે તેને ગુસ્સો આવ્યો. તેણે પતિ સમક્ષ ખોટી ફરિયાદ કરી. તેને ઉશ્કેરતાં કહ્યું કે તમારો ભાઈ રાજ્યના લોભે તમને મારશે. આ અંગે તે પિતા સાથે બેસીને વાત કરતો રહે છે. તે સાંભળીને મને ગુસ્સો ચડ્યો છે.

ધનદેવે સ્ત્રીનાં વચન સાંભળી નાના ભાઈને ઘરમાંથી ચાલ્યા જવા કહ્યું. એ સાંભળી ધનરાજને દુઃખ થયું. હવે ઘરમાં રહેવું ઉચિત નથી એમ માની તે નીકળી ગયો. સાસુ-સસરા પણ ખૂબ દુઃખી થયાં. તેમની આંતરડી કકળતી હતી. તેના પાપને કારણે મૃગાવતીને કોઈ સંતાન ન થયું. ધનદેવ પોતાનો પુત્ર ખરો પરંતુ કામી પુરુષ સ્ત્રીનો દાસ હોય છે. તે પુરુષ માતાપિતાનો પણ

ઉપહાસ કરે છે. ધનપાલ અને ધનવતી આમ દુઃખ ધરતાં હતાં. ધનદેવના સાળા હેમરાયને કુષ્ઠ રોગ હતો. તેણે જક્ષની માનતા રાખી મટાડ્યો હતો. સાળાના મુખેથી એ વાત સાંભળીને ધનદેવ પણ પોતાનો ઉત્પાતનો રોગ મટાડવા મૃગાવતીની સાથે જક્ષ મંદિરે ગયો. જઈને તેઓએ જેવા હાથ જોડ્યા કે તરત જ કમાડ બંધ થઈ ગયાં. તે ન ઊઘડતાં ધનદેવ હાથ જોડીને વિનંતી કરવા લાગ્યો. ત્યારે જક્ષરાજે કહ્યું કે જેણે પાળીપોષીને મોટા કર્યા તેને દુઃખ આપે તે પાપી ગણાય. માતાપિતા, મોટાભાઈ અને ગુરુ તો તીર્થ સમાન હોય છે. જક્ષે ધનદેવને કહ્યું કે તારા જેવો બીજો કોઈ પાપી નથી. આ ભવે તો આટલાં દુઃખ છે, પરંતુ આવતા ભવે બહુ હીન અવતાર આવશે. હજી પણ જો સુખ જોઈતું હોય તો માતાપિતાની ભક્તિ કરો. જક્ષનાં વચન સાંભળી ધનદેવે ઘેર આવીને ભક્તિ શરૂ કરી. તે તેમની પગચંપી કરતો, પ્રસાદી તરીકે તેમનું એઠું ભોજન લેતો. આથી માતાપિતા રાજી થયાં. તેમની આશિષથી ધનદેવનો રોગ ટળી ગયો. એક દિવસ મૃગાવતીએ આહાર લેતી વખતે ખરડાયેલ સાસુના વસ્ત્રને ધોઈ આપતાં તેણે પ્રસન્ન થઈ મૃગાવતીને મનોવાંછિત પૂરાં થવાની આશિષ આપી. સાસુના આશીર્વાદથી મૃગાવતીને ઓધાન રહ્યા. સમય થતાં તેને એક પુત્ર થયો. તે મૃગાપુત્ર ઉંમરલાયક થતાં આઠ સ્ત્રીઓને પરણ્યો. એવામાં એક વખત ત્યાં એક મુનિ આવ્યા. ધનદેવ તેમને વંદન કરવા ગયો. ગુરુની દેશના સાંભળીને સંયમ ગ્રહણ કરવાનો નિર્ણય કર્યો. મૃગાપુત્રને રાજ્ય સોંપી તેમણે સંયમ દીધો. પૂર્ણ આયુષ્ય ભોગવીને તેણે નર અવતાર લીધો. પિતા ધનપાળ વૈતાઢ્ય પર્વત પર જન્મ્યા. સોમજસ રાજાની પટરાણી કમળી લક્ષ્મી જેવી સ્વરૂપવાન હતી. સોમદેવ તેનો પુત્ર. તે યુવાન થતાં પચાસ સ્ત્રીઓ સાથે પરણ્યો. તે સુખમાં રાચતો હતો એવામાં જશકીર્તિ નામે એક જૈનમુનિ ત્યાં આવ્યા. સોમજસ રાજા આનંદપૂર્વક તેમને વંદન કરવા ગયા. પોતાના પૂર્વભવ વિશે કહેનાર મુનિ પણ તેમની સાથે ગયા. મુનિએ દેશના આપી. એ સાંભળી સાંભળનાર મુનિને વૈરાગ્ય ઊપજ્યો. તેમણે સંયમ ગ્રહણ કર્યો. માતાએ કહ્યું કે પદ્મિનીને પરણ્યો છે તો યુવાનીનું સુખ ભોગવી કુળવેલ વધાર. વૃદ્ધ થયા પછી સંયમ ગ્રહણ કરજો. ખાવાપીવાનું ઠેકાણું નહીં, ટાઢતાપ સહન ન થાય. વળી તું તો રાજકુમાર છે. એ સાંભળી કુંવરે કહ્યું કે માતાજી દયા કરીને સંયમ ગ્રહણ કરવાની આજ્ઞા આપો. રાજપુત્રને આપી માતાપિતા અને પચાસ સ્ત્રીઓ એમ કુલ ૫૩ જણે સંસાર છોડીને સંયમ ગ્રહણ કર્યો. પાંચ વર્ષ વીતી ગયાં. પિતા સ્વર્ગે સિધાવ્યા. સોમદેવે પૂર્વભવ કહ્યો.

હવે બે પુત્રો-ધનદેવ અને ધનરાજની વાત. ધનદેવ ત્યાંથી ચ્યવીને વિજયસેન નામના રાજાને ત્યાં સુતજય નામે જન્મ્યો. જુવાન થતાં અનેક સુંદર કુંવરીઓને પરણ્યો. ધનદેવની પૂર્વભવની પત્ની મૃગાવતી તિલકપુરના તિલકશેખર રાજાની રાણી તિલકસુંદરીને પેટે કનકાવતી નામે પુત્રી થઈને અવતરી. તે યુવાન થતાં ઇચ્છાલગ્ન કરવા ભવ્ય મંડપની રચના કરી. દેશવિદેશના રાજાઓને ભાગ લેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યાં. મંડપની વચમો રાધાસ્તંભ રોપી તેની ઉપર પૂતળી બેસાડી કે જે અવળાસવળા આંટા ફરતી હતી. નીચે કુંડીમાં જળ ભરેલું હતું. જે વ્યક્તિ પાણીમાં જોઈને પૂતળીની આંખ વીંધે તેને પોતાની પુત્રી પરણાવવાનું જાહેર કર્યું.

નિમંત્રિત રાજાઓ પધાર્યા. મનમાં ચિંતા હતી કે આંખ ન વીંધાય તો કોઈ હાંસી કરે. એવામાં જયનૃપ નામનો ધનુર્વિદ્યાનો જાણકાર રાજા ઊભો થયો. એ વખતે કન્યાના પિતાએ જાહેર કર્યું કે જેને હોંશ હોય તે ઊભા થાવ. આવો અવસર ફરી નહીં મળે.

રાજાનાં વચન સાંભળી આવેલા રાજાઓ વિચારવા લાગ્યા કે જો કાર્ય સરશે નહીં તો સહુની લાજ જશે. બધા રાજા વિચારતા હતા કે જયનૃપ હોંશિયાર છે. બોલશે તે પાળશે. જયનૃપે સહુને પ્રણામ કરી સ્તંભ પાસે આવી જળની કુંડી ભરી હતી ત્યાં ઊભા રહી ધનુષ્ય ચડાવી પાણીમાં પ્રતિબિંબ જોઈ બાણ છોડતાં પૂતળીની ડાબી આંખ વિંધાઈ ગઈ. એ જોઈ કન્યાને આનંદ થયો. તિલકશેખર રાજાને થયું કે પોતાનું કાર્ય સિદ્ધ થયું છે. જયનૃપ રાજા તિલકાવતી (કનકાવતી) સાથે પરણ્યો. રાજાએ તેને ઘણો દાયજો આપ્યો. કનકાવતીને પરણી જયનૃપ અવંતીનગરી આવ્યો. રાજાએ તેને પટરાણી તરીકે સ્થાપી. ધનદેવનો પૂર્વભવનો લઘુબંધુ જક્ષનો જીવ થયો. જયનૃપ રાજાને સંતાન ન હોવાથી સમરસેન નામે તેનો ભાણેજ રાજ્ય ચલાવતો. રાજા તો રાણીની સાથે આનંદપ્રમોદ કરતો. રાજાને સંતાન ન હોવાથી તે મેળવવા ઘણાં દેવદેવીઓને તે માનતો. એમ કરતાં એક દિવસ એક યોગી આવ્યો. તેની સમક્ષ રાજા-રાણી હાથ જોડીને ઊભાં રહ્યાં. યોગીએ તેમને દિલગીરીનું કારણ પૂછ્યું. રાજાએ સંતાન નહીં હોવાના દુઃખ વિશે કહ્યું. યોગીએ કહ્યું કે તેં માતાપિતાને પૂર્વભવમાં સંતાપ્યાં હોવાથી તારા ભાગ્યમાં સંતાન નથી. રાજાએ કહ્યું કે ગમે તેમ કરી વાંઝિયા-મહેણું ટાળો. યોગીએ સંતુષ્ટ થઈને તેના હાથમાં પાવડી આપતાં કહ્યું કે પાવડીના એક જ ઘાથી પાકું ફળ પાડજે. પાવડી લઈ રાજા બાગમાં ગયો. આંબાનું ફળ જોઈ તેણે પાવડી ફેંકી. એક કાચી કેરી પડી. તે લઈને રાજા ગુરુ પાસે આવ્યો ગુરુએ કહ્યું પુત્રી થશે. તારી રાણીની આશા ફળશે.

રાજા ફળ લઈ દરબારમાં આવ્યો અને રાણી તિલકાવતીને તે આપ્યું. તેણે કહ્યું કે તેનાથી સંતાન થશે. રાણીએ ફળ લઈને ખાધું. થોડા વખત પછી તેને ગર્ભ રહ્યો. રાજ્યના લોકો પણ હરખ્યા પણ રાણીની શોક્યો ન હરખી. પરંતુ વિધિના લખ્યા લેખને કોણ મિથ્યા કરી શક્યું છે.

જયનૃપ રાજા પૂર્વભવમાં ધનદેવ રાજા હતો. તેણે પોતાના એક સેવક ઉપર મૃગાવતીના હાથનું કંકણ ચોરવાનો આરોપ મૂકી

તેને મારી નાખ્યો હતો. સેવક મરીને સર્પ થયો. રાજા પોતાના મહેલમાં સૂતો હતો તે વખતે જઈને તેને પેલો સર્પ પૂર્વભવનું વેર વાળવા ડસ્યો. રાણીએ રાજાને ડંખ મારતા સર્પને જોયો. રાજા મૂર્છિત થઈ ગયો. આખા શરીરે ઝેર વ્યાપી ગયું. શરીર લીલું પડી ગયું. તિલકાવતી ઘણું રડતી હતી. મંત્રતંત્ર જાણનાર ગારુડીઓને બોલવવામાં આવ્યા. અનેક ઉપાય કરવા છતાં રાજા મૃત્યુ પામ્યો. બધા વિચારવા લાગ્યા કે રાજાને પુત્ર નથી રાજ્ય કેવી રીતે ચાલશે. રાણી ગર્ભવતી છે અને પુત્રને જન્મ આપે ત્યાં સુધી ભાણેજને રાજ્ય આપવાનું નક્કી થયું. એ મુજબ સમરસેનને રાજ્ય આપ્યું તે રૂડી રીતે રાજ્ય કરવા લાગ્યો. એવામાં એક વખત એક જ્યોતિષીને બોલાવી સમરસેને ગુપ્ત વાત પૂછી કે પોતાની મામી ગર્ભવતી છે. જો તેને પુત્ર જન્મશે તો તે મારી પાસેથી રાજ્ય લઈ લેશે. તો મારું માન રહે એવો કોઈ ઉપાય સૂચવો. જ્યોતિષીએ કહ્યું કે તેની મામી પુત્રીને જન્મ આપશે. તે મોટી થશે ત્યારે તેનો પતિ તને મારીને રાજ્ય લઈ લેશે. સમરસેને કોઈ ઉપાય કરવાનું વિચાર્યું. તેણે જ્યોતિષીને અન્નવસ્ત્ર આપી વિદાય કર્યો.

સમરસેને વિચારીને પોતાના પ્રધાનને બોલાવ્યો. તેને જ્યોતિષીએ ભાખેલા ભવિષ્યની વાત કહી કોઈ ઉપાય બતાવવા કહ્યું. પ્રધાને રાણીને મારી નાખવાનો ઉપાય સૂચવ્યો જેથી પુત્ર કે પુત્રી કંઈ ન થાય. પ્રધાને મામી સાથે માયા કેળવી વિશ્વાસ ઊભો કરી ખતમ કરી નાખવાની યોજના બતાવી. સમરસેને મામીને ત્યાંથી વીસ ગાઉ દૂર આવેલ અંબાજીની જાત્રા કરી આવવા કહ્યું કારણ કે તે રાજાની કુળદેવી હતી. તેને પ્રસવ પણ આસાન થઈ જશે.

રથ તૈયાર કરવામાં આવ્યો. પૂજાસામગ્રી સાથે લઈ રાણીને રથમાં બેસવા કહ્યું. એક દાસી અને ચાર ખવાસ સાથે મોકલ્યા. ખવાસને સમજાવવામાં આવ્યા હતા કે રાણીને ખતમ કરી નાખવાની છે. રથ લઈ ગાઢ વનમાં ગયા. રાણી લઘુશંકા માટે નીચે ઊતરી કે તરત જ ખવાસોએ તેની હત્યા કરી. માથું ધડથી જુદું થઈ ગયું. બનાવને જોઈ દાસીએ કહ્યું કે તમે અન્યાય કર્યો છે. પછી ખવાસોથી ડરીને તેણે કહ્યું કે આમાં તમારો વાંક નથી. તમે તો રાજા કહે એટલું કરો. સમરસેનને વધામણી આપવામાં આવી કે તેણે સોંપેલું કામ પૂર્ણ થઈ ગયું છે. રાજા તે સાંભળી આનંદ પામ્યો. પોતાનું રાજ્ય અવિચળ થયેલું જાણી તે નિશ્ચિંત થયો.

કનકાવતી રાણીને મારીને ખવાસ ચાલ્યા ગયા. મરતી વેળાએ જ તેણે પુત્રીને જન્મ આપ્યો. બે પગ વચ્ચે કપડામાં તે બચી ગઈ. રાણી મરીને તે વ્યંતરી દેવ થઈ. તરતની જન્મેલી બાળકીની સેવા કોણ કરે એમ વિચારી વ્યંતરીએ તેને ઉપાડી લીધી. નારીનું રૂપ ધરી તે બાળકીને ધવરાવતી. એમ કરતાં બાળકી મોટી થઈ. તેનું નામ આપમુખી પાડવામાં આવ્યું. તે હરણાંની સાથે રમતી.

કેવળીના મુખથી પૂર્વભવનો વૃત્તાંત સાંભળ્યો. તિલકાવતી (કનકાવતી) વ્યંતરીએ ત્રણ પ્રદક્ષિણા કરીને ગુરુને પ્રશ્ન કર્યો કે પોતાની પુત્રીનો ભરથાર કોણ થશે ? કેવળીએ કહ્યું કે તેનો પતિ તેનો મનનો માનેલો હશે. તેણે ઉદ્યાનમાં જોયેલો પુરુષ જ તેનો પતિ થશે. એ પુરુષની વિગત કહેવા ગુરુને કહ્યું ત્યારે તેમણે તે પુરુષનું નામ તેજસાર હશે. તેની માતા પદ્મવતી તેજસારને નાનો મૂકીને મરી ગઈ. અપરમાતાએ રાજાને ભંભેરીને તેજસારને દેશવટો અપાવ્યો. પછી તે આઠ સ્ત્રીને પરણ્યો હશે. બંગાળામાં ચંપાપુરીમાં તે સ્થિર થયો હશે. ત્યાંના રાજા વિજયકેસરી તેજસારનો સસરો થતો હતો. તેને કોઈ પુત્ર ન હોવાથી પોતાની પુત્રી તેજસાર સાથે પરણાવી તેને રાજ્ય આપ્યું. કેવળીએ કહ્યું કે આપમુખીએ જે નરને જોયો તેનાથી તેને હર્ષ થયો.

વ્યંતરીએ તેજસારને કહ્યું કે કેવળીના કહેવાથી તારી સાથે પુત્રી પરણાવવાનો વિચાર કરીને તું જ્યાં હતો તે ચંપાપુરીમાં આવી અવસ્વાપિની વિદ્યાથી તને ઊંઘમાં નાખી અહીં લાવી. તેજસારે પૂર્વનો બધો વૃત્તાંત સાંભળ્યો. જ્યારે રાત્રિની પાછલી ચાર ઘડી બાકી રહી ત્યારે આપમુખી ઊઠી. ઘરનું કામકાજ પતાવી તે વનમાં પશુ ચારવા ગઈ. વનમાં પશુ ચરાવતાં તેનું ડાબું અંગ ફરકતાં શુકન થયાનું લાગ્યું. સજ્જન સાથે મેળાપ થશે એમ વિચારતી તે ઝડપથી ઘેર આવી. ઘરમાં આવતાં જ તેણે માતાની પાસે પલંગ ઉપર કુમારને બેઠેલો જોયો. બંનેએ એકબીજાંને જોયાં. કુમારે મૃગલાંની સાથે જે નાઠી હતી તે કુમારિકાને જોઈ. તેને જોઈ તેણે વિચાર્યું કે આ મૃગનયણી ખરી. તેમાં સંદેહ નથી. માતાએ પુત્રીને પૂછ્યું કે હવે તો તારું મન માન્યું ને ? કન્યાએ હા પાડીને કહ્યું કે આ પુરુષ જ મારો જીવનપ્રાણ છે. વ્યંતરી રૂપે રહેલી તિલકાવતી (કનકાવતી)ને આનંદ થયો. વિદ્યાબળે તેણે અનુપમ આવાસ બનાવ્યો. ખાવાપીવાની વ્યવસ્થા કરી.

વ્યંતરીએ બ્રાહ્મણને ત્યાં જઈ મુહૂર્ત જોવડાવ્યું. બ્રાહ્મણે મુહૂર્ત જોઈ આપતાં સુદ નોમનાં લગ્ન લેવાયાં. તેણે ઘેર આવી લગ્ન મહોત્સવ આરંભ્યો. વ્યંતરીને એક વસવસો એ હતો કે વરની તરફેણમાં કોઈ ન હોવાથી કોની સાથે બોલવું ? જો વેવાણ હોય તો તેની સાથે વાત પણ થાય. એવામાં આકાશથી એક ડોસી ઊતરી આવી. પુણ્યવંત જીવ જેનો વિચાર કરે તે જરૂર મળી આવે.

આકાશમાંથી ઊતરેલી ડોશીએ તેજસારનાં ઓવારણાં લીધાં. પુત્ર મળ્યાના આનંદથી તેને ભેટી. તે વખતે તિલકાએ તેને પૂછ્યું કે તે તો દેખાવે માનવી છે. તો તારો પુત્ર કેવી રીતે થાય. પ્રત્યુત્તરમાં ડોશીએ કહ્યું કે હું કાશી દેશના વારાણસીના રાજા વીરસેનની પટરાણી પદ્મવતી છું. મારે પેટે આ તેજસાર અવતર્યો

છે. એ સાત વરસનો થયો ત્યારે હું મૃત્યુ પામેલી. પછી વ્યંતર કુળમાં જન્મી. પણ પુત્રને જોવાની મનમાં ઇચ્છા રહી ગઈ. તેને જોવા તે રાજ્યમાં ગઈ તો તે ત્યાં નહોતો. પણ કોઈક દિવસ પણ તેજસારનો મેળાપ થશે એમ રાતદિવસ વિચારતી હતી. પુત્રને મળવા મન ટળવળતું હતું એટલામાં ત્યાં એક કેવળી આવ્યો. તેમની દેશના મેં સાંભળી. વળી, દેવે નાટારંભ માંડ્યો. પંચશબ્દ વાજાં વગાડ્યાં. એ સાંભળીને હું ત્યાં ગઈ. ગુરુને વંદન કર્યાં, તેમની પ્રદક્ષિણા કરી. જ્ઞાનીએ મનની વાત પહેલેથી જ કહી દીધી કે હું પૂર્વજન્મના પુત્રની જાણકારી મેળવવા માંગું છું. કેવળીએ કહ્યું કે તારો પુત્ર તેજસાર બંગાળ દેશમાં ચંપાપુરીમાં આઠ રાણીઓ સાથે આનંદ કરે છે. તે પોતાના મહેલમાં સૂતો હતો તે વખતે માલવપતિની રાણી તિલકાવતી હતી તે ગર્ભવતી થઈ. તેનો પતિ મૃત્યુ પામતાં ભાણેજ સમરસેનને રાજ્ય સોંપ્યું. રાજ્યલોભે મામીને મારી નાખી. તે મરીને વ્યંતરી થઈ. મરણ સમયે તેણે પુત્રીને જન્મ આપ્યો તે આપમુખી તરીકે ઓળખાઈ. તે જુવાન થતાં તેજસારનું ચંપાપુરીથી અપહરણ કરીને વ્યંતરી પોતાની પુત્રી આપમુખીને તેની સાથે પરણાવશે. કેવળીના મુખથી આવા બોલ સાંભળી પદ્માવતી માલવાની અટવીમાં આવી. પુત્રનો સોળ વર્ષ બાદ મેળાપ થયો. તેજસાર પણ માતાની વાત સાંભળી આનંદ પામ્યો. બંને વેવાણ મળી. પુત્રી પણ પગે લાગી. તિલકાવતીનું મન પણ આનંદ પામ્યું.

હવે તે બંને વ્યંતરી મનમાં ઘણો ઉલ્લાસ ધરતી હતી. સુંદર બાગબગીચા, આવાસ વગેરેની રચના કરવામાં આવી. નવું નગર પણ વસાવવામાં આવ્યું. તેનું નામ તેજલપુર રાખવામાં આવ્યું. બધા જ પ્રકારના કારીગરો પોતપોતાની કલા તે નગરમાં રહીને પ્રદર્શિત કરતા હતા.

બંને વ્યંતરી એમ વિચારતી હતી કે માનવ-ભવ પામીને પોતાના હાથે કોઈને પરણાવીને મનોરથ પૂર્ણ કર્યો નથી. હવે પોતાને હાથે પુત્ર-પુત્રીને પરણાવીએ. સાત દિવસનો ઉત્સવ રચાયો. એવામાં ત્યાં એક અવંતીવાસી આવ્યો. ગંગા જઈને ભૂલો પડવાથી પાછો આવ્યો. જેવો તે અટવીની મધ્યમાં આવ્યો ત્યારે તેણે એક સ્ત્રીને જોઈ. તેણે નગર જોઈ વિચાર્યું કે આ અલકાનગરી હશે કે લંકાનગરી ? તેણે લોકોને પૂછ્યું કે આ નગરીનું નામ, તેના રાજાનું નામ શું છે ? ભોળા બ્રાહ્મણને શંકા પડી કે રખે આ કોઈ પ્રેત-વ્યંતર હોય કે પછી રાક્ષસ પણ હોય. જો એમ હોય તો જીવ બચાવવો મુશ્કેલ બનશે. તે મનમાં બહી ગયો. નગરીના લોકોએ તેને પૂછ્યું કે તું કોણ છે ? અને ક્યાંથી આવ્યો છે ? કે પછી તું ભૂલો પડ્યો છે ? લોકોનાં વચન સાંભળી બ્રાહ્મણે કહ્યું કે અહીંથી સો કોસના અંતરે આવેલ અવંતીનગરીનો જપનૃપ રાજા જે પ્રજાપાલક હતો તેને નાગે દંશ દીધો તેથી તે મૃત્યુ પામ્યો. તે વખતે તેની રાણી કનકાવતી ગર્ભવતી હતી. તેથી તેને પુત્ર પ્રસવશે તો રાજા થશે એવા ખ્યાલથી તત્કાળ તેના ભાણેજને રાજગાદી આપવામાં આવી. પછી ભાણેજે વિચાર્યું કે જો મામીને પુત્ર થશે તો મારું રાજ્ય છિનવાઈ જશે. તેથી તેણે મામીની હત્યા કરાવી. ભાણેજ સમરસેનના રાજ્યથી પ્રજા ત્રાસી ગઈ. તેથી હું પણ તીર્થજાત્રાએ નીકળી ગયો. મારું નામ ગંગાધર છે. હું આ અટવીમાં ભૂલો પડ્યો. આ વનમાં નગરી જોઈ અહીં આવ્યો. બ્રાહ્મણની વાત સાંભળી લોકો રાણી પાસે લઈ ગયા. રાણીએ ગોરને ઓળખી તેના નામથી બોલાવ્યો. ગોરે કોણ પરણે છે એમ પૂછ્યું. વ્યંતરીએ જવાબમાં કહ્યું કે સમરસેને રાણીને મારી તે હું વ્યંતરી થઈ. મરતી વખતે રાણીએ પુત્રીને જન્મ આપ્યો તેને મેં પાળીપોષી મોટી કરી. તેને હવે તેજસાર સાથે પરણાવું છું. હે બ્રાહ્મણ, તમે સમયસર આવ્યા. તમારા રાજાની પુત્રી આપમુખી તેજસારને પરણી તેજલપુરનું રાજ્ય કરશે. બ્રાહ્મણનો વૃત્તાંત સાંભળી તેને રહેવા સગવડ આપી. તે જંગલમાં મનગમતી રસોઈ પામ્યો.

પરણવા આવેલા વરરાજાએ ધારણ કરેલા અલંકારો અદ્‌ભુત હતા. નગરના લોકો વરરાજાને જોવા ટોળે વળ્યા. વરકન્યાની જોડી સુંદર લાગતી હતી. કન્યાદાન દેવામાં આવ્યું. વરરાજા પરણીને નિજ મહેલમાં ગયા. ગોરે જવાની રજા માગી. અવંતીનગરી આવ્યા. સ્વજનોને સઘળી વાત કરી.

વ્યંતરીએ સઘળી વાત કહી. તેની વાત સાંભળી બધાને આનંદ થયો. રાજ્યના લોકોને આનંદ થયો. તેજસાર રાજા પરદેશમાં એકલો છે એમ વિચારી તેની પાસે એક પ્રધાનને હાથી, ઘોડા અને પાયદળ સહિત રવાના કર્યો. સાથે સારી એવી રકમ પણ આપવામાં આવી. ચાલતાં ચાલતાં તે સૌ એક મહિને તેજલપુર પહોંચ્યા. તેજસાર બધાને ભેટ્યો.

કપિલપુરમાં મદન અને મોરાર નામના બે અશ્વના સોદાગરો વસતા હતા. તેઓ હાથી, ઘોડા, ઊંટ, બળદ વગેરે લઈને વેપાર કરવા નીકળ્યા છે. સોદાગરોએ અવંતીના રાજા સમરસેનની પ્રશંસા સાંભળી હતી કે તે ઘણા ઘોડા મોંમાંગ્યા દામ આપી ખરીદે છે. તેથી તેઓ દક્ષિણ દિશામાં ચાલ્યા. રાત્રિના સમયે તેઓ ભૂલા પડ્યા. જંગલ પૂરું થયા પછી એકવીસ જોજન પસાર કરીએ તો અવંતીનગર આવે. આમ તેઓ ચિંતા કરતા હતા. એવામાં તેમણે એક માણસને જોયો. તેને દૂરથી સાદ કર્યો. એ સાંભળીને તે પાસે આવ્યો. સોદાગરોએ તેને રસ્તો પૂછ્યો. તે માણસે કહ્યું કે દોઢ ગાઉ પર તેજલપુર નામનું ગામ છે. તે ગામમાં જો પૈસા હોય તો જે જોઈએ તે મળે છે. રસ્તો જાણીને બંને સોદાગરો તેજલપુર પહોંચ્યા. મદન અને મોરારે એક સરસ અશ્વ રાજાને ભેટ ધરીને રાજાને જુહાર કર્યા. રાજાએ તેમની આગતાસ્વાગતા કરી સીધુંસામાન આપીને કહ્યું કે જમીને અહીં પાછા આવજો. રાજાએ જે કામ હોય તે કહેવા કહ્યું. સોદાગરોએ બીજા હાથીઘોડા પણ રાજાને વેચ્યા. લગભગ અડધા તો ત્યાં જ

વેચાઈ ગયા. પછી તેઓ અવંતી આવ્યા. તેઓ સમરસેનને મળ્યા. તેને પણ વિવેકથી ભેટ આપી. સોદાગરે રાજાને કહ્યું કે તમારે માટે અશ્વો લાવ્યા છીએ. તેની કિંમત કરીને રાખો. રાજાએ અર્ધી કિંમતે ઘોડાની માગણી કરી. સોદાગરોએ ના પાડી. તેમણે વિચાર્યું કે તેજલપુરમાં વેચ્યા નહીં કારણ કે અવંતીની મોટી આશા હતી. તેમણે સમરસેનને કહ્યું કે અટવીમાં એક તેજલપુર કરીને ગામ છે. સમરસેન વાત સાંભળીને વિસ્મય પામ્યો.

સોદાગરના મુખેથી તેજસારનાં વખાણ સાંભળી સમરસેને કહ્યું કે કિંમત પ્રમાણે મેં રકમ આપી છે. વધારે કેવી રીતે આપી શકાય ? તમે ઠગાઈ કરવા ભેટ ધરો છો તે હું જાણું છું. આમ કહીને રાજાએ સોદાગરોએ ધરેલી ભેટ પાછી આપી. પરદેશીઓ મોઢું બગાડીને પાછા વળ્યા. તેઓ નિસાસા નાખવા લાગ્યા. પાછા વળતાં તેઓ તેજસાર પાસે ગયા. તેજસારે વાટખર્ચી આપી. સોદાગર આનંદ પામ્યા.

સમરસેને તરત જ કેટલાક નિષ્ણાત અસવારોને બોલાવીને કહ્યું કે વનમાં તપાસ કરો. મારી આણ લોપીને વગર પૂછ્યે અટવીમાં કોણ રહે છે ? તપાસ કરીને તરત જ પાછા વળજો. તેનું નામઠામ વગેરે પણ મેળવી લાવજો. અસવારો તપાસ કરવા નીકળ્યા. ફરતાં ફરતાં તેઓ વનમાં પહોંચ્યા. ત્યાંથી તેઓ એક નગર પાસે આવ્યા. નગરની બહાર ઘણા બાગબગીચા હતા. બંને અસવારોએ ગુમ ઉતારો કર્યો. પગે ચાલતા નગરમાં ફર્યા. જમીને બંને જણાએ તપાસ શરૂ કરી. નગરીનું નામ તેજલપુર હતું. તેમાં તેજસાર રાજા રાજ્ય કરતો હતો. તેના ઘરમાં જયસેન રાજાની પુત્રી હતી. અવંતીના રાજાની રાણી તિલકાવતીને તેના ભાણેજે મારી નાખી રાજ્ય લઈ લીધું હતું. પરંતુ ભાગ્યયોગે મામીનો ગર્ભ જીવતો રહી ગયો હતો. તે ગર્ભ છોકરીનો હતો. તે છોકરી મોટી થતાં રાજા તેને પરણ્યો. અટવીમાં તેણે નગર વસાવ્યું હતું. બંને બાજીગર અસવારો પાછા આવ્યા. પોતાના રાજાને સઘળી વાત કરી. તેમણે કહ્યું કે તમારાં મામીની અને મામા જયસેનની પુત્રીને તે પરણ્યો છે.

એ સાંભળીને રાજાએ વિચાર્યું કે કાં તો ખવાસોએ મને છેતર્યો છે અથવા તો રાણીને જીવતી છોડી દીધી છે. ચારેય ખવાસને તેડીને રાજાએ ધમકાવ્યા કે મારું કામ તમે ખલાસ કરી નાખ્યું. તમે મારી સાથે વિશ્વાસઘાત કર્યો છે. હવે મારી લાજ કેવી રીતે રહેશે. પ્રત્યુત્તરમાં ખવાસોએ કહ્યું કે અમારો કોઈ વાંક નથી. રાજાએ કહ્યું કે તમે રાણીને મારી, પણ તેની પુત્રીને જીવતી રાખી. તે પુત્રી તેજસારને પરણી. જ્યોતિષીએ ભવિષ્ય ભાખ્યું છે કે તેનો પતિ સમરસેનને મારશે. સમરસેને ખવાસોને કહ્યું કે મામીને તેના ગર્ભનો નાશ કરવા અર્થે જ મારી. તો પછી તેના ગર્ભને તમે જીવતો કેમ રાખ્યો ? તેને કારણે મારો વેરી તમે ઊભો કર્યો છે.

ખવાસોએ કહ્યું કે અમે અમારા હાથે તમારી મામીને મારી છે. તમારી સાથે કોઈ કપટ કરતા નથી. હવે થવાવાળું થઈ ગયું છે. હવે એવો કોઈ ઉપાય કરવો જોઈએ કે જેથી વેરીનો નાશ થાય. તેજસાર પાસે તો અટવીમાં એક ગામ છે. જ્યારે તમે તો પૃથ્વીપતિ છો. તમારી પાસે હથિયાર કે લશ્કરની કમી નથી. તેજસારને લખીને મોકલો કે અમારી હદ છોડીને ચાલ્યો જા. ખવાસની વાત સાંભળી સમરસેન ઉશ્કેરાયો.

સમરસેને પ્રધાનને બોલાવી તેજસારનો ઉપાય કેમ કરવો તે પૂછ્યું. પ્રધાને કહ્યું કે મામીનો ઘાત કરતી વખતે વિચાર કર્યો નહીં. હવે પસ્તાવાથી શું થાય. તેજસારને એક પત્ર લખી મોકલો. જો તે બહાદુર હશે તો સામો થશે અને કાયર હશે તો ભાગી જશે.

પ્રધાનના કહેવા પ્રમાણે લેખ લખીને લક્કડફાડ નામના દૂતના હાથમાં આપી તેને તેજસારને ત્યાં જવા કહ્યું. દૂત સજ્જ થઈને તેજલપુર આવ્યો. દરબારમાં તે લેખ લઈને ગયો. જઈને પોતાનો પરિચય આપ્યો. તેજસારે એને લેખ વાંચવા કહ્યું. લેખમાં લખ્યું હતું કે હે તેજસાર, લાજ રાખવી હોય તો નાસી જજે. વળી, લક્કડફાડે કહ્યું કે સમરસેનની તોલે કોઈ આવી શકે તેમ નથી. તેની પાસે ઘણું મોટું લશ્કર છે. રાજ્ય માટે તેણે મામીને મારી નાખી છે. જો તું હાથ આવીશ તો તને પણ મારશે. લક્કડફાડ બેફામ બોલ્યે જતો હતો. તેજસારને તે સાંભળી રીસ ચડી. તેણે દૂતને કહ્યું કે તારા રાજાની અક્કલ બહેર મારી ગઈ છે. જા, જઈને તેને કહેજે કે મર્દ હોય તો સામો આવે. મારા મનમાં તો કંઈ નથી પણ પૂર્વના વેરને એણે ફરી છંછેડ્યું છે. તિલકાવતી જે મારી સાસુ હતી તેને તેણે વગર વાંકે મારી નાખી છે. તેનું વેર હું લઈશ. સસરાનું રાજ્ય પાછું મેળવીશ. દૂતનું મોઢું બગડ્યું. આબરૂ ગુમાવીને દૂત પાછો અવંતી આવ્યો. તેણે સઘળી વાત રાજાને કરી. તેજસારે તો અવંતી લેવાનો પડકાર પણ ફેંક્યો છે. તેણે કોઈ મર્યાદા નથી રાખી. હવે જે કરવું હોય તે કરો.

સમરસેનને ગુસ્સો ચડ્યો. તેણે પ્રધાનને બોલાવી સેના તૈયાર કરવાનું કહ્યું. બાણું લાખ માલવો અને દેશવિદેશમાં પત્ર લખીને સૈનિકોને બોલાવી લીધા.

સમરસેન સેના લઈને સજ્જ થયો. તે સમાચાર તેજસારને મળ્યા. તે સૈન્ય લઈને સામો આવ્યો. ત્રણ ત્રણ દિવસ સુધી ખૂંખાર યુદ્ધ ચાલ્યું. તેજસારે દૈવીશક્તિથી સમરસેનની સામે ચારગણું સૈન્ય મૂક્યું. ભયંકર યુદ્ધ થયું. સમરસેન હાર્યો. તેજસારે સમરસેનનો પીછો પકડી અવંતીમાંથી તેને પકડી લીધો. તે તેજલપુર પાછો આવ્યો. તેજસાર પુણ્યબળે યુદ્ધ જીત્યો. સમરસેનને પકડીને તેજસાર તેને પોતાની સાસુ પાસે લાવ્યો અને કહ્યું કે આ તમારો વેરી છે. તેને જેમ કરવું હોય તેમ કરો. તિલકાવતી વ્યંતરીએ મૂળ રૂપ ધારણ કરી સમરસેનને કહ્યું કે તેં કોઈ અપરાધ વિના મને હણી છે. હવે તને શી સજા કરું ? સમરસેને થરથર કાંપતાં કહ્યું કે મનમાં આવે તે કરો. તમારા હાથમાં મારી લાજ છે. હું તમારો અપરાધી છું.

વ્યંતરીએ કહ્યું કે આ પાપીને મારવામાં ઘણો હર્ષ થાય. ત્યારે તેજસારે સાસુને કહ્યું, 'વેરથી વેર વધે. ભવોભવ બેયની હત્યા થાય. તે અંગેની એક વાત સાંભળો. પૂર્વભવમાં એક રાજા સભા મધ્યે બેઠો હતો. તેણે સભામાં કહ્યું કે એક જ ઘાથી ચાર શીશ છેદી શકે એવો કોઈ માઈનો પૂત આ સભામાં છે ? ફરી ફરી તેણે આ પ્રશ્ન કર્યો. પછી તે અહંકારથી ઊભો થયો અને ચારેયનાં શીશ છેદ્યાં. રાજા મરીને નારકીમાં ગયો. પૂર્વભવનું વેર સંભારતાં ક્ષણ પણ સુખ પામતો નહોતો. તેનો જીવ મિંદડો થયો. અને પેલા ચાર શ્વાન થયા. ત્યાં પણ ચારેયે તેને ચૂંથીને માર્યો. એમ સાત નર્કમાં રાજાને ફેરવ્યો. પછી કોઈ પુણ્ય સંજોગથી રાજાનો જીવ શેઠ થયો. પેલા મરનાર ચાર લાકડાં કાપવાની મજૂરી કરતા હતા. એક વખત તેઓ લાકડાં વેચવા આવ્યા. શેઠે ભાવ નક્કી કરી લાકડાં લીધાં. ધનપત શેઠને જોઈને તે ચારેય ચોર રાત્રે ચોરી કરવા આવ્યા. તેમણે શેઠનું મોઢું જોવા મુખપરનું વસ્ત્ર દૂર કર્યું. તો શેઠનું રૂપ કામદેવ જેવું જણાયું. એ જોઈને એક ચોરના મનમાં પૂર્વભવનું વેર પ્રગટ્યું. તેણે કહ્યું કે આનું મસ્તક છેદીએ તો જ મનને ઠારક થાય. પણ બીજાએ એમ કહ્યું કે ઊંઘેલાને ન મારવો. પછી તેની છાતી પર ચડી જઈ શેઠને જગાડ્યા. શેઠે જે જોઈએ તે લઈ જવા કહ્યું. પોતાને જીવતદાન આપવા શેઠે વિનંતી કરી. ચોરે કહ્યું કે માર્યા વગર આજે નહીં મૂકીએ. એવામાં કુળદેવતા પ્રગટ થયા. તેણે શેઠને કહ્યું કે હે કાયર, તું રડ નહીં. એમને તેં માર્યા હતા. હવે જો તેઓ તને મારશે તો તું મારણહાર થઈશ. આ સાંભળી ચારેય ચોરે શસ્ત્ર મ્યાન કરી દીધાં. શેઠે કહ્યું કે જોઈએ તેટલું ધન લઈ લો. ચોરોએ કહ્યું કે બીજા ભવે તે સવાયું આપવું પડે, તેજસારે સાસુને કહ્યું કે ચારેય ચોર રીઝી ગયા. શેઠ સહિત બધાયે વ્રત આદર્યા.'

જમાઈએ કહેલી વાતથી વ્યંતરી સાસુનો ક્રોધ ઓછો થયો. એવામાં ત્યાં વડો અમીર આવ્યો. તેણે કહ્યું કે પાપી સમરસેને ઘણાં પાપ કર્યાં છે. તેજસાર તેને પકડી રાણી પાસે લઈ ગયો. નગરજનોએ વિનંતી કરી કે અવંતીમાં આવી તેજસારની આણ વર્તાવો.

અવંતીની પ્રજા ભેગી મળી જે સાધન મળ્યું તે લઈ તેજલપુર આવી. રાજા તેને નીરખી આનંદિત થયો. મહાજન લોક મુજરો કરતા હતા. હાથ જોડીને તેઓ વિનંતી કરતા હતા કે મહેરબાની કરીને અવંતી આવો. તેજસાર સપરિવાર તૈયાર થયો. તિલકાવતી અને પોતાની માતાને લઈને તે અવંતીમાં આવ્યો. નગરીને શણગારીને તેનું સન્માન કરવામાં આવ્યું. માળવામાં તેજસારની આણ વર્તાવવામાં આવી. રાજાએ નોકરચાકરોને બક્ષિશ આપી, વેપારીઓને પાઘડી પહેરાવી. રાજા અવંતીનું રાજ્ય ભોગવે છે. સાસુ અને માતા બંને ત્યાં પ્રેમથી રહેતાં હતાં. જમાઈએ સાસુને કહ્યું કે તમારી પુત્રી સાથે પરણવાને કારણે માતા સાથે પણ મેળાપ થયો. તેજસારે અવંતીના જૂના પ્રધાનને બોલાવી તેને રાજ્ય સોંપ્યું અને પોતે તેજલપુર આવ્યો.

તેજસાર થોડો વખત તેજલપુરમાં રહ્યો. પછી તેને ચંપાપુરી અંગે ચિંતા થઈ. ખાવાપીવાનું ભાવતું નહોતું. તે જોઈ આપમુખીએ કારણ પૂછ્યું. એવામાં વ્યંતરી સાસુ આવી. તેણે અને માતા પદ્મા‌વતીએ પણ પાસે બેસીને ચિંતાનું કારણ પૂછ્યું. જવાબમાં તેજસારે કહ્યું કે મને ચંપાપુરીના લોકો સંભારતા હશે. વળી, મારી સ્ત્રીઓ ત્યાં બેઠીબેઠી મારી ચિંતા કરતી હશે. એ સાંભળીને ત્રણેય જણી(માતા, સાસુ, પત્ની)એ ત્યાં જવા સૂચવ્યું. તેજસારે વિમાન તૈયાર કર્યું અને તેમાં બેસી તે સહુ ઊપડ્યાં. રસ્તામાં એક ઊંચો પર્વત આવ્યો. તે દેવોને રમવાનું સ્થાન હોય તેવો લાગતો હતો. તે વિંધ્યાચળ પર્વતના મધ્યભાગમાં મોટી સંખ્યામાં માણસો ભેગા થઈને રુદન કરતા હતા. વિમાનમાં બેઠેલા તેજસારને તે જોઈ આશ્ચર્ય થયું. એ જગ્યાએ પહોંચવા ક્યાંય માર્ગ દેખાતો નહોતો તો પછી મનુષ્યો ત્યાં ક્યાંથી આવ્યા એવો પ્રશ્ન તેને થયો. વળી, તેણે એ પણ વિચાર્યું કે એ બધા શા માટે રડતા હશે ? આપમુખીએ તેજસારને કહ્યું કે આપણે શું કામ છે ? આપણે તો આપણા સ્થાને જઈએ. એ સાંભળીને વિમાન થંભી ગયું હોઈ તેજસારે એના કારણ અંગે વિચાર્યું. નક્કી કોઈ દુઃખી માણસો લાગે છે. તેમને પૂછ્યા વગર ખબર ન પડે. તેજસારે બંને માતાની રજા તેમની પાસે જવા માટે લીધી. તેજસાર વિમાનમાંથી ઊતરી હથિયાર લીધા વગર મનુષ્યના વૃંદમાં આવ્યો. વચમાં રાજા અને તેના પાંચ પુત્રો એક કુંવરીની આસપાસ રુદન કરતા હતા તે તેણે જોયું. કુંવરીના અંગે કોઈ ઈજાઓ થયેલી નહોતી. તેજસારે રડતા લોકોને પૂછ્યું કે બાળા શાથી બેશુદ્ધ થઈ ગઈ છે ? આ વનમાં તમે કેવી રીતે આવ્યા ?

તેજસારનાં વચન સાંભળી રડતાં રડતાં રાજાએ કહ્યું કે મારી વહાલી પુત્રીને કોઈ રીતે જિવાડી લો. તેના જવાબમાં તેજસારે તેમને પૂછ્યું કે અહીં શા કામે આવ્યા હતા ? કોઈ ગામ પણ અહીં નજીક નથી તો ક્યાંથી આવ્યા છો ? રાજાએ કહ્યું કે એ બધું પછી કહીશું, પરંતુ પહેલાં તો પુત્રીને જીવતી કરો. તેજસારે પૂછ્યું કે કેટલા દિવસથી એ કન્યા બેભાન છે ? રાજાએ તે ત્રણ દિવસથી બેભાન હોવાનું કહ્યું.

રાજાની વાત સાંભળી તેજસાર વનમાંથી વિષહરણી જડીબુટ્ટી લઈ આવ્યો. તેનાથી રાજાની પુત્રીને નવરાવી. ડંખ ઉપર તેને ચોપડી. રાજાની પુત્રીની મૂર્છા ઊતરી ગઈ. કન્યા આળસ મરડીને ઊભી થઈ અને પિતાને પગે લાગી. તેને સાજી થયેલી જોઈ બધાને આનંદ થયો. સૌએ તેને સાતા પૂછી. કન્યાએ એ પછી કહ્યું કે સાપ કરડ્યો પછી હું ઊંઘી ગઈ હતી. પરંતુ કોઈ ઉપકારી પુરુષે આવી મારી નિદ્રા દૂર કરી.

આ પછી તેજસારે વીતક કથા વિશે પૂછ્યું. જવાબમાં

પ્રધાને કહ્યું કે અહીંથી સાત ગાઉ ગામ છે. તેના સ્વામીને પાંચ પુત્રો છે. ગુણવંત, ગુણવાન, ધનપતિ, ધનરાજ અને પાંચમો ધનપાળ છે. પણ રાજાને પુત્રી નહોતી તેથી તે મેળવવા તેણે ઘણા ઉપાયો કર્યા. પુણ્યજોગે રાણીને પુત્રી અવતરી. તેનું નામ પ્રિયદર્શના પાડવામાં આવ્યું. તે મોટી થતાં વનક્રીડા કરવા હાથી ઉપર બેસીને નીકળી. વનની વનસ્પતિ જોઈને હાથીને મદ ચઢ્યો. તેણે મહાવતને ઊંચકીને ફેંકી દીધો. હાથી નગર છોડીને ભાગ્યો. એ વાત રાજાએ જાણી ત્યારે સૈન્ય લઈને તે તેની પાછળ દોડ્યો. સાથે કન્યાના પાંચ ભાઈઓ પણ ગયા. હાથી તો ભાગતો જ રહ્યો. એવામાં હાથી એક ઘેઘૂર ચંદનવૃક્ષ નીચેથી નીકળ્યો કે તરત જ કન્યાએ એક ડાળી પકડી લીધી. પરંતુ તે વૃક્ષને વીંટળાયેલ સર્પ જોઈને તેણે જમીન ઉપર પડતું મૂક્યું. તેનો પગ બીજા એક સર્પ પર પડ્યો અને સર્પે તેને ડંખ દીધો. સર્પના વિષથી તે મૂર્છિત થઈ.

પ્રધાનની વાત સાંભળી તેજસારે પોતાને ઘેર જવાની રજા માગી. તેજસારે રાજાને પુત્રીને લઈ તેના નગરમાં જવા અને જરૂર પડ્યે સંભારવા કહ્યું. આટલું કહી તેજસાર ચાલવા લાગ્યો ત્યારે પ્રિયદર્શના નામની પેલી કન્યાએ પોતાના પિતાને કહ્યું કે જેણે મને જીવતી રાખી છે તેને જ પરણીશ, અન્યને નહીં. પુત્રીનાં વચન સાંભળી રાજાએ કુંવરને (તેજસારને) તેનું નામ-ઠામ વગેરે પૂછ્યું. તેજસાર વિચારતો હતો કે હું મારી વાત કેવી રીતે કહું. તેજસારને પાછો આવતાં વિલંબ થતાં વિમાનમાંથી ઊતરીને તેની માતાએ આવી જલ્દીથી નીકળવા કહ્યું.

તેજસારે માતાને કહ્યું કે રાજા નામ-ઠામ પૂછે છે તો તેમને તે જણાવો. જવાબમાં માતાએ કહ્યું કે કાશી દેશના બનારસના રાજા વીરસેનનો તે પુત્ર છે અને દેશાંતર નીકળી ગયો છે. માળવાના અવંતીના રાજ્યનો પણ એ ધણી છે. બંગાળદેશમાં આવેલ ચંપાપુરી પણ તેની છે. અગાઉ આઠ કન્યાઓને તે પરણ્યો છે અને નવમીને તે લઈ જાય છે. નાનપણમાં તેની માતા ગુજરી ગઈ અને તે વ્યંતરી થઈ. પુત્ર પર સ્નેહ હોવાને લીધે હું ફરીથી અહીં આવી છું.

તમારી ઇચ્છા પૂરી કરીને તે પાછો ચંપાપુરી જાય છે. અમારે મોડું થાય છે. માટે અમને રજા આપો એમ તેજસારની માતાએ રાજાને કહ્યું. એ સાંભળી રાજાએ કહ્યું કે મારી પુત્રીએ તો આ ભવે કુંવરને (તેજસારને)જ ભરથાર માન્યો હોઈ તમે સૌ અમારી સાથે ડુંગરપુર ચાલો. રાજાના નિમંત્રણને માન આપી સૌ નગરીમાં આવ્યાં. કુંવરને જોઈ કન્યાની માતાને અત્યંત આનંદ થયો. જમાઈને અત્યંત સરસ આવાસ આપ્યો.

આપમુખી પણ વિમાનમાંથી ઊતરીને આવી. વ્યંતરી વનમાં અલોપ થઈને રહી. શુભ મુહૂર્ત જોવરાવી તેજસાર સાથે પ્રિયદર્શનાનાં લગ્ન લેવાયાં. વરરાજાએ હાર, મુગટ, કુંડળ વગેરે ધારણ કર્યાં. વરરાજા હાથી પર બેઠો. પછી કન્યા સાથે ચાર ફેરા ફરી ઉતારે આવ્યા. થોડા દિવસ ત્યાં રહી સસરાની રજા માગી. તેજસાર ત્યાંથી વિમાનમાં બેસી આગળ ચાલ્યો અને ચંપાપુરી પહોંચ્યો. વધામણી આપનારે નગરમાં જઈ તેજસાર આવ્યાના સમાચાર આપ્યા. એ સાંભળી નગરજનો સામૈયું કરવા ગયા. નિજમહેલમાં આવી સભા ભરી સહુને સુખદુઃખ અંગે પૂછ્યું. પછી રાજાને પોતાના આવાસમાં આવતો જોઈ એક નારીએ આવી હાથ જોડી કહ્યું કે હે નાથ, ભલે આવ્યા. પછી બંને જણ પલંગ પર બેઠાં. માર્ગમાં જે બે સ્ત્રીઓને તે પરણ્યો હતો તે પણ આવી. પટરાણીએ પિયુને દેશવિદેશની સઘળી વાત પૂછી.

તેજસાર દસ રાણીઓ સાથે આનંદ કરવા લાગ્યો. સમય જતાં દસેય રાણીઓએ પુત્રોને જન્મ આપ્યા. તેઓ સાત વર્ષના થતાં શાળાએ ભણવા બેઠા. બધાએ વિદ્યાભ્યાસ કર્યો. પછી કુંવરની પ્રસિદ્ધિને કારણે સારે ઠેકાણે સગપણ કરી પુત્રને પરણાવ્યા.

એક દિવસ તેજસાર રાજસભામાં બેઠો હતો તે વખતે એક પ્રધાને આવી તેના હાથમાં એક કાગળ આપી કહ્યું કે કાશી-બનારસથી આવું છું, જ્યાં તમારા પિતા વીરસેન રહે છે. તેમણે કહેવડાવ્યું છે કે જલ્દીથી આવીને વારાણસીને બચાવી લેજો. કારણ કે આસપાસના રાજાઓ વારાણસીનું રાજ્ય પડાવી લેવાના પ્રયત્નો કરે છે. પ્રધાને પોતે ક્યાં ક્યાં તેજસારની ભાળ મેળવવા પ્રયત્ન કર્યા તે પણ કહ્યું. પ્રધાને વિલંબ છોડીને વહારે ચડવા વિનંતી કરી. પ્રધાનની વિનંતી સાંભળી તેજસારે પોતાના મંત્રીને રાજપાટ ભળાવ્યું. પટરાણીની સલાહથી રાજ્ય ચલાવવા કહ્યું. સાથે નવ રાણી અને દસ પુત્રોને લઈ માતા પદ્માવતીની રજા માગીને પિતાને મળવા ઊપડ્યો. તેજસાર અને તેના લશ્કરને કાશી દેશ નજીક આવેલ જાણી દુશ્મન દળો નાસી ગયાં. પરાજિત રાજાઓનાં રાજ્ય તેજસારે આંચકી લીધાં. તેણે પિતા વીરસેનની આણ ફેરવી. તે ગુફાઓમાં સંતાઈ ગયેલ રાજાઓને પકડી-બાંધીને બનારસ લાવ્યો. આવીને પિતાને તે પગે લાગ્યો. પિતા તેને ભેટ્યા. નગરજનોએ તેને વધાવી લીધો. માતા પણ હર્ષિત થઈ. તેજસારનાં તેણે વારંવાર ઓવારણાં લીધાં. વહુઓ આવીને પગે પડી. માતાએ ઘણા પુત્રો થાવ તેવા આશીર્વાદ આપ્યા. નાનો પુત્ર પગે લાગ્યો. દસ મોટા પુત્રોને જોતાં લાગતું હતું કે તેમને પરમેશ્વરે જ ઘડ્યા હશે. માતાએ પુત્ર તેજસાર પાસે પોતે કરેલ ગુનાની માફી માગી. તેજસારે માતાને કહ્યું કે તેમાં કોઈનો વાંક નથી, મારા કર્મનો જ છે. માતાએ સોળ વર્ષના વિરહની વાત કરવા કહેતાં તેજસારે ટૂંકમાં વીતકકથા કહી.

તેજસારે પરાજિત રાજાઓને માનહીન કરી મૂક્યા. વીરસેન નિર્ભય થઈને રાજ્ય કરવા લાગ્યો.

માતાપિતાએ તેજસારને યુવરાજપદે સ્થાપ્યો. પિતા નિશ્ચિંત થઈ ગયા. વિવિધ રીતે સંસારનાં સુખો નચિંત થઈને સહુ ભોગવતાં. એવામાં મુનિ સુવૃત અરિહંત ત્યાં સમોસર્યા. વનપાલકે આવીને વધામણી આપી. તેમનાં દર્શન કરવા સૌ આવ્યાં. કોઈએ

મુનિની ઓળખાણ પૂછી. જવાબ મળ્યો કે મગધ દેશની રાજગૃહી નામની નગરીના સુમતિ નામના રાજાનો તે પુત્ર છે. તેનું નામ મુનિ સુવૃત છે. એમ કહી ત્યાંના દેવતાએ ત્રણ ગઢની રચના કરી જેમાં પહેલો ગઢ ચાંદીનો, બીજો સોનાનો અને ત્રીજો રત્નોનો હતો. સ્ફટિકના સિંહાસન પર સ્વામી બેઠા હતા. તેમનું તેજ કરોડ સૂર્ય જેટલું હતું. તેમના શિરે રત્નથી જડેલાં ત્રણ છત્ર શોભે છે. ત્યાં દેવતા નાટક કરતા હતા. મુનિ સુવૃત સમક્ષ એક અચરજ એ જોવા મળ્યું કે ગાય અને સિંહ સાથે રહેતાં હતાં. તેમનામાં કોઈ વેરભાવ પ્રગટ્યો નહોતો.

ભગવાન પધાર્યા હોવાનું જાણી વીરસેન કુટુંબકબીલાને સાથે લઈને દર્શન કરવા નીકળ્યો. સાથે તેજસાર કુમાર પણ હતો. ભગવાનનો મુકામ નજીક આવતાં વીરસેન હાથી પરથી ઊતરી ભગવાનને વાંદવા ચાલ્યો. ત્રણ પ્રદક્ષિણા કરી વીરસેને ભગવાનને વંદન કર્યા. તેજસારે પણ વંદન કર્યા. રાજાએ જેના વિશે સાંભળ્યું હતું તે દેવ ત્યાં નજરે જોયા. ત્યાં આકાશમાંથી એક દેવ આવ્યા. તેને જોઈ રાજાનું અભિમાન ઊતરી ગયું. તેણે લળી લળીને પ્રભુને વંદન કર્યા અને આજ્ઞા હોય તો નાટક કરવા કહ્યું. જિન ભગવાને દેવને કહ્યું કે તમારો જે આચાર હોય તે કરો. ડાબી અને જમણી ભુજાઓમાંથી દેવે અપ્સરા નિપજાવી દેવ સંબંધી નાટક કર્યું. પછી પોતાના સ્થાનકે દેવતા ગયા. ગણધરે શંકા પડતાં પૂછ્યું કે આ દેવ ક્યા કલ્પના વાસી છે ? આ દેવ આટલી બધી રિદ્ધિ શાથી પામ્યા ? એણે કોની સેવા કરી ? વળતાં, પ્રભુએ કહ્યું કે એ ઈશાન કલ્પના વાસી દેવ છે. પૂર્વના પુણ્યે એ આટલી બધી રિદ્ધિ પામ્યા છે. તેમનું નામ અરુણ પ્રભુ છે. ગણધરે તે દેવનો પૂર્વભવ કહેવા કહ્યું. જિનવરે કહ્યું કે જંબૂદ્વીપ મધ્યે સુચિપુર નગરમાં અઢાર વરણ વસતી હતી. તેઓ ખેતીકામ કરતા. એક કણબી કુટુંબમાં સુવૃતના ઘરમાં સ્વરૂપા નામે સુંદર પત્ની હતી. રાતદિવસ ખેતીવાડીમાં સખત મહેનત કરે. તેના થાકથી સુવૃત મોં ફેરવીને સૂઈ રહે. સ્ત્રીને વિષયવાસના પીડે. ઉત્તમ કુળની સ્ત્રી લજ્જાને કારણે બોલે નહીં. પોતાના પતિ સાથે પ્રેમ રાખે. નસીબમાં હોય તે ખરું એમ માની બેસી રહે.

સ્વરૂપા ઘણી વલખતી હતી. સુચિપુર નગરની બહાર એક તાપસનો આશ્રમ હતો. તેમાં એક યોગી રહેતો હતો. તે તરુણ હતો. ભભૂતિ લગાવી, વાળ છૂટા મૂકી હાથમાં ભિક્ષાપાત્ર લઈ કણબીને ઘેર આવીને 'અલખ' 'અલખ' ઉચ્ચારીને ઊભો રહ્યો.

યોગીને તરુણ અને હૃષ્ટપુષ્ટ જોઈને સ્વરૂપાના મનમાં કામ જાગ્યો. તેણે વિચાર્યું કે આ પુરુષથી ગોષ્ઠી કરું. તેણે યોગીને હાથ જોડી ઘરમાં આવી વિસામો લેવા અને ભોજન કરવા વિનંતી કરી. સ્ત્રીનાં નયનબાણથી યોગી વીંધાયો. ભાવતું હતું તે વૈદે બતાવ્યા જેવો ઘાટ થયો. યોગી અને કણબીની સ્ત્રી વચ્ચે પ્રેમ બંધાયો. સ્ત્રીએ યોગીને રોજ એ જ સમયે કોઈ ન જાણે તે રીતે આવવા કહ્યું. પોતાનો પતિ રોજ વહેલી સવારે ઊઠીને ખેતી કરવા જાય છે. એને ભાત આપવા તમારા આવ્યા પછી જઈશ. સંકેત પ્રમાણે રોજ યોગી આવતો હતો. તેઓ બંને રંગરાગમાં ખૂંપી જતાં. એક દિવસે હજી યોગીને આવવાનો સમય થયો નહોતો. સ્વરૂપાને ભૂખ લાગી હતી. તેના ઘેર ઘણી ગાય-ભેંસો હોવાથી દૂધ ઘણું હતું. વળી ઘરમાં ચોખા પણ હતા. તેથી તેણે ખીર કરી યોગી સાથે જમવાનું વિચાર્યું. દૂધ અને ભાત તો હતાં પણ ખાંડ નહોતી તેથી તે લેવા ચૌટે ગઈ. બીજે રસ્તે ઘેર આવતાં રસ્તામાં તેણે એક ઊંચા વાંસ પર સ્ત્રીનાં વસ્ત્રો પહેરીને એક વીસ વર્ષનો યુવાન નાચતો હતો તેને જોવા એકઠા થયેલા લોકોને જોયા. તેને જોવા સ્વરૂપા પણ ગઈ. નાચ કરી નીચે ઊતરી યુવાને દાન માગવા માંડ્યું. સૌએ શક્તિ મુજબ દાન આપ્યું. પરંતુ પટલાણી પાસે તો કંઈ નહોતું તેથી તેણે નટને કહ્યું કે મારે ઘેર આવે તો મનવાંછિત દાન આપું. નારીના રૂપમાં રહેલા નટને લઈને ઘેર પહોંચી. ઘરે જઈ કણબણે તેને નાહીધોઈ ભોજન કરવા કહ્યું. નટે સ્નાન કર્યું એ દરમિયાન સ્વરૂપાએ ખીર પીરસી. તે બંને જમવા બેઠાં તે વખતે જ પેલો યોગી ત્યાં આવ્યો અને કમાડ ઉપર ધોકો ઠોકી ઉઘાડવા કહ્યું. નાટકિયાએ ઘર બહાર કોણ છે એમ પૂછતાં સ્ત્રીએ કહ્યું કે એ તો મારો પતિ છે. પેલો નાટકિયો ખાવું ભૂલી સંતાવાની પેરવીમાં પડ્યો. કણબણે તેને એક અંધારા ઓરડામાં ખૂણામાં મૂંગા બેસી રહેવા કહ્યું.

યોગીએ કમાડ ઉઘાડવામાં મોડું થવાનું કારણ પૂછ્યું એટલે સ્વરૂપાએ કહ્યું કે જોરથી ભૂખ લાગી હતી તેથી ખીર થાળીમાં કાઢી ખાવા બેઠી હતી એવામાં તમે યાદ આવ્યા. ખીર ગળે ઊતરતી નહોતી. તેથી તમારું ધ્યાન ધરતી હતી. હું ભાગ્યશાળી છું કે યાદ કરતાં જ તમને મેળવી આપ્યા. તમારા આવવાથી મારી ચિંતા ટળી ગઈ. હવે ઝડપથી હાથપગ ધોઈ જમવા બેસી જાવ એમ સ્વરૂપાએ યોગીને કહ્યું. પણ તેના મનમાં તો પેલો નાટકિયો વસી ગયો હતો તેથી યોગી કેમ જતો રહે તે માટેના ઉપાય વિચારવા લાગી.

એવામાં ખેડ કરતાં સ્વરૂપાના પતિની કોસ ભાંગી જતાં તે ઘેર આવ્યો. તેણે ઘરનાં બારણાં બંધ જોયાં. તેણે કમાડ પર ટકોરા માર્યા તે સાંભળી યોગીએ સ્વરૂપાને પૂછ્યું કે રંગમાં ભંગ પાડવા કોણ આવ્યું છે ? સ્વરૂપાએ કહ્યું કે મારા પતિનો અવાજ હોય એવું લાગે છે. બાવો એ સાંભળી બ્હી ગયો. સ્વરૂપાને પણ થયું કે હવે વિચાર કરવાનો સમય નથી. તેણે યોગીને બાજુના ઓરડામાં વચ્ચોવચ્ચ બેસવાનું કહી એક સર્પ અંધારામાં ગયો છે માટે ત્યાં ન જવા ચેતવ્યો. એ પછી સ્વરૂપાએ કમાડ ઉઘાડ્યાં. પછી પતિને કહ્યું કે માથું દુઃખતું હતું તેથી ખીરનો બાફ લેવા ખીર બનાવી. બાફ લેવાથી થોડો આરામ થતાં ખાવાની ઇચ્છા થઈ.

એટલામાં તમે યાદ આવ્યા પતિવ્રતા નારી પતિની હાજરી વિના જમે જ નહીં. તેથી ખીર લઈને ખેતરે આવવાનો વિચાર કર્યો. પરંતુ ભોળા શિવનું સ્મરણ કરતાં તરત જ તમે આવ્યા. આ સમયે કાંઈ ઘેર ન આવો પણ આજે તમે આવી ચડ્યા. તમે કેમ ઘેર આવ્યા ? એવો પ્રશ્ન પણ તેણે પતિને કર્યો. પતિએ કોસ ભાંગી જવાથી બીજો લેવા ઘેર આવ્યાનું કહ્યું. સ્વરૂપાએ સાથે બેસીને જમવાનું કહેતાં પતિએ વાર ન કરવા સૂચવ્યું.

સ્ત્રીચરિત્રનો પાર પામવો મુશ્કેલ છે. સ્વરૂપાએ જેમ તેમ કરી વાર લગાડવાનું વિચારી પતિને કહ્યું કે શિવધર્મી હોય તે તો નાહીધોઈ ભોગ ધરીને જ જમે. તમે પણ નાહીને આવો, દેહને શુદ્ધ કરી ભોગ ધરો, પછી ભોજન કરો. સુવૃત્ત કણબીએ જવાબમાં કહ્યું કે અમે તો ખેડૂત છીએ. જ્યારે જન્મ્યો હતો ત્યારે નાહ્યો હતો. માટે વિલંબ ન કર. એમ કહીને તે તરત જ જમવા બેઠો. સ્વરૂપા મનમાં વિચારવા લાગી કે કોને માટે બનાવી હતી અને કોણે ખાધી !

નાટકિયો ઓરડાની ભીંતને અઢેલીને બેઠો હતો. તે બાવાને જોતો હતો પણ બાવો તેને જોઈ શકતો નહોતો. કણબી જમીને ભાણા ઉપરથી ઊઠ્યો. બીજી તરફ નટને ખૂબ ભૂખ લાગવાથી પેટમાં બળતરા થતી હતી. તેણે તલની મૂઠી ભરી મસળીને ફેંકી. પછી બૂકડો ભરી ફુત્કાર કરવા લાગ્યો. ફુત્કાર સાંભળી બાવો મનમાં ડરવા લાગ્યો. તેને થયું કે આ બધું સ્ત્રીને કારણે થયું છે. બાવો વિચારતો હતો કે જો ઘરધણી જોઈ જશે તો બહાર કાઢશે અને લાજ જશે. માટે અહીંથી નાસી જાઉં. એટલું વિચારી તે ઉઘાડે ડિલે નાઠો. કણબીએ જોયું તો યોગી નાસતો હતો. નટે સ્ત્રીનું ચરિત્ર જોઈ અચંબો અનુભવ્યો. તેણે વિચાર્યું કે અહીં લોભથી આવ્યો પણ ઊલટો હેરાન થઈ ગયો. લાગ જોઈને જેમ બાવો ભાગી ગયો તેમ હું પણ ભાગી જાઉં. બાવાની પાછળ તે પણ દોડ્યો. નટે તો સ્ત્રીનાં વસ્ત્રો પહેર્યાં હતાં. એને જોઈને કણબીએ પોતાની સ્ત્રીને પૂછ્યું કે ઘરમાંથી સ્ત્રી અને યોગી કેવી રીતે નીકળ્યાં ? તેણે એ પણ કહ્યું કે હું ખેતરે જાઉં છું ત્યારે તું શી પ્રવૃત્તિ (ભડવાઈ) કરે છે તે મને કહે. જવાબમાં કણબણે કહ્યું કે હું તો પતિવ્રતા સ્ત્રી છું. મારી પર આક્ષેપ કરતાં પહેલાં જરા વિચારજો. મેં તમને અગાઉથી કહ્યું હતું કે આપણે શિવધર્મી છીએ. તમને સ્વચ્છતા જાળવવાનું કહ્યું પણ તેનો મર્મ તમે ન સમજ્યા. ઘણા દિવસની સેવાભક્તિથી શિવપાર્વતી પ્રસન્ન થયાં. તેમણે ઘરમાં સ્થાન લીધું. પરંતુ તમે નાહ્યા વગર જમ્યા તેથી તેમને છોત (આભડછેટ) લાગી અને શિવશક્તિ નાસી ગયાં. પુણ્ય અધૂરું રહી ગયું. કણબી સ્ત્રીચરિત્રને સમજી શક્યો નહીં તેથી તેના મનમાં દુઃખ થયું. સ્ત્રીનું વચન માન્યું નહીં તેથી આ મુશ્કેલી થઈ એમ તેને લાગ્યું. સુવૃત્તે પોતાની પત્નીને કહ્યું કે થવાનું હતું થઈ ગયું. હવે શો ઉપાય કરવો તે પંડિતને જઈને પૂછો. ઘઉંનો ખોળો ભરી કણબણ પંડિતને પૂછવા નીકળી. જુવાન વિપ્ર બાજુમાં જ રહેતો હતો. તેને જઈને સ્ત્રીએ કહ્યું કે મારો પતિ પૂછવા આવે તો એવો ઉપાય બતાવજે કે તે પાછો ઘેર ન આવે. તે કાંટો ટળે પછી આપણે રંગે રમીશું. કામક્રીડા કરીશું. સારું ભોજન જમીશું. કણબી બ્રાહ્મણ પાસે આવી તેના પગે પડ્યો અને પોતાની વાત કહી. બ્રાહ્મણે તેને કહ્યું કે તેં મોટી ભૂલ કરી છે. હવે પરદેશ જઈ ધન કમાઈ દાનપુણ્ય કરી ગ્રહબળમાંથી છુટકારો મેળવો. ધન લાવીને રૂડી રીતે અઠ્યોતેર બ્રાહ્મણ જમાડી, શિવપૂજા કરો તો ગ્રહ સારા થઈ પાછા આવે. આ સાંભળી ભોળો સુવૃત્ત પરદેશ જવા નીકળ્યો.

વિપ્રે જાણ્યું કે પરદેશમાં શું ખાશે ? વિદેશમાં તે રઝળી મરશે. કુટિલ બ્રાહ્મણ જાણતો નહોતો કે સહુનાં કર્મ હોય છે. ભોળાના ભગવાન હોય છે. વળી, ધર્મ પણ સહાય કરતો હોય છે. જે વસ્ત્ર પહેર્યાં હતાં તે જ લઈને ઘરમાં પણ આવ્યા વગર ચાલતો થયો. કુલટા પતિ પરદેશ જવાથી આનંદિત થઈ. નિશ્ચિત રીતે તે કામમાં ડૂબી ગઈ. વિષયરસ જેને વ્યાપ્યો હોય તે પુરુષ સ્ત્રીનો ગુલામ થઈ જાય છે. તે માતાપિતાને છોડી દે છે. તેવા લોકો દુઃખ પામી અંતે દુર્ગતિને પામે છે.

સુવૃત્ત સ્ત્રી અને ઘરબાર તજીને નીકળ્યો હતો. તેને સ્ત્રીચરિત્ર નહોતું સમજાયું. તે જતો હતો ત્યારે રસ્તામાં એક વહેલ મળી. સારથિએ સુવૃત્તને તેમાં બેસવા કહ્યું. પોતાની જ્ઞાતિની વ્યક્તિ મળવાથી ચિત્તને આનંદ થયો. સુવૃત્ત વિચારવા લાગ્યો કે પુણ્યના બળે વાહન મળ્યું છે તેથી તે ચૂપચાપ ચઢી બેઠો. પછી તેણે વહેલના ચાલકને પૂછ્યું કે ક્યાં રહો છો ? ક્યા કારણસર ગયા હતા ? જવાબમાં ચાલકે કહ્યું કે સુચિપુર નગર પાસે પુંડનપુર નામે ગામ છે. ત્યાં પદમા પટેલનો પુત્ર મકનો પટેલ છે. મારી પુત્રી પ્રેમા નામે છે તેને ત્યાં પરણાવી છે. તેને મળવાને હું ગયો હતો. વળતાં ખાલી વહેલ લઈને અમે પાછા વળતા હતા ત્યારે તમે મળ્યા. અમારું ગામ લગભગ વીસ ગાઉ છે. તે મગધ દેશમાં આવેલું છે. પ્રેમો મારું નામ છે. હું ખેડ કરું છું. મેં મારી વાત માંડીને કરી છે.

પ્રેમાએ સુવૃત્તને તેની વાત કહેવા કહ્યું. વળી પૂછ્યું પણ ખરું કે એકલા એકલા ક્યા ગામ જાવ છો ? સુવૃત્તે પોતાનું નામ અને ગામ કહ્યું. 'શિવપૂજનમાં ભંગ પડવાથી દાનપુણ્ય કરવા ધન કમાવા ઘર છોડીને નીકળ્યો છું. કોઈક ગામે જઈ સાથી રહીશ. હમણાં તમારી સાથે છું.' પ્રેમાએ વાત સાંભળી સુવૃત્તને કહ્યું કે મારે ત્યાં જ સાથી તરીકે રહી જા. મારી સાથે ખાજેપીજે. એ સાંભળી સુવૃત્ત નચિંત થઈ ગયો. તે સાથી થઈને રહ્યો. ઉત્સાહથી ખેતી કરવા લાગ્યો. તેને કારણે ઊપજ ઘણી થઈ. પ્રેમાની ભૂખ ભાંગી ગઈ. તે ધાન્ય ઘરમાં લાવ્યો. સુવૃત્તે પોતાની મહેનતનું વળતર માગ્યું. પ્રેમાએ તેને ઉતાવળ ન કરવા કહી વધુ એક વર્ષ રોકાઈ જવા આગ્રહ કર્યો. તેણે તો સુવૃત્તને એટલે સુધી કહ્યું કે

અડધોઅડધ ઊપજ તું લઈ જજે. આ ઘરબાર તારાં જ છે. પ્રેમાનાં વચન સાંભળી સુવૃત્ત ત્યાં જ રહ્યો. પોતાના ગામના રહેવાસી એવા કોઈકે આવીને કહ્યું કે તારા ઘરમાં જે સિંહણ જેવી સ્વરૂપા નામની સ્ત્રી હતી તે ઉંદરડી જેવી થઈ ગઈ. તને જે વચન કહ્યાં તેનાથી તું ભોળવાઈ ગયો. તું ઘર બહાર નીકળ્યો પછીની વાત તો જાણવા જેવી છે. તું ઘરમાં હતો ત્યારે યોગી અને નટ બહાર ભાગ્યા હતા તે નગરમાં જાહેર થયું. રાજાએ એ વાત જાણી. કણબીની જ્ઞાતિએ રાજાને વિનંતી કરી કે સ્વરૂપાને સજા કરવી જોઈએ. રાજાએ તેનાં ઘરબાર લૂંટી લીધાં. તેને દેશવટો આપ્યો. સુવૃત્તે પોતાની ઘરની વાત જાણી સ્ત્રીચરિત્રને પામ્યો. પ્રેમાને ઘરની વાત ન કહી. પ્રેમાએ તો વિચાર્યું કે સુવૃત્ત તો શુકનિયાળ માણસ. તેને કારણે ઘરમાં રિદ્ધિ વધે છે. તેણે પોતાની બીજી પુત્રી તેને પરણાવવાનો વિચાર કર્યો. સુવૃત્ત ઘરભંગ થયો હોવાથી પ્રેમાના પ્રસ્તાવને તેણે સ્વીકારી લીધો. પ્રેમાએ પ્રેમથી પોતાની પુત્રી સુવૃત્ત સાથે પરણાવી. તે કન્યાનું નામ પદ્મા હતું. પતિ-પત્ની બંને સુખોપભોગમાં રાચવા લાગ્યાં.

સુવૃત્ત પ્રેમાને ત્યાં જમાઈ થઈને રહ્યો. એક દિવસ પદ્માને ઘેર ગોડિયો રમવા આવ્યો. જાદુથી નોળિયા અને સાપની લડાઈ કરાવી. તે જોઈ પદ્મા આશ્ચર્યચકિત થઈ. તેણે જાદુગરને દાન આપ્યું અને પૂછ્યું કે આવું રૂપ કેવી રીતે થાય ? જાદુગરે તેને તે વિદ્યા શીખવી. પતિને સ્ત્રી યુવાન હોય ત્યાં સુધી જ સંબંધ હોય છે. યુવાની જતી રહે અને વિષયરસ ટળી જાય પછી તે અન્યની સ્ત્રી પ્રત્યે આકર્ષાય છે.

દેશાંતરમાં ફરતી ફરતી પેલી સ્વરૂપા નિત્ય નવા ખ્યાલ જોતી હતી. તેણે પણ વિદ્યા શીખી લીધી હતી. તે ફરતી ફરતી મિથિલા (મથુરા ?)માં આવી પ્રેમાને કહેવા લાગી કે હું પણ તમારી પુત્રી છું. તમારી પુત્રીનો જે પતિ છે તે મારો પણ પતિ છે. એવામાં સુવૃત્તે આવીને જોયું તો પોતાની પત્ની હતી. તેણે સ્વરૂપાને કહ્યું કે ઘર છોડીને તું અહીં કેમ આવી ? ત્યારે સ્વરૂપાએ કહ્યું : 'પતિ વિના પ્રેમ કેવી રીતે શક્ય હોય ! બે વરસથી તમારી વાટ જોતી બેઠી હતી. પરંતુ તમારો કોઈ સંદેશો ન મળતાં તમને શોધવા નીકળી. દેશવિદેશમાં ફરતાં ફરતાં અહીં તમારો મેળાપ થયો. મારાં દુઃખો દૂર થયાં અને મનવાંછિત ફળ્યાં.' આમ પ્રિયતમ આગળ તે લટપટ કરવા લાગી. સ્ત્રીચરિત્રનો ભેદ પેલો ભોળો સુવૃત્ત પામી શક્યો નહીં. તેણે એક બીજા મકાનમાં તેને રાખી. પ્રેમાએ કહ્યું કે મારી પુત્રી જેવી જ તે છે માટે બંને ખાઓ પીઓ અને સંપીને રહો. પતિની સેવા કરો. પતિએ બંનેને ઘેર રહેવાના વારા કર્યા પરંતુ એમ કહેવાય છે કે શોક્ય કરતાં શૂળી સારી. એકબીજાને બહેન કહીને બોલાવે પણ મનમાં ભારોભાર દ્વેષ રાખે.

સુવૃત્ત બંને પર સરખો ભાવ રાખતો. તો પણ બંને અભિમાનમાં રાચતી-વાતવાતમાં લડી પડતી. પતિ બંનેને રોકવા પ્રયત્ન કરે પણ તે તો વધારે લડવા લાગી. પતિ નિશ્ચિત કરેલા દિવસો જ એક પત્ની પાસે રોકાય. સ્વરૂપા કહેવા લાગી કે પતિનો વિયોગ એક ઘડી પણ સહન થતો નથી. સુવૃત્ત સ્વરૂપાને કંકાસ ન કરવા વીનવતો હતો. પદ્મા પિતાને ઘેર રહેતી હતી. સ્વરૂપા બીજે ઘેર રહેતી હતી. ત્યાંથી લડવા માટે પદમાને ઘેર આવતી. એક દિવસ સુવૃત્ત સસરાને ત્યાં હતો ત્યારે તેનું માથું દુઃખવા લાગ્યું. સ્વરૂપાને ઘેર જતાં શરીર ઠંડું પડી જાય એવો ડર હોવાથી પદ્માને ઘેર જ બીજા દિવસે પણ રોકાવું પડ્યું. ત્રીજે દિવસે શરીર સારું થતાં સુવૃત્તને આવતો જોઈને સ્વરૂપાએ ક્રોધથી કહ્યું કે કાલે મારો વારો હતો તે તમે કેમ ભૂલી ગયા ? આજે કેમ આવ્યા ? જાવ જ્યાં બીજી રાત રહ્યા ત્યાં જ રહો. તમને પદ્મા વધારે વહાલી છે વગેરે વચનો કહ્યાં.

સ્વરૂપાએ શોક્ય તરફ જરાય પ્રેમ ન હોવાનું કહીને સુવૃત્તને તેને ત્યાં એક દિવસ શાથી વધારે રહ્યો એમ પૂછ્યું. સુવૃત્તે પોતાની અપાર શિરોવેદના વિશે કહ્યું. સ્વરૂપાએ કહ્યું કે એ બધાં ત્યાં રહેવાનાં બહાનાં છે. પણ હું રૂઠું ત્યારે જમ જેવી છું તે તું જાણતો નથી. એક ક્ષણમાં કામ બગાડી નાખું. જવાબમાં સુવૃત્તે કહ્યું કે શા માટે પોતાનાં વખાણ કરે છે. તારા ચારિત્રનો વિચાર કર પછી વખાણ કરજે. સુચિપુરની વાત કેવી રીતે ભુલાય ? ઘર છોડીને કેમ આવી તે વિચારીને શરમ રાખ. પિયુનાં વચન સાંભળી સ્વરૂપા ક્રોધે ભરાઈ. તે બોલી, 'અરે પાપી, મારા ઉપર આળ નાખે છે ?'

સ્વરૂપાને ક્રોધ ચડવાથી તે બૂધું લઈને ધણીની સામે દોડી. તેની (સુવૃત્તની) પીઠ પાછળ ઉગામેલો ધોકો વિદ્યાબળથી સર્પ થઈ ગયો અને સુવૃત્તની પાછળ પડ્યો. સ્ત્રીનું કંઈક નવું જ ચરિત્ર જોઈ તે ચમક્યો. સાપ કેડો મૂકતો નહોતો. સુવૃત્ત સસરાનું ઘર જોઈ તેમાં ભરાઈ ગયો. તેને શ્વાસ ચડેલો જોઈ પદ્માએ કારણ પૂછ્યું. સુવૃત્તે કહ્યું કે માથું દુઃખવાથી એક રાત વધારે તારી પાસે રોકાયો તેથી ક્રોધે ભરાયેલી સ્વરૂપાએ સાપણનું રૂપ ધારણ કર્યું. મુસલ (સાંબેલું) છૂટું ફેંક્યું તે સાપ થઈ ગયું. પદ્મા વાત સાંભળીને દુઃખી થઈ. તેણે ગારમાટીનો પિંડો મૂકી તેમાં નોળિયો સર્જ્યો. નોળિયાને જોઈને સાપ નાઠો. વિદ્યાના બળથી બંને સામસામા આખડ્યા. પદ્માએ પતિને ન ડરવા કહ્યું અને જાતિસ્વભાવ પ્રમાણે સાપ અને નોળિયો લડે છે તે પણ કહ્યું. લડતાં લડતાં સાપ થાકી જતાં સાપ દૂર જતો રહ્યો. સુવૃત્તે જાતે તે જોયું. ક્ષણમાં નોળિયો પણ શાંત થઈ ગયો. સ્વરૂપાના ક્રોધમાંથી છૂટીને પદ્મા પાસે આવેલા સુવૃત્તે વિચાર્યું કે ફરી આવી ઘટના બને તો કેવી રીતે બચવું. તેણે પાણી પહેલાં પાળ બાંધવાનું નક્કી કર્યું. જેમ ગાંડી માથે પાણી ભરેલું બેડું સ્થિર ન રહે તેમ રાક્ષસીરૂપ ધરાવતી સ્ત્રીનો સંગ હંમેશ જોખમી જ હોય છે. તેથી બેય સ્ત્રીઓને છોડીને પરદેશ ચાલ્યો જાઉં એમ વિચારી તે પરદેશ ચાલ્યો.

સ્ત્રીઓને છોડીને નિર્ભય થઈને સુવૃત્ત ચાલ્યો. પૂર્વ દિશામાં બનારસ નગરીની અશોકની વાડીમાં જઈને તે બેઠો. એ વખતે ત્યાં એક શેઠ આવ્યો. તેનું નામ ચંપક શેઠ હતું. સુવૃત્તનું નામ લઈને તેણે તેને 'ભલે આવ્યો' એમ કહ્યું. તેને પોતાને ઘેર આવવા પણ કહ્યું. સુવૃત્તનું મોહું જોઈને ચંપક શેઠને તે ગમી ગયો હતો. સુવૃત્તે વિચાર્યું કે ઓળખાણ વગર આણે મારું નામ કેવી રીતે જાણ્યું હશે એ અંગે ધીરે રહીને પૂછી જોઉં.

ચંપક શેઠે સુવૃત્તને પોતાનું ઘર પાવન કરવા કહ્યું. શેઠની વાક્પટુતાએ સુવૃત્તને તેમને ત્યાં જવા લલચાવ્યો. શેઠે તેનું સારી રીતે સ્વાગત કર્યું અને પોતાની પુત્રી સાથે લગ્ન કરવા કહ્યું. શેઠની કન્યા રૂપમાં રંભા જેવી હતી. સુવૃત્તે શેઠને પોતાનું નામ તેમણે કેવી રીતે જાણ્યું તે વિશે પૂછ્યું અને એ પણ કહ્યું કે કુળ જાણ્યા વિના તમે કન્યા આપવા કેમ તૈયાર થયા છો ?

શેઠે કહ્યું કે મારે ચાર પુત્રો છે અને પાંચમી આ પુત્રી છે જે મને પ્રાણથી વહાલી છે. તેનું નામ ચંપકલતા છે. તે ચોસઠ કલાઓમાં પારંગત છે. તે ઉંમરલાયક થઈ હોવાથી રાતદિવસ તેની ચિંતા રહે છે. એક દિવસ મધરાતે કુળદેવીએ સ્વપ્નમાં આવી દુઃખ દૂર કરવાનું કહ્યું. સવારમાં નગરના બગીચામાં અશોકવૃક્ષની નીચે સુવૃત્ત નામે એક રૂપાળો પુરુષ બેઠો હશે. તે ઉત્તમકુળનો હશે. તેને ઘેર તેડી લાવ એક પહોર દિવસ ચઢે ત્યારે તારી કન્યા પરણાવજે એમ કહ્યું. કુળદેવીએ મને (ચંપક શેઠને) ચિંતામાંથી ઉગાર્યો. સવાર થતાં જ અહીં આવ્યો. પ્રહર દિવસ ચઢતાં તમે આવ્યા. દેવીએ નામ આપ્યા પ્રમાણે તમારી સાથે વાત કરી. હવે તમે મારી પુત્રી સાથે લગ્ન કરો અને સંસારનું સુખ ભોગવો. ચંપકસેનનાં વચન સાંભળી સુવૃત્ત એવું વિચારવા લાગ્યો કે પરદેશમાં હું એકલો છું. સમય કેવી રીતે વિતાવવો. નસીબજોગે કન્યા આવી મળે છે તો તેને પરણી સુખ ભોગવું. ગામેગામ કોણ ભટકે ? સુવૃત્તે શેઠને કહ્યું કે દેવી-વચનથી આ કરો છો પરંતુ એકવચન તો પાળજો.

પુત્રી પરણાવીને ચંપક શેઠ રાજી થયો. દીકરીને ઘરેણાંવસ્ત્રો વગેરે આપ્યાં. ચંપકલતા સુખમાં રાચવા લાગી. ચાર ભાગ પુત્રના અને એક પુત્રીનો એમ શેઠે પાંચ ભાગ પાડ્યા. સમય પસાર થયો અને ચોમાસાની ઋતુ આવી.

મેઘ ગર્જના કરવા લાગ્યો. મુસળધાર વરસાદ વરસવા લાગ્યો. વરસાદની ઋતુ આવતાં જ કામિની પતિનું-પિયુનું મનમાં સ્મરણ કરે છે. આ ઋતુમાં સુવૃત્ત પોતાના આવાસમાં આવ્યો. તે સ્ત્રીઓનું વર્તન જોવા લાગ્યો. તેણે એક સ્ત્રીને વિરહથી પિડાતી જોઈ. સુવૃત્ત વિચારવા લાગ્યો કે પેલી સ્ત્રી જેમ પિયુ વગર ટળવળતી હતી તેમ મારી પણ બે સ્ત્રીઓ ટળવળતી જ હશે ને !

તેણે વિચાર્યું કે મારી બે સ્ત્રીઓ-સ્વરૂપા અને પદ્મને ખબર નથી કે તેમનો પિયુ ક્યાં ગયો છે. તે પોતાની સ્ત્રી ચંપકલતા સાથે આનંદપ્રમોદ કરતો બેઠો હતો. એવામાં તેને અગાઉની બે પત્નીઓની યાદ આવતાં તે ઉદાસ થયો. ચંપકલતાએ તેને ઉદાસ થવાનું કારણ પૂછ્યું. સુવૃત્તે જવાબમાં કહ્યું કે માગણની સ્ત્રીને પતિવિરહથી પીડાતી જોઈને મારે ઘેર રહેલી બે સ્ત્રીઓ યાદ આવી. તે પણ આમ જ દુઃખ અનુભવતી હશે.

ચંપકલતાએ કહ્યું કે હું જાણું છું કે મારે બીજી બે શોક્ય છે. એ પણ મારી બહેનો છે. તેમની પ્રત્યે પણ સ્નેહ રાખવો જોઈએ. તે મનમાં બીજો વિચાર કરવા લાગી કે મારા સંગે સુખ ભોગવે છે છતાં અગાઉની સ્ત્રીઓને ઝંખે છે. આમ મોઢે મીઠી પણ મનની મેલી એવી તે એવાં વચન બોલવા લાગી કે સાચો સ્નેહ તો પિયુ તણો જ હોય. તે મોહબાણથી વીંધાણો. સુવૃત્તે કહ્યું કે તારી આજ્ઞા હોય તો અહીંથી જવાય. ચંપકલતા વિચારવા લાગી કે પોતે રાતદિવસ પતિભક્તિ કરી તો પણ બે શોક્યો જ યાદ આવી. પિયુ તેમને જ સંભારે છે, મારી ભક્તિ વીસરી ગયો. ચોમાસાની ઋતુમાં તેને લલચાવી રાખું એમ વિચારી તેણે કાદવકીચડમાં કેમ જવાય ? હમણાં માર્ગ મુશ્કેલીભર્યો હોય. શરદઋતુ આવ્યા પછી સુખેથી ઘેર જજો એમ કહ્યું. પિયુ તેનાં વચન માની રોકાઈ ગયો. ગમે તેમ કરી સુવૃત્તે સમય પસાર કર્યો. શરદઋતુ આવતાં તેણે જવાની ચંપકલતા પાસે રજા માગી. ચંપકલતાએ સુવૃત્તને એક મંત્રેલો કરબો (જળપાત્ર) આપ્યો જે લઈને તે મથુરાના માર્ગે ગયો. મધ્યાહ્ન સમયે કોઈ ગામડે પાણી મળે તેવી જગ્યાએ વૃક્ષની નીચે વિશ્રામ કરવા બેઠો. નહાઈ-ધોઈને ભોજન કરવા બેસતાં પહેલાં કોઈ અતિથિ મળે તો તેને જમાડી ઇચ્છિત મેળવવા વિચાર્યું. તે આમ વિચારતો હતો તેવામાં જ એક જટાધારી અવધૂતને જોયો. તેને જોઈ સુવૃત્ત હર્ષ પામ્યો. કરબો ભરીને તેને જમવાનું આપ્યું. ભૂખ્યા તપસ્વીએ જેવો આહાર કર્યો કે તરત જ મંત્રેલા જળપાત્રને લીધે યોગી બોકડો થઈ ગયો. સુવૃત્તે તે જળપાત્ર જોયું. કોઈ પુણ્યસંજોગથી તેની ઉપરનું વિઘ્ન ટળી ગયું.

પેલો બાવો બોકડો થઈ ગયો. તે સુવૃત્ત પાસે આવ્યો. તે બેં બેં કરતો હતો. પછી તે બોકડો બનારસ તરફ ચાલ્યો. સુવૃત્તે તે ક્યાં જાય છે તે જોવા તેનો પીછો કર્યો. બંને (સુવૃત્ત અને બોકડો) નગરમાં પહોંચ્યા. બોકડો જ્યાં ચંપકલતા હતી તે મકાનમાં પ્રવેશ્યો. સ્ત્રીનું ચરિત્ર જોવા સુવૃત્ત બોલ્યાચાલ્યા વિના સંતાઈ રહ્યો. બોકડાને આવેલો જાણીને ચંપકલતાએ બારણાં બંધ કરી તેને ફટકારવા માંડ્યો. બૂમ પાડતા બોકડાને જોઈ તે સ્ત્રી બોલતી હતી કે અપરાધ વિના મને છોડી દીધી. ઘણા લાંબા સમય પછી પણ તેં જૂની (પહેલાંની) સ્ત્રીઓને પ્રેમથી યાદ કરી તેની પાસે જવા નીકળ્યો હતો. હવે અહીં કેમ આવ્યો છે ? ચંપકલતા તો બોકડાને પોતાનો પતિ માનીને મેણાંટોણાં બોલતી હતી. ચંપકલતાએ તો મુસળ વડે બકરાને ખૂબ માર્યો. તેથી બકરો શોરબકોર કરતો હતો. ચંપકલતા

કહેતી હતી કે તમને હું કેમ વહાલી ન લાગી ? મારા કરતાં શોક્યો વહાલી લાગી. બકરાનો શોરબકોર સાંભળીને નગરના લોકો એકત્ર થયા. સુવૃત્ત છાનોમાનો સ્ત્રીનું ચરિત્ર જોતો હતો. તે મનમાં વિચારતો હતો કે ચંપકલતાએ આપેલ જળપાત્રમાં મેં ભોજન ન કર્યું એ સારું થયું. નહીં તો હું પણ આ બોકડાની દશાને જ પામ્યો હોત. લોકોએ બારણાં ખખડાવતાં કહેવા માંડ્યું કે બકરાને કેમ મારે છે ? લોકોએ કૂદીને કમાડ ઉઘાડ્યાં. લોકો ચંપકલતાને ઠપકો આપતાં કહેવા લાગ્યા કે મૂંગા જીવને શાથી મારે છે ? વણિક કુળમાં ઉત્પન્ન થઈને શા માટે પાપ કરે છે ? સમતા રાખીને મૂંગા જીવ સાથેનો ખેદ છોડી દે- વગેરે સમજાવીને લોકો પાછા વળ્યા. પછી ચંપકલતાએ પાણી લઈ બકરા ઉપર છાંટતાં જોગીંદ્રિ અસલ રૂપ ધારણ કર્યું. લોકો એ જોઈ વિસ્મય પામ્યા. યોગી ફરી કંઈક આવું થાય એવી બીકથી ત્યાંથી નાસવા લાગ્યો. ચંપકલતા મનમાં વિચારવા લાગી કે આ તો કંઈક ઊલટું થયું. વાંક વિના યોગીને માર્યો. મારો પતિ ક્યાં હશે તેની ખબર નથી. હવે શોધવાથી ક્યાં મળે ? એક વાર ફસાયા પછી પાછો ફરીને તે ન આવે. મેં જાણ્યું કે પતિને વશ કરીશ પણ કર્મની ગતિ ન્યારી છે. મનની મનમાં રહી ગઈ. જગતની ટીકાનો ભોગ બની. મારાં પરાક્રમ જોઈને પતિ પણ મનમાં દુઃખી થશે. પોતાની સ્ત્રીનું ચરિત્ર જોઈને સુવૃત્ત પણ આશ્ચર્ય પામ્યો. સ્વરૂપા, પદ્મા અને ચંપકલતા- આ ત્રણેય સ્ત્રીઓ જબરી નીકળી. મારું વિઘ્ન ભાગ્યસંજોગે યોગીએ લઈ લીધું, નહીં તો મારા બૂરા હાલ થાત એમ સુવૃત્ત માનવા લાગ્યો. ચંપકલતા તો નિર્દય સ્ત્રી છે. સ્ત્રીનું આવું ચરિત્ર હોવા છતાં ભલભલા નર ભૂલા પડે છે. આ પૂર્વે પણ ભલભલા પુરુષો સ્ત્રીની પાછળ ગાંડા થયા હતા. વિષયરસ વ્યાપતાં જ નર નારીનો દાસ થઈ જાય છે. ચંપકલતાના ચરિત્રે સુવૃત્તની આંખ ઉઘાડી નાખી. ગુમપણે તેણે જોયેલ સ્ત્રીના ચરિત્રને અંગે વિચારતાં ત્રણેય સ્ત્રીઓને સાપ કાંચળી ઉતારે તેમ છોડી દીધી. તે નગરમાં પહોંચ્યો. નગરની બહાર વનમાં કોઈ મુનિ સમોસર્યા હોવાનું જાણી તેમની પાસે ગયો. ત્રણ પ્રદક્ષિણા કરી, વંદના કરી. પરોપકારી મુનિવરે તેને દેશના આપી. સુવૃત્તે મુનિને કહ્યું કે હું ધર્મમર્મ કંઈ જાણતો નથી. મને સંસાર તરવાનો માર્ગ બતાવો. મુનિવરે કહ્યું કે તમને જેમ સુખ વહાલું છે તેમ બધા જીવોને સુખ વહાલું હોય. જો તમે સુખ ઇચ્છતા હો તો અન્ય જીવને દૂભવો નહીં. એ સાંભળી સુવૃત્તના મનમાં વૈરાગ્યભાવ જાગૃત થયો. તેણે સંયમ લીધો. અનશન કરી બીજા દેવલોકમાં અરુણ્ય નામ તે દેવ થયો. સભા સમક્ષ શ્રી જિનદેવે તેનો પૂર્વભવ વર્ણવ્યો.

વીરસેને પૂર્વભવનું ચરિત સાંભળ્યું. તેના હૃદયમાં વૈરાગભાવ ઉત્પન્ન થયો. તેણે દીક્ષા લેવાનું નક્કી કર્યું. ઘરે જઈ તેજસારને સિંહાસને બેસાડ્યો. વીરસેને રાણીને પોતે દીક્ષા લેશે એમ કહ્યું. જવાબમાં રાણીએ કહ્યું કે પતિ વિના સંસાર નકામો છે. હું પણ સાધ્વી થઈશ. માતાએ તેજસારને કહ્યું કે વિક્રમસેન તારો ભાઈ છે. તમે સંપીને રહેજો. તેજસારે સ્વીકાર્યું કે એ ભાઈ મારી બાંય છે.

હવે તેજસાર રાજી થયો. તે પગપાળો શ્રી જિન પાસે ગયો. પાલખીમાં બેસીને માતા આવી. તેજસારે બે હાથ જોડી શ્રી-જિનને અરજ કરી કે આ મારાં માબાપ છે. તેઓ જન્મ, જરા અને મૃત્યુના ભયથી સંયમ ગ્રહણ કરવા માગે છે. દીક્ષા પ્રસંગ પછી તેજસાર ઘેર આવ્યો. રાજરિદ્ધિનું તે પાલન કરતો હતો. અગાઉ ત્રણ રાજ્ય હતાં. ચોથું રાજ્ય પોતાનાં કર્મથી પ્રાપ્ત કર્યું. પાછળ એક સ્ત્રી હતી જે પટરાણી તરીકે ચંપાપુરીમાં હતી. તેણે પ્રધાનને બોલાવી કહ્યું કે હું ચંપાપુરી જઈશ. પ્રથમ જે સ્ત્રીને પરણ્યો હતો તે વિજયશ્રીના પુત્રને યુવરાજપદ આપજો. તેજસારે રૈયતને રાજી કરી. પોતાના પુત્રને કાજે વિજયશ્રી ત્યાં જ રહી. આઠ સ્ત્રીઓએ આઠ કુંવરની સાથે તેજસાર સાથે પ્રયાણ કર્યું. ચંપાપુરી જવા માટે પૂર્વની વાટ પકડી. માર્ગમાં આવતા એક નગરના રાજાની પુત્રી સાથે પોતાના પુત્રનું સગપણ કર્યું હતું ત્યાં જ તેજસાર આવી પહોંચ્યો. તેજસારને આવેલો જાણી રાજા હર્ષ પામ્યો.

બંગદેશની વપ્રાવતી નગરીના વેરસિંહ રાજાની પુત્રી મૃગાવતીનું સગપણ તેજસારની રાણી શ્રીમતીના પુત્ર શ્રેયાંસકુમાર સાથે થયું હતું. વેરસિંહે બધાંને સરસ ઉતારો આપ્યો. ભાતભાતનાં ભોજન કરાવ્યાં. લગ્નનો દિવસ નક્કી કરી સરસ રીતે કન્યાદાન દીધું.

વેરસિંહ રાજાએ દાયજામાં એકસો આઠ ગામડાં દીધાં, પાંચ કરોડ રોકડ દીનાર આપી. માતાપિતાને પગે લાગી મૃગાવતી સાસરે જવા નીકળી. લશ્કર ચંપાઘાટ તરફ ચાલ્યું. રસ્તામાં કેટલાક ચોરો માર્ગ રોકીને ઊભા હતા. તેઓ સટોસટ બાણ છોડતા જતા હતા. સૈન્યે સામનો ન કર્યો અને નાસવા લાગ્યું. તેજસાર રાજા નજીક આવ્યો. રથમાંથી ઊતરી તેણે સ્થંભન વિદ્યા અજમાવી. બધા ભીલ ચિત્રમાં ચીતર્યા હોય એમ સ્થિર થઈ ગયા. હવે તે કોઈને હણી શકે એમ નહોતા. ભીલનો નેતા તેજસારને શરણે આવ્યો અને પોતાના સાથીઓને છોડવા વિનંતી કરી. તેજસારે ફિટકાર વરસાવ્યો અને કહ્યું કે એક પેટ ભરવા આટલાં અસંખ્ય પાપો કરો છો. જવાબમાં ભીલે કહ્યું કે તમે જે કહો છો તે બધું સાચું છે. તેજસારે વચન લઈને પાંચ સહસ્ર ભીલચોરોને છોડ્યા. તેમને શિખામણ આપતાં કહ્યું કે અણહકનું મળે તો લેશો નહીં. ઉદ્યમ કરીને પેટ ભરજો. અપરાધ વિના કોઈ જીવ હણશો નહીં.

તેજસારનું સૈન્ય જે ભાગી છૂટ્યું હતું તે આવીને ભેગું થયું. તેજસાર અને લશ્કરે ત્યાંથી પ્રયાણ કર્યું. ચંપાપુરીની બહાર આવી મુકામ કર્યો. નગરમાં વધામણી આપવામાં આવી. રૈયત રાજી થઈ. લોકો ભેટ લઈને રાજાને મળવા આવ્યા. તેજસારનું હાથીની અંબાડીએ બેસાડી સ્વાગત કરવામાં આવ્યું. રાજા મહેલે

આવી હાથી ઉપરથી ઊતર્યો. મહેલમાં જઈ પોતાની પટરાણી શ્રીમતીને મળ્યો. ભાવથી ભોજન કર્યાં. મંત્રીને તેડાવી આવક-ખર્ચ વિશે પૂછ્યું. નવ સ્ત્રીઓ સાથે રાજા સુખવિલાસ ભોગવવા લાગ્યો. તેજસારને મળેલી વિદ્યાઓમાંથી સ્થંભનવિદ્યાનું પારખું તો તેણે કરી લીધું હતું. પરંતુ આંખમાં અંજન કરવાથી તેને (અંજન કરનારને) કોઈ જોઈ ન શકે તેનું પારખું કરવા તેજસાર અંજન કરી રાત્રિચર્યા જોવા નગરમાં નીકળ્યો. નગરમાં ક્યાંય ચોરી નહોતી થતી. લોકોને સુખી જોઈ રાજા હરખ્યો. મધરાત થતાં તે (રાજા) ચૌટાની વચ્ચે એક જગ્યાએ બેઠો. નગરમાં શ્રીદત્ત નામનો એક વેપારી વસતો હતો. તેને પૌમશ્રી નામે પત્ની હતી. લોભવશ શ્રીદત્ત વેપાર કરતો હતો. શ્રીદત્તે પરદેશ જવા વિચાર્યું. તેણે ગુમાસ્તાને બોલાવી પોતાના કુટુંબની સારસંભાળ રાખવાની ભલામણ કરી. પછી તે પરદેશ ગયો. પાછળ તરુણ પત્નીને મૂકતો ગયો. યુવાનીમાં કામવાસના પીડા કરતી હોય છે.

નગરની બહાર રહેતો એક બાવો જે જુવાન હતો તે ભિક્ષા લેવા શ્રીદત્તને ઘેર આવ્યો. પૌમશ્રીએ તેને જોયો અને સ્નેહથી તેને નામ-ઠામ પૂછ્યાં. યોગીએ નદીને પેલે પાર એક સુંદર ઝૂંપડીમાં વસતો હોવાનું કહ્યું. એ પછી યોગી પાછો વળ્યો. તેની પાછળ પાછળ સખી સાથે પૌમશ્રી પણ ગઈ. તેણે યોગીની ઝૂંપડી શોધી કાઢી. તેણે યોગીને પૂછ્યું કે પરદેશથી મારો પતિ ક્યારે પાછો ફરશે. યોગીએ કહ્યું કે જે પરદેશ ગયા તે પરસ્ત્રીમાં લુબ્ધ થયા હોય તો કેવી રીતે ઘેર પાછા ફરે. તું અહીં રહીને તેને માટે ઝૂરે છે. યુવાનીમાં પિયુ ઘેર ન હોય તો તેનો અવતાર એળે ગયો કહેવાય.

પૌમા યોગીનાં વચન સાંભળી વિચારવા લાગી કે એની જોડી સરખેસરખી મળી છે. બાવાએ પૌમાને મોડી રાત્રે ઝૂંપડીએ આવવા કહ્યું. પૌમા રોજ મધરાતે બાવાની ઝૂંપડીએ જતી. ડુંગર ઓળંગીને તે આવતી અને જતી. એક પ્રહર બાવા પાસે તે રોકાતી. આમ કેટલાક દિવસ વીત્યા. એવામાં તેનો પતિ પરદેશથી આવ્યો. તેને અછોઅછો વાનાં કરી જમાડ્યો. પરદેશની વાત કરતાં મધરાત વીતી. પાછલી રાતે પતિ જ્યારે સૂઈ ગયો ત્યારે પૌમાને બાવાની પ્રીત સાંભરી. ત્યાં જવા તે તત્ક્ષણ ઊઠી. સાથે મેવા-મીઠાઈ લીધાં. પૌમા ચૌટા વચ્ચે આવી. તે શીઘ્ર ગતિએ ચાલતી હતી. તેજસારે તેને જોઈ. રાજાએ વિચાર્યું કે આગળ તો નગરના દરવાજા બંધ છે. એટલે અદૃષ્ટપણે નારીચરિત્રનું કૌતુક જોવા રાજા તેની પાછળ ગયો. પૌમા વસ્ત્ર બાંધી કોટ ઊતરી ગઈ. તેજસાર અદૃશ્ય રીતે ઊતરી ગયો. થાળ લઈ પૌમા આગળ ચાલી. એવામાં એક સિંહ ડણક દેતો દોડતો આવતો હતો. પૌમાએ બરુના વૃક્ષની એક સોટી લઈ સિંહના મુખમાં ખોસી દેતાં તે આરપાર નીકળી ગઈ. સિંહ મરાયો. તેજસાર પણ વિચારવા લાગ્યો કે સ્ત્રીનું પરાક્રમ પુરુષ જેવું છે. પૌમા ચાલતી ચાલતી પાણી ભરેલી નદી પાસે આવી. ત્યાં સર્વ વસ્ત્ર ઉતારી થાળ માથે લઈ નદી તરી ગઈ. તેજસાર રાજા પણ તરીને સામે કાંઠે ગયો. પૌમા જતી હતી ત્યાં રસ્તામાં બે ચોર બેઠા હતા. એ ચોરોએ પૌમાને જોઈને ક્યાં જશો એમ પૂછ્યું. પૌમાએ કહ્યું કે કોઈ બહાદુર પુરુષ મળે તો તેને વરવાની ઇચ્છાથી નીકળી છું. એ સાંભળી બંને ચોર તેની ઉપર મોહી પડ્યા. એકે કહ્યું કે આ મારી પત્ની જેવી લાગે છે. બીજાએ કહ્યું કે એ તો તારી કાકી જેવી લાગે છે. આમ બંને લડી પડતાં એકબીજાનું માથું વાઢી લીધું. ચોર મારીને તે બાવા પાસે ગઈ અને કામ સંતોષ્યો.

બાવો પૌમાના આવતાં પહેલાં ગુસ્સે ભરાયો હતો. રંડી ઘરમાં સૂઈ રહી હશે. જો હવે તે આવે તો તેનું માથું ફોડી નાખું એમ વિચારતો હતો ત્યાં જ પૌમા થાળ લઈને આવી પહોંચી. બાવાએ રીસમાં કહ્યું કે આખી રાત ગઈ પછી છેક સવારે આવી ! ગુસ્સામાં આવી તેણે પૌમાના માથામાં લાત મારી. તું અન્ય કોઈ પુરુષમાં લપટાણી હોઈશ. તારા દેહમાંથી ભોગ કર્યાની ગંધ આવે છે. પૌમાએ કહ્યું કે મારો પતિ ઘણા દિવસે પરદેશથી આવ્યો તેથી તેનું સ્વાગત કરવામાં જ મોડું થઈ ગયું. પતિ સૂઈ ગયા પછી નીકળી.

બાવાએ કહ્યું કે તારો પતિ આવ્યો તેથી હું તને છોડી દઉં છું. પૌમાએ તરત જ વિચાર્યું કે બાવાને પ્રેમના બંધનમાં બાંધી રાખું. બાવાને તેણે કહ્યું કે તમે જ મારું જીવન છો. તમારા વિના હું એક ઘડી પણ રહી શકતી નથી. તારું શરણ જ મને ઉગારશે. બાવાએ કહ્યું કે જો મારા પ્રત્યે પ્રેમ હોય તો તારા પતિનું માથું ઉતારીને લાવ. એ સાંભળી પૌમા વિષયાંધ થઈને પતિનું માથું ઉતારવા ચાલી. તેજસારે બંને વચ્ચેની વાત સાંભળી. તેણે વિચાર્યું કે કદાચ આ સ્ત્રી પતિનું માથું વાઢી લે. રાજા અદૃશ્યપણે આવીને કહેવા લાગ્યો કે આ શણગાર તો પતિની શોભા છે. નાતજાત તજીને બાવાની સાથે જઈશ ? હું તારો કુળદેવ કહેવા આવ્યો છું કે પતિની સેવા કરજે. એ બાવામાં તારું કંઈ વળશે નહીં. અદૃશ્ય રહેલ વ્યક્તિનાં વચન સાંભળી પૌમા વિચારવા લાગી કે કુળદેવે કૃપા કરીને મને બુદ્ધિ આપી છે. કુળદેવનું ભલું થજો.. આમ વિચારી તેણે ખડ્ગ બાજુમાં મૂકી દીધું. પતિની પાસે જઈ સૂઈ ગઈ. તેને ચિંતા હતી કે પતિ પૂછશે કે આ માથું કેમ ફૂટ્યું તો શો જવાબ આપીશ ? આમ વિચારતાં તેણે નક્કી કર્યું કે પલંગ ઉપરથી નીચે પડવું અને લોટી ફગાવવી. તેણે તેમ કર્યું. લોહી નીંગળતા માથે તે બેઠી. પતિ ખમ્મા ખમ્મા કરવા લાગ્યો. તેણે શું થયું એમ પૂછતાં પૌમાએ કહ્યું કે બિલાડી કૂદતાં હું બ્હી ગઈ. હું પલંગ ઉપરથી પડી અને મને વાગ્યું. તરત જ પિયુએ પાણી લઈને પ્રિયાનું મુખ ધોયું. તેજસાર રાજા અદૃશ્યપણે નારીનાં બધાં ચરિત્ર જોતો હતો.

તેજસાર રાજા ત્યાંથી યોગીની મઢીએ ગયો અને અદૃશ્ય

રહીને તેને કહ્યું કે અહીંથી ભાગી જા, નહીં તો દુઃખ પામીશ. તેં પૌમાવતીને કોઈને મારવાનું કહી મુખથી તું દૂષિત થયો છું. અદૃશ્ય વ્યક્તિનાં વચન સાંભળી બાવો ઉત્તર તરફ નાસી ગયો. તે પછી તેજસાર નગરમાં આવ્યો. તેને વિજય નામે જાણીતો ચોર મળ્યો. તેણે ઘણી ચોરીઓ કરેલી, ઘણા લોકોને મારેલા. તેજસાર અદૃશ્ય રીતે તેની પાછળ પડ્યો. ચોર વનમાં ગયો. ત્યાં પર્વતની એક ગુફા પાસે જઈ તેણે કળથી તેને ખોલી. ચોર ધન લઈ તેમાં ગયો. તે જગા જોઈ રાજા ચંપાપુરીમાં પાછો આવ્યો.

તેજસાર જેવો રાજદ્વારે આવ્યો કે લોકોએ પોકાર પાડતાં પોતે લૂંટાઈ ગયા હોવાનું રાજાને જણાવ્યું. રાજાએ સૌને આશ્વાસન આપતાં કહ્યું કે હું તમારું દુઃખ દૂર કરીશ. એમ કહી તેણે દુર્ગપાલને બોલાવ્યો. તેને નગરની બરાબર ચોકી કરવાની સૂચના આપી. દુર્ગપાલે પણ રાજાનું લૂણ ખાતો હોવાનું કહી ચોરને પકડવાની ખાતરી આપી. તેણે ત્રણ દિવસની મહેતલ માગી. ચોર અંજન કરી અદૃશ્ય રહી આ બધી વાત સાંભળતો હતો. રાજા પણ તેને જોતો નહોતો. દુર્ગપાલ રાજાને ખાતરી આપી ઘેર આવ્યો. રાત પડતાં તે ચોકી કરવા પાંચસો માણસોને સાથે લઈ નીકળ્યો. ચૌટા વચ્ચે આવીને તે બેઠો. ચોર ગુપ્તપણે આવીને દુર્ગપાલના ઘેર ગયો. આભૂષણોનો ડબ્બો ભરી પેટીમાં મૂકી માળીને ઘેર ગયો. ચોરે ત્યાં સ્ત્રીનું રૂપ ધારણ કર્યું, ચોરેલાં ઘરેણાં દેહ ઉપર પહેરી લીધાં, પુષ્પનાં વસ્ત્રો પહેર્યાં અને મધરાતે ચૌટા વચ્ચે આવીને તે ઊભો રહ્યો. દુર્ગપાલે તેને જોઈ પૂછ્યું કે અત્યારે શું કરવા નીકળી છે ? સ્ત્રીરૂપે રહેલા ચોરે જવાબ આપ્યો કે નવ વરસની હતી ત્યારે પરણી છું. પતિ પરદેશ ગયો છે તે હજી પાછો આવ્યો નથી. મારો પતિ પાછો આવે તે માટે મેં શિવપૂજા માની છે. પુષ્પનાં વસ્ત્રો પહેરી પ્રથમ તેની પૂજા કરીશ. બાર વરસ સુધી પૂજા કરી છે. ચોરનું સ્ત્રીરૂપ જોઈ કોટવાલને કામ જાગ્યો.

તેણે કામિનીને (ચોરને) પોતાના ઉપર કામણ કર્યાનું કહ્યું અને પોતાની પાસે બેસી વાતચીત કરવા વિનંતી કરી. ત્યારે ચોરે આટલા બધા માણસોની વચ્ચે વાત કરવાની શરમ આવતી હોઈને તે બધાને દૂર મોકલવા કહ્યું. કોટવાલે તેમ કર્યું. એકાંત મળતાં ચોરે કોટવાલને ખાદ્યપદાર્થમાં કેફી પદાર્થ નાખી શિવ-સામગ્રી જમવા આપી. થોડીવારમાં કોટવાલને ઘેન ચઢ્યું. ચોરે તેનાં વસ્ત્ર ઉતારી લઈ તેના બેય પગમાં બેડી નાંખી દીધી. ગુદામાં ખીલી જડી દીધી. વસ્ત્રો લઈને તે જતો રહ્યો.

સવાર થતાં અનુચરોએ કોટવાલને હેડમાં પડેલો જોયો. ચોરે તેના આ હાલહવાલ કર્યા હોવાની ચર્ચા ચાલી. લોકોને હાંસીનો વિષય મળી ગયો. રાજાને વાતની ખબર પડતાં તે જોવા આવ્યો. અનુચરોને બોલાવી પૂછ્યું કે તમે ક્યાં હતા ? અનુચરોએ બનેલી બીના કહી સંભળાવી. સવારે તેમણે જોયું તો કોટવાલની આ સ્થિતિ હતી. ગુદામાંથી ખીલી કાઢી, પગમાંથી બેડી કાઢી માંડ બેઠો કર્યો હોવાનું પણ અનુચરોએ કહ્યું. એવામાં કોટવાલની સ્ત્રીએ આવીને ઘરમાંથી બધાં જ આભૂષણો ચોરાયાં હોવાનું કહ્યું. કોટવાલ લજ્જા પામ્યો. રાજાએ કહ્યું કે એક સ્ત્રીથી તે ભોળવાઈ ગયો. કોઈ કામ સિદ્ધ થયું નહીં. ચોર ઘણો જોરાવર અને બુદ્ધિશાળી છે. એવામાં ત્યાં પૂંજો પુરોહિત ઊભો હતો. તેણે ચોરને પકડવાનું બીડું ઝડપી ત્રણ દિવસની મુદ્દત માગી. એ વખતે ત્યાં અંજન કરી વિજય ચોર ઊભો હતો. તેણે પુરોહિતની વાત સાંભળી. રાજાને વંદન કરી પુરોહિત ઘેર આવ્યો. તેની પાછળ ચોર આવ્યો. પુરોહિતની સ્ત્રીએ પુરોહિતે ઝડપેલ ચોર પકડવાના બીડાની વાત સાંભળી કહ્યું કે તમને તો રાજ્યની ચિંતા છે, ઘરની ચિંતા નથી. તમારી બહેન બાર વરસથી ગંગાજી ગઈ છે. તેની સાથે ભાણેજ ગુમાન જે આઠ વરસનો હતો તે પણ ગયો છે. હવે તે વીસ વર્ષનો જુવાન થઈ ગયો હશે. પણ હજી તે ઘેર પાછો ફર્યો નથી. તમારી પુત્રી મોટી થઈ ગઈ છે તો એને વરાવવાની પણ ચિંતા કરવી જોઈએ ને ! પુરોહિતે પહેલાં ચોરને પકડી, રાજ્ય પાસેથી ઈનામ મેળવી પછી એ કામ કરીશ એમ કહ્યું.

વિજય ચોરે પુરોહિતની જાળમાં ન ફસાવા મનમાં વિચાર કરી જમુનાબાઈ જે ગંગા ગઈ હતી તેનો પાસો ફેંકવા નક્કી કર્યું. તે જ રાત્રે તરુણ રૂપ ધારણ કરી ગંગાવાસીની કાવડ ખભે લઈ, હાથમાં ડંડી લઈ તે ઝાંપા બહાર આવ્યો. કોઈકને ગુમાન આવ્યો હોવાની ખબર કરવા કહ્યું. સંદેશવાહકે પુરોહિતને ઘેર જઈ ભાણેજ ગુમાન આવ્યાના સમાચાર આપ્યા. પૂંજો તેને લેવા સામો ગયો. જઈને ગુમાનને પૂછ્યું કે જમુનાબેન ક્યાં ગઈ ? જવાબમાં (ગુમાને) ચોરે કહ્યું કે નાની ઉંમરમાં પરદેશ ગયો ત્યારે શીળી નીકળતાં બધું વીસરી ગયો. પૂંજાએ પૂછ્યું કે બહેનનું અવસાન થયાને કેટલો સમય થયો ? ગુમાન રૂપે રહેલા ચોરે એકાદ માસ પહેલાં આ તરફ આવતાં હતાં ત્યારે વનમાં ઉતારો કર્યો ત્યારે માતાને કાળા નાગે દંશ દીધો અને તે ગુજરી ગઈ. પૂંજો રડવા લાગ્યો. સ્વજનોએ આવી લોકાચાર કર્યો. લોકો ખરખરે આવ્યા.

મામાએ ભાણેજને પૂછ્યું કે પરદેશમાં કેટલું કમાયો ? જવાબમાં ગુમાનરૂપે રહેલા ચોરે કાવડમાંથી એક સો સોનામહોરો કાઢી આપી. મામો રાજી થયો. ગુમાન મામીને પગે લાગ્યો એટલે મામીએ દુઃખણાં લીધાં. એમ કરતાં સાંજ પડી. મામાએ ભાણેજને થાક્યાપાક્યા ઘેર જ સૂઈ રહેવાનું કહ્યું. પણ ભાણેજે તો મામાની સાથે જવાનું જ કહ્યું. ઊંઘ આવશે ત્યારે ઘેર આવતો રહીશ એમ પણ મામાને કહ્યું. બંને ચાલી નીકળ્યા. રસ્તામાં ભાણેજે મામાને કહ્યું કે અહીં આવતો હતો ત્યારે માર્ગનાં મોતીની ખાણ મળી. તેમાંથી મા-દીકરાએ પોટલી બાંધી લીધી. તે લઈને અમે જતાં હતાં ત્યારે વનમાં મારી માતાનું મૃત્યુ થયું. એ પોટલી ભારે હોવા છતાં ઊંચકીને ચાલ્યો. માર્ગમાં એક ગામ આવતાં ત્યાં રસોઈપાણી કરી પાણી લેવા ગયો. ભોજન કરીને આગળ ચાલ્યો ત્યારે ધાડપાડુઓ

મારી પાછળ પડ્યા. હું ભાગ્યો. રાવલા બાગની અંદર આવેલા કૂવામાં તે પોટલી નાંખી. ધાડપાડુઓ મારી પાસે આવ્યા ત્યારે મારું વૈરાગી રૂપ જોયું. મેં ખાંધે કાવડ ગ્રહી હતી તે ઉતારી સહુને ગંગાજળ આપ્યું. બધા ચોર રાજી થઈ પાછા વળી ગયા. એ પોટલી હું ત્યાં રાખીને જ આવ્યો છું. પણ રખે સવારમાં આવી ખેડૂત કોસ જોડે તો તેને પોટલી હાથ લાગી જાય. મામાએ કહ્યું એ સાચી વાત. ચાલો, આપણે ત્યાં જઈ એમાંનો અખૂટ માલ અત્યારે જ કાઢી લઈએ. મામાએ ભાણેજને કહ્યું કે ચાર પુરુષની શક્તિ જેટલું જળ વાઢીશ એટલે કે કાપીશ. મામો-ભાણેજ બંને વાડીમાં કૂવા પાસે ગયા. મામો વસ્ત્ર ઉતારી કૂવામાં ઊતર્યો. ભાણેજ ત્યાંથી હટી ગયો. તેણે કૂવામાંથી ભાણેજને બોલાવ્યો. પણ કોઈ પ્રત્યુત્તર ન મળ્યો. લોભી મામો ડૂબકાં ખાતો હતો. તેણે વારંવાર ભાણેજને બૂમો પાડી પણ વ્યર્થ. મામો તરીતરીને થાક્યો. છેવટે એક ભેખડ હાથમાં આવતાં તેને પકડી તે કૂવામાં લટકી રહ્યો.

વિજય ચોર જે ભાણેજ તરીકે આવ્યો હતો તે પુરોહિત મામાને ઘેર ગયો. મામીને જઈને કહ્યું કે અમે ચૌટા વચ્ચે ગયા ત્યારે રાજાના સેવકો તેમને પકડીને રાજા પાસે લઈ ગયા. રાજાએ તેમને શૂળીએ ચઢાવવાનો હુકમ કર્યો. મામાએ મને બોલાવી કહ્યું, 'તું ઘેર જઈ વસ્તુઓ તારી મામી પાસેથી માગી લઈ સંતાડી દઈ છુપાઈ જજે. કારણ કે રાજા ઘર લૂંટશે. નસીબમાં લખ્યું હશે તો હું ઘેર પાછો આવીશ.' ભાણેજે કહ્યું કે મારું મન ઝાલ્યું ન રહ્યું તેથી મામાને કહ્યું કે લઘુશંકા કરવાને બહાને સિપાઈઓથી દૂર જઈ પછી નાસી જાવ. મામાએ એમ કર્યું અને તે નાસી ગયા. મામા મરણમાંથી ઊગરી ગયા. ભાણેજનાં વચન સાંભળી મામી ડરી ગઈ. તેણે ઘરમાં જઈ કિંમતી વસ્તુઓની પોટલી બાંધી ભાણેજને આપી. ચોર માલ લઈને ઊપડ્યો એટલે મામાની પુત્રી તેની સાથે જવા લાગી. તેથી ચોરે તું શા માટે મારી પાછળ આવે છે એમ પૂછ્યું. વિજયશ્રી કન્યાએ તેને કહ્યું કે તું મારો પતિ છે, હું તારા સંગે જાઉં છું. માતાપિતાએ અગાઉ કહ્યું હતું કે પુત્રી ભાણેજ સાથે પરણાવીશું. તે સાંભળીને મેં નિશ્ચય કર્યો કે તારાથી દૂર નહીં રહું. આ ભવમાં તારું જ શરણ છે. બીજા ભાઈબાપ છે. ચોરે વિચાર્યું કે આ સ્ત્રી સાથે આવે તો હમણાં કંઈ બોલવું નથી. તે પોતાની ગુફા પાસે આવ્યો. દ્રવ્ય ત્યાં સંતાડ્યું.

સવાર થયું એટલે તેજસાર રાજાએ પુરોહિતના કાર્ય વિશે પૂછ્યું. પુરોહિત હજી આવ્યો નહોતો. તેના ઘેર જઈ જોયું તો ઘરમાં જ કોઈ નહોતું. તેનું કારણ શું હશે ? પુરોહિત નગરમાં જ નહોતો. તેની પત્ની ઘેર આવી. રાજાના ભયની ખોટી વાત ચલાવી તે બધું લઈ ગયો. વિજયશ્રી પણ તેની સાથે ગઈ. નસીબે દગો દીધો. પુરોહિતને ચોરે ધૂત્યો. જો ચોરે પુરોહિતને જીવતો રાખ્યો હશે તો આવશે એમ સૌએ વિચાર્યું. ચંપાપુરી પુરોહિતને જોવા આતુર હતી, પણ કોઈ વાવડ મળ્યા નહિ. એવામાં માળી વાડીએ ગયો. કોસને કૂવામાં ઉતાર્યો એટલે પુરોહિતે તેને ખેંચ્યો. માળીએ કોણ છે એવો પ્રશ્ન કર્યો. પુરોહિતે પોતે હોવાનું કહ્યું અને કોસ પર બેસીને બહાર નીકળ્યો. પુરોહિતનાં વસ્ત્રો લેવા માળી ગયો પરંતુ તે તો ભાણેજ રૂપે રહેલો ચોર લઈ ગયો હતો. તેથી ઘેરથી વસ્ત્રો મંગાવ્યાં. પુરોહિત ઘેર આવ્યો. પુત્રી અને ધન ઘરમાંથી ગયાનું જાણ્યું. ભાણેજ થઈને છેતરી ગયાનો અહેસાસ થયો. પુરોહિતે રાજા પાસે જઈ પોક મૂકી. એવામાં રાજાની પાસે એક વેશ્યા નાટક કરવા આવી હતી. તેણે કહ્યું કે બ્રાહ્મણ પાછળ-મતિ હોય. તેણે એ પણ કહ્યું કે હું સ્ત્રીજાત હોવા છતાં કોઈ પણ નરવીર પુરુષ આવે તો એને જરૂરથી ઠગી શકું. રાજા હુકમ કરે તો નિત્ય ચોરી કરનારને ઠગું. એ સાંભળી તેજસારે જરા પણ ઢીલ ન કરવા કહ્યું.

ચોરે પોતાની ગુફામાં પુરોહિતની પુત્રીને રાખી. તેને આ અગાઉ એક પ્રિયા હતી. બીજી આ વિજયશ્રી થઈ. બેયને ત્યાં મૂકી ચોર બહાર નીકળ્યો. તે નગરીમાં આવ્યો. વેશ્યાનાં વચન સાંભળી રાજદરબારે ગયો. વેશ્યા દરબારમાં કહેતી હતી કે ત્રણ દિવસમાં ચોરને પકડીશ. વિજય ચોરે વિચાર્યું કે આ સ્ત્રીને પણ પદાર્થપાઠ ભણાવવો જોઈએ. એમ વિચારી તે ઘેર ગયો અને યોગીન્દ્રનો વેશ ધારણ કર્યો. માથા પર શ્વેત ચામર ધારણ કર્યું. આંખની પાંપણ ધોળી કરી, દાઢી-મૂછ પણ ધોળાં કર્યાં. ખભા ઉપર ઝોળી ધારણ કરી, દેહ પર ભભૂતિ લગાવી દંડ-કમંડળ હાથમાં લઈ, અલખ અલખ બોલતો તે ભિક્ષા માટે વેશ્યાને ત્યાં ગયો. લલિતા વેશ્યા યોગીને પગે લાગી. તેણે યોગીને કહ્યું કે કોઈ વિદ્યા એવી દાખવો કે મારો રાજા મારે વશ થાય. યોગીએ કહ્યું કે સ્ત્રીની જવાની ચાલી જાય પછી પુરુષ તેની સામે પણ ન જુએ એવી આ સંસારની રીત છે. જવાબમાં વેશ્યાએ કહ્યું કે હવે જવાની કેવી રીતે પાછી મળે ? યોગીન્દ્રે દયા લાવી કહ્યું કે ઘડપણ અને સફેદ વાળ પણ ચાલ્યાં જાય. વેશ્યાએ એ બધું કેવી રીતે થાય એમ પૂછીને પછી કહ્યું કે જો તેમ થાય તો તમે કહેશો તે કરીશ. યોગીની કલા જોવા વેશ્યાએ આહ્વાન આપ્યું. યોગીએ કહ્યું કે હું ઘરડો થયો હોવાથી ચાલવાથી શ્વાસ ચઢે છે. પહેલાં હું જમાઈને જોઉં અને પછી તારી આશા પૂરી કરું. વેશ્યાએ યોગીને ઝડપથી તેની કલા અજમાવવા કહ્યું. યોગીએ જ્યાં પવન પણ ન સાંચરે એવી એકાંત જગ્યાની માગણી કરી. વેશ્યાએ એક ઓરડી બતાવી. યોગીએ ધૂપદીપ મંગાવી ઓરડી બંધ કરી અંદર અગ્નિકુંડ કર્યો. પાંચસો સોનામહોરો છીપમાં ભરાવીને મેળવી લીધી હતી. તેણે મેશથી મોઢું કાળું કર્યું. કપાળમાં સિંદુરનો ટીકો કર્યો. ધોળો કલપ દૂર કર્યો, તેથી તેના કેશ શ્યામ થઈ ગયા. મસ્તકે શ્યામ જટા ધારણ કરી. ત્રીસ વર્ષની ઉંમર હોય એવો દેખાવ કર્યો. નાહીધોઈને તે ઓરડીની બહાર નીકળ્યો. તે યુવાન દેખાવા લાગ્યો. યોગીએ વેશ્યાને તેની પુત્રીને મોકલવા કહ્યું. જોબન ઝાલ્યું રહેતું નથી તેથી

બંને જણ ખેલ (આનંદપ્રમોદ) કરીશું. વેશ્યા લલિતાની પુત્રીને એક મહોર આપીને તેની સાથે વિલાસ કરતો. વેશ્યાએ વિચાર્યું કે જો જોગ મળી જાય તો સારું. વેશ્યાએ પુત્રીને સમજાવી કે તેનું મન રાખી જેમતેમ કરીને તેનું ધન પડાવી લેવું છે. લલિતાએ યોગીને કહ્યું કે તારી વિદ્યા સિદ્ધ છે. જે વિધિ કરવી પડે તે કરીને મારી ઉપર દયા કરો. યોગીએ વેશ્યાને કહ્યું કે મસ્તકના વાળ દૂર કરી, મેશથી શરીર કાળું કરો, સિંદૂર ચઢાવો, નગ્ન સ્વરૂપે સાધના કરશો તો કાયા કંચન જેવી થશે. યોગીએ તેને એક મોટો મંત્ર શિખવાડ્યો. તે મંત્ર પ્રેમથી વેશ્યા શીખી ગઈ. પછી યોગીએ તેને કહ્યું કે બે ઘડી દિવસ ચઢ્યા પછી તત્કાળ નગ્ન થઈને ભરચૌટે ચાલીને કુંભારને ઘેર જઈ નીંભાડામાં આળોટી પછી સ્વઘેર જઈ દર્પણમાં જોવાથી અપ્સરા જેવાં લાગશો. જો મન માને તો આ પ્રમાણે કરજો. વેશ્યાએ કહ્યું બધુંય કરીશ પણ નગ્નાવસ્થામાં ચૌટામાં કેવી રીતે જવાય ? યોગીએ કહ્યું કે મંત્રના પ્રભાવને કારણે તને કોઈ જોઈ શકશે નહીં. પ્રથમ કૌતુક તો બતાવ્યું કે બુઢ્ઢો પણ જવાન થઈ ગયો. તેનાથી જ પ્રતીતિ થઈ. વેશ્યાએ પુત્રીને કહ્યું કે તારા નસીબે તને બાવો મળ્યો છે. હું જપ કરવા બેસીશ. બીજા પુરુષને તું મનમાં ન લાવીશ. એમ કહી નાહીધોઈ યોગીએ જે કહ્યું તું તે બધું તેણે કર્યું. અનુપમ રૂપ બનાવી, ગધેડાનાં લીંડાંની માળા બનાવી ઘર બંધ કરી, બાવાએ જે મંત્ર આપ્યો હતો તે કરવા લાગી. લલિતાની પુત્રી ઘરમાં જઈ બાવાના સંગમાં સૂતી. બાવો મિષ્ટાન્ન લેવાને બહાને ચૌટામાં જઈ મદિરા લઈ આવ્યો. તેમાંના કેફને કારણે સાનભાન જતાં રહ્યાં. આનંદપ્રમોદ કરતાં ઘણી રાત વીતી ગઈ. નાયિકા નિદ્રાધીન થઈ. તેની સુધબુધ સાવ જતી રહી.

તે વખતે બાવાએ ઊઠી ઘરમાં પાણી ભરેલાં સર્વ વાસણ ઢોળી દીધાં. પછી પેલી સ્ત્રીને ઉઠાડીને કહે કે મને ખૂબ તરસ લાગી છે. કેફભરી તે ઊઠીને પાણિયારે ગઈ તો વાસણમાં જરાય પાણી નહોતું. તેણે વિચાર્યું કે બધાંય વાસણ ભરી રાખેલાં હતાં તો પછી તે પાણી ક્યાં ગયું ? બાવાએ કહ્યું કે કાં તો કોઈ દેવતા આવ્યો હોય કે કોઈ વ્યંતરે આવીને પાણી ખાલી કરી નાખ્યું હોય. પાણી વિના ગળું સુકાતું હોવાનું સાંભળી નાયિકાએ કહ્યું કે મારી સાથે પાછળ આવેલા કૂવા પર ચાલો. એ પછી બંને જણ દોરી લોટો લઈને કૂવાકાંઠે ગયાં. લોટા સાથે દોરી બાંધી કૂવામાં ઉતારતાં દોરી બે હાથ જેટલી ટૂંકી પડી. હવે શું કરવું ? ચોર બહુ ચતુર હતો. તરત જ વેશ્યાપુત્રીને કહ્યું મારા પગ બાંધી કૂવામાં ઉતાર તો તત્કાળ પાણી લાવું. જવાબમાં વેશ્યાપુત્રીએ કહ્યું કે પુરુષનું વજન વધારે હોય તેથી તને કૂવામાંથી બહાર ખેંચી શકું નહીં. બાવાએ સાચી વાત છે એમ કહી સ્ત્રીનો ભાર ફૂલ જેટલો જ હોય માટે તું ઊતર અને હું તને સીંચી લઈશ એવી ચાતુરી ભરી વાત કરી. બાવાએ સ્ત્રીના પગે દોરી બાંધી ઊંધે માથે કૂવામાં ઉતારી લટકાવી દીધી. પછી વેશ્યાના ઘેર આવી બધા જ ધનની પોટલી બાંધી ગુફામાં જઈ નિશ્ચિંત થઈ ગયો.

બીજી તરફ મંત્ર કરતી લલિતા વેશ્યા સવાર પડતાં જ બારણાં ઉઘાડી નગ્નઅવસ્થામાં એક શ્વાસે ચૌટા વચ્ચે દોડી ગઈ. લોકો તેને જોઈ શરમાયા. દોડીને તે એક કુંભારના નીંભાડાની રાખમાં આળોટવા લાગી. એવામાં ત્યાંથી રાજા નીકળ્યો. તેણે પણ આ કૌતુક જોઈ સેવકને જે હોય તેને પકડી લેવા હુકમ કર્યો. કોઈકે રાજાને કહ્યું કે એ સ્ત્રી વિદ્યાસાધના કરવા નીકળી છે. રાજાએ તેને નગરમાં ફેરવી નગરીની બહાર કાઢી મૂકવા હુકમ કર્યો. એ સાંભળી વેશ્યા મનમાં વિચારવા લાગી કે ક્યો ઉપાય કરું તો છૂટી શકાય ? નામ જાહેર કરું તો લાજ આવે. એટલે ખાઉં ખાઉં કરતી તે દોડવા લાગી. એને જોઈ લોકો નાસવા લાગ્યા. ભાગીને તે પોતાને ઘેર પહોંચી, ઘરના દરવાજા બંધ કરી દીધા. ઘરમાં જઈ સૌ પહેલાં તેણે સ્નાન કરી શરીર પરની મેશ માંડમાંડ ઉતારી. દર્પણ લઈ તેમાં મોઢું જોયું તો વાળ વગરનું માથું બિહામણું લાગતું હતું કારણ કે ચોટલો તો સ્ત્રીનો શૃંગાર ગણાય, વેશ્યાને માટે તો ખાસ. તે પસ્તાવો કરવા લાગી. બહાર ખૂબ લોકો ઊભા હતા, પણ તેમને મોઢું કેમ બતાવવું ? છેવટે આંખમાં મેશ આંજી, વસ્ત્રાભૂષણ ધારણ કરી, માથે ઓઢણી ઓઢી તે ઓરડીની બહાર નીકળી. લોકો તેની પાછળ ચાલ્યા. લોકોએ તેને પૂછ્યું કે આ કેવી રીતે બન્યું ? વેશ્યાએ પોતાને જ ખબર ન પડી હોવાનું કહ્યું. લોકોએ ધારી લીધું કે નક્કી ચોરે જ છેતરી હશે. વેશ્યાએ ઘરમાં જઈને જોયું તો પુત્રી નહોતી. નક્કી બાવો પોતાની પુત્રીને લઈ ગયો હશે. ઘરમાં પેટીપટારા ખુલ્લાં પડ્યાં હતાં. તેમાંથી બધું ધન લૂંટાઈ ગયું હતું. વેશ્યાએ આક્રોશ ઠાલવતાં કહ્યું કે બાવો મળે તો ચામડી ઉતારી નાંખું. તેજસાર વેશ્યાનું રૂપ જોવા આવ્યો. વેશ્યાએ પોતાની વીતક કથા કહેતાં કહ્યું કે બાવો ધૂતી ગયો.

રાજાએ વેશ્યાને કહ્યું કે પુરોહિતની ચોરે શી દશા કરી હતી તે તું જાણી લે. તું ઠગોને પણ ઠગતી હતી. પણ તું પોતે જ આમાં તો ઠગાઈ. વેશ્યાએ કહ્યું કે લોભ પાપનું મૂળ છે. બાવો તો મારી પુત્રીને પણ લઈ ગયો. તેને શોધવામાં મદદ કરો. તેજસારે તરત જ પગીને બોલાવ્યો. પગી આવ્યો. તેને બહુ તરસ લાગી હતી. વેશ્યા પાસે જઈ તેણે પાણી માગ્યું. તેણે પાણિયારે જઈ જોયું તો બધાં વાસણ ખાલી હતાં. વેશ્યાએ કહ્યું કે કૂવામાંથી પાણી કાઢીને પીતો આવ અને એક ઘડો ભરતો આવ. પગી પાણી પીવા કૂવે ગયો. જળ સીંચતાં તેણે જોયું તો એક સ્ત્રી ઊંધે માથે લટકતી હતી. પગીએ પાછા આવી રાજાને વાત કરી કે વેશ્યાની પુત્રીને પ્રગટ કરું તો ઈનામ લઈશ. વેશ્યા ઇનામ આપવા સંમત થઈ.

તેજસારે પગીને વેશ્યાની પુત્રીની ભાળ આપવા કહ્યું. પગીએ તે કૂવામાં લટકતી હોવાનું કહ્યું. બધાએ જઈને તે કન્યાને બહાર કાઢી. પુત્રી પાછી મળવાથી વેશ્યાને આનંદ થયો. ઘરમાંથી ગયેલા માલ અંગે એવું આશ્વાસન લીધું કે ધન તો ફરી કમાઈશું.

રાજાએ વેશ્યાને કહ્યું કે ચોરને પકડીને માલ પણ પાછો અપાવીશ. પગીને સાથે લઈ, લશ્કર તૈયાર કરી રાજા ચોર જ્યાં રહેતો હતો તે વનમાં ગયો. ચોરની ગુફા અદશ્ય વિદ્યાથી રાજાએ અગાઉ જોઈ હતી. ગુફા પાસે જઈ રાજાએ કળ દબાવી ગુફા ઉઘાડી અંદર પ્રવેશ કર્યો. આખી રાતના ઉજાગરાને કારણે ચોર ઊંઘતો હતો. તેની પાસે એક સ્ત્રી ઊભી હતી. સૈનિકોએ અંદર આવી ચોરને પકડી લીધો. ગુફામાં અપાર દ્રવ્ય હતું. તેને ઉપાડી ચંપાપુરી લઈ જઈ જેનું જેનું જેટલું જેટલું ધન હતું તે તેમને વહેંચી દીધું. પુરોહિતનું ધન અને પુત્રી તેને સોંપ્યાં. લલિતા વેશ્યાને તેડાવી તેનો માલ પણ પાછો આપ્યો. વિજય ચોરે કહ્યું કે હું ચંપાપુરીનો ક્ષત્રિય છું. મહારાજનો પિતરાઈ થાઉં છું. બત્રીસ લક્ષણ ભણીને તેત્રીસમું લક્ષણ શીખ્યો. તે લક્ષણ હતું ચોરીનું. ચોરી-છેતરપિંડીને કારણે ઘણાં પાપ ભેગાં થયાં. હે રાજા, તમારે જે સજા કરવી હોય તે કરો. રાજાએ કહ્યું કે ચોરી ન કરવાની પ્રતિજ્ઞા લો. ચોરે પ્રતિજ્ઞા લીધી. ચોરનાં બંધન છોડી રાજાએ તેને કહ્યું કે વગડામાં વસવાનું યોગ્ય નથી માટે મારી સાથે રહો. તને સેનાપતિનો શિરપાવ આપીશ. વિજય ચોરને રાજાએ વધાવ્યો. તેણે ચોરી કરવાનું છોડી દીધું. વિજયની વાત સાંભળી પુરોહિતની પુત્રીએ કહ્યું કે પિતાજી મારા ભાગ્યમાં વિજય જ લખાયેલો હોઈને બીજા મારે મન ભાઈબાપ છે. તમે એક વખત કહેલું કે ગુમાન સાથે પુત્રીને પરણાવીશ તો આ ચોર જ ગુમાન (ભાણેજ) થઈને આવ્યો હતો. તે જ્યારે ધન લઈ જતો હતો ત્યારે તેની પાછળ હું ગઈ. તેને મેં પતિ માન્યો. પુત્રીનાં વચન સાંભળી પુરોહિતે કહ્યું કે આપણે બ્રાહ્મણ છીએ તો ક્ષત્રિય સાથે તને કેવી રીતે પરણાવું ? પિતાની વાત સાંભળી વિજયશ્રીએ કહ્યું કે અજાણપણે પરણાવો તો તેની કોઈને ખબર નહીં પડે. પુરોહિતને પુત્રીની વાત સમજાઈ. તેણે રાજાની પાસે જઈ પુત્રીની પ્રતિજ્ઞાની વાત કરી. રાજાએ વાત સાંભળી પુરોહિતને વિલંબ ન કરવા કહી જોશીને બોલાવી જોશ જોવડાવી ઘડિયાં લગ્ન લેવા કહ્યું.

વિજયશ્રી વિજયને પરણી. ચંપાપુરીમાં બંનેએ વાસ કર્યો. બંને જણ સંસારનાં સુખ ભોગવતાં હતાં. વિજય ચોરે વિચાર્યું કે તેજસાર રાજાએ મારા અપરાધ માફ કરી, મને જીવતદાન આપ્યું છે. વિજયના ડરથી નગરમાંના બાકીના ચોર નાસી ગયા.

આ ચંપાપુરી નગરી કુંતિરાયની હતી. તે સસરાએ જમાઈને આપી હતી. તેનો દોહિત્ર પુષ્પસેન ગુણવાન હતો. તેજસારે પુષ્પસેનને યુવરાજ પદવી આપી. તે પછી તેજસાર રાજા દક્ષિણ દેશ તરફ સેનાપતિ તથા લશ્કર લઈને ચાલ્યો. રસ્તામાં મોટા મોટા રાજાઓ તેનું સ્વાગત કરતા. માર્ગમાં વિકટપુરીના રાજા સબળસેને લશ્કર લઈને તેજસારના લશ્કરને આંતર્યું. તેજસારે તેને માર્ગ આપવાનું કહ્યું, પણ તે માન્યો નહીં. તેથી તેજસારે તરત જ આક્રમણ કરવા હુકમ કર્યો. જંગમાં તેજસારનો વિજય થયો. ગઢમાં સબળસેન અને તેની સેના સંતાઈ ગઈ છે. વિજય સેનાપતિનું પણ જોર ચાલતું નથી. ગુપ્ત અંજન કરી વિજય ચોર થઈ નગરમાં ગયો. ગઢ ઘણો જીર્ણ હતો લાગ જોઈ તેણે તોપ ફોડી ગઢ પાડી નાખ્યો. સબળસેન ભાગી ગયો પરંતુ સૈનિકો તેની પાછળ દોડી તેને પકડી લાવ્યા અને તેજસાર પાસે રજૂ કર્યો. રાજા વિજય ઉપર પ્રસન્ન થયો અને તેને નગરી સોંપી થાણું બેસાડી તે ત્યાંથી અવંતીનગરી ગયો. રૈયત રાજી થઈ. પ્રજાએ રાજાનું સામૈયું કર્યું. એ નગરમાં સિંહની ભારે બીક હતી. રૈયતે તે અંગે ફરિયાદ કરતાં રાજાએ સેનાપતિને બોલાવી તેનો શિકાર કરવા કહ્યું. સેનાને સજ્જ કરી વિજય વનમાં ગયો. તેણે સિંહનું ઠેકાણું જોયું. એવામાં ત્યાં તેજસાર-આપમુખીનો કુંવર આવ્યો. નદીતટે આવેલી એક ગુફામાં સિંહ ભોજન કરીને સૂતો છે એમ જાણી વિજયે કહ્યું કે સિંહ ઊંઘે છે ત્યારે તેની ઉપર એકસામટી ગોળીઓ છોડો. એ સાંભળી કુંવરે કહ્યું કે એ તો જનાવરની જાત છે. તેને શસ્ત્રથી હણવાને બદલે બાથંબાથ લડીને હરાવવો જોઈએ. એ સાંભળી બધા થરથર ધ્રૂજતા ઊભા રહ્યા. પરંતુ કુંવર વસ્ત્રો ઉતારી સિંહની સામે ગયો. સુભટોએ તેને બચાવવા શસ્ત્રો ઉઠાવવા કહ્યું. કુંવરે કહ્યું કે સિંહ પાસે શસ્ત્ર નથી, તેથી મને પણ શસ્ત્ર રાખતાં શરમ આવે છે. કુંવર કછોટો ભીડી સામો ગયો. જઈને સિંહને પડકાર્યો. સિંહ સામે ધસ્યો. વસ્ત્ર હાથ પર લપેટી હાથ સિંહના મુખમાં નાખી બીજા હાથ વડે દાતણની ચીરી કરે તેમ સિંહને ચીરી નાખ્યો. મૃત સિંહને રાજા સમક્ષ લાવવામાં આવ્યો. રાજાએ કહ્યું કે જેણે સિંહને માર્યો હોય તેને અહીં લાવો. હું તેને ઈનામ આપવા માગું છું. સહુએ કહ્યું કે આપના કુંવરે જ શસ્ત્ર વગર સિંહને ચીરી નાખ્યો છે.

તેજસાર રાજાએ કુંવરને શિરપાવ આપ્યો. તેને યુવરાજ-પદ આપ્યું. પછી ઘણાં વર્ષ અવંતીમાં રહી રાણી અને પુત્રને ત્યાં જ રાખી તેજસાર રાજા ચોથા રાજ્યમાં આવ્યો. તે જલપુરનગરીની ખબર લેવા ગયો. તેણે નગરમાં પ્રવેશ કર્યો કે તરત જ લોકોએ જયજયકાર કર્યો. સહુ આવીને સલામ કરતા હતા. લોકોએ આવીને કહ્યું કે તમારા પ્રતાપથી પ્રજા સુખી છે. પ્રધાન રૈયતને સારી રીતે સાચવતો હતો. તેજસાર પ્રધાન વિશે સાંભળી રાજી થયો. તેજલપુર નગરમાં તેજસાર સાત સ્ત્રીઓ સાથે રહ્યો. ત્રણેય પુત્ર રાજ્યમાં રહ્યા. તેમનામાં કોઈ વાદવિવાદ નહોતો. પુત્રોને પરગણાં આપ્યાં. તે સર્વને પરણાવ્યા. પુત્રો પિતાનું વચન લોપતા નહોતા. ત્રણ રાણી ત્રણ રાજ્યમાં પુત્રોની સાથે હતી. તે બધી તેજલપુર આવી. દસેય સ્ત્રીઓ એકઠી મળી આનંદપ્રમોદ કરવા લાગી. તેજસાર રાજા બડભાગી હતો. સુખ ભોગવતાં એકત્રીસ સહસ્ર વર્ષ ગયાં. એવામાં એક વખત ત્યાં મુનિ સુવૃત્ત નામે ભગવંત આવ્યા. તેજસાર તેમને વંદન કરવા ગયો. સાધુમહારાજે ધર્મદેશના આપી. તેજસારે પોતાનો પૂર્વભવ પૂછતાં તેમણે કહ્યું :

ભરતખંડમાં પયઠાણ નામે નગરમાં નરસિંહ નામે રાજા

રાજ્ય કરતો હતો. તેને પ્રેમલા નામે પટરાણી હતી. નગરજનો સુખી હતા. લોકો દાનપુણ્ય કરતા. એ નગરમાં સોમદત્ત નામે બ્રાહ્મણ વસતો હતો. તેને સોમસુંદરી નામે પત્ની હતી. ભિક્ષાવૃત્તિ કરી તે જીવનનિર્વાહ કરતો. તેને ભૂદેવ, ભાવદેવ અને ભ્રમાવતી નામે અનુક્રમે ત્રણ પુત્રો થયા. ચોથો પુત્ર કર્મના બળે મૂર્ખ થયો. તેનું નામ વિદ્યાપતિ રાખેલું પણ રૂપ, કલા અને ગુણ વગરનો હતો. મોટા ત્રણ પુત્રો ભણ્યાગણ્યા તેથી લોકો તેમનાં વખાણ કરતા. તે નગરના બીજા મોટા બ્રાહ્મણોએ એ ત્રણેને ગુણવાન જાણીને પોતાની કન્યાઓ પરણાવી. મૂર્ખ વિદ્યાપતિને કોઈ કન્યા આપતું નહોતું. તેનું તેનાં માતાપિતાને ઘણું દુઃખ હતું. ચોથા પુત્રને પરણાવવા કોઈ અજાણ્યા ગામમાં વિપ્રનાં ઘર જોતો હતો. તેમ કરતાં તે કંપિલપુર પહોંચ્યો.

કંપિલપુર નગરીમાં મકરધ્વજ નામે રાજા હતો. સોમદત્ત તે નગરમાં વ્યવસાય અર્થે ગયો. ત્યાં ઘણા બ્રાહ્મણ વસતા હતા. તે ભણેલાગણેલા અને ધનવાન હતા. તેમાં એક નરસિંહ નામે નિર્ધન બ્રાહ્મણ હતો. તે ગરીબ, પણ ગુણવંત હતો. તેને નવ દીકરા અને વિમળા નામે એક દીકરી હતી. ઘરમાં બાર માણસ હતાં. તે ભિક્ષા માગી ભોજન કરતાં. પહેરવા પૂરાં વસ્ત્ર નહોતાં. દિનપ્રતિદિન પુત્રી મોટી થતી હતી. સોમદત્તની પાડોશમાં એક જૈનધર્મી વણિક ભીમ રહેતો હતો. તે દયાળુ હતો. નરસિંહને ગરીબ જાણીને તે મદદ કરતો. ભીમને સૂરસુંદરી નામે જૈનધર્મની અનુરાગી પત્ની હતી. તેની પુત્રી સુપ્રભા અને વિમળા બંને સખીઓ હતી. ભીમની પુત્રી બડભાગી હોવાથી તે પયઠાણપુરના વરદત્ત નામે વણિકને પરણી હતી. સોમદત્ત બ્રાહ્મણ વરદત્ત વણિકની સાથે જાનમાં આવ્યો હતો. તેણે નરસિંહને ઘેર ઉતારો કર્યો. શ્રાવકની દીકરી સુપ્રભા અને બ્રાહ્મણપુત્રી વિમળા બંને સખીઓ ત્યાં આવી. સોમદત્તે સુપ્રભાને તેની સાથે કોણ છે એમ પૂછ્યું સુપ્રભાએ તે નરસિંહ બ્રાહ્મણની પુત્રી હોવાનું કહ્યું. તે પછી સોમદત્તે નરસિંહને મળીને તેની પુત્રીના હાથની માગણી પોતાના ચોથા પુત્ર માટે કરી. નરસિંહે પૈસા હોય તો પુત્રી આપવા કહ્યું. સોમદત્તે લગ્નનો સઘળો સરંજામ ઉપરાંત સહસ્ર રૂપિયા રોકડા આપ્યા. નરસિંહનું મન રાજી થયું. વિદ્યાપતિ સાથે વિવાહ થયા. વિમળાનું મન માન્યું. વ્યવસાય છોડી દઈ હર્ષિત થયેલો સોમદત્ત પયઠાણપુર ગયો.

ઉતાવળાં લગ્ન લેવાયાં. જાન લઈને કંપિલપુર ગયા. વિદ્યાપતિના સસરાએ સામૈયું કર્યું. વિમળાને પરણાવી નરસિંહે યથાશક્તિ કરિયાવર કર્યો. મૂર્ખનાં લક્ષણ છાનાં ન રહે. તેને સુપ્રભાએ જાણ્યાં. પણ જૈનધર્મ પ્રમાણે સુખદુઃખ તો કર્મના ભોગ છે એમ માન્યું. વિદ્યાપતિ પરણીને પયઠાણ આવ્યો. માતાપિતા ચારેય દીકરાને પરણાવી રાજી થયાં. માતા મૂર્ખ દીકરાને ખૂબ સાચવતી હતી. વિમળાની ત્રણેય જેઠાણીઓ આથી વ્યથિત રહેતી.

થોડા સમય પછી સોમદત્ત મૃત્યુ પામ્યો. પછી વિદ્યાપતિની માતા સોમદત્તની પત્નીનું પણ મૃત્યુ થયું. લોકાચાર સાચવીને તેમનું કારજ કર્યું. ત્રણેય મોટા દીકરા ભણેલાગણેલા હોવાથી પાંચમાં પુછાતા હતા. પણ મૂર્ખ વિદ્યાપતિ આખો દિવસ ઓઢીને પડ્યો રહેતો. વિમળાની જેઠાણીઓ તેને હડધૂત કરવા લાગી. ઘરનું બધું કામ કરવા ફરજ પાડતી. કામ કરશે તો જ ભોજન મળશે એવી ધમકી આપવા લાગી. સાસુ-સસરા હયાત હતાં તેથી માન મળતું, પરંતુ હવે જેઠાણીઓનો લાગ આવતાં વિમળાને તે દુઃખ દેવા લાગી. ભરથાર તો મૂર્ખ હતો. એક દિવસે તળાવે પાણી ભરવા જતાં માર્ગમાં બહેનપણી સુપ્રભા મળી. વિમળાએ પોતાનું દુઃખ તેને કહ્યું. 'પોતે જરા પણ નવરી નથી પડતી એ વાત કોને જઈને કહું.' એમ તેણે કહ્યું.

સુપ્રભાએ મનમાં ખેદ ન ધરવા અને ધર્મધ્યાન કરવા કહ્યું. તારો પતિ મૂર્ખ છે, પેટ ભરીને પડ્યો રહે છે. તે તારાં પૂર્વજન્મનાં કર્મનાં ફળરૂપ છે. સમય હોય તો તેણે વિમળાને પોતાની પાસે આવવા કહ્યું. પછી સુપ્રભા ઉપાશ્રયે ગઈ.

પાણી ભરીને વિમળા પાછી આવી ત્યારે ત્રણેય જેઠાણીઓએ મોડા પડવાનું કારણ પૂછ્યું અને કોઈ પરપુરુષ સાથે પ્રણવગોષ્ઠી કરતી હશે એમ કહ્યું. વિમળાએ ખોટું આળ ન ચડાવવા વિનંતી કરી. તેણે કંપિલપુરમાં રહેલી પોતાની બહેનપણી મળી હોવાની વાત કરી. એવામાં એ ત્રણેના પતિ ઘેર આવ્યા તેથી તે બધી ચૂપ થઈ ગઈ. સાંજના સમયે ખૂબ વરસાદ વરસ્યો. કાળાં ડિબાંગ વાદળાંને કારણે એકબીજાંને જોઈ પણ નહોતાં શકતાં. ઘરમાં અંધારું થઈ ગયું. બ્રાહ્મણના ઘરમાં દીવા માટે તેલનું ટીપુંય નહોતું. દીવો બુઝાઈ ગયો હતો. ત્રણેય સ્ત્રીઓએ પોતાના પતિઓને વિનંતી કરી કે સૌથી નાનો ભાઈ જે કંઈ કામ કરતો નથી તેને તેલ લેવા મોકલો. તે ન જાય તો તેની સ્ત્રીને મોકલો. વળી, વિમળા સાંભળે તેમ 'ઢગલો ખાય છે તો કામ તો કરવું જ પડે ને !' એમ ઉચ્ચારતી તે સ્ત્રીઓએ દોડીને તેલ લઈ આવવા કહ્યું. વિમળા રડતી રડતી વણિકની દુકાને ગઈ. પાછા વળતાં ખૂબ વરસાદને કારણે સાંકડા માર્ગમાં પાણી ભરાયાં હતાં તેથી વિમળાને તણાઈ જવાની બીક લાગી. માર્ગમાં સુપ્રભાના ઘરની ડેલી ઉઘાડી જોઈ તે અંદર પ્રવેશી. સખીએ તેને આવકારી. વિમળા મનમાં વિચારવા લાગી કે સુપ્રભાએ પૂર્વભવમાં પુણ્ય કર્યાં હશે તેથી તે ગુણવંત પતિ પામી અને મેં બેય ભવમાં કશું કર્યું નથી તેથી મૂર્ખ પતિ મળ્યો. તેણે કાઉસગ્ગ ઊભી રહી દીવો જ્યાં સુધી બળે ત્યાં સુધી કાઉસગ્ગ રહેવાનો અભિગ્રહ લીધો. ચાર પહોર સુધી મન શુદ્ધ રાખી કાઉસગ્ગ કીધો. એ રીતે વિમળા પુણ્ય કમાઈ.

સૂર્યોદય થયો. દીવો બુઝાઈ ગયો. પોતાનો અભિગ્રહ પૂરો થયો. વિમળા ઘેર ગઈ. ત્રણેય જેઠાણીઓએ પોતાના પતિઓને ઉશ્કેરતાં કહ્યું કે કાલે પણ પાણી ભરવા ગઈ હતી ત્યારે ઘણી મોડી

પાછી ફરી હતી. આજે તો આખી રાત બહાર રહી. વિમળાએ લાજ નેવે મૂકી દીધી છે. જેવી વિમળા ઘેર આવી કે તરત જ બધા ભાઈઓએ તેને ખૂબ મારી અને કડવાં વચન કહ્યાં. તેને ઘર બહાર નીકળી જવાનું કહ્યું. વિમળાએ પોતે વરસાદને કારણે માર્ગમાં પિયરની સખી સુપ્રભાને ત્યાં રોકાઈ હોવાનું કહ્યું. વિમળાએ જેઠાણીઓનું કામ નોકરડીની જેમ કરતી હોવાનું, પાણી ભરતી હોવાનું કહ્યું ત્યારે જેઠાણીઓએ કહ્યું કે તેમાં તું ઉપકાર કરતી નથી. તારી સખી પણ તારા જેવી જ હશે. તું તને ઠીક લાગે ત્યાં જા. અમને નાતજાતમાં લજવાવ નહીં. વિમળા પોતાના નસીબને દોષ દેતી ચાલી. તે સખીને ઘેર જઈ ખૂબ રડી. સુપ્રભાએ રડવાનું કારણ પૂછ્યું. વિમળાએ તેને કહ્યું કે જેઠ-જેઠાણીઓએ મારે માથે કલંક ચડાવીને કાઢી મૂકી. હવે નગરમાં હું શું મોઢું બતાવું. પિયર જઉં તો વણતેડ્યે જવાથી માન ન પામું. વિમળાનાં વચન સાંભળી સુપ્રભાએ તેને આત્મહત્યાનો વિચાર પણ ન કરવા સમજાવી. તે તેને પોશાળે લઈ ગઈ. ગુરુણીએ તેને ઉપદેશ આપ્યો. તેણે સુવૃત્ત નામે સાધ્વી પાસે દીક્ષા લીધી. સંયમ પાળતાં બાર વર્ષ વીત્યાં. કાયા જીર્ણ થઈ ગઈ.

સાધુમહારાજે તેજસારને કહ્યું કે તે પછી વિમળાનો સ્ત્રીભવ ફીટી નરભવ થયો. તેમાં પૂર્ણ આયુ ભોગવી તેણે ગંગા નદીને કિનારે બનારસનગરીને વિશે વીરસેનને ઘેર અવતાર લીધો. ત્યાં તેજસાર નામ મળ્યું. વિમળાએ ચાર પહોર કાઉસગ્ગ કર્યો હતો તેથી ચાર રાજ્ય મળ્યાં. પૂર્વનાં પુણ્યથી સિદ્ધ વિદ્યા, મુષ્ટિ-સ્તંભન, નવાં નવાં રૂપ કરવાની અને અંજન વિદ્યા એમ ચાર વિદ્યા પામ્યો. દસ પ્રકારના સંયમ લેવાથી દસ સ્ત્રીઓ પામ્યો. પૂર્વના પુણ્યે જે સાસુ-સસરો હતાં તે માતાપિતા થયાં. તારો જે પતિ હતો તે વિજય ચોર થયો.

સુપ્રભા જે વિમળાની બહેનપણી હતી તે અનશન કરી ચાર વર્ષને અંતે ચતુર્થ દેવલોકમાં અવતરી. તેની કૂખે પુષ્પાવતી નામે પુત્રી થઈ. તે અતિ સ્વરૂપવાન હતી. તેના રૂપને પૂર્વભવનો ભરથાર મોહી પડ્યો. રૂપસેનને હણી તે તને પરણ્યો. તારી ત્રણેય જેઠાણી જે ભોમિયા થયા હતા તે તમારા પરદેશ ગયા પછી રાજ્યની ઇચ્છા ધરતા હતા. તેને તમે આવીને જીત્યા. પિતાને પગે લગાડ્યા. ઋણને કારણે તારા પતિના તે મોટા ભાઈઓ થયા. તે પછી ઘણા ભવ ભટકીને ભેગા થયા. પંડ્યાણીને તમે મુષ્ટિપ્રહારથી હણી હતી તે આ ભવમાં ભટકે છે. બીજો તેવો રાક્ષસ તને પકડીને લઈ ગયો હતો તેને યોગી થકી દમ્યો. નરસી જે વિમળાનો બાપ હતો તેને આ ભવે દંડ દીધો. ત્રીજો જેઠ હતો તે સબળસેન રાજા થયો. વિકટપુરમાં તેને જીત્યો. ત્યાંથી તે ભાગી ગયો. વિદ્યાપતિ વિજય થયો. પૂર્વભવની વાત તેજસારે સાંભળી, તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેણે સંયમ લેવાનું નક્કી કર્યું. તેણે ઘેર જઈ પુત્રને રાજ્ય ભળાવી પાછા આવવાનું કહ્યું. ઘેર આવી શ્રીમતી વિદ્યાધરીના પુત્રનો રાજ્યાભિષેક કરાવવા જોશ જોવરાવ્યા. રાણીઓને બોલાવી પોતે સંયમ ગ્રહણ કરશે એમ તેજસારે કહ્યું ત્યારે દસેય રાણીઓએ પણ તેની સાથે જોડાવાનો નિર્ણય કર્યો. તેજલપુર નગરીના બીજા સિત્તેર જણ પણ સંયમ લેવા તૈયાર થયા. તેજસારનો પુત્ર શ્રીપતિ પાલખીમાં બેસી ગુરુની પાસે વંદન કરી કહેવા લાગ્યો કે મારા પિતાને દીક્ષા આપો. તેજસાર અને તેની દસ પત્નીઓએ દીક્ષા લીધી. વિજય નામે ચોરે પણ કનકનગર પુત્રને સોંપી સંયમ લીધો. કુલ ૧૦૭ જણાએ તેજસારની સાથે દીક્ષા લીધી.

('તેજસાર રાજાનો રાસ' લા.દ. મોતીચંદ કેવલચંદજી
દ (૫૩) ૧૯૬૦/૨૫૦, ૫૪૮૩)

રત્નપાલ વ્યવહારી

- પંડિત મોહનવિજય

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં સ્વર્ગ સમાન મગધ રાજ્યમાં પુરિમતાલપુર નામનું સુંદર નગર હતું. ત્યાં સુંદર આવાસો હતા. સરસ જિનમંદિરો હતાં. એ નગરમાં ઘણા વ્યવહારિયા પોતાનો વ્યવહાર કરતા હતા. ત્યાંના રાજાનો યશ ત્રણેય લોકમાં પ્રસર્યો હતો. તેને સુરસુંદરી નામે અતિ રૂપવાન રાણી હતી. બંને વચ્ચે ખૂબ પ્રેમ હતો.

તે નગરમાં જિનદત્ત નામે એક અતિ ધનવાન શેઠ હતા. તેને ભાનુમતી નામે પત્ની હતી. તે શીલવતી હતી. બંને જણ સુખમાં દિવસો વિતાવતા હતા. એવામાં એક વખત ધર્મઘોષ નામના સાધુ નગરને પાવન કરવા પધાર્યા. સહુ તેમને વંદન કરવા ગયા. વિધિપૂર્વક વંદન કરી સહુ બેઠા. સાધુ મહારાજે સૌને ધર્મોપદેશ આપ્યો. તેમણે સંયમનો મહિમા કહ્યો. જિનદત્તે ગુરુ મહારાજને વંદન કરી પોતાને તારવા વિનંતી કરી. પછી જિનદત્ત પોતાના આવાસે આવ્યો. તેણે નવાં નવાં ચૈત્ય કરાવ્યાં. રોજ પ્રતિક્રમણ કરતો. સ્વામીની ભક્તિમાં દિવસો પસાર કરતો.

હવે એક દિવસ ભાનુમતી ગોખમાં બેઠી બેઠી નગરનો ખ્યાલ કરતી હતી. નગરના લોકોને આવતાજતા જોયા. કોઈ સ્ત્રી બાળકને કેડમાં તેડી જતી હતી, તો કોઈ વળી બાળકને હાથથી ઊંચો કરી રમાડતી. કોઈ બાળકના હાથમાં સુખડી આપતી, તો કોઈ સાકર ને શેરડી ખાવા આપતી. તે જોઈ ભાનુમતી દુઃખી થઈ. પોતે નિઃસંતાન હોવાથી ઘડપણમાં કોણ પાળશે વગેરે વિચારથી નિસાસા મૂકવા લાગી. એ વખતે જિનદત્ત શેઠ ત્યાં આવ્યા. ભાનુમતીને ચિંતાતુર જોઈ તેમણે તેનું કારણ પૂછ્યું. ભાનુમતીએ જવાબમાં કહ્યું કે હું ગવાક્ષમાં બેઠી હતી તે વખતે સ્ત્રીઓનું એક જૂથ બાળકોને રમાડતું મેં જોયું. તે જોઈને મારા હૃદયમાં ઝંખના જાગી કે મારે પણ એક સંતાન હોય ! નસીબ અવળું હોય ત્યાં શું

કરીએ ? શેઠે તેને ધીરજ આપતાં કહ્યું કે મંત્રતંત્ર વગેરે ઉપાય કરીશું. જો નસીબમાં હશે તો જરૂર સંતાન થશે.

એ વખતે એક યક્ષયક્ષિણી આકાશમાંથી પસાર થતાં હતાં. તેમણે ભાનુમતીને રડતી જોઈ. યક્ષિણીએ સ્ત્રીને રડતી જોઈ યક્ષને કહ્યું કે આ અબળાનું રડવાનું કારણ કહેશો તો જ આગળ જવાશે. યક્ષિણીની હઠ જોઈ યક્ષે કહ્યું કે એ સ્ત્રીને સંતાન ન હોવાથી રડે છે. યક્ષિણીએ યક્ષને પૂછ્યું કે કોઈ ઉપાય કરવાથી પણ સંતાન નહીં થાય ? યક્ષે કહ્યું કે જો પુત્ર થાય તો ઘરસૂત્ર નહીં રહે. યક્ષિણીએ યક્ષને એ દંપતીને પૂછવાનું કહ્યું. બંને જણ શેઠના આવાસમાં આવ્યાં. શેઠે એ બંનેને જોઈ પ્રણામ કર્યા. યક્ષે શેઠને કહ્યું કે જો તમારે ત્યાં પુત્ર થશે તો ધનનો નાશ થશે. ભાનુમતીએ યક્ષને કહ્યું કે સંતાન વિના ધનના ભંડારનો શો અર્થ છે. ધનથી વંશ ન રહે. સંતાનથી તે રહે. તેણે એ પણ કહ્યું કે જો અમારે ત્યાં સંતાન થશે તો તમારો આભાર માનીશું. ભાનુમતીનાં વચન સાંભળી યક્ષે તેને વરદાન આપ્યું. ભાનુમતી તેથી આનંદ પામી. તેને લાગ્યું કે દેવે આપેલું વચન ખોટું ન પડે.

યક્ષે વરદાન આપ્યા પછી સાત દિવસે ભાનુમતીને ગર્ભ રહ્યો. ગર્ભની રક્ષા માટે ભાનુમતીએ સર્વ ઉપાયો કર્યા.

જેમ જેમ ગર્ભ વધવા લાગ્યો તેમ તેમ શેઠની ચિંતામાં વધારો થવા લાગ્યો. તેમનાં વહાણો પાણીમાં તૂટી પડ્યાં. દ્રવ્યનો નાશ થવા લાગ્યો. શેઠ ચિંતામાં ડૂબી ગયા. શેઠાણીએ શેઠને કહ્યું દાગીના-વાસણ વગેરે વેચીને વ્યવહાર સાચવી લો. ધન જાય તો ભલે જાય પણ આબરૂ ન જાય તે જોજો. ચૌટામાં જઈ પૈસા ઉછીના લઈ આવો. પત્નીનાં વચન સાંભળી શેઠ ચૌટે ગયા. લોકો પાસે ધન માગ્યું પણ કોઈ ધીરતું નહોતું. દુઃખી થઈ શેઠ પાછા આવ્યા. પોતાની સ્ત્રીને તેમણે કહ્યું કે કોઈ ધન ધીરતું નથી. આપણો દિવસ પલટ્યો છે. સમય બદલાય ત્યારે કોઈ મદદમાં આવતું નથી. બધા દિવસ સરખા હોતા નથી. ભાનુમતીએ પતિને તેના નાનપણના મિત્ર મમ્મણ શેઠને ત્યાં ધન માગવા જવાનું કહ્યું. ભાનુમતીની અધરણીનો દિવસ નજીક આવતાં ધન વિના ચિંતા થવા લાગી. નારીનાં વેણ સાંભળી શેઠ મમ્મણ પાસે ગયા. તેણે શેઠને આદરમાન આપી કામની વાત પૂછી. શેઠે મમ્મણ પાસે પૈસા માગ્યા. મમ્મણે ધનના બદલામાં કંઈક તારણ માગ્યું. જિનદત્ત શેઠે જ્યારે વહાણ આવશે ત્યારે તારણ આપીશ એમ કહેતાં મમ્મણે ધન આપવાની સ્પષ્ટ ના કહી દીધી. જિનદત્તે લોભી મમ્મણને કહ્યું કે તારણમાં કંઈ નથી પણ જો તમે કહેતા હો તો મારી પત્નીનો ગર્ભ તારણમાં આપું.

મમ્મણે જિનદત્તની વાતનો સ્વીકાર કર્યો. જો પુત્ર થશે તો પોતે રાખશે એમ મમ્મણે કહ્યું. વ્યાજસહિત જો ધન આપશો તો તમારો પુત્ર તમને પાછો આપીશ. જો ધન પાછું નહીં આપો તો પુત્ર પાછો મળશે નહીં. જિનદત્ત શેઠે કહ્યું કે જો ધન ન આપી શકું તો પુત્રને સોળ વરસનો થયા પછી દૂર દેશાંતરમાં ધનોપાર્જન માટે મોકલજો. વ્યાજસહિત તમારાં નાણાં વસૂલ થઈ જાય પછી મારા પુત્રને મને સોંપજો. મમ્મણ એ સાંભળી આનંદ પામ્યો અને જિનદત્તને મહાજનની શાખ સાથે ખતપત્ર લખી આપવા કહ્યું. જિનદત્તે ખત લખી એક સહસ્ર દીનાર લીધી અને ઘેર આવ્યો. સ્ત્રીને સઘળી વાત કહી. સ્ત્રીએ પણ પતિની વાતનો સ્વીકાર કર્યો. ધન વાપરીને અધરણીનો પ્રસંગ ઉકેલ્યો. પૂરે માસે ભાનુમતીએ પુત્રને જન્મ આપ્યો. તેનો જન્મોત્સવ રંગેચંગે ઊજવ્યો. મમ્મણને જિનદત્તને ત્યાં પુત્ર જન્મ્યાના સમાચાર મળ્યા. તરત જ તેણે અનુચરોને મોકલી બાળકને મંગાવી લીધો. લોભી વણિકને જરાય શરમ ન આવી.

મમ્મણના સેવકોએ જિનદત્ત પાસે આવી બાળકની માગણી કરી. જિનદત્તે સેવકોને મમ્મણ પાસે જઈ સત્તાવીસ દિવસની અવધિની માગણી લઈ આવવા કહ્યું કારણ કે બાળકનું હજી સુધી નામ પાડ્યું નથી. સેવકોએ જઈને મમ્મણને વિનંતી કરી. મમ્મણે વિચાર્યું કે જિનદત્ત કપટથી બાળકને લઈને ક્યાંક જતો રહેશે તો હાથમાં આવશે નહીં; માટે તેનો ઉપાય પહેલાં કરવો જોઈએ. તેણે જિનદત્તને ત્યાં ચોકીપહેરો ગોઠવી દીધો.

જિનદત્તે કુટુંબકબીલાને પ્રેમથી જમવા નોતર્યાં. સહુને સરસ ભોજન પીરસી આનંદ પમાડ્યાં. પિતાએ બાળકનું નામ રત્નપાલ પાડ્યું. સૌ સગાંવહાલાં પોતપોતાને ઘેર ગયાં. કૃપણ શેઠ મમ્મણના અનુચરોએ સત્તાવીસ દિવસની મુદ્દત પૂરી થતાં જિનદત્ત પાસેથી બાળકની માગણી કરી. જિનદત્ત એ સાંભળી વ્યથિત થયો, પણ છેવટે બાળકને અનુચરોના હાથમાં સોંપી દીધો. નોકરોને તેણે કહ્યું કે બાળકને સાચવીને મમ્મણ શેઠને સોંપજો. તેને રૂડી રીતે રાખજો. રડતાં રડતાં ભાનુમતીએ બાળક અંધની લાકડી હોઈને તેની સંભાળ રાખવા સૂચવ્યું. છેવટે ચાકરો બાળકને કેડમાં તેડી ચાલ્યા. કૃપણ મમ્મણે બાળકને જોઈ આનંદ પ્રગટ કર્યો. શેઠે પોતાના પુત્રની જેમ તેનું જતન કર્યું. ધાવમાતા રાખી તેને ઉછેરવા લાગ્યા. આમ મમ્મણને ઘેર રહી રત્નપાલ મોટો થવા લાગ્યો.

ભાનુમતીએ પતિને કહ્યું કે એક પુત્ર હતો તે પારકાના હાથમાં સોંપી દીધો. ધન લેવા કોની પાસે જઈશું ? ધન વગર બંને જણે ઝેર ઘોળવું પડશે. માટે કોઈ ઉપાય વિચારો જેથી દેવામાંથી છૂટી શકાય.

ભાનુમતીએ પતિને પરદેશમાં ચાલ્યા જવા વિનંતી કરી કારણ કે પરદેશમાં જઈ ભિક્ષા માગીએ તો પણ કોઈ ઓળખે નહીં. જ્યાં અપમાન થતું હોય ત્યાં થોડીવાર પણ ઊભા રહેવાય નહીં. જિનદત્તનું દુઃખ જોઈને સૂર્ય અસ્ત પામ્યો. રાત્રિના અંધકારમાં શેઠે ગાંઠડી બાંધી. પત્નીને ઘરની સંભાળ વિશે પૂછીને પડોશમાં રહેતી એક શ્રાવિકાને બોલાવી જવા અંગેની સઘળી વાત કહી. ઉદરપોષણ માટે પોતે પરદેશ જઈ રહ્યાં છે એમ કહી તમને ઘરની

ભાળવણી સોંપીએ છીએ એમ કહ્યું. આ વાત મનમાં જ રાખજો, કોઈને કહેશો નહીં વગેરે ભલામણો કરી. બંને જણ આવાસ છોડીને ચાલ્યાં. ભાનુમતીએ નવી કંચુકી પહેરી. જિનદત્તને જોઈ સહુ કર્મની ગતિની વાત કરવા લાગ્યા. પતિપત્ની બંને કર્મને નિંદતાં નગરની બહાર નીકળ્યાં. ભામિનીને ભરથારે દિલગીર ન થવા કહ્યું. ચાલતાં ચાલતાં સ્ત્રી લથડિયાં ખાતી. પતિ તેને હાથ ઝાલીને ઉઠાડતો. ભૂખતરસથી પીડાતાં. બંને જણના મનમાં ભારે બીક હતી કે જો રસ્તામાં દાણી મળશે તો નગરમાં લઈ જશે એવી બીકે માંડ માંડ રાત પૂરી કરી. સવાર થતાં ભાનુમતીએ કહ્યું કે ક્યાંક સારું સ્થાન જોઈ વિસામો કરીએ. એક મોટું વૃક્ષ જોઈને સરોવરને કિનારે બંને બેઠાં. જિનદત્તે હાથ-મોં ધોઈ પોતાની સ્ત્રીને પાણી આપ્યું. ત્યાં પચ્ચખાણ કર્યું. ત્યાંથી આગળ ચાલ્યાં. રસ્તામાં એક નગર આવ્યું. તે જોઈને દંપતીને શાતા થઈ. બંને જણ નગરમાં પેઠાં. એક અજાણ્યા ચોતરા પર જઈને તેઓ બેઠાં. માથા પરની પોટલી અળગી મૂકી. એવામાં એક સુહાગણ સ્ત્રીએ 'ક્યાંથી આવ્યાં ? ક્યાં જશો ? તમારું રહેવાનું ક્યાં છે ?' વગેરે પ્રશ્નો કર્યા. ભાનુમતીએ વ્યથિત થઈને કહ્યું કે અમે પરદેશી મહેમાન છીએ. નાત ને જાત પૂછશો જ નહીં. રસ્તાના થાકને કારણે અહીં આરામ કરવા રોકાયાં છીએ. ભાનુમતીના બોલ સાંભળી સુંદરીએ તેમને ત્યાંથી ચાલ્યા જવા કહ્યું કારણ કે તમે કોઈની વસ્તુ ઊંચકશો તો તમને પકડવામાં આવશે. એ સાંભળીને ગાંસડી ખભે લઈ બંને ચાલતાં થયાં. તે પછી તેઓ નગરમાં ઘણું ફર્યાં પણ કોઈએ આશ્રય આપ્યો નહીં તેથી નગરની નિંદા કરતો જિનદત્ત બહાર નીકળ્યો. ભાનુમતીએ એ જોઈ કહ્યું કે આ નગરમાં આપણને કોઈ ઓળખતું નથી તેથી ચિંતા કર્યા વગર રહો. સહુ માન આપતા હતા તે દિવસો તો ક્યારના પૂરા થઈ ગયા. પછી ભાનુમતીએ નગરની બહાર જવા કહ્યું. બંને જણ નગરની બહાર નીકળ્યાં. સરોવરની પાળે વિસામો લીધો. સાંજ પડતાં સૂર્યાસ્ત થયો. ઊંઘ આવતી નથી. ક્ષણે ક્ષણે રત્નપાલ યાદ આવે છે. રાત્રિ એક યુગ જેવી લાગે છે. સવાર થતાં બંને ઊઠ્યાં અને આગળ ચાલ્યાં. ચાલતાં ચાલતાં શ્રીપુરનગરની સીમા આવી ત્યારે જિનદત્તે ભાનુમતીને બોલાવી તે નગરના ગોંદરે રહેવાનું કહ્યું. કામધંધાર્થે નગરમાં જઈશું. આમ બંને જણે અંદરોઅંદર વાતો કરી. પેટ તો રોજ ખાવા માગશે. ધન વગર શો કામધંધો કરીશું વગેરે બાબતો વિચારી જિનદત્ત નગરમાંથી એક કુહાડી વેચાતી લાવ્યો. તેણે કાઠીનો વેપાર કરવાનું વિચાર્યું. લાકડાં લેવા તે વનમાં ગયો. તે એક ઊંચા પર્વત પાસે પહોંચ્યો. નવકાર મંત્ર ભણી તેણે એક શીળી છાંયા નીચે આરામ કર્યો. પછી કુહાડીથી સૂકાં લાકડાં કાપીને ભારી બાંધી. શેઠને ચંદન વગેરે પ્રકારનાં લાકડાંની કંઈ ખબર પડતી નથી. માંડ માંડ ભારી બાંધી. ભૂખતરસથી પીડાતા અને પરસેવે રેબઝેબ થઈ ગયેલ શેઠ લાકડાંની ભારી માથા ઉપર ઉપાડી નગરમાં આવ્યા. રસ્તામાં ધનદત્ત શાહ નામે શેઠ સામા મળ્યા. જિનદત્તને માથે ભારી જોઈ તેની કિંમત ધનદત્તે પૂછી.

જિનદત્તે ભારીનું મૂલ્ય ફક્ત દસ પૈસા હોવાનું કહ્યું એટલે ધનદત્તે એ ભારી પોતાને ઘેર નાખી પૈસા લઈ જવા કહ્યું. જિનદત્તને એથી આનંદ થયો કે ભારી વેચવા ઘેરઘેર ફરવાનું તો ટળ્યું. ભારી નાખીને જિનદત્તે પૈસા લીધા. શેઠે રોજ લાકડાં લઈ પોતાને જ આપવા કહ્યું કારણ કે એ ચંદનનાં લાકડાં હતાં. પૈસા લઈને જિનદત્ત સીધો જ પત્ની પાસે ગયો. તેને સઘળી વાત કહી. આમ પતિ-પત્ની પોતાના દિવસો ગુજારવા લાગ્યાં.

બીજી બાજુ જિનદત્ત ચાલ્યો ગયાનું સાંભળી મમ્મણને આનંદ થયો. તેણે વિચાર્યું કે હવે જિનદત્ત પાછો નહીં આવે અને રત્નપાલ મારો બાળક થઈને રહેશે. મમ્મણે રત્નપાલને સરસ રીતે ઉછેરવા માંડ્યો. સાત વર્ષનો થતાં તેને ભણવા મૂક્યો. ગણિત, નામું વગેરે સર્વ વિષયોમાં પારંગત થયો.

રત્નપાલ તો મમ્મણને જ પોતાનો પિતા સમજતો હતો. તેને જિનદત્ત વિશે કોઈ ખ્યાલ જ નહોતો. રત્નપાલ બાર વર્ષનો થતાં મમ્મણે તેને ઉઘરાણીએ મોકલ્યો. બગલમાં ચોપડા લઈ તે તો નગરમાં ગયો. લેવા-દેવા અને વેચવામાં તે હોશિયાર થઈ ગયો હતો. સર્વ રીતે તેણે મમ્મણને નિશ્ચિંત કરી દીધો. કમાઉ દીકરા સૌને વહાલા હોય.

એક દિવસ રત્નપાલ એક જણને ત્યાં લહેણું લેવા ગયો. તેણે તો દેણદારને ત્યાં જઈ વ્યાજસહિત મુદ્દલ લેવાનો ઉઠાગ્રહ કર્યો. દેણદારે તે વખતે તેને કહ્યું કે પૈસાને શા માટે વળગે છે. તારા બાપે એ નથી આપેલા. તું તો મમ્મણનો ગુલામ જેવો પાલક છે. એ સાંભળીને રત્નપાલ ઝંખવાઈ ગયો. તે કંઈ બોલ્યાચાલ્યા વગર ઊભો થઈ ગયો. તે વિચારવા લાગ્યો કે શા માટે આ વણિકે મને આવાં વચન કહ્યાં હશે. મમ્મણ તો મારો પિતા છે. આવું વિચારતો તે એક દુકાને જઈ નીચું મોઢું કરી બેસી ગયો. એવામાં એક વૃદ્ધ વાણિયાએ રત્નપાલને બેઠેલો જોયો. તેને ચિંતાતુર જોઈ વૃદ્ધ વણિકે ચિંતાતુર હોવાનું કારણ પૂછ્યું. રત્નપાલે પોતે ઉઘરાણીએ ગયો હતો ત્યારે દેણદારે કહેલાં આકરાં વચન અને ખરીદાયેલ ગુલામ વગેરે બાબત કહી તેનો ઉલ્લેખ કર્યો. એ સાંભળી વૃદ્ધે રત્નપાલને કહ્યું કે તે દેણદારની વાત સાચી છે તેથી રીસ ચઢાવીશ નહીં. તારા પિતા જિનદત્તે ધન માટે થઈ તને મમ્મણના ઘેર થાપણ તરીકે મૂક્યો અને રાત લઈને તારાં માતાપિતા પરદેશ ચાલ્યાં ગયાં. મમ્મણે તને પુત્રની જેમ પાળ્યો છે.

વૃદ્ધનાં વચન સાંભળી ઘા ઉપર મીઠું ભભરાવવાથી જે સ્થિતિ થાય તેવી રત્નપાલની થઈ. વ્યથિત થયેલો રત્નપાલ ઘેર આવી ખાટલો ઢાળી સૂઈ ગયો. જમવાના સમયે મમ્મણે વાટ જોવા માંડી. ચાકરોને રત્નપાલને જ્યાં હોય ત્યાંથી જમવા તેડી લાવવા મોકલ્યા. નોકરોએ રત્નપાલ પાથર્યા વગર ઘરમાં સૂઈ

ગયો હોવાનું મમ્મણને કહેતાં તે ત્યાં ગયો. રત્નપાલને તેણે દુઃખનું કારણ પૂછ્યું અને તેને જમવાનો આગ્રહ કર્યો. તે સાંભળી રત્નપાલે કહ્યું કે વહાણમાં માલ ભરીને પરદેશ જઈ ખૂબ ધન કમાઈ પાછો આવીશ. શેઠે પુત્રને તે નાનો હોવાનું કહી ઘરમાં જ રહેવા અને સુખોપભોગ ભોગવવા આગ્રહ કર્યો. ધનની કોઈ ખોટ ન હોવાનું અને કોઈ બરોબરી કરી શકે તેમ ન હોવાનું કહીને બાપ તરીકે મમ્મણે પોતે બેઠો હોવાનું કહ્યું. ત્યારે રત્નપાલે કહ્યું કે મારો પિતા તો જિનદત્ત છે. ધનના બદલામાં થાપણ તરીકે તમે મને રાખ્યો છે. જો એ સહસ્ર દીનાર આપશે તો તમે મને છોડશો. માટે મને પરદેશ જવા દો. હું સહસ્ર દીનાર તમને પાછી આપી મારા બાપનું નગરમાં નામ રાખીશ. મમ્મણે એ સાંભળી વિચાર્યું કે કુંવરને જરૂર કોઈ શત્રુએ ઉશ્કેર્યો છે. નહીં તો એ જિનદત્ત વિશેની વાત કેવી રીતે જાણે. કુંવર પરદેશ જશે અને ધન કમાઈને વ્યાજસહિત પૈસા પાછા આપશે.

મમ્મણે કુંવરને જમવા ઉઠાડતાં કહ્યું કે પહેલાં જમી લે. પછી સામાન લઈને પરદેશ જજે. કુંવરને પોતે દૂભવ્યો નથી માટે રીસ છોડી દેવા સમજાવ્યો. ત્યારે કુંવરે મમ્મણને કહ્યું કે પરદેશ જઈશ, પણ ત્યાં રહીશ નહીં. શેઠે વિચાર્યું કે પરપુત્રથી ઘર ન વસે, જે ઘરેણું માગીને પહેર્યું હોય તે કેટલા દિવસ રહે. કુંવરને મમ્મણે હાથ પકડીને જમવા ઉઠાડ્યો. જમી રહ્યા પછી શેઠે નોકરચાકરોને બોલાવી વેપાર કરવા માટે વહાણમાં માલ ભરવાની સૂચના આપી. વહાણ તૈયાર થયાં. શેઠે રત્નપાલને વહાણે ચઢી કાર્ય સિદ્ધ કરવા કહ્યું. સહુની આશિષ લઈ કુંવર નીકળ્યો.

રત્નપાલે પિતાનું દેવું ફેડવા અને લોકોમાં પ્રતિષ્ઠા જાળવવા વેપાર કરવાનું નક્કી કરેલું. મમ્મણનો માલ વેચીને ધન કમાઈશ. પરદેશ જઈ આવ્યા પછી મમ્મણને ઘેર ન રહેવાનો રત્નપાલે નિર્ધાર કર્યો.

શેઠે રત્નપાલને શુકનનાણું આપ્યું જે તેણે અલગ ગાંઠડીમાં મૂક્યું. નીકળતી વખતે રત્નપાલને દાડમ અને ધાઉડીનાં ફૂલ લઈને એક સુંદર માલણ સામી મળી. તેની પાસેથી કુમારે તે ફૂલ વેચાતાં લીધાં. સૌએ કુંવરને વિદાય આપી. એક વૃદ્ધે કુંવરને કાલકૂટ દ્વીપમાં ન જવા કહ્યું કારણ કે ત્યાં ધુતારાઓ જ વસતા હતા. કુંવરે ત્યાં નહીં જવા કહીને વહાણ હંકાર્યાં. પવન અનુસાર સઢ બાંધ્યા. જલમાં ચાલતાં વહાણ કાલકૂટ દ્વીપ પાસે આવ્યાં. કુંવર તેનાથી અજાણ હતો. વંહાણના બધા કર્મચારીઓ પાણી લેવા ઊતર્યા. કુંવર પણ વહાણમાંથી ઊતરી સાગરકિનારે બેઠો. એવામાં રત્નપાલની પાસે એક વાણિયો આવ્યો. કુંવરે તેને બેટનું અને રાજાનું નામ પૂછ્યું. વણિકે બેટનું નામ કાલકૂટ હોવાનું અને રાજાનું નામ કૃષ્ણાનન હોવાનું કહ્યું. રાજા જે કોઈ વેપાર માટે આવે તેનું ધન વહાણસહિત પડાવી લે છે માટે સાવધાન રહેવાની પણ તેણે સૂચના આપી. પછી તે વણિક નગરમાં ગયો.

કુંવરે માલ કેમ સાચવવો તેનો વિચાર કરવા માંડ્યો. તેણે વિચાર્યું કે આ તો વાઘ-નદી જેવો ઘાટ થયો છે. ન આગળ જવાય, ન પાછા વળાય. કુંવર આમ વિચારતો બેઠો હતો એવામાં નગરમાંથી બે ઘોડેસવારોને આવતા જોયા. રત્નપાલના મનમાં ભીતિ પેઠી કે નક્કી આ લોકો ધન લેવા આવ્યા હશે. બંને અસવારોને કુંવરે આવકાર આપીને આવવાનું કારણ પૂછ્યું. બંને જણે પોતે રાજાના સેવકો હોવાનું અને રાજાને રાતદિવસ આંખ ન ઊઘડવાનો રોગ હોવાનું કહ્યું. વળી ઘણી દવાઓ કરી હોવા છતાં કોઈ ઉપાય કારગત નીવડતો ન હોવાની વાત પણ સેવકોએ કહી. રાજાએ નગરમાં ઢંઢેરો પણ ફેરવેલો કે જે તેને સાજો કરશે તેને અર્ધું રાજ્ય અને પુત્રી આપશે. એ સાંભળી એક ચિકિત્સકે ક્યાંકથી દાડમ અને ધાઉડીનાં ફૂલ મળે તો જરૂરથી રાજાને સાજો કરવાનું બીડું ઝડપ્યું. એ ફૂલ માટે નગરમાં સઘળે તપાસ કરી પણ ક્યાંયથી ન મળ્યાં. વહાણમાં એ ફૂલ નક્કી હશે જ એમ માની અમને(સેવકોને) તપાસ કરવા મોકલ્યા છે. કુંવરના મનમાં અવઢવ થઈ કે ત્યાંના ધૂર્ત લોકોએ બુદ્ધિપૂર્વક ધન લઈ લેવા આમ કર્યું હશે કે વાત સાચી હશે ?

કુંવરે કહ્યું કે તે તેની પાસેનાં ફૂલ આપશે. સેવકોએ જઈ રાજાને વાત કરી. રાજાએ વહાણના શેઠને તેડી લાવવા અનુચરો મોકલ્યા. અનુચરોએ જઈ કુંવરને ઔષધ લઈ પોતાની સાથે આવવા કહ્યું. કુંવરે એક રકાબીમાં ઔષધ લઈ તેની ઉપર હાથ ઢાંકી વાણોતરને તે લઈ લેવા કહ્યું. કુંવર ઔષધ લઈ રાજાને મળ્યો. રાજાએ તેને આદર આપ્યો. કુંવરે રાજા સમક્ષ ઔષધ મૂક્યાં એટલે રાજાએ તેની કિંમત પૂછી. કુંવરે ઔષધની કિંમત ન લેવા કહ્યું. રાજાએ ઔષધ રાખી તેના વડે ઉપાય કર્યો તેથી તેનો રોગ મટી ગયો. રાજાએ વૈદ્યને ઘણું ધન આપ્યું. કુંવરે વગર કિંમતે ઔષધ આપ્યાં હોઈને રાજા તેના પર ખૂબ ખુશ થયો. રાજાએ કુંવરને પોતાની પુત્રીને પરણવા વિનંતી કરી, એટલું જ નહીં, નગરમાં જ વેપાર કરવા કહ્યું. માલની જકાત(દાણ) પણ ન લેવા રાજા રાજી થયો. રાજાની વાત સાંભળી કુંવર આનંદ પામ્યો. તેણે વહાણમાંનો માલ નગરમાં મંગાવી વખારમાં ભરી વેપાર શરૂ કર્યો. રાજાએ પોતાની પુત્રી રત્નપાલ સાથે પરણાવવા આગ્રહ કર્યો ત્યારે તેણે ઘેર ગયા વગર ન પરણવાની પ્રતિજ્ઞા કહી. રાજાએ એવો હઠાગ્રહ છોડી દેવા કહ્યું. રાજાએ ધૂર્તને કોઈ ધૂતી ન શકે એમ કહી કુંવરને તેમ કરવાથી કોઈ ફાયદો નહીં થાય એવી ચેતવણી આપી. કુંવરે પરિસ્થિતિ પામી જઈ રાજાની પુત્રીને પરણવાની હા પાડી. રાજાએ તત્કાલ લગ્ન ગોઠવ્યાં અને પોતાની પુત્રી રત્નવતીને રત્નપાલ સાથે પરણાવી.

કુંવરે મનમાં વિચાર્યું કે જ્યાં સુધી મમ્મણનું ઋણ ન ફેડું ત્યાં સુધી રત્નવતી સાથે ભોગ ન ભોગવું. ઘેર જઈ શેઠને ધન સોંપી મારા પિતાનું નામ ફરીથી ઊજળું કરું. પછી જ સેવકોને

મોકલી રત્નવતીનું આણું કરાવું.

કુંવરે તો રાજા પાસે જઈ પોતાને ઘેર જવાની રજા માગી. પોતાને ત્યાંથી જવું ગમતું નથી પરંતુ ઘેરથી નીકળ્યાને ઘણા દિવસ થયા હોઈ સહુ કોઈ તેની વાટ જોતાં હશે માટે રજા આપો વગેરે બાબતો રાજાને કહી. એ સાંભળી રાજાએ કહ્યું કે તમે તો પરદેશી છો. પરદેશી કોઈ દિવસ આપણા ન થાય. તમારા જવાથી અમારી આંખમાં આંસુ ભરાય છે. બધી જંજાળ મૂકીને બેટમાં જ રહેવા રાજાએ વિનંતી કરી.

કુંવરે તો જવાનો આદેશ માગ્યો. એવામાં તે બેટ પર રહેતા એક પરદેશીએ આવીને રત્નપાલને વીનવ્યો કે તમારું પુણ્ય તપે છે તેથી આ બેટમાં તમે કમાયા અને રાજાની પુત્રી પામ્યા. પરદેશીએ એ પણ કહ્યું કે આ જ નગરમાં મને ધોળે દિવસે ધૂતવામાં આવ્યો હતો. રત્નપાલે તેને કહ્યું કે તમને આ નગરમાં કોણે ધૂત્યા તે મને કહો જેથી હું તેને જાણું.

પેલા પરદેશીએ કહ્યું, 'હું તો મારા દેશથી યાત્રા કરવા નીકળ્યો હતો. પરંતુ રસ્તામાં આ કાલકૂટ દ્વીપમાં આવી ચડ્યો. આગળનો રસ્તો સારો નથી એ સાંભળી મેં વિચાર્યું કે મારી સાથેનો માલ કોઈકની દુકાને મૂકીશ. નગરમાં પહોંચીને એક વણિકની દુકાને ગયો. વણિકે ભેટીને આવકાર આપ્યો. હું તો ભોળો વાણિયો હતો તેથી ધુતારાની રમતને પામી ન શક્યો. મેં વણિકને કહ્યું કે મારી આ માલની પોટલી તમે સાચવો કારણ કે આગળનો રસ્તો ખરાબ હોવાથી તે સાચવી શકાય નહીં. બીજા કોઈનો ભરોસો નહીં. હું વળતાં પોટલી લઈ લઈશ. ધૂર્ત દુકાનદારે પોટલી જોઈ. તેને લઈ લેવાની ઇચ્છા થઈ પરંતુ મોઢે મીઠું બોલતાં તેણે કહ્યું કે પોટલી હું રાખીશ નહીં. થાપણ મને ફાવતી નથી. આ અગાઉ પણ મેં એક જણની પોટલી રાખી હતી તેનાથી છેતરાયો હતો. માટે તારી પોટલી રાખવી નથી.

આ વાતચીત ચાલતી હતી એવામાં એક બાલિકા ઘી લેવા આવી. વેપારીએ એક શેરના પૈસા લઈને બે શેર ઘી આપ્યું. વેપારીએ મને ભોળવવા જ આમ કર્યું હતું. બાળા ઘી લઈ પાછી ફરી એટલે મેં વેપારીને કહ્યું કે તું વાણિયો છે કે કોણ ? વાણિયો તો શેરનું પોણો શેર જ આપે. તું તો ગાંઠનું ખૂએ છે. વેપારીએ પોતાને દાનનું વ્યસન હોવાનું કહીને પોતાની ધૂર્તકલા દાખવી.

પેલી બાળા ઘી લઈને ઘેર પહોંચી ત્યારે તેના પિતાએ શેરને બદલે બે શેર ઘી વેપારીએ આપ્યાનું કારણ પૂછીને કહ્યું કે તેના જેવો ધૂર્ત વેપારી આ નગરમાં બીજો કોઈ નથી. એ વેપારીની દુકાને બીજું કોઈ બેઠું હતું કે કેમ એમ પુત્રીને પૂછતાં પુત્રીએ કહ્યું કે એક પરદેશી તેની દુકાને બેઠો હતો. બંને અંદરોઅંદર વાતો કરતા હતા. મેં જઈને ઘી માગ્યું એટલે તરત જ તેણે આપી દીધું. પુત્રીનાં વચન સાંભળી બાપે ઘી પાછું આપી આવવા કહ્યું. વેપારી તને પાછું લાવવાનું કારણ પૂછે તો કહેજે કે ઘી માટે મારા પિતાએ મને મારી. અમે પારકા માલ ઉપર નજર નાખતા નથી. ઈશ્વરે જે કંઈ આપ્યું હોય તે આનંદથી વાપરીએ છીએ. પોતાની એક કોડી અન્યની કોટિ રકમ કરતાં સારી. બાલાએ જઈને વેપારીને ઘી પાછું લઈ લેવા કહ્યું. વેપારીએ કચવાતે મને તે પાછું લઈ લીધું. ઘી આપીને પાછી વળતી બાળાને જોઈ મેં વિચાર્યું કે તેના પિતાને જઈને મારી પોટલી (થાપણ) આપું જેથી કદીય તેને નુકસાન ન થાય. હું પોટલી લઈને તે બાળાની પાછળ ચાલ્યો. દુકાનદારે મને બૂમો પાડીને પાછો બોલાવવા પ્રયત્નો કર્યા પરંતુ હું તો બાળાને ઘેર પહોંચ્યો. તેના પિતાએ આદર આપ્યો. મારી સાથે મીઠી મીઠી વાતો કરી પણ તેય ધૂર્ત હતો.

મેં પણ બાળાના પિતાને પોટલી બતાવી વાત કહી. તેને મેં કહ્યું કે તમારી પુત્રીના મુખેથી તમારા ગુણ સાંભળી મને ભાવ પેદા થયો છે માટે મારી પોટલી થાપણ તરીકે તમે રાખો. તેણે ખોટી ખોટી ના પાડવા માંડી. મેં પણ ચતુરાઈથી તેને પોટલી રાખવા આગ્રહ કરવા માંડ્યો. એવામાં તેને આંગણે એક બ્રાહ્મણ આવીને ઊભો રહ્યો. વણિકે પોતાની સ્ત્રીને બ્રાહ્મણને જલ્દી ભિક્ષા આપવા કહ્યું. આખા ચોખા જોઈને થાળ ભરી બ્રાહ્મણને આપ્યા. દૂર ઊભો રહીને બ્રાહ્મણ વિચારવા લાગ્યો કે આ વણિકે આવા સારા ચોખા કેમ આપ્યા હશે.

બ્રાહ્મણે વિચાર્યું કે જે ઘેરથી એક કણથી બીજો કણ કોઈ દિવસ પામ્યો નથી તેણે આટલા બધા ચોખા શાથી આપ્યા હશે. તેના ઘરમાં કોણ બેઠેલ છે તેની તપાસ કરતાં મને બેઠેલો જોયો. બ્રાહ્મણ પણ તેના માથાનો હતો. તેણે મને ધૂતવા માટે ચાલાકી કરી. થોડી વાર પછી પાઘડીમાં લીલા ઘાસનું તણખલું ખોસીને આવ્યો અને વણિકને કહેવા લાગ્યો કે હું તારો અપરાધી છું. ભિક્ષા લેવા જ્યારે નીચો નમ્યો ત્યારે ઘાસનું આ તણખલું મારા માથામાં ચોંટી ગયું માટે તમે તે પાછું લઈ લો. કોઈનું આપ્યા વગરનું કશું ન લેવાય. આજે જો ઘાસ લઉં તો 'કાલે સોનું લેવાનું મન થાય. મારે મન પરધન શિવનિર્માલ્ય છે. બ્રાહ્મણની વાત સાંભળી મેં તેને દૃઢધર્મી માન્યો. હું બ્રાહ્મણની પાછળ પાછળ તેના ઘેર ગયો. બ્રાહ્મણે મને ઘરમાં બેસાડ્યો. મેં તેને માલ દેખાડ્યો. તેણે પણ ધૂર્તકલા આરંભી. એવામાં એક યોગીન્દ્રે આવી ભિક્ષા માટે બૂમ પાડી. બ્રાહ્મણે ખીર, ખાંડ, ઘી અને પૂરણપોળી ભિક્ષામાં આપ્યાં. યોગીએ તે લઈ જઈ પોતાના ગુરુ પાસે ઝોળી મૂકી. ગુરુએ કહ્યું કે રોજ તો તું લૂખુંસૂકું લાવે છે. આજે તને આ બધું આપનાર કોણ મળ્યું ? તેના ઘેર કોઈ બેઠું હતું ? ચેલાએ કહ્યું કે તેને ઘેર કોઈ પરદેશી બેઠો હતો. ગુરુએ ચેલાને તે બધી ભિક્ષા પાછી આપવા કહ્યું. ગુરુએ ચેલાને સમજાવ્યો કે જો આવી ચીજવસ્તુઓ વધારે ખાઈએ તો કામ જાગે, યોગીને લાંછન લાગે. ચેલાએ બ્રાહ્મણને ઘેર આવી ભિક્ષા પાછી આપી. મેં યોગીને

થાપણ માટે યોગ્ય માન્યો તેથી પોટલી લઈ ચેલાની પાછળ મઠમાં ગયો. યોગીને પોટલી દેખાડી. તેણે થોડી હઠ કરી પછી રાખી લીધી. હું તો પોટલી સોંપીને નીકળ્યો. પેલા ધૂર્ત યોગીએ તે ઓળવી લીધી. યોગીએ ચેલાને કાઢી મૂક્યો. તે એક આંખે કાણો થઈ ગયો. કેટલાક દિવસ પછી હું પાછો ફર્યો. મેં યોગીને કાણો થઈ ગયેલો જોયો. તેની પાસે થોડી વાર બેસીને મેં મારી પોટલી પાછી માગી. મેં તો પોટલી ખોઈ માટે જ તે ગામને હું ધૂર્તપુર કહું છું.

આમ કહીને વણિક જતો રહ્યો. નરેન્દ્ર(રાજા) પાસે જઈ રત્નપાલે જવાની રજા માગી. રાજાએ કહ્યું કે જો તમે રોકાવાના ન હો તો તમારી સ્ત્રીને સાથે લેતા જાવ. પંચ સમક્ષ તેને મેં તમારા હાથમાં સોંપી છે. કુંવરે કહ્યું કે પરદેશનો પંથ વિષમ હોઈને સ્ત્રીને સાચવવાનું મુશ્કેલ બને. માટે તમે તેને અહીં રાખો. ઘેર પહોંચીને હું તેને તેડાવી લઈશ.

રાજાએ ઘેર પહોંચીને પોતાની રાણીને કહ્યું કે જમાઈ આજે જશે. તે કોઈનું માનતા નથી. એ સાંભળી રાણીએ જમાઈને રોકાઈ જવા આગ્રહ કર્યો. જે સ્ત્રી સાથે લગ્ન કર્યાં છે તેને એક ઘડી પણ કેવી રીતે અળગી કરશો. કુંવરે એ સાંભળી પોતાની સ્ત્રીને પિયરમાં જ સાચવવા કહ્યું.

હવે સાસુ-સસરો કુંવરને રોકવાના ઉપાય વિચારવા લાગ્યાં. બીજી તરફ કુંવરે પોતાનાં વહાણ ભરવા માંડ્યાં. રત્નવતીએ બે હાથ જોડીને પિતાને કહ્યું કે હું તો મારા પતિની સાથે જઈશ. પિતાએ તેને કહ્યું કે તારો પતિ તો કંઈ સાંભળતો જ નથી. તું જઈને તારા પતિને મનાવ.

રત્નવતીએ જઈને પતિને બેટમાં જ રોકાઈ જવા વિનંતી કરી. એવામાં જ ભસ્મથી ખરડાયેલા દેહવાળો એક યોગી ત્યાં આવી ચડ્યો. આદર આપીને રાજાએ તેને બેસાડ્યો. રાજાને તેણે ચિંતાનું કારણ પૂછ્યું. રાજાએ ટૂંકમાં તે કહ્યું. પોતાની પુત્રી એક પરદેશીને પરણાવી છે જેને છોડીને તે જવા તૈયાર થયો છે એ વિગત પણ આપી. યોગીએ તેને ચિંતા ન કરવા કહ્યું અને એક ગુટિકા આપી જેના મહાત્મ્યથી સ્ત્રી તેજસ્વી બને. રાજાને ગુટિકા આપીને યોગી ગયો એટલે પુત્રીએ પતિને પામવા એ ગુટિકા પોતાને આપવા કહ્યું. કન્યાએ તેનાથી પોતાનું રૂપ અદ્‌ભુત બનાવ્યું. પછી તેણે એક વીણા લાવી આપવા પિતાને કહ્યું. ગુટિકાની સહાયથી કન્યાએ બાળ રાજાનું રૂપ ધારણ કર્યું. અંગે આભૂષણ ધારણ કર્યાં અને માથે મખમલની ટોપી પહેરી. પછી નરેશે જમાઈને બોલાવીને કહ્યું કે તમે જાવ છો પણ તમારી ઉપર વિશ્વાસ આવતો નથી. કદાચ તમે પાછા ન આવો તો મારી પુત્રીની શી સ્થિતિ થાય. માટે રત્નવતીથી પણ વધારે વ્હાલો મારો બાળ રાજા તમારી સાથે મોકલું છું. તમે જ્યાં સુધી પાછા નહીં આવો ત્યાં સુધી તે તમારી સેવામાં રહેશે.

કુંવરે રાજાને વચન આપ્યું કે બાળરાજાને પ્રાણથી પણ વિશેષ સાચવીશ. તેને કદી છેહ દઈશ નહીં. એ જો તમને કહે કે આનંદ થયો તો મને શાબાશી આપજો. બાળરાજાની પેટી વહાણમાં મૂકી. તેને વહાણમાં બેસાડ્યો. બાળરાજા રૂપે રહેલી કુંવરીએ માતા પાસે જઈ જવાની રજા માગી. માતાએ પતિને સાચવવાની શિખામણ આપી દીર્ઘાયુષના આશીર્વાદ આપ્યા. પિતાએ પણ રજા આપી.

રાજાના કહેવાથી કુંવરે બાળરાજાને સાથે લીધો પણ તે પોતાની સ્ત્રી છે એ વાતથી તે અજાણ છે. રાજાએ આપેલ દાયજો પણ વહાણમાં ભર્યો. પછી વહાણ હંકારી મૂક્યાં. રાજા જમાઈ અને બાળરાજાને વળાવી ઘેર પાછો આવ્યો. વહાણમાં કુંવર અને બાળરાજા પોતાનો થાક સંગીત વડે ઉતારતા હતા. તે બંને વચ્ચે ગાઢ મૈત્રી બંધાણી. સમય જતાં વહાણ પોતાના નગરને કિનારે આવી ઊભાં. કુંવરે બાળરાજાને એ નગરમાં પોતાનું નિવાસસ્થાન હોવાનું કહ્યું.

કિનારે નાવ લાંગરીને કુંવરે લોભી મમ્મણને પોતે આવ્યો હોવાનો સંદેશો મોકલ્યો. મમ્મણ તેને લેવા આવ્યો. બાળરાજાને જોઈને મમ્મણે આ વીણાધારી કોણ છે એવો પ્રશ્ન કર્યો ત્યારે કુંવરે તે પોતાનો મિત્ર હોવાનું કહ્યું. એ સાંભળી મમ્મણ વ્યથિત થયો. કુંવરે વહાણમાંથી વસ્તુ ઉતારી વખારમાં નાખી. ઘણું ધન જોઈને મમ્મણ રાજી થયો. મમ્મણે કુંવરને જમવા બેસવાનું કહ્યું ત્યારે તે અને બાળરાજા બંને ઊઠીને ઘરમાં આવ્યા. મમ્મણે બાળરાજાને જમવા માટે બહાર બેસવાનું કહ્યું ત્યારે રત્નપાલને ઘણી લજ્જા આવી. તેણે મમ્મણને કહ્યું કે જો બાળક મારી સાથે જ જમવા બેસે તો જ હું જમીશ. મમ્મણે બાળકને કુંવરની પાસે બેસવા કહ્યું. લોભણી (મમ્મણની પત્ની) તડફડ કરતી પીરસવા આવી. કુંવર તે જોઈને જેમતેમ જમી ઊભો થઈ ગયો. તેણે વિચાર્યું કે જે ઇચ્છતું ન હોય તેના ઘેર કદી ન જઈએ.

કુંવરે બાળરાજા પાસે પોતાના પિતાની વાત કરી. કુંવરે મમ્મણને વ્યાજસહિત એક સહસ્ર દીનાર આપી, માલ તપાસી લેવા કહી તેની રજા માગી. પોતાને લાયક કોઈ કામ હોય તો કહેવા કહ્યું.

મમ્મણે કુંવરને પોતાને ઘેર રહેવા ઘણું સમજાવ્યો. કોઈ વાતે દૂભવીશ નહિ, તમે જે કહેશો તે કરીશ વગેરે વચનો આપ્યાં ત્યારે કુંવરે બીજે ગામ જતો નથી. ગામમાં જ પિતાને ઘેર જઉં છું વગેરે વચનોથી સાંત્વન આપ્યું. લોભી મમ્મણે મહાજનને બોલાવી જિનદત્તના હસ્તાક્ષરવાળો લેખ બતાવી કુંવરે બધી રકમ ચૂકવી દીધી હોવાનું કહ્યું. વળી એ પણ કહ્યું કે કુંવરને મેં પુત્રની જેમ રાખ્યો છે. હવે તે તેના પિતાને ઘેર જવાનું કહે છે. કુંવરે લખાણ કરાવી લઈ પોતે રાખી લીધું અને પોતાને ઘેર આવ્યો. રત્નપાલને સહુએ ધન્યવાદ આપ્યા. કુંવરે તેર વર્ષ પછી ઘરનાં બારણાં ઉઘાડ્યાં. સ્નેહીઓ તેને મળવા દોડી આવ્યા. બાળરાજા પણ વીણા લઈને

આનંદથી ગાતો હતો. કુંવરે પોતાનું ધન ઘરમાં આણ્યું. બાળકની પેટી પણ લાવ્યો. તે પેટીમાં સૂર્યકિરણ જેવાં પ્રકાશિત આભૂષણો પણ હતાં.

કુંવર અને બાળરાજા આનંદથી રહેવા લાગ્યા. કુંવરે ધન ખરચીને આવાસને ફરીથી બનાવ્યો. નગરમાં બધા કહેતા હતા, 'કુંવરે બાપનું નામ રાખ્યું, બાપે કુંવરને અડાણે મૂકીને પરદેશગમન કર્યું.' આવાં વચન સાંભળી કુંવર દુઃખી થયો. પોતાના જન્મ્યા પછી માતાપિતા દુઃખી થયાં. દેવામાંથી મુક્તિ મેળવવા તે પરદેશ ભમતાં હશે. પોતે આટલા દિવસ પરવશ હતો તેથી ન મળી શક્યો વગેરે વગેરે તે બોલવા લાગ્યો. એવામાં એક જ્યોતિષી કુંવર પાસે આવ્યો. કુંવરે પોતાનાં માતાપિતા કઈ દિશામાં હશે એવો પ્રશ્ન પૂછતાં તેણે તેઓ દક્ષિણ દિશામાં હોવાનું કહ્યું. જ્યોતિષીના ઉત્તર ઉપર કુંવર વિચાર કરતો હતો એવામાં ત્યાં બાળરાજા આવીને ઊભો રહ્યો. તેણે કુંવરને તેની ચિંતાનું કારણ પૂછ્યું. કુંવરે તેને પોતાનાં માતાપિતા યાદ આવ્યાં હોવાનું કહ્યું. પોતે મમ્મણનું ઘર તજી દીધાનું અને માતાપિતા દક્ષિણ દિશામાં હોવાનું કહી તેમની પાસે જવાની ઇચ્છા વ્યક્ત કરી. વિચિત્ર વેશ ધરીને તેમને મળવા જાઉં તે દરમિયાન બાળરાજાને ત્યાં જ રોકાવાનું કહ્યું.

એ સાંભળી બાળરાજાએ કુંવરને કહ્યું કે હું માર્ગની ગતિ જાણું છું, ઠંડી ઋતુને સહન કરી શકું છું. માટે તમે નગરમાં તમારા આવાસમાં જ રહો. દરેક ઋતુની વિશિષ્ટતા પોતે સહન કરી શકે છે એમ કહી બાળરાજાએ તેને (કુંવરને) ઘરમાં જ રહેવા આગ્રહ કર્યો.

રાજપુત્રને (બાળરાજાને) કુંવરે મહેમાનને કામ કેમ ચીંધાય એમ કહ્યું. વળી તે બાળક હોઈને પરદેશ નહીં વેઠાય એમ કહ્યું ત્યારે બાળરાજાએ પ્રત્યુત્તરમાં પોતે યોગી છે અને એને ડાકણ, ભૂત વગેરેનો ડર હોતો નથી. ગમે ત્યાં રહી શકે વગેરે કહ્યું. પોતે યોગી હોવાથી સ્વેચ્છાચારથી વિહાર કરી શકે, સુખદુઃખ કંઈ સ્પર્શે નહીં, કોઈની પરવાહ ન કરે વગેરે બાબતોનો ઉલ્લેખ કરી રાજપુત્રે જવાની રજા માગી. કુંવરે તેને રોકવા ઘણા પ્રયત્નો કર્યા. પરંતુ રાજપુત્ર તો નિશ્ચય કરીને બેઠો હતો. છેવટે કુંવરે તેને વાટખરચી આપવા માંડી તે પણ રાજપુત્રે લીધી નહીં. કુંવરે રાજપુત્રને જલ્દીથી પાછા આવવા વિનંતી કરી.

કુંવરે રાજપુત્રને પાછા આવવાની મુદ્દત આપવા કહ્યું. પછી તેને કોઈનો વિશ્વાસ ન કરવાની, સૂર્યોદય થયા પછી જ ચાલવાની, પોતાને હાથે જ જમવાની વગેરે શિખામણ આપી. રાજપુત્રે દક્ષિણ દિશામાં ચાલવા માંડ્યું. કુંવર તેને વળાવી ઘેર આવ્યો. ઊંઘ આવતી નથી, ભોજન ભાવતું નથી. પ્રત્યેક ક્ષણે રાજપુત્રની યાદ આવે છે.

કુંવરને મનમાં ચિંતા થવા લાગી કે રાજપુત્ર ભૂલો પડશે તો ક્યાંનો ક્યાં જશે. તેણે જોશીને બોલાવીને શુકન જોવડાવવા માંડ્યા. બીજી તરફ રાજપુત્ર ભમતો ભમતો જ્યાં નગર આવે ત્યાં ચૌટામાં ઊભો રહી જિનદત્ત અંગે પૂછપરછ કરતો. જેનું નામ જિનદત્ત હોય તેના ઘેર પણ તે જતો. પછી આગળ ચાલતો. ટાઢતાપને તે ગણકારતો નથી. ચાલતો ચાલતો શ્રીપુરનગર નજીક આવી પહોંચ્યો. ત્યાં પાદરમાં જ તેને એક વ્યવહારિયો મળી ગયો. તેને રાજપુત્રે જિનદત્ત નામે કોઈ પરદેશી વસે છે કે કેમ તે અંગે પૂછ્યું. જિનદત્તને એક કાગળ આપવો છે અને મૌખિક સંદેશો પણ આપવાનો છે માટે તેનું રહેઠાણ બતાવવા વિનંતી કરી. વ્યવહારીએ પ્રત્યુત્તર આપતાં કહ્યું કે નગરમાં જિનદત્ત નામે પરદેશી આવેલ જે રોજ માથા પર ઊંચકી કાઠીનો ભારો વેચવા આવતો. તેને ભાનુમતી નામે સ્ત્રી પણ હતી. રાજપુત્રે તેનું ઘર બતાવવાનું કહેતાં સામે આવેલી એક ઝૂંપડી બતાવી. વ્યવહારીએ રાજપુત્રને પોતાને ત્યાં જમવા પધારવા આગ્રહ કર્યો ત્યારે તેણે જો નગરમાં રહેવાનું થશે તો જરૂર આવીશ એમ કહી તે જિનદત્તની ઝૂંપડીએ પહોંચ્યો.

જિનદત્ત કાઠી વેચવા નગરમાં ગયો હતો. ભાનુમતી ઘરમાં રસોઈ કરતી હતી. રાજપુત્રે તેના આંગણામાં જઈ વીણા વગાડી. તેને ગાતો સાંભળી ભાનુમતીએ વિચાર્યું કે કોઈ ભિક્ષા લેવા આવ્યું હશે. તેથી અન્ન લઈને તેને આપવા ગઈ. યોગીવેશે રહેલા રાજપુત્રે ભિક્ષા લેવા ના કહી. ભાનુમતીએ યોગીને ક્યાંથી આવ્યા છો ? ક્યાં જવાના છો ? બાળપણમાં આ યોગીવેશ શાથી ધારણ કર્યો છે વગેરે પ્રશ્નો કર્યા. રાજપુત્રે પુરિમતાલથી આવ્યો હોવાનું કહી આગળ જવાની ઇચ્છા વ્યક્ત કરી. ભાનુમતી પોતાના નગરનું નામ સાંભળી આનંદિત થઈ. ભાનુમતીએ એ નગરના રાજાનું નામ પૂછતાં રાજપુત્રે પુણ્યપાલ નામ હોવાનું કહ્યું. ભાનુમતીએ ત્યાંના મમ્મણ શાહની ઓળખાણ આપી ત્યારે યોગીએ પોતે છ માસ ત્યાં રહ્યાનું અને રત્નપાલની સાથે ગોઠડી કરતા હોવાનું પણ કહ્યું. રત્નપાલ યોગીનો પરમ મિત્ર હતો. યોગીએ ભાનુમતીને કહ્યું કે રત્નપાલનો પિતા જિનદત્ત હતો. તેના ધનનો નાશ થતાં પુત્રને તારણમાં મૂક્યો હતો. મોટા થઈને કુંવરે પિતાની વાત જાણી. દેવું ભરપાઈ કરવા તે વહાણમાં માલ ભરીને પરદેશ કમાવા ગયો. માલ વેચી બહુ ધન કમાઈ પાછા આવીને મમ્મણને તે આપી પિતાનું દેવું ફેડ્યું. મમ્મણને ધન આપી રત્નપાલ પોતાને ઘેર આવી ઘણા વાણોતર રાખી વેપાર કરે છે એમ યોગીએ કહેતાં માતા ભાનુમતીને હર્ષ થયો. તેણે વિચાર્યું કે આ પુત્રનો મિત્ર લાગે છે. પછી ભાનુમતીએ પોતે રત્નપાલની માતા હોવાનું કહી કર્મને વશ પંદર વર્ષ અને સાત માસથી તેને ઘેર મૂકીને ભટકતાં હોવાની વાત કહી. વળી તેણે યોગી મળ્યાથી પુત્ર મળ્યો હોય એટલો હર્ષ વ્યક્ત કર્યો.

રાજપુત્ર મનમાં હર્ષ પામ્યો કે પતિનાં માતાપિતાને શોધતો હતો તે મળી ગયાં. એ બેઠો હતો ત્યાં તેણે ચંદનનો એક ટુકડો પડેલો જોયો. તેણે એ લાકડા વિશે પૂછ્યું તો ભાનુમતીએ પોતાનું અજ્ઞાન પ્રદર્શિત કર્યું. લાકડાંની ભારી વેચીને ઉદરપોષણ કરતાં હોવાની વાત સાંભળી યોગીએ રોજ લાકડાં કોણ લે છે એમ પૂછ્યું. ભાનુમતીએ ધનદત્ત નામનો વાણિયો લાકડાં ખરીદતો હોવાનું કહ્યું. રાજપુત્રે મનમાં વિચાર્યું કે પોતાના સસરાને છેતરીને એ લાકડાં લે છે. ગમે તેમ કરી એ લાકડાં પાછાં લઈ મારા પતિને તે લાકડાં ગાડાં ભરીને આપીશ. પછી ચંદનનો પેલો ટુકડો પોતાની ઝોળીમાં નાખ્યો. એવામાં નગરમાં ભારી વેચીને જિનદત્ત આવ્યો. ભાનુમતીએ તેના પુત્રના સઘળા સમાચાર આપ્યા. જિનદત્તને તે સાંભળી આનંદ થયો. યોગીને તેણે આદર આપ્યો. સાસુસસરાને જોઈ યોગીવેશે રહેલ પુત્રવધૂ (રાજપુત્ર) હર્ષ પામી. જિનદત્તે આગળ ક્યાં જશો એમ યોગીને પૂછ્યું. તેણે ત્યાં જ રહીને ગુજરાન ચલાવીશું એવો ઉત્તર આપ્યો. શેઠે ત્યાં જ રહેવાનો આગ્રહ કર્યો. યોગીએ નગરમાં જ રહેશે અને રોજ તેને મળશે, મિત્રનાં માતાપિતા તે પોતાનાં જ છે વગેરે વાતો કરી.

રાજપુત્ર રજા માગી શ્રીપુરનગરમાં ગયો. વિવિધ રીતે વીણા વગાડી લોકોનાં મનને મોહ પમાડતો હતો. એની વીણા સાંભળી નરનારીઓ એકત્ર થતાં. નગરના લોકો વીણાવાદકને પોતાને ત્યાં ભોજન લેવા નિમંત્રણ આપવા લાગ્યા. પરંતુ તેણે તો બપોરે વાડીમાં સ્વહસ્તે ભોજન રાંધીને ખાવા માંડ્યું. લોકોએ વીણાવાદકની પ્રશંસા કરવા માંડી. રાજપુત્રે ફરતાં ફરતાં ધનદત્તનું ઘર શોધી કાઢ્યું.

એવામાં જ શ્રીપુરનગરના રાજાને કોઈ રોગ થયો. વૈદ્યોએ ઘણા ઉપાય કર્યા પણ રોગ ન મટ્યો. રાજાએ મંત્રીને બોલાવીને કહ્યું કે કોઈ જાણકારને તેડાવો. સચિવે રાજાને કહ્યું કે નગરમાં એક વિદ્વાન આવેલ છે. જો હુકમ કરો તો તેને તેડાવીએ. રાજાએ હા પાડી. સચિવે યોગી પાસે જઈ બધી વાત કરી, રાજાનો રોગ મટાડવા વિનંતી કરી. મંત્રીની વિનંતી સાંભળી રાજપુત્ર ખભે વીણા ઉપાડી તેની સાથે ગયો.

રાજાએ યોગીને ઘણું માન આપ્યું. નાડી પરીક્ષા કરી યોગીએ ઔષધ માટે ચંદન લાવવાનું કહ્યું. રાજાએ સેવકોને ચંદન લેવા દોડાવ્યા. સેવકોએ બધે તપાસ કરી પણ ક્યાંયથી તે ન મળ્યું. તેથી રાજપુત્રે પોતાની ઝોળીમાંથી ચંદનના લાકડાનો ટુકડો કાઢી તેને ઘસી રાજાના શરીર પર લેપ કરતાં તેના સઘળા રોગ મટી ગયા. રાજાને આરામ થયો. રાજાએ તેનો આભાર માન્યો અને માગે તેટલું ધન તેને આપવાનું કહ્યું. યોગીએ ધન લેવાની ના પાડી. રાજાએ કંઈક લેવાનું કહ્યું ત્યારે યોગીએ વચન અનામત રાખવા કહ્યું. પહેલાંની જેમ જ ફરીથી તે નગરમાં ફરવા લાગ્યો. જિનદત્તને તે રોજ મળતો. તેણે વિચાર્યું કે ધનદત્તના ઘેરથી ગમે તેમ કરીને ચંદન ગાડાં ભરી લઈ જવું.

રાજપુત્ર એક દિવસ વીણા વગાડતો ધનદત્તના આગણે ઊભો રહ્યો. ધનદત્તની પત્નીએ તેને કામ હોય તો કહેવાનું કહ્યું. પોતાનો પતિ દુકાને બેઠો છે માટે તે આવે ત્યારે આવવાનું સૂચન વીણાવાદકને કર્યું. વીણાવાદકે પોતે જે વાત સાંભળી છે તે કહું છું એમ કહી કોઈક યુગલીખોરે રાજા સમક્ષ ફરિયાદ કરી છે કે ધનદત્ત પાસે ઘણું ચંદન હોવા છતાં તેમાંથી તમારો રોગ મટાડવા એક કટકોય આપ્યો નથી. એ સાંભળી રાજા ક્રોધે ભરાયો છે અને તે તમારું ઘર લૂંટાવી દેશે. રાજપુત્રે ઉપકાર કરતો હોય એવા ભાવથી ધનદત્તની સ્ત્રીને વાત કરી. પછી તે સ્ત્રી દોડીને દુકાને ગઈ અને પતિને સઘળી વાત કરી.

સ્ત્રીની વાત સાંભળી ધનદત્તના મનમાં ફ્રાસ્કો પડ્યો. તેનાં ગાત્રો ધ્રૂજવા લાગ્યાં. બારણાં બંધ કરી તેણે ચંદનનાં લાકડાંની ભારીઓ બાંધી બહાર ફેંકી દેવા માંડી. ગાયના છાણથી ઘર લીંપીને ચંદનની વાસ દૂર કરી. બીજે દિવસે સવારે રાજપુત્રે આવીને જોયું તો ધનદત્ત ઘરને તાળું વાસી ક્યાંક નાસી ગયો હતો. રાજપુત્રે ઘરની પછવાડે જઈ જોયું તો ત્યાં ચંદનનાં લાકડાં પડ્યાં હતાં. તેણે જઈને લોકોને કહ્યું કે મારે મઠ બાંધવો છે માટે લાકડાં ઉપાડવામાં મને મદદ કરો. લોકોએ લાકડાં ઉપાડી રાજપુત્રે સૂચવેલ જગ્યાએ નાખ્યાં. તેણે જિનદત્તને લાકડાં સાચવવાનું કહી રાજાના દરબારની વાટ પકડી.

રાજપુત્રે રાજાને પોતે પુરિમતાલ જવા ઇચ્છે છે માટે રજા આપો તેમ કહ્યું ત્યારે રાજાએ પોતાના રાજ્યમાં જ રહેવા વિનંતી કરી. રાજપુત્રે પોતે યોગી છે માટે તે તો ચાલતા જ ભલા એમ કહી રજા આપવા કહ્યું ત્યારે રાજાએ સંભારણા તરીકે કંઈક માગવા કહ્યું. ત્યારે યોગીએ પોતે મઠ બાંધવા લાકડાં લીધાં છે તે લઈ જવા ગાડાં આપો એમ કહ્યું. રાજાએ હુકમ કરી ગાડાં મંગાવ્યાં. રાજપુત્રે તેમાં લાકડાં ભરી, રાજાને નવાજી ચાલવા માંડ્યું. જિનદત્તને પણ તેની સાથે જવા કહ્યું. જિનદત્ત તો તેની સાથે જવા નીકળ્યો. તેની પોટલી ગાડામાં મૂકી દેવા રાજપુત્રે કહ્યું. ઘણી હા-ના પછી શેઠે પોટલી ગાડામાં મૂકી. છેવટે રાજપુત્રે જિનદત્ત તથા તેની પત્નીને પણ ગાડામાં બેસી જવા કહ્યું. ગાડા ઉપર છાંયો કર્યો. સાસુ-સસરાને રાજપુત્ર વાટમાં કંઈ મુશ્કેલી હોય તો કહેવા કહેતો. જમવાના સમયે ગામમાં જઈને સીધું લાવી આપી તેમને જમાડતો. પુરિમતાલની નજીક આવતાં રાજપુત્રે સારાં વસ્ત્રો લાવીને દંપતીને આપ્યાં.

રત્નપાલ રાજપુત્રને ગયે પૂરા છ મહિના થઈ ગયા હોવાનું વિચારતો હતો. એવામાં તેણે ગાડાં લઈને આવતા રાજપુત્રને જોયો. દોડીને તેને ભેટ્યો. રાજપુત્રે માતાપિતાના આગમનની વાત જણાવી તેથી રત્નપાલને હર્ષ થયો. માતાપિતાને ગાડામાંથી

ઉતારી તેલનું મર્દન કરી નવરાવ્યાં.

ઘેર જઈ રત્નપાલે સહુ સગાંઓને તેડાવ્યાં. માતા આનંદથી પુત્રને મળી. યાચકોને દાન આપ્યું.

એક દિવસ રત્નપાલે પિતા જિનદત્તને દુઃખના દિવસો કેવી રીતે વિતાવ્યા એ વિશે પૂછ્યું. જિનદત્તે શ્રીપુરનગરમાં જઈ કાઠી વેચીને દિવસો પસાર કર્યા હોવાની અને રાજપુત્રે સહાય કરી લાકડાં ગાડાંમાં ભરી લઈ આવ્યાની વાત પણ કરી. તાતનાં વચન સાંભળીને રત્નપાલ હરખ્યો. રાજપુત્રે ચંદન વેચીને તેનાં નાણાં રત્નપાલને આપ્યાં. કુંવરે એ દ્રવ્ય ક્યાંથી આવ્યું એમ પૂછતાં રાજપુત્રે સઘળી વાત કરી. કુંવરે તેનો મિત્ર તરીકે આભાર માન્યો.

કુંવરે રાજપુત્રને કહ્યું કે તમારા પિતાએ તમને અમારી સાથે મોકલ્યા છે કારણ કે મારી પરિણીતાને હું ત્યાં મૂકીને આવ્યો છું. મારાં માતાપિતા હવે મને જવા દેશે નહીં કારણ કે એક વખત મને અળગો કરવાથી તેઓ ઘણું દુઃખ પામ્યાં. કુંવરનાં વચન સાંભળી રાજપુત્રે પોતે જવાની અને રત્નવતીને તેડી આવવાની તૈયારી બતાવી. કુંવરે કહ્યું કે જો હું નહીં જાઉં તો મારું વચન જશે. એ સાંભળી રાજપુત્રે ઘરમાં જઈ ઘરેણાંની પેટી કાઢી. સ્ત્રીનાં સર્વ આભૂષણો ધારણ કરી, રાજપુત્રનો વેશ દૂર કરી રત્નવતીનો વેશ ધારણ કર્યો. કુંવર એ જોઈ આશ્ચર્ય પામ્યો. રત્નવતીએ આવીને તેને પ્રણામ કર્યા. કુંવરે પણ માન આપી તેનું નામ પૂછ્યું. પોતે રત્નવતી હોવાનું કહ્યું.

પછી રત્નવતીએ પોતે રાજપુત્રનો વેશ ધારણ કરીને કેવી રીતે તેની સાથે આવી તેની સઘળી કથા કહી. સાસુ-સસરાને વંદન કરીને તેમને પણ સઘળો વૃત્તાંત કહ્યો.

જિનદત્તે પણ પોતાનાં પુણ્યોના પ્રતાપે વિવિધ ધર્મકાર્યો કર્યાં. એવામાં તે નગરની બહાર જિનચંદ્રમુનિ પધાર્યા. તેમણે જિનદત્ત વગેરેને દેશના આપી. ગુરુનો ઉપદેશ સાંભળી જિનદત્ત આનંદ પામ્યો. જિનદત્તે મુનિ સમક્ષ દીક્ષાનો પ્રસ્તાવ મૂક્યો. જિનદત્ત અને ભાનુમતી સાધુ-સાધ્વીના આચાર પાળવા લાગ્યાં.

રત્નપાલ પોતાની સ્ત્રી સાથે ભોગ ભોગવવા લાગ્યો. દરબારમાં નટને નાચતા જોઈને રત્નપાલને કૌતુક થયું. દોરી ઉપર નટ જાતજાતના ખેલ કરતા હતા. રત્નવતીના પતિને નટનો ખેલ જોતાં વૈરાગ્ય ઊપજ્યો. રત્નપાલે જઈ પોતાની સ્ત્રીને નટને નાચતા જોઈને વૈરાગ્ય ઊપજ્યો હોવાનું કહ્યું. સ્ત્રીએ સંયમમાર્ગમાં આવતી મુશ્કેલીઓનું વર્ણન કર્યું. એક અબળાને નિરાધાર ત્યજીને દીક્ષા ન લેવા રત્નવતીએ વિનંતી કરતાં રત્નપાલે તેને એક પુત્ર થયા પછી સંયમ લેવાનું વચન આપ્યું. સમય જતાં રત્નવતીને ગર્ભ રહ્યો. પૂરા માસે તેણે પુત્રને જન્મ આપ્યો. તેનું પુરંદર નામ પાડવામાં આવ્યું. પિતાએ તેને ભણવા મૂક્યો. ઉંમરલાયક થતાં તેને પરણાવ્યો. પુત્રને ધન સોંપી રત્નપાલે પત્નીની વૈરાગી થવા રજા માગી. એવામાં વનમાં જ્ઞાનચંદ્ર મુનિ સમોસર્યા. રત્નપાલે પરિવાર સાથે જઈને મુનિને વંદન કરી ક્યાં કર્મોને કારણે માતાપિતાનો સોળ વર્ષ વિયોગ ભોગવ્યો તે વિશે પૂછ્યું.

મુનિએ કહ્યું, 'જંબૂદ્વીપમાં તિલકપુર નગરમાં તિલકભ્રમ નામે રાજા હતો. તે ન્યાયી, બહાદુર અને વિવેકી હતો. તે નગરમાં સુરસુંદર નામે શેઠની પત્ની સૌભાગ્યસુંદરીએ એક પુત્રને જન્મ આપ્યો જેનું નામ ધનપાલ રાખવામાં આવ્યું. મોટો થતાં તે વ્યસની, જુગારી થઈ ગયો. જુગાર રમતાં હારે તો બમણું રમી ધન ઉડાવી દે. લોકો આવીને સુરસુંદરને ઠપકો આપે. પિતાએ તેને ઠપકો આપવા માંડ્યો. પુત્ર થઈને દુશ્મન હોવાનું કહ્યું. માતાપિતાનો ઠપકો સાંભળીને ધનપાલ લજ્જા પામ્યો. તેણે માફી માગી. જુગાર ન રમવાનું વચન આપ્યું. તે સાંભળી પિતાને આનંદ થયો.

એવામાં તિલકભ્રમ ઉપર લશ્કરે ચડાઈ કરી. તે પોતાની સેનાસહિત સામો થયો. ખરાખરીનો જંગ ખેલાયો પરંતુ તિલકભ્રમ હાર્યો. લશ્કરે નગરમાં લૂંટફાટ ચલાવી. લોકો ભય પામ્યા. નગરનો રાજા હાર્યો છે એમ જાણી સુરસુંદર અને સૌભાગ્યસુંદરી પુત્ર ધનપાલને લઈ વહાણમાં બેસી નાસી છૂટ્યાં. પવનના તોફાનને કારણે વહાણ તૂટી ગયું. ત્રણે જણ તરતાં કિનારે પહોંચ્યાં. લોકોએ તેમને બચાવી લીધાં. સુરસુંદરી (સૌભાગ્યસુંદરી) ક્યાં જઈને રહીશું એમ વિચારતી હતી એવામાં ધનવતી નામની શ્રાવિકાએ તેમને આશ્રય આપ્યો. તેમને રહેવા એક અલાયદો ઓરડો કાઢી આપ્યો. સમય જતાં સૌભાગ્યસુંદરી પણ ધનવતીની સાથે હળીમળી ગઈ. ધનવતીએ ધનપાલને પુત્રની માફક પાળ્યો-પોષ્યો. વસંતઋતુ બેસતાં નગરજનોએ તેનો ઉત્સવ મનાવ્યો. ધનપાલે એ જોઈને માતા પાસે વનમાં વસંત માણવા જવાની અનુમતિ માગી. માતાએ આનાકાની કરી પરંતુ તે તો હઠ કરીને ગયો.

માતાએ ધનપાલના ભોજનની તૈયારીઓ આરંભી. ભોજન તૈયાર થતાં માતાપિતાએ જમી લીધું. પુત્રને માટે જમવાનું રાખ્યું. બાળકને આવતાં વાર લાગી તેથી માતા ચિંતા કરવા લાગી.

એવામાં બરાબર મધ્યાહ્ને એક મુનિવર માસક્ષમણનું પારણું કરવા નગરમાં આવ્યા. ગોચરીના હેતુથી સૌભાગ્યસુંદરીના આંગણે આવી ધર્માશિષ આપી. પુત્ર માટે રાખેલું ભોજન ઉમંગથી મુનિવરને વહોરાવી દીધું. મુનિએ વનમાં જઈ આહાર કર્યો. પછી સૌભાગ્યસુંદરીએ ધનવતી પાસે જઈ મુનિવરને આહાર વહોરાવ્યાની વાત કરી. એવામાં વનક્રીડા કરી ભૂખ્યા-તરસ્યા ધનપાલે આવીને માતા પાસે ભોજન માગ્યું. માતાએ સાધુને તેના ભાગનું ભોજન વહોરાવી દીધાનું કહેતાં તેને ક્રોધ ચડ્યો અને સાધુને વિશે ગમે તેમ બોલવા માંડ્યો. સૌભાગ્યસુંદરીએ તેને વાર્યો પણ તે તો ઘર બહાર નીકળી ધનવતીને મળ્યો. તેણે ધનપાલને વ્યથિત જોઈને કારણ પૂછ્યું તો તેણે બધી વાત કરી. ધનવતીએ તેને દાનનો મહિમા

સમજાવ્યો. તેમાં અંતરાય ન કરવા કહ્યું.

માતાના સંતાન ઉપરના ઉપકાર ધનવતીએ ગણાવ્યા અને કહ્યું કે તું એક દિવસ ભૂખ્યો રહી શકતો નથી, તો આ સાધુઓ મહિના સુધી જમતા નથી. ધનવતીના બોલ સાંભળી ધનપાલ આનંદ પામ્યો. આમ સોળ ક્ષણ સુધી સાધુ ઉપર ગુસ્સો રહ્યો. પછી વિનયથી માતાના ચરણમાં તેણે વંદન કર્યા. માતાપિતા સાથેની રીસ છોડી દીધી અને ભોજન કર્યું. ધનવતીના ઉપદેશથી તે સંતની હરોળ પામ્યો. ત્યાંથી ચ્યવીને ધનપાલ રત્નપાલ થયો. પૂર્વભવે જે માતાપિતા હતાં તે આ ભવે પણ થયાં. ધનવતી તેની સ્ત્રી રત્નવતી થઈ. સોળ વરસ સુધી તે માતાપિતાનો વિયોગ પામ્યો. સાધુને આપેલ દાન વિશે ક્રોધ કર્યો તેનું એ પરિણામ હતું. પછી સાધુના સંગથી મનુષ્ય અવતાર પામ્યો.

રત્નપાલે પોતાનો પૂર્વભવ સાંભળ્યો. ત્યારે તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. ઘેર આવી રત્નપાલ અને રત્નવતીએ દીક્ષા લીધી.

આધાર : પંડિત મોહનવિજયજી વિરચિત શ્રી રત્નપાલ વ્યવહારીનો રાસ.

મેઘકુમાર

- જિનહર્ષ

રાજગૃહીમાં શ્રેણિક રાજા હતો, તેને ધારિણી નામે પટરાણી અને અભયકુમાર નામે મંત્રી હતો. એક વખત રાત્રે રાણીને સ્વપ્નમાં હાથી આવ્યો. તેણે રાજાને સ્વપ્નનો અર્થ પૂછ્યો. પંડિતોએ સ્વપ્નનો અર્થ કરીને કહ્યું કે રાણીને પુત્ર થશે. એ સાંભળી કુટુંબ આનંદ પામ્યું. ત્રીજે મહિને રાણીને દોહદ જાગ્યો. વરસાદ વરસે ત્યારે વનમાં ક્રીડા કરું. વરસાદને કારણે નદી, નાળાં, ઝરણાં વહે, વીજળી ચમકારા કરે ત્યારે ચકવા-ચકવીની જેમ આનંદક્રીડા કરું, હાથીની અંબાડીમાં બેસું, રાજાના માથા પર છત્ર ધરું અને વૈભાર પર્વતની તળેટીમાં ક્રીડા કરું તો મારા મનની ખાંત પૂરી થાય એમ રાણીએ કહ્યું. અભયકુમાર મંત્રીએ રાણીનો દોહદ પૂરો કરવાની વ્યવસ્થા કરી. રાણીએ પૂરા માસે મેઘકુમાર નામે પુત્રને જન્મ આપ્યો.

મેઘકુમાર શસ્ત્ર અને શાસ્ત્રકલામાં પારંગત થયો. તે યૌવનમાં પ્રવેશ્યો એટલે તેનાં લગ્ન આઠ સુંદર કન્યાઓ સાથે કરાવવામાં આવ્યાં. મેઘકુમાર સુખમાં રાચવા લાગ્યો.

એ વખતે ત્યાં શ્રીવીર સમોસર્યા. શ્રેણિક તેમને વંદન કરવા ગયો. મેઘકુમાર પણ વંદન કરવાના ભાવ સાથે ત્યાં ગયો હતો. તેણે શ્રીવીરની ધર્મદેશના સાંભળી. તેને પ્રતિબોધ થયો. તેણે પોતે વ્રત લેવાનું નક્કી કર્યું.

ઘેર આવીને તેણે માતાને કહ્યું કે મહાવીરને પ્રણમીને તેમની દેશના સાંભળી તેથી વ્રત લેવાનું નક્કી કર્યું છે. માટે હે માતા, મને અનુમતિ આપો.

ધારિણીએ પુત્ર મેઘકુમારને કહ્યું કે તું તો હજી કોમળ કળી જેવો છે. તારાં ગાત્રો અત્યંત સુકુમાર છે. પુત્રની વાત સાંભળી માતાની આંખમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યાં તેનું હૈયું દુઃખથી ભરાઈ ગયું. તે ભોંય પર આળોટવા લાગી. તેણે પુત્રને કહ્યું કે તારું મુખ જોઈને હૈયામાં ઉલ્લાસ જાગે છે. તારું મોઢું જોવા ન મળે તો વૈરાગ્યભાવ જન્મે છે. તને હું હૈયા ઉપર રાખું છું. તારી આઠ સ્ત્રીઓ પણ અત્યંત સુંદર છે. તેઓ તારું કહ્યું ઉથાપતી નથી. તારા વગર એમનો કોણ આધાર ? ધારિણીએ પુત્રને કહ્યું કે આ મંદિર-માળિયાં, આ ચિત્રશાળા, સુંવાળી સેજ, આ ઇન્દ્ર જેવી સુખસાહ્યબી અને વળી આ અબળાઓનો પ્રેમ આ બધું પામવા લોકો તપ કરે છે. તું તો તપ વિના આ બધું પામ્યો છે છતાં તેને છોડી જાય છે. હે પુત્ર, તને રજા આપવા મારી જીભ ઊપડતી નથી. તને કોઈ અનુમતિ નહીં આપે.

કુંવરે માતાને વિલાપ ન કરવા કહ્યું. જતાં અને મરણ પામતાંને કોણ રોકી શકે એ તમે વિચારી જુઓ. માતાને સમજાવી કુંવરે વ્રત આદર્યું. ઘણા મુનિવરોની વચ્ચે છેડે સંથારો કર્યો. પગના ઢીંચણ દુઃખવા લાગ્યા. ઊંઘ આવતી નહોતી. એને નિર્માલ્ય કરીને સૌએ છોડી દીધો. કોઈએ એની સંભાળ ન લીધી.

એમ કરતાં દિવસ ઊગ્યો. તે જિનવરની પાસે આવ્યો. મહાવીરે તેને દિલગીર જોઈ કારણ પૂછ્યું કારણ જાણી તેનો પૂર્વવૃત્તાન્ત મહાવીરે કહ્યો, ''આજથી ત્રીજા ભવે વૈતાઢ્ય પર્વત પાસે તું સુમેરપ્રભુ નામે છ દાંતવાળો હાથી હતો. ગ્રીષ્મકાળે તું દાવાનળથી દાઝતો હતો તેથી એક હજાર હાથણી સાથે તત્કાળ સરોવરમાં ગયો. એ સરોવરમાં પાણી ઓછું હતું, કાદવ વધારે હતો. તેમાં પાણી પીવા તું ગયો. તું કાદવમાં ખૂંપી ગયો. તારાથી કિનારે આવી શકાતું નહોતું. તારા પૂર્વના વેરી હાથીએ તને જોઈ પગ અને દાંતથી પ્રહાર કર્યો. સાત દિવસ સુધી તેં એ વેદના સહન કરી. આર્તધ્યાન કરી મરણ પામેલ તું વિંધ્યાચળમાં ગજ રૂપે અવતર્યો. મેરુપ્રભુ નામે ચાર દાંતવાળા હાથી રૂપે જન્મેલ તારો વર્ણ રાતો હતો. તેને સાતસો હાથણીઓ હતી જેની સાથે તે ક્રીડા કરતો. એક વખત વનદવ જોઈને તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. દવમાંથી ઊગરવા માટે હાથીએ મનમાં ધ્યાન ધર્યું. ગંગાનદીને કિનારે એક યોજન સુધીનો માંડલો (કૂંડાળું) ફર્યો. તે માંડલામાં (વર્તુળમાં) સુવર, સાબર, હરણાં, વાઘ, રોઝ, હાથી, સિંહ બળી જવાની બીકે આવીને ભરાઈ ગયાં. હાથી તરીકે તું પણ તેમાં જ ઊભો રહ્યો. એવામાં એક સસલો માંડલામાં આવ્યો પણ તેને માટે ક્યાંય જગ્યા નહોતી. એ વખતે શરીરે ખંજવાળ આવતાં તેં પગ

ઉપાડ્યો. સસલાએ તારા ઉપાડેલા પગ નીચે ઊભા રહેવાની જગ્યા જોઈ. ભગવાન મહાવીરે મેઘકુમારને કહ્યું કે તેં ઘણાં દુઃખ સહન કર્યાં છે, પણ તેને કોઈ દિવસ સંભાર્યા નથી. હાથી રૂપે રહેલા તેં ઉપાડેલા પગ નીચે એક નાનો જીવ જોયો. તારા મનમાં તે વખતે દયાભાવ ઊપજ્યો અને જીવદયા ખાતર તેં પગ અદ્ધર જ રાખ્યો. દવ શાંત થયો ત્યારે બધાં પશુ-પક્ષીઓ એ માંડલામાંથી જતાં રહ્યાં ત્યારે પેલું સસલું પણ જતું રહ્યું. સાડાત્રણ દિવસ બાદ તેં પગ ભોંય મૂકવાનો પ્રયત્ન કર્યો ત્યારે તે જકડાઈ જવાને કારણે તું ભોંય પર પડી મરણ પામ્યો. દયાના પરિણામે તું શ્રેણિકના પુત્ર તરીકે જન્મ્યો. હાથીએ ભવની વેદના સહન કરી છતાં કોઈ વાત સંભારતો નહોતો.

મેઘકુમારે જિનવરના મીઠા બોલ સાંભળ્યા અને તે જાતિસ્મરણ જ્ઞાન પામ્યો. વિપુલગિરી ઉપર અનશન કરી સંસાર તરી ગયો.

[જિનહર્ષ ગ્રન્થાવલી - અગરચંદ નાહટા લા.દ. નં. ૧૬૮૦૪]

ભીમ ચોપાઈ

- કીર્તિસાગર શિષ્ય વિરચિત

વાગડ દેશમાં પાંત્રીસ સો ધરાનો ધણી જસવંતસિંઘ જ્યાં રાજ્ય કરતો હતો તે ગિરિપુર (ડુંગરપુર) નગરમાં ઘણા પુણ્યવંત શ્રાવકો રહેતા હતા. આ નગર વાગડનું મુખ્ય નગર હોઈ તે સમયમાં વ્યાપાર-રોજગારની દૃષ્ટિએ ત્યાં જાહોજલાલી હતી. આ નગરનો એક જોજન જેટલો તો વિસ્તાર હતો. તે નગરનો રાજા જસવંતસિંઘ, પોતાની અઢારે વરણની પ્રજાને ખૂબ ચાહતો. નીતિમત્તાથી તે રાજ્ય ચલાવતો. એ કારણે તેની કીર્તિ સર્વ દેશોમાં ફેલાઈ હતી.

રાજા જસવંતસિંઘને વીરપુરી નામે પટરાણી હતી. તેને પ્રધાન, મંત્રી, કારકુન અને હાથી-ઘોડા વગેરે પણ ઘણાં હતાં. રાજા પાસેનાં પાંત્રીસ સો ગામોમાં સાગલપુર (સાગવાડા), કોટ (ગલિયાકોટ), મોટા ગામ, સાબલો અને આસાપુર એ મુખ્ય હતાં.

આસાપુરમાં પરગટ્ટમલ્લ પોરવાડ વંશનો ઉદેકરણ શાહ નામે એક શ્રેષ્ઠી રહેતો હતો. ઉદેકરણને અંબૂ નામે એક સ્વરૂપવાન પત્ની હતી. આ અંબૂની કૂખે ભીમ(ભીમાશાહ)નો જન્મ થયો હતો. ભીમાશાહ છત્રીસ રાજકુલમાં પ્રસિદ્ધ ચૌહાણકુળમાં જન્મેલ ઠાકોર અમરસિંઘનો પ્રધાન હતો. ભીમને એક ભાઈ હતો જેનું નામ સિંઘ હતું. બંને ભાઈઓ એકસરખા દાનવીર હતા. વારંવાર સંઘ કાઢતા, સ્વામી-વાત્સલ્ય કરતા, દુઃખી-દરદીઓની સારવાર કરતા અને સાધુસંતોની સેવા પણ કરતા. પ્રધાન ભીમ અને ઠાકોર અમરસિંઘ વચ્ચે ખૂબ પ્રેમ હતો. ભીમને બે પત્નીઓ હતી જે રૂપગુણનો ભંડાર હતી.

એક વખત કપૂરકુલમંડણ ભીમાશાહે પોતાના ભાઈ સાથે વિચાર કર્યો કે આપણે કંઈક ઉત્તમ કાર્ય કરવું જોઈએ. એ પછી બંને ભાઈઓએ મળીને નક્કી કર્યું કે ધુલેવ(કેસરીઆજી)નો સંઘ કાઢવો અને ધન વાપરવું. સંઘ કાઢવાનું નક્કી થયા પછી ચૈત્ર સુદ-પને દિવસે સંઘે પ્રસ્થાન કર્યું. સંઘને શુભ શુકન થયા જેમાં કુંવારી કન્યાના, સવત્સી ગાયના, ગીત ગાતી બાલિકાના, વેદ ભણતા બ્રાહ્મણના, ઘોડેસવારના, હાથીના, વેશ્યાના, નિર્ધૂમ અગ્નિના, ફૂલ આપતી માળણના, જોગણીના વગેરેનો સમાવેશ થતો હતો.

શુભ શુકન લઈ સંઘ રવાના થયો. પ્રથમ પ્રયાણે સંઘ સાબલા ગામમાં આવ્યો. ભીમે અગાઉથી ગામેગામ કંકોતરીઓ મોકલાવી હતી તેથી ઘણા લોકો સંઘમાં એકઠા થયા હતા. સંઘમાં વાજિંત્રોના નાદ થતા હતા. કોઈ પાલખીમાં બેસીને સંઘમાં જોડાયા હતા, તો કોઈ ઘોડેસવાર થઈને જોડાયા હતા. સામ્યકત્વધારી શ્રાવકો પગે ચાલતા સંઘમાં જોડાયા હતા. પૂર્વજન્મના પુણ્યથી મળેલી લક્ષ્મીનો ભીમે સંઘ કાઢીને સદુપયોગ કર્યો હતો. પોતાના ધનનો ભીમે દાન-પુણ્ય માટે ઉપયોગ કર્યો હતો તેથી તે ધન્યવાદને પાત્ર હતો.

આનંદ કરતો કરતો સંઘ, ઉત્સાહપૂર્વક ધુલેવજી (કેસરીઆજી) પહોંચ્યો. ભીમે શ્રીસંઘ સાથે વિધિપૂર્વક શ્રીઋષભદેવ ભગવાનની અનેક પ્રકારનાં પુષ્પો, કેસર, ચંદન વગેરેથી પૂજા કરી. પૂજા કરી મંડપમાં આવી ગુરુ અને સંઘની સાથે જિનેશ્વરની સ્તુતિ કરી અને ત્યાર પછી ભીમે, મોટા આડંબર સાથે મંદિર ઉપર ધ્વજા પણ ચઢાવી. આ ઉપરાંત ભવ્ય ઉલ્લાસ સાથે જિનેશ્વરની આંગી પણ રચાવી. ભીમે શુભ ભાવથી ઋષભદેવની પૂજા કરી તમામ સંઘો અને ગામલોકોને જમવા નોતર્યા. તેણે ઉત્તમોત્તમ ભોજન વડે દરેકને સંતોષ્યા અને યાચકોને દાન પણ આપ્યું.

ઈષુકાર - કમલાવતી

- માલ

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં ઈષુકાર નામે નગરી હતી. તેના રાજાની પત્ની ગુણવાન હતી. તેની કૂખે પુત્રજન્મ થતાં તેનું નામ ઈષુકાર પાડવામાં આવ્યું. તે અનેક કલાઓ ભણ્યો. બીજી એક નગરીમાં કમલાવતી નામની કન્યાનો જન્મ થયો. બંને જુવાન થતાં માતાપિતાએ તેમનાં લગ્ન કરાવ્યાં. ઈષુકાર અને કમલાવતી સુખ ભોગવવા લાગ્યાં. રાજાનો એક પુરોહિત હતો. તેની સ્ત્રી અત્યંત ગુણવાન હતી. તેના પેટે એક ત્રીજા જીવનો જન્મ થયો.

તેનું નામ ભૃગુ પાડવામાં આવ્યું. તે ભણીગણીને પંડિત થયો. બ્રાહ્મણને ઘેર ચોથા જીવરૂપે પુત્રી જન્મી. ભૃગુ પુરોહિત જસાપત્ની નામે સ્ત્રીને પરણ્યો. હવે ઇષુકાર રાજા થઈને રાજ્યનું પાલન કરતો હતો. ભૃગુને પુરોહિતપદ આપ્યું. ઇષુકાર કમલાવતી સાથે અને ભૃગુ જસાપત્ની સાથે સુખથી સંસાર ભોગવતા. ધનનો કોઈ પાર નહોતો. પણ પુરોહિતને ત્યાં પુત્ર ન હોવાથી તેની સ્ત્રી દુઃખી રહેતી.

પુરોહિતનું દુઃખ જાણી સ્વર્ગના બે દેવોએ નક્કી કર્યું કે તેઓ પુરોહિતને ત્યાં પુત્ર રૂપે અવતરશે. તેઓ બંને જ્યોતિષીનું રૂપ લઈ નગરની બહાર આવ્યા. તેમણે જોષ જોવા માંડ્યા તેથી તેમની ખ્યાતિ વધી. તે સાંભળી પુરોહિત પ્રશ્ન પૂછવા તેમની પાસે આવ્યો. પુરોહિતે તેમને કહ્યું કે જો મારે ત્યાં પુત્ર થાય તો તમે કહેશો તે કરીશ. તે સાંભળી બંને જ્યોતિષીએ કહ્યું કે તારે ત્યાં બે પુત્રો જરૂર થશે પણ તે બંને સંયમ લેશે. જો તેઓ સંયમ ગ્રહણ કરે ત્યારે તેમને ના પાડવી નહીં. પુરોહિતે તે માન્ય રાખ્યું. કોલ આપીને દેવતા પોતાને સ્થાને ગયા. સમય થતાં દેવમાંથી ચ્યવીને તેઓ બંને પુરોહિતને ત્યાં જોડિયા પુત્ર તરીકે જન્મ્યા.

માતાપિતાને હર્ષ થયો. મહોત્સવ કરી બંનેને દેવભદ્ર અને જશોભદ્ર નામ આપવામાં આવ્યાં. બંને મોટા થયા. શાસ્ત્રો ભણ્યા. માતાપિતા વિચારવા લાગ્યાં કે આ કુમારોને સંયમ ગ્રહણ કરતાં કેવી રીતે રોકીશું. દેવોની નગરી જેવી નગરી વસાવી પુરોહિત ત્યાં જ વસ્યો. સાધુના ડરથી ઇષુકાર નગરી છોડી દીધી. વળી, પુત્રોને બોલાવી નામધારી સાધુઓનો વિશ્વાસ ન કરવા અને તેમને જોતાવેંત જ ઘેર આવતા રહેવાની સૂચના આપી. જો તમે સાધુઓથી ભોળવાશો તો કાં તો તમને મારશે અથવા નાકકાન કાપી નાંખશે. આમ કહી બંને પુત્રોને ભોળવી દીધા. કુમારો તો માતાપિતાએ જે રીતે ભોળવ્યા હતા તેમ જ વર્તવા લાગ્યા. એક વખત બંને પુત્રો નગર જોવા નીકળ્યા હતા તે વખતે તેમણે એક અણગાર(સાધુ)ને જોયા. તેમની બીકે બંને કુમારો વૃક્ષ પર ચઢી ગયા. મુનિ પણ વૃક્ષ નીચે આવી ઊભા. સાધુને જોઈ બંને કુમારોના મનમાં પ્રેમ જાગ્યો. જે જીવનું જતન કરે તે બીજાનો ઘાત કેવી રીતે કરી શકે એમ બંનેએ વિચાર્યું. બંને કુમારોને લાગ્યું કે અમને પિતાએ ભોળવ્યા છે. તે અંગે પસ્તાવો કરતાં બંનેને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વભવ જોઈને બંનેએ વૃક્ષ પરથી ઊતરી સાધુને વંદન કર્યા.

જાતિસ્મરણ થતાં જે તપ-સંયમ પાળ્યાં હતાં તે તેમણે જોયાં. સંસારનાં સુખથી તેઓ વાજ આવી ગયા હતા. તેમણે મનને વૈરાગ્યમાં વાળ્યું. ઘેર આવી માતાને સંયમ ગ્રહણ કરવાની રજા આપવા કહ્યું. કુમારોનાં વચન સાંભળી માતાપિતા વ્યથિત થયાં. માતાએ બંનેને તેઓ જીવનપ્રાણ હોવાનું કહ્યું. પિતાની આંખમાંથી તો આંસુ વહેવા લાગ્યાં.

પિતાએ પુત્રોને સમજાવવા માંડ્યું કે વેદમાં કહેવાયું છે કે અપુત્ર હોય તેને સ્વર્ગ મળતું નથી માટે વેદભણી, હોમહવન કરી બ્રાહ્મણત્વ ઉજાળો. વળી લગ્ન કરી ભોગ ભોગવો. તમારે ત્યાં સંતાન થાય પછી સંયમ ગ્રહણ કરજો. ઘરનો ભાર પુત્રને સોંપી દેજો. પ્રત્યુત્તર રૂપે બંને કુમારોએ પિતાને કહ્યું કે મિથ્યા વાણીથી કોઈ તર્યું નથી. વેદ કોઈ તારી શકતા નથી. જે બહુ જીવહિંસા કરે નરકમાં જાય. જે વખતે દુઃખ આવે તેને કોઈ ટાળી શકે નહીં. દેહ અનિત્ય છે. સુખ ક્ષણમાત્રનાં હોય છે. આ બધું ક્ષણભંગુર છે માટે હે માતાપિતા, સંયમ ગ્રહણ કરવાની અનુમતિ આપો.

પુત્રની વાત સાંભળી પિતાએ કહ્યું : 'તેં સાચી વાત કહી. પણ મારી એક વિનંતીનો સ્વીકાર કર કે હમણાં આપણે સાથે રહીએ અને પછી સંયમ ગ્રહણ કરી વિહાર કરીશું.' પુત્રનાં વચન સાંભળી પુરોહિતને વૈરાગ્ય ઊપજ્યો. તેણે પોતાની સ્ત્રીને કહ્યું કે પુત્રોને વૈરાગ્ય ઊપજ્યો છે તેથી દીક્ષા ગ્રહણ કરીને સંસારનો ત્યાગ કરશે. હવે પુત્ર વિના સંસારમાં રહેવાનું આપણને શોભશે નહીં. માટે મોહવિકાર છોડી દઈએ અને સંયમ લઈએ. પુરોહિતની પત્નીએ કહ્યું કે પુત્ર દીક્ષા લે તો ભલે. આપણે તો ઘરવાસ રહીએ, સંસારનાં રૂડાં સુખ ભોગવીએ. ભોગવિલાસ પૂરા કર્યા પછી સંયમ લઈશું. પતિએ બહુ ભોગ ભોગવ્યા હોવાનું કહી સંયમ લેવાનો આગ્રહ રાખ્યો.

પુરોહિતે પુત્રોનો સંગાથ ન છોડવાનું કહ્યું. પત્નીએ વળતું કહ્યું કે સંયમનો માર્ગ મુશ્કેલ છે. પતિએ કહ્યું કે જો બે બાળકો દીક્ષા લેતા હોય તો હું પણ સંયમ લઈશ. પુરોહિત, તેની સ્ત્રી અને બે પુત્રો દીક્ષા લે છે ઇષુકારની રાણી કમલાવતીને પણ જ્ઞાન થયું. તેણે પણ વૈરાગ્ય તરફ મન વાળ્યું. રાજાએ વિચાર્યું કે પુરોહિત દીક્ષા લે તો તેનું ધન રાજકોષમાં લેવું.

રાણી કમળાવતીએ ઇષુકારને કહ્યું કે ધન, પરિવારને તજીને પુરોહિત સંયમ ગ્રહણ કરે છે. તેનું ધન વમન કરેલા આહાર જેવું છે. તમે પૃથ્વીપતિ રાજા છો. તમે એ વમન કરેલો આહાર લેશો ? જગતની બધી સમૃદ્ધિ તમારી પાસે હોવા છતાં તમારો જીવ તૃપ્તિ પામતો નથી. જો પુરોહિતનું ધન પરભવમાં ચાલતું હોય તો તમે તે લો. કમળાવતીનાં વચન સાંભળી ઇષુકારને જ્ઞાન થયું. નગર, રાજ્ય અને રત્નભંડારો તથા સ્ત્રીને છોડીને ઇષુકારે પુરોહિત, તેની પત્ની અને સંતાનો સાથે સંયમ ગ્રહણ કર્યો. કમળાવતીએ પણ દીક્ષા લીધી.

છયે જીવ કર્મ ખપાવી મુક્તિ પામ્યા.

[આધાર : સજ્ઝાયમાળા, 'શ્રી ઇષુકાર કમળાવતીની ષટ ઢાળની સજ્ઝાય, માલ પૃ. ૧૨૦ થી ૧૩૦ પ્રકા. શા. ચંદુલાલ છગનલાલ, સુરત, ૧૯૩૫]

બલિભદ્ર

- કવિ લાવણ્યસમય

શ્રી યશોભદ્રસૂરિના શિષ્ય બલિભદ્ર વિદ્યાના બળથી એક પ્રભાવક પુરુષ હતા.

એક વખત શ્રી યશોભદ્રસૂરિએ પલ્લીપુર(પાલી)માં ચોમાસું કર્યું હતું. યશોભદ્રસૂરિ રોજ સૂર્યના મંદિર પાસેની જગામાં ઠંડિલ જતા. સૂર્યદેવે વિચાર કર્યો કે જો ગુરુ કોઈ પણ રીતે મારા મંદિરમાં આવે તો હું એવી વસ્તુ એમને ભેટમાં આપું કે જેથી વાદવિવાદમાં તેમને કોઈ જીતી શકે નહીં.

એક વખત ગુરુ મંદિર પાસે આવ્યા. એ વખતે જ સૂર્યે ગુરુને મંદિરમાં લાવવા અનરાધાર વરસાદ વરસાવ્યો. એ વખતે બહાર ઊભા રહેવાની જગ્યા ન દેખાતાં યશોભદ્રસૂરિએ સૂર્યના મંદિરમાં પ્રવેશ કર્યો. સૂર્યદેવ ખુશ થયા. ગુરુના પ્રભાવથી પ્રત્યક્ષ થઈ તેમણે કહ્યું : 'આપ વર માગો. હું લક્ષવિદ્યા દેવા તૈયાર છું.' ગુરુએ કહ્યું : 'મારે વિદ્યાની કંઈ પણ જરૂર નથી. હે દિનકર, તમારાં દર્શનથી મને સર્વ પ્રકારે આનંદ છે.'

સૂર્યે કહ્યું : 'મહારાજ, દેવનું દર્શન નિષ્ફળ નથી હોતું માટે હું આપું તે વિદ્યા લ્યો કે જે વિદ્યાના બળથી જિનશાસન ઘણું દીપશે.'

આમ કહી સૂર્યે યશોભદ્રસૂરિને એક અંજનકુંપિકા આપી, જેના અંજનથી સર્વ જીવો જોઈ શકાય. બીજું એક એવું પુસ્તક આપ્યું કે જેમાં ત્રિલોકીની વિદ્યાઓ હતી.

આ પછી યશોભદ્રસૂરિ ઉપાશ્રયે આવ્યા. પુસ્તક વાંચી જોયું. તે પુસ્તકમાં સુવર્ણસિદ્ધિની, રૂપાસિદ્ધિની, નવાં નગરો રચવાની, પરકાયા પ્રવેશ કરવાની, ગગનગામિની વગેરે અનેક પ્રકારની વિદ્યાઓ હતી. એ પુસ્તકમાંથી વિદ્યાઓ ગ્રહણ કરી લઈને યશોભદ્રસૂરિએ પોતાના શિષ્ય બલિભદ્ર સાથે તે પુસ્તક સૂર્યને પાછું મોકલાવ્યું. બલિભદ્રને તેમણે કહ્યું : 'તું આ બાંધેલું પુસ્તક છોડીશ નહિ. દિનકરના હાથમાં પરત કરજે.' પુસ્તક પાછું આપવા જતી વખતે બલિભદ્રે વિચાર કર્યો. 'આ પુસ્તકમાં શું છે, જરા જોઉં તો ખરો.' તેમણે પુસ્તક ખોલ્યું, અને જોયું તો તેમાં એક એકથી ચઢિયાતી વિદ્યાઓ ભરી હતી. બલિભદ્રે એ પુસ્તકમાંથી જે ત્રણ પાનાંઓમાં વિદ્યાઓ ભરી હતી તે ત્રણ પાનાં કાઢી લઈ એક સ્થળે સંતાડ્યાં. બાકીનું આખું પુસ્તક સૂર્યની સમક્ષ મૂકીને બલિભદ્ર પાછા વળ્યા. પાછા વળતાં માર્ગમાં પેલાં ત્રણ પાનાં સંતાડેલાં તે લેવા જતાં તેને તે પાનાં મળ્યાં નહિ. બલિભદ્ર ખૂબ વ્યથિત થયા. તે રડવા લાગ્યા. આથી દિનકરના મનમાં દયા આવી. તેણે કહ્યું : 'તેં ચોરી કેમ કરી ? વગર આપ્યે તેં પાનાં શા માટે લીધાં ?' બલિભદ્ર બોલ્યા : 'ગુરુને તમે આખું પુસ્તક આપ્યું, તો શું હું ત્રણ પાનાં પણ ન લઉં ? હું યશોભદ્ર ગુરુનો શિષ્ય છું. તો પછી હે સ્વામિન ! મને શા માટે આપ અવગણો છો ? મને માગીને લેતાં શરમ આવી. એટલા માટે તે પાનાં અહીં સંતાડ્યાં હતાં. હે દિનકર, ગુરુએ સંગ્રહેલાં પુસ્તકો ચેલાનાં જ ગણાય, એ ન્યાયથી પણ આ પુસ્તકનો અધિકારી હું જ છું. હવે તમે પુસ્તક આપીને પાછું લો છો તે યોગ્ય ન ગણાય. અરે, જ્યારે કોઈ મોટો પુરુષ ઘર આગળ આવે, અને તેને જો કોઈ ભેટ આપે, તો તે લેતો નથી. પરંતુ તેના બાળકના હાથમાં આપવામાં આવે, તો તે વસ્તુ તેને જ પહોંચી ગણાય છે. અર્થાત્ એ ન્યાય પ્રમાણે પણ જો આ પુસ્તક મને આપ આપો, તો પણ ઉચિત જ ગણાય.'

બલિભદ્રનાં વચન સાંભળી દિનકરને હસવું આવ્યું. દિનકરે દયા કરીને તે પાનાં તેમને આપી દીધાં. બલિભદ્ર ઘણા ખુશ થયા. તે ગુરુ પાસે ગયા અને ગુરુને ખુશ રાખવા ખૂબ ભક્તિ કરવા લાગ્યા.

એક વખત બલિભદ્ર ઉત્તર દિશા તરફ ઠંડિલ ગયા. ત્યાં તેમણે લીંડીઓનો એક ઢગલો જોયો. એ ઢગલા ઉપર તેમણે પાણી મંતરીને છાંટ્યું કે તરત જ તે ધનના ઢગલામાં ફેરવાઈ ગયો. તે જોઈને બલિભદ્રને પણ આશ્ચર્ય થયું. એ વખતે શ્રી યશોભદ્રસૂરિ ત્યાં આવ્યા અને બલિભદ્રે વિદ્યાનો દુરુપયોગ કરેલો જોઈ તેમને ઠપકો આપ્યો. તેમણે કહ્યું, 'હે બાલ બલિભદ્ર ! તેં આ શું કર્યું ? શું આટલી વિદ્યા પણ તને પચી ન શકી ? ઠીક, હવે તમે અળગા થઈને રહો.'

આ પછી શ્રી યશોભદ્રસૂરિ સ્વર્ગે ગયા. બલિભદ્ર પોતાની વિદ્યાથી લોકોનાં મન જીતવા લાગ્યા. એથી બીજા સાધુઓ તેમની ઈર્ષ્યા કરવા લાગ્યા. બલિભદ્ર એક પર્વતની અંદર રહીને ભિન્નભિન્ન પ્રકારની તપસ્યાઓ કરવા લાગ્યા.બીજી તરફ યશોભદ્રની પાટે ચૌહાણ વંશમાં ઉત્પન્ન થયેલ શાલિભદ્રસૂરિને સ્થાપતાં બલિભદ્રને ઘણું જ માઠું લાગ્યું. વધુમાં ઉત્સવ ઉપર પણ તેમને તેડાવ્યા નહિ, તેથી વધારે ખોટું લાગ્યું. તે એક પર્વત ગુફામાં ચાલ્યા ગયા. ત્યાં ઘાસ ચરવાને માટે આવતાં બકરાંઓની લીંડીઓથી રવિ, મંગળ કે સોમવારે હોમ કરીને પોતાની વિદ્યાઓની સત્યતાની ચકાસણી પણ કરતા. એક વખત સિદ્ધાચલની યાત્રા કરીને એક મોટો સંઘ જૂનાગઢ(ગિરનાર) આવ્યો. એ વખતે જૂનાગઢમાં રાણો ખેંગાર રાજ્ય કરતો હતો. એને બૌદ્ધોએ પ્રતિબોધી બૌદ્ધ કરી લીધો હતો.

રાણાએ ગિરનાર ઉપરના શ્વેતાંબર જૈનોના તીર્થને પોતાને હસ્તક કરી લીધું હતું. સંઘે અહીં આવીને તીર્થ પાછું મેળવવા ઘણા પ્રયત્નો કર્યા. ચોરાશી સંઘ એકઠા થયા, પરંતુ તીર્થમાં પ્રવેશ કરવાની અનુમતિ રાણાએ ન આપી. એણે તો હુકમ કર્યો 'તમે બૌદ્ધ થાઓ, તો જ યાત્રા કરી શકો. અન્યથા નહીં.'

સંઘ મૂંઝાયો. બૌદ્ધ થવાય કેમ અને યાત્રા કર્યા વિના જવાય પણ કેમ ? આ ઝઘડામાં જ બાર વર્ષ વીતી ગયાં.

છેવટે સંઘના એક માણસના શરીરમાં અંબિકા દેવીએ પ્રત્યક્ષ થઈને કહ્યું : 'બૌદ્ધના એક વ્યંતર દેવે આ તીર્થ સ્વાધીન કર્યું છે. હવે જો યશોભદ્રસૂરિ અથવા તેમના શિષ્ય બલિભદ્ર બેમાંથી એક અહીં આવે તો જ તમને આ તીર્થની યાત્રાની મંજૂરી અપાવી શકે.'

સંઘના માણસે પૂછ્યું : 'તેઓ હાલ ક્યાં છે ?' દેવીએ જ્યાં બલિભદ્ર રહેતા હતા તે ગુફા બતાવી. સંઘે ઊંટ ઉપર ચાર માણસોને ત્યાં મોકલ્યા. એમણે ત્યાં જઈ જોયું તો તે પર્વતમાં વેષ વિનાનો એક અવધૂત પુરુષ હતો. માણસોએ તે અવધૂતને પૂછ્યું : 'આ પર્વતમાં બલિભદ્ર ક્યાં બેઠા છે ?' અવધૂતે કહ્યું : 'આ રસ્તે થઈને પેલી ગુફામાં આવો.' આ અવધૂત જ બલિભદ્ર હતા. પેલા માણસોને બીજે રસ્તે થઈને મોકલ્યા અને પોતે બીજા રસ્તે થઈ ગુફામાં જઈ, ધ્યાનમાં બેસી ગયા. સંઘના માણસોએ બલિભદ્રને એક પત્ર આપ્યો, જેમાં બલિભદ્રને જૂનાગઢ આવવા નિમંત્રણ આપ્યું હતું. બલિભદ્રે સંઘના માણસોને કહ્યું : 'તમે જાઓ. તમારા પહોંચતાં પહેલાં હું ત્યાં હાજર હોઈશ.'

સંઘના માણસો આનંદથી વિદાય થયા. બલિભદ્ર પણ ગગનગામિની વિદ્યાના જોરથી ઝડપથી જૂનાગઢ પહોંચી ગયા. સંઘ બલિભદ્રની રાહ જોઈ રહ્યો હતો. સંઘના માણસોને એકલા આવેલા જોઈ, સંઘ ઝંખવાણો પડી ગયો. તે માણસોને પૂછ્યું : 'ઋષિ ન મળ્યા ?' માણસોએ કહ્યું : 'ઋષિએ અમને કહેલું કે હું તમારી પહેલાં પહોંચીશ.' સંઘે બધે તપાસ કરી. છેવટે એક દેવાલયની અંદર ઋષિને જોયા. સંઘે ઋષિને વિનંતી કરી, ત્યારે ઋષિએ કહ્યું : 'તમે ચિંતા કરશો નહીં. તીર્થને પાછું મેળવી શ્વેતાંબરમતને દીપાવશું. વળી, મારી વિદ્યાના પ્રતાપે ખેંગાર રાજાને પગે પડાવું તો જ મને યશોભદ્રનો સાચો શિષ્ય માનજો.'

ત્યારબાદ બલિભદ્રે મંત્રના બળે અગ્નિનો એક કિલ્લો બનાવ્યો અને તેની પાસે પાણીથી ભરેલી એક મોટી ખાઈ બનાવી. તે પછી મંત્રેલા અડદ અને કરેણની સોટી લઈને સંઘના માણસો સાથે બલિભદ્ર રાજમહેલમાં ગયા. રાજાને આશિષ આપી પોતાનું સ્થાન ગ્રહણ કર્યું. રાજાએ બલિભદ્રને વંદન કર્યા. ત્યારપછી ઋષિએ રાજાને કહ્યું : 'હે રાજન્ ! અમારા તીર્થને લઈ લેવું, એ રાજમાર્ગ નથી. રાજ્ય તો એ જ કે જે ન્યાયથી ચાલે. અન્યાય કરનાર રાજા નરકે જાય છે. જ્યારે વાડ જ ચીભડાં ગળે, ત્યાં રખેવાળ શું કરે ?'

આ સાંભળી રાજા ગુસ્સે થયો. તેણે કહ્યું : 'અરે મુંડ, તું મને ઓળખતો નથી. તું આ શું મારી આગળ બોલે છે ? જો તને તીર્થની ચાહના હોય તો બૌદ્ધમતિ થઈને શા માટે તીર્થને વાંદતો નથી ? અરે દુષ્ટ, હું તને તારું પાપ પ્રત્યક્ષ દેખાડી આપું છું. દર દરમાં ઘો તો ઘણી જોઈ હશે, પરંતુ ફણિધર તેં નહીં દીઠો હોય.'

રાણાનાં વચન સાંભળી ઋષિની આંખો ક્રોધથી લાલઘૂમ થઈ ગઈ. બલિભદ્રે અડદના દાણા મંત્રીને રાજાની રાણી તરફ ફેંક્યા; કરેણની સોટી જમીન પર પછાડવા લાગ્યા. આથી રાણીનું આખું અંગ તૂટવા લાગ્યું. રાણી તરફડવા લાગી. તેનું શરીર પણ બળવા લાગ્યું. ઋષિ ત્યાંથી ઊઠી ચાલતા થયા. રાણીએ પોતાની વેદના રાણાને જણાવી. રાણાને પ્રધાને કહ્યું : 'પેલો મુંડ આવ્યો હતો તેને માન દીધું નહિ તેથી તે ગણગણાટ કરતો ઊઠી ગયો અને જતાં જતાં રાણીને કંઈક વ્યથા આપતો ગયો.'

રાજા બોલ્યો : 'તે મુંડ મારાં બલ-પરાક્રમને જાણતો નથી. હું તેને સંઘ સહિત ખતમ કરી નાંખીશ. આટલા દિવસ તો મેં દયા દાખવી, પણ હવે કાં તો તે રાણીને સાજી કરે અથવા મારે હાથે મરે. જો મેં તેને આવો જાણ્યો હોત તો હું તેને જીવતો કેમ જવા દેત ?'

મંત્રીએ રાણાને સમજાવ્યા અને કહ્યું : 'હે સ્વામિન્, પહેલાં આપણા ગુરુને બોલાવીને આ હકીકત કહેવી જોઈએ. જો તેમનામાં શક્તિ હોય અને ઠીક કરી દે તો ઠીક છે, નહિ તો જૈનસંઘ પર ધસી જઈએ.'

રાણાએ બૌદ્ધોના પરિવારને બોલાવ્યો. તેણે બૌદ્ધગુરુને જણાવ્યું : 'કોઈ શ્વેતાંબર સાધુ અહીં આવ્યો હતો. તેણે રાણીને આ પ્રમાણે કરી દીધી છે.'

બૌદ્ધ સાધુએ કહ્યું : 'તમે કોઈ પ્રકારની ચિંતા કરશો નહીં. બે-ચાર ઘડી રાહ જુઓ. હું હમણાં તેને અહીં લાવું છું.' બૌદ્ધ સાધુએ ઘણા પ્રયત્નો કર્યા, પણ વ્યર્થ. રાણીએ રાજાને કહ્યું : 'આ ગુરુથી કંઈ પણ થશે નહીં.' રાજાએ સેનાપતિને બોલાવી સેનાને તૈયાર કરાવી. સંઘના આબાલવૃદ્ધ તમામ માણસોને પોતાની પાસે લાવવા હુકમ કર્યો.

સેનાપતિ તૈયાર થઈને બલિભદ્ર પાસે જવા નીકળ્યો. સંઘની નજીકમાં જઈ તેણે જોયું તો સંઘની ચારે બાજુ એક મોટો અગ્નિથી ઝળહળતો કિલ્લો જોયો. સેનાના હાથીઓ તેની નજીકમાં જતા જ નહીં. ઘોડાઓ અગ્નિના લબકારા જોઈ કૂકડાંની માફક નાસવા લાગ્યા. સેનાપતિએ રાજા પાસે જઈ સઘળી હકીકત જણાવી. એ સાંભળી રાજા અત્યંત ચકિત થયો. મંત્રીએ રાજાને કહ્યું : 'હે દેવ, તે મુનિ કોઈ સામાન્ય પુરુષ નથી. જો આપની આજ્ઞા હોય, તો હું મુનિ પાસે જઈને સંધિ કરી લઉં.' રાજાએ આજ્ઞા આપી. મંત્રીએ મનમાં સંકલ્પ કર્યો 'જો મારું મન શુદ્ધ હોય, તો આ અગ્નિનો કિલ્લો મને રસ્તો આપે.' અગ્નિએ રસ્તો કરી આપતાં મંત્રી મુનિ પાસે ગયો. મુનિને નમસ્કાર કરી મંત્રીએ કહ્યું : 'આપ રાજા સાથે વિરોધ ન કરો. તે પૃથ્વીપતિ છે, અને તેને ઘરે ઘણા યોદ્ધાઓ છે.'

આ સાંભળી ઋષિને હસવું આવ્યું. તેમણે પોતાની પાસેની સોટી ઉઠાવી અને લાંબી કરી મંત્રીને કહ્યું : 'મારું બળ જુઓ.'

તેમણે મંત્રના બળે તમામ શિખરો તોડી પાડ્યાં. ઋષિએ કહ્યું : 'જેમ આ શિખર ખરી પડ્યાં, તેવી રીતે દુશ્મનનાં મસ્તકો ખરી પડવાનાં. માટે જો કુશળતા ચાહતા હો તો અમારું તીર્થ સોંપી દો.'

મંત્રી બલિભદ્રની શક્તિ જોઈને ચમક્યો... ઋષિની વિદ્યાની પરીક્ષા કરવા ખાતર તેણે કહ્યું : 'અરે ઉંદર પણ ઢાંકણી તો પાડી દે છે, પરંતુ તમારું સામર્થ્ય તો ત્યારે જણાય કે જ્યારે આ બધાં શિખરોને પાછાં ઠેકાણે લાવી મૂકો.'

ઋષિએ પાછી તે સોટી લાંબી કરીને વિદ્યાના બળથી બધાં શિખરો જ્યાં હતાં ત્યાં લાવી મૂક્યાં.

મંત્રી ત્યાંથી ઊઠી રાણા પાસે આવ્યો. રાણાને બલિભદ્રના બળનું વર્ણન કહી સંભળાવ્યું. રાજાએ મંત્રીને કહ્યું : 'મુનિરાજ કોપાયમાન થયા છે તેથી તમને, મને કે રાજ્યને કોઈ લાભ નથી. માટે જેમ બને તેમ ઋષિ પ્રસન્ન થાય તેમ કરો.' મંત્રી બલિભદ્ર પાસે ગયો. તેણે તેમને ઘણા કાલાવાલા કર્યા. રાજા તરફથી માફી પણ માગી અને રાણીને સાજી કરવા માટે બહુ પ્રાર્થના કરી અને કહ્યું : 'મહારાજ ! રાજા આવીને આપના ચરણમાં પડે તો પછી આપને રોષનું કોઈ કારણ રહેતું નથી. કેમ કે જ્યારે વેરી પગમાં આવીને પડે છે ત્યારે કલેશનો અંત જ આવે છે.'

ઋષિએ કહ્યું : 'રાજા અને રાણી કાંબળ પહેરી ધૂંસાવેશે જો અહીં આવીને પગે લાગે તો રાણી સાજી થાય.' રાજા-રાણીએ તે પ્રમાણે કર્યું. રાજાએ પણ ઋષિને ખમાવ્યા. રાણાએ ગિરનાર તીર્થ જૈનોને પાછું સોંપ્યું.

તે પછી સમસ્ત સંઘ અને ઋષિ ગિરનાર પર ચઢ્યા. નેમીશ્વર ભગવાનની યાત્રા કરી. પર્વત પરથી ઊતરીને સ્વામિવાત્સલ્ય વગેરે કર્યાં. ભાટ-ભોજક વગેરેને દાન પાણ આપ્યાં.

એક વખત જ્યારે સંઘપૂજાનો સમય થયો, ત્યારે બલિભદ્ર નીચા આસને બેઠા. રાજાએ પૂછ્યું : 'આપનું આસન નીચું કેમ ?' ઋષિએ જણાવ્યું કે ઊંચે આસને તો સૂરિ હોય તે જ બેસી શકે. રાજાએ કહ્યું : 'શું આપને સૂરિપદ નથી ? લો, હું આપને અપાવું.' ઋષિએ ના પાડતાં કહ્યું : 'એ પ્રમાણે લેવાનો અમારો આચાર નથી. તેથી ગચ્છનો વ્યવહાર લોપાઈ જાય છે. અમારા ગુરુ શાલિસૂરિ મારવાડમાં પાલી નગરમાં બિરાજે છે, તેમના આપ્યા સિવાય પદવી ગણાય નહિ.'

રાજાએ આગ્રહ કર્યો : 'આપ અમારા સંતોષની ખાતર ગાદીનું આસન સ્વીકારો.'

બલિભદ્રે આસન સ્વીકાર્યું. પછી બલિભદ્ર સંઘની સાથે પાલી નગરમાં ગયા. ત્યાં ગાદીના આસને તેઓ બેસવા લાગ્યા ત્યારે પાલીના શ્રાવકો અને સાધુઓએ ગાદી કાઢી નાખી અને તેમનું અપમાન કર્યું. તેથી બલિભદ્ર ત્યાંથી નીકળી નડૂલ (નાડોલ) ગયા. વળી તે વખતથી બલિભદ્રે શ્રાવકને ત્યાંથી આહાર લેવાનું પણ છોડી દીધું. એક વખત તેઓ ફરતા ફરતા એક બ્રાહ્મણને ત્યાં જઈ ચઢ્યા. આ બ્રાહ્મણને ત્યાં એક બાળકને રોતું જોયું. પૂછતાં ખબર પડી કે તે બાળકને રેવતીદોષ થયો છે. બલિભદ્રે મંત્રના બળે તે બાળકનો દોષ દૂર કર્યો. ત્યાંથી તેઓ કુંડીપુર (હસ્તિકુંડી)માં ગયા.

આ વખતે આહડના રાજા અલ્લટની રાણીને રેવતીદોષ થયો હતો. રાજાએ તેને માટે ઘણા ઉપચારો કર્યા હતા પણ રાણીને તેનાથી જરાય આરામ થયો નહોતો. છેવટે રાજાએ ઉદ્‌ઘોષણા કરાવી : 'જે કોઈ માણસ રાણીનો દોષ દૂર કરશે, તેને અર્ધું રાજ્ય આપવામાં આવશે.'

એ વખતે નાડોલથી કોઈક કામસર આવેલા એક બ્રાહ્મણે રાજાને કહ્યું : 'રાણીના દોષને દૂર કરે એવા એક ઋષિ હસ્તિકુંડીમાં છે.' રાજાએ ઝટ ચાર માણસોને મોકલ્યા. એ માણસોએ જઈને ઋષિને કહ્યું : 'આહડનગરના રાજાએ આપને બોલાવ્યા છે. આપ ત્યાં પધારીને રાણીના રોગને દૂર કરો. રાજા આપને અર્ધું રાજ્ય આપશે.'

ઋષિએ કહ્યું : 'તમે જાવ. હું અહીં બેઠા બેઠા તેને રોગમુક્ત કરી દઈશ.'

માણસોએ કહ્યું : 'આપના પધાર્યા સિવાય રાણીનો દોષ કઈ રીતે દૂર થશે ? રાજાએ ઘણી વનસ્પતિ, મંત્ર તંત્ર વગેરે ઉપચારો કર્યા પરંતુ આરામ થયો નથી. માટે આપે જરૂર પધારવું જોઈએ.'

ત્યારે ઋષિએ કહ્યું : 'તમે જાઓ, તમારા આહડનગરમાં ઘંટાની પાસે, ટીંબા આગળ જે ડાબો માર્ગ વળે છે, ત્યાં તમે વહેતા લોહીને જોશો. બસ, બેઠા બેઠા જ રાણીને આરામ કરી દઈશ.'

પેલા માણસોએ આહડનગરમાં જઈને જોયું તો ગામમાં વાજિંત્રો વાગી રહ્યાં હતાં. ઘેર ઘેર ઉત્સવ થઈ રહ્યો હતો. માણસોએ એક જણને પૂછ્યું : 'આ બધી શાની ધામધૂમ છે ?' તેણે કહ્યું, 'રાણી સાજી થઈ ગઈ છે, તેની ખુશાલીનો આ ઉત્સવ છે.'

પેલા ઋષિ પાસે જઈ આવેલા માણસોએ આવીને રાજાને નમસ્કાર કર્યા અને ઋષિ સાથે જે વાતચીત થઈ હતી તે કહી. રાજાએ એ વાત સાચી હોવાનું જણાવ્યું. રાજા બહુ ખુશ થયો. ઋષિને હસ્તિકુંડીથી પોતાને ત્યાં તેડાવીને મોટો ઉત્સવ કર્યો. વળી, રાજાએ અર્ધું રાજ્ય દેવા માટે પણ બહુ આગ્રહ કર્યો.

બલિભદ્રે કહ્યું : 'મારે આ રાજ્યનું કંઈ કામ નથી. પરંતુ હું કહું તે કામ કરો. શાલિસૂરિ નામના જે મારા બંધુ છે, તેમની પાસેથી મને ભાગ અપાવો.'

રાજાએ શાલિસૂરિને તેડાવ્યા. મોટા ઉત્સવપૂર્વક પધરાવ્યા. પછી રાજાએ બલિભદ્રને ભાગ આપવા જણાવ્યું.

શાલિસૂરિએ કહ્યું : 'રાજન, અમારે ત્યાં લોકવ્યવહારનો ન્યાય નથી હોતો. (બે ભાઈઓ અર્ધોઅર્ધ ભાગ વહેંચી લે તેવો), પરંતુ રાજનીતિ હોય છે.' (રાજાનો મોટો છોકરો હોય તે જ ગાદીએ બેસી શકે.')

જ્યારે શાલિસૂરિ સમક્ષ રાજાનો કોઈ ઉપાય ન ચાલ્યો ત્યારે રાજાએ જબરદસ્તીથી બલિભદ્રને સૂરિપદે સ્થાપી કેટલાક શ્રાવકો કરી આપ્યા. એ પ્રમાણે બલિભદ્રનું કાર્ય સિદ્ધ કરીને તેમનું વાસુદેવસૂરિ એવું નામ ધારણ કરાવ્યું અને ગચ્છનું નામ હસ્તિકુંડી ગચ્છ આપવામાં આવ્યું. તે પછી વાસુદેવસૂરિએ મહાવીરદેવના પ્રાસાદમાં રેવતીદોષના અધિષ્ઠાયક દેવતાને સ્થાપન કર્યા.

આ હસ્તિકુંડી ગચ્છની અંદર અનુક્રમે ચાર નામ- ૧. વાસુદેવસૂરિ ૨. પૂર્ણભદ્રસૂરિ ૩. દેવસૂરિ અને ૪. બલિભદ્રસૂરિ-ની સ્થાપના થઈ.

(**સંદર્ભ : કવિ લાવણ્યસમય રચિત 'બલિભદ્ર રાસ' ઐતિહાસિક રાસસંગ્રહ ભાગ-૨ સંશોધક**, - વિજયધર્મસૂરિ નં. ૧૨૯૩ લા.દ. ગ્રંથાલય)

સમરાદિત્ય કેવલી

- પદ્મવિજય

(૧)

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના રાજા પૂર્ણચંદ્ર તથા રાણી કુમુદવતીનો એકનો એક પુત્ર ગુણસેન સરળ સ્વભાવનો, વિનયી અને સાહસિક હતો, તે સંત પ્રકૃતિનો હતો. 'જેવા સાથે તેવા'ના સિદ્ધાન્તને તે માનતો નહોતો. તે માનતો કે જેવા સાથે તેવા થવાથી આપણે આપણાં કર્મોનો ક્ષય નથી કરી શકતા, પરંતુ અનેક જન્મો સુધી કર્મોને બાંધીએ છીએ. મેલથી મેલ દૂર થતો નથી, અગ્નિથી અગ્નિ શાંત થતો નથી. તેને શાંત કરવા શીતલ જલ જ છાંટવું પડે છે. ગુણસેનના મનમાં પેલી કહેવત દૃઢ થઈ ગઈ હતી કે 'ઠંડું લોહું ગરમ લોઢાને કાપે છે.'

સર્વગુણસંપન્ન ગુણસેનમાં એક અવગુણ એ હતો કે તે બીજાને ચિઢાવીને આનંદ માણતો હતો. વિકલાંગ કે કદરૂપી વ્યક્તિઓને પરેશાન કરવામાં તેને રસ પડતો હતો અને કોઈ કોઈ વખત તો તે તેની મર્યાદા પણ ઓળંગી જતો. સંજોગવશાત્ તેને એવા વિનોદી મિત્રો પણ મળી ગયા હતા.

ગુણસેનની રાજધાનીમાં અગ્નિશર્મા નામે એક બ્રાહ્મણ કુમાર રહેતો હતો. અગ્નિશર્માના પિતા યજ્ઞદત્ત શર્મા નગરના એક સામાન્ય પુરોહિત હતા. અગ્નિશર્મા બહુ જ કદરૂપો અને વિકલાંગ હતો. તેનો રંગ કાળો કોલસા જેવો હતો. તેના દાંત એવી રીતે બહાર નીકળેલા હતા કે જાણે કોઈને આખોને આખો ખાઈ જવા તૈયાર ન થયા હોય ! તેનું મોં ત્રિકોણ આકારનું, આંખો પીળી, નાક લંકાદ્વીપના ચિત્ર જેવું અને માથું તરબૂચ જેવું હતું. તેનું રૂપ જોઈ ગમે તેવી વ્યક્તિને હસવું આવતું.

અગ્નિશર્મા કર્મકાંડી અગ્નિહોત્રી બ્રાહ્મણ યજ્ઞદત્ત શર્માનો પુત્ર હતો પરંતુ તેણે કદીય બ્રાહ્મણત્વની ગરિમા અનુભવી નહોતી. તે જ્યાંથી નીકળતો, નટખટ છોકરાઓ તેને જોઈ તાળીઓ પાડતા, કાંકરા ફેંકતા, ધૂળ ઉડાડતા અને તેને હસવાનું રમકડું બનાવી દેતા. અગ્નિશર્મા તેનાથી ટેવાઈ ગયો હતો.

જ્યારે ગુણસેને અગ્નિશર્માને જોયો ત્યારે તેની કુતૂહલવૃત્તિ સળવળી ઊઠી. તેને જોઈને જ યુવરાજ ખડખડાટ હસી પડ્યો. ગુણસેનના ઇશારા પર તેના સાથીઓએ તેને પકડી લીધો. તેને દોડાવ્યો અને નાચ કરાવીને ખૂબ તંગ કર્યો. જ્યારે ગુણસેનનું મન ભરાઈ ગયું ત્યારે હસતાં હસતાં તેને છોડી દીધો. હવે ગુણસેન રોજ તેની પ્રતીક્ષા કરવા લાગ્યો. ગુણસેનની પ્રતીક્ષા નિષ્ફળ નહોતી જતી.

ઘણા દિવસ પસાર થઈ ગયા પછી ગુણસેનની મજાક જૂની થઈ ગઈ. હવે તે નવી રીતે અગ્નિશર્માના રૂપનો આનંદ લેવા માગતો હતો. યુવરાજે યોજના બનાવી અને તેના સાથીઓએ તેને સમર્થન આપ્યું. એકે કહ્યું : 'અગ્નિશર્માને ગધેડા પર બેસાડી ફેરવીએ. નગરના લોકો તેને જોઈ હસતાં હસતાં લોથપોથ થઈ જશે.'

બીજાએ સાથ આપતાં કહ્યું : 'ગળામાં ફૂલોની માળા પણ જોઈએ.' તેણે એ સ્પષ્ટ કર્યું કે ફૂલો એટલે જોડા. કોઈએ મેશથી મૂછો બનાવવાનું કહ્યું, તો કોઈએ જુદી જુદી રીતે શણગારવાનું કહ્યું. પ્રસ્તાવ મંજૂર થઈ ગયો.

માથા પર તૂટેલા સૂપડાનો મુગટ અને ગળામાં ફાટેલાં જોડાંની માળા. અગ્નિશર્માનું સરઘસ ગલીઓમાં ફરવા લાગ્યું.

ગુણસેન ભૂલી ગયો હતો કે અગ્નિશર્મા પણ મારી જેમ જ એક માણસ છે જે માન-અપમાનનો અનુભવ કરે છે. મજાકને કારણે અગ્નિશર્મા વ્યથિત હતો. પરંતુ યુવરાજની સામે તેનું કંઈ ચાલે એવું નહોતું. તેના પિતા યજ્ઞદત્ત પણ અકળાઈને ચૂપ બેસી રહ્યા. છેવટે અગ્નિશર્માએ ગુણસેનનું નગર છોડી દેવાનો નિર્ણય કર્યો અને રાતોરાત ક્યાંક ચાલ્યો ગયો. બીજા દિવસે અગ્નિશર્મા ન આવ્યો તેથી ગુણસેને એની તપાસ કરાવી. પરંતુ તે નગરમાં નહોતો. અગ્નિશર્માના જતા રહેવાથી ગુણસેન ઉદાસ થઈ ગયો.

(૨)

વસંતપુરનો રાજા ધર્મનિષ્ઠ અને પ્રજાવત્સલ હતો. તેને કોઈ પુત્ર નહોતો. એક પુત્રી હતી તે જ તેના જીવનનો આધાર હતી. રાજા વિચારતો હતો કે તેને કોઈ એવો રાજકુમાર મળે જે

તેની પુત્રીને પરણી રાજ્યનો ઉત્તરાધિકારી બને અને ઘરજમાઈ રહી વસંતપુરનું રાજ્ય સંભાળે. ગુણસેન તેનો જમાઈ બન્યો અને વસંતપુરના રાજસિંહાસન પર બેસી પ્રજાપાલન કરવા લાગ્યો.

ગુણસેનના સસરાએ વસંતપુરની પાસે 'સંગપરિતોષ' નામના એક તપોવનનું નિર્માણ કરાવ્યું. તપોવન વૃક્ષોથી શોભતું હતું. ચારેય તરફ તપસ્વીઓ, ત્યાગીઓ, મહાત્માઓની કુટિરો બનાવી હતી. ત્યાંના વાતાવરણથી દુઃખી લોકોને શાંતિ મળતી હતી. આચાર્ય આર્જવ કૌડિન્ય એ તપોવનના મુખ્ય આચાર્ય અને ગુરુ હતા. સેંકડો તાપસો આચાર્ય કૌડિન્યના માર્ગદર્શન હેઠળ સાધના કરતા હતા.

યુવરાજ ગુણસેન તરફથી તિરસ્કાર પામેલ અગ્નિશર્મા વસંતપુરના આ તપોવનનો અતિથિ બનેલો. ત્યાં તેને કોઈ ચીઢવનાર નહોતું. એને ત્યાં શાંતિ મળેલી. અગ્નિશર્માએ પણ તપસ્યા અને સાધના આરંભી. તપોવનના આચાર્ય કૌડિન્યે અગ્નિશર્માને મમતા આપી. તેને રહેવા માટે અલગ ઝૂંપડી બનાવરાવી અને તે તપોવનનો જ એક સભ્ય બની ગયો.

અગ્નિશર્મા આચાર્ય કૌડિન્યની તનમનથી સેવા કરતો. સાધનાની સીડીનું પહેલું પગથિયું ગુરુસેવા છે. ગુરુનાં વચનોનો એકએક શબ્દ તે પોતાના અંતરમાં ઉતારવા લાગ્યો. તે સમજી ગયો કે મનુષ્ય પોતાનાં કર્મોનું ફળ ભોગવે છે. અગ્નિશર્મા ઉપર આચાર્ય ખુશ હતા. તેમને આશા હતી કે તે પોતાની સાધનાથી એક દિવસ બધાને અચંબામાં નાખી દેશે.

અગ્નિશર્માએ પોતાની તપસ્યા દ્વારા એક કલ્પવૃક્ષ ઉગાડવાની સાધનાનો આરંભ કરી દીધો હતો. તાપ-ટાઢ, ભૂખ-તરસ તેને ડગાવી શક્યાં નહીં. આખા મહિનાનો ઉપવાસ રાખવાનો અને પારણા માટે એક જ ઘેરથી ભિક્ષા લેવાની. અને તે જો ન મળે તો ફરી એક મહિનાનું વ્રત રાખવાનો તેનો અડગ નિશ્ચય હતો.

અગ્નિશર્માના તપથી તપોવનમાં પ્રકાશ ફેલાઈ ગયો હતો. દેશભરમાં એની ચર્ચા હતી. એક જ ઘેરથી ભિક્ષા લેવાની અને ન મળે તો ફરીથી એક મહિના સુધી ભૂખ્યા રહેવાની એમની પ્રતિજ્ઞાથી બધા આશ્રમવાસીઓ ચિંતિત હતા. તેમની સામે દંભીમાં દંભી વ્યક્તિનું મસ્તક નમી પડતું. અગ્નિશર્માના કપાળમાં તપની દિવ્ય આભા પ્રગટી હતી. તેના ગુરુ કૌડિન્ય પણ આવો ઉત્તમ શિષ્ય પામીને ગૌરવ અનુભવતા હતા. અગ્નિશર્માને કારણે એમના આશ્રમની ખ્યાતિ દૂર દૂર ફેલાઈ હતી.

પોતાના સાથીઓથી વિખૂટા પડેલો વસંતપુરના રાજાનો જમાઈ અને હવે તેનો શાસક રાજકુમાર ગુણસેન પોતાનો ઘોડો લઈ આચાર્ય કૌડિન્યના તપોવનમાં રોકાયો. ત્યાંની શાંતિ તેને ગમી ગઈ. આચાર્ય તેને મળવા આવ્યા. ગુણસેને આચાર્યને શાંતિનું કારણ પૂછ્યું. આચાર્યે આશ્રમમાં માત્ર તપસ્વીઓ રહેતા હોવાનું કહ્યું. પછી આશ્રમ બતાવવા ગયા. તે અગ્નિશર્મા પાસે પહોંચ્યા. આચાર્યે અગ્નિશર્માનો પરિચય આપતાં ગુણસેનને કહ્યું, 'આ અમારા આશ્રમના તેજસ્વી તપસ્વી છે. તેને સૌ અગ્નિશર્મા કહે છે.'

ગુણસેન અગ્નિશર્માને જોતો જ રહી ગયો. તેને પોતે કરેલા પૂર્વવ્યવહારોનું સ્મરણ થવાથી શરમ આવી. કુલપતિએ કહ્યું : 'આજે કોઈ તપસ્વી મને દેખાતો નથી જે આ તપસ્વીની બરોબરી કરે. આ આશ્રમમાં આવ્યાને તેમને ઝાઝા દિવસો નથી થયા. એટલા દિવસોમાં જ તેમનું તેજ પ્રકટી ચૂક્યું છે.

આચાર્ય કૌડિન્ય ગુણસેનને અગ્નિશર્માનો પરિચય આપી રહ્યા હતા ત્યારે તે ધ્યાનસ્થ હતા. ધ્યાન પૂરું કરી એમણે આંખો ખોલી તો તેમની નજર ગુણસેન ઉપર પડી. ગુણસેનને તેમણે ઓળખી લીધો. ગુણસેનના અત્યાચારોનું સ્મરણ થતાં જ તેમના મનમાં વીંછીના ડંખની વેદના થઈ પરંતુ તરત જ તે વેદના તેમણે મનમાં સમાવી લીધી. મધુર વાણીમાં તેણે ગુણસેનને કહ્યું : 'યુવરાજ, તમારા ઉપકારને હું કદી ભૂલીશ નહીં. તમારી કૃપાથી જ હું તપસ્યાના રાજમાર્ગ પર ચાલવા સમર્થ થયો છું. મારી આ સાધનાનું નિમિત્ત તમે જ છો.'

ગુણસેન વિચારવા લાગ્યો કે 'કેટલી મહાન વિભૂતિ છે !' મારા અત્યાચારોને પણ ઉપકાર માની રહ્યો છે. મહાન આત્માઓ સારાં કાર્યોનું શ્રેય હંમેશા બીજાને આપે છે.' ગુણસેનનું મસ્તક ફરીથી અગ્નિશર્માને નમી રહ્યું. ગુણસેનને પશ્ચાત્તાપ થવા લાગ્યો.

ગુણસેને આચાર્યને વિનંતી કરી કે આપ મને એટલું સૌભાગ્ય આપો કે તપસ્વીઓનાં ચરણો મારી ઝૂંપડીમાં પડે. આચાર્યે કહ્યું : 'ભિક્ષાર્થી માટે મહેલ અને ઝૂંપડી વચ્ચે કોઈ ફરક નથી. અમે બીજે ક્યાંય ન જતાં તમારા મહેલમાં પણ ભિક્ષાર્થે આવીએ. પણ અગ્નિશર્માને પોતાના નિયમો છે. તેને માટે હું કંઈ ન કહી શકું.'

ગુણસેને અગ્નિશર્મા સામે જોયું. અગ્નિશર્માએ કહ્યું : 'મહારાજ ગુણસેન ! માસિક વ્રતના પારણા માટે હું એક જ ઘેર ભિક્ષા માટે જાઉં છું. ક્યા ઘેરથી ભિક્ષા લેવી તેનો કોઈ નિર્ણય અગાઉથી નથી કરતો. ભિક્ષા મળે તો ઠીક, ન મળે તો પણ ઠીક. ન મળે તો પણ હું એક મહિના પછી આહાર માટે ભિક્ષા માટેનો આ નિયમ પુનરાવર્તિત કરું છું. રાજા-રંકનો મારે માટે કોઈ ભેદ નથી.'

મહિનો પૂરો થવાને હજી પાંચ દિવસ બાકી હતા. ગુણસેને આગ્રહપૂર્વક અગ્નિશર્માને પોતાને ઘેર પધારી ભિક્ષા લેવા વિનંતી કરી. અગ્નિશર્માએ કહ્યું : 'રાજન્, પળનો ભરોસો નથી તો પછી પાંચ દિવસ પહેલાં કેવી રીતે વચન આપું ? તમારી ઇચ્છાનો

ચોક્કસ ખ્યાલ રાખીશ.'

અગ્નિશર્માના કથનથી ગુણસેન તો પ્રભાવિત થયા જ, આચાર્ય કૌડિન્ય પણ અભિભૂત થઈ ગયા. રાજકુમારની વિનંતી તેમણે જે રીતે સ્વીકારી હતી તેનાથી કુમારને લાગ્યું કે શર્મા માત્ર તપસ્વી જ નહીં, સાધકની મર્યાદાઓના પણ જાણકાર છે.

ગુણસેન મહેલમાં પાછા ફર્યા. અગ્નિશર્માની મજાક ઉડાવી તેમને તંગ કરનાર ગુણસેન અને આજે તેમને શ્રદ્ધાપૂર્વક નિમંત્રણ આપનાર ગુણસેનમાં તફાવત હતો.

અગ્નિશર્માનું માસિક વ્રત પૂરું થયું. વ્રતના પારણા માટે વસંતપુરના રાજમહેલ તરફ ચાલ્યા. રાજમહેલના દ્વાર પર જઈ અગ્નિશર્માએ દ્વારપાળને સંદેશ આપ્યો કે ગુણસેનને કહો કે એક તાપસ ભિક્ષાર્થે આવેલ છે.

દ્વારપાલને ક્યાં ખબર હતી કે આ તાપસ ગુણસેનનો આમંત્રિત છે. રોજની ટેવ મુજબ તેણે અગ્નિશર્માને રાહ જોવાનું કહ્યું. અગ્નિશર્મા ધીરજપૂર્વક રાહ જોતા રહ્યા પણ કોઈ સેવક ત્યાં આવ્યો નહીં. અગ્નિશર્માના મનમાં રોકાવા કે જવા અંગે અવઢવ મચી. તેના મનમાંથી અવાજ ઊઠ્યો કે ગુણસેને તેમને નિમંત્રણ આપ્યું છે. પરંતુ મોડું થાય છે તેમાં તેનો દોષ નથી. તેમને ખબર જ નથી મળ્યા. જો જાણ થશે તો દોડતો આવશે.

યુવરાજ ગુણસેન માથાના દુઃખાવાથી પરેશાન હતા. વૈદોની હારમાળા તેની સેવામાં હતી. સેવકો દોડાદોડ કરતા હતા. એવામાં એક નોકરાણી ત્યાંથી નીકળી એટલે દ્વારપાળે તેને રોકીને કહ્યું કે એક તપસ્વી મહારાજ ગુણસેનને મળવા માગે છે. આ સંદેશો તેમને પહોંચાડી દો. દાસીને લાગ્યું કે આવા યાચકો તો રોજ અહીં આવે છે. તેણે બહુ ધ્યાન ન આપ્યું. પોતાનાં કામ પતાવી નોકરાણીને દ્વારપાળનો સંદેશો યાદ આવ્યો. તે ગુણસેનના ઓરડા તરફ જતી હતી ત્યાં જ તેને રાજવૈદનો આદેશ સંભળાયો કે યુવરાજને માંડ ઊંઘ આવી છે. ગમે તેવું કામ હોય તો પણ તેમને જગાડવા નહીં.

દાસીએ પાછા આવી તપસ્વીને એ વાત કહી. અગ્નિશર્માને લાગ્યું કે ઠેકડી ઉડાડવાની આ એક નવી યોજના હતી. ગુણસેન પ્રજામાં લોકપ્રિય છે, ધર્મનિષ્ઠ છે પણ ભરી સભામાં વિવિધ પ્રકારે મને પરેશાન કરી આનંદ લેવાની તેની પ્રકૃતિ એવી ને એવી જ છે. આમ વિચારી અગ્નિશર્મા આશ્રમમાં પાછા ફર્યા.

આશ્રમવાસીઓના મનમાં ભારે હલચલ મચી ગઈ હતી. અગ્નિશર્માને હવે બીજો એક મહિનો ભૂખ્યા રહેવું પડશે. અગ્નિશર્માની મુખાકૃતિ પર ક્ષોભની રેખાઓ દેખાતી હતી. અન્ય તાપસોના મનમાં ભય હતો કે અગ્નિશર્માને જો ક્રોધ ચડશે તો સંસાર ઊંચોનીચો થઈ જશે. અગ્નિશર્મા ગુણસેન ઉપરના ગુસ્સાને બરાબર દબાવી રહ્યા હતા. એટલામાં દૂરથી આવતો ગુણસેન દેખાયો.

ગુણસેને અગ્નિશર્માના ચરણોમાં પોતાનું મસ્તક મૂક્યું અને દુઃખથી કહ્યું : 'અજાણતાં જ મારાથી અપરાધ થયો છે. માથાના દુઃખાવાથી હું બેચેન હતો. ભારે ઉપચારો પછી મને ઊંઘ આવી હતી. જાગીને દ્વારપાળને પૂછ્યું તો તેણે એક તપસ્વી આવ્યાનું કહ્યું. હું તરત જ અહીં દોડી આવ્યો છું. મારો અપરાધ માફ કરો.'

એ સાંભળી અગ્નિશર્માને થયું કે ગુણસેને જાણી જોઈને મારું અપમાન નથી કર્યું. આશ્રમના બીજા તપસ્વીઓએ માન્યું કે ગુણસેન નિર્દોષ છે. અગ્નિશર્માએ ગુણસેનને માફ કરતાં કહ્યું : 'રાજન, તમારા મારી ઉપર અનંત ઉપકાર છે. તપસ્યાના રાજમાર્ગ પર હું તમારે કારણે જ ચડ્યો છું.'

આ સાંભળી ગુણસેનનું મન હળવું થઈ ગયું. તેણે હવે પોતે અગ્નિશર્માની રાજદ્વારે જ પ્રતીક્ષા કરશે એમ કહ્યું. હવે ચોક્કસ મારા મહેલે આવશો એમ પણ તેણે કહ્યું. કૌડિન્યે ગુણસેનની વિનંતી સ્વીકારવા કહ્યું. શર્માએ તે સ્વીકારી. ગુણસેન સદ્‌ગદ્‌ થઈ ગયો.

આચાર્ય કૌડિન્યે ગુણસેનને કહ્યું : 'રાજન્, તપસ્વીઓને નથી કોઈ પોતાનું હોતું કે નથી કોઈ પારકું હોતું. તમે તમારા મનમાંથી ખેદ દૂર કરી દો કે તમે કોઈ તપસ્વીને દુઃખ પહોંચાડ્યું છે.'

આચાર્યના આશ્વાસનથી ગુણસેન આનંદથી પોતાના મહેલમાં પાછો ફર્યો.

રાજમહેલેથી ભિક્ષા વગર પાછા ફરેલા અગ્નિશર્માએ બીજા મહિનાના ઉપવાસ શરૂ કર્યા ત્યારે તેના મનમાં ક્રોધ અને નિરાશા હતાં પણ ગુણસેનની ક્ષમાયાચનાથી સંતોષ અને શાંતિ મળેલાં. બીજો મહિનો પૂરો થતાં ગુણસેન પ્રતીક્ષા કરવા લાગ્યો કે આજે તપસ્વી ભિક્ષાર્થે આવશે. દ્વારપાળને પણ સૂચના આપી રાખી હતી કે કોઈ તપસ્વી આવે તો તરત જ ખબર આપવી.

પરંતુ થનાર કદી મિથ્યા થતું નથી. બહુ ગભરાયેલ મહામાત્યે આવી ગુણસેનને ખબર આપ્યા કે સીમા ઉપર પડોશી રાજ્યોએ આક્રમણ કર્યું છે. એ સાંભળી ગુણસેને સેનાપતિઓને સેના તૈયાર કરવા કહ્યું. પોતે જ યુદ્ધમેદાનમાં જશે એમ પણ કહ્યું. રાજાને અગ્નિશર્માની યાદ આવતાં જ પોતાને જરૂરી કામ હોવાનું કહી એ કામ પૂરું થતાં જ પ્રસ્થાનની તૈયારી કરશે એમ કહ્યું. સેનાને તૈયાર થવાની આજ્ઞા આપી. સેનાપતિએ ગુણસેન પાસે આવી કહ્યું : 'રાજન્ ! નગરની પ્રજા ભયભીત છે. સીમારક્ષકોને દુશ્મનોએ કપટથી મારી નાખ્યા છે. થોડી વાર થશે તો આક્રમકો નગરમાં પણ આવી જાય.'

નજીકમાં બેઠેલ રાજજ્યોતિષીએ મુહૂર્ત જોઈ તરત જ પ્રસ્થાન કરવા કહ્યું. જો તરત જ પ્રસ્થાન કરવામાં આવે તો વિજય ગુણસેનને જ મળે એમ પણ કહ્યું.

ગુણસેન બધાની વાત સાંભળતો હતો. પણ અગ્નિશર્માની વાતે એને કિંકર્તવ્યમૂઢ બનાવી દીધો હતો. એટલામાં અંતઃપુરની પ્રતિહારિણીએ આવીને ગુણસેનના કાનમાં કંઈક કહ્યું. જવાબમાં ગુણસેને 'હમણાં આવું છું' એમ કહ્યું.

રાજજ્યોતિષીએ ચેતવણી આપી કે અંતઃપુરમાં જઈને આવો પણ રણભેરી વગાડવાનો હુકમ આપતા જાવ કેમકે મુહૂર્તની ક્ષણો વીતી રહી છે.

જલ્દીથી પાછા ફરવાનો સંકલ્પ કરીને ગુણસેન અંતઃપુરમાં ગયો. ત્યાં તેની રાણીને પ્રસવની પીડા ઊપડી હતી. આઠમો મહિનો વીતી ચૂક્યો હતો. તેની તબિયત અચાનક બગડી ગઈ હતી. ગુણસેનને વાર થઈ ગઈ. અગ્નિશર્માનું સ્મરણ કરી ગુણસેન દોડતો આવ્યો. અંગરક્ષકને તેણે કહ્યું, 'જાવ, જોઈ આવો કે દ્વાર પર કોઈ તપસ્વી ઊભેલ હોય તો તરત જ અંદર લઈ આવો.' પછી તેણે તાપસની આકૃતિનું વર્ણન કર્યું. અંગરક્ષકે દ્વારપાલને જઈને પૂછ્યું તો તેણે આવી જ આકૃતિના એક તપસ્વી પાછા ફરી ગયાની વાત કરી.

એ સાંભળી ગુણસેનને મૂર્છા આવી ગઈ. ભાન આવતાં તે ઘોડો પલાણી તપોવનની તરફ ગયો. અગ્નિશર્મા તેને માર્ગમાં જ મળી ગયો. ઘોડા પરથી નીચે ઊતરી હાથ જોડીને અગ્નિશર્માની ક્ષમા માગતા કહ્યું : 'બહુ સાવધાન રહેવા છતાં મારાથી ભૂલ થઈ ગઈ. યુદ્ધપ્રસ્થાન, રાણીની અસ્વસ્થ તબિયત વગેરેને કારણે હું ચિંતામાં પડી ગયો હતો. અપરાધ માફ કરી મહેલમાં ચાલો.' અપૂર્વ દૃશ્ય હતું.

અગ્નિશર્માએ એટલું જ કહ્યું : 'રાજન્, સંકલ્પ અને વ્રતનો ભંગ હું નથી કરી શકતો. હવે પાછા ફરવું મારા માટે અસંભવ છે.' તેનો સંકલ્પ તો હિમાલય જેવો અડગ હતો. આંખમાં આંસુ સાથે ગુણસેને આ પોતાનું દુર્ભાગ્ય હોવાનું કહ્યું. અગ્નિશર્માએ સરળ ભાવથી ગુણસેનની વિનંતી સ્વીકારી ત્રીજા મહિને આવવાનું વચન આપ્યું. તે કૃશકાય થઈ ગયા હતા. આશ્રમવાસીઓને અગ્નિશર્માના જીવન અંગે ચિંતા પેઠી હતી. પરંતુ અગ્નિશર્માએ નિશ્ચય કર્યો હતો કે ગમે તે થાય પણ આ વખતે તો જરૂર રાજમહેલ જઈશ. ત્રીજો મહિનો પૂરો થયો. ચોથો મહિનો શરૂ થયો. આ વખતે પણ અગ્નિશર્મા ખાલી હાથે પાછા આવ્યા. આ વખતે ગુણસેન પુત્ર-જન્મોત્સવને કારણે ભૂલી ગયો. અગ્નિશર્માએ થોડીવાર રાહ જોઈ પણ કોઈ ન આવતાં પાછા ફર્યા. અગ્નિશર્માનું શરીર ક્રોધથી બળવા લાગ્યું કે વેરની ભાવનાએ એને ગાંડો બનાવી દીધો. તેને લાગ્યું 'ગુણસેને એને ભૂખે મારવાની યોજના જ કરી છે. હવે હું એનો નાશ કરીને જ છોડીશ.' તેમનાં નેત્રોમાંથી અગ્નિજ્વાળા વરસતી હતી.

ગુણસેનના મનમાં પણ હલચલ મચી ગઈ હતી. 'મારાથી આ શું થઈ ગયું ! ચોથે મહિને પણ તપસ્વીને ભોજન વગર રહેવું પડ્યું. હવે કયા મોઢે ક્ષમા માગવી' વગેરે વિચારો તેના મનમાં આવવા લાગ્યા.

ગુણસેન રાજપુરોહિત સોમદેવને સાથે લઈ તપોવનમાં પહોંચ્યો. ગુણસેનના પ્રતિનિધિ તરીકે સોમદેવે અગ્નિશર્મા પાસે જઈ કહ્યું : 'ભગવન્ તમારું શરીર તો સાવ કૃશ થઈ ગયું છે.' અગ્નિશર્માએ કહ્યું : 'તપસ્યાથી શરીર ક્ષીણ થઈ જ જાય છે.' સોમદેવે ફરી કહ્યું : 'અમારા રાજા ગુણસેન તાપસોનો બહુ જ આદર કરે છે.' ગુણસેનનું નામ સાંભળતાં જ અગ્નિશર્મા પથારીમાં બેઠા થઈ ગયા. તેમને વીંછીનો ડંખ વાગ્યો હોય એવું થયું. તે બોલ્યા : 'ગુણસેન ? એ ગુણસેન કે જે તપસ્વીઓનો ઘાતક છે ? તે દુષ્ટ પાપીનું હવે ક્યારેય નામ ન લેશો.'

સોમદેવની આગળ વાત કરવાની હિંમત તૂટી ગઈ. સોમદેવ વંદન કરીને ત્યાંથી ઊઠી ગયો. સોમદેવે આચાર્યની પાસે બેઠેલ ગુણસેનને કહ્યું : 'અગ્નિશર્માની આંખમાંથી તો ક્રોધની જવાળાઓ નીકળે છે. તેમની સાથે વાત કરવી એટલે સૂતેલા સિંહને છંછેડવા જેવું છે.' આચાર્ય કૌડિન્યે જ્યારે પૂરી ઘટના સાંભળી ત્યારે પોતે જ અગ્નિશર્માને શાંત કરવા પહોંચ્યા. તેમણે શર્મા પાસે જઈ તેની સહનશક્તિની પ્રશંસા કરી. ક્રોધને કારણે તમારું કર્યું-કારવ્યું નાશ પામશે.

અગ્નિશર્માએ આચાર્યની વાત સાંભળી-ન સાંભળી. તેને તો માત્ર 'વેર' શબ્દ જ સંભળાતો હતો. તેણે આચાર્યને જવાબ આપ્યો : 'મેં બે વાર શાંતિથી અપમાન સહન કર્યું. હવે ત્રીજી વાર સહન થશે નહીં. એણે કરેલા અપમાનનો બદલો વાળીશ. જો આ જન્મમાં કશું નહીં કરી શકું તો આગળના ભવોમાં પણ તેનો પીછો છોડીશ નહીં.' આચાર્યને લાગ્યું કે તેને હવે કશું કહેવામાં સાર નથી. જતાં જતાં આચાર્યે એટલું પૂછ્યું : 'હવે ગુણસેનને ક્ષમા નહીં કરી શકો ? તપસ્વીનું ઔદાર્ય અને ક્ષમાનું રૂપ જતું રહ્યું ?'

અગ્નિશર્માએ કહ્યું : 'ગુરુવર, મારો સંકલ્પ અડગ જ રહે છે. 'વેર' મારું લક્ષ્ય છે. એ જ મારી સિદ્ધિ છે.' શર્માની પાસે જઈને તેના ક્રોધને વધારવાનું ગુણસેનને ઉચિત ન લાગ્યું. મનમાં જ ગુણસેને અગ્નિશર્માની માફી માગી અને રાજમહેલમાં પાછો ફર્યો. આગલા ભવમાં બદલો લેવાનું રૌદ્રધ્યાન કરતો અગ્નિશર્મા મૃત્યુ પામ્યો. અગ્નિશર્માના દેહત્યાગની વાત સાંભળી ગુણસેનને બહુ દુઃખ થયું. તેને બહુ પશ્ચાત્તાપ થયો. તેનું મન વૈરાગ્યથી ભરાઈ ગયું. શ્વસુરનું રાજ્ય છોડી પિતાના રાજ્યમાં જઈ ગુણસેને આત્મચિકિત્સા કરવાનો નિશ્ચય કર્યો.

અગ્નિશર્માને તપનું અજીર્ણ થયું. અગ્નિશર્મા મૃત્યુ પામીને વિદ્યુત્કુમાર દેવ થયો. વેરવિપાકને કારણે દેવયોનીમાં પણ તેને શાંતિ ન મળી.

બીજી બાજુ ગુણસેનને રાજ્યકારોબારમાં કોઈ રુચિ નહોતી છતાં રાજધર્મ બજાવતો હતો. તે વિચારતો હતો કે મારાથી કેવી રીતે અપરાધ થઈ ગયો.

એક દિવસ ગુણસેન આત્મચિંતનમાં ડૂબેલો હતો ત્યારે વિદ્યુત્કુમાર દેવના રૂપમાં રહેલા અગ્નિશર્માએ તેની ઉપર ગરમ રેતીની વર્ષા શરૂ કરી. ગુણસેનની ચામડી ગરમીથી ઊતરડાઈ ગઈ પણ તેની સાત્ત્વિકતા અડગ રહી. તેને અડગ જોઈ વિદ્યુત્કુમારે તેને બાળીને મારી નાખવાનો નિશ્ચય કર્યો. દેવ ઉપરથી અગ્નિવર્ષા કરતા હતા ત્યારે ગુણસેન શત્રુ-મિત્ર બધા પ્રત્યે સમભાવ રાખીને ચિંતન કરતો હતો. ગુણસેને દેહત્યાગ કર્યો અને મરીને તે ચન્દ્રાનન નામનો દેવ થયો.

અગ્નિશર્મા અને ગુણસેનનું વેર નવ જન્મ સુધી ચાલ્યું.

બીજો ભવ : અગ્નિશર્માને રમતરમતમાં પરેશાન કરીને ગુણસેન આનંદ લૂંટતો હતો અને પછી અજાણપણે, કોઈ જાતની દુર્ભાવના વિના તપસ્વી અગ્નિશર્માને આમત્રંણ આપી ભૂખ્યો પાછો મોકલ્યો હતો. પૂરા ત્રણ મહિના તેણે ભૂખ્યા રહેવું પડ્યું હતું. મરતી વખતે અગ્નિશર્માએ વેરની ગાંઠ બાંધી લીધી હતી. એ જ અગ્નિશર્મા કોઈ વખત પુત્ર બનીને ગુણસેનને કર્મફળ આપતો હતો તો કોઈ વખત મમતામયી માતાનો અપવાદ બનીને માતાના રૂપમાં પુત્રઘાતી બનતો હતો.

જયપુરમાં રાજા પુરુષદત્તનું રાજ્ય હતું. તે ખૂબ જ ધાર્મિક વૃત્તિનો હતો. નસીબજોગે તેનો પુત્ર સિંહકુમાર બાપ કરતાં દસ ડગલાં આગળ હતો. પ્રજાપાલક અને ધર્મનિષ્ઠાની બાબતમાં તે પુરુષદત્ત જેવો જ હતો. સિંહકુમાર રાજ્ય કરવા લાયક થયો કે તેના પિતાએ તેને ગાદી સોંપી ગુરુ અમીતતેજ પાસે દીક્ષા લીધી.

સિંહકુમાર પ્રજાપાલન કરતો હતો. તેની પટરાણી કુસુમાવલી સાધ્વી, પતિપરાયણ અને ગુણવતી સ્ત્રી હતી. હજી સુધી કુસુમાવલીનો ખોળો ખાલી હતો. એક દિવસ કુસુમાવલીને સ્વપ્ન આવ્યું કે એક કાળા નાગે તેના મોઢામાં પ્રવેશ કર્યો છે. સ્વપ્નની વાત રાણીએ રાજાને ન બતાવી, કારણ કે રાણી ગર્ભવતી થઈ એ સમાચાર સાંભળી રાજા ખૂબ પ્રસન્ન થયો. જયપુરની પ્રજા પણ આતુરતાથી યુવરાજના આગમનની પ્રતીક્ષા કરવા લાગી. પરંતુ પટરાણીને કોઈ આનંદ નહોતો. કાળા નાગનું સ્વપ્ન જ તેના આનંદને કચરી નાંખતું. ત્રીજા મહિને રાણીને પતિનાં આંતરડાં ખાવાનો દોહદ થયો. દોહદની આ કલ્પનાથી રાણી સડક થઈ ગઈ. તેણે વિચાર્યું 'આ કેવું બાળક છે જેને કારણે પતિનાં આંતરડાં ખાવાનો દોહદ જાગ્યો ? આવું અશુભ બાળક તો જન્મતાં જ મરી જવું જોઈએ. ગમે તેમ થાય પણ આ બાળકને હું જીવતું નહીં છોડું. ગર્ભમાં આ હાલ છે તો મોટો થયા પછી તો શું કરી બેસે.'

સવા નવ મહિના પૂરા થતાં રાણીને પ્રસવ વેદના થઈ. સૌ રાણીને પુત્રજન્મ થયાના સમાચારની રાહ જોતા હતા. કુસુમાવતીએ પ્રસૂતિગૃહમાં માત્ર માધવી નામની વિશ્વાસુ દાસીને રાખી હતી. પુત્રને જન્મ આપીને રાણીએ દાસીને કહ્યું : 'દાસી, તું આ બાળકને ઝડપથી ક્યાંક ફેંકી આવ. મહારાજને જાણ કરજે કે રાણીએ મૃત બાળકને જન્મ આપ્યો હતો.'

કુસુમાવલીના આ આદેશથી દાસી કાંપી ઊઠી. પછી પોતાના કર્તવ્યનું પાલન કરતાં રાણીને કહ્યું : 'મહારાણીજી, તમે આ શું કહી રહ્યાં છો ? તમે તો કીડીને મારવામાં પાપ સમજો છો. બીજાનાં બાળકો માટે પણ મમતાનાં સાગર છો. પણ પોતાના જ સંતાન પ્રત્યે આટલી બધી નિષ્ઠુરતા શા માટે ? હું આપની દાસી છું. તમારી આજ્ઞા માનવી એ મારો ધર્મ છે, પણ માલિકનું હિત ચાહવું એ પણ મારું કર્તવ્ય છે.'

વચ્ચે જ રાણી બોલી ઊઠી : 'બસ, હવે આગળ કંઈ ન કહીશ. દેવતા સ્વરૂપ, કરુણામૂર્તિ એવા મારા પતિનું અનિષ્ટ કરનાર આ બાળક મારે નથી જોઈતું. હું પુત્રઘાતક બની શકું પણ મારા સુહાગનું બલિદાન કદી નહીં આપું.'

દાસીએ ફરીથી સમજાવ્યું : 'અનુમાન એ અનુમાન છે. તે હંમેશ સત્ય હોતું નથી. ભ્રમ અને આશંકાને કારણે નિરપરાધ શિશુની હત્યા જઘન્ય પાપ છે. આપને પાછળથી પસ્તાવું ન પડે તે જોજો.'

રાણીએ પોતાનો છેલ્લો નિર્ણય જણાવતાં કહ્યું : 'જે પુત્રના ગર્ભમાં આવતાં પહેલાં સર્પ પ્રવેશનું સ્વપ્ન દેખાયું હોય અને જેના ગર્ભવાસ સમયે મારા જેવી સ્ત્રીને પતિનાં આંતરડાં ખાવાનો દોહદ જાગ્યો હોય એ પુત્ર નક્કી મારા સૌભાગ્યનો નાશ કરનાર છે. મેં નક્કી કરી લીધું છે કે આ કુપુત્રને હું ઘરમાં રાખીશ નહીં.'

રાણીની આજ્ઞાથી દાસીએ જાહેર કર્યું કે રાણીએ મૃત પુત્રને જન્મ આપ્યો છે. આ સમાચાર મળતાં જ ઉત્સાહ શોકમાં ફેરવાઈ ગયો. દાસી વિવશ થઈ નવજાત પુત્રને કપડામાં વીંટાળી અન્તઃપુરની બહાર નીકળી. દાસીનું બહાર નીકળવું અને એ જ વખતે મહારાજ સિંહકુમારનું આવવું એક અકસ્માત હતો.

રાજાને જોઈ દાસી મૂંઝાઈ ગઈ. દાસી પકડાઈ ગઈ. તે નિર્દોષ હતી માટે છોડી દેવામાં આવી. દાસીને નવજાત બાળકની સાથે લઈ સિંહકુમાર રાણી પાસે આવ્યો. તેણે કહ્યું : 'રાણી, માની મમતાનો અપવાદ તમે પણ બનશો ? તમારું હૃદય વજ્રથી કઠોર કેવી રીતે થઈ ગયું ?'

રાણીએ ટૂંકમાં સ્વપ્નદર્શન અને દોહદની વાત કહી પોતાની ધારણા વ્યક્ત કરી. રાણીનું કથન સાંભળી સિંહકુમારે કહ્યું, 'પ્રાણાધિક, જો અનિષ્ટ થવાનું નક્કી જ હોય તો તેને કોણ

ટાળી શકે ? જો અનિષ્ટ થવાનું હશે તો કોઈપણ રીતે થઈને જ રહેશે. વિધિના નિર્માણને પડકારવાની મૂર્ખતા ન કરાય. અનિષ્ટથી બચવા માટે નિરપરાધ શિશુની હત્યા કરવી એ કાયરતા છે. આ છોકરો મોટો થઈને બહુ બહુ તો રાજ્ય પ્રાપ્ત કરવા મારી હત્યા કરે. પરંતુ હું પોતે જ તેને રાજ્ય આપી દઈશ તો પછી એવું તે શા માટે કરશે ? આ બાળક નિરપરાધ છે. પુત્રનું પાલન કરો.'

દાસીના હાથમાંથી રાણી કુસુમાવલીએ પુત્રને લઈ લીધો. તેનું વાત્સલ્ય અને માતૃત્વ જાગી ઊઠ્યું. તે પોતાની ભૂલ અંગે પસ્તાતી હતી. રાણીએ ગદ્‌ગદ્‌ થઈ કહેવા માંડ્યું : 'મેં જીવનમાં કોઈ પ્રાણીને દુઃખ નથી દીધું. મરણપથારીએ પડેલા જીવનું પણ મેં બૂરું નથી ઇચ્છ્યું. તો પછી મારી કૂખેથી ક્રૂર અને અશુભ પુત્રનો જન્મ શાથી થાય ?'

કુસુમાવલી પુત્રના ઉછેરમાં રસ લેવા લાગી. ધામધૂમથી તેનો જન્મોત્સવ મનાવવામાં આવ્યો. બાળકનું નામ આનંદકુમાર પાડવામાં આવ્યું. તે મોટો થવા લાગ્યો. ઘોડેસવારી, બાણવિદ્યા, તલવાર ચલાવવી વગેરે યુદ્ધ વિદ્યાઓમાં તે પારંગત થઈ ગયો.

યુવરાજ આનંદકુમાર જેમ જેમ મોટો થતો જતો હતો તેમ તેમ મહારાજ સિંહકુમારનું મન વૈરાગ્ય તરફ ઢળતું જતું હતું. તેઓ યુવરાજને ગાદી સોંપી જલ્દીથી સંયમ ગ્રહણ કરવા માગતા હતા. એમની આ વૈરાગ્યવૃત્તિથી સૈનિકો અને સેનાપતિ ક્ષુબ્ધ રહેતા હતા.

એક વાર દુર્મતિ નામના પડોસી રાજાએ તેમની સીમાને ઘેરી લીધી. મહારાજ સિંહકુમારે સેનાપતિને તેને રોકવા આદેશ આપ્યો. સેનાપતિને તેમણે એ આદેશ પણ આપ્યો : 'જ્યાં સુધી દુર્મતિ તરફથી આક્રમણ ન થાય ત્યાં સુધી આપણી સેનાએ શસ્ત્રને હાથ ન લગાડવો. જરૂર વિના લોહીનું ટીપું પણ વહેડાવવું ઉચિત ન ગણાય.' સૈનિકો એ સાંભળી કહેવા લાગ્યા : 'અમને યુદ્ધ કરવા મોકલ્યા છે કે તીર્થયાત્રા કરવા ? જો યુવરાજ આનંદકુમારનું સંચાલન હોત તો દુર્મતિ હંમેશ માટે યુદ્ધ કરવાનું ભૂલી જાત એવો જવાબ આપત.'

મહારાજ સિંહકુમારે અશ્વારુઢ થઈ યુદ્ધમાં જવા પ્રસ્થાન કર્યું. માર્ગમાં તેણે એક દૃશ્ય જોયું. એક સર્પ દેડકાને ગળી જવા પ્રયત્ન કરતો હતો. અડધું દેડકું સર્પના મોઢામાં અને અડધું મોઢાની બહાર હતું. બાજુમાં જ ઊભેલ સર્પભક્ષી મોર સર્પને ખાવા ટાંપી રહ્યો હતો અને એક અજગર સર્પ, દેડકું અને મોર-ત્રણેને ગળી જવા તત્પર હતો. સિંહકુમાર ઘોડા પરથી ઊતરી પડ્યો. તે વિચાર કરતો હતો કે આ કેવી વિચિત્ર સ્થિતિ છે. અંતે તો બધા નાના જીવો અજગરનું જ ભોજન બનનાર છે. રાજા વિચાર કરતો હતો કે આખરે તો મનુષ્યે પણ મૃત્યુના મુખમાં સમાઈ જવાનું છે. સિંહકુમાર ચિંતન કરતા હતા તે વખતે જ પ્રહરીએ આવી સૂચના આપી કે દુર્મતિ નિઃશસ્ત્ર થઈને મળવા આવ્યો છે. સિંહકુમારે તેને બોલાવી લીધો. દુર્મતિના હાથમાં કુહાડી હતી. તે જમીન ઉપર મૂકી હાથ જોડીને બોલ્યો : 'રાજન્‌, હું તમારે શરણે છું. જો તમે મને મારવા માગતા હો તો આ કુહાડી મારી સાથે લાવ્યો છું. આપની સાથે યુદ્ધનો વિચાર કરી મેં મોટો અપરાધ કર્યો છે.'

સરળ હૃદયી સિંહકુમાર દુર્મતિને ભેટી પડ્યો અને બોલ્યો : 'દુર્મતિ, તું તો ખરેખર સુમતિ છે. તારું દુર્મતિ નામ ખોટું છે. તારા સંધિ પ્રસ્તાવને હું અંતરથી આવકારું છું.'

દુર્મતિના આકસ્મિક હૃદય-પરિવર્તનથી બધાને આશ્ચર્ય થયું. મહારાજ સિંહકુમાર પોતાના નગરમાં પાછા ફર્યા. તે દિવસે તેમને વૈરાગ્યની પ્રબળ ભાવના થતાં મુખ્યમંત્રીને પોતાનો વિચાર કહ્યો : 'મહામંત્રી, યુવરાજ આનંદકુમારના રાજ્યાભિષેકની જલ્દીથી તૈયારી કરો. પુત્રને રાજભુગટ સોંપીને જલ્દીથી સંયમ ગ્રહણ કરવાની મારી ઇચ્છા છે.' મહામંત્રી રાજકુમારના રાજ્યાભિષેકની તૈયારીમાં લાગી ગયા. મહારાજની સંયમ લેવાની વાત સાંભળી મહારાણી કુસુમાવલીએ પૂછ્યું : 'નાથ, આ દિવસ માટે મારો હાથ પકડ્યો હતો ? મને કોના સહારે છોડીને જઈ રહ્યા છો ?'

સિંહકુમારે જવાબ આપ્યો : 'જો કાળનો હુમલો આવે તો કોનો સહારો રહેશે ? કુમાર આનંદ તો છે. તારે શાની ચિંતા છે ? હું તને રાજમાતાનું સૌભાગ્ય આપીને જાઉં છું.'

આનંદનું નામ સાંભળતાં જ રાણી મનમાં કાંપવા લાગી. તે કુમારનાં દુરાચરણ, સ્વેચ્છાચાર વગેરેથી પરિચિત હતી. પરંતુ તે પતિને આ શુભ પ્રસંગે જણાવીને તેને ઉદ્વિગ્ન કરવા માગતી નહોતી. રાણીને મૌન જોઈ સિંહકુમારે કહ્યું : 'મહારાણી, વૈરાગ્યની વાત જવા દો. આમેય પુત્ર સમર્થ થઈ જાય તો વયોવૃદ્ધ પિતાએ તેને રાજ્યભાર સોંપી દેવો જોઈએ. જે રાજા સમયસર તેમ નથી કરતો તેમના પુત્રો રાજ્ય મેળવવા વિદ્રોહી બની જાય છે. એટલું જ નહીં, પિતૃઘાતી પણ બની જાય છે.'

એ સાંભળી રાણીને કમકમાં આવી ગયાં. રાણીને ગર્ભ રહ્યો તે વખતે સર્પપ્રવેશનું સ્વપ્ન અને ગર્ભમાં વિકસ્યા બાદ પતિનાં આંતરડાં ખાવાનો થયેલો દોહદ - એ બંને બાબતોએ તેને સંતાપી. રાણીએ વિચાર્યું 'જ્યારે આનંદકુમારને રાજા પોતે જ રાજ્ય સોંપી રહ્યા છે ત્યારે તે પોતાના પિતાનું અનિષ્ટ શા માટે કરશે ?'

રાજ્યાભિષેક માટેની તૈયારીઓ થઈ ચૂકી છે. બધી સામગ્રી એકત્ર થઈ ગઈ છે. મહારાજ સિંહકુમાર રાજ્યભાર સોંપી દેવા તત્પર છે. આનંદકુમાર રાજ્યની ધુરા સંભાળી મનમાની કરવા તત્પર છે. બંનેની ઇચ્છા પૂરી થવામાં ચાર દિવસની વાર છે.

દુર્મતિ સિંહકુમારની વિપુલ સેના જોઈ ડરી ગયો હતો તેથી તેણે શરણાગતિ સ્વીકારી હતી. પરંતુ તે ચૂપ નહોતો બેઠો. તેણે આનંદકુમાર સાથે સાંઠગાંઠ કરી સિંહકુમાર સામે બળવો કરવા

તેને ઉશ્કેર્યો. આનંદકુમાર પણ પિતા સામે વિદ્રોહ કરવા તૈયાર થઈ ગયો. પરંતુ બંનેની મનની મનમાં રહી ગઈ.

દુર્મતિ આનંદકુમારના મહેલમાં બેઠો બેઠો વિચારતો હતો કે પોતાની યોજના કેવી રીતે સફળ કરવી. સીધી રીતે પિતાનું રાજ્ય મળી રહ્યું છે ત્યારે પિતાની વિરુદ્ધ તે શા માટે થશે ? છતાં પ્રયાસ કરવામાં શો વાંધો છે ? તેણે આનંદકુમારને કહ્યું : 'કુમાર, તમારા રાજ્યાભિષેકની તૈયારી એક પ્રપંચ છે. આ બધી સજાવટ અમને ભુલાવામાં નાખવા કરવામાં આવી છે. સિંહકુમાર રાજ્ય છોડશે નહીં. વળી, તમે તો બહાદુર છો. શું દાનમાં આપેલું રાજ્ય તમે સ્વીકારશો ? વીર તો પોતાનાં બાવડાંના બળે રાજ્યસત્તા હસ્તગત કરે છે. વીર કોઈ દિવસ રાહ જોતા નથી.'

જવાબમાં આનંદકુમારે કહ્યું : 'ચાર દિવસ રાહ જોવામાં શું જાય છે ? જો પાંચમા દિવસે રાજ્યસત્તા મારા હાથમાં નહીં આવે તો બળજબરીથી રાજ્યને પડાવી લઈશ.'

દુર્મતિ એમ સહેલાઈથી હાર માને તેવો નહોતો. પોતાની જાળ ફેલાવતાં તેણે ફરીથી કહ્યું : 'યુવરાજ, માની લો કે પાંચમા દિવસે આપને રાજ્ય મળી પણ ગયું. પરંતુ તમારા પિતા જીવિત હોય ત્યાં સુધી તમે સરળતાથી રાજ્ય નહીં કરી શકો.'

રાજકુમારે પણ વિચાર્યું 'પિતા હયાત હશે તો હું સ્વતંત્રતાપૂર્વક રાજ્ય ભોગવી શકીશ નહીં. પિતા મારી દરેક યોજનામાં આડખીલી ઊભી કરશે. હજારો રાજકુમારોએ પિતાની હત્યા કરી રાજ્ય મેળવ્યું છે. મારે પણ પિતાનો વધ કરવો જોઈએ.' આનંદ વિચારમાં પડી ગયો. દુર્મતિને લાગ્યું કે તીર યોગ્ય જગ્યાએ જ વાગ્યું છે. રાજકુમારનું મૌન તોડતાં દુર્મતિએ ફરી કહ્યું : 'કુમાર, પિતાના ખૂનથી હાથ રંગવાની જરૂર નથી. તેમને કેદ કરી લેવામાં આવે તેટલું પૂરતું છે. એ કાર્યમાં જે બાધારૂપ બને તેને પણ જોઈ લેવાશે.'

આનંદે આ કામ કેવી રીતે થશે એમ પૂછ્યું. દુર્મતિએ કહ્યું : 'ક્યાંય જવાની જરૂર નથી. મહારાજ સિંહકુમારને આમંત્રણ આપી બોલાવીશું પછી તમે તેમને કેદ કરી લેજો.' આનંદે શંકા વ્યક્ત કરતાં કહ્યું : 'આપણા આમંત્રણ પર એ ન આવે અને તેમને આપણી યોજનાની ગંધ આવી જાય તો શું થશે ?'

રાજકુમારના ભોળપણ પર હસતાં દુર્મતિએ કહ્યું : 'તેમને આમંત્રણ આપીને બોલાવવાની પણ જરૂર નથી. રાજ્યાભિષેકના થોડા સમય પહેલાં તેઓ જ તમને બોલાવશે. તમે જશો નહીં એટલે તે પોતે જ તમારા ન જવાનું કારણ પૂછવા આવશે. એ વખતે તમે તમારું કામ પતાવી લેજો.'

મહારાજ સિંહકુમાર શત્રુને પણ અભયદાન આપતા હતા. તેઓ અજાતશત્રુ હતા. પરંતુ પૂર્વભવના અગ્નિશર્મા ગુણસેન સાથે વેરનો બદલો ચૂકવવા પુત્ર રૂપે જન્મેલો. સિંહકુમાર ગુણસેન હતા અને આનંદકુમાર અગ્નિશર્મા.

મહારાજ સિંહકુમાર આનંદને બોલાવવા આવ્યા અને પહેલેથી તૈયાર આનંદના માણસોએ તેમને કેદ કરી લીધા. સિંહકુમારને થોડીવાર આશ્ચર્ય થયું. રાણી કુસુમાવલી તો આ ઘટના સાંભળી બેભાન થઈ ગઈ. ભાનમાં આવતાં તેણે પુત્રને પોતાના પતિને મુક્ત કરવા વિનંતી કરી પણ પુત્રે કંઈ ન સાંભળ્યું. જેલમાં સિંહકુમારે આત્મશોધન માટે અનશન શરૂ કર્યાં.

પિતાનાં અનશન આનંદથી સહન ન થયાં. તેણે વિચાર્યું 'જેલમાં રહીને પણ આ બુઢ્ઢો મને લાંછન લગાડવા માગે છે માટે તેને ખતમ જ કરી દઉં.' તેણે પોતાના હાથે જ પિતાનો વધ કર્યો. મહારાજ સિંહકુમાર અંત સમયે સાત્ત્વિક ભાવમાં લીન હતા. તેમણે વિચાર્યું 'આનંદનો બિચારાનો શો દોષ !'

ત્રીજો ભવ : માએ પુત્રની હત્યા કરી : કોશનગરમાં બ્રહ્મદત્ત નામનો એક ધર્મપરાયણ બ્રાહ્મણ રહેતો હતો. તેની પત્ની જાલિની પણ પતિવ્રતા અને ધર્મપરાયણ હતી. જાલિનીએ એક પુત્રને જન્મ આપ્યો. બ્રહ્મદત્તે તેનું નામ શિખી રાખ્યું. શિખી મોટો થતાં ઘરને તેના ગુણોથી પ્રકાશિત કરવા લાગ્યો. બ્રહ્મદત્ત પુત્રને ખૂબ ચાહતો હતો.

પરંતુ માતા જાલિની નિષ્ઠુર હતી. તે પુત્રનું મોઢું જોવા પણ ઇચ્છતી નહોતી. એક દિવસ તેણે પતિને સ્પષ્ટ કહી દીધું : 'આ ઘરમાં કાં તો શિખી રહેશે, કાં હું રહીશ. જો મને ઘરમાં રાખવા માગતા હો તો શિખીને ઘરમાંથી કાઢી મૂકો.'

બ્રહ્મદત્તે જાલિનીને સમજાવી : 'શિખી તારું શું બગાડે છે ? તમે બંને અહીં રહો.' મનને મારીને જાલિની સમજી ગઈ. શિખી માનતો 'જાલિની પોતાની સગી મા છે. તે બીજાનાં બાળકોને લાડ કરે છે પણ મને દુશ્મનની જેમ જુએ છે. આવો પુત્ર પામીને કોઈ પણ માતા પોતાની જાતને ધન્ય માને' પણ જાલિની તેમાં અપવાદ હતી.

જાલિનીએ શિખીને જન્મ આપીને ત્યજી દીધો હતો. પછી પુત્રહીન હોવાને કારણે એક પુત્રને ખોળે લીધો. ત્યારબાદ તેને ખબર પડી કે ત્યજી દીધેલ પુત્રને જ ખોળે લીધો છે. આ રહસ્ય ખુલ્લું થતાં તે શિખીની શત્રુ બની ગઈ. તે વારંવાર શિખીને ઘરની બહાર કાઢી મૂકવાનું બ્રહ્મદત્તને કહેતી હતી. છેવટે તેણે બ્રહ્મદત્તને આખરીનામું આપતાં કહ્યું : 'જો શિખી ઘરમાં રહેશે તો હું કૂવામાં કૂદી પડીને આત્મહત્યા કરીશ. આ મારો અટલ નિશ્ચય છે.'

જાલિનીની વાત શિખીએ સાંભળી. તેણે ગૃહત્યાગ કર્યો. તેનામાં ભૂખતરસ સહન કરવાની શક્તિ હતી. ફરતાં ફરતાં એક વખત શિખીને મુનિ સૂરિવર વિજયસિંહનાં દર્શન થયાં. મુનિ એક વૃક્ષ નીચે ધ્યાનસ્થ બેઠા હતા. ધ્યાન પૂરું કરીને મુનિએ આંખો

ખોલી. શિખીએ એમનાં ચરણોમાં વંદન કર્યા. મુનિએ શિખીના માથા પર સ્નેહથી હાથ ફેરવ્યો. મુનિએ તેને કહ્યું, 'વત્સ, બહુ નાની ઉંમરે તારે ગૃહત્યાગ કરવો પડ્યો. કિશોરવયમાં જ તારી ઉપર દુઃખોનો પહાડ તૂટી પડ્યો છે એવું લાગે છે.' શિખીના ગળે ડૂમો ભરાઈ ગયો. તેણે કહ્યું, 'પ્રભો, કષ્ટ તો કંઈ નથી પરંતુ માતાનો ખોળો મારા માટે તપેલી રેતી જેવો બની ગયો છે. એ જ મારા જીવનનું દુઃખ છે.'

મુનિએ શિખીને સાંત્વન આપ્યું. બધા જ સંબંધ કર્મ વિપાકનું કારણ હોય છે. શિખીને પોતાની જાતને એકલી માનવાની શિખામણ આપી. શિખીને ગુરુની વાણીએ સ્વસ્થ કરી દીધો. તેણે પંચ મહાવ્રતો ધારણ કરવાનો સંકલ્પ કરી લીધો. એ વખતે જ પિતા બ્રહ્મદત્ત તેને શોધતા ત્યાં આવી પહોંચ્યા. પિતાએ પુત્રને ઓળખી લીધો. પિતાએ પુત્રને ઘેર પાછા ફરવા કહ્યું. મહાવ્રતોનું પાલન અત્યંત કઠિન છે એમ પણ કહ્યું.પણ શિખી તો પોતાના સંકલ્પમાં દૃઢ હતો. પિતાએ કોઈ વખત દર્શન દેવાની વિનંતી કરી અને કોશનગર ચાલ્યા ગયા.

શિખી સંયમ અને વૈરાગ્યની ટોચ પર બેઠા. તે સાધુઓને અધ્યયન કરાવતા હતા. એક વખત પોતાના ગુરુ તથા અન્ય સાધુઓ સાથે શિખી તામ્રલિપ્ત નગરના બગીચામાં ઊતર્યા હતા. એ વખતે સોમદેવ નામના એક બ્રાહ્મણે ત્યાં આવી શિખીને હાથમાં રત્નકંબલ આપીને કહ્યું કે તમારી માતા જાલિનીએ તમારે માટે ભેટ મોકલી છે. શિખી આગંતુક સોમદેવની તરફ જોઈ જ રહ્યો. તેણે વિચાર્યું કે માતાની મમતાનો સાગર છલકાઈ ગયો છે. તેણે સોમદેવને કહ્યું, 'ભદ્ર, હું તો ગુરુનાં ઊતરેલાં વસ્ત્રો જ પહેરું છું. વળી, મુનિઓ કોઈની ભેટ સ્વીકારતા નથી કે આવશ્યકતાથી વધુ કંઈ લેતા નથી. ભેટ લેવા માટે ગુરુની આજ્ઞા લેવી પડશે. હું તે લઈને આવું છું.'

ગુરુને વંદન કરી પોતાના મનની વાત શિખીએ કરી. ગુરુએ જોયું કે શિખી મોહગ્રસ્ત થઈ ગયો છે. ગુરુ ભેટ લેવાનો સ્પષ્ટ ઇન્કાર કરવા નહોતા માગતા. તેથી તેમણે ગૂઢ રીતે શિખીને કહ્યું, 'તું તો સર્વસ્વ ત્યાગી છે. મૂલ્યવાન વસ્તુનો મોહ તને નહીં હોય. જરૂરિયાત હોય તો કંબલ લઈ શકે છે.' મુનિએ માત્ર એટલું જ સાંભળ્યું કે 'કંબલ લઈ શકે છે.' તેણે કંબલ લઈ લીધી. જતાં જતાં સોમદેવે કહ્યું, 'તમારા ગયા પછી. તમારી માતા ઉદ્વેગ અને વેદનામાં તરફડી રહી છે. તે તમારા પાછા ફરવાની રાહ જોતી રહી છે. રત્નકંબલ આપતી વખતે તેણે માત્ર એટલું કહ્યું છે કે કોશનગર તામ્રલિપ્ત નગરથી બહુ દૂર નથી. કોઈ વખત કોશનગર આવીને માતાને દર્શન આપજો.'

સોમદેવ સાથે ઉત્તર પાઠવતાં શિખીએ કહ્યું કે કોઈ વખત આવવાનું થશે તો તેમની ઇચ્છાનું ધ્યાન રાખીશ. જન્મથી જ શિખીને ભાઈ, બહેન કે માતાનો પ્રેમ મળેલ નહીં. વર્ષો પછી માતાના દુર્લભ પ્રેમની આશા બંધાઈ હતી. તેને માતાને મળવાની ઘણી ઉત્સુકતા હતી.

શિખીને તે તક મળી ગઈ. વિજયસિંહસૂરિનો સાધુ-સંઘ કોશનગરની નજીક જ રોકાયો હતો. શિખી ગુરુની આજ્ઞા લઈ કોશનગરમાં માતા પાસે રહ્યા. ગુરુએ રજા આપતાં કહેલું કે મુનિઓ માટે આવી નબળાઈ શોભાસ્પદ નથી. શિખીએ ગુરુને કહેલું કે માતાને ધર્મમાર્ગે દોરી પાછો આવીશ. ગુરુનું મન આથી શાંત થયું.

વિજયસિંહસૂરિએ શિખીને ચાર મુનિઓ સાથે કોશનગર તરફ વિહાર કરવાની અનુમતિ આપી. ગુરુ જાલિનીના નિમંત્રણથી વ્યથિત હતા. પરંતુ તેમણે વિચાર્યું કે થનારને કોણ ટાળી શકે છે?

કોશનગર આવ્યા બાદ શિખીને જાણવા મળ્યું કે પિતા બ્રહ્મદત્ત તો સ્વર્ગવાસી થઈ ગયા છે. જાલિનીએ ધર્મ અને વાત્સલ્યના ઓઠા હેઠળ શિખીને નષ્ટ કરવાનો નિર્ણય કરી લીધો હતો.

પહેલાં જાલિનીને એમ હતું કે શિખી દાણા-દાણા માટે તડપશે, ઘેર-ઘેર ભટકશે. પરંતુ બન્યું એથી ઉલટું જ. શિખીએ વિશ્વનું સ્વામિત્વ પ્રાપ્ત કરી લીધું. લોકો તેને બહુમાન આપતા હતા.

શિખી સાથી-મુનિઓને લઈ પોતાની માતા પાસે ગયા. કોશનગરની જનતા પોતાની ભૂમિ પર જન્મેલા મુનિવર શિખીની વંદના કરતી હતી. કોશનગરનાં રાજા-પ્રજા બંનેએ શ્રદ્ધાપૂર્વક શિખીનું સ્વાગત કર્યું. શિખીએ પિતા બ્રહ્મદત્તના મૃત્યુનું દુઃખ ભૂલી જવા માતાને સમજાવી. માતાએ પણ દેખાવ ખાતર ગદ્‌ગદ થઈ જઈ વ્રત લેવાનું નાટક પણ કર્યું.

જાલિનીએ મુનિ શિખીને પોતાના હાથનું ભોજન કરવા વિનંતી કરી. મુનિએ એ માર્ગ બંધ હોવાનું કહ્યું. જાલિનીની યોજના નિષ્ફળ ગઈ. બીજી વાર પોતાની યોજનામાં સફળ થવા તૈયાર થઈ ગઈ. મુનિવર શિખી મેઘવન ઉદ્યાનમાં પાછા ફર્યા. ત્યાં રહેતાં ત્રણ દિવસ વીતી ગયા હતા. વિહાર કરવાનો ચોથો દિવસ નજીક હતો. જાલિની ગભરાઈ ગઈ. જો શિખી અહીંથી જીવિત પાછો જશે તો હું તેને કદી નષ્ટ નહીં કરી શકું એમ તેણે વિચાર્યું. શિખી માટે તેણે ઝેરના લાડુ તૈયાર કર્યા અને બીજા ત્રણ મુનિઓ માટે અલગ કંસાર તૈયાર કર્યો.

ચતુર્દશીનો દિવસ હતો. બીજા દિવસે માસકલ્પ પૂરો થતો હતો અને મુનિ શિખીને બીજે વિહાર કરવાનો હતો. જાલિનીને ચૌદસની અનુકૂળતા પ્રાપ્ત થઈ હતી. એ તિથિએ સામાન્ય રીતે સાધુઓ આહારનો ત્યાગ કરે છે, તેથી સામૂહિક રીતે બધાને આહાર આપી શકાય નહીં. જો એમ થાય તો બધા માર્યા જાય. આજે તો મારો એકમાત્ર શત્રુ નષ્ટ થઈ જશે એમ જાલિનીએ વિચાર્યું.

જાલિની મેઘવન પહોંચી. તેણે પોતાની સ્નેહભેટ જેવા ઝેરના લાડુ શિખીની સામે મૂકતાં કહ્યું : 'બેટા, આજ તો માના હાથનું કંઈક ખાતા જાવ.' શિખીએ પોતાની મર્યાદા બતાવી. પણ જાલિનીએ વિનંતી ચાલુ રાખી. છેવટે શિખીએ માતાએ આપેલ લાડુનો સ્વીકાર કર્યો. લાડુ શિખીને ખવડાવી જાલિની ઘેર આવી.

ઝેરના પ્રભાવથી શિખીનું શરીર લીલું થવા લાગ્યું. છેલ્લી વાર તેમણે આંખો ખોલી તો પોતાની પાસે બેઠેલા સાધુઓને કહ્યું : 'મારો કોઈ દુશ્મન નથી કે નથી કોઈ મિત્ર. પૂર્વનાં કર્મોનું જ ફળ મેળવું છું.' છેવટે તેમણે પ્રાણત્યાગ કર્યો.

સાધુઓને સંબોધન કરતાં વિજયસિંહસૂરિએ કહ્યું : 'જાલિની શિખીની પૂર્વભવની શત્રુ છે તેમાં કોઈ સંદેહ નથી. જે થનાર હોય તેને કોઈ ટાળી શકતું નથી.' પૂર્વભવનો અગ્નિશર્મા જાલિની બની અને ગુણસેને તેના પુત્ર શિખીરૂપે અવતાર લીધો હતો. જાલિનીના રોમરોમમાં વેરનું વિષ ઘોળાતું હતું. તે ખુદ વિષાક્ત હતી. ગુણસેને શિખીના રૂપમાં ઉપશમન અપનાવેલ.

પતિ-હત્યારી નારી : (ચતુર્થ ભવ) સુશર્મ નગરમાં વૈશ્રમણ નામનો એક સાર્થવાહ શ્રેષ્ઠી રહેતો હતો. તેની પત્નીનું નામ શ્રીદેવી હતું. વૈશ્રમણ ખૂબ ધન કમાયો હતો. પરંતુ તેના ધનનો કોઈ વારસ નહોતો. તેથી તે ચિંતિત રહેતો હતો. પરંતુ તે નિરાશ થયો નહોતો. સંતાનપ્રાપ્તિ માટે વૈશ્રમણ અને શ્રીદેવીએ ધનદેવ નામના યક્ષની આરાધના કરી. પરિણામે શ્રીદેવીએ એક પુત્રને જન્મ આપ્યો. ધનદેવ યક્ષની કૃપાથી પુત્ર થયો હોઈ વૈશ્રમણે તેનું નામ ધનદેવ રાખ્યું.

ધનદેવ મોટો થયો. તે મિતભાષી, વિનમ્ર અને વિનયી હતો. તે માત્ર માતાપિતાનો જ લાડકો હતો એવું નહોતું, પરંતુ પડોશીઓ, મિત્રો અને સમવયસ્કોમાં પણ તે માનીતો હતો. આ બધું હોવા છતાં તેનામાં એક દોષ હતો કે જ્યારે તે બહારથી ઘેર આવતો ત્યારે કોઈ ને કોઈ ચીજ ભૂલીને આવતો. કોઈ દિવસ આભૂષણ તો કોઈ દિવસ કિંમતી વસ્ત્ર તે ભૂલીને આવતો. વૈશ્રમણ પુત્રને કાંતો ભુલકણો અથવા ડરપોક કે ભીરુ માનતો. કારણ કે તેને એમ હતું કે ધનદેવ પાસેથી કોઈ આભૂષણ અથવા વસ્ત્ર છીનવી લેતું હશે. પરંતુ તેણે વિચાર્યું કે ધનદેવ મોટો થશે ત્યારે પોતાની ચીજવસ્તુ સંભાળતાં શીખી જશે. ગુપ્ત રીતે વૈશ્રમણે માહિતી મેળવી કે ધનદેવને વસ્ત્રાભૂષણો પ્રત્યે કોઈ આસક્તિ નથી તેથી જરૂરિયાતવાળાઓને તે કપડાં અને આભૂષણો આપી દે છે. પુત્રની આ દાનવીરતા જોઈ વૈશ્રમણને અત્યંત આનંદ થયો. તેણે વિચાર્યું કે મારી પાસે ધન ઘણું છે. ધનદેવ રાતદિવસ દાનપુણ્ય કરે તો પણ ધન ખૂટે એમ નથી.

ધનદેવ યુવાન થતાં વૈશ્રમણે તેને ધનશ્રી નામની એક શ્રેષ્ઠી કન્યા સાથે પરણાવ્યો. લગ્ન પછી ધનદેવમાં એક વિચિત્ર પરિવર્તન આવ્યું. તેણે દાનપુણ્ય કરવામાંથી પોતાનો હાથ પાછો ખેંચી લીધો. જરૂરિયાતવાળાઓને તેની પાસેથી કોઈ આશા રહી નહીં.

એક વાર એક શેઠ યાચકોને દાન આપી રહ્યા હતા. યાચકોનાં મોઢાં પર સંતોષ દેખાતો હતો. ધનદેવ તે જોઈ આનંદવિભોર થઈ રહ્યો હતો. એવામાં ક્યાંકથી ધનદેવના મિત્ર સોમદેવે આવી ખભા પર હાથ મૂકી પૂછ્યું, 'ધનદેવ, તલ્લીન થઈને શું જોઈ રહ્યો છે ?' ધનદેવે તેને યાચકોના ચહેરા પર વરતાતો આનંદ કેટલો સરસ છે તે જોવા કહ્યું. સોમદેવે ધનદેવને કહ્યું : 'તારા પિતા પાસે અઢળક ધન છે તો તેમાંથી દાન કર. તારા પિતા પણ તેનાથી ખુશ થાય છે.'

ધનદેવે પોતે ઉપાર્જન કરેલ ધનનું દાન કરવાનો સંકલ્પ કર્યો હતો. વૈશ્રમણને તે સાંભળી ઘણો આનંદ થયો. તેણે પુત્ર માટે જહાજ તૈયાર કરાવ્યું. ધનદેવે પત્ની ધનશ્રી અને મિત્ર નંદકને પણ સાથે લીધાં.

કેટલાક દિવસની સમુદ્રયાત્રા પછી તેઓ તામ્રલિપ્ત પહોંચ્યાં. ધનદેવે કેટલાક દિવસ ત્યાં રહેવાનું નક્કી કર્યું. તેનો માલ પણ ત્યાં ખૂબ વેચાવા લાગ્યો. તામ્રલિપ્તમાં જ ધનશ્રી અને નંદક વચ્ચે પ્રેમાંકુરો ફૂટ્યા. ધનદેવની હાજરી તેમને ખૂંચવા લાગી ધનદેવ પણ તેમની વચ્ચેના પ્રેમથી અજાણ નહોતો.

ધનદેવ ત્યાં ખૂબ કમાયો. તે છૂટા હાથે દાન કરવા લાગ્યો. કોઈ તેને ત્યાંથી નિરાશ થઈ પાછું નહોતું ફરતું. એક વખત એક જુગારીને હારેલી સોળ સુવર્ણમુદ્રાઓ ચૂકવી છોડાવ્યો હતો. તે જુગારીનું નામ મહેશ્વરદત્ત હતું.

તે કલાકો સુધી દરિયાકિનારે બેસી સમુદ્રને નિહાળ્યા કરતો. કોઈ વખત તેનું ધ્યાન સમુદ્ર પરથી હઠીને પત્ની ધનશ્રી અને નંદકની તરફ જતું. તેમની વચ્ચેના પ્રેમથી તે ખિન્ન નહોતો. પત્ની અને મિત્રને તેમના દુરાચરણ માટે દંડ દેવાનો પોતાને અધિકાર નથી એમ તે માનતો.

ધનદેવે ત્યાંથી (તામ્રલિપ્તથી) બીજી જગ્યાએ જવાનો નિશ્ચય કર્યો. યોગ્ય સમયે ધનદેવનું જહાજ ઊપડ્યું. મોકો જોઈને ધનશ્રીએ ભોજનમાં કોઈ ઝેરી વસ્તુ ધનદેવને ખવડાવી દીધી. ધનદેવ બીમાર પડી ગયો. ધનશ્રી મનમાં ડરી રહી હતી કે જો ધનદેવ મરતાં મરતાં બચી જશે તો બધો ભેદ ખૂલી જશે. ધનશ્રી અને નંદકે નક્કી કર્યું કે કિનારે પહોંચતાં પહેલાં જ ધનદેવને સમુદ્રમાં ફેંકી દેવો. એક દિવસ અર્ધી રાત્રે બંનેએ ભેગાં થઈ ધનદેવને દરિયામાં ફેંકી દીધો.

સમુદ્રમાં ધનદેવને લાકડીનો તરાપો હાથ લાગી ગયો. તેની મદદથી તે કેટલાક દિવસે કિનારે પહોંચ્યો. થોડા વખત પછી તેની મૂર્છા દૂર થઈ. તેણે ઊઠીને ફળફૂલ તોડીને ખાધાં. તેણે

સમુદ્રકિનારા પર તગતગતો એક રત્નહાર પડેલો જોયો. પોતાને જીવવા માટે હાર ઉપયોગી નીવડશે એમ માની તેણે તે લઈ લીધો. થોડોક આગળ ચાલ્યો તો તેને એક તપસ્વી દેખાયા. તપસ્વી ધનદેવની તરફ જ આવતો હતો. ધનદેવને તેણે ઓળખી કાઢ્યો. તપસ્વી પૂર્વજીવનમાં મહેશ્વરદત્ત જુગારી હતો.

તપસ્વીએ ધનદેવને વિષ ઉતારવા માટેનો ગારુડીમંત્ર શીખવ્યો. ધનદેવ ફરતો ફરતો શ્રાવસ્તી નગરીમાં પહોંચ્યો. નગરમાં પ્રવેશતાં તેની પાસેનો રત્નહાર ચોકિયાતોએ જોયો. તેને પકડીને રાજા વીરધવલ સમક્ષ ખડો કર્યો. રાજાને તેમણે કહ્યું કે રાજકુમારી રત્નાવલીનો ઘાતક ચોર મળી ગયો છે. રત્નહાર તેની પાસે છે. રાજાએ તેને દીકરી ક્યાં છે એમ પૂછ્યું. ધનદેવે પોતે ચોર નથી કે રાજકુમારીનો ઘાતક નથી એમ કહ્યું. રાજાએ તેને ફાંસી પર ચડાવવાનો આદેશ આપ્યો.

વધભૂમિ તરફ જતાં ધનદેવે ઉદ્‌ઘોષણા સાંભળી કે રાજકુમારને સાપે દંશ દીધો છે. તેનું ઝેર જે ઉતારશે તેને રાજા વીરધવલ મોઢે માગ્યું ઇનામ આપશે.

ધનદેવે રાજકુમારનું ઝેર પોતે ઉતારશે એવું મારાઓને કહ્યું. મારાઓ તેને રાજા પાસે લઈ ગયા. રાજાએ તેને શું તે રાજકુમારનું ઝેર ઉતારી શકશે ? એમ પૂછ્યું. ધનદેવે પ્રયત્ન કરવાનું કહ્યું. ગારુડીમંત્રનો જપ કર્યો. રાજકુમારનું ઝેર ઊતરી ગયું. એટલામાં સૈનિકોએ આવી રાજકુમારી રત્નાવલીનો પણ પત્તો લાગી ગયાના સમાચાર આપ્યા. રાજાએ ધનદેવને ખૂબ ધન આપીને રાજી કર્યો. ધનદેવે વિરક્ત થઈ યશોધરસૂરિ પાસે દીક્ષા લીધી. મુનિ ધનદેવ એક વખત વિહાર કરતા કરતા કૌશાંબીનગરીની બહાર આવી પહોંચ્યા.

કૌશાંબીનગરીમાં સુશાસન હતું. ત્યાંના રાજા પ્રજાવત્સલ અને ન્યાયપ્રિય હતા. એ કૌશાંબીનગરીમાં સમુદ્રદત્ત નામનો એક શ્રેષ્ઠી આવીને વસી ગયો હતો. તે વેપારીવર્ગ સાથે હળીભળી ગયો હતો. રાજદરબાર સુધી તેની પહોંચ હતી.

આઠમનો દિવસ હતો. સમુદ્રદત્તની શેઠાણીએ વ્રત કર્યું હતું. તે બહુ ઉતાવળ કરતી હતી. એક એક ક્ષણ તેને પહાડ જેવી લાગતી હતી. તેણે પોતાની દાસીને આદેશ આપ્યો : 'આજ મારે અષ્ટમીનું વ્રત છે. રાત્રે હું પાદરદેવીને નૈવેદ્ય ચઢાવવા જઈશ. પૂજાની સામગ્રી તૈયાર રાખજે.'

દાસી તો આશ્ચર્ય પામી વિચારવા લાગી 'આજ દિવસ સુધી કદી શેઠાણી પાદરદેવીને નૈવેદ્ય ચઢાવવા તો ગઈ નથી. આજે શું કારણ હશે ? વળી, નૈવેદ્ય માટે રાતનો સમય પસંદ કર્યો છે. પાદરદેવીનું મંદિર પણ ભયાનક જગાએ આવેલું છે.' રાત બરાબર જામતાં પૂજાસામગ્રી અને દાસીને સાથે લઈ સમુદ્રદત્તની પત્ની પાદરદેવીના મંદિરે પહોંચી. દાસીને બહાર જ ઊભી રાખી. શેઠાણી આજે કંઈક કરવા માગતી હતી, પણ તે જેને શોધતી હતી, જે સવારથી ભિક્ષાર્થે ફરી રહ્યો હતો તે શ્રમણ દેખાતો નહોતો. ઘણી તપાસને અંતે એક શ્રમણ ધ્યાનસ્થ દેખાયો. તેણે જોયું તો તે ધનદેવ હતો. સમુદ્રમાંથી તે કેવી રીતે બચ્યો અને હવે તે બગલા ભગત બનીને બેઠો છે. જો તે મને નગરમાં જોઈ જશે તો મારો ભાંડો ફોડી નાખશે એમ વિચારી સમુદ્રદત્તની પત્નીએ તેનો કાંટો જ કાઢી નાખવાનું નક્કી કર્યું.

તે ઉતાવળી ઉતાવળી બહાર ગઈ અને સૂકાં લાકડાં લાવી તપસ્વી ધનદેવની આસપાસ ગોઠવી દીધાં. દીવાની જ્યોતથી લાકડાં સળગાવ્યાં. ધનદેવ બળીને ભસ્મ થઈ ગયો. સમુદ્રદત્તની પત્ની આનંદથી ઘેર પાછી ફરી.

કૌશામ્બીમાં હાહાકાર મચી ગયો. આખા નગરમાં એક જ વાત ચર્ચાતી હતી કે કોઈ દુષ્ટે એક શ્રમણને બાળીને ભસ્મ કરી નાખ્યો. રાજાએ સાત દિવસમાં હત્યારાને શોધી કાઢવાનો આદેશ આપ્યો. ગુપ્તચરોએ તપાસ કરી ભાળ મેળવી તો એક સ્ત્રી પોતાની દાસીને લઈને તે રાત્રે પાદરદેવીના મંદિરે ગઈ હતી. છેવટે સમુદ્રદત્તની પત્નીને પકડી રાજા સમક્ષ ખડી કરી દીધી. રાજા પણ વિચારમાં પડી ગયો કે આવી કોમલાંગી સ્ત્રી આવું ભીષણ કૃત્ય કેવી રીતે કરી શકે ? રાજાએ સ્ત્રીયોચિત આદરથી પૂછતાછ કરી. સ્ત્રીએ કહ્યું, 'હું ધનદેવ નામના શ્રેષ્ઠીની પત્ની ધનશ્રી છું. મારા પતિને નંદક નામનો એક મિત્ર હતો. તેની અને મારી વચ્ચે પ્રેમસંબંધ બંધાતાં ધનદેવને મારી નાખવા મેં પહેલાં તેને ઝેર આપ્યું. પછી તેને દરિયામાં ફેંકી દીધો. માલથી ભરેલું જહાજ મારા પ્રેમી નંદકના હાથમાં આવ્યું. કૌશાંબી આવીને તે સમુદ્રદત્ત બનીને અહીં રહેવા લાગ્યો. એક દિવસ અચાનક મેં ધનદેવને મુનિવેશમાં નગરમાં ફરતો જોયો. મને લાગ્યું કે એ જીવતો બચી ગયો છે અને મને અહીં જોઈ જશે તો મારી પોલ ખુલ્લી પાડી દેશે. તપાસ કરતાં મને જાણવા મળ્યું કે મુનિ ધનદેવ પાદરદેવીના મંદિરમાં કાયોત્સર્ગ કરે છે. અષ્ટમીની રાત્રે મેં તેને સળગાવી દઈ નિરાંતનો શ્વાસ લીધો.'

રાજાએ તેને દેશનિકાલ કરી. ધનશ્રીના શરીરમાં અગ્નિશર્માનો આત્મા હતો અને ધનદેવમાં ગુણસેનનો જીવ હતો. જન્મ-જન્માંતરનો વૈરવિપાક અદૃશ્ય રૂપથી પોતાનું કાર્ય કરી રહ્યો હતો.

ભાઈએ ભાઈની હત્યા કરી : (પાંચમો ભવ) (જય અને વિજય) કાકન્દી નગરીમાં સુરતેજ નામનો રાજા હતો. તેની રાણી લીલાવતીએ જય અને વિજય નામના બે પુત્રોને જન્મ આપેલો. જય ગુણોની ખાણ જેવો હતો, તો વિજય અવગુણોની. બંને યુવાન થયા.

એક દિવસ અચાનક જ રાજા સુરતેજનું અવસાન થયું.

રાજકુમાર જયનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. રાજા જય એક રાત્રે સુખની નિદ્રામાં હતો ત્યારે સ્વપ્નમાં જોયું કે તેને એક મુનિરાજ ઉપદેશ આપે છે. આખી રાત રાજાએ મુનિના ઉપદેશનું પાન કર્યું.

સવારે જાગ્યો ત્યારે દ્વારપાલે આવીને ઉદ્યાનમાં સનત્કુમાર મુનિ પધાર્યા હોવાનું કહ્યું. રાજા જય સપરિવાર તેમને વંદન કરવા ગયો. ગુરુદેવે ધર્મવૃદ્ધિના આશીર્વાદ આપ્યા. રાજાના હૃદયમાં વૈરાગ્યભાવ જાગ્યો.

એક દિવસ માતા લીલાવતીએ જયની પાસે આવી વિજયની હરકતોની વાતો કરી. માતા તેનાથી વ્યથિત હતી તે જયે જોયું. જયે કહ્યું, 'વિજય જો રાજ્ય સંભાળી લેતો હોય તો હું છોડી દેવા તૈયાર છું.' માતાએ તેમ કરવાની ના કહેતાં એટલું જ કહ્યું : 'મારી ઇચ્છા તો એટલી જ કે તું એને યુવરાજ બનાવી દે.'

થોડા દિવસ પછી રાજા જયે રાજ્યત્યાગ કરી નાના ભાઈ વિજયનો રાજ્યાભિષેક કર્યો. જયે સિંહાસન છોડી ચારિત્રમાર્ગ ગ્રહણ કર્યો. જયને રાજ્ય છોડીને આનંદ મળ્યો, તો બીજાને સિંહાસન પ્રાપ્ત કરીને.

જય મુનિ દીક્ષા ગ્રહણ કરવા ઉપરાંત આગમ વગેરેનું જ્ઞાન પ્રાપ્ત કરીને વિહાર કરવા લાગ્યા. તેની સાથે સુમતિ મંત્રી વગેરે ઘણા મુનિ બન્યા હતા.

રાજમાતા લીલાવતી પણ વિરક્ત થઈને સાધ્વી બની ગઈ. એક સાધુસમૂહની સાથે વિહાર કરતાં કરતાં જય મુનિ તથા સાધ્વી લીલાવતી કાકન્દી નગરીમાં પધાર્યાં.

કાકન્દી નરેશ રાજા વિજયને વનપાલ દ્વારા મુનિસંઘના આગમનની જાણ કરવામાં આવી. રાજા વંદન કરવા આવ્યો. તેની સાથે તેનો પરિવાર પણ હતો. જય મુનિએ તેને શાંતિથી ઉપદેશ આપ્યો. વિજયે તે સાંભળ્યો પણ તેની ઉપર કોઈ અસર ન થઈ. તેણે વિચાર્યું કે મુનિ મને ઉપદેશ આપીને રાજ્યથી અળગો કરવાની જાળ બિછાવી રહ્યા છે. વિજયના આત્મામાં તો અગ્નિશર્માના ભવથી જ વેરના સંસ્કાર ભર્યા હતા. વિજયને તો મુનિના શબ્દો કડવા લાગ્યા. તે વખતે તો તે ત્યાંથી ઊઠીને ચાલતો થયો. પરંતુ તેના મનમાં તો ક્રોધાગ્નિ ભભૂકતો હતો.

જયમુનિ કાકન્દી નગરીની બહાર ઉદ્યાનમાં કાયોત્સર્ગ મુદ્રા ધારણ કરીને ધ્યાનમગ્ન બેઠા હતા. રાત્રિના ગાઢ અંધકારમાં શાંતિનો ભંગ કરતી વિજયની 'ગુરુદેવ ક્યાં છે ?' ની ગર્જના સંભળાઈ.

હાથમાં તલવાર લઈને વિજય જય મુનિને શોધતો ઉપાશ્રયમાં પહોંચી ગયો. ત્યાં થોડીવાર પછી કોઈ સાધુને ધ્યાનમગ્ન બેઠેલા તેણે જોયા. તલવારના એક ઘાથી તેણે મુનિનું માથું ધડથી જુદું કરી નાખ્યું.

હત્યા કરીને વિજય ત્યાંથી ચૂપચાપ ભાગી ગયો. સવારે હત્યાના સમાચાર વીજળીની ઝડપે કાકન્દીમાં ફેલાઈ ગયા. જેણે આ ઘટના જાણી તે સૌ શોકવિહ્વળ થઈ ગયા. મુનિસંઘ ત્યાંથી વિહાર કરી ગયો. સાધ્વી લીલાવતીએ અનશન કરી પોતાનું શ્રેય સાધ્યું.

થોડા દિવસમાં પાપ પ્રકાશવા લાગ્યું. વિજયનું શરીર અનેક રોગોથી ઘેરાઈ ગયું. પરિવારજનોએ પણ તેનો તિરસ્કાર કર્યો. મનુષ્યે પોતાનાં કર્મોનું ફળ ભોગવવું જ પડે છે. વિજય મરીને ચોથા નર્કમાં ગયો.

આમ ગુણસેનનો જીવ પોતાના આત્મગુણોની વૃદ્ધિ કરતો ઉપર ગયો અને નવમા દેવલોકમાં પહોંચ્યો. અગ્નિશર્માનો જીવ ક્રોધની જ્વાળામાં બળતો નીચે પડ્યો અને ચોથા નર્કમાં ગયો.

વફાદાર પતિ - બેવફા પત્ની (છઠ્ઠો ભવ) ધરણ અને લક્ષ્મી : માકન્દી નગરીના રાજમાર્ગ પર ધરણ અને દેવનંદીના રથ સામસામે આવીને ઊભા હતા. કોઈ કોઈને માર્ગ આપવા તૈયાર નહોતું. છેવટે કોઈકે તે બંનેને જૂઠા અભિમાનમાં ન રાચવા અને પોતાની કમાણી કરીને ગર્વ કરવા કહ્યું. એ સાંભળી બંનેએ પોતાના રથ પાછા વાળી લીધા.

ધરણ માકન્દી નગરના શેઠ બંધુદત્ત અને શેઠાણી હારપ્રભાનો પુત્ર હતો. તેનો વિવાહ કાર્તિક શેઠ અને તેની પત્ની જયાની પુત્રી લક્ષ્મી સાથે થયો હતો. આમ તો લક્ષ્મી ખરેખર લક્ષ્મી જ હતી. પરંતુ સમય જતાં તેનામાં દુર્ગુણ વધી ગયા.

વેરાન જંગલનું યક્ષમંદિર પથિકો માટે રાત વિતાવવાનું સ્થળ હતું. લોકો રાતભર ત્યાં રોકાઈને સવારે ચાલ્યા જતા. એક અંધારી રાતે એક ચોર હાથમાં ચોરેલા માલની પોટલી લઈને ત્યાં આવ્યો. તે ગભરાયેલો હતો. અંધારામાં તેને ઠોકર લાગતાં હાથ જમીન ઉપર ફેરવ્યો તો કોમલ ભુજાનો સ્પર્શ થયો. તે યક્ષની મૂર્તિ સમક્ષ ગયો. ત્યાં બળતા દીવાના પ્રકાશમાં જોયું તો એક સ્ત્રી જાગી ગઈ હતી. તે સ્ત્રીએ ચોર પાસે જઈને 'તું કોણ છે અને ત્યાં કેમ આવ્યો છે ?' વગેરે પૂછ્યું.

ચોરે સ્ત્રીની આંખોમાં કામમદ ઝરતો જોયો. ચોરે કહ્યું : 'મારું નામ ચંડરુદ્ર છે. હું રાજાના મહેલમાંથી ચોરી કરીને નીકળ્યો ત્યારે તેના પહેરેગીરોએ મને જોયો. ત્યાંથી ભાગીને લપાતો-છુપાતો અહીં સુધી આવી પહોંચ્યો છું. પહેરેગીરો મારી પાછળ આવે છે. તેઓ મને પકડીને લઈ જશે. પણ તું કોણ છે અને મારી તરફ કેમ આકર્ષિત થઈ રહી છે ?'

સ્ત્રીએ ઉત્તર આપ્યો : 'હું માકન્દી નગરના ધરણની પત્ની લક્ષ્મી છું. આમ તો માતાપિતાએ મારાં લગ્ન એની સાથે કરી જ દીધાં છે પણ મને તે જરાય ગમતો નથી. જો તું મને પત્ની બનાવે

તો હું તને બચાવું.'

લક્ષ્મીની વાત સાંભળી ચોરની આંખમાં ચમક આવી ગઈ. તેણે કહ્યું : 'જલ્દી ઉપાય બતાવો.' સ્ત્રીએ કહ્યું : 'આ પોટલી લઈ તું સૂતેલા ધરણ પાસે મૂકી દે. હું અને તું બંને પતિ-પત્ની બનીને નીકળી પડીએ.'

ચંદ્રચૂડ ચોરે એક ક્ષણ વિચાર કર્યો. લક્ષ્મીને માથાથી પગ સુધી સોનાનાં ઘરેણાંથી લદાયેલી જોઈ નુકસાનનો સોદો નથી એમ વિચાર્યું. પોટલીમાં જેટલાં ઘરેણાં હતાં તેનાથી વધારે તે સ્ત્રીના શરીર પર હતાં. ચોરે પોટલી ધરણની પાસે મૂકી દીધી. પછી બંને જણ યક્ષમંદિરની બહાર નીકળી ગયાં. ચોરે રસ્તામાં લક્ષ્મીને પૂછ્યું : 'તું અને ધરણ ત્યાં કેવી રીતે આવી ગયાં હતાં ?' લક્ષ્મીએ કહ્યું : 'ધરણ આમ તો એક મોટા શેઠનો પુત્ર છે. પરંતુ માકન્દી નગરીમાં બીજા એક યુવાન સાથે તેને શરત લાગી. તેથી ધનોપાર્જન માટે મને સાથે લઈને તે પોતાના કાફલા સાથે નીકળ્યો. માર્ગમાં તેણે એક વિદ્યાધરને આકાશગામી વિદ્યા સિદ્ધ કરવામાં સહાય કરી તેથી વિદ્યાધરે તેને ઘા મટાડવા માટેની દવા બતાવી તેનો બદલો ચૂકવી આપ્યો. ત્યાંથી આગળ ચાલતાં તેને જંગલમાં કાલસેન નામનો એક પલ્લીપતિ મળ્યો. તે કોઈ પ્રહારથી ઘાયલ થઈને ઊંહકારા કરતો હતો. ઘાની પીડા તેનાથી સહન થઈ શકતી નહોતી તેથી આત્મહત્યા કરવાના નિર્ણય પર આવી ગયો હતો. ધરણે તેનો ઘા મટાડી દીધો. પછી તે બંને મિત્રો બની ગયા. ત્યાંથી આગળ જતાં મૌરિક નામના ચાંડાલને દસ હજાર સોનૈયાને કારણે મૃત્યુદંડ થયો હતો. તેને ધન આપીને છોડાવ્યો. આ રીતે ફરતાં ફરતાં અમે અચલપુર પહોંચ્યાં. ત્યાં બહુ ધન કમાયાં. ત્યાંથી આગળ ચાલ્યાં. કાદંબરી વનમાં એમનો સાર્થ લૂંટાયો અને અમે બંને સાથીઓથી છૂટાં પડી ગયાં. માર્ગમાં હું ખૂબ તરસી થઈ. ધરણે પોતાના પેટમાં કટાર મારી. મેં એના લોહીથી પોતાની તરસ મટાડી. વ્રણારોહણ ઔષધિથી એનો ઘા ભરાઈ ગયો. ત્યાંથી ભટકતાં અમે આ યક્ષમંદિરમાં પહોંચ્યાં.' ધરણની પત્ની લક્ષ્મીએ પોતાની સઘળી વાત ચોરને કહી દીધી.

ચોરને વિચાર આવ્યો 'જે સ્ત્રી પોતાના પતિની ન થઈ તે ઉપપતિની કેવી રીતે થાય ?' તેણે તત્કાલ નિર્ણય કરી લીધો. એક ઝાડ પાસે ઊભા રહીને તેણે લક્ષ્મીને ઘરેણાં ઉતારી આપવા કહ્યું. લક્ષ્મીએ એમ કરવાનું કારણ પૂછ્યું ત્યારે ચોરે પોતાને કોઈની ઉપર ભરોસો ન હોવાનું કહ્યું. ચોરે એ પણ કહ્યું : 'તે જો પતિ સાથે વિશ્વાસઘાત કરી શકતી હોય તો તેની(ચોરની) તો શું હાલત કરે ?'

લક્ષ્મીએ તેની તરફ પ્રેમ દર્શાવ્યો પણ ચોરે ઘરેણાં આપી દેવાનો જ આગ્રહ રાખ્યો. ચોરે બધાં ઘરેણાં ઉતારી લીધાં અને લક્ષ્મીને મૂઢ માર મારીને છોડીને ચાલ્યો ગયો. બિહામણા જંગલમાં એકલી અટૂલી લક્ષ્મી આંસુ સારતી રહી ગઈ.

ધરણ તો યક્ષમંદિરમાં તેની આજુબાજુ રચાયેલા કારસ્તાનથી અજાણ્યો હતો. તેને દુર્ભાગ્યે ચારે બાજુથી ઘેરી લીધો હતો. લક્ષ્મી અને ચોરના ચાલ્યા ગયા બાદ થોડી વારે પહેરેગીરો આવ્યા અને ચોરીના માલ સહિત ધરણને પકડી ગયા. પુરાવો મજબૂત હતો તેથી રાજાએ તરત જ પ્રાણદંડની સજા સંભળાવી દીધી. ધરણ સજા સાંભળી ફાંસીના માંચડા નજીક જઈ ઊભો. ચાંડાલે તેને પોતાના ઈષ્ટદેવનું સ્મરણ કરી લેવાનું કહ્યું. ધરણે નવકાર મંત્રનું ધ્યાન ધર્યું. થોડીવારમાં ચમત્કાર થયો. ફાંસી દેનાર ચાંડાલ ધરણના પગમાં પડી ગયો અને બોલ્યો : 'ઉપકારી ધરણ, મને તમે ઓળખ્યો નહીં ! હું મૌરિક છું, જેને તમે દસ હજાર સોનૈયા આપીને છોડાવ્યો હતો ! હું તમને મારી શકતો નથી. તમે અહીંથી જતા રહો.' મૌરિકે ધરણને ભગાડી મૂક્યો. ત્યાંથી નીકળીને ધરણ નદીકિનારે આવ્યો. ત્યાં બેઠાં બેઠાં તેણે વિચાર કર્યો કે ચોર લક્ષ્મીને ઉઠાવી ગયો હશે અને પોતાની પોટલી મારી પાસે મૂકી ગયો હશે. બળાત્કારપૂર્વક તેને પોતાની પત્ની પણ બનાવી શકે. ચોર તો માલના ગ્રાહક હોય છે, જીવના નહીં.' ધરણે ચારે તરફ તપાસ કરી. તેણે ફાટેલાંતૂટેલાં કપડાંમાં લક્ષ્મીને જોઈ. લક્ષ્મીએ તેને ચોર લઈ ગયાનું કહ્યું. ઘરેણાં લૂંટી મારીને ચાલ્યા ગયાનું પણ કહ્યું. ધરણે તેની વાત પર વિશ્વાસ કરી લીધો અને પોતાની આપવીતી તેને સંભળાવી.

ત્યાંથી ધરણ અને લક્ષ્મી આગળ ચાલ્યાં. તેમણે દન્તપુર નગર જોયું. ધરણે લક્ષ્મીને ત્યાં મૂકીને ધન કમાવા નગરપ્રવેશ કરવાનું વિચાર્યું. ધરણ વિચારતો હતો એવામાં જ ભીલોની ટોળી બંનેને પકડી પલ્લીપતિ પાસે લઈ ગઈ. પલ્લીપતિએ તેમને દૂરથી જોઈને બંધનમુક્ત કરવાનો હુકમ કર્યો. ધરણને જોઈને પલ્લીપતિએ વિચાર કર્યો કે આ વ્યક્તિએ તો મારો ઘા રુઝાવીને મારી જિંદગી બચાવી હતી. પલ્લીપતિએ કહ્યું : 'સાર્થપતિ ધરણ, તમારી આ દશા ?' ધરણે કહ્યું : 'હા પલ્લીપતિ, આ બધા ભાગ્યના ખેલ છે.' પલ્લીપતિએ સાર્થના સમાચાર પૂછ્યા. ધરણ ચૂપ રહ્યો પણ લક્ષ્મીએ કડવાં વેણ કહ્યાં. પલ્લીપતિએ ક્ષમા માગી. પલ્લીપતિ કામસેને લૂંટેલો બધો માલ પાછો આપ્યો.

ધરણ થોડા દિવસ પછી પોતાના ગામ માકન્દી તરફ ચાલી નીકળ્યો. સાથે લક્ષ્મી પણ હતી. પરંતુ રસ્તામાંથી જ તે ક્યાંક ગાયબ થઈ ગઈ. ઘણા પ્રયાસ કરવા છતાં તે ન મળી. દુઃખી ધરણ માકંદી આવ્યો. ધરણને હવે દેવનંદી સાથે રથની સ્પર્ધામાં રસ નહોતો.

થોડા સમય પછી ધરણ માકંદી નગરીને છોડીને ચાલ્યો ગયો. વૈજયન્તી નગરીમાં જઈ ખૂબ ધન કમાયો અને ત્યાંથી સમુદ્રમાર્ગે આગળ પ્રયાણ કર્યું. સમુદ્રમાં ભયંકર તોફાન આવ્યું. વહાણ ભાંગી ગયું. ધરણ એક લાકડીના સહારે તરતો તરતો સુવર્ણદ્વીપના કિનારે નીકળ્યો. ત્યાં પણ ધરણ ધન કમાયો. સોનાની

ઈંટો પર પોતાનું નામ અંકિત કરાવ્યું. દસ હજાર ઈંટો એકત્ર થઈ જતાં તેને ઘરની યાદ આવી. તે રોજ સમુદ્રકિનારે જઈ સ્વદેશ પહોંચી શકાય તેવા વાહનની પ્રતીક્ષા કરવા લાગ્યો.

તેની પ્રતીક્ષા સફળ થઈ. એક દિવસ સુવદન નામનો ચીની વહાણવટી દેખાયો. સમુદ્ર ઉપર તરતા તેના વહાણને જોઈ ધરણને આનંદ થયો. વાહન કિનારે આવ્યું. સુવદન ઊતર્યો. ધરણે તેની સાથે વાતચીત કરી. ભાડું નક્કી કરી, પોતાની દસ હજાર સોનાની ઈંટો મુકાવીને ધરણ વહાણમાં બેસી ગયો. વહાણ ઊપડ્યું.

સંજોગવશાત્ એ જ જહાજમાં બેઠેલી એક સ્ત્રીને ધરણે જોઈ. નજીક જઈ તેણે જોયું તો તે લક્ષ્મી હતી. તેણે (લક્ષ્મીએ) સ્ત્રીસહજ ચાલાકીથી ધરણને કહ્યું : 'પતિદેવ, જંગલમાં હું તમારાથી પાછળ રહી ગઈ. મેં તમને બૂમો પાડી પણ તમે તે ન સાંભળી. તમારી પાછળ દોડી. છેવટે બેભાન થઈ ગઈ. ભાનમાં આવ્યા પછી આ વહાણના માલિકને માકન્દી સુધી પહોંચાડવા વિનંતી કરી. મારા નસીબે તમે મળી ગયા. મારો જન્મ સફળ થઈ ગયો.'

લક્ષ્મીની વાત સાંભળી ધરણ એની મોહજાળમાં ફસાઈ ગયો. પોતાને કારણે લક્ષ્મીને પડેલા દુઃખથી તે દુઃખી થયો. લક્ષ્મીએ તેને સાંત્વન આપ્યું કે વીતેલી વાતનો ખેદ ન કરો. ધરણને સંતોષ થયો. બંનેનું જીવન ફરીથી ઠીક ઠીક ચાલવા લાગ્યું.

રસ્તામાં એક જગ્યાએ વહાણ થોભ્યું. જલદેવીએ પોતાનો ભોગ માગ્યો. બીજા લોકો મૂંગા રહ્યા પણ ધરણે પોતાના પ્રાણ આપવાની તૈયારી બતાવી. પરોપકારી તરત જ પાણીમાં કૂદી પડ્યો. એ જ વખતે આકાશમાર્ગે હેમકુંડલ નામનો એક વિદ્યાધર જઈ રહ્યો હતો. એક મનુષ્યને તેણે સમુદ્રમાં પડતો જોયો. દયાવશ તેને પાણીમાંથી બહાર કાઢ્યો. ધરણને જોતાં જ વિદ્યાધર તેને ઓળખી ગયો કે આ તો જેણે મને આકાશગામી વિદ્યા પ્રાપ્ત કરવામાં મદદ કરી હતી તે છે. હેમકુંડલ તેને પોતાના નગરમાં લઈ ગયો. થોડા દિવસ પછી ધરણને તેણે દેવપુર નગરની સીમા પર પહોંચાડી દીધો. વિદાય વખતે વિદ્યાધરે ઘણાં રત્નો ધરણને ભેટમાં આપ્યાં.

દેવપુરમાં ધરણ ટોપ નામના શેઠને ત્યાં આનંદથી રહેવા લાગ્યો. શેઠને ત્યાં ચીની યાત્રીઓ આવતા રહેતા હતા. એક વખત તેણે સાંભળ્યું કે સુવદન નામના વહાણપતિનું વહાણ કિનારે લાંગર્યું છે. ધરણ વહાણ પાસે આવ્યો અને સુવદન અને લક્ષ્મીને જોઈ આનંદિત થયો. સુવદન અને ધરણે પરસ્પર ક્ષેમકુશળ પૂછ્યા.

લક્ષ્મીએ ઉપર ઉપરથી આનંદ બતાવ્યો પરંતુ મનમાં વિચાર્યું કે આ કાંટો ક્યાંથી આવી ગયો. સુવદન અને ધરણની વાતોમાં જ રાત પડી ગઈ. ધરણ જવા તૈયાર થયો ત્યારે લક્ષ્મીએ તેને આગ્રહપૂર્વક રોક્યો. ધરણ સાગરકિનારે સૂઈ રહ્યો હતો. તેની પાસે સુવદન પણ સૂતો હતો. લક્ષ્મી પણ નજીક જ સૂતી હતી. પણ તેને ઊંઘ આવતી નહોતી. તે તો ધરણને મોતને ઘાટ ઉતારવા કૃતસંકલ્પ હતી. સુવદન પણ લક્ષ્મીના કાવત્રામાં સામેલ હતો.

ગાઢ અંધકારમાં લક્ષ્મી અને સુવદને દોરડાનો ફંદો બનાવી ધરણના ગળામાં નાખ્યો. પણ એમ કરતાં લક્ષ્મીની આંગળીઓ ધરણના ગળાને સ્પર્શી ગઈ. ધરણની ઊંઘ ઊડી ગઈ. તેણે જોયું કે લક્ષ્મીએ ફાંસીનો ફંદો ગળામાં ભીડી દીધો છે. સુવદને દોરડું ખેચ્યું, ધરણની જીભ બહાર નીકળી ગઈ પણ તે જીવિત રહ્યો. સુવદન અને લક્ષ્મીએ ધરણને દરિયામાં ફેંકી દીધો. પણ ભાગ્યે ધરણને બચાવી લીધો. પાણીમાં પડતાં જ તેણે ગળાનો ગાળિયો ઢીલો કરી નાખ્યો. સમુદ્રનાં મોજાંએ તેને કિનારે ફેંકી દીધો. કિનારે પડ્યો પડ્યો તે સ્ત્રીની બેવફાઈ અંગે વિચારવા લાગ્યો.

અર્ધી રાત્રે તે ભીનાં કપડે ઘેર ગયો તો શ્રેષ્ઠી ટોપને આશ્ચર્ય થયું. ઘણા આગ્રહ પછી ધરણે બધી બીના શ્રેષ્ઠીને કહી. સવારે શ્રેષ્ઠિએ રાજાને ફરિયાદ કરી. રાજાએ સુવદન અને લક્ષ્મીને પકડી મંગાવ્યાં. લક્ષ્મી અને સુવદને પોતે પતિ-પત્ની હોવાનું કહ્યું. લક્ષ્મીએ ધરણ કોઈ માયાવી હોવાનું રાજાને કહ્યું. સુવદને પણ ધરણને જોયાનો ઈન્કાર કર્યો. રાજાએ સૈનિકો પાસે સોનાની ઈંટો મંગાવી તેને તોડાવી તો અંદર 'ધરણ' નામ લખેલું હતું. છેવટે બંનેની પોલ ખૂલી ગઈ. રાજાએ સુવદનની તમામ સંપત્તિ જપ્ત કરી ધરણને આપી દીધી અને સુવદન અને લક્ષ્મીને પ્રાણદંડની સજા ફરમાવી. છેવટે ધરણની વિનંતીથી તેમને પ્રાણદંડ ન દેતાં, દેશનિકાલ કર્યાં. ધરણે તે બંનેને જતી વખતે આઠ લાખ સુવર્ણમુદ્રાઓ આપી. છતાં લક્ષ્મીના હૃદયમાં ધરણ પ્રત્યે રજમાત્ર સદ્‌ભાવ ઉત્પન્ન ન થયો.

ધરણ માકંદી નગરી પાછો ફર્યો. પિતાએ લક્ષ્મી વિશે પૂછપરછ કરી. ધરણે પોતાની સંપત્તિ તેમની પાસે મૂકી દીધી. ધરણે લક્ષ્મી વિશે વાત કરી ત્યારે પિતાએ બીજી સ્ત્રી પરણવા કહ્યું. પણ ધરણ ન માન્યો. થોડા સમય પછી અહિદત્ત મુનિરાજ માકંદી નગરીમાં પધાર્યા. તેમની દેશના સાંભળી ધરણને વૈરાગ્ય આવી ગયો. તેણે સંયમ ગ્રહણ કરી લીધો.

સંધ્યા સમયે તામ્રલિપ્તિ નગરની બહાર બગીચાની બહાર એક મુનિ કાયોત્સર્ગ કરી રહ્યા હતા. અચાનક બગીચામાંથી એક સ્ત્રીની 'બચાવો, બચાવો' એવી બૂમ ઊઠી. રાજ્ય કર્મચારીઓ દોડીને આવ્યા. એ સ્ત્રીને ચીસો પાડવાનું કારણ પૂછ્યું. સ્ત્રીએ સાધુની તરફ સંકેત કરીને કહ્યું : 'પેલા સાધુએ મારાં ઘરેણાં લૂંટી લીધાં છે. તમને આવતા જોઈ કાયોત્સર્ગનો ઢોંગ કરીને ઊભો છે.'

પહેરેગીરોએ જોયું તો ઘરેણાં મુનિ પાસે પડ્યાં હતાં. તેમણે મુનિને તું કોણ છે એમ પૂછ્યું. અનેકવાર પૂછવા છતાં સાધુનું મૌન ન તૂટ્યું. નિરાશ થઈને સાધુને રાજા પાસે લઈ જવામાં આવ્યો. રાજાએ તો વિવેક વાપર્યા વગર જ સાધુને ફાંસીની સજા ફરમાવી દીધી. મુનિને નગરમાં ફેરવીને પહેરેગીરોએ ફાંસીના

માંચડા પાસે ઊભા રાખ્યા. ચાંડાલ ફાંસીની તૈયારી કરવા લાગ્યો.

પણ થોડી વારમાં આકાશવાણી થઈ કે 'મુનિ નિર્દોષ છે. તેને ન મારો.' સેવકોએ એ ઘટના રાજાને કહી તો રાજા દોડીને મુનિના ચરણોમાં પડી ગયો. મુનિ તો મૌન હતા. તે મુનિ ધરણ હતા અને સ્ત્રી તે લક્ષ્મી. સુવદનની સાથે લક્ષ્મી તામ્રલિપ્તિ નગરીમાં નિવાસ કરતી હતી. ધરણ મુનિને ઉદ્યાનમાં એકલા જોઈ તેણે પોતાનાં ઘરેણાં મુનિના ચરણોમાં નાખી દીધાં અને બૂમો પાડવા લાગી. લક્ષ્મીએ તો પોતાના કાર્યમાં કંઈ કમી ન છોડી, પણ વનદેવીએ સત્ય જાહેર કરી ધરણમુનિને બચાવી લીધા.

રાજાએ લક્ષ્મીને પકડી લાવવા આદેશ આપ્યો. સેવકોએ નગરમાં તપાસ કરી પણ તેનો પત્તો ન લાગ્યો. તે નગર છોડીને ભાગી ગઈ હતી. સેવકોએ સુવદનને પકડી રાજા સમક્ષ હાજર કર્યો. સુવદનને રાજાએ મૃત્યુદંડની ધમકી આપી તો તેણે પોતાના અને લક્ષ્મીના સંબંધો અંગેની વાત સ્પષ્ટ કરી દીધી. લક્ષ્મીના વિયોગથી અને તેની બેવફાઈથી સુવદનના મનમાં વિરક્તિ પેદા થઈ અને તે સાધુ થઈ ગયો.

લક્ષ્મીનાં કરતૂતો બહાર પડી ચૂક્યાં હતાં. વનમાં તે એકલી ભટકવા લાગી. જંગલમાં એક વાઘે તેને ફાડી ખાધી. તેનો જીવ પાંચમા નરકમાં ચાલ્યો ગયો. ધરણ શ્રમણ ધર્મનું પાલન કરતા કરતા દેવલોકમાં ઉત્પન્ન થયા.

આમ ગુણસેનનો જીવ ભવ-ભવમાં ઉન્નતિ કરતો ગયો અને અગ્નિશર્માનો જીવ નિમ્ન કોટિમાં ઊતરતો ગયો.

સેન અને વિષેણ (સાતમો ભવ) સેન અને વિષેણ પિત્રાઈ ભાઈઓ હતા.

ચંપાપુરીના રાજા અમરસેન. તેની રાણી જયસુંદરી. પુત્ર સેન. રાજાના નાનાભાઈ હરિષેણ અને તેની પત્ની હરિપ્રભા. પુત્ર વિષેણ હતો. હરિષેણ યુવરાજ હતો. બંને ભાઈઓ વચ્ચે ઘનિષ્ઠ પ્રેમ હતો. પરંતુ સેન અને વિષેણના સ્વભાવમાં આસમાન-જમીનનો તફાવત હતો.

એક વખત સોમા નામની વિદુષી સાધ્વીની દેશના સાંભળી અમરસેનને વૈરાગ્ય ઉત્પન્ન થયો. પોતાના નાનાભાઈને રાજ્ય સોંપીને તેણે દીક્ષા લીધી. હરિષેણ રાજાની નજરમાં તો સેન અને વિષેણ સરખા જ હતા પણ વિષેણ પોતાને રાજ્યનો ઉત્તરાધિકારી માનવા લાગ્યો.

સેન અને વિષેણ બંને યુવાન થયા. સેન સદ્‌ગુણી થતો ગયો, વિષેણ દુર્ગુણી. વિષેણ કોઈ પણ રીતે પોતાના માર્ગમાંથી સેનને હટાવવા માગતો હતો. પરંતુ રાજ્યનો વૃદ્ધ મંત્રી સેનની રક્ષા કરતો હતો. એક વખત વયોવૃદ્ધ મંત્રીએ આમ્રફલ નામના જ્યોતિષીને રાજ્યના ઉદ્યાનમાં અચાનક આવેલા પરિવર્તન વિશે પૂછ્યું. જ્યોતિષીએ ફળકથન કરતાં કહ્યું : 'એ પરિવર્તન ચંપાનગરીના રાજાનો પરાભવ સૂચવે છે. કોઈ શત્રુ રાજા આ પ્રદેશનો શાસક થશે.' મંત્રી ચિંતામાં પડી ગયા. જ્યોતિષીએ આગળ જણાવ્યું : 'ચંપાનો પરાભવ કાયમી નહીં હોય.' મંત્રીની ચિંતા ઓછી થઈ. આ વાર્તાલાપ ચાલતો હતો એવામાં સેવકે આવી મંત્રીને રાજા બોલાવતા હોવાનું કહ્યું. સેવકને રવાના કરી પોતે આવે છે એમ કહ્યું. પછી મંત્રીએ જ્યોતિષીને બોલાવવા અંગેનું કારણ પૂછ્યું. જ્યોતિષીએ કહ્યું : 'રાજાની પાસે કોઈ દૂત વિવાહનું શ્રીફળ લઈને આવેલ છે. જે કુમારને માટે આ શ્રીફળ સ્વીકારાશે તે બહુ જ ભાગ્યશાળી હશે અને ચંપાનો ઉદ્ધાર કરશે.' પછી મંત્રી રાજા પાસે ગયા.

રાજા હરિષેણે મંત્રીને આદર આપી બેસાડ્યા. તેમને કહ્યું : 'રાજ્યપુરના રાજા શંખનો દૂત આવ્યો છે. રાજાએ પોતાની પુત્રી શાંતિમતિ માટે વરની યાચના કરતાં કહેવડાવ્યું છે કે સેન અથવા વિષેણ ગમે તે એક કુમાર માટે શ્રીફળનો સ્વીકાર કરશો.' મંત્રીને તેમની સંમતિ આપવા પૂછ્યું. વૃદ્ધ મંત્રીએ રાજાની ઇચ્છા પૂછી. રાજાએ સેન માટે શ્રીફળ સ્વીકારવાની ઇચ્છા બતાવી વૃદ્ધ મંત્રીની સલાહ અનુસાર કરવાનો અભિપ્રાય આપ્યો.

વૃદ્ધ મંત્રીએ રાજાના સૂરમાં સૂર પુરાવ્યો. હરિષેણ રાજાએ સેન માટે શ્રીફળ સ્વીકાર્યું અને તે મુજબનો પત્ર દૂતને આપ્યો. સેન અને શાંતિમતિ પતિ-પત્ની બન્યાં. ચંપાનગરી આનંદિત થઈ ઊઠી. પણ વિષેણના અંતરમાં ઈર્ષ્યાની આગ બળવા લાગી. વિષેણે સેનને મારવા અનેક પ્રયત્નો કર્યા પણ તે નિષ્ફળ ગયો. તેથી તે વધુ ને વધુ ષડ્‌યંત્રો રચવા લાગ્યો. કોઈ પણ રીતે તે સેનનો કાંટો કાઢવા માગતો હતો.

સેનકુમાર પોતાના મહેલમાં બેઠો બેઠો આનંદ કરતો હતો તે વખતે તેની પાસે ચાર તાપસે આવી તમારી પાસેથી ખાસ સલાહ લેવાની હોઈ બગીચામાં ચાલો એમ કહ્યું. કુમાર તેમની સાથે ગયો અને પૂછ્યું : 'શું સલાહ લેવી છે ?' એટલીવારમાં બે તાપસ આગળ અને બે તાપસ પાછળ ગોઠવાઈ ગયા. પાછળના તાપસોમાંથી એકે તલવારનો ઘા કુમારની કાંધ પર કર્યો. કુમારે સાવધાન થઈ તાપસના હાથમાંથી તલવાર છીનવી લીધી. એ દરમિયાન બાકીના ત્રણેય તાપસોએ તલવાર બહાર કાઢી હતી. એક બાજુ કુમાર અને બીજી તરફ ચારેય તાપસો. તલવારબાજી શરૂ થઈ. કુમારે ચારેય તાપસોને ભોંય ભેગા કરી દીધા. સેવકોએ આવી તાપસોને પકડી હરિષેણ સમક્ષ ખડા કરી દીધા.

રાજાએ તાપસોને તેઓ કોણ છે અને કુમાર સાથે કઈ શત્રુતા છે તે કહેવા કહ્યું. શરૂઆતમાં તાપસોએ કોઈ શત્રુતા ન હોવાનું કહ્યું. છેવટે હરિષેણે તેમને ફાંસીનો હુકમ ફરમાવ્યો ત્યારે તાપસો બોલી ગયા કે કુમાર વિષેણે સેનના પ્રાણ લેવા અમને

મોકલ્યા હતા. એ સાંભળી રાજાએ કુમાર વિષેણને પકડી લાવવા હુકમ કર્યો. હરિષેણે જાહેર કર્યું કે જો અપરાધ પુરવાર થશે તો વિષેણને પણ ફાંસી અપાશે. એ સાંભળી સેન આશ્ચર્યચકિત થઈ ગયો. વિષેણ આખરે તો ભાઈ હતો. સેને કાકાને હાથ જોડીને વિનંતી કરી કે વિષેણને માફ કરવામાં આવે. હરિષેણે તેને માફી આપી.

થોડા સમય પછી કુમાર સેન સાજો થઈ ગયો. એ પછી એક દિવસ હસ્તિશાળાનો એક હાથી સાંકળ તોડાવીને ભાગી છૂટ્યો. દોડધામ મચી ગઈ. મહાવતોથી તે કાબૂમાં ન આવ્યો. છેવટે કુમાર સેને તેને વશ કર્યો. એ સાંભળી વિષેણ ઈર્ષ્યાથી બળી ઊઠ્યો.

બીજે દિવસે સેન પોતાની પત્ની શાંતિમતિ સાથે બેસી એક જગ્યાએ આનંદવિનોદ કરતો હતો ત્યાં હાથમાં ખુલ્લી તલવાર લઈ વિષેણ આવ્યો. સેન ચેતી ગયો. તેણે વિષેણનાં હાથમાંથી તલવાર પડાવી લઈ તેને ધક્કો માર્યો. વિષેણ પડી ગયો. રાજયના સેવકોએ આવી વિષેણને પકડી લીધો. પરંતુ સેને તેને છોડાવ્યો.

વિષેણના ગયા પછી સેન ચિંતિત થઈ ગયો. શાંતિમતિએ પતિને તેની ઉદાસીનું કારણ પૂછ્યું. સેને વિષેણની પ્રવૃત્તિઓમાં દુર્ગુણ આવી ગયાનું કહ્યું. કદાચ વિષેણના વધનું નિમિત્ત પોતે બની જાય એવી ભીતિ સેનને લાગી. એણે ચંપાનગર છોડવાનો વિચાર કર્યો.

શાંતિમતિએ પતિની ઇચ્છાને શિરોધાર્ય માની. પતિ-પત્ની બંને રાતની નીરવ શાંતિમાં ચાલી નીકળ્યાં અને ચંપાનગરીની સીમા છોડી દીધી.

ચંપાનગરીની સીમાની પાસેથી જ એક વણઝાર જઈ રહી હતી. સાર્થવાહે શાંતિમતિ અને સેનને જોયાં. તેણે પાસે આવીને પોતાનું નામ સાનુદેવ હોવાનું અને પોતે રાજપુરનો સાર્થવાહ હોવાનું કહ્યું. તેણે 'શાંતિમતિ અમારા રાજા શંખની પુત્રી છે. તમે આ દશામાં કેવી રીતે ?' એમ પૂછ્યું ત્યારે સેને પોતાની આપવીતી સંભળાવી. કુમાર સેન અને શાંતિમતિ સાર્થવાહ સાનુદેવની સાથે તામ્રલિપ્તિ તરફ ચાલી નીકળ્યાં.

(પોઠ)વણઝાર જઈ રહી હતી એવામાં જંગલમાં લૂંટારાઓએ સાર્થને લૂંટ્યો. સેને લૂંટારાઓને પડકાર્યા અને તેમને ઘાયલ કરી ભગાડી મૂક્યા. છેવટે લૂંટારાઓએ લૂંટેલું ધન સાર્થવાહને પાછું આપ્યું અને સેનને એક ત્રિશૂલ ભેટ આપ્યું. એ ત્રિશૂલથી થયેલો ઘા કદી રુઝાતો નહોતો.

આ ઘટના દરમિયાન શાંતિમતિ વિખૂટી પડી ગઈ. સાર્થ અને ભીલોએ ઘણી તપાસ કરી પરંતુ તેનો પત્તો ન લાગ્યો. છેવટે સાર્થ આગળ નીકળી ગયો અને રાજકુમાર પલ્લીપતિની પાસે જ રોકાઈ ગયો.

વિશ્વપુર રાજ્યની સરહદ પણ દંતરક્તિકા જંગલની પાસે જ હતી. પલ્લીપતિ એ રાજ્યમાં લૂંટફાટ કરતો હતો. તેમનો નાશ કરવા માટે વિશ્વપુરની સેનાએ આક્રમણ કર્યું. રાજકુમાર અને પલ્લીપતિ પકડાઈ ગયા. સૈનિકોએ એમને બાંધીને વિશ્વપુરના રાજા સમરકેતુ સમક્ષ રજૂ કર્યા.

સમરકેતુ અપરાધીઓને સજા કરવા સિંહાસને બેઠા હતા. એ વખતે સાર્થવાહ સાનુદેવ રાજાને કિંમતી ભેટ આપવા આવ્યો. કુમારને બંદીવાન જોઈને તેને બહુ દુઃખ થયું અને નિશ્ચેત થઈ પડી ગયો. રાજા સમરકેતુએ તેનો ઉપચાર કરાવ્યો. તેને મૂર્છા વળી. રાજાએ મૂર્છાનું કારણ પૂછ્યું. સાર્થવાહે કુમાર સેન તરફ સંકેત કરીને મૂર્છાનું કારણ કહ્યું. વળી તેણે કુમાર ચંપાનગરીનો યુવરાજ સેન હોવાનું કહ્યું. રાજાએ યુવરાજ ચોરોની પલ્લીમાં કેવી રીતે પહોંચી ગયો એમ પૂછ્યું. ત્યારે સાર્થવાહે સમગ્ર બીના કહી.

રાજાએ એ બંનેને બંધનમુક્ત કર્યા પલ્લીપતિને જવાની આજ્ઞા આપી. કુમારને મિત્ર તરીકે પોતાની પાસે રાખ્યો. સાર્થવાહ પણ મહારાજનું અભિવાદન કરી ચાલ્યો ગયો.

સેનકુમાર વિશ્વપુરમાં સુખી હતો પરંતુ તેને શાંતિમતિની યાદ સતાવતી હતી. એક દિવસ સોમસૂર નામના એક માણસે આવીને પોતે શાંતિમતિની ખબર લાવ્યો હોવાનું કહ્યું. સેને તેનું ઠેકાણું પૂછ્યું. સોમસૂરે તેને પ્રિયમેલક તીર્થના ઋષિ આશ્રમમાં હોવાનું કહ્યું. કુમાર અને પલ્લીપતિ પ્રિયમેલક તીર્થ જવા ઊપડ્યા.

બન્યું એવું હતું કે જ્યારે પલ્લીપતિ અને સેન લડી રહ્યા હતા. ત્યારે સાર્થમાં ભાગદોડ મચી ગઈ હતી. તે વખતે શાંતિમતિ પણ જંગલમાં જઈને છુપાઈ ગઈ. શાંતિ થઈ ગયા પછી શાંતિમતિએ જોયું તો પોતે માર્ગ ભૂલી ગઈ હતી. પતિની ખૂબ તપાસ કરી પણ વ્યર્થ. છેવટે નિરાશ થઈ ગળામાં દોરડું નાંખી એક ઝાડ પર લટકી ગઈ. પણ દોરડું જ તૂટી ગયું અને તે બેભાન થઈ નીચે પડી. થોડીવાર પછી ત્યાંથી એક ઋષિપુત્ર પસાર થયો. ભાનમાં આવતાં જ શાંતિમતિ રડવા લાગી હતી. ઋષિકુમારે તેને આશ્વાસન આપ્યું અને પોતાના આશ્રમમાં લઈ ગયો. આશ્રમમાં તે પતિની યાદમાં દિવસો વિતાવવા લાગી.

એક દિવસ તે પ્રિયમેલક વૃક્ષની નીચે બેઠી હતી. ત્યારે તેનું ડાબું અંગ ફરકવા લાગ્યું. તેને મનમાં થયું કે આજે તો પતિમિલન થશે. શાંતિમતિએ જોયું તો સામેથી પલ્લીપતિની સાથે રાજકુમાર સેન આવતો હતો. બંનેની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં. કુલપતિને પણ જાણ થઈ કે શાંતિમતિનો પતિ સેન આવી પહોંચ્યો છે. તેમણે બંનેને આશીર્વાદ આપ્યા. એ વખતે પ્રિયમેલક વૃક્ષની અધિષ્ઠાત્રી દેવીએ પ્રગટ થઈ સેનકુમારને આરોગ્ય રત્ન ભેટ આપ્યું.

થોડો સમય આશ્રમમાં રહી સેનકુમાર અને શાંતિમતિ વિશ્વપુર પાછાં આવ્યાં.

એક વખત વિશ્વપુરનો રાજા અસાધ્ય રોગથી પીડાવા લાગ્યો. વૈદ્યો તેનો રોગ મટાડી શક્યા નહીં. એક દિવસ શાંતિમતિએ સેનને કહ્યું કે તમારી પાસે આરોગ્યરત્ન છે તેનાથી રાજાનો ઉપચાર તો કરો. સેનકુમારને પત્નીની વાત ગમી ગઈ. તેણે આરોગ્યરત્નના પાણી વડે રાજાને સ્નાન કરાવ્યું. રાજાની પીડા મટી ગઈ. સમરકેતુએ સેનને પોતાનો જીવનદાતા માની લીધો અને પોતાનાથી દૂર ન જવા વિનંતી કરી. રાજાને તેણે વચન આપ્યું કે પોતે દૂર નહીં જાય. રાજાને શાંતિ થઈ.

એક દિવસ ચંપાનગરીથી વૃદ્ધ મંત્રીનો પુત્ર અમરગુરુ વિશ્વપુર આવ્યો. અમરગુરુ અને સેન સમવયસ્ક હતા. સેને કાકા હરિષેણ, ભાઈ વિષેણ અને ચંપાપુરીના લોકોના ખબરઅંતર પૂછ્યા.

અમરગુરુએ બધી વાત કરી : 'મહારાજ હરિષેણે સંયમ ગ્રહણ કર્યો. વિષેણ પ્રજાનું દિલ જીતી ન શક્યો. થોડા દિવસ પછી મુક્તપીઠ નામના રાજાએ ચંપા પર આક્રમણ કર્યું. હવે ચંપાની પ્રજા અનાથ છે.'

પછી સેનકુમારે સમરકેતુને સઘળી બીના કહી. તત્કાલ સેના તૈયાર થઈ. સેનકુમારે સેના સહિત ચંપાનગરી પર આક્રમણ કર્યું. મુક્તપીઠ હાર્યો. જ્યોતિષી આમ્રફલની આગાહી સાચી પડી. પ્રજાએ સેનકુમારને રાજ્યભાર સંભાળવાનું કહ્યું પણ તેણે તો ના પાડી વિષેણને આપવા કહ્યું. વિષેણે જણાવ્યું : 'સેન દ્વારા અપાયેલું રાજ્ય હું લઈશ નહીં.'

એટલામાં આચાર્ય હરિષેણ ઉદ્યાનમાં પધાર્યા હોવાની માહિતી મળી. સેને તેમની પાસે પ્રવ્રજ્યા લીધી. પોતાના પુત્ર અમરસેનને રાજ્યગાદી સોંપી. વિષેણનો ક્રોધ શાંત નહોતો થયો. મુનિ સેન એક વખત ઉદ્યાનમાં કાયોત્સર્ગ ધ્યાન કરી રહ્યા હતા ત્યારે વિષેણે આવી તેમની ઉપર તલવારનો ઘા કરવાનો પ્રયત્ન કર્યો. પણ હાથ અદ્ધર હવામાં જ જકડાઈ ગયો. એ વખતે ક્યાંકથી ગેબી અવાજ આવ્યો કે 'હું આ ક્ષેત્રની અધિષ્ઠાત્રી દેવી છું. ખબરદાર, જો ફરીથી અહીં આવ્યો છે તો !' ઉદ્યાનમાં તો તે ફરીથી ન આવ્યો પણ તક મળતાં જ ફરીથી મુનિને મારવા પ્રયાસ કર્યો. મુનિ સેન વિહાર કરતા કોલ્લાગ પહોંચ્યા. તે વનમાં ધ્યાનસ્થ ઊભા હતા ત્યાં વિષેણ પહોંચ્યો. તલવારનો ઘા કરવા પ્રયત્ન કર્યો પણ વનદેવીએ તેને થંભાવી દઈ દૂર ફેંકી દીધો. વિષેણ બેભાન થઈ પડ્યો. ત્યાં થોડા ભીલો તેને ઉઠાવી લઈ ગયા. અત્યંત કષ્ટ પામીને તે છઠ્ઠા નરકમાં ઉત્પન્ન થયો. સેન મુનિ કાલધર્મ પામી નવમા ગ્રૈવેયકમાં ઉત્પન્ન થયા. તે ગુણસેનનો જીવ હતો. જ્યારે વિષેણનો જીવ અગ્નિશર્માનો હતો.

ગુણચન્દ્ર અને વિદ્યાધર વાનમંતર (આઠમો ભવ) ગુણચન્દ્ર અયોધ્યાના રાજા મૈત્રીબલ અને રાણી પદ્માવતીનો એકનો એક પુત્ર હતો. તે ગુણવાન હતો. તે જ્યારે ૧૫ વર્ષનો હતો ત્યારે પોતાના મિત્રો સાથે બગીચામાં રમતો હતો. તેઓ રમતા હતા તે વખતે આકાશમાંથી કર્કશ અવાજ આવ્યો. એ સાંભળી બીજાં બાળકો આમતેમ ભાગી ગયાં. પરંતુ ગુણચન્દ્ર ત્યાં જ ઊભો રહ્યો. તે વખતે એક હૃષ્ટપુષ્ટ માણસ એક તોતિંગ વૃક્ષને ઉખાડી તેને મારવા દોડ્યો. એ જ ટાણે એક માનવાકૃતિએ પ્રગટ થઈ પેલા નરરાક્ષસને પડકારીને ભગાડી દીધો. આ બધું એટલું ઝડપથી બની ગયું કે કુમાર કંઈ સમજી શક્યો જ નહીં.

સુવર્ણ વૃક્ષને ઉખાડીને ગુણચન્દ્ર કુમારને મારવાનો પ્રયાસ કરનાર પુરુષ વાનમંતર હતો અને તેને બચાવનાર માનવાકૃતિ ઉદ્યાનનો રક્ષક યક્ષ હતો.

એક વખત અયોધ્યાનગરીમાં શંખપુર નગરના ચિત્રમતિ અને ચિત્રભૂષણ નામના બે ચિત્રકાર આવ્યા. તેઓ રાજમહેલમાં ગુણચન્દ્રને મળ્યા અને કહ્યું : 'કુમાર, તમે અમારા ચિત્રમાં કોઈ દોષ શોધી આપો.' એમ કહી કુમારના હાથમાં એક ચિત્ર મૂક્યું. કુમાર ચિત્ર જોઈ રહ્યો. કુમારે કોનું ચિત્ર છે એમ પૂછ્યું ત્યારે ચિત્રકારોએ શંખપુર નગરના રાજા શંખાયન અને રાણી કાંતિમતીની યુવાન પુત્રી રત્નવતીનું ચિત્ર હોવાનું કહ્યું. ચિત્રકારોએ રત્નવતી વિવાહયોગ્ય થઈ છે તેથી તેને માટે વર શોધતા શોધતા અયોધ્યા પહોંચ્યા હોવાનું જણાવ્યું.

ગુણચન્દ્રે પણ પોતાના હાથે બનાવેલ પોતાનું જ એક ચિત્ર ચિત્રકારોને આપ્યું. તે જોઈ ચિત્રકારોએ કુમારને કુશળ ચિત્રકાર હોવાનું કહ્યું.

એ જ વખતે થોડા સંગીતજ્ઞો ત્યાં આવ્યા. તેમણે પોતાની સંગીતકલા બતાવી તેમાં કોઈ દોષ હોય તો બતાવવા કુમારને કહ્યું. કુમારે તેમની કલામાંના દોષો બતાવ્યા. એ સાંભળી ચિત્રકારોએ કહ્યું, 'કુમાર, તમે તો બંને કલાઓના પારખુ છો.' ચિત્રકાર ચિત્ર લઈને શંખપુર ચાલ્યા ગયા.

રત્નવતી કુમાર ગુણચન્દ્રના ચિત્રને જોઈને મોહિત થઈ ગઈ. તેણે પોતાની સખીઓ દ્વારા પોતાની ઇચ્છા માતાપિતા સમક્ષ વ્યક્ત કરી. શુભ મુહૂર્તમાં બંનેના વિવાહ થઈ ગયા. બંને સુખચેનથી રહેવા લાગ્યાં. કુમાર ગુણચન્દ્ર અને રાણી રત્નવતીના સુખમાં વિગ્રહ રાજાએ અયોધ્યા પર ચઢાઈ કરતાં ભંગ પડ્યો. બંને વચ્ચે યુદ્ધ થયું. છેવટે વિગ્રહ કેદ પકડાયો. એ વખતે આકાશમાર્ગે વિદ્યાધર વાનમંતર પસાર થયો. તેણે પૂર્વભવના વેરને કારણે વિગ્રહ રાજાનાં બંધન તોડી નાખ્યાં અને ગુણચન્દ્રના તંબૂમાં તેને પહોંચાડી દીધો. બંને વચ્ચે મલ્લયુદ્ધ થયું પરંતુ વિગ્રહ રાજા ફરીથી હારી ગયો. વાનમંતરની મુરાદ પૂરી ન થઈ. કુમાર ન હાર્યો કે ન તેનું મૃત્યુ થયું. પરંતુ વાનમંતરે અયોધ્યામાં જઈ કુમાર ગુણચંદ્રના મૃત્યુની ખબર ફેલાવી દીધી.

આ બાજુ કુમારના મૃત્યુનો શોક વ્યાપેલો હતો, તો બીજી

બાજુ કુમાર વિગ્રહ વિજયધર્મ આચાર્ય પાસે ગુણસંભવ ઉદ્યાનમાં શ્રાવક વ્રત ગ્રહણ કરી રહ્યો હતો. કુમારના મૃત્યુનો ખોટો પ્રચાર ચારે બાજુ થઈ ગયો. રાજા-રાણીએ પણ તે વાત સાચી માની લીધી. રત્નવતી પતિવિયોગથી બેભાન થઈ ગઈ. ભાનમાં આવતાં તેણે નગરની બહાર ચિતા તૈયાર કરાવી. તે સતી થવાની તૈયારી કરવા લાગી. રાજા મૈત્રીબલે તેને આત્મહત્યા ન કરવા અને ધર્મમાં મન લગાવવા સમજાવી. રત્નવતી માની ગઈ. થોડા સમય પછી સુસંગતા સાધ્વી પાસે તેણે શ્રાવિકા વ્રત ગ્રહણ કર્યું.

થોડા દિવસ પછી અચાનક ગુણચંદ્રે નગરમાં આવી પિતા મૈત્રીબલને પ્રણામ કર્યા. પુત્રને જીવતો જોઈ પિતા આનંદવિભોર થઈ ગયા. રત્નવતીના આનંદનો પણ પાર ન રહ્યો. નગરવાસીઓએ કુમારનું ઉમળકાભેર સ્વાગત કર્યું. રાજા મૈત્રીબલે ગુણચન્દ્રને રાજ્યભાર સોંપી દીક્ષા લીધી. ગુણચન્દ્રને ત્યાં એક પુત્ર થયો તેનું નામ ધૃતિબલ રાખવામાં આવ્યું.

રાજા ગુણચન્દ્ર જગતની નિઃસારતા પર વિચાર કરવા લાગ્યા. છેવટે યુવાન પુત્ર ધૃતિબલને રાજ્ય સોંપી ગુણચંદ્રે વિજયધર્મસૂરિ પાસે જઈ પ્રવ્રજ્યા લીધી. રત્નવતીએ પણ પતિનું અનુસરણ કરી સંયમ ગ્રહણ કર્યો.

મુનિ ગુણચંદ્ર વિહાર કરતા કોલ્લાક પાસે પહોંચ્યા.નગરની બહાર કાયોત્સર્ગ કરી આત્મધ્યાનમાં લીન થઈ ગયા. વાનમંતર વિદ્યાધર પણ ફરતો ફરતો ત્યાં આવી પહોંચ્યો. મુનિને જોઈ એને ક્રોધ ચડી ગયો. પૂર્વજન્મની શત્રુતાનો બદલો લેવા તેણે મુનિને પથ્થરો માર્યા પણ મુનિ વિચલિત ન થયા. છેવટે વાનમંતર એક ભયંકર ચાલ ચાલ્યો. ગામના લોકોનો સામાન ચોરી લાવી મુનિની પાસે મૂકી દીધો. પહેરેગીરોએ મુનિની પાસે ચોરીનો માલ જોયો તેથી તેમને ચોર સમજી રાજાને ફરિયાદ કરી. રાજા એ સાંભળી અવાક્ થઈ ગયો. જૈન શ્રમણ અને ચોર ! રાજા જાતે ઉદ્યાનમાં આવ્યો અને મુનિરાજના ચરણોમાં વંદન કર્યા અને બોલ્યો : 'અરે ! આ તો ગુણચંદ્ર મુનિરાજ છે.' એણે ઢંઢેરો પિટાવ્યો. મુનિશ્રીએ ધર્મદેશના આપી.

અંત સમયે મુનિ ગુણચંદ્ર અનશન કરીને સર્વાર્થસિદ્ધિમાં ઉત્પન્ન થયા અને વાનમંતર વિદ્યાધર સાતમા નરકમાં. આમ ગુણસેનનો આત્મા ઊંચાઈઓ સર કરવા લાગ્યો અને અગ્નિશર્માનો જીવ ખાઈમાં ઊતરવા લાગ્યો.

સમતા અને દ્વેષની પરાકાષ્ઠા (નવમો ભવ) સમરાદિત્ય કેવલી : ઉજ્જયિનીનો રાજા પુરુષસિંહ ધર્મનિષ્ઠ, પ્રજાપાલક શાસક હતો. તેની પટરાણી સુન્દરીદેવી પરમ પતિપરાયણ અને ગુણવતી હતી. તેમને એક પુત્ર થયો જેનું નામ સમરાદિત્ય રાખવામાં આવ્યું. સમરાદિત્ય ભણીને વિદ્વાન થયો. સમરાદિત્ય વિનયી અને ભક્તિભાવ ભરેલો હતો. તે રાજમહેલોમાં જ રહેતો. કોઈ કોઈ વાર બાગમાં ફરવા જતો. તેણે જગતના કડવા-મીઠા અનુભવો નહોતા કર્યા. વસંતઋતુના આગમનને વધાવવા ઉજ્જયિનીમાં વસંતોત્સવ અથવા મદનોત્સવ ઊજવાતો. તે દિવસે આખું નગર આનંદમાં તરબોળ થઈ જતું.

યુવરાજ સમરાદિત્ય રથમાં બેસી પોતાના સાથીઓ સાથે મદનોત્સવમાં ભાગ લેવા રાજોદ્યાનમાં જઈ રહ્યો હતો. રસ્તામાં તેણે એક કોઢિયા માણસને જોયો. કુમારે એ રોગ થવાનું કારણ સાથીને પૂછ્યું. સાથીએ કોઈને પણ થઈ શકે છે એમ કહ્યું. કુમારે રથ આગળ લેવરાવ્યો. તેણે એક બીજું દશ્ય જોયું જેમાં એક મૃત વ્યક્તિને સ્મશાન તરફ લઈ જવાતી હતી. કેટલાક લોકો રોતા હતા. કુમારે વસન્તોત્સવ વખતે રડવાનું કારણ પૂછ્યું. સાથીએ નનામીમાં બાંધેલ વ્યક્તિ મરી ગઈ હોવાનું જણાવ્યું. ત્રીજું દશ્ય એક વૃદ્ધ આદમીનું હતું. આ બધાં દશ્યો જોઈ કુમાર હતાશ થયો. તે વસંતોત્સવમાં જવા ઇચ્છતો નહોતો. પરંતુ પિતાને તે દૂભવવા નહોતો માગતો. કુમાર રાજોદ્યાનમાં પહોંચ્યો. ત્યાં લોકો તેને ઘેરી વળ્યા. કુમારે પૂછ્યું : 'જાણો છો કોનું રાજ્ય છે ?' જવાબ મળ્યો, 'મહારાજ પુરુષસિંહનું'. બીજાએ કહ્યું : 'ભવિષ્યમાં યુવરાજ સમરાદિત્યનું રાજ્ય થશે.' કુમારે કહ્યું : 'આ આખા જગતમાં ત્રણ રાજાઓ-રોગ, બુઢાપો અને મૃત્યુ-નું રાજ છે. તમારી આ મસ્તી બધી વ્યર્થ છે.' બધા એકબીજાની સામે જોવા લાગ્યા. પછી કુમાર રથમાં બેસી નગરમાં પાછો ફર્યો. તે રોગ, બુઢાપો અને મૃત્યુથી બચવા વિચારવા લાગ્યો.

રાજા પુરુષસિંહને કુમારની બધી વાતોની જાણ થઈ ગઈ. રાજાએ કુમારના આનંદપ્રમોદ માટેનાં સાધનો વધારી દીધાં. તેમણે કુમારનો વિવાહ કરવાનું વિચારવા માંડ્યું.

રાજા પુરુષસિંહના સાળા ખડ્ગસિંહને બે પુત્રીઓ હતી - વિભ્રમવતી અને કામલતા. બંને રૂપગુણની ખાણ હતી. બંનેને સમરાદિત્યે જોઈ હતી. પુરુષસિંહને પણ એ કન્યાઓ ગમતી હતી. પરંતુ તકલીફ એ હતી કે સમરાદિત્યને પરણવા માટે રાજી કેવી રીતે કરવો. પુરુષસિંહે કુમાર સમક્ષ વિભ્રમવતી અને કામલતા સાથે વિવાહનો પ્રસ્તાવ મૂક્યો તો તે તરત જ તૈયાર થઈ ગયો. પુરુષસિંહને પણ એ માટે આશ્ચર્ય થયું. પરંતુ તેનાં કારણોની તપાસમાં તે ઊંડા ન ઊતર્યા. પરંતુ કુમાર આટલો જલ્દી સંમત થઈ ગયો તેનાં ત્રણ કારણો હતાં, એક એ કે કુમારને પોતાનાં શક્તિ અને સામર્થ્ય પર ભરોસો હતો. સંસારનું કોઈ પણ આકર્ષણ તેને સિદ્ધિ-લાભથી રોકી શકે તેમ નહોતું. બીજું એ હતું કે તેને લાગ્યું કે વિભ્રમવતી અને કામલતા બંને ભવ્યાત્મા છે. તે બંને પોતાના માર્ગને અનુસરશે. ત્રીજું કારણ એ હતું કે કુમાર પોતાના પિતાની ઇચ્છાઓનો આદર કરતો હતો. એક દિવસ યુવરાજ સમરાદિત્યનાં લગ્ન વિભ્રમવતી અને કામલતા સાથે ધામધૂમથી થઈ ગયાં.

સુહાગરાત્રે યુવરાજ સમરાદિત્ય વિચારતો હતો કે 'સંયમ

ગ્રહણ કરવાની વાત આવતીકાલ પર ટાળવી ન જોઈએ. સુહાગરાત્રે આ મહાન કાર્ય થઈ જવું જોઈએ. મારી બંને પત્નીઓ પણ ભવ્ય આત્માઓ છે માટે અવશ્ય મારા માર્ગને અનુસરશે.' રંગમહેલમાં વિભ્રમવતી અને કામલતા સખીઓથી ઘેરાઈને બેઠી છે. હાસ્યવિનોદ ચાલે છે. એક ખૂણામાં સમરાદિત્ય બેઠો છે. તે મૌન છે. એટલે કુંદલતા નામની એક સખી એનો મૌનભંગ કરાવવા બોલી : 'યુવરાજજી, આ પુષ્પહાર લો. આ હાર તમારી પ્રિયાઓએ તમારા માટે ગૂંથ્યો છે. તેના દરેક ફૂલમાં બંનેનો અનુરાગ સમાયેલો છે.' બીજી સખી માનિનીએ કહ્યું : 'કુંદલતા, આને તું પુષ્પહાર શા માટે કહે છે આ તો ખરેખર અનુરાગહાર છે.'

સમરાદિત્યે મૂંગા મૂંગા હાર ગળામાં ધારણ કરી લીધો. પછી કુંદલતાને પૂછ્યું : 'કુંદલતા, તમારી સખીઓને એકાએક જ મારી ઉપર કેવી રીતે અનુરાગ થઈ ગયો ?' કુંદલતા જવાબમાં કંઈક કહેવા જતી હતી પણ વિભ્રમવતીએ કંઈ પણ ન કહેવા કહ્યું. કુમારે કહ્યું : 'અનુરાગ એક છેતરપિંડી છે. અનુરાગથી કોઈનું હિત નથી થયું. જે અનુરાગથી કોઈનું અહિત થયું હોય તે અનુરાગ શા કામનો ?'

કામલતા અને વિભ્રમવતી આવી નીરસ વાતો સાંભળી ડરી ગઈ. કામલતા અને વિભ્રમવતીએ અનુરાગ અને અહિત વિશે કુમાર સાથે ચર્ચા કરી. છેવટે કુમારે વિસ્તારથી જીવનની સાર્થકતા અને સંસારની અસારતા વિશે સમજાવ્યું. બંને સ્ત્રીઓ સમરાદિત્યની શિષ્યાઓ થઈ ગઈ. ત્રણેય જણાંએ તે જ રાત્રે સંયમ ધારણ કર્યો. સુહાગરાત સંયમ-રાતમાં ફેરવાઈ ગઈ. સવાર થતાં જ પત્નીઓ સાથે સમરાદિત્યના ગૃહત્યાગની ચર્ચા ફેલાઈ ગઈ. હવે તો માતા-પિતાની જ આજ્ઞા લેવાની બાકી હતી. મહારાજ પુરુષસિંહ સમરાદિત્યના સંયમ સાથે સંમત નહોતા. સમરાદિત્યને વિશ્વાસ હતો કે એક દિવસ તો ચોક્કસ પિતા આનંદથી મંજૂરી આપશે. સમરાદિત્ય પિતાને વાત કરવાની તક શોધતો હતો. પુરુષસિંહ પણ તેની સાથે વાત કરવા માગતો હતો. એક વખત તક જોઈ પુરુષસિંહે પુત્રને કહ્યું : 'પુત્ર, આજ સુધી ઉજ્જયિનીના રાજસિંહાસન પર તારા જેવો વીતરાગી શાસક નથી બેઠો. વૈરાગ્ય સાથે તું રાજ્યસંચાલન કેવી રીતે કરીશ ?' સમરાદિત્યે વિનયપૂર્ણ જવાબ આપ્યો : 'પિતાજી, જે કાલ સુધી નહોતું થયું તે આજે પણ ન થાય, અથવા જે આજે નથી થયું તે કાલે પણ નહીં થાય એવું તો જરૂરી નથી.' પુરુષસિંહ પુત્રના તર્કની સામે નિરુત્તર બની ગયા. પિતાજીએ સર્વ ભોગો નીરસ લાગવાનું પૂછ્યું ત્યારે સમરાદિત્યે કહ્યું : 'ભોગ અને ઐશ્વર્યો તરફ મારા મનમાં પૂરી રુચિ છે. પરંતુ જેવો હું તેમની તરફ ઢળું છું કે તરત જ ભોગો કાચા દોરાની જેમ તૂટી પડે છે. ઝેર ખાવાથી નથી ડરતો, ઝેરનાં ભીષણ પરિણામોથી ડરું છું.'

સમરાદિત્યની વાત સાંભળી મહારાજ પુરુષસિંહ ગંભીર થઈ ગયા. એવામાં પ્રહરીએ આવી સૂચના આપી : 'મહારાજ, ભટ્ટ પુરન્દર અચાનક મરણપથારીએ પટકાયા છે. તેઓ છેલ્લા શ્વાસ ભરી રહ્યા છે. તેમનો પાળેલો કૂતરો પણ મોતની ઘડીઓ ગણી રહ્યો છે.' પુરુષસિંહ વાત સમજી શક્યા નહીં, પરંતુ સમરાદિત્યે તેમને સાવધાન કરતાં કહ્યું : 'પિતાજી, જલ્દી કરો, રાજવૈદને જલ્દી બોલાવો. મને તો એવું લાગે છે કે પુરોહિત પુરન્દર ભટ્ટ અને તેમના કૂતરાને કોઈએ ઝેર આપ્યું છે.' રાજવૈદે તરત જ ઉપચાર શરૂ કર્યા. ઝેર ઓકાવ્યું. પુરન્દર અને કૂતરો બંને બચી ગયા. પુરુષસિંહ વ્યથિત હતા. વિષપ્રયોગની વાત કોઈને ન સૂજી, કેવલ સમરાદિત્યને જ યાદ આવી. પુરુષસિંહે પૂછ્યું : 'પુત્ર, વિષની વાત તેં કેવી રીતે જાણી ?' સમરાદિત્યે નિરભિમાન થઈને કહ્યું : 'પિતાજી, પુરન્દરની સ્ત્રીએ એ બંનેને વિષ આપ્યું હશે, પત્ની સિવાય બીજું કોણ ખોરાકમાં ઝેર ભેળવી શકે ? કૂતરાને ઝેર આપવાનું કારણ એ હોઈ શકે કે પુરન્દરની સ્ત્રીનો એક પૂર્વ પ્રેમી હતો જે મરીને શ્વાન યોનિમાં જન્મ્યો છે. પુરન્દરની સ્ત્રી પોતાના પ્રેમીની પ્રતિમા પૂજે છે. કૂતરો તેની ચારે તરફ ફરીને સંદેશ આપે છે કે એ તો હું છું. આ કેવી વિડંબના કે પુરન્દરની સ્ત્રી પોતાના પ્રેમીને જ ઝેર આપે છે.'

પુરુષસિંહે તપાસ કરી તો સમરાદિત્યની બધી જ વાતો સાચી હતી. હવે મહારાજાને ખ્યાલ આવ્યો કે સમરાદિત્ય પૂર્વભવનો કોઈ યોગી છે. એને સંસારબંધનમાં બાંધી રાખી શકાય નહીં. છેવટે એક દિવસ તેમણે પુત્રને કહ્યું કે તું તો મારો ગુરુ છે. હું તને સંયમ ધારણ કરી આત્મકલ્યાણની અનુમતિ આપું છું. આમ, સમરાદિત્ય, તેની બે પત્નીઓ, રાજા પુરુષસિંહ અને રાણી સુંદરીદેવીએ પણ સંયમ ગ્રહણ કર્યો. પુરુષસિંહને બીજો કોઈ પુત્ર નહોતો તેથી ભાણેજ મુનિચંદ્રને ગાદીએ બેસાડ્યો.

મુનિ સમરાદિત્ય ગુરુ પ્રભાસાચાર્યના અગ્રણી શિષ્યોમાંના એક હતા. ગુરુએ તેમને 'વાચક'ની પદવીથી નવાજ્યા. મુનિ સમરાદિત્યનાં તપ અને વિદ્વત્તા ચારે બાજુ પ્રસરી ગયાં. તેમને અનેક લોકો ચિત્રવિચિત્ર પ્રશ્નો પૂછતા હતા. સમરાદિત્ય તે સૌને સંતોષ થાય તેવા જવાબ આપતા.

એક વાર વાચક સમરાદિત્યે અયોધ્યા તરફ વિહાર કરી નગરની બાજુના ઉદ્યાનમાં ઉતારો કર્યો. અયોધ્યાના રાજા પ્રસન્નચંદ્રે એ વાત સાંભળી સમરાદિત્યનાં દર્શને આવ્યા. રાજા પ્રસન્નચંદ્ર માનતા હતા કે ભગવાન ઋષભદેવ જૈન ધર્મના આદિ પ્રવર્તક છે. વાચક સમરાદિત્યે તેમના ભ્રમનું નિવારણ કરતા કહ્યું : 'ઋષભદેવ વર્તમાન ચૌવીસીમાં પ્રથમ તીર્થંકર છે, પરંતુ તેઓ કાલવિશેષના જ પ્રથમ તીર્થંકર છે.'

અયોધ્યાથી સમરાદિત્યે ઉજ્જૈન તરફ વિહાર કર્યો. ઉજ્જૈનના રાજોદ્યાનમાં મુનિ ધ્યાનમગ્ન હતા તે વખતે એક વ્યક્તિ ઉદ્યાનમાં આવી. મુનિને ધ્યાનમગ્ન જોઈ શ્રદ્ધાથી તે ઝૂકી ગઈ.

તેણે જોયું તો તે સમરાદિત્ય હતા. તેને ક્રોધ ચડ્યો. તે વ્યક્તિ ગિરિસેન હતો. રંગેરૂપે કાળો હતો. તેને અકારણ સમરાદિત્ય સાથે વેર હતું. ગિરિસેન ઘેર ગયો અને થોડાક ગાભા તેલમાં પલાળી લાવ્યો. અને પછી સમરાદિત્યની ચારે તરફ લપેટી તેને આગ લગાડી નાસી છૂટ્યો. આકાશમાં હજારો સૂર્યોનો પ્રકાશ પથરાઈ ગયો. મુનિ સમરાદિત્યને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું. બધા દેવો મુનિને વંદન કરી રહ્યા હતા. એક તરફ ખૂણામાં ઊભેલો ગિરિસેન ગ્લાનિથી સળગી રહ્યો હતો. રાજા મુનિચંદ્રે સમરાદિત્યને આ અકસ્માત/અકારણ ઉપસર્ગ કેવી રીતે થયો તે પૂછ્યું ત્યારે સમરાદિત્ય મુનિએ 'કંઈ અકારણ થતું નથી' એમ કહ્યું. 'નવ જન્મથી મારી પરીક્ષા થતી હતી જે આજે ગિરિસેને કરી છે. આ મારી અંતિમ કસોટી હતી. ગિરિસેન ભવ્ય આત્મા છે. મને બાળીને તેણે પશ્ચાત્તાપ કર્યો છે. જેથી તેનાં સમસ્ત પાપોનો નાશ થઈ જશે.'

ગુણસેને સમરાદિત્યના રૂપમાં કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું.

(સંદર્ભ : હરિભદ્રસૂરિકૃત 'સમરાઇચ્ચ કહા'ના આધારે લખાયેલ જૈન કથાઓ ; પુષ્કરમુનિ **(ख.** ૧૦,૦૧૭)

નલ-દવદંતી પ્રબંધ

- વિજયશેખરકૃત

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આર્યાવર્તમાં આવેલી કોસલા નગરી ધનધાન્યથી સમૃદ્ધ છે. તે નગરીમાં નિષધરાજા રાજ્ય કરે છે. તે પરાક્રમી, ન્યાયી અને દયાળુ છે. એના રાજ્યમાં પ્રજા ઘણી સુખી અને સમૃદ્ધ છે.

નિષધરાજાની રાણી લાવણ્યસુંદરી રૂપવતી અને ગુણવાન છે. નિષધરાજા કામદેવ જેવા છે અને લાવણ્યસુંદરી રતિ જેવી છે. બંને વિવિધ પ્રકારે સુખ ભોગવે છે.

રાણી લાવણ્યસુંદરી સગર્ભા બની છે. શુભ દિવસે તે પુત્રરત્નને જન્મ આપે છે. નિષધ રાજા રાજ્યમાં દસ દિવસનો મહોત્સવ રાખે છે. પુત્રનું નામ નળકુમાર રાખવામાં આવે છે. તે ગુણના અખૂટ ભંડાર જેવો છે. તે પંડિતો પાસે બોંતેર કલાઓ શીખે છે. તે જૈનાચાર્ય પાસે નવ તત્ત્વ વિશે અભ્યાસ કરે છે. યુવાન થતાં જ નળ કામદેવના અવતાર સમો લાગે છે.

નળનો નાનો ભાઈ કૂબર છે. તે મનનો ક્ષુદ્ર હોવાનું જણાય છે. એની મુખાકૃતિ પરથી એની ક્ષુદ્રતા દેખાઈ આવે છે.

બીજી તરફ દક્ષિણ દિશામાં વિદર્ભ નામનું રાજ્ય આવેલું છે. તેની કુંડિનપુર નગરી અલકાપુરી જેવી. રાજ્યમાં ભીમરાજા રાજ્ય કરે છે. તેની પટરાણીનું નામ પુષ્પદંતી છે. એક દિવસ તે ભીમરાજાને પોતાના સ્વપ્નની વાત કરે છે. સ્વપ્નમાં તેણે એક હાથી જોયો છે. પુષ્પદંતી તેના ફળ વિશે પૂછે છે. રાજાએ સ્વપ્નપાઠકોને સ્વપ્નની વાત કહી. સ્વપ્નને આધારે તેમણે કહ્યું કે રાણીની કૂખે એક વિખ્યાત સંતાન અવતરશે. પૂરા માસે રાણી પુષ્પદંતીએ એક દીકરીને જન્મ આપ્યો. તેનું નામ દવદંતી રાખવામાં આવ્યું. દવદંતી સુંદર અને ગુણવંતી હતી. યૌવનમાં આવતાં તેણે ચોસઠ કલાઓ શીખી લીધી. વિવિધ શાસ્ત્રોનો પણ અભ્યાસ કર્યો. એના પ્રત્યે ભાવ જાગવાથી એક દેવીએ આવી એને સાળમા તીર્થંકર શ્રી શાંતિનાથની પ્રતિમા આપી એની રોજ પૂજા કરવાનું કહ્યું.

ભીમક રાજાની પુત્રી દવદંતી યૌવનમાં આવી. તે અઢાર વર્ષની થઈ. દવદંતી અરિહંત પરમાત્માની ભક્તિ કરે છે. ગુરુ-ગુરુણીની સેવા કરે છે અને નવ તત્ત્વનું અધ્યયન કરે છે.

પોતાની પુત્રીને યુવાનીમાં આવેલી જોઈને ભીમકરાજાએ મંત્રીશ્વરને કહ્યું : 'દવદંતીના લગ્ન માટે મને ચિંતા થાય છે, માટે તે અંગે તમે કંઈક ઘટતું કરો.' મંત્રીશ્વરે સુશોભિત મંડપ તૈયાર કરાવ્યો. એના સ્તંભ, સ્તંભે સ્તંભે રચેલી પૂતળીઓ, રત્નજડિત ભીંતો વગેરેની રચના જાણે દેવવિમાન જેવી લાગતી હતી. સ્વયંવર મંડપ ઉપરાંત રાજવીઓ માટે પણ ઉતારાની ભવ્ય વ્યવસ્થા કરવામાં આવી હતી. સ્વયંવર માટેનાં નિમંત્રણો સર્વ દિશાઓમાં રવાના કરવામાં આવ્યાં હતાં.

નિમંત્રણ નિષધરાજાને પણ મળતાં એમણે પોતાના પુત્રોને લઈ તેમાં જવા તૈયારી કરી. મુહૂર્ત જોઈ સૌએ પ્રયાણ કર્યું. માર્ગમાં રાત્રિમુકામ કર્યા પછી નિષધરાજાના કુંવર નળે પ્રભાતે ઊઠી, સ્નાન કરી, આદીશ્વર ભગવાનની પ્રતિમાની ચંદન, કેસર, ફૂલ વડે પૂજા કરી.

નળકુમારે ઋષભદેવની પ્રતિમાની દ્રવ્યપૂજા કરી પછી ભાવપૂજા કરી. નળકુમારે ઋષભદેવ ભગવાનની સ્તવના કરતી વખતે એમના વિવિધ ગુણોનું હર્ષોલ્લાસપૂર્વક કથન કર્યું.

બીજે દિવસે નળકુમારે ગજ ઉપર ચડીને આગળ પ્રયાણ કર્યું. તેમના આગમનના સમાચાર જાણીને ભીમરાજા અત્યંત ખુશ થયા. તેઓ નિષધરાજાને લેવા માટે ગયા. તેમનું બહુમાન કરી ઉતારે લઈ આવ્યા. ભીમરાજાએ તેમની અને સેનાની ભોજન વગેરેની વ્યવસ્થા કરી.

નળકુમારને જોઈ સ્વયંવર માટે આવેલા બીજા રાજાઓ નિરાશ થઈ ગયા. એમણે તો પોતાનો જન્મ નિષ્ફળ ગયો માની લીધો અને વિષાદમાં ડૂબી ગયા. સવારે દવદંતી સ્વયંવર માટે વસ્ત્રાભૂષણ પહેરીને સજ્જ થઈ.

સ્વયંવરમંડપમાં રાજાઓ આવવા લાગ્યા. અને પોતપોતાનાં નામ વાંચીને તેઓ સિંહાસન પર બેસવા લાગ્યા. નિષધરાજા નળકુંવર અને કૂબરકુંવર સાથે પધાર્યા અને સિંહાસન પર બેઠા.

દવદંતીએ સ્વયંવરના દિવસે શાંતિનાથ ભગવાનની કેસર ચંદનથી પૂજા કરી અને ત્યાર પછી સ્તુતિ કરી. બીજી તરફ દવદંતી શાંતિનાથ ભગવાનનાં ગુણગાન કરી તેમની પૂજા કરવાથી પોતાનો જન્મ સફળ થયો હોવાનું કહે છે. શાંતિનાથ ભગવાને પારેવાંને જીવતદાન આપ્યું હતું. તેનો ઉલ્લેખ કરીને પોતાને પણ દુઃખમાં સહાય કરવા વીનવે છે.

ત્યારબાદ દવદંતી સ્વયંવરમંડપમા પ્રવેશે છે. તેણે અનેક અલંકારો ધારણ કર્યાં છે, દવદંતીને જોઈને રાજાઓ સ્તબ્ધ થઈ જાય છે. દવદંતીનું રૂપ જોઈને તેઓ વિવિધ કલ્પનાઓ કરે છે. સ્વયંવરમંડપમાં પ્રતિહારિણી દવદંતીને એક પછી એક રાજા બતાવતી જાય છે અને તેમના વંશ, રાજ્ય વગેરેનું વર્ણન કરતી જાય છે.

પ્રતિહારિણી દવદંતીને અંગ, બંગ, મગધ, કલિંગ, સોરઠ, માલવ, મારુ વગેરે દેશોના રાજાઓનો પરિચય આપે છે. ત્યાર પછી કોશલદેશના રાજા નિષધના બે કુંવરો- નળકુંવર અને કૂબરને વર્ણવે છે. દવદંતી નળકુંવરને જોઈને તેની તરફ આકર્ષાઈ. નળના સંદર્ભમાં અન્ય રાજાઓ તેને ઝાંખા લાગ્યા. તેણે નળને વરમાળા આરોપી.

દવદંતીએ નળકુંવરની પસંદગી કરી તેથી કૃષ્ણરાયકુંવરને ન ગમ્યું. એણે નળને પડકાર ફેંક્યો કે અમારા જેવા મોટા રાજાઓ હોવા છતાં તે તને વરી છે માટે તું મારી સાથે યુદ્ધ કરવા તૈયાર થા.

નળકુમારે કૃષ્ણરાજાના કુંવરનો પડકાર ઝીલી લીધો. તે સાંભળી તે બંને કૃષ્ણરાયનો કુંવર અને નળકુંવર ઝઘડવા લાગ્યા. તેમની સેનાઓએ પણ સામસામે યુદ્ધ આરંભ્યું.

દવદંતી આથી મુશ્કેલીમાં મુકાઈ ગઈ. પોતાને નિમિત્તે કોઈનું મૃત્યુ થાય તે તેને ગમતું નહોતું. નવણજલ લઈ આવીને તેણે યુદ્ધ કરતા લોકો પર છાંટ્યું તેથી દુશ્મનો એકદમ શાંત થઈ ગયા અને કૃષ્ણરાજ નળકુંવરને શરણે આવ્યો. નળનો જયજયકાર થયો.

ભીમરાજા અને નિષધરાજા એકબીજાને ભેટ્યા. દવદંતી અને નળકુંવરની લગ્નવિધિ થઈ. નળકુંવર હાથી પર બેસીને લગ્નમંડપમાં ગયા. યુવતીઓ તેમને જોવા ગોખમાં ચડી હતી. રાજભુવનના આંગણે નળને પોંખવામાં આવ્યા. ભીમરાજાએ રાજકુંવરને પહેરામણીમાં હાથીઘોડા, રત્ન વગેરે ભેટમાં આપ્યાં. દવદંતીને પરણી નળકુંવર ઉતારે આવ્યા. નળ અને દવદંતી જિનમંદિરે ગયાં અને જિનેશ્વરની સ્તુતિ કરી.

ભીમ રાજાએ ખૂબ પહેરામણી કરી એથી બીજા રાજાઓ પણ ખુશ થયા. ભીમે બધા રાજાઓને સારી રીતે વિદાય આપી.

નિષધ રાજાએ પોતાના રાજ્યમાં પાછા ફરવા વિશે ભીમરાજાને કહ્યું. ભીમ રાજાએ થોડા દિવસ વધુ રોકાવા આગ્રહ કર્યો.

થોડા દિવસ રોકાયા બાદ ભીમરાજા નિષધ રાજાને અને નળ-દવદંતીને વળાવવા જાય છે તે વખતે સાથે રાણી પુષ્પદંતી પણ છે. તે દવદંતીને શિખામણ આપતાં કહે છે : 'તારા પતિને અનુસરજે, સાસુ-સસરાની ભક્તિ કરજે, સવારે પતિ કરતાં વહેલી ઊઠજે; શાંતિનાથ ભગવાનની પૂજા કરજે, કોઈ સાથે વઢવાડ કરતી નહીં; સાસુ, જેઠાણી, નણંદ બધાં સાથે સારું રાખજે, મોટા માણસો સાથે વિનયથી વર્તજે.'

આ પ્રમાણે શિખામણ આપી, તેઓ છૂટાં પડ્યાં. ભીમ રાજાએ સૌને વિદાય આપી. પછી નળ અને દવદંતી વાતોએ વળગ્યાં. એમ કરતાં સૂર્યાસ્ત થયો. દવદંતી સૂઈ ગઈ.

અંધારું થતાં કેટલાક ચોરોએ નળ-દવદંતીના રથને રોક્યો. શોરબકોર થયો. નળે દવદંતીને ઉઠાડીને કહ્યું : 'તારા ભાલતિલક વડે અજવાળું કર.' દવદંતી રથમાં આગળ બેઠી અને ભાલતિલક ઘસ્યું એટલે અજવાળું થયું. ચોર ચાલ્યા ગયા, સેના પણ બરાબર ચાલવા લાગી.

આગળ જતાં માર્ગમાં એક મુનિવર કાઉસગ્ગ ધ્યાને ઊભા હતા. એવામાં એક હાથી પોતાના ગંડસ્થળની ખરજ ભાંગવા મુનિના શરીર સાથે તે ઘસવા માંડ્યો. હાથીના ગંડસ્થળમાંથી ઝરેલા મદની વાસથી ખેંચાઈને ભમરા ત્યાં આવ્યા. તે મુનિના શરીરને વેદના પહોંચાડવા લાગ્યા. એવામાં નિષધ રાજા નલ-દવદંતી સાથે ત્યાં આવી પહોંચ્યા એટલે ભમરાઓ ઊડી ગયા. મુનિએ કાઉસગ્ગ પાર ઉતાર્યો. નિષધરાજાએ તેમને પ્રશ્ન કર્યો : 'આ દવદંતીના કપાળમાં સૂર્યની જેમ ચળકે એવું જે તિલક છે તે એના ક્યા કર્મના પ્રભાવે છે ?' મુનિએ કહ્યું : 'એણે ગયા ભવમાં ઘણું મોટું તપ કર્યું હતું. તેના ઉજમણામાં એણે રત્નનાં ચોવીસ તિલક ભરાવ્યાં હતાં. એટલે આ જન્મમાં એને કપાળમાં સૂર્ય જેવું તિલક પ્રાપ્ત થયું છે.'

ત્યાર પછી નિષધ રાજા દવદંતી-નળ સાથે પોતાના નગરમાં પધાર્યા. લોકોએ નગરને ધજા અને તોરણોથી શણગાર્યું હતું. રાજાએ 'અમારિ ઘોષણા' કરાવી હતી, બંદીજનોને મુક્ત કર્યા હતા. તેમણે દાનશાળાઓ ચાલુ કરાવી હતી. નળ-દવદંતી વિવિધ પ્રકારનાં સુખ ભોગવતાં હતાં.

કેટલોક સમય વીત્યા પછી નિષધ રાજાએ વિચાર્યું કે પોતાની વૃદ્ધાવસ્થા આવી પહોંચી છે, માટે સંયમ ગ્રહણ કરી શેષજીવન સાર્થક કરવું જોઈએ. એમણે એ વાત નળને કરી તેથી નળનું મન વ્યથિત થયું. પરંતુ નિષધરાજાએ કુળપરંપરા સમજાવી અને પોતે ચારિત્ર્ય ગ્રહણ કર્યું. અંત સમયે અનશન કરી દેહ છોડ્યો અને દેવગતિ પામ્યા.

ગાદી પર આવી નળ રાજાએ પોતાની આણ પ્રવર્તાવી. એટલામાં મંત્રીએ આવીને જણાવ્યું કે કદંબ નામનો રાજા આણ માનતો નથી. તેને સમજાવવા નળ રાજાએ દૂતને મોકલ્યો. પરંતુ કદંબ રાજા તો માન્યો નહિ, ઊલટાનો તે તો નળરાજા માટે અપશબ્દો બોલવા લાગ્યો. દૂતે આવીને નળરાજાને તે બધું કહ્યું એટલે તેણે તો કદંબ સાથે યુદ્ધ કરવા તૈયારી કરી. સૈનિકો બહાદુર હતા. તેમણે તો હાથી, ઘોડા વગેરે સાથે કૂચ કરી.

નળની સેનાને આવતી જાણી કદંબ રાજા તેની સાથે યુદ્ધ કરવા તૈયાર થયો. તે પણ ઘણો શક્તિશાળી હતો. યુદ્ધભૂમિમાં પહોંચતાં નળ અને કદંબ સામસામે લડવા આવ્યા. નળરાજાએ કદંબને કહ્યું : 'આપણા યુદ્ધને કારણે અનેક માણસોનો સંહાર થશે. માટે તું માની જા.' પરંતુ કદંબ માન્યો નહીં. તેથી બંને વચ્ચે યુદ્ધ થયું. એમાં નળનો વિજય થયો. કદંબ રાજાએ હારીને એવું વિચાર્યું કે નળના રાજ્યમાં કેદ થવું એના કરતાં સાધુ થઈ જવામાં સારું કે જેથી ભવજલનો પાર પામી શકાય. એણે તરત પંચમુષ્ટિલોચ કરાવ્યો. શાસનદેવતાએ એને સાધુનો વેશ પણ આપ્યો. કદંબ રાજાને સાધુ થયેલા જોઈ નળ વિમાસણમાં પડી ગયો. તે કદંબ સાધુના પગમાં પડી ગયો. એ વખતે દેવોએ જયજયકાર કર્યો અને પુષ્પવૃષ્ટિ કરી. ત્યાર પછી નળરાજાએ કદંબના પુત્ર હંસને એમની ગાદીએ બેસાડ્યો. નળરાજા પોતાની સેના સાથે નગરમાં પાછો ફર્યો. વિવિધ દેશના રાજાઓએ આવીને નળરાજાને મોટી ભેટસોગાદો આપી.

નળનો નાનો ભાઈ કૂબર ક્ષુદ્ર મનનો હતો. તેણે નળ પાસેથી રાજ્ય પડાવી લેવાની યોજના વિચારી, નળ સામે જુગાર રમવાનો પ્રસ્તાવ મૂક્યો. નળને પણ કૂબર સાથે જુગાર રમવાનું મન થયું. નસીબ પાંસરું ન હોય ત્યારે અવળી મતિ સૂઝે. રાજસભામાં બંને ભાઈ જુગાર રમવા બેઠા. કૂબર ચતુર હતો. તે જેમ જેમ જીતતો ગયો તેમ તેમ તે નળ પાસે ગામ, નગર, રત્ન, સુવર્ણ, હાથી, ઘોડા વગેરે લેવા લાગ્યો. નળ મનમાં નિરાશ થયો પણ જુગાર રમવાનું છોડી ન શક્યો. નગરજનોમાં હાહાકાર મચી ગયો. દવદંતીએ જાણ્યું કે નળ જુગારમાં હારવા લાગ્યો છે ત્યારે તેણે નળને અટકાવવા નિશ્ચય કર્યો.

તેણે રાજસભામાં આવી નળને જુગાર રમવાનું છોડી દેવા કહ્યું. તેણે કહ્યું : 'પ્રજાના રખેવાળ તરીકે તમે પોતે જ જો આવું દુરાચરણ કરો તો બીજાની તો શી વાત કરવી ? તમે જુગાર રમવાનું છોડી દો.' આમ દવદંતીએ નળને ઘણું સમજાવ્યો, પરંતુ નળ માન્યો નહિ. દવદંતી ઘણી નિરાશ થઈ. તેને લાગ્યું કે પોતાના કર્મની ગતિ જ વાંકી છે.

નળ જુગાર રમતાં રમતાં બધું હારવા લાગ્યો. તે પોતાનાં ચામર-છત્ર, ઘરેણાં બધું હારી ગયો. તે પછી તે પોતાના અંતઃપુરને એટલે કે દવદંતીને પણ હારી ગયો. કૂબરે નળને રાજ્ય છોડી જતા રહેવા કહ્યું. નળે કૂબર આટલો ઉતાવળો થશે તે ધાર્યું પણ નહોતું.

નળરાજા રાજ્ય છોડીને જવા લાગ્યો. તે વખતે દવદંતી પણ તેની સાથે જવા લાગી. કૂબરે તેને પણ જીતી હોવાનું કહી અટકાવી. મંત્રીઓએ કૂબરને સમજાવ્યો કે નળ તો તેનો મોટોભાઈ છે અને તેથી તે પિતા સમાન ગણાય, જ્યારે દવદંતી તો માતા સમાન ગણાય.

કૂબરે મંત્રીઓની વાત માની. નળને જવા માટે રથ આપવામાં આવ્યો પણ નળે તે લેવાની ના પાડી. છેવટે મંત્રીઓએ સમજાવતાં દવદંતી માટે રથ લીધો.

નળરાજા રાજ્ય છોડીને દવદંતી સાથે નગરમાંથી નીકળવા લાગ્યો. લોકોમાં હાહાકાર મચી ગયો. નળ બાળક હતો ત્યારે એક સાધુએ આગાહી કરી હતી કે જો નળ ઊંચો સ્તંભ હલાવી શકશે તો તે અર્ધભરતનું રાજ્ય ભોગવશે. નળે નગરનો એ સ્તંભ હલાવ્યો એટલે લોકોને આશા બંધાઈ કે નળ પોતાનું રાજ્ય પાછું મેળવશે.

નગર બહાર જઈ કઈ દિશામાં જવું એનો વિચાર નળ કરતો હતો. એવામાં આકાશવાણી થઈ 'તું કુંડિનપુરની દિશા લેજે.' નળે એ દિશામાં રથ લીધો. દવદંતીને હર્ષ થયો.

નળ અને દવદંતી વનમાં ચાલ્યાં. દવદંતીએ નળને આશ્વાસન આપ્યું : 'કંઈ ચિંતા કરશો નહિ. પુણ્યબળે આપણું રાજ્ય પાછું મળવાનું છે.'

વનમાં તેઓ જતાં હતાં ત્યાં તેમને લૂંટવા થોડાક ભીલ આવ્યા. નળે તેમનો સામનો કરી નસાડી મૂક્યા. પરંતુ ચોરો નળનો રથ ઉપાડી ગયા હતા.

નળ ને દવદંતી હવે પગપાળાં જવા લાગ્યાં. દવદંતીને તરસ લાગી હતી તેથી નળે સરોવરમાંથી પાણી લાવીને પાયું. દવદંતીને કાંટા વાગવાથી લોહી નીકળતું હતું. નળે તેને ઘણું આશ્વાસન આપ્યું.

નળ અને દવદંતી ભયંકર પ્રાણીઓવાળા ગાઢ જંગલમાં દાખલ થયાં. એક સ્થળે તેઓએ રાતવાસો કર્યો. સૂતા પહેલાં તેમણે નવકાર ભણી પંચપરમેષ્ઠીને વંદન કર્યા. દવદંતી નળના ખોળામાં માથું મૂકી નિદ્રાધીન થઈ ગઈ.

ત્યાં નળે વિચાર કર્યો કે જંગલનો રસ્તો ઘણો કઠિન છે માટે દવદંતી પોતાના પિતાને ત્યાં કુંડિનપુર જાય તે જ યોગ્ય થશે. પોતે જો સસરાને ત્યાં જાય તો પોતાના કુળને લાંછન લાગે. પોતાને માટે કુંડિનપુર જવાનું યોગ્ય નથી એવો તેણે નિર્ણય કર્યો. દવદંતી સતી છે માટે કષ્ટ નહીં પડે એવું તેણે વિચાર્યું. દવદંતી પોતાને પિયર જાય કે દિયર કૂબરને ત્યાં જાય એવા વિચારે ચડી જતાં નળને નિદ્રા ન આવી.

નળે સૂતેલી દવદંતીનું માથું પોતાના ખોળામાંથી ઊંચકીને

નીચે જમીન પર મૂક્યું. પોતાનું જે વસ્ત્ર દવદંતીના શરીર નીચે હતું તે જો ખેંચાય તો દવદંતી રખેને ઊઠી જાય એટલે તે વસ્ત્ર કાપવા નળે પોતાની કૃપાણ કાઢી. નળે વસ્ત્ર ફાડવાનો વિચાર કર્યો પણ બેમાંથી ક્યો હાથ તે કામ કરે ? છેવટે નળે વસ્ત્ર કાપી નાખ્યું.

દવદંતીના વસ્ત્ર પર કુંડિનપુર અને અયોધ્યાના માર્ગ કઈ કઈ બાજુ છે તે પોતાના રુધિર વડે લખ્યું. દવદંતીને સૂતી મૂકીને તે ચાલ્યો, પણ મન ન માનતાં તે પાછો આવ્યો. તે નજીકમાં વૃક્ષ પાછળ સંતાઈને બેઠો.

સવારે નળ ત્યાંથી ચાલવા લાગ્યો. થોડે દૂર જતાં તેણે દાવાનળ જોયો. નળે તેની પાસે જઈ જોયું તો તેમાંથી માનવ ભાષામાં અવાજ આવતો હતો : 'હે નળ, આ દાવાગ્નિમાંથી તું મને બચાવ.' નળે ત્યાં જઈ જોયું તો દાવાનળમાં એક નાગ બળતો હતો. નાગે કહ્યું : 'પૂર્વ ભવમાં હું મનુષ્ય હતો. અવધિજ્ઞાનથી જાણ્યું એટલે તને બોલાવ્યો છે. તું મને દાવાનળમાંથી બચાવ. બદલામાં હું તારા પર ઉપકાર કરીશ.' નળે પોતાનું વસ્ત્ર નાંખતાં નાગ તેને વીંટળાઈ ગયો. નળે તેને બહાર કાઢ્યો. બહાર નીકળતાં જ નાગે નળના હાથે ડંખ દેતાં તે કાળો અને કદરૂપો થઈ ગયો. એ જોઈ નળને દીક્ષા લેવાનું મન થયું. એટલામાં નાગે પોતાનું દેવરૂપ પ્રગટ કર્યું.

દેવે પ્રગટ થઈ નલને કહ્યું : 'મેં તારું રૂપ જાણી જોઈને કદરૂપું કર્યું છે. તારું કુળ તો ચંદ્ર જેવું નિર્મળ છે. હું તારો પિતા વીરસેન છું, મેં દીક્ષા લીધી હતી. ત્યારબાદ કાળધર્મ પામી બ્રહ્મલોકમાં હું દેવ થયો છું. તને દુઃખમાંથી છોડાવવા હું અહીં આવ્યો છું. તારા કુરૂપથી તને કોઈ ઓળખી શકશે નહીં. પરંતુ તારે બાર વર્ષ દુઃખ ભોગવવાનું રહેશે. હું તને આ બે કરંડિયામાં દેવીવસ્ત્ર અને આભૂષણ આપું છું તે ધારણ કરવાથી તને તારું મૂળ રૂપ પાછું મળશે.'

નળે દેવને દવદંતી વિશે પૂછતાં દેવે જવાબ આપ્યો કે તે શીલરત્નનો ભંડાર હોઈને તેને કોઈ સંકટ નડશે નહિ.

ત્યાર પછી દેવે નળને ઊંચકીને સુસમાર નગરની બહાર મૂક્યો. દેવ બ્રહ્મલોકમાં ચાલ્યો ગયો. નલ સુસમારપુર પહોંચતાં જ નગરમાં હાહાકાર મચ્યો હોવાનું જાણ્યું. કોઈ મદમાતો હાથી તોફાને ચડ્યો હતો. કોઈ તેને વશ કરી શકતું નહોતું. રાજાએ ઘોષણા કરી :'જે કોઈ હાથીને વશ કરશે તેને પોતે શાબાશી સાથે સારું ઈનામ આપશે.' નળ એ સાંભળી હાથીને વશ કરવા દોડ્યો. લોકોએ તેને રોક્યો, પણ નળ ન માન્યો. પોતાના ઓઢણા વડે હાથીને ભમાવી થકવી નાખ્યો. પછી હાથીના દંતૂશળ પકડી તેની ઉપર ચડી ગયો. એના કુંભસ્થળમાં અંકુશ મારી હાથીને વશ કર્યો. રાજાએ રત્નની માળા નળના કંઠમાં આરોપી. નળે હાથીને આલાન-સ્તંભે બાંધ્યો. લોકોએ જયજયકાર કર્યો.

કૂબડો નળ (કૂબજ) રાજસભામાં આવ્યો. રાજા દધિપર્ણે એને બાજુમાં બેસાડ્યો અને તેને વિવિધ કિંમતી ભેટો આપી. રાજાએ કૂબજની પ્રશંસા કરી અને તે કોણ છે વગેરે પ્રશ્નો કર્યા.

કૂબજે દધિપર્ણને પોતાનો પરિચય આપતાં કહ્યું : 'હું કોશલાનગરીનો વતની છું. મારું નામ હુંડિક છે. નિષધ રાજાના પુત્ર નળરાજાનો હું રસોઈયો છું. સૂર્યપાક નામની વાનગી સરસ બનાવું છું. નળરાજાએ મને શીખવી છે.'

દધિપર્ણે એ સાંભળી પૂછ્યું : 'નળ રાજા ક્ષેમકુશળ છે ?

કૂબજે નળ રાજા પોતાના ભાઈ કૂબર સાથે દ્યૂત રમ્યા અને રાજ્ય હારી ગયા. તે વનમાં ગયા. હું તમારી પાસે આવ્યો વગેરે વાતો કરી.

નળની આવી દુર્દશા માટે દધિપર્ણે દુઃખ વ્યક્ત કર્યું. એક દિવસ કૂબજ પાસે સૂર્યપાક રસોઈ બનાવી તે જમ્યા. તેમણે કૂબજને સુવર્ણમહોરો અને પાંચસો ગામ ભેટ આપ્યાં. કૂબજે રાજાને શિકાર, જુગાર અને દારૂ બંધ કરાવવા કહ્યું. રાજાએ તે પ્રમાણે કર્યું.

ત્યાર બાદ કવિએ પુણ્યનો મહિમા દર્શાવ્યો છે. પુણ્યથી નળ પોતાનું રાજ્ય પાછું મેળવશે એવો નિર્દેશ પણ કર્યો છે.

ત્રીજા ખંડના આરંભમાં કવિએ નળ રાજાએ જે રાત્રે દવદંતીનો ત્યાગ કર્યો તે રાત્રે જ દવદંતીને સ્વપ્ન આવ્યું કે આંબાના જે એક વૃક્ષ પર કેરીઓ ખાવા ચડેલી તે વૃક્ષને એક વિકરાળ હાથીએ આવી જડમૂળથી ઊખેડી નાખ્યું.

આ જોઈ દવદંતી જાગી ગઈ. પોતાને આવું સ્વપ્ન આવવાથી તેને આશ્ચર્ય થયું. જાગીને જોયું તો પોતાની પાસે નળરાજા નહોતા. તેણે ચારેબાજુ નજર ફેરવી પણ નળ ન દેખાયો તે ચિંતામાં પડી ગઈ.

તે ઉદ્વેગ પામી. નળ એટલામાં જ ક્યાંક સંતાયો હશે એમ વિચારી તે તેને સાદ કરવા લાગી. પરંતુ નળનો પ્રત્યુત્તર ન મળતાં તે ગભરાવા લાગી. તેણે નળને ઉપાલંભ આપ્યો. તે બોલી : 'હે નળ ! તમને સસરાને ઘેર જતાં લજ્જા તો નથી આવતી ને ?'

તેણે વિચાર્યું કે નળ પોતાને માટે કશું લેવા તો નહીં ગયા હોય ને ? અથવા સરોવરમાં મુખ ધોવા તો નહિ ગયા હોય ને ? તેણે દેવતાઓને પ્રાર્થના કરી, કે તેના પતિ નળનો તેને જલદી મેળાપ કરાવે. નળ ન આવતાં દવદંતી રડવા લાગી તે જોઈ વનનાં હરણ પણ રડવા લાગ્યાં.

દવદંતીએ વિલાપ કર્યો. તેણે વિચાર્યું કે કઈ બાજુ જવું. એક બાજુ સાસરું છે, બીજી બાજુ પિયર છે. પોતે એવાં કેવાં પાપ કર્યા કે આ દુઃખ આવી પડ્યું. તેણે આંસુ લૂછવા વસ્ત્રનો છેડો હાથમાં લીધો. છેડા પર તેણે નળના અક્ષરો જોયા.

નળના અક્ષરો જોઈને તેણે વાંચ્યા. તેથી દવદંતીને ઘણું દુઃખ થયું. તેણે નળને ઉપાલંભ આપવા માંડ્યો : "મારો એવો તે શો દોષ છે કે તમે મને તજી દીધી ? તમને ઉત્તમ પુરુષ જાણીને પરણી, પણ તમે મને નિરાશ કરી મૂકી. પુરુષ દુષ્ટ કર્મ કરે તો પણ દોષ તો અબળાને માથે આવે."

છેવટે દવદંતી વિચારે છે કે નળને દોષ દેવા કરતાં પોતાનાં પૂર્વકર્મને દોષ દેવો જોઈએ. દવદંતીએ નળના અક્ષરો ઓળખ્યા અને માતાપિતાના ઘર તરફનો રસ્તો લીધો.

દવદંતી વનમાં એકલી ચાલતી હતી. ગાઢ જંગલમાં સ્ત્રીએ એકલા ચાલવામાં સંકટ હોય છે. એવામાં એક સાર્થ નીકળ્યો. તેમાં ઘણાં ગાડાં જોડેલાં હતાં. દવદંતી તેની સાથે જોડાઈ ગઈ. આગળ જતાં સાર્થને લૂંટવા કેટલાક ચોર આવ્યા એથી સાર્થ ઉપર સંકટ આવી પડ્યું.

જ્યારે ચોરોએ સાર્થને લૂંટવા વિચાર્યું ત્યારે દવદંતીએ શાંતિનાથ ભગવાનનું ધ્યાન કરી ચોરોને કહ્યું : 'તમે અહીંથી ભાગી જાવ.' એ સાંભળી ચોરો નાસી ગયા. એથી સાર્થવાહ વસંત શેઠને ખૂબ આશ્ચર્ય થયું. તેને થયું કે સાર્થ સાથેની આ સ્ત્રી કુળદેવી છે. સાર્થવાહે દવદંતીને નામ ઠામ પૂછી વનમાં આવવાનું કારણ પૂછ્યું. દવદંતીએ સઘળી હકીકત કહી. સ્ત્રી નળરાજાની રાણી છે એ જાણીને સાર્થવાહને તેના પ્રત્યે ખૂબ આદર થયો.

દવદંતી અને સાર્થવાહ તેના સાર્થની સાથે આગળ માર્ગ કાપતાં હતાં એવામાં વર્ષાઋતુ બેસતાં માર્ગમાં કાદવ થઈ જતાં તેમનાં ગાડાં તેમાં ખૂંપી ગયાં. દવદંતીને આથી વિલંબ થવા લાગ્યો એટલે તે તો એકલી આગળ ચાલી. એવામાં એક રાક્ષસ દવદંતીને ખાવા આવ્યો. પરંતુ દવદંતીએ તેને ડર બતાવતાં કહ્યું : 'પરસ્ત્રીનો સ્પર્શ કરતાં તું ભસ્મ થઈ જઈશ.' એ સાંભળી રાક્ષસ અટકી ગયો. તે દવદંતીને પગે પડ્યો. રાક્ષસને અવધિજ્ઞાન હતું. દવદંતીએ તેને પૂછ્યું : 'મને મારા પ્રિયતમનો મેળાપ ક્યારે થશે ?' રાક્ષસે પોતાના જ્ઞાન વડે કહ્યું : 'બાર વર્ષે તમને તમારો પ્રિયતમ મળશે.'

દવદંતીએ જરૂર પડે તો સહાય કરવા રાક્ષસને વિનંતી કરી. રાક્ષસ એ પછી ચાલ્યો ગયો. પ્રિયતમનો આટલો લાંબો વિરહ ભોગવવાનો છે તે જાણી દવદંતીએ અભિગ્રહ ધારણ કર્યો કે રાતું વસ્ત્ર પહેરવું નહિ, આભૂષણો ધારણ કરવા નહિ, તાંબૂલ ખાવું નહિ. મિષ્ટાન્ન વગેરે 'વિગઈ'નો ત્યાગ કરવો અને ઉત્તમ શય્યામાં સૂવું નહિ.

દવદંતીએ અભિગ્રહ ધારણ કર્યા. પછી તે ચાલવા લાગી. ત્યાં એક પર્વતની તળેટીમાં અનુકૂળ ગુફા જોઈ તેણે ત્યાં મુકામ કર્યો. ત્યાં તેણે શાંતિનાથ ભગવાનની વેળુની પ્રતિમા બનાવી. તે પ્રભુની ભક્તિ કરવા લાગી. એ સાંભળી કેટલાક તાપસો ત્યાં આવ્યા.

બીજી બાજુ વસંત શેઠનાં ગાડાં પાછળ આવતાં હતાં. શેઠે માર્ગમાં દવદંતીનાં પગલાં જોયાં. તેને અનુસરીને તેઓ પર્વતની તળેટીમાં આવ્યા. દવદંતીને મળ્યા. તેમણે દવદંતીને પ્રતિમા વિશે પૂછ્યું. દવદંતીએ કહ્યું : 'આ શાંતિનાથ ભગવાનની પ્રતિમા છે.' સાર્થવાહે દવદંતીના ઉપદેશથી ખુશ થઈ ત્યાં જિનમંદિર બંધાવ્યું. તેમાં ભગવાનની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. ત્યાં નગર પણ વસાવ્યું જેનું નામ તાપસપુર રાખવામાં આવ્યું.

કેટલોક સમય વીત્યા પછી ત્યાં યશોભદ્ર નામના સૂરિ પધાર્યા. તે વખતે ત્યાં નળના ભાઈ કૂબરનો પુત્ર સિંહકેસરી નામે યુવાન આવ્યો જે નવપરિણીત હતો. પરંતુ પોતાનું આયુષ્ય પાંચ જ દિવસનું રહ્યું છે એ જાણીને તેણે યશોભદ્ર પાસે દીક્ષા લીધી. દીક્ષા લઈ તે પર્વતના શિખર પર ગયો અને ત્યાં ધ્યાનમાં બેઠો. તેને કેવળજ્ઞાન થયું. તે જાણી દવદંતી તાપસ અને સાર્થપતિને લઈ પર્વતના શિખર પર ગઈ. તેણે કેવળી ભગવંતને પ્રદક્ષિણા કરી વંદન કર્યા. કેવળી ભગવંતે ધર્મદેશના કરી.

કેવળી ભગવંતે દવદંતીના શીલની પ્રશંસા કરી. પછી સિંહકેસરી કેવળી કર્મનો ક્ષય કરી મોક્ષે સિધાવ્યા. દવદંતીએ યશોભદ્ર કેવળીને પૂછ્યું : 'હે ભગવંત ! મેં પૂર્વભવમાં એવાં તે શાં કર્મ કર્યાં હશે કે મને નળના વિયોગનું દુઃખ આવ્યું ?'

યશોભદ્ર કેવળીએ કહ્યું : 'હે દવદંતી ! પૂર્વ ભવમાં નળ મમ્મણ શેઠ હતો અને તું એની પત્ની વીરમતી હતી. તું તારા પતિ મમ્મણ સાથે બાગમાં ગઈ હતી ત્યારે ત્યાં એક સાધુ આવ્યા. તે તપથી કૃશ થઈ ગયા હતા. એમને જોઈ તને અપશુકન થયા હોય એવું લાગ્યું. એથી ગુસ્સે થઈ તેં તેમનાં ઓઘો અને મુહપત્તી ખૂંચવી લીધાં. તાપસને બાર ઘડી સુધી પૂરી દીધા. એ કર્મને કારણે તમને બાર વર્ષનો વિયોગ થયો છે.'

આમ કરતાં દવદંતીને સાત વર્ષ વહી ગયાં. એક દિવસ એક પંખીએ આવીને કહ્યું : 'દવદંતી, તારા પતિને મેં આજે અહીંથી જતા જોયા.' દવદંતી તે સાંભળી બહાર આવી, પણ કોઈ ન દેખાયું. તે આગળ ચાલી. ત્યાં તેને એક રાક્ષસી દેખાઈ. તે રાક્ષસી દવદંતીના શીલના પ્રભાવથી નજીક આવતી અટકી ગઈ. એ દરમિયાન દવદંતીને તરસ લાગતાં તેણે પગની પાનીનો પ્રહાર કર્યો તેથી નદીમાં પાણી આવ્યું. દવદંતીએ તે લઈ પીધું. ત્યાર પછી દવદંતી ધનદેવ સાર્થવાહ પાસે આવી. સાર્થવાહે દવદંતીને પોતાની બહેન માની અને તેને અચલપુર પહોંચાડી. ત્યાં ઋતુપર્ણ રાજા અને ચંદ્રયશા રાણી હતાં. તેમની દાસીએ દવદંતીને જોઈ અને રાજા-રાણીને વાત કરી. તેમણે તેને મહેલમાં બોલાવી. ચંદ્રયશા દવદંતીની માસી થાય પણ ઘણાં વર્ષ પછી જોઈ હોવાથી તેને ઓળખતી નહોતી. દવદંતીએ પણ પોતાનો પરિચય ન આપ્યો. ચંદ્રયશાએ એને દીકરીની જેમ રાખી. રાજાએ દવદંતીને દાનશાળામાં

દાન આપવાનું કામ સોંપ્યું.

દવદંતી દાનશાળામાં દાન આપતી હતી તે દરમિયાન હરિપિંગલ નામના એક ચોરને પકડવામાં આવ્યો. દવદંતીએ એને બચાવી તપાસ કરી તો તે વસંત સાર્થવાહનો દાસ નીકળ્યો. એણે વસંત શેઠ વિશે વાત કરી. વસંત શેઠે સાત દિવસ અન્નપાણી લીધાં નહિ. જ્યારે સાધુએ તમારા વિશે વાત કરી ત્યારે વસંત શેઠે પારણું કર્યું.

દવદંતીએ હરિપિંગલને ઉપદેશ આપી ભવ સફળ કરવા સમજાવ્યું.

છેવટે હરિપિંગલે દીક્ષા લીધી અને ગુરુની આજ્ઞા લઈ કાઉસગ્ગ ધ્યાને સ્થિર થઈ, દેહ છોડી દેવલોકમાં ગયો.

ત્યાર પછી એ દેવે પોતાને ધર્મ તરફ વાળનાર દવદંતી જ્યાં હતી ત્યાં સાત કરોડ સુવર્ણમુદ્રા વરસાવી. એથી ઋતુપર્ણને નવાઈ લાગી.

બીજી બાજુ કુંડિનપુરમાં ભીમકને નલ-દવદંતીનાં દુઃખની ખબર પડી. તેમણે દૂતોને તપાસ કરવા મોકલ્યા જેમાંનો એક દૂત હરિમિત્ર નામે બ્રાહ્મણ ઋતુપર્ણને ત્યાં આવ્યો. ભીમના દૂતને ઋતુપર્ણે આવકાર આપ્યો. દૂતે આવીને બધી વિગત કહી. નલ-દવદંતીની ખબર કાઢવા ભીમરાજાએ પોતાને મોકલ્યો હોવાનું દૂતે કહ્યું. એ સાંભળી ચંદ્રયશા રાણીને મૂર્છા આવી ગઈ. ઉપચાર કરતાં તે ભાનમાં આવી.

દવદંતીએ આ બધી વાત સાંભળી છતાં તેણે પોતાની ઓળખાણ પ્રગટ ન કરી. દવદંતી બ્રાહ્મણને ભોજન આપવા દાનશાળામાં લઈ ગઈ. તે વખતે બ્રાહ્મણને વહેમ જતાં તેણે દવદંતીને પૂછ્યું. છેવટે તેણે તે દવદંતી હોવાનું જાણી રાજા-રાણીને વધામણી આપી. માસા-માસીએ દાનશાળામાંથી તરત દવદંતીને બોલાવી, સ્નાન કરાવી સરસ વસ્ત્રો પહેરાવ્યાં.

ચંદ્રયશા માસીએ વિગતો પૂછતાં દવદંતીની આંખમાં આંસુ આવી ગયાં. બ્રાહ્મણે દવદંતીને ભીમરાજાને ત્યાં મોકલવા વિનંતી કરી. ઋતુપર્ણે એ વ્યવસ્થા કરી. સેનાને લઈ દવદંતીને મૂકવા ચાલ્યા. ભીમ રાજા અને પુષ્પદંતી રાણી સમાચાર જાણી ખુશ થયાં.

દવદંતી પિયર પહોંચી માતાપિતાને ભેટી પડી. દવદંતીને તેમણે આશ્વાસન આપ્યું : 'તું દુઃખ ધરતી નહિ. નળ તને જરૂર મળશે !'

રાજાએ નગરમાં સાત દિવસનો ઉત્સવ કરાવ્યો, જિનમંદિરમાં પૂજા કરાવી અને દાન દીધું. થોડા દિવસ ભીમને ત્યાં રોકાઈ ઋતુપર્ણે વિદાય લીધી.

હરિમિત્ર બ્રાહ્મણને દવદંતીના પિતાએ પાંચસો ગામ ભેટ આપ્યાં. પછી નળરાજાની ખબર મેળવવાનું વિચાર્યું.

દવદંતી પોતાના પિતાને ત્યાં રહી નળની વાટ જોવા લાગી. તેણે ભીમ રાજાને લોકો વ્યસન ન કરે એ માટે પડહ વગડાવવાનું કહ્યું.

સુસમારપુરથી એક દૂત કોઈક કારણસર કુંડિનપુર ગયો હતો. એણે જાણ્યું કે નળરાજાનો હુંડિક નામનો કોઈ કદરૂપો રસોઈઓ સૂર્યપાક રસવતી સરસ બનાવે છે અને ગજવિદ્યા પણ જાણે છે. એ વાત સાંભળીને ભીમ રાજાએ દવદંતીને એ વાત કહી. દવદંતીએ ધારણા કરી કે તે નળ જ હોવો જોઈએ.

ભીમ રાજાને થયું કે કૂબજ એ નળ હોય તો દવદંતીનું ભાગ્ય જાગ્યું કહેવાય. એણે કુશળ નામના માણસને સુસમારપુર મોકલ્યો. કૂબજને જોઈ તે તેને નળરાજા માનવા તૈયાર નહોતો. પરંતુ એક પ્રયોગ કર્યા પછી નિર્ણય કરવાનો વિચાર કર્યો.

કુશળે નળદમયંતીનું નાટક શરૂ કર્યું. નળ દવદંતીને છોડીને જાય છે એ દશ્ય જોઈને કૂબજ ખૂબ વિહ્વળ થઈ ગયો અને રુદન કરવા લાગ્યો. એ વખતે કુશલે કૂબજને પૂછ્યું : 'રાજકુળમાં અહીં આટલા બધા પુરુષો છે તેમાં તને જ રડવું કેમ આવ્યું ?' કૂબજે પોતે નળ રાજાનો રસોઈઓ હતો તેથી દુઃખ લાગ્યાનું કહ્યું.

કૂબજ કુશળને પોતાને ત્યાં લઈ ગયો અને સૂર્યપાક રસોઈ ખવડાવી. કુશળના પૂછવા છતાં પોતે નળ હોવાનું કૂબજે કહ્યું નહીં. પછી કુશળ કુંડિનપુર પાછો ફર્યો.

કુશળે આવી સુસમારપુરના ભીમરાજાને બધા સમાચાર આપ્યા. પોતે નાટક કર્યું ત્યારે કૂબજ ખૂબ રડ્યો અને નાટકમાં દવદંતી પાસે દોડી આવ્યો.

કુશળની વાત સાંભળ્યા પછી ભીમરાજાને દવદંતીએ કહ્યું, "મને ખાતરી છે કે કૂબજ એ જ નળ છે પરંતુ કર્મના કોઈ દોષને કારણે નળ કૂબજ થઈ ગયા હશે. સૂર્યપાક રસોઈ, ગજવિદ્યા અને મોટા દાનના ગુણથી તે નળ હોવાનું જણાય છે માટે એમને અહીં તેડાવો."

મંત્રીએ દવદંતીનો ખોટો ખોટો સ્વયંવર રચવાનું સૂચવી ફક્ત એક દિવસ અગાઉ દધિપર્ણ રાજાને નિમંત્રણ આપવાનું સૂચવ્યું. નળને અશ્વવિદ્યા આવડતી હોઈને એક દિવસમાં દધિપર્ણ રાજાને લઈને આવે છે કે નહિ તેની ખબર પડશે. દૂતે જઈ દધિપર્ણ રાજાને નિમંત્રણ આપ્યું કે આવતી કાલે ચૈત્ર સુદ પાંચમને દિવસે દવદંતીનો સ્વયંવર છે રસ્તામાં પોતાને કોઈક રોગ થયો હોઈ આવવામાં મોડું થયું હોવાનું પણ કહ્યું.

એક દિવસમાં દવદંતીના સ્વયંવરમાં કેમ પહોંચાય તેના વિચારમાં દધિપર્ણ રાજા પડી ગયો. તે વખતે હુંડિકે તેને કહ્યું : 'તમે શાની ચિંતા કરો છો ?' દધિપર્ણે બધી વાત કરી. એણે દધિપર્ણ રાજાને કહ્યું : "હું તમને સૂર્યોદય પહેલાં કુંડિનપુર પહોંચાડી

દઈશ.'' દધિપર્ણ રાજા એ સાંભળી ખુશ થયો. રથ તૈયાર કરવામાં આવ્યો. હુંડિકે પોતાના બે રત્નકરંડક લીધા. હુંડિકે નવકારમંત્ર ભણી ઘોડા ચલાવ્યા એટલે તે પવનવેગે દોડવા લાગ્યા. દધિપર્ણ રાજાની પછેડી ઊડી જતાં તેણે કૂબજને કહ્યું. કૂબજે જવાબ આપ્યો કે ઘોડા તો પચીસ યોજન આગળ નીકળી ગયા છે. એ સાંભળી દધિપર્ણને આશ્ચર્ય થયું. રસ્તામાં બહેડાનું વૃક્ષ આવતાં દધિપર્ણે તેની ઉપર અઢાર હજાર ફળ હોવાનું કહ્યું. કૂબજે ફળ પાડીને ગણતાં તેટલાં જ થયાં. દધિપર્ણને ગણિતવિદ્યા આવડતી હતી, હુંડિકને અશ્વવિદ્યા. બંનેએ પોતાની પાસેની વિદ્યા એકબીજાને શીખવી. સૂર્યોદય થતાં તેઓ કુંડિનપુર આવીને એક વૃક્ષ નીચે બેઠા.

તે રાત્રે દવદંતીને એક સ્વપ્ન આવ્યું જેની વાત તેણે પોતાના પિતાને કરી. દવદંતીએ સ્વપ્નની વાત કરતાં કહ્યું કે પોતે એક સુંદર આંબાના વૃક્ષ પર ચડી હતી. તે વખતે એક પંખી ધરતી પર પડ્યું.

ભીમરાજાએ સ્વપ્નનો અર્થ ઘટાવતાં કહ્યું કે સ્વપ્નમાં આંબા પર ચડવું એ નળને મળવાનું સૂચન કરે છે અને પંખીનું પડવું તે કૂબર સુખ હારી જશે એનું સૂચન કરે છે.

એવામાં અનુચરે આવીને કહ્યું કે દધિપર્ણ રાજા આવી પહોંચ્યા છે, ભીમે તેમને નગરમાં બોલાવ્યા. સ્વયંવરની કશી એંધાણી ન જોઈને દધિપર્ણ રાજાને મૂંઝવણ થઈ. ભીમે તેમને આગમનનું કારણ પૂછતાં દધિપર્ણે સ્વયંવર અંગે કહ્યું. વળી, નળના રસોઈઆ કૂબજ અંગે વાત કરી. ભીમરાજાએ સૂર્યપાક રસોઈ બનાવવા કૂબજને કહ્યું. કૂબજે એ બનાવતાં દવદંતીએ એ ચાખી. તેને ખાતરી થઈ ગઈ કે આ જ નળ હોવા જોઈએ. રાજા-રાણીએ હુંડિકને બોલાવીને 'તમે નળ રાજા છો ?' એમ પૂછ્યું ત્યારે કૂબજે કહ્યું, ''ક્યાં નળ રાજા અને ક્યાં હું ?''

દવદંતીએ બીજી પરીક્ષા કરવા ભીમરાજાને કહ્યું : 'પિતાજી નળ જ્યારે મને સ્પર્શ કરતા ત્યારે હું રોમાંચિત થઈ જતી. જો કૂબજ મને જરાક સ્પર્શ કરે તો પણ ખબર પડે.'

ભીમરાજાએ દવદંતીને સ્પર્શ કરવા કૂબજને કહ્યું. કૂબજે પોતે બ્રહ્મચારી હોઈને દવદંતીને સ્પર્શ કરવાની ના પાડી. છતાં ભીમરાજાએ આગ્રહ કરતાં કૂબજે સ્પર્શ કરતાં દવદંતી રોમાંચિત થઈ ગઈ. દવદંતીને તે નળ હોવા અંગેની ખાતરી થઈ ગઈ. ત્યાર પછી રાજા-રાણીને બહાર મોકલી દવદંતી કૂબજ પાસે એકલી રહી.

દવદંતીએ હુંડિકને પોતાને છોડી જવા અંગે ઠપકો આપ્યો ત્યારે તેની આંખમાં આંસુ આવી ગયાં. હુંડિકે કહ્યું : 'તને છોડીને હવે નહીં જાઉં.'

નળરાજાએ દેવે આપેલાં વસ્ત્ર ધારણ કરતાં એને પોતાનું મૂળ રૂપ પાછું મળ્યું. દવદંતીને તેનાથી હર્ષ થયો. તેઓ રાજસભામાં આવ્યાં. ભીમરાજાએ નળને પોતાની બાજુમાં સિંહાસન પર બેસાડ્યા. ભીમરાજાએ નળને તેણે ગોપવેલા રૂપ અંગે પ્રશ્ન કર્યો.

હુંડિક એ નળ છે એ જાણીને દધિપર્ણ રાજા ઝંખવાણો પડી ગયો. તેણે નળની ક્ષમા માગી. પરંતુ નળે તો દધિપર્ણ રાજાનો આભાર માન્યો. નળ રાજાને જોઈ સહુ આનંદિત થયાં. એવામાં ધનદેવે ત્યાં આવ્યો. દવદંતીને જોઈ તે ઓળખી ગયો. દવદંતીના કહેવાથી તાપસપુરના સ્વામીને પણ બોલાવવામાં આવ્યા. ભીમરાજાએ ઋતુપર્ણ રાજા અને ચંદ્રયશા રાણીને પણ તેડાવ્યાં.

ભીમરાજાને ત્યાં નળ એક મહિનો રહ્યો. તે દરમિયાન તેણે સેનાને સજ્જ કરી. કૂબરને યુદ્ધ કરવા અથવા જુગાર રમવા કહેવડાવ્યું. કૂબરે જુગાર રમવાની હા કહી. નળરાજા વાજતેગાજતે નગરમાં આવ્યા. નળ અને કૂબર જુગાર રમવા બેઠા. જુગારમાં નળે કૂબરને હરાવ્યો અને પોતાનું રાજ્ય પાછું મેળવ્યું.

કૂબરને હરાવી નળે પોતાની રાજ્યલક્ષ્મી પાછી મેળવી. કૂબર નિરાશ થયો પણ નળે તેને યુવરાજની પદવી આપી. નળનો રાજ્યાભિષેક થયો. નળ-દવદંતીએ જિનપૂજા કરી. તેઓ શત્રુંજય અને ગિરનારની યાત્રા કરી આવ્યાં. નિષધ દેવતાએ આવી નળને ઉપદેશવચન કહ્યાં.

નિષધે સંસારને અસાર ગણાવી સંયમ ધારણ કરવા કહ્યું. આખી રાત નિષધદેવે નળને સમજાવ્યો અને સવાર થતાં તેઓ દેવલોકમાં પાછા ગયા. નળરાજાને વૈરાગ્ય ઊપજ્યો અને દીક્ષા લેવાનો નિર્ણય કર્યો.

સવારે વનપાલકે આવીને કોઈ સાધુ મહારાજ ઉદ્યાનમાં પધાર્યા હોવાના સમાચાર નળને આપ્યા. નળે ત્યાં જઈ પ્રશ્ન કર્યો. 'હે ભગવંત, મારા ક્યા પુણ્યના પ્રભાવે મને આવું મોટું રાજ્ય મળ્યું છે ?' સાધુ ભગવંતે પોતાના જ્ઞાનથી સઘળી વાત જાણી કહ્યું : 'જંબૂદ્વીપના સંગર નામે નગરમાં તું મમ્મણ રાજા હતો. તારી પટરાણી વીરમતી હતી. તમે બંને એક વખત ફરવા નીકળ્યાં ત્યારે રસ્તામાં એક મુનિ મળતાં તમે અપશુકન માન્યા. મુનિના શુકનને અપશુકન માની તમે તેમને સંતાપ આપ્યો. મુનિવરે જણાવ્યું કે પોતે અષ્ટાપદ તીર્થનાં દર્શન કરવા જઈ રહ્યા હતા તે વખતે અંતરાય કર્મ કર્યું. રાજા-રાણીએ પોતાના અપરાધ અંગે ક્ષમા માંગી. સાધુએ રાજા-રાણીને ધર્મનું રહસ્ય સમજાવ્યું. રાજા-રાણી શુદ્ધ શ્રાવકધર્મ પાળવા લાગ્યાં. ત્યાંથી ચ્યવીને બંને દેવલોકમાં ગયાં. દેવલોકમાં સુખ ભોગવીને તે બંને ભરતક્ષેત્રમાં પોતનપુર નગરમાં એક ભરવાડને ઘરે ધન અને ધૂંસરિ નામે અવતર્યા. તેઓ ગાય-ભેંસ ચરાવતાં હતાં એ દરમિયાન એક મુનિને કાઉસગ્ગ ધ્યાનમાં રહેલા જોયા. એવામાં વરસાદ ચાલુ થતાં ધન અને ધૂંસરિએ તેમના શિર પર છત્ર ધરી મુનિની રક્ષા કરી. પોતાને ત્યાં બોલાવી

ભાવપૂર્વક દૂધ વહોરાવ્યું. ચોમાસુ પોતાને ત્યાં રાખ્યા. પછી કાળધર્મ પામીને બંને દેવલોકમાં અવતર્યાં. આમ, પાંચ ભવ પૂરા કરી છઠ્ઠા ભવે તે ધન કોશલનગરીમાં વીરસેન રાજાને ત્યાં નળ તરીકે અને ધૂંસરિનો જીવ કુંડિનપુરમાં ભીમરાજાને ત્યાં દવદંતી તરીકે અવતર્યો. પૂર્વભવના સ્નેહને કારણે તે બંનેનો મેળાપ થયો. બાર ઘડી સુધી મુનિને દૂભવ્યા તેથી બાર વર્ષનો વિયોગ થયો.

મુનિનાં વચન સાંભળી નળ અને દવદંતીએ મુનિની પાસે દીક્ષા લીધી. એક વખત દવદંતીને જોઈ નળમુનિના ચિત્તમાં કામવિકાર જન્મ્યો. તેમને કામભોગની ઇચ્છા થઈ. દવદંતીએ તેમને સમજાવતાં કહ્યું કે ચલિત થયા વગર તમારા મનને વાળી લો. ગુરુએ પણ ઘણો ઉપદેશ આપ્યો પણ તેની કોઈ અસર નળ-મુનિ પર થઈ નહીં તેથી તેમને ગચ્છ બહાર કાઢ્યા. નિષધદેવે પણ આવીને નળને સમજાવ્યો, પણ એની કંઈ અસર થઈ નહીં. છેવટે નળમુનિએ અનશન કરી દેહ છોડ્યો. દેવલોકમાં ધનદ નામે દેવ થયો. દવદંતી પણ કાળધર્મ પામી દેવલોકમાં ધનદની નારી થઈ.

આયુષ્ય પૂર્ણ થતાં ધનદની સ્ત્રીનો જીવ જંબૂદ્વીપના ભરતપુરના પેઢાલપુરીના રાજા હરિશ્ચંદ્ર અને રાણી પદ્મવતીને ત્યાં કુંવરી કનકવતી તરીકે અવતર્યો. ધનદદેવે કનકવૃષ્ટિ કરી.

તે દરમિયાન કનકવતી ઉંમરલાયક થઈ. તેનો સ્વયંવર રચાયો. એ વખતે એક હંસ કનકવતી પાસે આવ્યો. તેણે કનકવતીને કહ્યું કે તારા સ્વયંવરમાં વસુદેવ નામનો રાજા આવશે તેને ઓળખીને તું એને વરજે. હંસે એક ચીતરેલો પટ બતાવ્યો જેમાં વસુદેવનું ચિત્ર હતું. તે હંસે પોતાની ઓળખ ચંદાલિય વિદ્યાધર તરીકે આપી. કનકવતી ચિત્રપટ જોઈ વસુદેવ પર મોહિત થઈ ગઈ. વિદ્યાધરે વસુદેવ પાસે જઈ બધી વાત કહી. પછી વસુદેવ ઉદ્યાનમાં પહોંચ્યા અને નેમિનાથ તીર્થંકરના મંદિરમાં જઈ વંદન કર્યા.

આ પ્રસંગે આકાશમાંથી એક દેવવિમાન આવ્યું. એ ધનદ દેવનું વિમાન હતું. ધનદે વસુદેવ પાસે જઈને કહ્યું કે તમે કનકવતી પાસે જઈને કહો કે તે સ્વયંવરમાં મને વરે. મારા પ્રભાવથી તમે કુંવરીના આવાસમાં જઈ શકશો. કોઈ તમને જોશે નહીં. વસુદેવ કનકવતી પાસે ગયા અને ચિત્રપટમાં ચીતરેલા રૂપ જેવું જ રૂપ સાક્ષાત્ જોઈને રાજી થઈ ગયા. વસુદેવે પોતે દૂત તરીકે આવ્યા હોવાનું કહ્યું. વસુદેવે એ પણ કહ્યું કે પોતે તેના (કનકવતીના) પૂર્વભવના પતિ ધનદદેવ સાથે વરવાનું કહેવા આવ્યો છે. કનકવતીએ પોતે અશુચિ કાયાવાળી માનવ-સ્ત્રી હોઈને કેવી રીતે વરી શકું એમ પૂછ્યું. વસુદેવે કનકવતીને પોતાનું વચન પાછું ન ઠેલવા વિનંતી કરી.

વસુદેવે ધનદ પાસે આવી કનકવતીનો સઘળો વૃત્તાંત કહ્યો. ધનદે પ્રસન્ન થઈ વસુદેવને પોતાનાં વસ્ત્રાભૂષણ ધારણ કરવાનું કહ્યું. વસુદેવે એ ધારણ કરતાં ધનદ જેવા જ દેખાવા લાગ્યા. ધનદ અને વસુદેવ સૂર્ય-ચંદ્ર જેવા લાગવા માંડ્યા.

હરિશ્ચંદ્ર રાજાએ ધનદદેવ આવ્યાની વાત જાણીને તેમને સ્વયંવર મંડપમાં પધારવા નિમંત્રણ આપ્યું. ધનદદેવ અને બીજા ઘણા રાજાઓ આવ્યા હતા. ધનદની બાજુમાં બેઠેલ વસુદેવને તેમણે એક વીંટી પહેરવા આપી. તે પહેરતાં જ વસુદેવ ધનદ જેવા દેખાવા લાગ્યા.

કનકવતી સ્વયંવર મંડપમાં આવી ત્યારે તેણે વસુદેવને ન જોયા. તે મૂંઝાઈ. સખીએ જલ્દીથી નિર્ણય કરવા કહ્યું. બે ધનદને જોતાં કનકવતીએ ધનદને કહ્યું કે મને મારો પતિ આપો. તે વખતે ધનદે વસુદેવ પાસેથી વીંટી પાછી માગી લેતાં વસુદેવનું મૂળ રૂપ પ્રગટ થયું. વસુદેવને જોઈ કનકવતી રાજી થઈ. તેમને વરમાળા પહેરાવી. વસુદેવે ધનદને ત્યાં પધારવાનું કારણ પૂછતાં તેમણે કહ્યું કે પોતે વિમલનાથ જિનેશ્વરની પાસે ગયા હતા. એમની પાસેથી કનકવતીની વાત જાણીને પૂર્વભવના સ્નેહને કારણે આવવાનું મન થયું હતું.

કનકવતીને પરણીને વસુદેવ દ્વારિકા નગરી આવ્યા.

એક દિવસ નેમિનાથ જિનેશ્વર ઉદ્યાનમાં પધાર્યા. તેમને વંદન કરવા વસુદેવ પણ ગયા. નેમિનાથ ભગવાને દેશના આપી. એમની દેશના સાંભળી ગજસુકુમાલે દીક્ષા લીધી. સ્મશાનમાં રહી તેઓએ કાઉસગ્ગ ધ્યાન કર્યું. એ જોઈ એમના સસરા સોમિલ ગુસ્સે ભરાયા. માથે અગ્નિ મૂક્યો. છતાં ગજસુકુમાલ ધ્યાનમાંથી ચલિત ન થયા. તેઓ કેવળજ્ઞાન પામ્યા.

નેમિનાથની દેશના સાંભળી એમના પિતા સમુદ્ર. વિજય, માતા રાણી શિવાદેવી અને બહેનોએ દીક્ષા લીધી. તેવી રીતે બોંતેર હજાર રાણીઓએ પણ સંયમ ગ્રહણ કર્યો. દેવકી, રોહિણી વગેરે મોક્ષે ગયાં. કનકવતીને ગૃહવાસમાં રહીને ધ્યાન ધરતાં કેવળજ્ઞાન થયું.

દેવોએ આવી કેવળજ્ઞાનનો મહિમા કર્યો. કનકવતીને સાધ્વીનો વેશ આપ્યો. સાધ્વી કનકવતી ત્યાર પછી એક મહિનાની સંલેખના કરી, દેહ છોડી મોક્ષે સિધાવી.

[વિજયશેખરકૃત 'નલ-દવદંતી પ્રબંધ'-સંપાદક : ડૉ. રમણલાલ ચી. શાહ]

સનત્કુમાર ચક્રી

- જ્ઞાનસાગર

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં હસ્તિનાપુરમાં અશ્વસેન નામે કુરુવંશી રાજા રાજ્ય કરતો હતો. તેની રાણીનું નામ સહદેવી હતું. સહદેવીને પેટે એક પુત્ર અવતર્યો જેનું નામ સનત્કુમાર

રાખવામાં આવ્યું. કુમાર મોટો થવા લાગ્યો. તેણે સર્વ કલાઓનો અભ્યાસ કર્યો. બળબુદ્ધિમાં તે સબળો હતો. યૌવનમાં પ્રવેશતાં જ યુવતીઓનાં મન મોહી લેવા લાગ્યો. સનત્કુમારને મંત્રીપુત્ર મહેન્દ્ર સાથે ગાઢ દોસ્તી હતી. બંને સાથે જન્મેલા, સાથે રમેલા. બંનેએ એક જ શિક્ષક પાસે શાસ્ત્રોનો અભ્યાસ કરેલો. ધર્મ અને વિવેક જેમ એક સાથે વૃદ્ધિ પામે તેમ રાજાનો અને મંત્રીનો પુત્ર વધતા હતા.

એક વખત અશ્વસેન રાજા રાજસભામાં બેઠા હતા. તે વખતે એક માળી ફળફૂલ લઈને ત્યાં આવ્યો. તેણે હાથ જોડીને રાજાને વસંતઋતુ આવ્યાની વધામણી આપી ઉત્સવ મનાવવા આમંત્રણ આપ્યું. ફાગ ખેલવા ટોળી ભેગી થઈ. અબીલગુલાલ ઊડવા લાગ્યા. સનત્કુમાર અને સાથીઓ એકબીજા ઉપર કેસરની પિચકારીઓ ભરી છાંટવા લાગ્યા. એવામાં જ્યાં રાજા બેઠો હતો ત્યાં એક અશ્વ આવ્યો. તે અદ્‌ભુત અશ્વને જોઈ રાજા વિચારવા લાગ્યો કે આ તો સૂરજનો રથ ખેંચતો કોઈ દૈવી અશ્વ આવી ચડ્યો લાગે છે. વનક્રીડા કરીને જેવો સનત્કુમાર આવ્યો કે તરત જ રાજાએ તેને તે ઘોડો આપ્યો. કુંવરે તેની ઉપર સવાર થઈ જેવી લગામ ખેંચી કે તરત જ અશ્વ તીવ્ર ગતિએ દોડવા લાગ્યો. તેને સારા-ખરાબ માર્ગનું પણ ભાન ન રહ્યું. રાજા સેના લઈને પોતાના કુંવરની તપાસમાં ઘોડાના પગલે પગલે ચાલ્યો. અશ્વના ડાબલાથી ઘણી ધૂળ ઊડી. આકાશમાં રાત્રિ થઈ હોય તેવું અંધારું છવાઈ ગયું.

એ વખતે મહેન્દ્રસિંહે પ્રણામ કરી રાજાને કહ્યું કે અશ્વ કુમારને હરી ગયો છે. હવે કુંવર મળવો દુર્લભ છે. પણ હું મારા મિત્રની વહારે ધાઈશ. તેને ગમે તેમ કરીને પાછો લાવીશ.

આમ કહી મહેન્દ્ર મિત્રની તપાસ કરવા નીકળ્યો. હાથમાં તલવાર તથા ધનુષ્યબાણ લઈ તે પસાર કરવું મુશ્કેલ એવા જંગલમાં ચાલ્યો. હાથી, સિંહ, વાઘ અને રીંછનાં ઘણાં ટોળાં હતાં તે જંગલમાં મિત્રની શોધમાં ફરવા લાગ્યો. ગિરિકંદરાઓ જોતો તે આગળ ચાલ્યો. જેમ જેનું પુણ્ય ક્ષીણ થઈ ગયું હોય તેને ગમે તેટલું ભમતાં પણ ધન ન મળે તેમ મહેન્દ્રને મિત્રનો પત્તો લાગતો નહોતો. જળ-સ્થળ-અટવિ વગેરેને ઓળંગીને તેણે બધે જ તપાસ કરી પણ મિત્ર ન મળ્યો. આમ, ફરતાં ફરતાં એક વર્ષ વીતી ગયું.

આમ વનમાં ફરતાં મહેન્દ્રસિંહે સારસનો અવાજ સાંભળ્યો. તેણે વિચાર્યું કે આટલામાં ક્યાંક સરોવર હોવું જોઈએ. તે એ દિશામાં ચાલ્યો. ગંધના અણસારે તે ચાલ્યો. ચારે બાજુ પ્રસરેલ સુગંધને કારણે ભ્રમરગણનો ગણગણાટ સંભળાયો. તેની નજરે મનોહર માનસ સરોવર પડ્યું. મોટી જગા જોઈ મહેન્દ્રસિંહ આગળ વધ્યો. તેણે વિશાળ બાગ જોયો. ત્યાં સંગીતની સાથે નૃત્ય થતું હતું. યુવતીઓના વૃંદની વચ્ચે સિંહાસન પર બેઠેલ સનત્કુમારને જોયો. દૂરથી જોઈ તેણે વિચાર્યું કે આ સાચું છે કે માત્ર ભ્રમ છે ? બંદીજનો રાજા આગળ (સનત્કુમાર સામે) બિરદાવલીઓ ગાતા હતા. જેમાં તે અશ્વસેનના કુળનો ચંદ્ર હોવાનું, કામદેવ જેવા રૂપવાળો હોવાનું બોલાતું હતું. તે સાંભળી મહેન્દ્રસિંહના હૈયામાં હરખનો પાર ન રહ્યો. તેણે મિત્રને ભેટીને કહ્યું કે તારા મળવાથી મને ત્રિભુવનનું રાજ્ય મળી ગયું. આંખમાંથી હર્ષનાં આંસુ વહેવા લાગ્યાં.

સનત્કુમારે મહિંદસિંહ (મહેન્દ્રસિંહ)ને આસન આપી પાસે બેસાડ્યો. તેણે પિતા વગેરેના સમાચાર પૂછ્યા. આ અટવી પસાર કરવી મુશ્કેલ છે અહીં કેમ કરીને તમે પહોંચ્યા ? મહેન્દ્રસિંહે સઘળો વૃત્તાંત કહ્યો. એક વર્ષ ફર્યા પછી મિત્ર તારો પત્તો લાગ્યો હોવાનું તેણે કહ્યું. તે પછી સર્વ ભોજાઈઓએ મળી મહેન્દ્રસિંહને નવડાવ્યો, વસ્ત્રો અને આભૂષણોથી સજાવ્યો. પાન ખવડાવી મોંને લાલ રંગથી રંગ્યું.

મહેન્દ્રસિંહે સનત્કુમારને અશ્વ કેવી રીતે અને ક્યાં હરી ગયો તેની સઘળી વાત કહેવા કહ્યું. સનત્કુમારે પોતાના મુખે પોતાનું ચરિત્ર ન કહેતાં, અન્ય પાસે કહેવડાવી સમજાવવાનું વિચાર્યું. તેણે ચંદ્રવેગ નામના ખેચરની પુત્રી બકુલમતિને આદેશ આપ્યો કે મહેન્દ્રસિંહને બધી હકીકત વિદ્યાને પૂછીને આપજે. આટલું કહીને રાત્રે પોતે સૂઈ રહેવા ઘરમાં ગયો. બકુલમતિએ સઘળી વાત કરતાં કહ્યું કે તમારા મિત્રને અશ્વે હર્યો. અશ્વ પવનગતિએ તેને લઈને વિષમ અટવીમાં આવ્યો. અશ્વ શ્વાસે ભરાયો. તે ઊભો રહ્યો એટલે તમારો મિત્ર અશ્વ ઉપરથી ઊતર્યો. જીન છોડીને તે આઘો ગયો એવામાં ઘોડો જમીન પર પડી મરણ પામ્યો. તરસ્યો થયેલો તમારો મિત્ર ચારે બાજુ પાણીની શોધમાં ફરી વળ્યો પણ ક્યાંય ન મળતાં તે એક આંબાના વૃક્ષ નીચે આવ્યો. તેનું ગળું તરસથી સુકાતું હતું. એવામાં ત્યાં વનમાં રહેતા એક જક્ષે આવી શીતળ પાણી તેને પાયું. આથી કુંવરના શરીરમાં ચેતન આવ્યું. કુંવરે પાણી પાનારને પૂછ્યું કે આવું મીઠું પાણી ક્યાંથી લાવ્યો ? તેણે જવાબ આપ્યો, 'હું જક્ષ છું. માનસરોવરમાંથી આ પાણી લાવ્યો છું.' કુંવરે માનસરોવરનો રસ્તો બતાવવા કહ્યું, જેથી તે ત્યાં જઈ શીતળ જળથી સ્નાન કરી શકે. જક્ષે હાથનો સંપુટ કરીને કુંવરને માનસરોવર પાસે મૂકી દીધો. કુંવર તેમાં નાહ્યો અને શરીરનો તાપ દૂર કરી સ્વસ્થ થયો.

કુંવર નાહીને સરોવરમાંથી બહાર નીકળ્યો કે તરત જ તેના પૂર્વભવના વેરી જેવો વૈતાઢ્યગિરિનો આસીત નામે જક્ષ તેને જોઈ ગયો. તેણે કુંવરને જોઈ બૂમ પાડી કે આજ મેં તને જોઈ લીધો છે. હવે તું ક્યાં જઈશ. કોપાવિષ્ટ થયેલો તે કુંવરને મારવા દોડ્યો. જક્ષ જ્યારે લડતો હતો ત્યારે ધૂળથી ચારેબાજુ

અંધકાર, છવાઈ ગયો. ઘડીકમાં જક્ષ જમીન ઉપર લડતો, તો ઘડીમાં તે આકાશમાંથી લડતો. તેના મુખમાંથી અગ્નિજવાળાઓ નીકળતી હતી. બંને વચ્ચે ખરાખરીનું યુદ્ધ ચાલતું હતું. જક્ષે ડુંગર ઉપાડીને કુંવરના માથા પર નાખ્યો. કુંવરને ઘણી પીડા થઈ. કુંવરને ચેતન આવતાં જ જક્ષને મુઠ્ઠીના પ્રહારો કરવા લાગ્યો પણ અમર એવો જક્ષ ન મર્યો. કુંવર અને જક્ષ વચ્ચેની લડાઈ જોવા દેવો અને વિદ્યાધરો આવ્યા. કુંવરે જક્ષને હરાવ્યો તે જોઈ દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. જક્ષે પણ કુંવરની પ્રશંસા કરી. કુંવર બળમાં અતુલ રહ્યો.

કુંવર સરોવર છોડીને થોડો આગળ ગયો કે તેણે આઠ સુંદરીઓને વનમાં જોઈ. તે આઠેય કુંવરીઓ સનત્કુમારનું રૂપ જોઈ રતિપતિ કામદેવ સાથે તેને સરખાવવા લાગી. કન્યાઓએ કુંવર ઉપર નયનબાણ છોડ્યાં. કુંવરે તેમને પૂછ્યું, 'તમે કોણ છો ? આવા એકાંતમાં વનદેવીની જેમ શા માટે રહો છો ?'

કુંવરીઓએ હાથ જોડી વિનંતી કરી કે અહીં એક પ્રિયસંગમા નામે નગરીમાં પધારો. એ નગરીમાં ભાનુવેગ નામે એક વિદ્યાધર રાજ કરે છે. તેની અમે આઠેય પુત્રીઓ છીએ. અમારા ભાગ્યબળે તમને અહીં તાણી લાવ્યાં છીએ. કુંવરીઓએ રસ્તો બતાવવા એક સેવકને સાથે મોકલ્યો. કુંવર તેની સાથે પ્રિયસંગમા નગરી પહોંચ્યો. કુંવરને જોઈ ભાનુવેગ ઉલ્લાસથી તેને સત્કારવા સામો આવ્યો. કુંવરને આસન આપી બેસાડ્યો. કુંવરની ચરણરજથી પોતાના મહેલની ભૂમિ પવિત્ર થઈ હોવાનું કહ્યું. કુંવરે ભાનુવેગ ખેચરનાં વચન માની તેની આઠેય કુંવરીને તે પરણ્યો. કુંવર રાત્રે તે આઠેય સાથે શયનગૃહમાં સૂતો. તે જાણી જક્ષે છળકપટથી તેનું ઊંઘમાં જ અપહરણ કર્યું અને દૂર અજાણી જગ્યાએ ભૂમિ ઉપર તેને મૂક્યો. કુંવર જ્યારે જાગ્યો ત્યારે તેણે વિચાર્યું કે ઘરમાંથી આ અટવીમાં હું કેવી રીતે આવી પડ્યો ! તેને તો કુંવરીઓ સાથેનું પાણિગ્રહણ સ્વપ્ન જેવું લાગ્યું. પણ તેણે પ્રત્યક્ષ કરકંકણ જોયું તેથી તેનો ખેદ દૂર થઈ ગયો.

ત્યાંથી આગળ ચાલતાં કુંવરે એક પર્વત જોયો. કુંવરે પર્વતના શિખર પર ચડી જોયું તો સોનાના થાંભલા સાથેનો એક મહેલ જોયો. કોઈ ઇંદ્રજાળ જેવું કૌતુક જોઈ કુંવર તે તરફ ચાલ્યો. મહેલ નજીક જતાં તેણે દુઃખથી રડતી સ્ત્રીનું રુદન સાંભળ્યું. તે મહેલમાં પ્રવેશ્યો. સ્ત્રી રડતી રડતી બોલતી હતી કે પરભવમાં પણ મારો પતિ સનત્કુમાર હજો. પોતાનું નામ સાંભળી કુંવર મેડી ઉપર ચડ્યો. કુંવરે સનત્કુમાર કોણ છે ? એમ પૂછ્યું ત્યારે પેલી સ્ત્રીએ કહ્યું એ મારો પતિ છે. સ્ત્રીએ આસન આપીને કુંવરને બેસાડ્યો અને પોતાનો વૃત્તાંત કહેવા લાગી : 'સાકેતપુરના પ્રતાપી રાજા સુરપ્રભની પત્ની ચંદ્રજસાને પેટે મારો જન્મ થયો. મારું નામ સુનંદા. યુવાન થઈ ત્યારે મારા પિતાએ ગજપુરના સનત્કુમાર સાથે વરાવવા નક્કી કર્યું. મને પરણાવી નહોતી ત્યારે એક દિવસ એક અધમ ખેચરે મારું વિમાનમાં અપહરણ કર્યું અને મને એક પર્વત પર લાવી મૂકી. વિદ્યાના બળે તેણે આ ભવનનું નિર્માણ કરી મને અહીં મૂકી. થોડી વાર પછી તે પાછો આવ્યો. કુંવરને મહેલમાં જોઈ ક્રોધે ભરાયો. કુંવરને ગગનમાં ઉછાળ્યો. તે જોઈ ડરની મારી પેલી સ્ત્રીને મૂર્છા આવી ગઈ. પણ કુંવરે તો દૃષ્ટિના પ્રહારથી પેલા દુષ્ટ ખેચરને પાડી દીધો. ખેચર મૃત્યુ પામ્યો. કુંવર હેમખેમ કુંવરીની પાસે આવ્યો. પોતાના પતિને ઓળખીને કુંવરી લજ્જા પામી. કુંવરીએ કુંવરને તેની સાથે લગ્ન કરવા વિનંતી કરી. તે પ્રેમથી તેની સાથે પરણ્યો.

ચોથા ચક્રીશ્વરની પત્ની સુનંદા નામે સ્ત્રી હતી. ખેચરને કુંવરે હણ્યા પછી થોડી વારે તેની બહેન ત્યાં આવી. તેણે સહોદરને મરેલો જોયો. તે કુંવર ઉપર ખૂબ ક્રોધે ભરાઈ. ખેચરની બહેન સંધ્યાવલીએ જ્યોતિષીનાં વચન યાદ કર્યાં. તેથી તેનો કોપ થોડી વારમાં શાંત થઈ ગયો. તેણે વિચાર્યું કે જે વજ્રવેગ કુમાર(ખેચર)ને વગર શસ્ત્રે હણશે તે ઇક્ષ્વાકુ કુળનો પુરુષ તેનો પતિ થશે એવી ભવિષ્યવાણી હતી તે મુજબ આ પુરુષ જ મારો પતિ થશે. તેણે કુંવરને હાથ જોડી કહ્યું કે મારો હાથ પકડી મારી સાથે લગ્ન કરો. આમ, કુંવર બે સ્ત્રીઓને પરણ્યો. સંધ્યાવલીએ પતિને પ્રજ્ઞપ્તિ વિદ્યા આપી. એટલામાં બે વિદ્યાધર આવ્યા. તેમણે કુંવરને કહ્યું કે પોતાના પુત્રના મરણથી ગુસ્સે થયેલ અશનીવેગ નામનો વિદ્યાધર ચતુરંગી સેના લઈને તમારી સામે લડવા આવી રહ્યો છે. આથી તમને સહાય કરવા ભાનુવેગ ખેચરનો પુત્ર ચંદ્રવેગ અને ભાનુવેગ હાથી, ઘોડા, રથ અને સુભટો લઈને આવ્યા છે.

એવામાં વ્રજવેગનું વેર લેવા અશનીવેગ સૈ ન્ય સહિત ત્યાં આવ્યો. બંને ભાઈઓએ અશનીવેગ સાથે લડાઈ માંડી. એકબીજાનાં શસ્ત્રોને તેઓ ભેદતા હતા. છેવટે અશનીવેગ રાજ્યની બધી લક્ષ્મી લઈને ચંદ્રવેગ પાસે આવ્યો. બંને કન્યાઓએ પોતાના પિયુને જોઈ આનંદ વ્યક્ત કર્યો. વિદ્યાધરે ચંદ્રવેગને બે હાથ જોડી પોતાની ભૂમિને પાવન કરવા આમંત્રણ આપ્યું. સનત્કુમારને ઓચ્છવ કરી રાજ્યાસને બેસાડ્યો. કેવળીએ ખેચરપતિના પ્રશ્નનો ઉત્તર આપતાં કહ્યું કે સનત્કુમાર તારી સો પુત્રીનો તે ધણી થશે. ભાનુવેગની આઠ પુત્રીનો પણ તે ભરથાર થશે. આજથી એક માસ પછી માનસ સરોવરે તે આવશે અને તેને સ્નાન કરતો જોઈને દેવો અમીરસ ઢોળશે. પૂર્વભવનો વેરી એવો જક્ષ કુંવરની સાથે યુદ્ધ કરશે. જક્ષ હારશે જેને કુંવર ગળી જશે. જક્ષના જીતનારને તું તારો જમાઈ માનજે. તે ગુણભંડાર હશે. મનમાં કોઈ સંદેહ ન આણજો.

અર્ચીમાળી કેવળી સનત્કુમારનો સંપૂર્ણ પૂર્વભવનો વૃત્તાંત કહેવા માંડ્યો. કંચનપુર નામે સુંદર નગર હતું તેનો રાજા વિક્રમજશ હતો. તેને પાંચસો કોમળ રાણીઓ હતી. તે નગરમાં નાગદત્ત નામે સાર્થવાહ રૂપમાં રતિપતિ હોય તેવો શોભતો હતો. તેને વિષ્ણુશ્રી નામે ગૃહિણી હતી. તે સુંદર હતી. તેનું સૌંદર્ય નરલોકમાં દેવનારીની બરાબરી કરે તેવું હતું. સાર્થવાહની પત્ની વિષ્ણુશ્રીને જોઈને વિક્રમજશ રાજા આકર્ષાયો. તેણે વિષ્ણુશ્રીને મેળવવાનો નિશ્ચય કર્યો. વિષ્ણુશ્રીને પોતાના મહેલમાં બોલાવી તેને પટરાણી સ્થાપી. પાંચસો રાણીઓને ત્યજી વિષ્ણુશ્રી સાથે વિષયસુખ ભોગવવા લાગ્યો. રાતદિવસ રાજા તેની પ્રીતમાં જ ગળાડૂબ રહેવા લાગ્યો. રાજકાજ છોડીને વિષયરસમાં ઓતપ્રોત થઈ ગયો.

પેલી તરફ નાગદત્તને પત્નીનો વિયોગ બાળવા લાગ્યો. જ્યાં તેને સ્ત્રી દેખાય તેની પાછળ તે જતો. કપડાંનું પણ ભાન રહેતું નહીં. બાળકો તેને 'તારી સ્ત્રી જાય' એમ કહીને ખિજાવતાં. નાગદત્ત ગાંડપણમાં જ દિવસો વિતાવવા લાગ્યો. વિક્રમજશ રાજાની પાંચસો રાણીઓએ ભેગી થઈ વિષ્ણુશ્રી સાથેના વેરને કારણે કંઈક કામણટૂમણ કર્યું. કૃષ્ણપક્ષના ચંદ્રની જેમ વિષ્ણુશ્રીની કાયા કામણ કર્યા પછી ગળવા લાગી અને છેવટે તે મૃત્યુ પામી. તેના મરણથી રાજા શોકાતુર થયો. વિક્રમજશ પણ નાગદત્તની જેમ વિષ્ણુશ્રીના વિરહથી ગાંડા જેવો થઈ ગયો.

મંત્રીએ વિષ્ણુશ્રીના કલેવરને જંગલમાં મૂકી દીધું. પણ રાજાએ ખાવાપીવાનું છોડી દીધું. મંત્રીએ વિચાર્યું કે રાજા ભૂખ્યો-તરસ્યો મરી જશે.

ચોથે દિવસે મંત્રીએ રાજાને વિષ્ણુશ્રીને જોવા પધારવા નિમંત્રણ આપ્યું. વિષ્ણુશ્રીનું શબ જ્યાં પડ્યું છે તે જંગલમાં રાજાને બોલાવ્યો.

રાજાને શબ બતાવતાં કહ્યું કે આ દેહમાંથી પરુ વહે છે. શરીરમાં કીડા પડ્યા છે. કાગડાએ વિષ્ણુશ્રીની આંખ ઠોલી નાખી હતી. પક્ષીઓ ભેગાં થઈ તેના દેહને ખાતાં હતાં. ચારે બાજુ દુર્ગંધ મારતી હતી. વિક્રમજશ રાજા રાણીનું શબ જોઈ વિચારમાં પડી ગયો કે પોતે આવા દેહના મોહમાં આખી જિંદગી બગાડી. આમ વિચારી તેણે સંયમ ગ્રહણ કર્યો. રાજાએ તપજપ કરી કામ જીત્યો. અનશન કરી ત્રીજા કલ્પમાં દેવ તરીકે અવતર્યો. આયુ પૂર્ણ કરી ત્રીજા કલ્પથી તે દેવ રત્નપુરના શ્રેષ્ઠીના પુત્રરૂપે અવતર્યો. જિનધર્મી એવું નામ રાખ્યું. તે ધર્મના બધા નિયમ પાળવા લાગ્યો.

પેલો ગાંડો થઈ ગયેલો નાગદત્ત આર્તધ્યાનમાં મરણ પામી તિર્યંચ થયો. તે યોનિમાં લાંબો સમય ગાળી તે સિંહપુર નગરમાં અગ્નિશર્મા નામે બ્રાહ્મણ થયો. અનુક્રમે તે ત્રિદંડિયો તાપસ થઈને ફરતો. એક વખતે ફરતો ફરતો તે રત્નપુરમાં આવ્યો. ત્યાંનો રાજા દધિવાહન અગ્નિશર્મા નામનો તાપસ આવ્યો જાણી વનમાં તેને પગે લાગવા આવ્યો. રાજાએ પગે લાગી તેને પારણું કરવા નિમંત્ર્યો. તાપસ આનંદથી રાજાને ત્યાં આવ્યો. દૈવયોગે જિનધર્મી શેઠ પણ રાજાને ત્યાં આવ્યા. તેમણે દુષ્ટ તાપસને જોયો. પૂર્વભવના વેરને કારણે તાપસનો ક્રોધ ભભૂકી ઊઠ્યો. તેણે રાજાને કહ્યું કે જો તમે ગરમગરમ ખીરનો થાળ શેઠના વાંસા પર મૂકી મને જમાડો તો જ જમું; નહીં તો જમીશ નહીં. રાજાએ કહ્યું કે બીજા કોઈ માણસના વાંસા પર થાળી મૂકી તમે જમો. તાપસે એમ કરવાનો ઇન્કાર કર્યો ત્યારે શેઠે પોતાનો વાંસો ધર્યો. તાપસે તેના પર ગરમગરમ ખીર ભરેલી થાળી મૂકી ધીમે ધીમે જમવા માંડ્યું. તાપસે જમી લઈ થાળ શેઠના વાંસા પરથી ઉપાડ્યો ત્યારે લોહીની ધાર થઈ. પછી શેઠે ઘેર જઈ સ્વજનો સાથે ખામણાં કર્યાં, ત્રણ વખત જિનદેવની પૂજા કરી, સાત ક્ષેત્રમાં ધન વાપરી, ચારિત્ર લીધું.

જિનધર્મી અણગાર નગરમાંથી નીકળી ધીમે ધીમે પર્વત શિખરે ચડ્યો. શિખરે ચઢી તેણે અનશનનો ઉચ્ચાર કર્યો. જિનધર્મી બે માસ અનશન કરી કોઈ ઇંદ્ર તરીકે અવતર્યો. અગ્નિશર્મા તાપસ મરીને ઐરાવત થયો. ત્યાંથી ચ્યવીને અસીકજક્ષ થયો. ત્યાંથી ચ્યવીને હસ્તિનાપુરના અશ્વસેનનો સુત થયો જે સનત્કુમાર કહેવાયો.

ભાનુવેગે પ્રેમથી પોતાની આઠેય પુત્રીઓને સનત્કુમારની સાથે પરણાવી. ચંદ્રવેગે પણ પોતાની સો પુત્રીઓને તેની સાથે પરણાવી. ૧૦૮ કન્યાઓ સાથે તે ભોગવિલાસ ભોગવવા લાગ્યો. તે પછી સનત્કુમારે સત્તર પ્રકારની પૂજા કરી, નંદીશ્વર દ્વીપમાં જઈ દેવને જુહાર્યા. તે સ્થાનમાં પાંચસો ધનુષ્ય ઊંચી દેવપ્રતિમા છે ત્યાં અક્કાઈ મહોત્સવ કર્યો. પછી જ્યાં જક્ષને જીત્યો હતો તે માનસસરમાં જઈને રમવાનું વિચારી ખેચરચક્રી સિંહાસન ઉપર બેઠો.

સનત્કુમાર નિદ્રા ત્યજીને ઊઠ્યો. વિમાનમાં બેસી મહિંદસિંહ મિત્ર સાથે વૈતાઢ્ય ગિરિ પહોંચ્યો. મહિંદસિંહે ખેચર-ચક્રીને વિનંતી કરતાં કહ્યું કે તમારાં માતાપિતા તમારું મોઢું જોયા વિના કેવી રીતે દિવસો કાઢતાં હશે તેનો વિચાર કરી પ્રેમથી તેમની પાસે પધારો જેથી તમારાં દર્શનથી તેમને સુખ થાય. ખેચર તે સુણી આનંદમાં આવી ગયો. હાથી, ઘોડા, પાલખી, મણિમાણેકના ભંડાર વગેરે લઈ વિમાનમાં ખેચર પરિવાર અને યુવતીઓના વૃંદ સાથે તે હસ્તિનાપુરના ઉદ્યાનમાં આવી ઊતર્યો. મહિંદસિંહે જઈને અશ્વસેન રાજા પાસે જઈ સનત્કુમાર આવ્યાની વધામણી આપી. રાજા-રાણી આનંદમાં

આવી કુંવર પાસે આવ્યાં. કુંવર સામો જઈ માતાપિતાને પગે લાગ્યો. વહુઓ પણ સાસુને પગે પડનાં (પડણાં) ધરી પગે લાગી. સાસુએ આશીર્વાદ આપ્યા.

વિવિધ વિલાસ કરતાં સનત્કુમારને ૫૦૦૦વર્ષ થયાં. અશ્વસેને તેના રાજ્યાભિષેકની તૈયારીઓ કરી. સર્વ ઔષધિઓ વડે તેને સ્નાન કરાવી, વસ્ત્રાભૂષણો પહેરાવી સિંહાસન પર બેસાર્યો. અશ્વસેને પુત્રના કપાળમાં તિલક કર્યું. પછી પુત્રને કહ્યું કે આજથી આ દેશમાં તારી આણ વર્તાશે. પુત્રની અનુમતિ લઈ અશ્વસેને ચારિત્ર લીધું. સનત્કુમારે ઘણાં વર્ષો સુધી રાજ્ય કર્યું.

રાજાનો આદેશ લઈ નગરમાં ઢંઢેરો પિટાવવામાં આવ્યો કે મહિંદસિંહને સેનાપતિ નીમવામાં આવે છે.

સનત્કુમારની સાથે દળ ચાલ્યું. હાથી, ઘોડા, રથ વગેરે રોજ એક જોજનની મજલ કાપતાં કાપતાં પૂર્વ સાગરે માગધ તીર્થમાં આવી પહોંચ્યાં. રાજાએ અઠમ કરી માગધ દેવને આરાધ્યા. ત્યાંથી નીકળી દક્ષિણ સાગરે આવી વરદામન દેવની પૂજા કરી. પશ્ચિમના પ્રભાસ તીર્થે આવી અઠમ કરી. પછી સિંધુદેવીની સાધના કરી. તે પછી વૈતાઢ્ય કુમારને એ જ રીતે સાધ્યો. ત્યારબાદ રાજાએ સેનાપતિને તમસ ગુફા ઉઘાડવા આજ્ઞા કરી. મહિંદસિંહે અઠમ કરી ગુફાના દ્વારે દંડ પ્રહાર કરી તેનું દ્વાર ઉઘાડ્યું. નાટ્યમાલી પણ આનંદથી રાજાને પગે લાગ્યો. તમસગુફાથી નીકળી કુમારે મ્લેચ્છ નરેશને સાધ્યો. હિમગિરિ પર પણ પોતાની આણ વર્તાવી. તે પછી હિમવંત કુમારને આરાધ્યો. આ પછી ઋષભકૂટ આવી ત્યાં ઋષભકૂટ કુમારને આરાધ્યો. તમસગુફા જેવી જ ખંડપ્રપાસીતા ગુફાને પણ દંડ પ્રહારથી ઉઘાડી. તે ગુફાનો રખેવાળ ખંડપ્રપાવાસી ચક્રીને નમ્યો અને સૂરકૃતમાળ આપી. ખંડપ્રપાથી નીકળી તે ગંગાતીર આવ્યા. ત્યાં અઠમ કરી. એક હજાર વર્ષ ફરી છયે ખંડો ઉપર વિજય મેળવી ચક્રી હસ્તિનાપુર આવ્યા.

છ ખંડમાં વિજય મેળવીને આવેલા સનત્કુમાર વિશે અવધિજ્ઞાનથી તેના ભાઈ ધનદે જાણી લઈ પોતાના ભાઈ માટે ઉત્સવ કરવાનું વિચાર્યું. તેણે ગજપુર નગરે જઈ ચક્રીપદનો અભિષેક કર્યો.

ઇંદ્રે ધનદને ચક્રીના ઉત્સવ માટે દસ વસ્તુઓ આપી. જેમાં હાર, છત્ર, ચામરની જોડ, કુંડળની જોડી, સિંહાસન, વસ્ત્રની જોડ, મણિરત્નથી જડેલી મોજડી, સરસ રંગેલી પાયપીઠનો સમાવેશ થતો હતો. ગજપુર જઈ ઇંદ્રે આપેલ ભેટ સનત્કુમારને ધરી.

અંતઃપુરમાંની ૬૪૦૦ રાણીઓમાંથી સુનંદાને પટરાણી તરીકે સ્થાપી. સનત્કુમાર ભરતક્ષેત્રનું રાજ્ય ઇંદ્રની જેમ ભોગવતા હતા.

એક વખત સોદામનિ નામનું નાટક જોતાં સૌ બેઠા હતા, તે વખતે ઈશાન દેવલોકમાંથી સંગમ નામે એક દેવતાએ આવી ઇંદ્રને નમન કર્યા. તેના દેહની કાંતિથી ચંદ્ર વગેરેની પ્રભા ઝાંખી પડી ગઈ. સંગમ પાછો ગયો ત્યારે બધા દેવોએ વિસ્મિત થઈને ઇન્દ્રને પૂછ્યું : 'એવું તે ક્યું તપ તેણે કર્યું હશે કે જેથી આવો દીપ્તિવાન દેહ પામ્યો હશે ?' ત્યારે ઇંદ્રે કહ્યું : 'તેણે સો ઓળી, આંબિલ કરેલ. તપને લીધે તે દેહનું તેજ પામ્યો છે.' બધા દેવતાએ એ સાંભળીને ઇન્દ્રને બીજો પ્રશ્ન પૂછ્યો : 'રૂપ-સંપત્તિ મેળવી હોય એવો બીજો કોઈ છે ?' ત્યારે ઇંદ્રે કહ્યું હસ્તિનાપુરમાં કુરુવંશના દિનકર સનત્કુમારની દેહકાંતિ ઇંદ્રદેવથી પણ અધિક છે.' એ સાંભળી વિજય અને વિજયંત નામના બે દેવ બ્રાહ્મણનું રૂપ ધારણ કરી ગજપુર આવ્યા. રાજદ્વારે જઈ દ્વારપાળને કહ્યું કે અમે વિદેશી છીએ અને ચક્રીનાં દર્શન કરવા આવ્યા છીએ. પ્રતિહારની અનુમતિ લઈ તે બેય બ્રાહ્મણ જ્યાં ચક્રી તેલમર્દન કરાવતા હતા ત્યાં ગયા. બ્રાહ્મણોએ આશીર્વાદ દઈ ચક્રીના પ્રત્યેક અંગને નીરખ્યું. ઇન્દ્રે વર્ણવેલા રૂપ કરતાંય વધારે રૂપ જોઈ અચંબામાં પડી ગયા. રાજાએ પેલા બ્રાહ્મણોને આવવાનું કારણ પૂછ્યું. બ્રાહ્મણોએ રાજાનું રૂપ ત્રણેય ભુવનમાં વખણાય છે તે જોવા આવ્યા હોવાનું કહ્યું. ત્યારે ચક્રીએ ગર્વથી કહ્યું : 'વસ્ત્રાભરણથી શોભતો જ્યારે સિંહાસન પર બેસું ત્યારે મારું રૂપ નિહાળજો.'

સ્નાન કરી વસ્ત્રાભરણ પહેરી ચક્રીએ રાજસભામાં બેસી તેનું રૂપ જોવા બ્રાહ્મણોને તેડાવ્યા. બ્રાહ્મણો ઉતાવળા ઉતાવળા આવ્યા.

રાજાનો દેહ જોઈ બ્રાહ્મણો ખેદ પામ્યા. તેમણે કહ્યું : 'આ માનવદેહ તો ક્ષણભંગુર છે. રૂપ અને યૌવન નિશ્ચલ નથી.' એ સાંભળીને ચક્રીએ બ્રાહ્મણોને તેના રૂપને શા માટે નિંદો છો એમ પૂછ્યું. બ્રાહ્મણોએ જવાબમાં કહ્યું : 'દેવનું તેજ, યૌવન અને રૂપ પણ નિશ્ચલ રહેતાં નથી.' ચક્રીએ તેમને એમ કહેવાનું કારણ પૂછીને ઇંદ્રે જે જે કહ્યું હોય તે કહેવા કહ્યું. તે પછી દેવો ગજપુરથી દેવલોકમાં ગયા. ત્યારબાદ સનત્કુમાર પોતાની કાયાનું રૂપ નીરખવા લાગ્યા. બેય હાથના બાજુબંધ ઉતારીને ચક્રીએ જોયા. દાહજવરથી ઝાંખી થયેલી કાયા જોઈ. પછી નૃપે ચિંતા કરવા માંડી કે દેહ પ્રત્યેના મોહથી મહા અનર્થ થયો છે માટે રાજયની સમૃદ્ધિને તૃણ જેવી ગણીને સંયમનો માર્ગ ગ્રહણ કરું.

એ જ વખતે પુત્રને રાજતિલક કરી સિંહાસને બેસાડ્યો. એવામાં બાગના રક્ષકે આવી વનમાં શ્રીધર આચાર્ય આવ્યા હોવાના સમાચાર આપ્યા. તે સાંભળી ચક્રીને આનંદ થયો. પાલખીમાં બેસી તે વનમાં પહોંચ્યો. ૬૪૦૦ રાણીઓએ આવીને

કોઈ જાતના ગુના વિના તેમને કેમ છોડી જાવ છો એમ ચક્રીને પૂછ્યું. રાણીઓ આંસુ પાડવા લાગી. 'ચારિત્ર તો ખાંડા-ધારે ચાલવા જેવું છે' વગેરે કહી નૃપને રોકવા પ્રયત્ન કરવા લાગી.

લાખ વરસ ચક્રીપણું પાળી સનત્કુમાર ચારિત્ર લેવા ઉત્સુક થયા હતા. અશોક વૃક્ષ નીચે સર્વ આભૂષણો ઉતારી કેશ લોચ કરી શ્રીધર આચાર્ય પાસે આવી સંયમ ધારણ કરાવવા વિનંતી કરી. ત્યાર પછી સંયમશ્રીને પરણવા ગયેલા ચક્રીશ્વરે રાજ્યરિદ્ધિનો ત્યાગ કર્યો.

સનત્કુમાર છઠના પારણા નિમિત્તે નગરમાં ફરતા ફરતા એક દુર્બળ ડોશીને ઘરે પહોંચ્યા. ડોશીએ આહાર વહોરાવ્યો. તે અરસ આહારને લીધે ઋષિને અગાઉ જે દાહ-જ્વર હતો તેથી સાત રોગ પ્રગટ્યા. અન્નની અરુચિ થઈ. આંખ અને પેટની પીડા થઈ. ખંજવાળ, ખાંસી અને શ્વાસ પણ ઊપડ્યાં. દીક્ષાના દિવસ પછી છ માસ સુધી ઋષિની પાછળ ફરનાર પરિવારજનો તેમને મોહરહિત થયેલા જાણી પોતાને ઘેર ગયાં. મુનિ ગજપુર પહોંચ્યા. તેમણે ઉગ્ર તપસ્યા કરી તેથી દેહમાં સાત લબ્ધિઓ ઉત્પન્ન થઈ. ચક્રી તો પોતાના રોગની કોઈ સુશ્રૂષા નહોતા કરતા.

ઇંદ્રે અવધિજ્ઞાનથી જોયું તો તપસ્વીઓમાં શ્રેષ્ઠ એવા ચોથા ચક્રી સનત્કુમારને જોયા. ચક્રી તો જંગલમાં ભૂખ્યા ફરતા. સજીવ ફળફૂલ પણ લેતા નહોતા. તરસ લાગી હોય તો પણ ઠંડું પાણી પીતા નહીં. ટાઢથી કાયા ધ્રૂજતી હોય તો પણ અગ્નિનું શરણું લેતા નહીં. તેઓ સર્વને સમાન ગણતા. દેહની સારવાર નહોતા કરતા. ઇંદ્રે ચક્રીની આવી પ્રશંસા કરી તેથી વિજય અને વિજયંત વૈદ્યોનું રૂપ ધારણ કરી નરલોકે આવ્યા.

જ્યાં જ્યાં સાધુ (સનત્કુમાર) વિહરતા તેની પાછળ બેય વૈદ્ય ફરતા. તેઓ બધા રોગ દૂર કરી શકે છે તેમ કહેતા હતા. કોઈ રોગી તેમની પાસે આવતા તો તરત જ તેમને મટાડી દેતા. તેઓ મનમાં વિચારતા કે જો ઋષિ તેમને રોગ મટાડવાનું કહે તો મટાડી દે. પરંતુ ચક્રી પાસે આવીને બેઠેલા બેય વૈદ્યને બોલાવતા નહીં કે સામું પણ જોતા નહીં.

વૈદ્યોએ વારંવાર ઋષિને તેમના રોગ મટાડી આપવાનું કહ્યું ત્યારે મુનિએ કહ્યું કે કાયા તો મળમૂત્રની ગાંસડી છે. કાયા તો કારમી છે. તેની ઉપરનો મોહ નકામો છે. અંદરનો જે રોગ તે મટાડી શકશો ? એમ પૂછ્યું. વૈદ્યોએ કહ્યું કે અમે કાયાના બધા રોગ ઔષધિથી મટાડીશું. ત્યારે ઋષિએ આંગળી ઘસીને કાયા કંચન જેવી કરી વૈદોને વિસ્મય પમાડ્યા. બહારનો રોગ મટાડવામાં તો મને પણ વાર લાગે તેમ નથી એમ કહી મુનિએ અંદરનો રોગ ટાળવાનો કોઈ ઉપચાર હોય તો બતાવવા કહ્યું. સંસારની વ્યાધિ મોટી છે. મુનિની વાત સાંભળી બેય વૈદ્યો તેમને ધન્યવાદ આપીને પ્રણામ કરીને સૌધર્મ કલ્પમાં ગયા. સનત્કુમાર ઋષિએ સાતસો વર્ષ તે રોગ સહન કર્યા. લાખ વરસ સુધી ચારિત્ર પાળી સમ્મેત શિખરે ચઢી અનશન કરી, માસની સંલેખણા પાળી ત્રીજા કલ્પમાં સનત્કુમાર દેવ થયા.

(આધાર : **સનત્કુમાર ચક્રીનો રાસ** - શ્રી જૈન જ્ઞાનદીપક સભા, ઘોઘા નં. ૧૨૧૪ લા.દ.)

ખેમા હડાલિયાનો રાસ

-લક્ષ્મીરત્ન

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં ગુજરાત નામે દેશમાં પાવાગઢ નામે એક ગઢ. ત્યાં ઘણી વનરાઈ હતી. એ ગઢ ઉપર મોટાં જિનમંદિરો હતાં. તેની તળેટીમાં ચાંપાનેર નામે સુવિશાળ શહેર આવેલું હતું. ત્યાં અઢાર વર્ણોની વસ્તી હતી. ચાંપાનેરમાં મહંમદ બેગડો રાજ્ય કરતો હતો, નગરશેઠ તરીકે ચાંપસી મહેતો હતો. એક દિવસ શેઠ મહાજનની સાથે દરબારમાં જતા હતા. રસ્તામાં શેઠને સાદુલખાન નામે એક ઉમરાવ મળ્યો. ખાન અને શેઠ બંને સાથે જતા હતા. માર્ગમાં બંબભાટ બેઠો હતો. બંબભાટે શેઠ અને ખાનને સાથે આવતા જોઈને ખાનને ખડ્ગ-શૌર્ય અને ત્યાગ-દાનમાં નિષ્કલંક એવું બિરુદ આપ્યું. તે પછી શેઠને પણ કેટલાંક બિરુદો આપ્યાં જેમાં 'કુબેર' અને 'જગડૂનો અવતાર' વગેરેનો સમાવેશ થતો હતો. ખાને આ બધું સાંભળ્યું. તેણે સુલતાન પાસે જઈને કહ્યું : 'ભિખારી ભાટની જાત આપનો આપેલો ગરાસ ખાય છે અને ગુણગાન તો વાણિયાઓનાં કરે છે.' બાદશાહે બંબભાટને બોલાવી મંગાવ્યો. એ જોઈ ખાન તો રાજી થયો. પરંતુ તેની સાથે ગયેલ ચાંપશી મહેતાને અત્યંત દુઃખ થયું. પાદશાહ પાસે આવતાંવેંત જ બંબ તો કવિતા ઉપર કવિતા બોલવા લાગ્યો. બાદશાહે તેને પ્રશ્ન કર્યો : 'તમે બકાલનાં (બકાલુ-શાકભાજી) વખાણ કેમ કરો છો ?'

કવિ બંબે જવાબ આપ્યો કે પોતે તો તેમના પૂર્વજોએ જે કર્યું છે તેની પ્રશંસા કરે છે. 'દકાલ દોહથ' એવું જે કહું છું, તે બિરુદ જગડૂશાથી પ્રાપ્ત થયું છે. તેમણે (જગડૂશાએ) પનરોતરો (સંવત ૧૩૧૫નો) દુકાળ પડતાં અસંખ્ય માણસોના જીવ બચાવ્યા હતા. તેણે રાજા અને રંકને પુષ્કળ અન્ન આપ્યું. પનરોતરો કાળ જગડૂશાના દાનેશ્વરીપણાથી હારી ગયો. તેણે તે પછી સમ ખાધા કે હવે હું ફરીથી પૃથ્વી પર નહીં આવું. એવો મોટો દુષ્કાળ તે પછી ફરીથી પડ્યો નથી. બંબભાટની વાત સાંભળી પાદશાહ અત્યંત ક્રોધે ભરાયો. પાદશાહે બંબભાટને ભીંસમાં લેવાનું નક્કી કર્યું. સભા બરખાસ્ત કરી બાદશાહ પોતાના મહેલમાં ગયો.

ચાંપશી શેઠે બંબભાટને શાણી સલાહ આપતાં કહ્યું : 'મોટાઓ સાથે વાદ ન કરીએ. હાર અને જીત બંનેમાં હાણ છે. વિખવાદથી વાત વધી જાય.' પણ ભાટ તો પોતાની વાતમાં મક્કમ હતા. તેણે કહ્યું : 'પરમેશ્વર કોપે તો પણ હું મારો બોલ ઉથાપવાનો નથી કે પાછો ખેંચવાનો નથી.' શેઠે કહ્યું : 'બોલ્યું બહાર પડે. માટે બહુ બોલવામાં મજા નથી.' ભાટે શેઠને સમજાવ્યા : 'કાયરનું ખડ્ગ, કૃપણનું વચન, કાચબાની ડોક, જ્ઞાનીનું દાન અને ભાટનું વચન - એટલાં વાનાં બહાર નીકળવાં મુશ્કેલ, પરંતુ હાથીના દાંતની પેઠે એક વાર બહાર નીકળ્યાં, તો પછી તે ફરી પાછાં પેસે નહિ.'

ભાટનાં વચન સાંભળી શેઠ ચૂપ થઈ ગયા. ભાટે કહ્યું : 'લોહું, રસોઈ અને કવિતા એની કિંમત કહી શકાય નહિ. દાતા દાન કરતી વખતે જેમ પાત્ર-કુપાત્ર જોતો નથી, તેમ ભાટ બોલતી વખતે આ કોઈ સાંભળશે એ પણ જોતો નથી. મરણને એ તૃણસમાન ગણે છે.'

શેઠે બંબભાટને કહ્યું : 'તમે ફિકર ન કરશો. પાદશાહ જે મોઢે માંગશે તે આપીશું.' શેઠની હૈયાધારણ સાંભળી બંબ ઘેર ગયો. આ પછી કેટલાક દિવસ વીતી ગયા અને માઠું વર્ષ આવ્યું. દુષ્કાળ પડ્યો અન્ન વિના લોકો ટળવળવા લાગ્યા. બાપ બેટાને ખાવા ધાતો તો ભાઈ ભાઈને. કોઈ કોઈનું સગપણ જોતું નહોતું. સૌની બુદ્ધિ બહેર મારી ગઈ હતી. હાથી, કીડી, માખી વગેરે સહુ અન્ન ખાય. જાણકાર જોશીઓ અન્નને માગતા હતા. અન્ન વિના એક ડગલું પણ ન ચાલે.

બાદશાહે ઠેર ઠેર ભૂખથી દુર્બળ થયેલાં અને બધી જ જગાએ અન્નનો પોકાર પાડતાં માણસોને જોયાં. બાદશાહે દીવાનને તેનું કારણ પૂછ્યું. દીવાને કહ્યું : 'એ લોકો અન્ન વિના ટળવળે છે. પહેલા ઘરમાંની ઘરવખરી વેચી, હવે પોતે પણ વેચાઈ જાય છે.' બાદશાહને બંબભાટની બિરદાવલી યાદ આવી. તેણે વિચાર્યું કે બંબને તેનાં બધાં બિરુદો ભુલાવી દઉં. તેણે બંબભાટને બોલાવ્યો અને કહ્યું : 'તમે વાણિયાઓની વડાઈનાં જે બિરુદ બોલતા હતા તેનું હવે પારખું કરી બતાવો. વાણિયા જો લોકોને અન્ન આપે, તો તો તેમનું બિરુદ ખરું. જો તેમ ન કરે તો તે ખોટું ગવરાવનાર અને ખોટું ગાનાર બંને ગુનેગાર છે.'

બંબભાટ ઊઠીને શેઠ પાસે આવ્યો. શેઠ મહાજનને ભેગું કરીને બેઠા હતા. બંબે વાણિયાઓને બિરદાવવા માંડ્યા. તેણે કહ્યું કે વાણિયા અગમબુદ્ધિ હોય છે. ઉપરાંત ભાટે એ પણ ગાયું : 'સીતાનું હરણ, રાવણનું મરણ અને કુંભકરણ જેવા ભડવીરનો જો અંત આવ્યો હોય તો તેના સલાહકારોમાં કોઈ વણિક નહોતો. વળી આપવા-લેવાનું લેખ કરીને જ રાખે. વાણિયાની પ્રતિષ્ઠા ભારે હોય છે.'

ભાટે મહાજનને કહ્યું : 'તમારાં ગુણગાન ગાવા માટે બાદશાહ સાથે વાંકું પડ્યું છે. બાદશાહ કહે છે કે ગમે તો મહાજન અન્નદાન દઈને પોતાનું બિરુદ (પોતાનાં ગુણગાન)-ખરું કરી બતાવે અથવા એ બિરુદને છોડી દે.' મહાજને બંબને એક મહિનાની મુદત માગવા કહ્યું, કારણ કે આ વરસ ખરાબ ગયું હતું.

મહાજનની માગણી લઈ ભાટ બાદશાહ પાસે ગયો. તેણે એક મહિનાની મુદત માગીને કહ્યું : 'કાં તો મહિનામાં મહાજન અન્નદાન આપવાના ઠરાવ ઉપર આવશે અથવા તો પોતાનું બિરુદ છોડી દેશે.' બાદશાહે ભાટની વાત મંજૂર રાખી. હવે શું કરવું તેનો વિચાર કરવા મહાજનના નાના-મોટા માણસો એકત્ર થયા. તેમાં ચાંપશી મહેતો, તેમના ભાઈઓ કરમશી અને કલ્યાણ, કમલશી, વેમલસી, નેણશી, પ્રતાપ, પદમસી, જગસી, સમરસી, અમરસી, ધર્મસી, રૂપસી, રાજસી, તેજસી, વર્ધમાન, વીરદાસ, કેશવદાસ ઉપરાંત બીજા કેટલાકનો સમાવેશ થતો હતો. ચાંપશી મહેતાએ કહ્યું : 'એક દિવસ અન્ન આપવાનું હું માથે લઉં છું.' બીજા ચાર જણે મળીને એક દિવસ માથે લીધો. એકંદર સર્વેના દિવસો મેળવતાં કુલ ચાર મહિના થયા. બાકી રહેલા આઠ મહિનાના અન્નનો ખરડો કરવા ચાંપશી મહેતો અને બીજા આગેવાનો પાટણ જવા નીકળ્યા. તેઓ જ્યારે પાટણ પહોંચ્યા ત્યારે ત્યાંના મહાજને તેમનું સ્વાગત કર્યું. બધી વાત સાંભળી પાટણના મહાજને બે મહિનાની જવાબદારી માથે લીધી. ત્યાંથી ચાંપાનેરનું મહાજન વૈરાટનગર (ધોળકા) ગયું. ત્યાંના મહાજને દસ દિવસનું અન્નદાસ લખાવ્યું. આમ ટીપ માટે ફરતાં ફરતાં વીસ દિવસ નીકળી ગયા. હવે બાદશાહને આપેલા વચન પ્રમાણે દસ જ દિવસમાં તેના દરબારમાં હાજર થવાનું હતું. દસ જ દિવસમાં જો કામ પતાવીને ચાંપાનેર ન જાય તો ભાટ આપઘાત કરીને મરી જાય. શેઠને ભાટની ચિંતા લાગી. ધોળકાથી મહાજન ધંધૂકા જવા નીકળ્યું. રસ્તામાં હડાળા ગામ આવ્યું. આ ગામ આજે હડાળા ભાલ તરીકે ઓળખાય છે. હડાળાના રહીશ ખેમા દેદરાણીને ખબર પડી કે ચાંપાનેરનું મહાજન ગામના પાદરમાંથી જાય છે. ખેમો મહાજનની સામે ગયો. તેણે ચાંપશી મહેતા પાસે જઈને કહ્યું : 'મારી માગણી સ્વીકારો.' ખેમાનાં મેલાંઘેલાં વસ્ત્રો અને તેનું અત્યંત નમ્રતાભરેલું બોલવું સાંભળીને ચાંપશી મહેતાને થયું કે આ માણસ મારી પાસેથી કંઈક આશા રાખે છે. આ તો ભૂખ્યાને ઘેર ઉપવાસી આવ્યા જેવું થયું. વળી એમણે એ પણ વિચાર્યું કે પોતાને ધનની કેટલી જરૂર છે ને આ માણસ તેમની પાસે માગવા આવ્યો છે. ચાંપશી શેઠે કહ્યું : 'અવસર જોઈને માગવું હોય તે માગો.' ખેમાએ વિનંતી કરતાં કહ્યું : 'મારે ઘરે છાશ

પીને જાઓ એટલું જ હું માગું છું.' ખેમાની વિનંતી સ્વીકારી મહાજન તેને ત્યાં ગયું. ખેમાએ એ ટાણે પોતાના ગામના સંઘને પણ નિમંત્રણ દીધું. ગામના સંઘને અને ચાંપાનેરના મહાજનને સાકરનો શીરો કરીને ખેમાએ જમાડ્યા. ચાંપશી મહેતાએ ખરડા નીચે ખેમા દેદરાણીનું નામ લખીને ખરડો ખેમાના હાથમાં મૂક્યો. પોતાનું નામ વાંચીને ખેમો રાજી થયો. તેણે કહ્યું : 'હું મારા પિતાને પૂછીને આપને આપું.' ખેમાએ પોતાના પિતા પાસે જઈને બધી વાત કહી, ખેમાના વૃદ્ધ પિતાએ કહ્યું : 'ખેમા ! ધન કોઈની સાથે ગયું નથી ને કોઈની સાથે જવાનું નથી, માટે અવસર આવ્યે તે સાચવી લે તે મરદ. આ તો ઘેર બેઠાં ગંગા આવી છે. લંકેશ્વરની રિદ્ધિ પણ અચાનક નષ્ટ થઈ ગઈ હતી.' પિતાની અનુમતિ મેળવીને ખેમો મહાજન પાસે આવ્યો. ચાંપાનેરના મહાજન સમક્ષ હાથ જોડીને તેણે કહ્યું : 'મને ત્રણસો સાઠ (૩૬૦) દિવસ આપો.' બધા ચકિત થઈ ગયા. ચાંપશી શેઠે ખેમાને ઉદ્દેશીને કહ્યું : 'ખેમા શેઠ, લગાર વિચાર કરીને બોલો. ઘણું કરવું હોય, તો પણ થોડું કહીએ.'

ખેમાએ કહ્યું : 'મેં થોડું જ કહ્યું છે. કૃપા કરીને મને ૩૬૦ દિવસ આપો.' મહાજન રાજી થયું. ખેમાને મેલાં જાડાં કપડાં બદલીને સારાં કપડાં પહેરવા કહ્યું. ખેમાએ કહ્યું : 'હું કપડાં બદલીશ નહીં. હું શાલ-દુશાલાને ઓળખતો નથી અને શહેરની વાત હું કંઈ જાણતો નથી. હું તો ગામડાનો ગમાર છું. હું હીંગતોળ વાણિયો છું.'

ચાંપશી શેઠે કહ્યું : 'શેઠ તો તમે, અને અમે સૌ તમારા ગુમાસ્તા.' મહાજને ખેમાને પાલખીમાં બેસાડીને પોતાની સાથે લીધો. ખેમા સહિત સૌ ચાંપાનેર આવ્યા. ચાંપશી શેઠ અને મહાજન ખેમાને લઈને બાદશાહ પાસે ગયા અને વિનંતી કરી : 'આ શેઠ ત્રણસો સાઠ દિવસ અન્ન આપશે.'

મેલાં જાડાં કપડાંવાળા માણસ પાસે આટલું બધું ધન ! બાદશાહ વિચારમાં પડ્યો. આવો માણસ એ ધન દાન-પુણ્યમાં ખરચી નાખવા તૈયાર થાય તે એક આશ્ચર્ય હતું. બાદશાહ તો નવાઈ પામ્યો. તેણે ખેમાને પ્રશ્ન કર્યો : 'તમારે ઘેર કેટલાં ગામ છે ?' બાદશાહે ગામનાં નામ પૂછતાં ખેમાએ પળી અને પાલી એ બે બાદશાહ સમક્ષ મૂકી કહ્યું : ' આ પળી ભરીને આપું છું અને પાલી ભરીને લઈ છું.'

બાદશાહ એ સાંભળી અત્યંત ખુશ થયો. ખેમાને અને મહાજનને વિશેષ બિરુદ આપી નવાજ્યા. 'એક શાહ વાણિયો અને બીજો શાહ બાદશાહ' એ કહેવત બરાબર ચાલતી રહી.

આ પછી ખેમાશાહે શત્રુંજયની યાત્રા કરી રૂડો લ્હાવો લીધો. અંત સમયે ચારિત્ર ગ્રહણ કરી સ્વર્ગસુખના અધિકારી થયા.

[આધાર : લક્ષ્મીરત્નવિરચિત 'ખેમા હડાલિયા રાસ' ઐતિહાસિક રાસસંગ્રહ ભાગ-૧ સંશોધક : જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરિ]

યશોભદ્ર

-કવિ લાવણ્યસમય

સંડેરક ગચ્છના પાંચસો સાધુઓના વડા શ્રી ઈશ્વરસૂરિએ છ વર્ષ સુધી છ વિગયનો ત્યાગ કર્યો હતો. એક વખત તેમણે બદરીદેવીની આરાધના કરીને દેવીને પવિત્ર પાત્રમાં ઉતારી. જ્યારે દેવી જવા લાગી ત્યારે તેમણે દેવ, ગુરુ અને ધર્મની આણ દઈને દેવીને અટકાવી અને કહ્યું : 'મારા સમુદાયમાં એવું કોઈ નથી કે જેને હું પદ આપું. હવે મારે શું કરવું ?'

દેવીએ કહ્યું : "પલાસી ગામમાં પુણ્યસાર નામે એક વ્યવહારી રહે છે. તેને ગુણસુંદરી નામે ધર્મપત્ની છે. ગુણસુંદરીને હિમાલયના સ્વપ્નસૂચનપૂર્વક સુધર્મા નામે એક પુત્ર છે. તે ઘણો કૃપાળો અને ઉત્તમ લક્ષણવાળો છે. તે બાળક તમારી પાટનો ઉદયકારક થશે, માટે સંઘ સહિત જઈને તમે તેને લઈ આવો."

પુણ્યસારનો પુત્ર સુધર્મા પાંચ વર્ષનો થયો ત્યારે તેને નિશાળે મૂક્યો. એ નિશાળમાં બીજા ઘણા બ્રાહ્મણ અને વાણિયાઓના છોકરા ભણતા હતા.

એક વખત સુધર્માએ એક બ્રાહ્મણના છોકરા પાસે કંઈ કારણસર ખડિયો માંગ્યો. બ્રાહ્મણના છોકરાએ ખડિયો આપ્યો. પરંતુ સુધર્મા પાસેથી તે ખડિયો પડી ગયો અને ફૂટી ગયો. જ્યારે બ્રાહ્મણના છોકરાએ ખડિયો ફૂટી ગયાનું જાણ્યું ત્યારે તેણે સુધર્મા પાસે પોતાનો ખડિયો પાછો માગ્યો. સુધર્માએ તેને બદલે બીજો ખડિયો આપવાનું કહ્યું. પરંતુ બ્રાહ્મણે તો પોતાનો અસલ ખડિયો જ લેવાનો આગ્રહ રાખ્યો. તેણે સુધર્માને કહ્યું, 'તને ત્યારે જ ભોજન કરવા દઈશ કે જ્યારે મારો ખડિયો મને પાછો આપીશ.' સુધર્મા વિચારમાં પડ્યો. બંને ક્રોધે ભરાયા અને લડતા લડતા અધ્યાપક પાસે ગયા. અધ્યાપકે બંનેને સમજાવ્યા, પરંતુ સમાધાન ન થયું. છેવટે બ્રાહ્મણપુત્રે ક્રોધાવેશમાં આવી પ્રતિજ્ઞા કરી : 'જો તને ખાઈ જાઉં તો ખરો બ્રાહ્મણ.' તેના જવાબમાં સુધર્માએ પણ પ્રતિજ્ઞા કરી : 'હે બ્રાહ્મણ, તું પણ મારું કર્મ જોઈ લેજે. તને મારું નહીં તો હું વાણિયો નહિ.'

દેવીએ ઈશ્વરસૂરિને સુધર્મા વિશે કહી રજા લીધી.

ઈશ્વરસૂરિ સંઘની સાથે પલાસી આવ્યા. ત્યાં પુણ્યસારને ઘેર ગયા. સુધર્માની માતા ગુણસુંદરીએ આચાર્યનો આદરસત્કાર કર્યો. આચાર્યે ગુણસુંદરીને કહ્યું : 'હે ગુણસુંદરી,

દેવીના વચનથી અમે તમારે ત્યાં આવ્યા છીએ.' ગુણસુંદરીએ કહ્યું : 'મહારાજ, આપ ફરમાવો. મારાથી બનશે તે કરીશ.'

આચાર્યે કહ્યું : 'અમે તમારા પુત્રને લેવા માટે આવ્યા છીએ, માટે પુત્રની ભિક્ષા આપી અમને આનંદિત કરો.'

ગુણસુંદરીએ ગળગળી થઈને કહ્યું : 'મહારાજ, આપને શું લાજ પણ નથી કે મારા જેવી આંધળીને માટે ટેકા સમાન પુત્રની માગણી કરો છો.'

સંઘે ગુણસુંદરીને કહ્યું : 'હે ગુણસુંદરી, તું તારા છોકરાને જો વ્હોરાવીશ તો તારો મહિમા ઘણો થશે. તારો છોકરો સમસ્ત અંધ જગતને ટેકા રૂપ થશે. માટે પુત્રનું દાન કરી તારે સારી રીતે ફળની પ્રાપ્તિ કરી લેવી જોઈએ.'

સંઘે ગુણસુંદરીને બહુ સમજાવી ત્યારે સુધર્મા બોલ્યો : 'હે માતા, મેં સદ્‌ગુરુરૂપી નાવ આજે પ્રાપ્ત કર્યું છે, માટે હવે તો હું સંયમ લઈને કાર્ય સાધીશ.'

માતાએ પુત્રને સમજાવ્યો : 'તું હજી નાનો છે. દીક્ષા પાળવી ઘણી કઠિન છે. હંમેશા ઘેરઘેરથી ભિક્ષા લેવી પડશે. પંચાચાર પાળવા પડશે. દેશવિદેશ વિહાર કરવો પડશે, બાવીસ પરીષહ સહેવા પડશે. કોઈ દિવસ રીસ ચઢાવાશે નહિ કે ગુસ્સો કરાશે નહીં.'

માતાએ ઘણું સમજાવ્યા છતાં સુધર્માએ કહ્યું : 'હે માત, મેં જોયું કે દીક્ષા સમાન બીજું કોઈ રાજ્ય નથી. માટે કોઈ પણ પ્રકારની આનાકાની ન કરો.'

છેવટે માતાપિતાને સમજાવી સુધર્માએ દીક્ષા લીધી. આથી સંઘ ઘણો ખુશ થયો. ગુરુએ સુધર્માને વિદ્યા આપી તેને જ્ઞાનનો ભંડાર બનાવ્યો.

આ પછી મુડારામાં બાર ગોત્રે મળી બદરીદેવીને પુનઃ આરાધી. દેવીએ સુધર્માના શરીરમાં અવતરી તેમના કપાળમાં તિલક કર્યું. કંઠમાં ફૂલની માળા પહેરાવી. પછી સુધર્માને યશોભદ્રસૂરિ એવું નામ આપી વિદાય થઈ.

એ પછી યશોભદ્રસૂરિએ છ વિગયોનો ત્યાગ કર્યો. હંમેશા કેવળ આઠ કવળનો આહાર લેવાનું શરૂ કર્યું. યશોભદ્રસૂરિએ ઘણા કઠિન અભિગ્રહો લીધા તેથી તેમને ઘણા અતિશયો પણ પ્રાપ્ત થયા.

ત્યાંથી વિહાર કરી યશોભદ્રસૂરિ પાલી આવ્યા. તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. પાલીમાં જે દિશા તરફ સૂરિજી હંમેશા ઠંડિલ જતા હતા, તે દિશામાં સૂર્યનું એક મંદિર હતું. આચાર્યની તપશ્ચર્યા વગેરે જોઈ સૂર્ય હંમેશા ગુરુના ગુણ ગાતો. એક વખતે ગુરુની પરીક્ષા કરવા સૂર્યે ગુરુના માર્ગમાં મણિ-માણેકની માળા મૂકી. આચાર્યે તે માળા તરફ જોયું પણ નહીં. ગુરુની આ નિસ્પૃહતાથી સૂર્યને તેમના પ્રત્યે શ્રદ્ધા વધી. તેણે વિચાર કર્યો કે જો ગુરુ મારા મંદિરમાં આવે તો હું પાપરહિત થાઉં.

એક વખત ગુરુના આવવાના સમયે સૂર્યે ખૂબ વરસાદ વરસાવ્યો. બચવા માટેનું કોઈ સ્થાન ન દેખાતાં ગુરુએ સૂર્યના મંદિરમાં પ્રવેશ કર્યો. જેવો ગુરુએ મંદિરમાં પ્રવેશ કર્યો કે તરત જ મંદિરનાં બારણાં બંધ થઈ ગયાં. એટલે સૂર્યે કહ્યું : 'મહારાજ ! આપ કંઈ પણ વરદાન માગો.' સૂરિજીએ કહ્યું : 'મારે કંઈ પણ વસ્તુનું કામ નથી, તો પણ એ માગું છું કે સર્વજ્ઞવોનું આલોકન કરી શકું એવું અંજન આપો.' સૂર્યે બીજે દિવસે લઈને આવવાનું કહ્યું.

બીજા દિવસે બે વસ્તુઓ લઈને સૂર્ય ઉપાશ્રયે આવ્યો. તેમાં ૧. સુવર્ણાક્ષરની પોથી અને ૨. અંજનકુંપિકા હતી. આ બંને વસ્તુઓ આપીને સૂર્ય અદૃષ્ટ થઈ ગયો.

આચાર્યે અંજનકુંપિકાને પોતાની આંખમાં આંજતાં ત્રિલોકના તમામ પદાર્થો જેવી સ્થિતિમાં હતા તેવી સ્થિતિમાં જોયા. આ ઉપરાંત પુસ્તકની અંદર જે જે મંત્રો લખેલા હતા તે પણ સિદ્ધ કરી લીધા.

એ પછી આચાર્યે વિચાર કર્યો 'પાછળ જે શિષ્યો થશે, તેઓ આ વિદ્યા જીરવી શકશે નહિ.' આમ વિચારી તે પુસ્તક બલિભદ્રને આપીને કહ્યું કે આ પુસ્તક સૂર્યના મંદિરમાં મૂકી આવ.

કુતૂહલથી રસ્તામાં બલિભદ્રે તે પુસ્તક જોતાં કેટલીક અદ્‌ભુત વિદ્યાઓનું રહસ્ય તેમાં દેખાયું. એટલે તેમણે પુસ્તકમાંથી ત્રણ પાનાં ફાડી લઈ રસ્તામાં સંતાડી દીધાં. પરંતુ સૂર્યને ખ્યાલ આવી જતાં તેણે તે પાનાં ત્યાંથી ઉઠાવી લીધાં. પાછા વળતાં બલિભદ્ર રડવા લાગ્યા તેથી સૂર્યે દયા લાવી તે ત્રણ પાનાં બલિભદ્રને આપ્યાં.

યશોભદ્રસૂરિને આઠ મહાસિદ્ધિઓ ઉત્પન્ન થઈ. સૂર્યે આપેલા પુસ્તકમાં જે જે મંત્ર-તંત્ર હતાં તે બધાં તેમણે સિદ્ધ કર્યાં. ગગનગામિની વિદ્યાના બળે તેઓ હંમેશા ચંપા, અષ્ટાપદ, સમેતશિખર, શત્રુંજય અને ગિરનાર એ પાંચ તીર્થોની યાત્રા કરીને આહાર કરતા.

પાલીથી વિહાર કરીને સૂરિજી સંડેરક (હાલનું સાંડેરાવ) આવ્યા. અહીંના સંઘે પ્રતિષ્ઠા મહોત્સવ કર્યો. આ મહોત્સવ પ્રસંગે બહારથી ધાર્યા કરતાં ઘણા વધારે માણસો એકઠા થયા. તેથી જમણમાં ઘી ખૂટી ગયું. સૂરિજીએ જ્યારે આ વાત જાણી ત્યારે તેમણે વિદ્યાના બળથી પાલીના ધનરાજ શાહના ઘેરથી ઘી મંગાવ્યું અને ઘીનાં વાસણ ભરી દીધાં. પ્રતિષ્ઠા થઈ ગયા પછી પ્રતિષ્ઠા કરાવનાર ગૃહસ્થ દ્રવ્ય લઈને પાલી

ગયો અને ધનરાજ શાહને ઘીના પૈસા આપવા લાગ્યો. ધનરાજ શાહે કહ્યું : 'મેં ઘી આપ્યું નથી, તો પછી મને તમે શાના પૈસા આપો છો ?'

પૈસા લઈ આવનાર ગૃહસ્થે કહ્યું : 'તમે તમારાં ઘીનાં વાસણો તપાસો. જો તેમાં ઘી ન હોય તો દામ લેજો.' જ્યારે તેણે ઘીનાં તમામ વાસણો તપાસ્યાં, તો તેમાં જરાય ઘી હતું નહીં.

ધનરાજ શાહે કહ્યું, 'મારે પૈસાનું કામ નથી. હું માનું છું કે તમે જે ઘી ખરચ્યું છે તે મારા વતી જ ખરચ્યું છે. માટે તે ધન મારા ભંડારમાં ન આવી શકે.' આમ કહી ધનરાજે પૈસા આપવા આવેલા ગૃહસ્થને પાછા વાળ્યા.

યશોભદ્રસૂરિ સંડેરકથી ચિત્રકૂટ (ચિત્તોડ) પધાર્યા.

બીજી તરફ મેવાડના આહડ નગરના અલ્લટ રાજાના મંત્રીએ રાજાની આજ્ઞા લઈ એક જિનમંદિર બનાવી, આચાર્ય યશોભદ્રસૂરિને ચિત્તોડથી તેડાવી, પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા કરાવી. એક વખત આચાર્યશ્રી શ્રીસંઘ સાથે ચૈત્યપરિપાટીએ નીકળ્યા હતા. માર્ગમાં એક અવધૂત તેમને મળ્યો. તેણે પોતાના હાથમાં ચિત્રાણ કર્યું, નાકને દીપશિખા સમાન બનાવ્યું. મોઢાને વિકરાળ બનાવ્યું અને હાથને ઊંચા કરી બતાવ્યા.

અવધૂતના મનના ભાવોને આચાર્ય કળી ગયા. તેમણે પોતાના બે હાથ સામસામે ઘસીને કાળા કરી બતાવ્યા. અવધૂતને આશ્ચર્ય થયું. તે યશોભદ્રસૂરિના પગમાં પડી નમસ્કાર કરી વિદાય થયો.

અવધૂત અને આચાર્યશ્રી વચ્ચે થયેલ સાંકેતિક વાતચીતનો ભેદ સંઘમાંનો કોઈ માણસ સમજી શક્યો નહિ. સંઘે આચાર્યને વિનંતી કરતાં કહ્યું : 'મહારાજ, આપ બંને વચ્ચે સાંકેતિક ભાષામાં જે વાત થઈ તેનો ભેદ અમે સમજી શક્યા નથી, માટે કૃપા કરીને અમને તે કહો.'

આચાર્યે કહ્યું : 'તેણે ઇશારામાં મને કહ્યું કે ઉજ્જયિનીમાં મહાકાલના દેરાસરમાં દીવાની જ્યોતથી ચંદરવો સળગ્યો છે.' તે જોઈ મેં વિદ્યાના બળથી હાથ ઘસી તેને જણાવ્યું, "તે બળતો ચંદરવો શાંત કર્યો છે. અવધૂતે તે વાત દેવના પ્રભાવથી જાણી હતી, જ્યારે મેં વિદ્યાબળથી તેનું સંકટ દૂર કર્યું હતું."

રાજાએ આ ઘટનાની ખાતરી કરવા માણસો મોકલી તપાસ કરાવી તો અમુક દિવસે અમુક સમયે ચંદરવો સળગ્યો હતો અને શાંત પણ થયો હતો. રાજા આચાર્યશ્રીના ચમત્કારથી બહુ ખુશ થયો.

આ પછી એક વખત આહડ, કરહેટ(કરેડા), કવિલાણ, સંભરી (સાંભર) અને ભેસર આ પાંચ ગામોના સંઘોએ આચાર્યશ્રીને પ્રતિષ્ઠા કરવા વિનંતી કરી. સૂરિજીએ પાંચેય ગામવાળાઓએ પ્રતિષ્ઠાનું એક જ દિવસ અને એક જ સમયનું મુહૂર્ત આપ્યું અને કહ્યું : 'તમે તમારી તૈયારી રાખજો. આપેલા સમય ઉપર હું આવીને પ્રતિષ્ઠા કરી જઈશ.'

શ્રાવકો સૌ સૌના ગામ ગયા. પ્રતિષ્ઠાનો દિવસ આવ્યો. યશોભદ્રસૂરિએ વિદ્યાના બળથી પોતાનાં પાંચ રૂપ કર્યાં અને એક જ મુહૂર્તમાં પાંચે ગામોમાં જઈ પ્રતિષ્ઠા કરી.

આ પાંચ ગામોમાંથી કવિલાણ ગામમાં પ્રતિષ્ઠા સમયે ઘણા માણસો એકઠા થયા હતા. તેથી તે ગામના કૂવાઓમાંનું પાણી ખૂટી ગયું. પાણી વિના લોકો મુશ્કેલીમાં મુકાયા. સંઘે આવીને આચાર્યને વાત કરી. આચાર્યે કૂવામાં પોતાના નખ વડે ચંદનનો ક્ષેપ કર્યો. કૂવો અમૃત જેવા પાણીથી ભરાઈ ગયો. આ કૂવાનું નખસુત એવું નામ જાણીતું થયું. આવા ૯૫ કૂવાઓમાં પાણી ભરાઈ ગયું.

એક વખત આહડના ભદ્ર વ્યવહારીએ શત્રુંજય અને ગિરનારની યાત્રા નિમિત્ત રાજાની આજ્ઞા લઈને સંઘ કાઢ્યો. આ સંઘમાં યશોભદ્રસૂરિ પણ હતા. આ સંઘ અણહિલપુર પાટણ નજીક આવ્યો. એ વખતે યશોભદ્રસૂરિની પ્રશંસા સાંભળી પાટણનો રાજા મૂલરાજ સંઘની સામે આવ્યો. આચાર્યશ્રીને નમસ્કાર કરી તે ઘણો ખુશ થયો. રાજાએ આચાર્યશ્રીને પોતાના નગરમાં સ્થિરવાસ રહેવા વિનંતી કરી.

આચાર્યે કહ્યું : 'એક સ્થાને રહેવું એ અમારો આચાર નથી. તેમ કરવાથી ગચ્છનો વ્યવહાર લોપાય.' રાજાએ કહ્યું : 'જો એમ હોય તો આપ કૃપા કરીને એક વખત મારે ત્યાં પધારી આપની ચરણરજથી સ્થાનને પવિત્ર કરો.'

સૂરિજી રાજાને ત્યાં ગયા. એક ઓરડામાં પ્રવેશ્યા એટલે રાજાએ કમાડ બંધ કરી દીધાં. અંદરથી આચાર્યશ્રીએ કહ્યું : 'રાજન્ ! જબરદસ્તીથી તો નહિ જ રહું.' એમ કહી વિદ્યાના બળથી પોતાનું લઘુરૂપ બનાવી, કમાડના છિદ્રમાં થઈને બહાર નીકળી ગયા અને આકાશગામિની વિદ્યાથી ઊડીને સંઘ ભેગા થઈ ગયા. તે પછી એક માણસને મોકલી રાજાને ધર્મલાભ કહેવરાવ્યો.

રાજાએ કમાડ ઉઘાડીને અંદર જોયું, તો સૂરિજી ઓરડામાં નહોતા. રાજાને ખાતરી થઈ કે તેઓ વિદ્યાના બળથી નીકળી ગયા. રાજાએ વિચાર્યું કે આ તો ગુરુની ભક્તિને બદલે અવજ્ઞા થઈ. રાજા અને મંત્રી આચાર્ય પાસે આવ્યા અને તેમના પગમાં પડી માફી માગી. તે રાજાએ આચાર્યશ્રીને પૂછ્યું : 'મારું આયુષ્ય કેટલું છે ?' આચાર્યશ્રીએ કહ્યું : 'તમારું છ માસનું આયુષ્ય છે. માટે ધર્મરૂપી ઔષધનું સેવન કરવું જોઈએ.'

આ પછી સંઘ ત્યાંથી રવાના થયો. રસ્તામાં પાણી વિના સંઘ આકુળવ્યાકુળ થઈ ગયો. ભદ્રવ્યવહારી વિચારવા લાગ્યો 'મેં આ શું કર્યું ? પાણી વિના આખો સંઘ દુઃખી થઈ રહ્યો છે. હવે શું કરવું ?'

ગુરુની પાસે આવી તેણે સઘળી હકીકત કહી. ગુરુએ આસપાસમાં સૂકો કૂવો કે તળાવ હોય તો તપાસ કરવા કહ્યું. સંઘપતિએ એક સૂકા તળાવની શોધ કરી ગુરુને જણાવ્યું. ગુરુએ વિદ્યાના બળથી તે સૂકા તળાવને પાણીથી ભરી દીધું. સંઘને આથી સંતોષ થયો.

સંઘ ત્યાંથી આગળ વધ્યો. પરંતુ સંઘપતિ પોતાના જોડા પેલા સરોવરને કાંઠે ભૂલી ગયા હતા તેથી તે લેવા ભદ્રવ્યવહારી બીજા માણસો સાથે તે સરોવર પાસે ગયા તો તેમાં પાણીનું એક ટીપુંય નહોતું. આથી તો સરોવરનું નામ 'સાધુસરોવર' પડ્યું.

હવે સંઘ શત્રુંજયની યાત્રા કરી ગિરનાર આવ્યો. સંઘપતિએ ત્યાંના નેમીશ્વર ભગવાનના કંઠમાં મણિ-માણેકથી જડેલાં સુવર્ણનાં આભૂષણો ચડાવ્યાં. આઠ દિવસ સંઘ પર્વત પર રહ્યો. પછી જ્યારે સંઘ નીચે ઊતરવા લાગ્યો, ત્યારે ભગવાનને ચડાવેલાં આભૂષણો દેખાયાં નહિ. સંઘપતિએ પૂજારીઓ, સંઘના માણસો વગેરેને પૂછપરછ કરી, પરંતુ પત્તો લાગ્યો નહિ. સંઘપતિને ચિંતા થઈ. આભૂષણો ચોરાયાનું કલંક સંઘ ઉપર આવ્યું. ભદ્રવ્યવહારીએ દુઃખિત હૃદયે આ હકીકત ગુરુને જણાવી.

આચાર્યે કહ્યું : 'તમે ચિંતા ન કરો. કોઈ ચોર તે આભૂષણો ચોરી લઈ આહડ ગયો છે. આજથી વીસમા દિવસે તમારા માણસો તેને જુગાર રમતો પકડશે. તે આભૂષણો તેણે એક વાવમાં પથરા નીચે દાટ્યાં છે.'

ભદ્રવ્યવહારીએ માણસોને આહડ મોકલ્યા. જુગાર રમતા તે ચોરને પકડ્યો. ગુરુએ બતાવેલી જગાએથી આભૂષણો મેળવ્યાં. ચોરને બાંધીને શેઠની પાસે લાવવામાં આવ્યો. આભૂષણો પ્રભુને ચઢાવવામાં આવ્યાં. આચાર્યશ્રીએ કહ્યા પ્રમાણે જ બધી હકીકત નીકળી. ગુરુના વચનથી ચોરને મુક્ત કર્યો.

સંઘ ત્યાંથી આહડ આવ્યો. ગુરુને વધાવીને સૌ પોતપોતાના સ્થાને ગયા.

આચાર્યશ્રી ત્યાંથી નડુલાઈ ગયા. ત્યાંના શ્રાવકોએ ચાતુર્માસ રાખ્યા. શ્રાવકોએ આચાર્યના ઉપદેશનો લાભ લીધો.

એક દિવસ પેલો વિપ્ર જેણે બાલ્યાવસ્થામાં પોતાનો જ ખડિયો સુધર્મા (હાલના યશોભદ્રસૂરિ) પાસે માગ્યો હતો અને પ્રતિજ્ઞા કરી હતી તે જુદી જુદી જાતની વિદ્યાવાળો થઈ કોટમાં કંથા, મસ્તકમાં જટા અને શરીરે લંગોટ ધારણ કરીને આવ્યો. એ વખતે આચાર્ય દેશના દઈ રહ્યા હતા. તેણે આવી જટાના બે સાપ બનાવ્યા. આચાર્યે તરત જ મુહપત્તિના બે કટકા કરીને બે નોળિયા બનાવ્યા. નોળિયાને જોતાં જ સાપ નાસી ગયા. તે યોગી પણ આચાર્યના ચમત્કારથી વ્યાકુળ થઈ ગયો.

પછી એક દિવસ પેલા યોગીએ એક સાધ્વીને ગાંડી બનાવી દીધી. સાધ્વી ઠેર ઠેર ભટકવા લાગી. એ જોઈ લોકોએ મળીને જોગીને કહ્યું : 'આ કામ આપનું છે, માટે આપ તેને સાજી કરો.'

જોગીએ ગુસ્સે થઈ કહ્યું : 'શું સાધ્વીને હું કેડે બેસાડીને ફરું છું ? જાવ, કોઈ દિવસ મને દોષ દેશો નહિ.'

શ્રાવકોએ યશોભદ્રસૂરિને જઈને આ વાત કહી. સૂરિજીએ દર્ભનું એક પૂતળું બનાવી શ્રાવકોને આપી કહ્યું : 'પહેલાં તમે યોગીને માનપૂર્વક સમજાવજો. છેવટે જો ન માને તો આ પૂતળાની આંગળીનો છેદ કરજો.'

આચાર્યના કહેવા પ્રમાણે શ્રાવકોએ જોગીને સમજાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ જ્યારે તેણે માન્યું નહિ ત્યારે શ્રાવકોએ તે પૂતળાની આંગળીનો છેદ કર્યો. પૂતળાની આંગળીનો છેદ થતાં જોગીની આંગળી છેદાઈ ગઈ. શ્રાવકોએ કહ્યું : 'જેમ આ આંગળીનો છેદ થયો તેમ તારું મસ્તક પણ છેદાઈ જશે.'

જોગીનો દંભ ચાલ્યો નહિ. તેણે એકસો આઠ જલકુંભથી સ્નાન કરાવીને સાધ્વીને સાજી કરી.

એક વખત જોગીએ જિનપ્રતિમા ઉપર કંઈક ચૂર્ણ નાખીને બિંબોને વિમુખ કરી દીધાં. શ્રાવકોએ જઈને એ વાત આચાર્યશ્રીને કહી. એવામાં જોગી ભમતો ભમતો બારણે આવી ઊભો રહ્યો. આચાર્યે તેને માનપૂર્વક બોલાવ્યો. મંત્રેલી એક પાટ ઉપર તેને બેસાડ્યો. આચાર્ય અને જોગી વચ્ચે અનેક પ્રકારની વાતચીત થઈ. તે દરમિયાન બે પહોર વીતી ગયા. આચાર્યશ્રીને વહોરવાનો સમય થયો. તેઓ વહોરવા જવા તૈયારી કરવા લાગ્યા.

યોગી પણ ઊઠવા લાગ્યો. પાટ પણ તેની સાથે ખેંચાવા લાગી કારણ કે જોગી તેની સાથે ચોંટી ગયો હતો. જોગીનું શરીર બળવા લાગ્યું હતું. જોગીએ લજ્જિત થઈ કહ્યું : 'હે દેવ, મેં જિનપ્રતિમાને વિમુખ કરી છે, એ મારા અપરાધને આપ ક્ષમા કરો. મારા શરીરને ન દઝાડો. મારા કરતાં આપનું જ્ઞાન અધિક છે. આપના વચનને હું માન્ય કરું છું અને જિનપ્રતિમાને સન્મુખ કરું છું.' એમ કહી તેણે બાવનાચંદન અને કેસરયુક્ત એકસો આઠ ઘડાથી જિનપ્રતિમાનો પ્રક્ષાલ કરી

તેને સન્મુખ કરી. પછી યશોભદ્રસૂરિએ દયા લાવી જોગીને છૂટો કર્યો.

આ પછી જોગીએ વિચાર્યું કે મંત્રાદિથી હું આચાર્યને નહીં હરાવી શકું. તેણે આચાર્ય સાથે રાજા સમક્ષ શાસ્ત્રાર્થ કર્યો. આચાર્યે ચોરાશીવાદ કરી તેનો મદ ઉતારી દીધો.

જોગી આચાર્યની સાથે કોઈ પણ રીતે ન ફાવ્યો ત્યારે તેણે છલ કરવાનો વિચાર કર્યો. એક વખત મંદિરમાં શ્રાવકો બલી (બાકળા)ની સામગ્રી એકઠી કરતા હતા. બલી ઉછાળવાની થોડી વાર હતી તેથી આચાર્ય ઉપાશ્રયમાં સૂઈ રહ્યા હતા. આ તકનો લાભ લઈ પેલો બ્રાહ્મણ (જોગી) હાથમાં દંડ અને ખપ્પર લઈને ગોરખ ગોરખ બોલતો બોલતો આવીને કહેવા લાગ્યો : 'મને ભિક્ષા આપો, ભિક્ષા આપો.' પરંતુ તેની સામે કોઈએ જોયું નહીં. એક જણે કહ્યું : 'આ તો દેવનું મંદિર છે, અહીં વળી ભિક્ષા શાની ?' છતાં તે ન ગયો. કોઈને તેના પર દયા આવી. તે તેને કેરી, અખોડ વગેરે ફળ આપવા લાગ્યો. જોગીએ તે ન લીધાં અને કહ્યું, 'લઘુ ભિક્ષાનું મારે કામ નથી. મને પૂરી ભિક્ષા આપો.'

સંઘે પૂરી ભિક્ષા આપી. ત્યારબાદ યશોભદ્રસૂરિ જાગ્યા. શ્રાવકોએ પેલા જોગીવાળી હકીકત ગુરુને જણાવી. ગુરુએ પોતાનું આયુષ્ય છ માસનું જાણી સંઘને તેમણે જણાવ્યું : 'આજથી છઠ્ઠા મહિને મારું નિર્વાણ થશે. મારા મસ્તકની અંદર મણિ છે. તેને લેવા માટે તે જોગી પ્રયત્ન કરશે. જ્યારે તમે મારા શરીરનો અગ્નિસંસ્કાર કરશો ત્યારે તે વરસાદ વરસાવશે અને વાયુ ચલાવશે. એ પ્રમાણે તે નવા નવા ઉપાયો કરશે. માટે તમે ધ્યાન રાખજો કે મારી પ્રતિજ્ઞા જાય નહીં. તેને માટે ઉપાય એ જ કે તમે પહેલાં મારી કરોડના કટકા કરીને મણિ અલગ કરી દેજો અને પછી અગ્નિસંસ્કાર કરજો.'

ગુરુએ આ પ્રમાણે શ્રાવકોને એકાંતમાં ભલામણ કરી. આયુષ્ય પૂરું થતાં આચાર્ય સ્વર્ગે સિધાવ્યા. શ્રાવકો એકઠા થયા ત્યારે પેલો કપટી બ્રાહ્મણ, પણ મણિ મેળવવા પ્રયત્ન કરવા લાગ્યો. યોગીએ ચિતાની ઉપર એક છત્ર બનાવીને દૂધપાત્ર ભરી રાખ્યું. આ પાત્ર એવે સ્થળે રાખ્યું કે જ્યાં ગુરુનું મસ્તક હતું. પરંતુ શ્રાવકોએ, ગુરુએ અગાઉ આપેલી સૂચના મુજબ મસ્તક પહેલેથી ફોડી નાખ્યું.

આનો અવાજ સાંભળતાં જ આકાશમાં રહેલા જોગી (બ્રાહ્મણ)નું હૃદય ફાટી ગયું, અને તે મરણને શરણ થયો. છેવટે આચાર્યની બાલ્યાવસ્થામાં કરેલી પ્રતિજ્ઞા પૂરી થઈ. આચાર્યની પ્રતિજ્ઞા હતી, 'જો હું તને ન મારું, તો સાચો વાણિયો જાણજે.' તે વિપ્ર મરીને ગચ્છનો રખેવાળ અર્થાત્ અધિષ્ઠાયક દેવ થયો.

[આધાર : ઐતિહાસિક રાસ સંગ્રહ, સંશોધક : વિજયધર્મસૂરિ, પ્રકા. શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા તરફથી અભયચંદ ભગવાનદાસ ગાંધી, ભાવનગર, સં. ૧૯૭૩.]

ખિમઋષિ

- લાવણ્યસમય

બોહો ચિત્રકૂટ (ચિત્તોડ)ની પાસે આવેલા વડગામનો રહીશ હતો. તે ખૂબ ગરીબ હતો. ચિત્રકૂટના બજારમાં તેલ, ઘી વગેરે વેચીને તે પોતાનું ગુજરાન ચલાવતો. એક વખત તે કુડલીમાં પાંચ દ્રામનું ઘી ભરીને પોતાના ગામથી ચિત્તોડ આવતો હતો. રસ્તામાં નસીબજોગે તેનો પગ લપસતાં બધું ઘી ઢોળાઈ ગયું. તે જોઈ લોકોને તેના પ્રત્યે દયા આવી. બધાએ ભેગા મળી તેને પાંચ દ્રામ કરી આપ્યા. આનું ઘી લઈને જ્યારે તે પાછો વળ્યો ત્યારે ફરીથી ઠેસ વાગતાં ઘી ઢોળાઈ ગયું.

આથી બોહાએ ખેદ ન કર્યો. તે પોતાના કર્મનું જ ફળ હોવાનું વિચારવા લાગ્યો. ધન વિનાના માણસોની શી સ્થિતિ થાય છે તે વિચારતો તે પોતાના ઘેર ગયો. ઘેર ગયા પછી તેનું ચિત્ત સ્થિર થયું નહિ. તેના મનમાં વૈરાગ્ય ઉદ્ભવ્યો. તે ઘેરથી નીકળી યશોભદ્ર ગુરુ પાસે આવ્યો. ગુરુએ તેને ઉપદેશ આપ્યો. ગુરુના ઉપદેશથી પ્રભાવિત થઈ તેણે દીક્ષા લીધી. દીક્ષા લીધા પછી તે ચારિત્ર પાળવા લાગ્યો. તે મોટી મોટી તપસ્યાઓ પણ કરવા લાગ્યો.

એક વખત બોહા ઋષિએ ગુરુને વિનંતી કરી : 'હે દેવ; મેં દીક્ષા ગ્રહણ કરી છે. હવે મારા મનમાં એક એવો મનોરથ ઉત્પન્ન થયો છે કે હું થોડા દિવસમાં મારું કાર્ય સિદ્ધ કરું. માટે આપ કહો તે સ્થાનમાં રહીને થતાં ઉપસર્ગાદિ સહન કરું.'

ગુરુએ તેને અવંતી તરફ વિહાર કરવાની આજ્ઞા આપી. ત્યાર પછી તે સંઘની આશિષ લઈને ધામણઉદ ગામની નજીક એક સરોવરની પાળ પાસેના નિર્જન સ્થાનમાં આવીને રહ્યો.

અહીં એક વખત બ્રાહ્મણનાં ઘણાં બાળકો રમવા માટે આવ્યાં. ઋષિને તપ કરતા જોઈને બાળકોએ કહ્યું : 'આ વળી કોણ ઊભું છે ?' એટલું જ નહીં. બાળકોએ મુક્કા મારીને ઋષિને હેરાન કર્યો, છતાં ઋષિએ જરાય ક્રોધ ન કર્યો. ઋષિને થતી હેરાનગતિ જોઈ એક (તળાવના અધિષ્ઠાયક)દેવે ક્રોધમાં આવી છોકરાઓને બાંધ્યા. છોકરાઓના મોઢામાંથી લોહી નીકળવા માંડ્યું. છોકરાઓનાં મા-બાપ તપાસ કરતાં ત્યાં આવ્યાં. તેઓએ જાણ્યું કે ઋષિની અવજ્ઞા થવાથી આમ થયું છે. છોકરાઓનાં મા-બાપ ઋષિના પગમાં પડી છોકરાઓને

છોડવા માટે બહુ પ્રાર્થના કરવા લાગ્યાં : 'હે સ્વામી ! આપ મોટા છો, રીસ ન કરો. છોકરા અયોગ્ય વર્તન કરે તો માતા-પિતા કંઈ મનમાં ન લાવે.' તેવામાં ઋષિ ધ્યાનમુક્ત થયા. પેલો દેવતા બાળકના અંગમાં આવીને કહેવા લાગ્યો : 'ઋષિને પીડા થતી જોઈ મેં આ પ્રમાણે કર્યું છે. હવે જો ઋષિના ચરણનું પાણી છાંટવામાં આવે, તો છોકરાઓ બંધનથી મુક્ત થઈ શકે.' પછી દેવે સૂચવ્યા પ્રમાણે પાણી છાંટવામાં આવ્યું. બાળકો બંધનથી મુક્ત થયાં. છોકરાંનાં માતાપિતા રાજી થયાં. લોકોએ ઋષિની આગળ ધન મૂક્યું પણ ઋષિએ તે ન લેતાં લોકોએ તે જીર્ણોદ્ધારના કાર્યમાં વાપરી નાખ્યું. લોકોએ જે જે કર્યું તે ઋષિએ સહન કર્યું તેથી લોકોએ બોહાઋષિને બદલે તેમનું નામ ખિમઋષિ (ક્ષમર્ષિ=ક્ષમા+ઋષિ) રાખ્યું. ખિમ ઋષિની ક્ષમતા જોઈ તેમના પ્રત્યે લોકોને આદર જાગ્યો. ઋષિએ ત્યાંથી ચાલી નીકળી એક નિર્જન ગિરિગુફામાં વાસ કર્યો. એ ગુફામાં એમણે અનેક પ્રકારની તપસ્યા કરી અને અભિગ્રહો ધારણ કર્યા.

ઋષિ એવા એવા અભિગ્રહો ધારણ કરવા લાગ્યા કે જે પૂરા થવા કઠિન હોવા છતાં તેમના તપના પ્રભાવથી પૂરા થતા.

ઋષિએ પહેલો અભિગ્રહ એવો રાખ્યો કે સ્નાન કરીને ઊઠેલો, છૂટા કેશવાળો મનમાં દુઃખી એવો કહન્ડોરાઉ (કૃષ્ણ) જો એકવીસ માંડા (પુલ્લા) આપે તો ખિમઋષિ પારણું કરે.

ઋષિનો આ અભિગ્રહ પણ પૂરો થયો. ધારાનગરીનો સિંધુલરાજા ઋદ્ધિવાન હતો. તેની પાસે હજાર હાથી હતા. તેનાથી પરિભ્રષ્ટ થયેલો કૃષ્ણ નાહીને છૂટા કેશે કંદોઈને ત્યાં બેઠો હતો. આ વખતે ખિમઋષિ ભિક્ષા માટે ફરતા હતા. તેમને જોઈને કૃષ્ણે ઋષિને બોલાવીને કહ્યું : 'લો, ભિક્ષા આપું.' કૃષ્ણે ભાલાના અગ્રભાગથી ભિક્ષામાં માંડા (મંડક-ખાખરા) આપ્યા ત્યારે ઋષિ તે ગણવા લાગ્યા. કૃષ્ણે કહ્યું : 'ગણો છો શું ? જેટલા ભાગ્યમાં હશે એટલા આવ્યા હશે.' ઋષિએ કહ્યું : "ભાઈ, મને કંઈ લોભ નથી. હું જોઉં છું કે મારો અભિગ્રહ પૂરો થયો છે કે નહિ ? આ અભિગ્રહમાં મારે ત્રણ મહિના અને આઠ દિવસના ઉપવાસ થયા છે. જો ભિક્ષામાં એકવીસ માંડા આવ્યા હશે તો જ મારો અભિગ્રહ પૂરો થયો ગણાશે."

ભિક્ષામાં આવેલ મંડક ગણ્યા તો તે એકવીસ થયા. કૃષ્ણ ચકિત થયો. ઋષિ ત્યાંથી વિદાય થયા પછી કૃષ્ણ તેમની પાછળ પાછળ ગયો. તેણે ઋષિને પોતાના આયુષ્ય વિશે પ્રશ્ન કર્યો. ઋષિએ તેને તેનું આયુષ્ય ફક્ત છ માસનું હોવાનું કહ્યું તેથી તેણે દીક્ષા લીધી. તેનું નામ કૃષ્ણઋષિ પાડવામાં આવ્યું. કૃષ્ણઋષિની દીક્ષા થતાં દેવતાઓએ પુષ્પવૃષ્ટિ કરી. કૃષ્ણઋષિ પોતાનું છ માસનું આયુષ્ય પૂરું કરી સ્વર્ગે ગયા.

ખિમ ઋષિએ પારણું કર્યા પછી બીજો આવો અભિગ્રહ રાખ્યો : 'સિંધુલ રાજાનો મદમાં આવેલો હાથી, ગઢ-મકાનોને પાડતો પોતાની સૂંઢ વડે પાંચ મોદક આપે તો પારણું થાય.'

ઋષિને આ અભિગ્રહ પૂરો કરતાં પાંચ મહિનાને અઢાર દિવસ થયા. આ વખતે સિંધુલ રાજાનો મદમાં આવેલો હાથી સાંકળ તોડી ગામમાં ભાગ્યો. પણ ખિમઋષિની દૃષ્ટિ જેવી તેની ઉપર પડી તેવો જ તે શાંત થઈ ગયો અને કંદોઈના સૂના હાટમાંથી પાંચ મોદક ઉઠાવીને લાંબી સૂંઢે ઋષિને આપ્યા. હાથી જેવા એક પશુએ ઋષિને દાન કર્યું અને શાંતિ પ્રાપ્ત કરી. આ જોઈ લોકો આશ્ચર્ય પામ્યા. આ અભિગ્રહનું પારણું કર્યા પછી ઋષિએ પાછો આવો અભિગ્રહ કર્યો : 'સાસુથી ભારે કલેશ કરતી વિધવા બ્રાહ્મણી બે ગામની વચમાં જો પૂરણપોળી વહોરાવે તો પારણું થાય.'

આ વખતે સાસુથી દુઃખી થયેલી એક વિધવા બ્રાહ્મણી નગરીમાંથી નીકળી વનમાં ભટકતી હતી. એ વખતે કાષ્ઠ ભરવા એક વિપ્ર ત્યાં આવ્યો. તેણે વનમાં આ સ્ત્રીને જોઈ પૂરણપોળી આપી. એવામાં પેલી સ્ત્રીએ પહાડ પરથી ઊતરતા ઋષિને જોયા. 'લઈને આપવામાં આઠ ગણું ફળ મળે છે.' એમ વિચારી તેણે ઋષિને પેલી પૂરણપોળી વહોરાવી. એ વખતે ત્યાં પુષ્પવૃષ્ટિ થઈ.

પારણું કર્યા પછી ઋષિએ વળી એક અભિગ્રહ કર્યો : 'કાળી ખૂંધવાળો, ધોળો, નાક અને પૂંછથી રહિત એવો સાંઢ શીંગડે કરીને ગોળ આપે તો પારણું થાય.'

એક વખત સિંધુલ રાજાની ધારાનગરીમાં મદમાતો સાંઢ ભટકતો હતો. તેણે ઋષિને જોયા. તેમને જોઈને આ સાંઢને દાન દેવાની ઇચ્છા થઈ. તેણે એક સ્થળે પડેલા ગોળના ઢગલામાંથી શીંગડાથી ગોળ ઉઠાવી ઋષિને આપ્યો. લોકોને એ જોઈ આશ્ચર્ય થયું. જેનો ગોળનો ઢગલો હતો, તેણે તો તે ગોળને વેચીને એક જિનમંદિર બનાવ્યું. તેમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા સ્થાપિત કરાવી. ત્યારબાદ તેણે યશોભદ્રસૂરિ પાસે જઈ દીક્ષા પણ લીધી. પછી તે સ્વર્ગે ગયો. પેલું મંદિર 'ગુડપિંડ' નામે પ્રસિધ્ધ થયું.

આ પછી ખિમઋષિએ જુદા જુદા અભિગ્રહો કર્યા જેમાં 'કોટમાં સાંકળ બાંધેલું કોઈ વાંદરું ભાદરવા માસમાં આંબારસ દે તો પારણું થાય' વગેરેનો સમાવેશ થતો હતો.

એક વખત એવો પ્રસંગ બન્યો કે કૃષ્ણઋષિ જે ખિમઋષિ પાસે દીક્ષા લઈ, સંયમ પાળી દેવ થયો હતો તે ખિમઋષિ પાસે આવ્યો અને તેમને કહેવા લાગ્યો : 'સિંધુલ રાજાને ત્યાં એક હજાર હાથી છે. તે બધા રોગથી પીડાય છે. તેમને અત્યંત કષ્ટ થાય છે. જો આપની પાસે કોઈ આવે અને

આપના પગ પખાળેલું પાણી માગે તો જરૂર આપશો. તેમ કરવાથી જિનશાસનની પ્રભાવના થશે.'

આટલું કહીને દેવતા ત્યાંથી વિદાય થયો. રાજા હાથીઓના દુઃખથી શોકાતુર હતો. વૈદ્યો દવાદારૂ કરતા હતા, પણ હાથીઓને આરામ થતો નહોતો. રાજાએ મંત્રીને કહ્યું : 'આજ એવી ઉદ્‌ઘોષણા કરાવો કે જે કોઈ માણસ આ હાથીઓને સાજા કરશે તેને અર્ધું રાજ્ય આપવામાં આવશે.'

આ ઉદ્‌ઘોષણા વખતે આકાશવાણી થઈ કે કંબલગિરિમાં રહેલા ઋષિનું જો ચરણોદક લાવીને હાથીઓને છાંટવામાં આવે તો હાથીઓ સાજા થાય.

રાજાએ, મંત્રીને કંબલગિરિમાં ઋષિ પાસે મોકલ્યો. ઋષિના પગ પખાળીને મંત્રી પાણી લઈ આવ્યો. જેવું તેણે હાથીઓને પાણી છાંટ્યું, તે વખતે જ એક તાપસ બોલ્યો : 'પદ્મહસ્તિને છોડીને બાકીના તમામ હાથીઓને પાણી છાંટો.' તે પ્રમાણે કરવામાં આવ્યું. (તાપસના મનમાં હતું કે આ બધા હાથી મરી જશે અને મારા પ્રયત્નથી પદ્મહસ્તિ બચી જશે.) પરંતુ એમ થયું કે બધા હાથી સાજા થઈ ગયા અને પેલા તાપસે પદ્મહસ્તિને બચાવવાની ખાતર ઘણા ઉપાયો કર્યા, છતાં તે હાથી બચ્યો નહિ અને મરી ગયો.

આ ઘટનાથી જિનશાસનની ઘણી પ્રશંસા થઈ. રાજાએ ઋષિને અડધું રાજ્ય લેવા માટે કહ્યું. પરંતુ ઋષિએ તે લેવાનો ઇન્કાર કર્યો. રાજાએ ઋષિની નિર્લેપતા જોઈ એક મંદિર બનાવી, તેમાં સિંહાસન કરાવી ઋષિનાં પગલાંનું સ્થાપન કરી હંમેશા પૂજા કરવા લાગ્યો. વળી, રાજાએ ઋષિના નિમિત્તે અલગ કાઢેલ અર્ધા રાજ્યથી સાતે ક્ષેત્રોને પોષ્યાં.

એક વખત ષિમઋષિ ચાલ્યા જતા હતા, તેવામાં એક મડદું માર્ગમાં તેમને મળ્યું. તેમણે પૂછ્યું : 'આ મડદું કોનું છે ?' એક જણે કહ્યું : 'મહારાજ ! આ ધન વ્યવહારીનો પુત્ર છે. આજથી છ મહિના પહેલાં એક રાત્રે તે સૂતો હતો ત્યારે એક સર્પે તેને દંશ દીધો. ઘણા મંત્રતંત્ર કર્યા, પણ તે બચી શક્યો નહિ.'

ઋષિએ કહ્યું : 'મનમાં જરાય ખેદ કરશો નહિ. છોકરો જીવે છે.'

છોકરાનો પિતા ઋષિને પગે પડ્યો. તે કહેવા લાગ્યો : 'હે સ્વામિન્ ! મારે ઘેર રિદ્ધિ ઘણી છે, પરંતુ આ એકનો એક પુત્ર જ છે. જો આ છોકરો નહીં બચે તો મારું કૂળ ખલાસ થઈ જશે. મારે માથે મેરુ સમાન દુઃખ આવી પડશે.'

ઋષિએ પાત્રમાં પાણી લઈ નવકાર મંત્રનો જાપ કર્યો. છોકરો એકદમ જાગી ઊઠ્યો. આ જોઈ બધે જયજયકાર થઈ ગયો. શ્રદ્ધાળુ ધનરાજે પોતાના પરિવાર સાથે બાર વ્રતનો સ્વીકાર કર્યો.

ષિમઋષિએ વિચાર્યું કે આ બધો જ ગુરુનો પ્રતાપ છે, માટે હવે ગુરુસેવામાં જવું ઉચિત છે.

ઋષિ ત્યાંથી ચિત્તોડ આવ્યા. ત્યાં યશોભદ્રસૂરિ હતા. સંઘે ઋષિનો ખૂબ સત્કાર કર્યો. ષિમઋષિએ ગુરુની ત્રણ પ્રદક્ષિણા કરી વંદન કર્યા. પછી ઋષિએ એક પછી એક અભિગ્રહો લેવા માંડ્યા.

ષિમઋષિએ ઉત્કૃષ્ટ અભિગ્રહો કરી કુલ ચોરાશી પારણાં કર્યાં. કુલ નેવું વર્ષનું આયુષ્ય ભોગવી તે સ્વર્ગે સિધાવ્યા.

[આધાર : ઐતિહાસિક રાસસંગ્રહ ભા-૨ સંશોધક : વિજયધર્મસૂરિ, ભાવનગર]

કોચર વ્યવહારી

-ગુણવિજય

પાટણથી પંદર ગાઉ દૂર લખમણ રાજાએ વસાવેલા સલખણપુર (શંખલપુર) ગામમાં ઘણા ધનવાન વાણિયાઓ વસતા હતા. તેમાં વેદો શાહ નામે એક વીશો પોરવાડ વાણિયો રહેતો હતો. તેની પત્નીનું નામ વીરમદે હતું. વેદો શાહના પુત્રનું નામ કોચર હતું. કોચર નાનપણથી જ ધર્મિષ્ઠ અને પ્રતાપી હતો. સલખણપુરથી લગભગ એક ગાઉને છેટે બહિચર નામનું ગામ છે. એ ગામ બહુચરાજીના નામે પ્રસિદ્ધ છે. એ ગામમાં બહુચરાનું સ્થાનક છે. બહુચરાજી માતા સમક્ષ ઘણા અજ્ઞાન લોકો તેને રીઝવવા જીવહિંસા કરતા.

'મ્લેચ્છોએ મારી ખાધેલો બહુચરાજીનો કૂકડો પ્રભાત થતાં મ્લેચ્છના પેટમાંથી બોલ્યો.' એવી વાત લોકોમાં ચાલે છે. આ પ્રમાણે માતાને નામે જીવોનો ઘાત થતો જોઈને કોચરને ઘણું લાગતું હતું. પરંતુ લોકો ઉપર તેનું કોઈ જોર ચાલે તેવું નહોતું.

એક વખત કોચર વેપાર અર્થે ખંભાત ગયો. ત્યાં ચતુર્દશીના દિવસે તપગચ્છનાયક શ્રી સુમતિસાધુસૂરિ વ્યાખ્યાન આપતા હતા. અનેક ધનાઢ્ય શ્રાવકોની સમક્ષ કોચરે ગુરુવંદન કર્યું. શ્રાવકોએ કોચરને, પરગામનો ધર્મબંધુ જાણીને સન્માનની ખાતર આગળ બેસાડ્યો. આ વખતે ખંભાતના સંઘમાં સાજણસી શાહ નામે દેસલ વંશનો પ્રતિષ્ઠિત અને રાજદરબારમાં માનવંતો ગૃહસ્થ હતો.

પ્રસંગોપાત્ત આચાર્યશ્રીએ વ્યાખ્યાનમાં જીવદયાનો વિષય હાથ ધર્યો. તેમણે કહ્યું : 'જીવદયા પોતે પાળવી એ તો

પુણ્ય છે જ, પરંતુ બીજા પાસે પળાવવી એ પણ ખાસ કરીને પુણ્યનું જ કામ છે.'

વ્યાખ્યાન સાંભળીને સભાજનો પ્રસન્ન થઈ ગયા. કોચરે તક જોઈને ગુરુ મહારાજને કહ્યું : 'સલખણપુર તાલુકામાં અમારિ પળાતી નથી. ત્યાં બહુચરાજી દેવી પાસે લોકો ઘણા જીવોનો વધ કરે છે.' કોચરની હકીકત સાંભળીને આચાર્યશ્રીએ સાજણસી શાહને બોલાવ્યા. તેમને કહ્યું : 'તમે તમારી લક્ષ્મીનો લ્હાવો લો. જોઈતું દાન કરો અને સામ, દામ, દંડ અને ભેદ જે રીતે બને તે રીતે જીવોનો ઘાત થતો અટકાવો.'

સાજણસી શાહ ખુશ થયો. કોચરને પોતાને ઘરે લઈ ગયો અને પોતાની સાથે જ બેસાડીને ભોજન કરાવ્યું. પછી બંને જણ પાલખીમાં બેસીને સુલતાન પાસે ગયા.

સુલતાને તેમને આવવાનું કારણ પૂછ્યું. સાજણસીએ કહ્યું : "સલખણપુરનો ફોજદાર વિના કારણ ઊપજની ખરાબી કરે છે, તો તેનું શું કરવું ?" સુલતાને કહ્યું, 'ચચ્ચાજી, આપને યોગ્ય લાગે તેમ કરો.'

તરત જ જૂના હાકેમને તેડાવી લીધો. કોચરને સરપાવ આપી સમશેર બંધાવી અને સલખણપુર સહિત બાર ગામનો અધિકારી બનાવ્યો. કોચરને બહુ આનંદ થયો. તેણે ગુરુ પાસે જઈ, વંદન કરી શુભ સમાચાર સંભળાવ્યા. ગુરુએ પ્રસન્ન થઈ આશીર્વાદ આપ્યા. ગુરુએ કોચરને તેના અધિકારનાં ગામોમાં અમારિ પળાવવા માટે ઉપદેશ પણ આપ્યો. કોચર એક હજાર ઘોડેસવારો સાથે પોતાના ગામની ભાગોળે આવ્યો અને વિજયનાં વાજાં વગડાવ્યાં. કોચરના આ કાર્યથી લોકો ચકિત થઈ ગયા. ગામના મહાજને તેનું ભવ્ય સ્વાગત કર્યું. કોચરના પિતા વેદો શાહ માતા વીરમદે અને કોચરની પત્ની વગેરેને અત્યંત હર્ષ થયો. કોચરે બાર ગામોનો અધિકાર હાથમાં લેતાં જ એ ગામોમાં અમારિ પડો(કોઈ પણ જીવ નહિ મારવાનો જાહેર હુકમ) વગડાવ્યો. વધુમાં સલખણપુરના તળાવ ઉપર ચોકીદારો મૂકી દીધા. તેથી બગલાંથી પણ માછલાંનો થતો નાશ દૂર થયો. સરોવરની પાળે અનાજનાં કૂંડાં ભરાવીને મુકાવ્યાં જેથી પક્ષીઓ નિરાંતે ચણ ચણી શકે. પરબડીનું પાણી પણ ગળીને ભરાવવા માંડ્યું. સરોવરે પણ એવી રીતની ગળણી બંધાવી કે ઢોરો પણ ગળેલું જ પાણી પીતાં. પાણિયારીઓ પાસે ગળણું ન હોય તો નવું આપવામાં આવતું.

એ વખતે દિલ્લીમાં ખૂબ વિખ્યાત અને રાજદરબારમાં માનવંતું સ્થાન ધરાવતા સમરો (સાજણસીનો પિતા) અને તેનો ભત્રીજો સારંગ શાહ રહેતા હતા. તેમણે પોતાની બુદ્ધિથી નવ લાખ બંદીવાનો છોડાવ્યા હતા. સુપ્રસિદ્ધ કવિ દેપાલ એ મહાનુભાવોનો આશ્રિત હતો.

દેપાલ દિલ્લીથી ગુજરાત આવ્યો અને શંખેશ્વરની યાત્રા કરવા ગયો ત્યારે તેણે કોચરની પ્રસિદ્ધિ સાંભળી. તે સાંભળી તે સલખણપુર આવ્યો અને સરોવર ઉપર ટોયાઓને જોઈ તેને બહુ આશ્ચર્ય થયું. ટોયાઓને જોઈ દેપાલે કારણ પૂછ્યું ત્યારે લોકોએ જણાવ્યું : 'માછી જાળ નાખી શકે નહિ, બગલાં માછલી પકડી શકે નહિ, ઢોર અણગળ પાણી પી શકે નહિ, અને પાણિયારીઓ અણગળ પાણી ભરી શકે નહિ તેને માટે આ ટોયા મૂક્યા છે.' વળી તેણે જાણ્યું કે કોચર બાર ગામનો ઉપરી છે અને તેણે જ આ પ્રમાણેની તજવીજ કરી છે. આથી દેપાલ ખુશ થયો. કોચરને ઘેર જઈ તેને આશીર્વાદ આપ્યા. તેની કીર્તિની કવિતાઓ પણ કરી.

દેપાલની કવિતાઓ સાંભળી કોચર બહુ પ્રસન્ન થયો. કવિને માટે હાટ ઉઘાડાં મુકાવીને જે જોઈએ તે લઈ લેવાની છૂટ આપી. પાંચ-દસ દિવસ રહીને દેપાલ ખંભાત ગયો. ત્યાં પણ ચૌદશના દિવસે ગુરુમહારાજના વ્યાખ્યાન વખતે કેટલાંક કવિત્ત કહીને કોચરનાં વખાણ કર્યાં. દેપાલ ત્યાંથી શત્રુંજય ગયો.

ખંભાતના સાજણસી શાહને, દેપાલે કોચરનાં કરેલાં વખાણથી ઈર્ષા થઈ. તેને થયું કે મારાથી પ્રસિદ્ધ થયેલા કોચરનાં આટલાં બધાં વખાણ થાય અને હું કોઈ લેખામાં જ નહિ ? પોતે ઓશવાલ ભૂપાલ કહેવાય. પણ યાચકોને પૈસા આપીને કોચર પોતાનાં ગીત ગવરાવે છે અને મને જરાય ગણતો જ નથી ! આથી તેણે કોચરને કુટુંબસહિત કેદમાં નંખાવવાનું વિચાર્યું.

સાજણસી સુલતાન પાસે ગયો અને કોચર અંગે કેટલીક આડીઅવળી વાતો કરી. સુલતાનને કોચર પ્રત્યે અણગમો પેદા થયો. તેણે કોચરને પકડી મંગાવી કેદમાં પૂર્યો. આથી લોકોમાં હાહાકાર થયો. કોઈ સાજણસીને નિંદવા લાગ્યા, તો કોઈ દેપાલને દોષ દેવા લાગ્યા.

દેપાલ જ્યારે શત્રુંજયની યાત્રાએથી પાછો ખંભાત આવ્યો ત્યારે લોકોની છાની છાની વાતો તેણે સાંભળી. લોકો કહેતા : 'આણે (દેપાલે)ન બોલવાનું બોલીને સાજણસીને ઉશ્કેર્યો અને કોચરને બંધનમાં નંખાવ્યો.' એ સાંભળી દેપાલને બહુ દુઃખ થયું. દેપાલે તેના પ્રતિકારને માટે સાજણસીનું કવિત્ત બનાવીને એ જ વખતે સભામાં ગાયું. તે કવિત્તમાં સાજણસીને ખૂબ વખાણ્યો હતો. તેણે એ પણ કહ્યું : 'કોચરનો અમલ નષ્ટ થવાથી બહુચરાજીના પૂજારીઓ બહુ ખુશ થયા છે. હવે ફરીથી જીવોનો વધ થવા લાગ્યો છે. સાજણસી ! તારા પ્રતાપે બારે ગામોમાં 'અવળી મૂંઠે' અમારિ પળાય છે.'

દેપાલનાં વચનો સાંભળીને સાજણસી ઘણું શરમાયો.

દેપાલને તે પોતાને ઘેર લઈ ગયો અને તેને ઘણું દાન આપ્યું. કોચરને કેદમાંથી છોડાવી લાવીને તેનો બાર ગામનો અધિકાર પાછો સોંપાવ્યો. કોચરે પાછું પહેલાંની માફક અમારિ પળાવવાનું ચાલુ કર્યું. તે બહુ પુણ્ય અને કીર્તિ કમાયો.

[**આધાર** : ઐતિહાસિક રાસ-સંગ્રહ (ભાગ પહેલો, શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા, ભાવનગર સં. ૧૯૭૬]

કેસરિયા લાડુ

સુવ્રતે એક ધનવાન કુટુંબમાં જન્મ લીધો હતો. તે અઢળક સંપત્તિમાં આળોટતો હતો, તે સુખ અને સમૃદ્ધિમાં આળોટતો હતો. ઘરમાં જુદા જુદા પ્રસંગે વિવિધ પ્રકારની વાનગીઓ બનતી હતી. તેમાં સુવ્રતને કેસરિયા લાડુ ખૂબ વહાલા હતા. તેની ઇચ્છા થતી ત્યારે તે લાડુ તૈયાર થઈ જતા.

સુવ્રત યુવાન થયો. તેના મનમાં પ્રશ્ન ઊઠ્યો કે આંતરિક શાંતિ કેવી રીતે પ્રાપ્ત થાય ? સદ્‌નસીબે એ વખતે જ આચાર્ય શુભંકરનું ત્યાં આગમન થયું. તેમના આગમનથી સુવ્રત આનંદ પામ્યો. ભૌતિક પદાર્થો તરફની તેની આસક્તિ પૂરી થઈ ગઈ. તેના માનસપટ પર વૈરાગ્યના અંકુરો ફૂટી નીકળ્યા. આથી સુવ્રત અઢાર વર્ષની યુવાન વયે આચાર્યના ચરણોમાં શ્રમણ થઈ ગયો.

મુનિ સુવ્રત હવે સ્વાધ્યાય અને ચિંતનમાં ડૂબેલા રહેવા લાગ્યા. તેમના જીવનમાં અનેક સદ્‌ગુણો ખીલી ઊઠ્યા. થોડાક સમયમાં તેમણે આગમ સાહિત્યનો અભ્યાસ કરી લીધો. આવા સુયોગ્ય શિષ્યને જોઈ આચાર્ય આનંદવિભોર થઈ ગયા.

આચાર્ય શુભંકર શિષ્યસમુદાય સાથે વિહાર કરતા કરતા એક વાર રાજગૃહ આવ્યા. તે નગરમાં હજારો જૈન પરિવાર રહેતા હતા. તે બધા અત્યંત સમૃદ્ધ હતા. ત્યાંના લોકો પોતાના કામધંધામાં એટલા બધા વ્યસ્ત હતા કે આચાર્યના સ્વાગત માટે પણ તેઓ પહોંચી શક્યા નહીં. આચાર્ય વગેરેએ વિચાર કર્યો કે રાજગૃહના નાગરિકો આટલા બધા સુસ્ત કેમ હશે ? એ વખતે શ્રાવક-સમુદાય ઉપસ્થિત થયો અને વંદન કરીને નિવેદન કર્યું કે ગુરુદેવ આજે રાજગૃહમાં મોદકોત્સવ છે. બધાં ઘરોમાં મોદક (લાડુ) જ બને છે. લાડુની તૈયારીમાં રહેવાને લીધે લોકો આપના સ્વાગતમાં હાજર ન રહી શક્યા તેથી અમને ઘણું દુઃખ થયું છે.

'એક મુનિએ લાડુ કઈ ચીજમાંથી બને છે ?' એમ પૂછતાં શ્રાવકોએ ઉત્તર આપ્યો : 'જેની જેવી સ્થિતિ હોય એવા લાડુ બનાવે છે. જેની આર્થિક સ્થિતિ સારી હોય તેઓ કેસરિયા લાડુ બનાવે છે જે સર્વશ્રેષ્ઠ મનાય છે. તેને બનાવવામાં ખર્ચ પણ વધુ થાય છે.'

કેસરિયા લાડુનું નામ સાંભળી મુનિ સુવ્રતના મોંમાં પાણી આવ્યું. ગૃહસ્થાશ્રમમાં તે લાડુ તેમને બહુ પ્રિય હતા. તેમની વાસના જાગી ઊઠી. તેઓ તે લાડુ મેળવવા આતુર થઈ ગયા.

આચાર્ય સહિત બધા મુનિઓએ વિચાર્યું કે આજે ઘેર ઘેર લાડુ છે. તે ભોજન આળસ ચડાવે એવું હોય છે. એ પ્રકારનું ભોજન સ્વાધ્યાયમાં વિઘ્ન લાવે છે તેથી આજે ઉપવાસ કરી લઈએ. મુનિ સુવ્રત સિવાયના બધા સાધુઓએ ઉપવાસ કર્યો. મુનિ સુવ્રતે વિચાર્યું કે હું એકલો જ આજે ભોજન કરનારો હોઈ કેસરિયા લાડુ લાવીશ અને મન ભરીને ખાઈશ. આજે ભિક્ષા માટે હું પોતે જ જઈશ. કારણ કે બીજા મુનિ જાય તો પર્યાપ્ત લાડુ લાવે કે ન લાવે. તેણે આચાર્યદેવ પાસે જઈ નિવેદન કર્યું : 'ગુરુદેવ, આજે બધા મુનિઓ ઉપવાસી છે, હું એકલો ભોજન કરનારો છું. તાપ પણ સખત પડે છે. તેથી જો આપ આજ્ઞા આપો તે હું સ્વયં ભિક્ષા લેવા જાઉં.' આચાર્યશ્રીની અનુજ્ઞા પ્રાપ્ત કરીને તે ભિક્ષા લેવા ગયા. કેસરિયા લાડુ પ્રાપ્ત થશે તે આશાએ તેમણે ઝડપથી ડગલાં માંડ્યાં. ધરતી ધગધગી રહી હતી. મુનિના પગમાં મોટા મોટા ફોલ્લા પડી ગયા. તરસથી ગળું સુકાવા લાગ્યું છતાં કોઈ જાતની પરવા કર્યા વિના એક ઘેરથી બીજા ઘેર ભટકવા લાગ્યા. જે ઘરમાં તેઓ જતા તે ઘરનાં શ્રાવક-શ્રાવિકા મુનિને જોઈને આનંદિત થઈ જતાં. પોતાના ભાગ્યની પ્રશંસા કરતાં શ્રાવક-શ્રાવિકાઓ લાડુ લેવા વિનંતી કરતાં હતાં પરંતુ કેસરિયા લાડુ ન જોતાં મુનિ કંઈપણ લેવાની ના પાડતા અને પાછા ફરી જતા. કેટલાંક ઘરોમાં લાડુ હોવા છતાં કબાટ વગેરેમાં બંધ રહેવાથી સાધુ માટે વર્જ્ય હોવાથી તેઓ લઈ શકતા નહીં. રાજગૃહનું એકે એક ઘર જોઈ લીધું પણ મુનિની ઇચ્છા પૂર્ણ ન થઈ. મુનિનું માનસિક સંતુલન તૂટી ગયું. તેઓ ગાંડાની જેમ ભમવા લાગ્યા. તેમણે કંઈ ખાધું-પીધું નહીં. કેસરિયા લાડુ સિવાય તેમને કંઈ દેખાતું જ નહોતું.

મુનિ બધાયનાં ઘરોમાં પ્રવેશવા લાગ્યા. બહેનો લાડુ લઈ જવા પ્રાર્થના કરતી. મુનિ પ્રશ્ન પૂછી બેસતા : 'શું કેસરિયા લાડુ છે ?' બહેનો સંકોચાઈને જવાબ આપતી : 'ના મુનિ, દાળના સાદા લાડુ છે.' મુનિ ત્યાંથી ચાલી નીકળતા. કેસરિયા લાડુનું રટણ કરતા તેઓ આમતેમ ફરવા લાગ્યા. મુનિને ગાંડા માનીને બાળકો એકઠાં થઈ ગયાં. તેઓ મુનિને પથ્થર મારવા લાગ્યાં.

સંધ્યા થઈ ગઈ હતી. ધીરે ધીરે રાત ઢળવા લાગી. મુનિ આસક્તિમાં ફસાયા હતા. હરિજન વગેરેની વસ્તીમાં ભટક્યા પછી મુનિ ફરી શહેર તરફ વળ્યા. તેઓ શહેરની ગલીઓમાં ભટકતા ભટકતા 'કેસરિયા લાડુ' 'કેસરિયા લાડુ'

એમ બોલી રહ્યા હતા. શ્રાવક જિનભદ્રને આ શબ્દો પરિચિત લાગ્યા. તેમણે બારીમાંથી જોયું તો મુનિ દેખાયા. જિનભદ્રે વિચાર્યું કે આ મુનિ તો દિવસે પણ ભિક્ષા લેવા આવેલા પણ કેસરિયા લાડુ એ વખતે સચિત વસ્તુ પર રાખેલા હતા તેથી આહારદાનનો મને લાભ ન મળ્યો. શ્રાવકે વિચાર્યું કે સાધનાની અપૂર્ણતાને કારણે આમ બન્યું હશે. શેઠે વિચાર્યું કે મુનિજીને સાધનાના યોગ્ય માર્ગ પર લાવવા જ જોઈએ.

શ્રાવક જિનભદ્રે ઘરનાં બારણાં ખોલી મુનિને આવકાર્યા અને કહ્યું : 'મુનિવર, પધારો અને આપના ચરણસ્પર્શથી આ ઝૂંપડીને પાવન કરો. આજે મોદકોત્સવને દિવસે આપનું શુભાગમન થયું છે. આહાર ગ્રહણ કરો.

મુનિના મનમાં એક ધૂન હતી. તેમણે પૂછ્યું : 'શું કેસરિયા લાડુ છે ?'

જિનભદ્રે 'હા' કહ્યું.

મુનિએ અનેક વાસણોમાં કેસરિયા લાડુ પડેલા જોયા. તે જોઈ મુનિના મનમાં શાંતિ થઈ. મુનિએ મોટું પાત્ર કાઢ્યું. શ્રાવકે ઉદારભાવે આખુંય પાત્ર ભરી દીધું. કેસરિયા લાડુ જોઈ મુનિ ખુશ થઈ ગયા. ઘરની બહાર નીકળતાં શ્રાવકે 'કેટલો સમય થયો છે ?' એમ પૂછ્યું. મુનિએ આકાશ તરફ ઊંચે જોયું. મુનિએ જોયું તો તારાઓથી ચમકતી રાત હતી. મુનિના પગ નીચેથી જમીન સરકવા લાગી. તેમણે વિચાર્યું કે અડધી રાત થઈ ગઈ. હું કેવી રીતે આવી ચડ્યો. શ્રમણ માટે રાત્રે ભિક્ષા લેવી તે મનાઈ છે. કહેતાં કહેતાં તેમનું ગળું રુંધાઈ ગયું. શરીર કાંપવા લાગ્યું.

શ્રાવકને લાગ્યું કે ગાડી હવે પાટા પર આવી ગઈ છે. તેણે કહ્યું : 'ગુરુદેવ, ગભરાશો નહીં. તમે જાણીને તો આવું કર્યું નથી. ભૂલ થવી સ્વાભાવિક છે. તેનું પ્રાયશ્ચિત કરી શુદ્ધીકરણ કરી શકાય છે. તમે જરા પણ ચિંતા ન કરો. જો તમારી ઇચ્છા હોય તો રાતભર મારા ઉપાસનાગૃહમાં બિરાજો. હું આપનાં ચરણોમાં જ છું. સવારમાં આપને આચાર્યદેવના ચરણોમાં પહોંચાડી દઈશ. જો અત્યારે પણ ગુરુનાં ચરણોમાં જવા ઇચ્છતા હો તો એવી વ્યવસ્થા પણ થઈ શકે. પરંતુ મારી ઇચ્છા એવી છે કે તમે આખી રાત અહીં જ રોકાવ.'

મુનિએ પણ એને યોગ્ય માની પાત્રો એક બાજુ મૂકી જિનભદ્રના ઉપાસના ગૃહમાં ધ્યાનસ્થ થઈ ગયા. તેઓ આત્મચિંતનમાં ડૂબી ગયા. તેમણે મનમાં વિચાર્યું કે આત્મતત્ત્વનાં દર્શન માટે સગાંસંબંધીઓ અને અન્ય ચીજવસ્તુઓનો ત્યાગ કર્યો પરંતુ એક નાનકડી ચીજ માટે વ્યથિત થઈ ગયો. આમ ચિંતન કરતાં કરતાં તેઓ આત્મવિકાસના શિખર પર પહોંચી ગયા. સૂર્યોદય થતાં જ મુનિ સુવ્રતના અંતરમાં કેવલજ્ઞાન-કેવલદર્શન ઝગમગી ઊઠ્યું.

શ્રાવક જિનભદ્રે આચાર્યદેવને કહ્યું : આપના શિષ્ય મુનિ સુવ્રતને કેવલજ્ઞાન થઈ ગયું છે.' તેઓ મુનિ સુવ્રતના સ્વાગત માટે હાજર થયા. પેલી તરફ મુનિ સુવ્રત પણ. માર્ગમાં બંનેનું મધુર મિલન થયું. આચાર્ય પોતાના સર્વજ્ઞ શિષ્યને જોઈ આનંદમાં ગરકાવ થઈ ગયા. ધન્ય છે વિવેકી શ્રાવકને અને ધન્ય છે આત્મદર્શી મુનિને.

(જૈન કથાઓ - શ્રી પુષ્કર મુનિ)

રત્નસાર

રત્નવિશાલા નામના એક સુંદર નગરના અધિપતિ તરીકે અમરસિંહ હતા. તે નગરમાં વસુસાર નામનો એક શ્રેષ્ઠી રહેતો હતો. રત્નસાર તેનો પુત્ર હતો. એક વાર આચાર્ય વિનયંધર ત્યાં પધાર્યા. તેમનું પ્રવચન સાંભળી રત્નસારે પરિગ્રહ વ્રત ધારણ કર્યું.

રત્નસાર એક વાર બગીચામાં ફરવા નીકળ્યો. ત્યાં તેણે કિન્નર-યુગલને જોયું. તેમનાં મોં ઘોડા જેવાં હતાં અને સંપૂર્ણ શરીર માનવ જેવું હતું. રત્નસાર એને જોઈને વિચારમાં પડી ગયો કે આ મનુષ્ય છે કે તિર્યંચ ?

કિન્નરયુગલે કહ્યું : 'અમારી તરફ શું જોઈ રહ્યા છો ? અમે નથી મનુષ્ય કે નથી તિર્યંચ. અમે તો દેવ છીએ. પશુ તો તું છે. તું તારા પિતા દ્વારા ઠગાયો છું. તારા પિતાની પાસે એક એવો ઘોડો છે કે જેની ગતિ પવન જેવી છે. તે રોજના સો ગાઉ જઈ શકે છે. સમગ્ર પૃથ્વીની પ્રદક્ષિણા સાત દિવસમાં કરી શકે છે. પરંતુ તારા પિતાએ તેને છુપાવી રાખ્યો છે. હવે તું જ કહે કે તું ઠગાયો છે કે નહિ ?'

કિન્નરયુગલ આટલું કહીને અદૃશ્ય થઈ ગયું. રત્નસારે પિતાને એ વિશે પૂછ્યું. પિતાએ કહ્યું : 'વત્સ, આજ સુધી મેં અશ્વનું રહસ્ય એટલા માટે છૂપું રાખ્યું હતું કે તને તે ખબર પડ્યા પછી એક દિવસ પણ ઘરમાં રહી શકીશ નહીં અને હું તારી ગેરહાજરી જીરવી શકીશ નહીં. પરંતુ તને હવે ઘોડાનું મહત્ત્વ જાણવા મળ્યું છે તો તું અશ્વરત્નને લઈને વિશ્વમાં પરિભ્રમણ કર.'

રત્નસાર ઘોડા પર બેસી રવાના થયો. શ્રેષ્ઠીની પાસે એક ખૂબ તાલીમ પામેલો પોપટ પણ હતો. પોપટે રત્નસારની સાથે જવાની અનુમતિ માગી. પોપટે કહ્યું : 'જ્યારે કુમાર ઉપર આફતનાં વાદળ ઘેરાશે ત્યારે હું તેની રક્ષા કરીશ.' શ્રેષ્ઠીએ પોપટને અનુમતિ આપી. પોપટ ઊડીને કુમારની પાસે પહોંચી ગયો. કુમારે પ્રેમથી તેને પોતાના ખોળામાં લીધો. ઘોડો ખૂબ ઝડપે ભયંકર જંગલને પાર કરીને આગળ વધતો હતો ત્યારે

ગાઢ જંગલમાં એક તાપસ કુમાર હીંચકા ખાઈ રહ્યો હતો. તેનું રૂપ દેવકુમાર જેટલું સુંદર હતું. તાપસકુમારે રત્નસારનું સ્વાગત કરતાં પૂછ્યું : 'ક્યાંથી આવો છો ? ક્યા દેશના રહેવાસી છો ? તમારાં માતાપિતા અને કુળનું નામ શું છે ? કૃપા કરી ઘોડેથી નીચે ઊતરી મારા આતિથ્યનો સ્વીકાર કરો.'

રત્નસાર ઘોડેથી નીચે ઊતરી પોતાનો પરિચય આપવા માગતો હતો પરંતુ પોપટે કહ્યું : 'તાપસકુમાર, તમે કુળ વગેરે જાણીને શું કરશો ? તમારી સામે અમે વિવાહ વગેરેનો પ્રસ્તાવ તો મૂક્યો નથી ? અમે તમારા અતિથિ છીએ તેથી અમને અતિથિ માનીને તમારે સ્વાગત કરવું જોઈએ.'

તાપસકુમાર પોપટની વાત સાંભળી બહુ રાજી થયા. તેમણે એક ફૂલમાળા પોપટના ગળામાં નાખી. તેણે કુમારને કહ્યું : 'તમારો આ પોપટ બહુ ચતુર છે.' તાપસકુમારે રત્નસારને સ્નાન વગેરે કરાવી મધુર ફળ ખવડાવી તૃપ્ત કર્યો.

ભોજનથી પરવારી પોપટ, રત્નસાર અને તાપસકુમાર એક ઝાડ નીચે બેસી ચર્ચા કરતા હતા તે વખતે પોપટે તાપસને પૂછ્યું : 'જ્યારે સાંસારિક સુખ ભોગવવાની ઉંમર છે ત્યારે તમે તાપસી પ્રવજ્યા શા માટે ગ્રહણ કરી ? તમારું આ સુંદર શરીર ભવ્ય વસ્ત્રાલંકાર ધારણ કરવા યોગ્ય છે ત્યારે વલ્કલ કેમ ધારણ કર્યાં છે ? તમને આ ઉંમરમાં શું સૂઝ્યું ?'

તાપસકુમારની આંખમાં આંસુ આવી ગયાં. તેમણે કહ્યું : 'મને ખૂબ આનંદ છે કે મારી કરુણાથી ભરેલી આત્મકથા સાંભળવા તમે ઇચ્છા બતાવી.' તાપસકુમાર પોતાની કરુણકથા આરંભે તે વખતે જ એક ઝંઝાવાત થયો. દિશાઓ ધૂળથી ઘેરાઈ ગઈ. ગંભીર ગર્જના થવા લાગી. એટલું અંધારું થઈ ગયું કે પાસે બેઠેલ વ્યક્તિને પણ જોઈ શકાતી નહોતી. ઝંઝાવાતે તાપસકુમારને એવી રીતે લપેટમાં લીધો કે તે ક્યાં જતો રહ્યો તેનો પત્તો ન લાગ્યો. તાપસકુમારે પોતાને બચાવવા વિનંતી કરી પણ રત્નસાર તેને પકડી ન શક્યો.

પોપટે રત્નસારને કહ્યું : 'હું ચોક્કસપણે કહી શકું છું કે તાપસકુમાર પુરુષ નથી. સંભવ છે કે કોઈ દેવ, દાનવ કે વિદ્યાધર દ્વારા તેને પુરુષ બનાવવામાં આવ્યો હોય. કેમ કે, તેની મુખાકૃતિ પુરુષની નહીં, પણ સ્ત્રીની છે. જો તે કોઈ પણ રીતે પુરુષત્વથી મુક્ત થઈ શકશે તો તારી સાથે જરૂર પરણશે.'

રત્નસારની આંખો સમક્ષ તાપસકુમાર ઘૂમવા લાગ્યો. તે તેની તપાસમાં લાગી ગયો. ઘણા દિવસ તપાસ કરી છતાં તે ન મળ્યો. રત્નસારે ખિન્ન થઈને પોપટને કહ્યું : 'કેટલા દિવસ થઈ ગયા, છતાં તેનો ક્યાંય પત્તો નથી.' પોપટે ચિંતા ન કરવા કહ્યું. હું કહું છું કે આજે જ તે તમને મળી જશે. બંને વચ્ચે વાર્તાલાપ ચાલતો હતો એવામાં જ એક બાળા ત્યાં હાજર થઈ. તે રતિ જેવી સુંદર હતી. રત્નસારે તેનો પરિચય પૂછ્યો. તેણે કહ્યું : 'કનકપુરી નામની એક બહુ સુંદર નગરી છે. ત્યાંનો રાજા કનકધ્વજ હતો અને રાણી કુસુમશ્રી હતી. એક દિવસ તેને સ્વપ્ન આવ્યું કે તેના ખોળામાં બે માળાઓ આવી પડી. તેણે સ્વપ્નની વાત રાજાને કહી. રાજાએ સ્વપ્નનું ફળ દર્શાવતાં કહ્યું કે કન્યાયુગલનો જન્મ થશે. સમય થતાં રાણીએ કન્યાયુગલને જન્મ આપ્યો. એકનું નામ અશોકમંજરી અને બીજીનું નામ તિલકમંજરી રાખવામાં આવ્યું. બંને યુવાન થતાં ચોસઠ કલાઓમાં પારંગત થઈ. રાજાએ બંનેના વિવાહનો વિચાર કર્યો. રાજા ઇચ્છતો હતો કે બેયના વિવાહ એક સાથે થઈ જાય તો સારું, કારણ કે બંને જીવનભર સાથે રહી શકે.

વસંતઋતુ હતી. બંને બહેનો પ્રકૃતિનો આનંદ લૂંટવા બગીચામાં ગઈ. એક વૃક્ષ પર હીંચકો બાંધી ઝૂલી રહી હતી. અશોકમંજરી હીંચકા પર બેઠી હતી અને તિલકમંજરી તેને ઝુલાવી રહી હતી. એ વખતે એક વિદ્યાધર આકાશમાર્ગે ત્યાં આવ્યો અને અશોકમંજરીનું અપહરણ કરી ગયો. અંગરક્ષકોએ તેને છોડાવવા પ્રયત્ન કર્યો પણ તેમાં તેમને નિષ્ફળતા મળી. વિદ્યાધર તેને લઈ અદશ્ય થઈ ગયો. તિલકમંજરી તેના વિરહમાં બેહોશ થઈ ગઈ. રાજા, રાણી અને પ્રજાજનો ચિંતામાં પડી ગયાં.

તિલકમંજરીએ ચક્રેશ્વરી દેવીની ઉપાસના કરી અને પ્રાર્થના કરી : 'મારી બહેન મને જલ્દી મળવી જોઈએ. જો તે મને મળશે નહીં તો આજીવન ઉપવાસ કરીશ.' તેનાથી ખુશ થઈ ચક્રેશ્વરી દેવીએ એક મહિનામાં તારી બહેન સાથે મેળાપ થશે એમ કહ્યું. તિલકમંજરીએ સ્થાન પૂછ્યું ત્યારે તેણે આ સ્થાન બતાવ્યું છે. ચક્રેશ્વરી દેવીનો અનુચર મોર બનીને મને બેસાડીને અહીં લાવ્યો છે. તિલકમંજરી મારું નામ છે, હું દરરોજ મોર પર બેસીને અહીં આવું છું. આજે એક મહિનો પૂર્ણ થઈ ગયો છે. પણ હજી સુધી મારી બહેનનો કોઈ પત્તો નથી. મારી સરખી ઉંમરની, મારા જેવી જ રૂપાળી કન્યા ક્યાંય જોઈ હોય તો બતાવો.'

રત્નસારે કહ્યું : 'મેં તમારા જેવી કન્યા તો નથી જોઈ, પરંતુ એક તાપસકુમાર જરૂર જોયો છે જે બિલકુલ આપના જેવો જ રૂપાળો હતો.'

પોપટે કહ્યું : 'તિલકમંજરી, ચિંતા ન કરો. મારા શકુન કહે છે કે તમારી બહેન હમણાં જ અહીં આવશે અને તમને મળશે.'

તિલકમંજરીએ કહ્યું : 'જો બહેન આજે મળી જશે તો હૃદયથી તેનું સ્વાગત કરીશ.'

વાર્તાલાપ ચાલતો હતો એ દરમિયાન જ આકાશમાર્ગે

એક હંસી ઊડતી આવી અને રત્નસારના ખોળામાં બેસી ગઈ. તેણે માનવવાણીમાં કહ્યું : 'તમારા શરણે આવી છું, અસહાય છું, મારી રક્ષા કરવી આપનું કર્તવ્ય છે.'

રત્નસાર દયાળુ હતો. તેણે કહ્યું : 'તું ગભરાઈશ નહીં, હવે કોઈની તાકાત નથી કે તને દુઃખ આપી શકે.' રત્નસારે હંસીને પૂછ્યું : 'તું કોણ છે ? અને ક્યાંથી આવી છે ? માનવીની ભાષા કેવી રીતે બોલે છે ? તને કોનો ભય છે ?'

હંસી આત્મકથા સંભળાવવા માગતી હતી એટલામાં આકાશમાર્ગે સૈનિકોની ટુકડીઓ ઊતરવા લાગી. તે વખતે પોપટે આગળ આવી સૈનિકોને પડકારતાં કહ્યું : 'અરે સૈનિકો, તમે રસ્તો ભૂલીને અહીં યુદ્ધ કરવા આવી રહ્યા છો. તમને ખબર નથી કે અહીં રાજા રત્નસાર છે, જેની સામે દેવ, દાનવ, માનવ બધા પાણી ભરે છે. તમે એની સામે કોઈ વિસાતમાં નથી.' પોપટને સાંભળી સૈનિકો ભયથી પીછેહઠ કરવા લાગ્યા. તે વખતે વિદ્યાધરના અધિપતિએ સૈનિકોને ધમકાવતાં કહ્યું : "પાછા કેમ હટી રહ્યા છો ? હું તમને હમણાં જ કોણ બહાદુર છે તે બતાવું છું.' તેણે તે સમયે જ બહુરૂપિણી વિદ્યાથી પોતાનાં દશમુખ અને ચાર હાથ બનાવ્યાં. એક હાથમાં તેણે ખડ્ગ ધારણ કર્યું, બીજામાં ઢાલ, ત્રીજામાં ગદા અને ચોથામાં ધનુષ્ય લીધું. સિંહની જેમ ગર્જના કરીને તે રત્નસાર સામે આવ્યો અને રત્નસારને કહ્યું : 'તેં મારી પ્રિયા હંસીને કેમ ખોળામાં બેસાડી રાખી છે ? જો તને તારો પ્રાણ વહાલો હોય તો હંસી મને આપી દે. જો નહીં આપે તો તલવારથી તારા પ્રાણ લઈશ.'

રત્નસારે હસતાં હસતાં કહ્યું : 'તું કોને ભય બતાવે છે ? શરણાગતનું રક્ષણ કરવું એ મારું કર્તવ્ય છે. તું મારી સામેથી દૂર થઈ જા. નહીં તો હમણાં જ પરલોકમાં પહોંચાડી દઈશ.'

જે મોર તિલકમંજરીની સાથે આવ્યો હતો તે મોરરૂપ ત્યજીને દેવ બની ગયો. તેણે જાતજાતનાં શસ્ત્રોનું નિર્માણ કર્યું. રત્નસારને તેણે યુદ્ધ કરવા પ્રેર્યો. 'તારા પુરુષાર્થથી વિજયમાળા તને મળશે. હું અનુચર રૂપે તારી સાથે છું. જે શસ્ત્ર જોઈશે તેની પૂર્તિ હું કરીશ.' એમ તેણે કહ્યું.

આ સાંભળી રત્નસારની તાકાત બેવડી થઈ ગઈ. તેણે હંસીને તિલકમંજરીને આપી અને પોતે ઘોડા પર બેસીને યુદ્ધના મેદાનમાં આવ્યો. જેવું રત્નસારે દિવ્ય ધનુષ્ય હાથમાં લીધું કે તરત જ શતાધિક વિદ્યાધર સૈનિકો યુદ્ધમેદાનને છોડીને ભાગી ગયા. ફક્ત વિદ્યાધર અધિપતિ યુદ્ધના મેદાનમાં જામેલો રહ્યો. તેણે વિદ્યાના બળે પોતાના હજારો હાથ કર્યા અને બધા હાથ બાણવર્ષા કરવા લાગ્યા. રત્નસારે પોતાના ક્ષુરપ્ર બાણથી તેનાં બધાં જ બાણ અને શસ્ત્રો કાપી નાંખ્યાં. રત્નસારે એક બાણ એવું છોડ્યું જે વિદ્યાધરની છાતીમાં વાગ્યું. તે મૂર્છિત થઈ ભૂમિ પર ઢળી પડ્યો. થોડી ક્ષણોમાં સચેત થઈ તેણે અનેક રૂપ ધારણ કર્યાં, રત્નસારને ઘેરી લઈ તેની ઉપર શસ્ત્રોનો તે પ્રહાર કરવા લાગ્યો. દેવે જોયું કે રત્નસાર ભારે સંકટમાં ઘેરાઈ ચૂક્યો છે. દેવે મુદ્ગર ઉઠાવી વિદ્યાધરની છાતી પર પ્રહાર કરતાં જ તેની બહુરૂપિણી વિદ્યા નષ્ટ થઈ ગઈ. તે યુદ્ધમેદાન છોડીને ભાગી ગયો. રત્નસાર વિજયી થયો.

રત્નસારના વિજયને જોઈ તિલકમંજરી આનંદિત થઈ ગઈ. તેને થયું કે આ કોઈ સાધારણ પુરુષ નથી. આ નરરત્ન સાથે પોતાના વિવાહ થાય તો પોતાની બહેન પણ સહેલાઈથી મળી શકે.

રત્નસારે હંસીને પૂછ્યું : 'હવે તારી રામકહાણી કહીશ ?' હંસીએ કહ્યું : 'સાંભળો, વૈતાઢ્ય પર્વત પર રથનપુર નામના નગરના વિદ્યાધરોના અધિપતિ તરીકે મદન છે. તેની રાણીનું નામ કમળા છે. એક વખતે તે વિદ્યાધર કનકપુરના ઉદ્યાનની ઉપરથી જઈ રહ્યો હતો તે વખતે ઉદ્યાનમાં અશોકમંજરી નામની એક રાજકન્યા હીંચકા ખાઈ રહી હતી. તેના રૂપને જોઈને વિદ્યાધર મુગ્ધ થઈ ગયો. તેણે પેલી કન્યાનું અપહરણ કર્યું. અશોકમંજરી બહુ જ પ્રયત્નો કર્યા પણ તેની ચુંગાલમાંથી મુક્ત ન થઈ શકી. મદને તેને પોતે વિદ્યાધરોનો અધિપતિ હોવાનું કહ્યું અને પોતાની રાણીઓમાં પ્રમુખપદ આપવાનું પણ કહ્યું.

અશોકમંજરી તેના આ વ્યવહારથી અત્યંત ગુસ્સે થઈ ગઈ. તેણે તેની વિનંતીનો કોઈ પ્રત્યુત્તર ન આપ્યો. વિદ્યાધરે વિચાર્યું કે આ પોતાના અભિભાવકોના વિરહમાં વ્યથિત છે. થોડો સમય ગયા પછી તે પોતાને અનુકૂળ થઈ જશે એમ તેણે વિચાર્યું. તેણે અશોકમંજરીને પોતાની વિદ્યાના બળે તાપસકુમાર બનાવી. તે રોજ ભયાનક જંગલમાં આવી પોતાના હૃદયની વાત કહેતો પણ પેલો ઠુકરાવી દેતો. તે નિરાશ થતો. એક દિવસ તે પોતાના નગરમાં ગયો હતો, તે વખતે તમારી સાથે તાપસકુમારનું મિલન થયું હતું. તમે તાપસકુમારની સાથે વાતો કરતા હતા તે વખતે જ વિદ્યાધર ત્યાં આવ્યો હતો. પોતાની વિદ્યાના બળે ઝંઝાવાત સર્જી તાપસકુમારને ત્યાંથી ઉડાડી લઈને જતો રહ્યો હતો. તેણે ફરીથી પોતાની વિવાહની ભાવના પ્રગટ કરી ત્યારે અશોકમંજરી જે તાપસના રૂપમાં હતી તેણે તેનો ઇન્કાર કરી દીધો. તે ગુસ્સે થઈ ગયો. તેણે મ્યાનમાંથી તલવાર ખેંચી તેને મારવાનો પ્રયત્ન કર્યો. અશોકમંજરીએ મક્કમતાથી કહ્યું : 'શું આ રીતે બળ કે છલનો પ્રયોગ કરી કોઈના હૃદય પર વિજય મેળવી શકાય છે ? વિજયનો મૂળમંત્ર સ્નેહ છે.'

વિદ્યાધરે અશોકમંજરીને મારવાનો વિચાર પડતો મૂક્યો અને તાપસકુમારમાંથી તેને હંસી બનાવી. સોનાના

પાંજરામાં પૂરી દીધી. વિદ્યાધરની પત્ની કમલાએ હંસીને જોઈ તો તેના મનમાં શંકા ગઈ. તેણે ધીરે રહીને પૂછ્યું : 'તું કોણ છે ? ક્યાંથી કેવી રીતે આવી છે ?' હંસીએ પોતાની દુઃખભરી વાત કહી અને કહ્યું : 'તારો પતિ મને જબરદસ્તીથી પત્ની બનાવવા માગે છે.' શોક્યની વાત સાંભળી તે છક થઈ ગઈ. તેણે પિંજરનું દ્વાર ખોલી જલ્દી ચાલ્યા જવાનું કહ્યું. તેથી તેણે તેમ કર્યું. બહુ થાકી જવાથી તમારા ખોળામાં આવીને વિશ્રામ લીધો. તાપસકુમાર અને અશોકમંજરી હું જ છું. જ્યારે વિદ્યાધરને મારો પત્તો લાગ્યો ત્યારે તે મને લેવા આવ્યો પણ મારા પુણ્યે આપે તેને યુદ્ધમાં હાર આપી.'

તિલકમંજરી બાજુમાં બેઠી બેઠી આ વાત સાંભળતી હતી. તેની આંખમાં આંસુ આવી ગયાં. તેણે પૂછ્યું : 'તું તાપસકુમારના રૂપમાં કેવી રીતે રહી શકી ? હંસીના રૂપમાં તું કેટલું દુઃખ પામે છે ?' તેના કરુણ આક્રંદથી દેવે તરત જ હંસીને અશોકમંજરીના રૂપમાં પરિવર્તિત કરી દીધી. બંને બહેનો પરસ્પરને મળી.

કુમાર રત્નસારે કહ્યું : 'તમને બંને બહેનોને મેં મેળવી આપી છે. હવે તેના બદલામાં મને કઈ વસ્તુ ભેટ આપશો ?' તિલકમંજરીએ કહ્યું : 'અમે તમારે ચરણે સર્વસ્વ ધરી દઈએ તો પણ ઓછું છે.' તિલકમંજરીએ પોતાના ગળાનો કિંમતી હાર કાઢ્યો રત્નસારના ગળામાં નાખવાનો પ્રયત્ન કર્યો પણ રત્નસાર તેને લેવા નહોતો માગતો. પરંતુ દેવે કહ્યું : 'કુમાર, આ બંને ભેટ ચક્રેશ્વરી દેવી દ્વારા તમને પ્રથમ ભેટના રૂપમાં આપવામાં આવી છે, એને નકારશો નહીં.' દેવની પ્રાર્થનાનો રત્નસારે ઇન્કાર ન કર્યો. દેવની સાક્ષીએ એણે તિલકમંજરી અને અશોકમંજરીની સાથે લગ્ન કર્યાં. એની સાથે જ દેવે તેને સાત માળનું સુંદર ભવન તૈયાર કરાવી આપ્યું. ત્યાં રત્નસાર પોતાની પત્નીઓની સાથે રહેવા લાગ્યો. રાજા કનકધ્વજને જ્યારે આ ખબર પડી ત્યારે તે તરત જ દોડતો આવ્યો. રત્નસારે સર્વનું સ્વાગત કર્યું. કનકધ્વજના આગ્રહને વશ થઈ રત્નસાર સપરિવાર કનકપુરી આવ્યો અને રાજમહેલમાં આનંદથી રહેવા લાગ્યો.

રત્નસાર એક દિવસ સૂતો હતો ત્યારે મધ્યરાત્રે એક દિવ્યપુરુષ હાથમાં ચકમકતી તલવાર લઈને આવ્યો. તેણે રત્નસારને ઉઠાડતાં કહ્યું : 'જો તારામાં શક્તિ હોય તો મારી સાથે યુદ્ધ કર.'

રત્નસાર જેવો બેઠો થયો કે તરત જ પેલો દિવ્ય પુરુષ પોપટનું પાંજરું લઈને ભાગી ગયો. રત્નસાર તેની પાછળ તલવાર લઈને પડ્યો. દૂર ગયા પછી પેલો દિવ્યપુરુષ અદૃશ્ય થઈ ગયો. રત્નસાર વિચારવા લાગ્યો કે ગમે તેમ પણ પેલો માણસ મારો શત્રુ છે. એ પોપટ મને પ્રાણથી પણ પ્યારો હતો. હવે હું તેના વિના કેવી રીતે દિવસ પસાર કરીશ. તે પોપટની શોધમાં એક જંગલથી બીજા જંગલ સુધી તપાસ કરતો સંધ્યા સમયે એક નગરની નજીક પહોંચ્યો. નગરદ્વાર પર બેઠેલી એક સારિકાએ રત્નસારને નગરમાં પ્રવેશ ન કરવા કહ્યું.

રત્નસારે સારિકા પાસેથી તેનું કારણ જાણવા માગ્યું. સારિકાએ પોતાનો કોઈ સ્વાર્થ ન હોવાનું કહ્યું. તેણે રત્નસારના હિત માટે ઇન્કાર કરી રહી હોવાનું કહ્યું. તેણે કહ્યું : 'એ નગરનું નામ રત્નપુર હતું. તેનો રાજા પુરન્દર હતો. તેના રાજ્યમાં પ્રજા પૂર્ણપણે સુખી હતી. પરંતુ એક ચોર નગરમાં ચોરી કરવા આવતો તેથી પ્રજા દુઃખી હતી. રાજાએ તેને પકડવા પ્રયાસ કર્યો પણ તે સફળ ન થઈ શક્યો. એક દિવસ રાજા પોતે ચોરને પકડવા ચાલ્યો. ચોર ધનની પોટલી લઈ આગળ જતો હતો, રાજા તેની પાછળ પાછળ. ચોરને પોતાના બચાવનું કોઈ સાધન દૃષ્ટિગોચર નહોતું થતું. તે એક તાપસના આશ્રમમાં ઘૂસી ગયો. તાપસને ભારે ઊંઘ આવતી હતી. ચોરે ચોરીની પોટલી તાપસની પાસે મૂકી અને પોતે ગાયબ થઈ ગયો. રાજાએ ધનની પોટલી તાપસની પાસે પડેલી જોઈ તેને ચોર સમજી પકડી લીધો. રાજાએ તાપસને ગધેડા પર બેસાડી આખા શહેરમાં ફેરવ્યો અને આખરે શૂળી પર ચઢાવી દીધો. તાપસ મરીને યક્ષ થયો. વેરની ભાવનાથી યક્ષે રાજાને મારી નાખ્યો. યક્ષના ભયથી બધા નાગરિકો નગર છોડીને ભાગી ગયા. અત્યારે પણ રાજમહેલમાં કોઈ જાય છે તો યક્ષ તેને મારી નાંખે છે માટે હું નગરપ્રવેશ માટે ના પાડી રહી છું.'

રત્નસાર મહાન સાહસી હતો. તેણે સારિકાને કહ્યું : 'મને યક્ષ તરફથી સ્હેજ પણ ભય નથી. તે મારો વાળ પણ વાંકો કરી શકે એમ નથી. તું નિર્ભય રહે.'

તેણે નગરમાં પ્રવેશ કર્યો. નગરને જોતો તે રાજમહેલ પહોંચ્યો. તેના સાતમા માળે એક સુંદર પલંગ સજાવેલ હતો તે ઉપર તે સૂઈ ગયો.

રાત્રે રાજમહેલમાં યક્ષ આવ્યો. તેણે પલંગ પર સૂતેલા તેજસ્વી પુરુષને જોઈને વિચાર્યું 'આ કોણ હશે ? એનામાં કેટલી બધી સાહસિકતા છે જેથી તે નિર્ભય થઈને સૂઈ રહ્યો છે.' યક્ષે તેને ઉઠાડતાં કહ્યું : 'અરે નિર્લજ્જ, તને શરમ નથી આવતી કે બીજાના ઘરમાં આવીને આમ આરામથી સૂઈ રહ્યો છે ઊઠ, મારી સાથે યુદ્ધ કર.'

રત્નસારે સૂતાં સૂતાં જ કહ્યું : 'જો તું કલ્યાણ ઇચ્છતો હોય તો સુગંધિત ઘી અને પાણીથી મારા પગના તળિયાને માલિશ કર.'

યક્ષે વિચાર્યું કે આ કોઈ મહાપુરુષ લાગે છે. તે રત્નસારના પગને માલિશ કરવા માંડ્યો. થોડીવાર પછી ઊઠેલા રત્નસારે પ્રસન્ન થઈને વરદાન માગવા કહ્યું.

યક્ષ વિચારવા લાગ્યો કે આ વિચિત્ર પુરુષ છે. દેવ મનુષ્યને વરદાન આપે છે, પરંતુ આ તો મનુષ્ય થઈને દેવને વરદાન માંગવાનું કહી રહ્યો છે. યક્ષે ત્યાંનું રાજ્ય ગ્રહણ કરવા વિનંતી કરી : 'તમને યોગ્ય સમજીને આ રાજ્ય આપવાનું કહી રહ્યો છું. હું આપની સેવામાં છું તેથી આપને કોઈ દુઃખ નહીં થાય. મારા સહયોગથી હજારો રાજા આપને વશવર્તીને ચાલશે.'

રત્નસારે કહ્યું : 'તમારું કથન સત્ય છે. પરંતુ મેં આચાર્ય દેવ પાસેથી પરિગ્રહ પરિમાણ વ્રતની મર્યાદા ગ્રહણ કરી છે. તેથી હું રાજ્ય લેતો નથી. છતાં રાજ્ય પુણ્યના પ્રતાપે મળે છે તો પણ પ્રતિજ્ઞાભંગ નથી કરતો. હું વચનબદ્ધ છું તેથી બીજી માગણી કર.'

યક્ષે રત્નસારની વાતને વચમાં જ કાપી નાંખી કહ્યું : 'તું મારા ઘરમાં આવી મારી શય્યા પર સૂતો. મારી પાસે પગનાં તળિયાંની માલિશ કરાવી. હવે તું મારી વિનંતીને ઠુકરાવે છે. તેનો અર્થ કેટલો ભયંકર થશે તે તું બરાબર સમજી લે. જ્યાં સુધી હું તારા પર પ્રસન્ન છું ત્યાં સુધી આનંદ છે, પરંતુ જો હું ગુસ્સે થઈ જઈશ તો તારા પ્રાણ સંકટમાં છે.'

રત્નસાર મૌન રહ્યો, કેમ કે રાજ્ય ગ્રહણ કરવામાં એના વ્રતનો ભંગ થતો હતો. યક્ષે અનેક રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો કે દેવ દ્વારા આપવામાં આવેલ રાજ્યના સંચાલનમાં તમારા વ્રતનો ભંગ નહીં થાય. રત્નસારને ચૂપ જોઈને તે ગુસ્સે થઈ ગયો. તેણે રત્નસારને વાળથી પકડી આકાશમાં ઉછાળ્યો. તેણે રત્નસારને કહ્યું : 'તારો દુરાગ્રહ છોડ. શા માટે નકામો મૃત્યુને ભેટે છે ? આવતી લક્ષ્મીને તરછોડવાનું કામ ભાગ્યહીનનું છે. તારા પર સ્નેહ હોવાથી અત્યાર સુધી તને બચાવી રહ્યો છું. તેમ છતાં પણ જો હજી મારી વાત નકારીશ તો પથ્થર પર પટકીને તારા પ્રાણ લઈ લઈશ.'

રત્નસારે જે કરવું હોય તે સહર્ષ કરી લેવાનું કહ્યું. દૈવીશક્તિ આત્મશક્તિની સામે નમ્ર થઈ ગઈ. યક્ષે પોતાનું દિવ્યરૂપ બનાવી રત્નસાર ઉપર ફૂલો વરસાવ્યાં અને કહ્યું : 'તમે ખરેખર નરરત્ન છો. તમારી દૃઢતા જોઈ ચકિત થઈ ગયો છું. મારું નામ ચન્દ્રશેખર દેવ છે. મેં હરિણાગમેષી દેવની સાથેના વાર્તાલાપમાં કહ્યું કે માનવ કદી પણ લોભથી મુક્ત નથી થઈ શકતો. પરંતુ હરિણગમેષી દેવે કહ્યું કે વસુસાર શ્રેષ્ઠીનો પુત્ર રત્નસાર પૂર્ણપણે નિસ્પૃહ છે. જો તેને દેવ દ્વારા પણ રાજ્ય આપવામાં આવે તો પણ તે તેની કામના નથી કરતો. મેં અનેક કષ્ટો આપીને તમારી પરીક્ષા કરી છે. તમે પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છો. મારા અપરાધને ક્ષમા કરશો અને વરદાન માંગશો.'

રત્નસારે કહ્યું : 'મને કોઈ વસ્તુની જરૂર નથી. તમે ધર્મમાં દૃઢ રહો એ મારી મંગલ કામના છે.' દેવે રત્નસારને પોપટની સાથે કનકપુરી પહોંચાડી દીધો.

થોડા દિવસ કનકપુરી રહ્યા બાદ તેને પોતાનાં માતાપિતાની યાદ આવી. રાજા કનકધ્વજની રજા લઈ બંને પત્ની-અશોકમંજરી અને તિલકમંજરી તથા પોપટ અને ઘોડાને લઈ વિશાલા તરફ પ્રયાણ કર્યું. રાજા અમરસિંહ તથા માતાપિતા અને નાગરિકોએ તેનું હૃદયથી સ્વાગત કર્યું.

આચાર્ય ધર્મઘોષ ત્યાં પધાર્યા. પ્રવચન પછી રાજાએ આચાર્યને પૂછ્યું : 'ભગવન્, રત્નસારના જીવે પૂર્વભવમાં એવા ક્યાં સુકૃત્યો કર્યા જેના ફલસ્વરૂપે આ જન્મમાં અપૂર્વ રિદ્ધિ-સમૃદ્ધિ પ્રાપ્ત થઈ છે ?' પ્રશ્નના સમાધાન રૂપે ભગવંતે કહ્યું : 'રત્નસારનું પૂર્વભવમાં શ્રીસાર નામ હતું જે રાજપુરના જિતશત્રુ રાજાનો પુત્ર હતો. તેના ક્ષત્રિયપુત્ર, અમાત્યપુત્ર અને શ્રેષ્ઠીપુત્ર એ ત્રણ મિત્રો હતા. ત્રણેય વચ્ચે ગાઢ પ્રેમ હતો. એક વાર રાણીના મહેલમાં એક ચોરે ચોરી કરી. કોટવાળે તેને પકડ્યો, રાજાએ શૂળી પર ચડાવવાની તેને સજા કરી. કોટવાળ તેને મારવા લઈ જતો હતો ત્યારે માર્ગમાં રાજકુમાર મળી ગયો. તેણે કહ્યું : 'આ માણસે મારી માતના મહેલમાં ચોરી કરી છે તેથી હું તેને મારા હાથે જ દંડીશ.' કુમાર ચોરને લઈ શહેર બહાર આવ્યો. કુમારે તેને ચોરીનાં ખરાબ પરિણામો સમજાવ્યાં. તેને ચોરી પ્રત્યે ઘૃણા થઈ ગઈ અને ભવિષ્યમાં કદી ચોરી ન કરવાની પ્રતિજ્ઞા કરી. રાજકુમારે તેને છોડી દીધો. કોઈ દ્વેષીને તેની ખબર પડી ગઈ. તેણે મરચુંમીઠું ભભરાવીને તે વાત રાજાને કહી. રાજા ગુસ્સે થઈ ગયો. તેણે રાજકુમારને દેશવટો આપ્યો. રાજકુમારે જ્યારે નગર છોડ્યું ત્યારે પેલા ત્રણ મિત્રો પણ તેની સાથે થઈ ગયા. ચારેય આનંદથી રસ્તો કાપી રહ્યા હતા. પરંતુ ભયાનક જંગલમાં તે માર્ગ ભૂલી ગયા. ત્રણેક દિવસ આમતેમ ભટક્યા પછી ચોથે દિવસે તેમને એક ગામ દેખાયું. તે ભૂખ્યા-તરસ્યા હતા. ભોજન તૈયાર કરી ખાવાની તૈયારી કરી રહ્યા હતા કે તરત જ એક જિનકલ્પી મુનિ ભિક્ષા માટે પધાર્યા. રાજકુમાર શ્રીસારે ઉદારતાથી મુનિને આહારદાન આપ્યું. અમાત્યપુત્રે અને શ્રેષ્ઠીપુત્રે એ દાનનું સમર્થન કર્યું. પરંતુ ક્ષત્રિયપુત્રે પોતાને માટે કંઈક રાખવાનો સંકેત કર્યો.

દાનના દિવ્ય પ્રભાવથી શ્રીસાર મરીને રત્નસાર થયો. અમાત્યપુત્ર અને શ્રેષ્ઠીપુત્ર ક્રમશઃ અશોકમંજરી અને તિલકમંજરી થયા. ક્ષત્રિયપુત્ર મરીને આ પોપટ થયો. દાનાન્તરાયને કારણે આ જન્મમાં તે ભોગાન્તરાય થયો. પેલો ચોર જેને શ્રીસારે મુક્ત કરેલ, પછીથી જેણે તાપસવ્રત ગ્રહણ કર્યું હતું તે ચન્દ્રચૂડ નામે દેવ થયો જે રાતદિવસ રત્નસારની સેવામાં રહેતો હતો.'

રત્નસારનો પૂર્વભવ સાંભળી બધા શ્રોતાઓ ધર્મ પ્રત્યે શ્રદ્ધાળુ થયા. રત્નસાર વગેરેએ વધારેમાં વધારે ધર્મનું આરાધન કરી પોતાના જીવનને ચમકાવ્યું.

વર્ધમાન દેશના ૨/૧

ઉજ્ઝિતકુમાર

નંદિપુરના રાજા રત્નસાર અને તેની રાણી રંભાના જીવનમાં નિરાશાનો અંધકાર છવાયેલો હતો. તેનું કારણ એ હતું કે રાણી અત્યંત સ્વરૂપવાન હતી પરંતુ તેને પેટે અવતરતાં છોકરાંઓ દીર્ઘજીવી નહોતાં. તેથી રાજા-રાણી બંને ઉદાસ રહેતાં હતાં.

એક વાર કોઈએ કહ્યું કે 'પુત્રજન્મ થતાંની સાથે જ તેને ઉકરડામાં ફેંકી દેવામાં આવે અને પછી તેને ઉઠાવી લેવામાં આવે તો દીર્ઘજીવી થઈ શકે.' રાણીએ એવું જ કર્યું. પોતાના નવજાત બાળકને ઉકરડા ઉપર ફેંકી દેવામાં આવ્યો અને એક ઘડી પછી ઉઠાવી લીધો. ઉકરડા પરથી ઉઠાવવાને કારણે તેનું નામ ઉજ્ઝિતકુમાર પાડવામાં આવ્યું.

સંજોગવશાત્ ઉજ્ઝિતકુમાર જીવતો બચી ગયો. ઘણી મુશ્કેલીથી તે જીવતો બચ્યો હતો તેથી રાજા-રાણીને બહુ લાડકો હતો. તેનો ઉછેર અત્યંત લાડપ્યારમાં થવા લાગ્યો. માત્ર દાસદાસીઓ જ નહીં, રાજા-રાણી પણ તેની ખુશામત કરતાં. આનું પરિણામ એ આવ્યું કે ઉજ્ઝિતકુમાર અભિમાની થઈ ગયો. તે બધાને તણખલા જેવા સમજવા લાગ્યો.

તે ભણવા જેવો થયો કે તેને ગુરુની પાસે અધ્યયન માટે મોકલવામાં આવ્યો. તે ખૂબ અભિમાની હતો. ગુરુજી એને શિખવાડતા પણ તે તેની તરફ ધ્યાન આપતો નહોતો. ગુરુજી સમજાવતા તો તેના તે ઊલટા જવાબ આપતો. છેવટે ગુરુજીએ કંટાળી તેને પાછો મોકલી આપ્યો.

પિતા પોતાના પુત્રને ગમે તેટલો પ્યાર કરે પણ પુત્ર અભણ રહે તે ચલાવી શકતો નથી. રાજા રત્નસારને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તેને ખૂબ દુઃખ થયું. તેણે પુત્રને વિનય અને વિદ્યાનું મહત્ત્વ સમજાવ્યું. પરંતુ પુત્રે તેની તરફ ધ્યાન જ ન આપ્યું. ઊલટું, ઉધ્ધત વર્તન કરવા લાગ્યો. રાજા રત્નસાર સમજી ગયો. તેણે કુમારને રાજ્યમાંથી કાઢી મૂક્યો.

ઉજ્ઝિતકુમાર ગામમાંથી નીકળી વનમાં ભટકવા લાગ્યો. તેણે ઘણાં કષ્ટ સહન કર્યાં પણ અભિમાન ઓછું ન થયું. ફરતો ફરતો તે એક તાપસના આશ્રમમાં પહોંચ્યો. તેણે તાપસને વંદન ન કર્યા. તાપસ સમજી ગયા કે આ અવિનયી છે. તેથી તેણે આશ્રમની બહાર કાઢી મૂક્યો.

ત્યાંથી તે નીકળી ગયો. વનમાં જતો હતો તે વખતે સામેથી આવતો એક સિંહ દેખાયો. સિંહને જોવા છતાં અભિમાનવશ ઉજ્ઝિતકુમારે પોતાનો માર્ગ ન બદલ્યો. ઉજ્ઝિતકુમાર ઇચ્છતો હતો કે સિંહ પોતાનો માર્ગ બદલે. સિંહનો માર્ગ રોકાયો કે તરત જ એક જ ઝાપટમાં ઉજ્ઝિતકુમારના પ્રાણ હરી લીધા.

ત્યાંથી મૃત્યુ પામીને ઉજ્ઝિતકુમાર ગધેડો થયો. ગધેડાનું જીવન પૂરું કરી તે નંદિપુર નગરના પુરોહિતનો પુત્ર થયો અને સર્વ વિદ્યાઓ ભણી હોંશિયાર થયો પણ તેને અભિમાન ખૂબ હતું. તેને જાતિ-મદની સાથે વિદ્યામદ પણ હતો. આયુષ્ય પૂરું કરી તે એ નગરમાં ચાંડાલપુત્ર થયો.

ચાંડાલના શરીરમાં પણ પુરોહિત-પુત્રનો આત્મા હતો. પુરોહિતના મનમાં એ છોકરાને જોઈ ભાવ જન્મતો. એ ઘણો વિચાર કરતો પણ તેને કંઈ સમજ પડતી નહોતી. એકલો પુરોહિત જ નહીં, તેનો સમગ્ર પરિવાર એ બાળક પ્રત્યે પ્રેમ રાખતો.

એક વાર કેવળી મુનિ એ નગરમાં પધાર્યા. નગરના ઘણા જુવાન-બુઢ્ઢા તેમની દેશના સાંભળવા આવ્યા. પુરોહિત પણ કુટુંબસહિત તથા ચાંડાલપુત્ર પણ ગયો. કેવલી મુનિએ ધર્મદેશના આપી. એ પછી પુરોહિતે હાથ જોડીને કેવલી ભગવાન સમક્ષ પ્રશ્ન કર્યો : 'પ્રભુ, લોકોમાં અમે ઉત્તમ જાતિના છીએ છતાં ચાંડાલપુત્રને જોઈ અમારા મનમાં બહુ જ પ્રેમ જાગૃત થાય છે તેનું કારણ શું હશે ?'

કેવળી મુનિએ કહ્યું : 'પુરોહિત, એની સાથે તમારો સંબંધ છે.' પુરોહિતે આશ્ચર્યમિશ્રિત જિજ્ઞાસાથી પૂછ્યું : 'એ કેવી રીતે ?'

આ પછી કેવળી ભગવાને ઉજ્ઝિતકુમારથી શરૂ કરી અત્યાર સુધીના બધા ભવોનું વર્ણન કર્યું. માન કષાયનું કુફળ જાણી અનેક લોકો પ્રતિબુદ્ધ થયા. તેઓએ દીક્ષા ગ્રહણ કરી અને મુક્ત થયા.

ચાંડાલપુત્રને તો દુઃખ થવાનું હતું જ. તે પોતાના અભિમાનની નિંદા કરવા લાગ્યો. તેને પરિણામે વિનયની સ્ફુરણા થઈ. તે સમતાભાવ ગ્રહણ કરી મોક્ષે ગયો.

[ઉપદેશ સાતતિકા, પત્ર-૧૮, ઉપદેશપ્રાસાદ, ભાગ-૫, સ્તંભ ૨૩, ભવભાવના, જૈન કથારત્ન કોશ, ભાગ-૬.]

અરુણદેવ અને દેયિણી

જૂના વખતમાં તામ્રલિપ્તિ નગરમાં કુમારદેવ નામનો એક વ્યાપારી રહેતો હતો. તેને ત્યાં પ્રભુકૃપાથી એક પુત્ર ઉત્પન્ન થયો. તેનું નામ અરુણદેવ રાખવામાં આવ્યું. તે માતાપિતાને અત્યંત પ્રિય હતો. કુમારદેવે તેને યોગ્ય વિદ્યા આપી.

અરુણદેવ વ્યાપારીનો પુત્ર હતો તેથી સહજ રીતે તેને વેપારવણજ આવડી ગયાં હતાં. એ જ નગરમાં મહેશ્વર નામનો શ્રેષ્ઠીપુત્ર હતો. બંને વચ્ચે ગાઢ મૈત્રી હતી. જ્યાં પણ જતા ત્યાં બંને સાથે જ જતા. વેપારમાં તો બંને સાથીઓ હતા, ઘેર પણ બંને સાથે ને સાથે.

એક વખત કુમારદેવે વિચાર્યું કે અરુણદેવ બધી રીતે યોગ્ય થઈ ગયો છે. તમામ વેપાર તેણે હાથમાં લઈ લીધો છે. હવે એનાં લગ્ન જલ્દી કરી દેવાં જોઈએ. સંજોગવશાત્ પાટલિપુત્રના જસાદિત્ય પોતાની પુત્રી દેયિણીનાં લગ્નનો પ્રસ્તાવ લઈને કુમારદેવ પાસે આવ્યા. જસાદિત્યની પુત્રી દેયિણી રૂપાળી હોવાની સાથે ગુણવાન પણ હતી. બંનેનાં લગ્ન ધામધૂમથી થયાં.

એક દિવસ મહેશ્વર અને અરુણદેવ વાતો કરતાં હતા. મહેશ્વરે અરુણદેવને કહ્યું : 'મિત્ર, દેયિણી ભાભી પોતાના પિયર પાટલિપુત્ર ગઈ છે તેથી તારું મન ઉદાસ રહે છે. મારી વાત માને તો ભાભીને લઈ આવ.'

અરુણદેવે કહ્યું : 'મિત્ર, તું તો જાણે છે કે વાણિયાનો દીકરો જ્યાં પડે ત્યાંથી કંઈક લઈને જ ઊઠે. જો તું મારી સાથે આવે તો 'એક પંથ દો કાજ' અનુસાર જહાજ લઈને જઈએ. પાટલિપુત્રમાં માલ વેચીએ, ધન કમાઈએ અને તારી ભાભીને પણ લેતા આવીએ.'

મહેશ્વરને અરુણદેવનો પ્રસ્તાવ પસંદ આવ્યો. બંનેએ એક જ જહાજમાં કરિયાણાનો સામાન લાદ્યો અને સમુદ્રમાર્ગે યાત્રા શરૂ કરી. માર્ગમાં ભયંકર દરિયાઈ તોફાન આવ્યું. બંને મિત્રો ભારે સંકટમાં મુકાઈ ક્યા. એક લાકડીથી તરતા તરતા બંને મિત્રો પાટલિપુત્ર પહોંચી ગયા. મહેશ્વરે અરુણદેવને કહ્યું : 'આ પણ ઠીક થયું કે આપણે તારા સાસરે પહોંચી ગયા. બીજે ક્યાંય ગયા હોત તો ભારે મુશ્કેલી થાત.'

અરુણદેવે કહ્યું : 'મિત્ર, હવે હું સાસરે નહીં જાઉં.' મહેશ્વરે પૂછ્યું : 'તારા સસરા જસાદિત્ય તો નગરના બહુ જ મોટા ધનાઢ્ય છે. દેયિણી ભાભી પણ તેના પિતાની પાસે છે. તારા આવવાથી તે કેટલી ખુશ થશે ! તું સાસરે જવાનો ઇન્કાર કેમ કરે છે ?'

અરુણદેવે સાસરે જવાનો ઇન્કાર કર્યો. સારી સ્થિતિમાં સાસરે જવાથી જે માન મળે છે તે હવે નહીં મળે એમ જ્યારે અરુણદેવે કહ્યું ત્યારે મહેશ્વરે વાત માની લીધી.

અરુણદેવને બગીચામાં મૂકીને મહેશ્વર બજારમાં ખાવાનું લેવા ગયો. એ વખતે જ દેયિણી પોતાની સખીઓ સાથે બગીચામાં આવી. ધીમે ધીમે અંધકાર છવાવા લાગ્યો. એ વખતે એક ચોરે આવી દેયિણીના હાથ કાપી હાથમાંથી રત્નજડિત કંકન લઈ લીધાં. દેયિણીના લાથમાંથી લોહીની ધારા વહેવા લાગી. તેણે ચોર-ચોરની બૂમો પાડી. રાજાના સિપાઈઓ દોડ્યા. ચોરને લાગ્યું કે સંતાવાનું મુશ્કેલ છે એટલે તેણે રત્નકંકણ અને છરી અરુણદેવ જ્યાં સૂઈ રહ્યો હતો ત્યાં નાંખી દીધાં, પોતે ઝાડીમાં છુપાઈ ગયો. રાજાના સિપાઈઓ ચોરને શોધતા હતા. તેઓ ત્યાં આવ્યા તો અરુણદેવની બાજુમાં દેયિણીનાં કંગન અને છરી જોઈ. સૈનિકો તેને પકડી રાજા પાસે લઈ ગયા. રાજાએ પૂછપરછ કર્યા વિના શૂળીએ ચડાવવાનો હુકમ કર્યો. રાજાના સિપાઈઓ અરુણદેવને શૂળીએ ચઢાવવા લઈ ગયા.

બીજી બાજુ મહેશ્વર બજારમાંથી ખાવાનું લઈ આવ્યો. તેને બાગમાં અરુણદેવ ન દેખાયો તેથી બગીચાના રક્ષકને પૂછ્યું. રક્ષકે કહ્યું : 'મને ખબર નથી. પણ મને એટલી ખબર છે કે રાજાના સિપાઈઓ એક સૂતેલા ચોરને કંગન અને છરી સાથે પકડીને લઈ ગયા. રાજાએ એને શૂળીએ ચડાવવાનો હુકમ કર્યો છે.'

બગીચાના રક્ષકની વાત સાંભળી મહેશ્વર તરત જ શૂળીસ્થળે ગયો. અરુણદેવ શૂળી પાસે ઊભો હતો. મહેશ્વર તેને જોઈ રડવા લાગ્યો અને મૂર્છાવશ થઈ ગયો. રાજાના સિપાઈઓ અરુણદેવને શૂળી ઉપર ચઢાવવાનું ભૂલી ગયા અને મહેશ્વરને જોઈ રહ્યા. તેમણે વિચાર્યું કે આ પણ ચોરનો સાથીદાર છે માટે તેને પણ કંઈક સજા થવી જોઈએ. થોડી વાર પછી મહેશ્વર મૂર્છામાંથી જાગ્યો. લોકોએ તેને પૂછ્યું : 'ભાઈ, તું આ ચોરને જોઈને કેમ રડે છે ?' મહેશ્વરે કહ્યું, 'મને એટલા માટે રડવું આવે છે કે અહીંનો રાજા નિરપરાધીઓને સજા કરે છે.'

રાજાના સિપાહીઓ અને જોનારાઓએ કહ્યું : 'આણે જસાદિત્ય શ્રેષ્ઠીની પુત્રી દેયિણીના હાથ કાપી તેનાં કંગન ચોર્યાં છે. કંગન અને છરી સાથે તે પકડાઈ ગયો છે. તો પછી તમે તેને નિરપરાધી કેવી રીતે કહો છો ?'

મહેશ્વરે દૃઢતાથી કહ્યું : 'આ કોણ છે તે તમે નથી જાણતા. મારો આ મિત્ર તામ્રલિપ્તિ નગરના વેપારી કુમારદેવનો પુત્ર અને તમારા નગરના જાણીતા શ્રેષ્ઠી જસાદિત્યનો જમાઈ અને દેયિણીનો પતિ છે. શું પતિ પોતાની પત્નીના હાથ કાપીને કંગન ચોરશે ?'

મહેશ્વરની વાત સાંભળી બધા મૂંઝાઈ ગયા. સિપાઈઓની સ્થિતિ ખરાબ થઈ. તેમને થયું કે જો વાત રાજા સુધી પહોંચશે તો તે કડક સજા કરશે. રાજા કહેશે કે તપાસ કર્યા વિના નિર્દોષ વ્યક્તિને કેમ પકડી ? આમ વિચારીને સિપાઈઓ મહેશ્વરને પથ્થર મારવા લાગ્યા. પણ વાત ઊડતી-ઊડતી જસાદિત્ય સુધી પહોંચી ગઈ. તેણે રાજાને કહી અરુણદેવને મુક્ત કરાવવા દેયિણીને સાથે લઈ શૂળી પર આવ્યો. રાજા પણ ત્યાં આવ્યો.

એ વખતે જ આકાશમાર્ગે કેવળી મુનિ ચન્દ્રધવલ ત્યાં આવ્યા. દેવોએ કરેલા કમલાસન પર મુનિ બિરાજ્યા. બધાએ

મુનિને વંદન કર્યા અને પોતાના સ્થાને બેસી ગયા. મુનિએ બધાને ઉપદેશ આપવાનું શરૂ કર્યું :

'હે આત્માઓ, પૂર્વજન્મમાં કઠોર વચન કહેવાને કારણે અરુણદેવ અને દેયિણીએ બાંધેલાં કર્મોને કારણે આ જન્મમાં કષ્ટ ભોગવ્યાં.'

અરુણદેવ અને દેયિણીનું નામ સાંભળતાં જ બધા ચોંકી ગયા. દેયિણીએ પોતાના કપાયેલા હાથ તરફ જોઈ વિચાર્યું, 'મેં પૂર્વજન્મમાં મારા પતિને એવાં કયાં કઠોર વચન કહ્યાં હતાં કે જેને કારણે આ દુઃખ વેઠવું પડ્યું.' અરુણદેવે પણ વિચાર્યું કે 'મુનિની વાણી કદી અસત્ય હોતી નથી. પૂર્વભવમાં મેં દેયિણીને મર્મ વચન કહીને દુઃખ દીધું હશે.'

મુનિની રહસ્યભરી વાણી સાંભળી શેઠ જસાદિત્યે કહ્યું : 'પ્રભુ, અરુણદેવ મારો જમાઈ છે અને દેયિણી મારી પુત્રી છે. પૂર્વજન્મમાં તેણે ક્યાં કઠોર વચન કહ્યાં હતાં કે જેને કારણે આ જન્મે દુઃખ ભોગવ્યાં ?' રાજા, મહેશ્વર વગેરેએ મુનિ તરફ જિજ્ઞાસાથી જોયું, કેવલીમુનિ ચન્દ્રધવલે દેયિણી અને અરુણદેવ તરફ જોઈને કહ્યું : 'દેયિણી અને અરુણદેવ પૂર્વજન્મમાં માતા-પુત્ર હતાં. પુત્ર રૂપે અરુણદેવે દેયિણીને કઠોર વચન કહ્યાં અને ક્રોધને કારણે દેયિણીએ પણ પુત્ર અરુણદેવને કહ્યાં. તેના પરિણામે આ જન્મમાં તેમણે કષ્ટ ભોગવ્યાં.'

તે પછી મુનિએ દેયિણી અને અરુણદેવના પૂર્વજન્મની કથા સંભળાવવાનું શરૂ કર્યું. બધા ધ્યાનથી સાંભળવા લાગ્યા.

'બહુ પહેલાંની વાત છે. ભરતક્ષેત્રમાં વર્ધમાનપુર નામનું એક નગર હતું. ત્યાં સિદ્ધડ નામનો એક કુલપુત્ર રહેતો હતો. સિદ્ધડની સ્ત્રીનું નામ ચન્દ્રા હતું. સર્ગ સિદ્ધડનો પુત્ર હતો. ત્રણ જણનો નાનકડો પરિવાર હતો છતાં તે બે ટંક રોટલા આપી શકતો નહોતો. ભાગ્યહીનને સફળતા નહોતી મળતી. સિદ્ધડ જે કાર્ય કરતો તેમાં તેને નિષ્ફળતા જ મળતી. તે ત્રણેય જણ જ્યાં જતાં ત્યાં પૂરતું ખાવાનું પણ નહોતું મળતું.

પેટ ભરવાની આશામાં ભટકતાં-ભટકતાં સિદ્ધડનું મૃત્યુ થઈ ગયું. તેથી ચન્દ્રા અને સર્ગ પર દુઃખનો પહાડ તૂટી પડ્યો. મા-દીકરો ઠેર ઠેર ભટકવા લાગ્યાં. ચન્દ્રા કોઈનું પાણી ભરતી, કોઈનાં વાસણ સાફ કરતી, કોઈનાં કપડાં ધોતી. સર્ગ પૈસાદારોનાં ગાય-વાછડાં લઈને જંગલમાં ચરાવવા જતો. બંનેને જે મળતું તેનાથી તેઓ પેટ ભરતાં.

એક વખત કોઈ વેપારીને ત્યાં મહેમાન આવ્યા. વેપારીએ ચન્દ્રાને બહુ જ વહેલી ઘેર બોલાવી. સર્ગ ઢોર ચરાવવા જંગલમાં ગયો હતો. ચન્દ્રાએ જલ્દી રોટલી શેકી અને થોડું દહીં વગેરે શીકા પર રાખી દરવાજાને સાંકળ ચડાવી કંઈ ખાધાપીધા વિના વેપારીને ત્યાં જતી રહી.

ચન્દ્રાએ વેપારીને ત્યાં સાંજ સુધી સખત મહેનત કરી. વેપારી કે તેનાં કુટુંબીજનોએ ચન્દ્રાને ખાવાનું પણ ન કહ્યું. પેલી બાજુ સર્ગ ખૂબ ભૂખ્યો થયો હતો. તેની સ્થિતિ બહુ જ ખરાબ હતી. ચન્દ્રા ખાલી હાથે ઘેર આવી હતી. જેવી ચન્દ્રા ઘેર આવી કે તરત જ સર્ગ ગુસ્સે થઈ ગયો અને બોલ્યો : 'પાપિણી, દુષ્ટા, શું વેપારીએ તને શૂળી પર ચડાવી દીધી હતી કે તું અત્યાર સુધી ત્યાં રહી ?' ચન્દ્રા ખૂબ દુઃખી હતી. પુત્ર સર્ગની વાણી સાંભળીને ચન્દ્રાને પણ ક્રોધ ચડ્યો. તેણે પ્રત્યુત્તર આપતાં કહ્યું : 'શું તારા હાથ કપાઈ ગયા હતા કે તું સાંકળ ખોલી ન શક્યો અને શીકા ઉપરથી રોટલી ઉતારીને ખાઈ ન શક્યો.'

આમ, બંનેએ એકબીજાંને કઠોર વચન કહ્યાં અને દારુણ દુઃખોનો પાયો નાખ્યો.

એક વાર બંનેએ મુનિનો ઉપદેશ સાંભળી શ્રાવકનાં વ્રતો ગ્રહણ કર્યાં અને જીવનના અંતે બંનેએ ઉપવાસ કરી સમાધિપૂર્વક મૃત્યુ પસંદ કર્યું. બંનેને તે પછી દેવ ભવ પ્રાપ્ત થયો. દેવલોકમાં સર્ગનો જીવ તામ્રલિપ્તિ નગરના શ્રેષ્ઠી-કુમાર-દેવને ત્યાં અરુણદેવ રૂપે જન્મ્યો. ચંદ્રાદેવીનો જીવ પાટલિપુત્ર નગરમાં શ્રેષ્ઠી જસાદિત્યની પુત્રી દેયિણીરૂપે અવતર્યો.'

કથાને આગળ વધારતાં મુનીશ્વર ચન્દ્રધવલે કહ્યું : 'ચન્દ્રાએ સર્ગને હાથ કપાયાની વાત કરી અને સર્ગે ચન્દ્રાને શૂળી ઉપર ચડવાની વાત કરી. ચન્દ્રાની વાણી પ્રત્યુત્તર તરીકે હતી તેથી કઠોર હતી, તેથી દેયિણીના રૂપમાં ચન્દ્રાના હાથ કપાઈ ગયા. સર્ગની વાણી એટલી કઠોર નહોતી તેથી તે શૂળી પર ચડ્યો, પણ બચી ગયો.'

મુનિની વાણીથી દેયિણી અને અરુણને જાતિસ્મરણ થયું. બંનેએ એકબીજાંને ક્ષમા આપી. બંનેને વૈરાગ્ય આવી ગયો.

અરુણદેવ અને દેયિણીની સાથે રાજા અને જસાદિત્ય શ્રેષ્ઠીએ ચારિત્ર ગ્રહણ કર્યું. જે ચોરે દેયણીના હાથ કાપ્યા હતા અને કંગન પડાવી લીધાં હતાં એ પણ મુનિની ધર્મસભામાં હાજર હતો. તેણે પોતાનો ગુનો સ્વીકાર્યો. મહેશ્વરે શ્રાવકનાં બાર વ્રત ગ્રહણ કર્યાં.

['પાર્શ્વનાથ ચરિત્ર' માંથી]

ફાડનસંધાન

- નેમિચન્દ્રસૂરિ

જૂના વખતમાં ભુવનવિજયપુર નામનું એક મોટું નગર હતું. આ નગરમાં પ્રતિષ્ઠિત લોકો વસતા હતા. નગરનો રાજા

કુલપ્રદીપ હતો. તેને એક પુત્ર હતો. એ પુત્રનું નામ ભુવનપ્રદીપકુમાર હતું. કુમાર ભુવનપ્રદીપકુમારે એક કેવળીનાં દર્શન કર્યાં. કેવળીને તેમણે પ્રશ્ન કર્યો : 'આપના વૈરાગ્યનું કારણ શું છે ?' કેવળીએ પોતાની વીતક કથા આ પ્રમાણે કહી :

'ભુવનવિજયપુર નગરમાં પ્રતાપસાર નામે રાજા રાજ્ય કરતો હતો. એ નગરમાં બે ખરાબ સ્ત્રીઓ વસતી હતી. એકનું નામ કુમતિ હતું, બીજીનું નામ પ્રપંચમતી. કુમતિનું કામ બે વ્યક્તિ વચ્ચે ગમે તેમ કરી ઝઘડો કરાવવો એ હતું, તો પ્રપંચમતીનું કામ બે ઝઘડાખોર વચ્ચે સમાધાન કરાવવાનું હતું. કુમતિ અનેક રીતે ઝઘડા કરાવતી, પ્રપંચમતી તેને અનેક રીતે ઉકેલતી.

એક વાર પ્રપંચમતીએ પ્રચંડ સેના તૈયાર કરી. પછી બેય સ્ત્રીઓ-કુમતિ અને પ્રપંચમતી-ભેગી થઈ. લોકોને આટલી મોટી સેના જોઈ કુતૂહલની સાથે આશ્ચર્ય થયું. પછી બેય જણ પરસ્પર ચર્ચા કરવા લાગી. કુમતિએ પ્રપંચમતીને કહ્યું : 'હું એક એવી સ્ત્રી છું કે જે ભલભલા વચ્ચે ઝઘડા ઊભા કરાવીને તેમને લડાવું છું.' પ્રપંચમતીએ કહ્યું : 'હું બે વ્યક્તિ વચ્ચેના ઝઘડા અટકાવી શકું છું, સાંધી શકું છું.' બંને સ્ત્રીઓ વિવાદ કરતી કરતી રાજ્યના મંત્રી પાસે પહોંચી. મંત્રીને બંનેએ પોતાની વાત સંભળાવી. મંત્રીએ બંનેની વાત સાંભળી. તે વિચારવા લાગ્યો કે કોની વાત માનવી ? મંત્રીએ પોતાની સહજબુદ્ધિનો ઉપયોગ કરી રાજા પાસે જવા કહ્યું. બંને સ્ત્રીઓએ રાજા પાસે જઈ પોતાની પ્રતિજ્ઞા સંભળાવી. રાજાએ તે બંને સ્ત્રીઓને પોતાની પ્રતિજ્ઞા પૂરી કરી બતાવવા કહ્યું. બંને સ્ત્રીઓ પોતાનું કામ બરાબર કરી બતાવે તો અભયદાન આપવાનું પણ રાજાએ કહ્યું.

કુમતિએ નક્કી કર્યું કે હું પાંચ જ દિવસમાં બે વ્યક્તિ વચ્ચે એવો ઝઘડો ઊભો કરાવીશ કે જે કદી મટે જ નહીં. તેની સામે પ્રપંચમતિ એવી હતી કે જેણે મનમાં નક્કી કર્યું હતું કે બે વ્યક્તિ વચ્ચે જો ઝઘડો થાય તો એક જ રાતમાં તે ઝઘડાનું સમાધાન કરાવીને જ રહું. બંનેએ રાજાની સામે આ મુજબ પ્રતિજ્ઞા કરી અને ઘેર ગઈ.

કુમતિએ વિચાર કર્યો, 'ગામમાં અર્થસાર નામે એક મોટો શેઠ છે. તેને અત્યંક ધાર્મિક, નીતિમાન એવો કીર્તિસાર નામે એક પુત્ર છે. તેની પત્ની કાંતિમતિ પણ સુંદર અને ડાહી સ્ત્રી છે. પતિ-પત્ની વચ્ચે અતૂટ પ્રેમ છે.' પતિ-પત્ની વચ્ચે કોઈ તૂટ પડાવે એવી કોઈની શક્તિ નહોતી. તેને લાગ્યું કે હું એક વાર કાંતિમતિને મળી આવું. કુમતિએ વિચાર્યું કે કાંતિમતિને પોતાના રૂપનું અભિમાન છે, તો તેનું અભિમાન ઉતારવું જોઈએ. તેણે કોઈ સુંદર સ્ત્રી સાથે કીર્તિસારે પ્રેમ કરાવવાનું અને તે વાત રાજાને પહોંચાડવાનું વિચાર્યું. કાંતિમતિને પોતાના પતિ પ્રત્યે ઘૃણા થશે. રાજા એ વાત જાણી અતિ પ્રસન્ન થશે અને મને (કુમતિને) અઢળક ધનદાન આપશે..

કુમતિએ વિચાર્યું કે ગામમાં જ એક ધનેશ્વર શ્રેષ્ઠી રહે છે. તેની પુત્રી ધનાવલિ છે. તે ચારિત્ર્યની શિથિલ છે, પરંતુ તે લોકોમાં એવો પ્રચાર કરે છે કે પોતે તો સતી છે. તેને પરપુરુષ સાથે કોઈ સંબંધ નથી. વળી કુમતિએ વિચાર કર્યો કે ધનાવલિને જ કીર્તિસાર સાથે સંબંધ બંધાવી દઉં જેથી કીર્તિસારની પ્રતિષ્ઠા જાય. આવો વિચાર કરીને તે કીર્તિસાર પાસે આવી. કીર્તિસારને પોતાની વાત સાંભળવા કહેતાં તેણે કહ્યું કે એ વાત તેનાં હિત અને સુખ માટે ઉપયોગી થાય તેવી છે. કીર્તિસારને ધનાવલિ પ્રત્યે પ્રેમ ઊપજે એવી રીતે તેણે વાત કહેતાં કીર્તિસાર તો મદદ કરવાના હેતુથી સંમત થઈ ગયો.

કીર્તિસારે ધનાવલિને સર્વ રીતે મદદ કરવા તૈયારી બતાવી, એટલે કુમતિએ એક રાત્રે કીર્તિસારને મંદિરના એક ખૂણે બોલાવ્યો. ધનાવલિ પણ આવી. કીર્તિસાર પાસે ધનાવલિ આવતાં કુમતિએ ઓરડાના દરવાજા બંધ કરી દીધા અને રાજા પાસે જઈને કહ્યું કે મેં મારું કામ પૂરું કર્યું છે. પ્રપંચમતીને પણ કીર્તિસાર અને ધનાવલિ મંદિરના એક ઓરડામાં સાથે હોવાનું કહ્યું. પ્રપંચમતીએ પણ વિચાર કર્યો કે આ ઘટનાનો કોઈક ઉકેલ લાવવો જોઈએ. ઘણું વિચાર્યા પછી તે કીર્તિસારની પત્ની પાસે ગઈ. ત્યાં જઈ તેણે કાંતિમતિને બહુ જ ઠાઠમાઠથી શણગાર સજવા કહ્યું. કાંતિમતિને સાથે લઈ તે મંદિરમાં પૂજા કરવા જતી હોય એમ ગઈ. મંદિરની બહાર ગોઠવાયેલ પહેરેગીરોએ તેને ન જવા ફરમાવ્યું. તેણે પહેરેગીરોને વિનંતી કરી કે હું મંદિરમાં દર્શન કરી થોડા જ સમયમાં પાછી આવું છું. પહેરેગીરોએ માંડ માંડ તેને રજા આપી. કાંતિમતિ મંદિરમાં ગઈ. પોતાનો પતિ જ્યાં ધનાવલિ સાથે હતો ત્યાં પહોંચી જઈ ધનાવલિને વિનંતી કરી કે તું મારાં વસ્ત્રો અને શણગાર સજી લે અને હું તારાં વસ્ત્રો પહેરી લઉં છું. ધનાવલિ અને કાંતિમતિએ પરસ્પર કપડાં અને દાગીના બદલી લીધાં. પછી ધનાવલિને સલામત રીતે બહાર નીકળી જવા કહ્યું. ધનાવલિએ એમ કર્યું. તે સલામત રીતે મંદિરની બહાર નીકળી ગઈ.

હવે પ્રપંચમતીએ રાજા પાસે જઈ વિનંતી કરી : 'મંદિરમાં કીર્તિસાર પાસે તો તેની પત્ની કાંતિમતિ છે, તેના સિવાય અન્ય કોઈ નથી. કીર્તિસારને પોતાના પિતા સાથે ઝઘડો થયો છે તેથી તે પિતાથી અલગ રહેવા માટે હાલ પૂરતો મંદિરમાં જઈને બેઠો છે.'

રાજાએ પ્રપંચમતીની વાત અંગે તપાસ કરાવી તો જાણવા મળ્યું કે કીર્તિસારની સાથે તો તેની પત્ની કાંતિમતિ છે. બાપદીકરા વચ્ચે ઝઘડો થતાં દીકરો મંદિરમાં એક ઓરડીમાં પત્ની સાથે રહે છે.

રાજાએ કીર્તિસારને બોલાવ્યો તેને કેટલાક પ્રશ્નો પૂછ્યા અને માહિતી મેળવી કે કીર્તિસાર અને તેના પિતા વચ્ચે કોઈક કારણસર વિખવાદ ઊભો થતાં કીર્તિસાર અલગ થઈ મંદિરમાં રહેવા ગયો હતો. છેલ્લે કીર્તિસારને સમજાવીને તેના પિતા પાસે મોકલવામાં આવ્યો એવો પ્રપંચ રચ્યો.'

સુન્દર રાજા

અંગદેશની રાજધાની ધારાપુરમાં સુંદર નામનો રાજા રાજ્ય કરતો હતો. તે દેખાવે સાક્ષાત્ કામદેવ જેવો અને ચરિત્રમાં નિર્મળ હતો. તેને મદનવલ્લભા નામે એકમાત્ર રાણી હતી. તે પતિપરાયણ, શીલવતી અને સતી હતી. સુન્દર રાજા પણ એકપત્નીવ્રત પાળતો હતો.

રાજા સંતાન જેવી પ્રજાનું પાલન કરતો. તેની પ્રજા દરેક રીતે સુખી હતી. રાજાનો પ્રધાન પણ સ્વામીભક્ત, રાજભક્ત અને રાજા જેવો જ ધર્મનિષ્ઠ હતો. રાજાની રાણી મદનવલ્લભાએ પોતાની કૂખેથી કીર્તિપાલ અને મહિપાલ નામના બે પુત્રોને જન્મ આપ્યો. બંને માતાપિતાની આજ્ઞાનું પાલન કરનારા અને સદ્‌ગુણી હતા. રાજાની ન્યાયપ્રિયતા દિગંતમાં વ્યાપી ગઈ હતી.

એક વખત અર્ધી રાત્રે કુળદેવીએ પૂછ્યું : 'રાજા, જાગે છે કે સૂઈ ગયો ?' રાજાએ કહ્યું : 'માતેશ્વરી, સૂતો હોવા છતાં જાગું છું, શી આજ્ઞા છે ?' ઉદાસમુખી દેવી બોલી : 'રાજન્, હું તને સાવધાન કરવા આવી છું. તારી ઉપર સંકટ આવનાર છે. એ સંકટને ટાળવાની શક્તિ મારામાં નથી. એનું આવવું અનિવાર્ય છે. એ સંકટ આ વખતે જ આવવાનું છે. જો તું ઇચ્છે તો તેને વૃદ્ધાવસ્થા માટે ટાળી શકું એમ છું. યુવાવસ્થા સુખમાં વટાવ અને વૃદ્ધાવસ્થામાં વિપત્તિનો સામનો કરી લેજે.'

રાજાએ હાથ જોડીને કહ્યું : 'દેવી, જો તમારી શક્તિ તેને નષ્ટ કરવાની ન હોય તો તેને અત્યારે જ આવવા દો. કર્મો ભોગવવામાંથી કોઈ છૂટી શકતું નથી. હે દેવી, અત્યારે જે થવાનું હોય તે થવા દો. બુઢાપામાં દુઃખ સહન કરવાનું મુશ્કેલ બનશે. જુવાનીમાં બધાં સંકટ સહન કરી લઈશ.'

'જેવી તારી ઇચ્છા' એમ કહી દેવી અંતર્ધ્યાન થઈ ગઈ. રાજાએ બાકીની રાત જાગરણ કરી વિતાવી.

સવારે બ્રાહ્મમુહૂર્તે રાજા ઊઠ્યો. રાણી અને બંને પુત્રોને જગાડ્યાં. કુળદેવીએ કહેલી વાત બધાંને કહી. રાજાએ મૃત્યુ, શત્રુ અને વિપત્તિનું સ્વાગત કરવાનું કહ્યું.

રાણી મદનવલ્લભા અને બંને પુત્રોએ રાજાનું સમર્થન કર્યું. એ વખતે રાજાએ મંત્રીને બોલાવ્યો અને કહ્યું : 'મંત્રીવર, પ્રજાનું સંતાનની જેમ પાલન કરજો. જો જીવતો રહીશ તો ફરીથી મળીશું. મારી ચિંતા ન કરતા.'

મંત્રીએ રાજા-રાણી અને તેમના પુત્રોને વિદાય આપી. બધાંયને વળાવીને પાછા આવતાં મંત્રીએ કહ્યું : 'રાજન્ ધારાપુર નગરની પ્રજા પર રાજ્ય તો અંત સુધી તમારું જ રહેશે.' હું તો રાજ્યસિંહાસન પર તમારી ચરણપાદુકા મૂકીને આપનું પ્રતિનિધિત્વ જ કરીશ. પ્રજા તરફથી આપ નિશ્ચિંત રહેજો. કર્મોનો ક્ષય થતાં જ તમારાં દર્શન થશે તેમાં કોઈ સંદેહ નથી.'

રાજાને વળાવીને હજારો લોકો પણ પાછા વળ્યા. રાજા, રાણી અને બાળકોએ રાજ્યનાં વસ્ત્રો ત્યાગી દીધાં. સામાન્ય વસ્ત્રો ધારણ કર્યાં. ભૂલથી રાણીની આંગળીમાં સોનાની વીંટી રહી ગઈ હતી તે પણ કોઈકે ચોરી લીધી. રાતે કોઈ વૃક્ષ નીચે સૂઈ રહેતાં, દિવસે ચાલતાં. આમ, ચાલતાં ચાલતાં પૃથ્વીપુર નામના નગરમાં પહોંચી ગયાં. પૃથ્વીપુરમાં શ્રીસાર નામનો એક દયાળુ વણિક રહેતો હતો. શ્રીસારે પોતાને ત્યાં રાજાને તથા તેની રાણી અને પુત્રોને આશ્રય આપ્યો. રાજા પોતાના કુટુંબ સાથે એક મકાનમાં રહેવા લાગ્યો. રાણી શ્રીસાર શેઠને ત્યાં રહીને સેવા કરવા લાગી. ચારેયનું પેટ એમ ભરાવા લાગ્યું. શેઠને ત્યાં જે સમય વધતો તેમાં રાણી પડોશીઓને ત્યાં સેવાકાર્ય કરતી. આને કારણે પૃથ્વીપુરના બધા લોકો તેનો આદર કરતા.

રાજા પોતાના દિવસો આનંદપૂર્વક વિતાવતો હતો. શ્રીસાર શેઠને ત્યાં પોતાનો ગુજારો કરતાં રાજાને અનેક દિવસો વીતી ગયા.

એક વખત સોમદેવ નામનો વણઝારો પૃથ્વીપુર આવ્યો. તેણે નગરની બહાર એક બગીચામાં પોતાનો પડાવ નાંખ્યો. વણઝારો ભોજનસામગ્રી ખરીદવા શ્રીસાર શેઠની દુકાને આવ્યો. વણઝારાએ શેઠને કોઈ દાસી હોય તો તે અંગે પૂછપરછ કરી. શ્રીસારે વણઝારાના કામ માટે રાણીની સિફારશ કરી. રાજાની આજ્ઞા લઈ રાણી વણઝારાનું કામ કરવા તેના તંબૂ પર ગઈ.

રાણી મદનવલ્લભાને જોઈ વણઝારાનું મન ચલિત થયું. વણઝારાએ તેને અનેક લાલચો આપી પણ તેનું મન ચલિત ન થયું. રાણીએ તેનું કામ છોડી દીધું. રાણીનો વિચાર બદલાયાનું જોતાં વણઝારાએ રાણીને કામ કરવા રાજી કરી લીધી.

એક દિવસ મીઠા શબ્દો કહી વણઝારાએ રાણીને રાત્રે તંબૂ પર જ રોકી લીધી અને ચૂપચાપ ત્યાંથી પ્રસ્થાન કર્યું. વણઝારાએ માર્ગમાં પોતાનું વરવું સ્વરૂપ દર્શાવ્યું. સુમેરુ પર્વત ચલિત થાય છે, પણ સતીનું મન કદી ડગતું નથી. રાણીના

શીલની દૃઢતા જોઈ વણઝારો બળપ્રયોગ કરી શકતો નહોતો. તેણે વિચાર્યું કે રાણી મારી સાથે રહેશે તો, અને ક્યાંય સહારો નહીં મળે તો ઝખ મારીને તે મારી થઈને રહેશે. રાણી પોતાના સતીત્વની રક્ષા કરતી વણઝારાની જાળમાં ફસાઈને પોતાના દિવસો કાપવા લાગી.

આ બાજુ રાજા રાણીના વિયોગમાં ખૂબ દુઃખી રહેવા લાગ્યો, છતાં તે ગભરાયો નહીં. કારણ કે, તે જાણતો હતો કે દુઃખ ભોગવવાનું જ હોય તો હસીને શા માટે ન ભોગવવું ? અત્યાર સુધી રાજા રાણીની સેવાવૃત્તિથી પ્રાપ્ત થતાં ધન પર જ નભતો હતો. રાજાને બહુ દુઃખી અને નિરુપાય જોઈ શ્રીસારે કહ્યું : 'તમે દુઃખી શા માટે થાવ છો ? તમારા ખાવાપીવાની બધી વ્યવસ્થા હું કરીશ. હું જાણું છું કે તમે ક્ષત્રિય છો એટલા માટે મારા દાન પર નભવાનું નહીં ઇચ્છો. તમે આજથી કંઈક કામ કરો અને તમારા બંને છોકરાને પણ કંઈક કામ સોંપો.'

બીજા જ દિવસથી રાજા શ્રીસારની સૂચના અનુસાર કામ કરવા લાગ્યો. કીર્તિપાલ અને મહિપાલ પણ શેઠની આજ્ઞાનું પાલન કરતા હતા. તેના બદલામાં રાજા અને તેમના પુત્રોની ભોજનાદિ વ્યવસ્થા થઈ ગઈ. રાજા અને તેના પુત્રો પોતાની દિનચર્યાથી અને શ્રીસાર તેમના કામથી પ્રસન્ન હતા. રાજાના દિવસો ફરીથી એક ગતિમાં કપાવા લાગ્યા.

એક દિવસ શ્રીસાર પોતાની પુષ્પવાટિકામાં ગયો. તેણે જોયું કે કીર્તિપાલ અને મહિપાલ હાથમાં ધનુષ્ય-બાણ લઈ ઝાડ પર બેસી પક્ષીઓને નિશાન બનાવતા હતા. એ જોઈ શ્રીસાર ખૂબ ગુસ્સે થયો. એણે રાજાના પુત્રોનાં બાણ તરત જ તોડી નાંખ્યાં. અને બગીચાની બહાર કાઢી મૂક્યા. લાલ આંખ કરી રાજાને કહ્યું : 'તારા પુત્રો પાપી અને હિંસક છે. તું તારા પુત્રોને લઈને અહીંથી જતો રહે.'

શ્રીસારની વાત સાંભળીને રાજાને દુઃખ તો થયું, પણ જરાય આશ્ચર્ય ન થયું. રાજા જાણતો હતો કે જેમ જેમ પાપકર્મોનો ઉદય થશે તેમ તેમ ન થવાનું થશે, નવાં નવાં સંકટો આવશે. પરંતુ દયાળુ હૃદયવાળો શ્રીસાર શું આ અપરાધને ક્ષમા નહીં આપી શકે ? હવે ભાગ્ય જે કરાવશે તે જ કરવું પડશે. રાજાએ બંને છોકરાઓને સાથે લઈ પૃથ્વીપુરને નમસ્કાર કરી ચાલતી પકડી.

નસીબની ગતિ બહુ જ વિચિત્ર હોય છે. પરંતુ ધર્મનિષ્ઠ રાજા ધૈર્યથી સંકટોનો સામનો કરતો હતો.

દીકરાઓને લઈ રાજાએ લાંબો માર્ગ કાપી નાંખ્યો. માર્ગમાં એક નદી આવી. તે તરવી મુશ્કેલ હતી. રાજાએ એક છોકરાને સાથે લીધો અને બીજાને કિનારે જ રહેવા દીધો. રાજા એક છોકરાને મૂકીને બીજાને લેવા નીકળ્યો. રસ્તામાં જ રાજા નદીના જોરદાર પ્રવાહમાં તણાવા લાગ્યો. બંને કિનારે ઊભેલા રાજાના છોકરા રાજાને તણાતો જોઈ રહ્યા. એકાંતમાં એમને સાંભળનાર પણ કોઈ નહોતું. રાજા બંને પુત્રોની આંખોથી ઓઝલ થઈ ગયો. પરંતુ રાજાએ હજી આયુષ્ય ભોગવવાનું બાકી હતું. રાજાને લાકડાનો એક ટુકડો હાથ લાગી ગયો. તેની મદદથી તરતો તરતો તે કિનારે પહોંચ્યો. રાજા વિલાપ કરવા લાગ્યો. રાજાએ વિચાર્યું કે પોતાની ધર્મસંગિની મદનવલ્લભાને નસીબે છીનવી લીધી, શ્રીસારનો સહારો દૂર કર્યો. હવે પુત્રોને પણ પોતાનાથી અલગ કર્યા.

સુંદર રાજાએ વિવેક, ધૈર્ય અને ધર્મનો સાથ ન છોડ્યો. પૂરી તાકાતથી રાજાએ કમનસીબીનો સામનો કરવાનો નિશ્ચય કર્યો અને નદીના કિનારે કિનારે ચાલીને એક ગામમાં પહોંચ્યો. એક સજ્જને રાજાને પાણી પિવરાવ્યું અને તેનો પરિચય પૂછ્યો. પોતાનો પરિચય આપતાં રાજાએ કહ્યું : 'હું ક્ષત્રિય છું. પરિશ્રમ વગર હું પેટ ભરતો નથી. જો મને કોઈ કામ આપો તો મોટી કૃપા થશે.'

પેલા સજ્જનને એક આદમીની જરૂર હતી. તેણે રાજાને પોતાને ત્યાં રાખી લીધો. રાજા તેના ઘરનું કામ કરતો. તેના બદલામાં તેને ભોજન અને વસ્ત્ર મળતાં. તેથી રાજાની દેહકાંતિ ચમકવા લાગી. તેનું સ્વાસ્થ્ય સારું થઈ ગયું. રાજાનું સ્વાસ્થ્ય અને સુંદર રૂપ જોઈને ગૃહસ્વામિની કામાસક્ત થઈ ગઈ. તે વાસનાભરી વાતોથી પોતાની મોહજાળમાં ફસાવવાના પ્રયત્ન કરવા લાગી. ગૃહસ્વામિનીની આવી ચેષ્ટા જોઈ શીલવાન રાજા ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયો. રાજાએ ગૃહત્યાગ કરવાનો નિશ્ચય કરી લઈ ઘર છોડી ચાલવા લાગ્યો. આગળ જતાં રાજા ખૂબ થાકી ગયો. તેથી એક વૃક્ષની છાયામાં બેસી ભજન કરવા લાગ્યો. ત્યાં વૃક્ષ પર એક યક્ષિણી બેઠી હતી. તેની નજર રાજા પર પડી. યક્ષિણી રાજા પર મોહી પડી. રાજાને સંબોધન કરતાં યક્ષિણીએ કહ્યું : 'હે રૂપ-યૌવનના સ્વામી, કઈ ચિંતામાં બેઠા છો ? મારા વિમાનમાં બેસો અને જીવનનું ઐશ્વર્ય લૂંટો. જો તમે મારો પ્રસ્તાવ માનશો તો ઇચ્છિત વરદાન આપી તમારાં બધાં કષ્ટ દૂર કરી દઈશ, નહીં તો તમારે મારો કોપ સહન કરવો પડશે. તમને મુશ્કેલીમાં મૂકીને મારીશ.'

યક્ષિણીને સાંભળી રાજા તો ઘડીભર ગભરાઈ ગયો. તે વિચારવા લાગ્યો કે આ તો ઘરમાં દાઝેલ વનમાં ગયો તો વનમાં આગ લાગી. તેણે યક્ષિણીને કહ્યું : 'દેવી, પારકી સ્ત્રી મારા માટે માતા સમાન છે. હું એકપત્નીવ્રત છું. તેના વિયોગમાં મેં બ્રહ્મચર્યવ્રત પાળવાનો નિશ્ચય કર્યો છે.'

યક્ષિણી કામાંધ હતી. તેની ઉપર પ્રતિકૂળ પ્રભાવ પડ્યો. રાજાના અસ્વીકારથી તેને પોતાનું અપમાન લાગ્યું. તેણે ગુસ્સે થઈ નાગણીનું રૂપ લઈ રાજાને દંશ દીધો તેથી રાજાને

મૂર્છા આવી ગઈ. યક્ષિણી તેને વિમાનમાં ઉઠાવી ગઈ અને એક કૂવામાં ફેંકી દઈ પોતાના સ્થાને જતી રહી.

પણ જેનું આયુષ્ય બળવાન હોય તેને યમરાજ પણ મારી શકતા નથી. કૂવામાં થોડું જ પાણી હોવાથી રાજા મર્યો તો નહીં, ઊલટું પાણીમાં પડ્યા રહેવાથી તેનું ઝેર દૂર થઈ ગયું. રાજાએ આંખો ખોલી. કૂવામાં એને થોડો પ્રકાશ દેખાયો. રાજાએ તે જોયો. ત્યાં એક દરવાજો હતો. નવકાર મંત્ર કરતો કરતો રાજા એ દરવાજામાં પ્રવેશ્યો. ત્યાં પ્રવેશતાં જ તેને એક રસ્તો દેખાયો. તે રસ્તે જતાં રાજાએ એક મેદાન જોયું. મેદાનમાં તેણે એક દિવ્ય ભવન જોયું. રાજા તેમાં પ્રવેશ્યો તે મહેલમાં એક મોટી રંગશાળા હતા. રંગમંચ ઉપર એક નાટક થતું હતું. ઊંચા સિંહાસન પર બેઠેલ એક દેવ નાટક જોતો હતો. રાજા તેની નજીક ગયો અને પ્રણામ કર્યા. દેવે રાજાને જોઈ કહ્યું : 'તું અહીં કેવી રીતે પહોંચી ગયો ?'

રાજાએ ટૂંકમાં પોતાની રામકહાણી કહી. દેવે રાજાને પોતાની પાસે બેસાડ્યો. દેવે તેની પ્રશંસા કરતાં પૂછ્યું : 'હું તારાં શીલવ્રત અને બ્રહ્મચર્યથી ખૂબ ખુશ છું. બોલો, હું તમારી શી ઇચ્છા પૂરી કરી શકું.'

રાજાએ પૂછ્યું : 'દેવ, કૃપા કરી મને કહો કે હું મારી રાણી અને પુત્રોને ક્યારે મળી શકીશ. આ જન્મમાં હું એમને મળી શકીશ કે નહીં ?'

દેવ થોડી વાર મૌન રહ્યા. પછી રાજાને કહ્યું : 'હે ભદ્ર, શીલવાન પુરુષ માટે કંઈ દુર્લભ નથી. તારી રાણી અને પુત્રો તને મળશે જ. તારું રાજ્ય પણ તને જલ્દીથી મળશે.' આમ કહી દેવે રાજાને એક મણિ આપ્યો અને કહ્યું : 'હું તને એક રત્ન આપું છું, જે તારી બધી ચિંતાઓ દૂર કરશે.'

એ પછી દેવે રાજાને ત્યાં પહોંચાડી દીધો કે જ્યાં યક્ષિણી સાથે મુલાકાત થઈ હતી. ત્યાંથી તે ફરતો ફરતો શ્રીપુર નગર પાસે પહોંચી ગયો. ત્યાં નગર બહાર ઉદ્યાનમાં રાજા ઊંઘી ગયો.

આ તરફ શ્રીપુરના રાજાનું મૃત્યુ થઈ ગયું હતું. રાજા નિઃસંતાન અવસાન પામ્યો હતો. તેને કોઈ ઉત્તરાધિકારી પણ નહોતો. તેથી દેશની પ્રથા અનુસાર નવા રાજાની પસંદગી માટે હાથી, ઘોડા, છત્ર, ચામર અને કુંભ એ પાંચ દિવ્ય વસ્તુઓ સાથે નગરની ફેરી કરવામાં આવી. છેવટે પ્રધાન એ પાંચેય દિવ્યો સાથે ઉદ્યાનમાં આવ્યા. રાજા ગાઢ નિંદ્રામાં હતો. રાજાને જોતાં ઘોડા હણહણવા લાગ્યા, હાથી અવાજ કરવા લાગ્યા, કુંભમાંનું પાણી આપોઆપ જ રાજાને સ્નાન કરાવવા લાગ્યું. છત્ર જાતે જ રાજા ઉપર આવી ગયું. આ જોઈ સૌને આશ્ચર્ય થયું. તેઓ રાજાની પાસે પહોંચ્યા. રાજાને રાજચિહ્નો સાથે જોઈ મેદની 'શ્રીપુરના રાજાની જય'એમ બોલી ઊઠી. સુંદર રાજાને હાથી પર બેસાડી રાજમહેલ લઈ ગયા. ત્યાં વિધિપૂર્વક રાજાનો અભિષેક કરવામાં આવ્યો. ધારાપુરનો સુંદર રાજા શ્રીપુરના રાજસિંહાસનની શોભા વધારવા લાગ્યો. તે પ્રજાપાલન કરવા લાગ્યો. રાણીવાસ સૂનો હતો. રાજાને એકલો જોઈને મંત્રીઓ વગેરેએ વિવાહ કરવા સૂચવ્યું. રાજાએ હસીને ટાળ્યું. ઉપર ઉપરથી રાજા ખુશ હતો પણ અંદરખાને રાણી મદનવલ્લભા અને બંને પુત્રોના વિયોગથી ખૂબ દુઃખી હતો.

રાજાના બંને પુત્રો કીર્તિપાલ અને મહિપાલ રાજાના જવાથી રોતા હતા. સદ્નસીબે શ્રીપુર નગરનો કોટવાલ તે રસ્તે જ આવી રહ્યો હતો. પહેલાં તો તેણે બંને છોકરાને એક કિનારે ભેગા કર્યા અને પછી પોતાની સાથે લઈ આવ્યો. પોતાને ત્યાં બંનેને સિપાઈ તરીકે રાખી લીધા. બંને ભાઈઓ તેનાથી ખૂબ ખુશ થયા. બેયનું ભરણપોષણ સહેલાઈથી થવા લાગ્યું.

એ દિવસોમાં જ રાણી મદનવલ્લભાનું અપહરણ કરનાર સોમદેવ નામનો વણઝારો શ્રીપુર નગરની પાસે આવ્યો. તેણે નગર બહાર મુકામ કર્યો. બહુમૂલ્ય સામગ્રી લઈ તે રાજદરબારમાં આવ્યો. તેણે રાજાને ભેટ આપી વિનંતી કરી : 'રાજન્, હું આપની છત્રછાયામાં રોકાયો છું મારી રક્ષા માટે બે સિપાઈ આપશો તો આનંદ થશે.'

વણઝારાની પ્રાર્થના સાંભળી કોટવાળને બે સિપાઈ વણઝારાને આપવા આજ્ઞા કરી. કોટવાળે કીર્તિપાલ અને મહિપાલને સોમદેવ વણઝારાના મુકામ પર મોકલી આપ્યા. એક દિવસ પહેરો ભરતી વખતે પોતાના વીતેલા દિવસોની બંને ભાઈઓ ચર્ચા કરતા હતા. તેમને માતાપિતાની બહુ યાદ આવી. કોઈ વાર તેઓ બચપણનાં રાજસી સુખોની ચર્ચા કરતા, તો કોઈવાર માતાપિતાથી વિખૂટા પડવાની ઘટનાને યાદ કરી રડી પડતા.

રાણી મદનવલ્લભા વણઝારાને ત્યાં દાસીપણું કરી રહી હતી. તેનાથી તેની કાયા ક્ષીણ થઈ ગઈ હતી. તે પોતાના સતીત્વ પર અડગ હતી. જે વખતે કીર્તિપાલ, મહિપાલ અંદરોઅંદર વાત કરી રહ્યા હતા ત્યારે મદનવલ્લભા જાગતી હતી. તેણે પેલા કુમારોની વાતો સાંભળી. તેનું વાત્સલ્ય જાગી ઊઠ્યું. રાણી તંબૂમાંથી બહાર નીકળી અને બંને પુત્રોને હૈયા સાથે ચાંપી રડવા લાગી. માતાપુત્રોનો અવાજ સાંભળી સોમદેવ વણઝારાની આંખ ઊઘડી ગઈ. તે તંબૂની બહાર આવ્યો. તેણે બંને કુમારોને કહ્યું : 'હું કાલે તમારી ફરિયાદ રાજાને કરીશ. અહીં પહેરો ભરવા આવ્યા છો કે સેવકોને ભડકાવવા ? રાત્રે તમે મારી નોકરાણીને ફોસલાવી રહ્યા હતા.'

તે પછી વણઝારાએ રાણીને પણ ઠપકો આપ્યો. બીજે દિવસે સવારે વણઝારાએ રાજાને ફરિયાદ કરી : 'ગરીબ પરવર, કોટવાલ સાહેબે કોણ જાણે કેવા સિપાઈ મોકલ્યા છે. રાત્રે

પહેરો ભરતી વખતે તેઓ મારા નોકરોને ભડકાવે છે.'

રાજાએ કોટવાળને બોલાવ્યો અને વણઝારાની ફરિયાદ અંગે કહ્યું. કોટવાળે કહ્યું : 'રાજન્, આ બંને છોકરા રોજીરોટી માટે હેરાન થતા હતા. હમણાં થોડા દિવસ પહેલાં જ મેં તેમની નિયુક્તિ કરી છે. તે ખૂબ પ્રામાણિક અને કર્તવ્યનિષ્ઠ હતા. ખબર નથી કે કેમ તેમણે વણઝારાને ત્યાં પ્રતિકૂળ આચરણ કર્યું.'

રાજાએ નવા નિમાયેલા બંને સિપાઈઓને બોલાવ્યા. તેમને જોતાં જ તેની આંખો છલકાઈ ગઈ. પોતાના ભાવને છુપાવીને વણઝારા અને કોટવાળને વિદાય કરીને રાજાએ બંને કુમારોને એકાંતમાં લઈ જઈ હૃદયથી ભેટી લીધું. રાજાનો આવેગ ઓછો થયો ત્યારે કુમારોએ આપવીતી સંભળાવી. તે સાંભળીને રાજાને થયું કે નક્કી તે મારી પ્રાણપ્રિયા મદનવલ્લભા જ હશે. રાજાએ તરત જ મંત્રીને બોલાવીને કહ્યું : 'સોમદેવ વણઝારાના તંબૂમાં જે સ્ત્રી છે તેને સન્માન સાથે અહીં લઈ આવો. તે જો રાજી થઈને ન આવે તો ચૂપચાપ પાછા આવજો. તેની ઉપર દબાણ ન લાવશો.'

મંત્રી વણઝારાના તંબૂ પર ગયો. મદનવલ્લભાએ આવવાનો ઇન્કાર કર્યો. મંત્રી બોલ્યા વિના પાછો આવ્યો અને રાજાને કહ્યું : 'રાજન્, તે સ્ત્રી તો કોઈની તરફ જોતી પણ નથી, બોલતી પણ નથી. હાથના ઇશારાથી તેણે તમારા પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો.'

મંત્રીનો સંદેશો સાંભળી બગીચામાં ફરવા નિમિત્તે રાજા વણઝારાના તંબૂ પર ગયો. ત્યાં તેણે મેલાંઘેલાં વસ્ત્રોમાં રાણીને જોઈ. તેના કપાળમાં માત્ર ચાંદલો હતો. તેનું શરીર અત્યંત દૂબળું થઈ ગયું હતું. રાણીને જોઈ રાજાનું મન ભરાઈ આવ્યું. તેણે રાણીને સંબોધિત કરી : 'મદનવલ્લભા, શું તું પોતાના રાજાને નહીં મળે ?' રાણીએ રાજાનો અવાજ ઓળખ્યો.તે રાજાને ઓળખી તેના ચરણોમાં ઝૂકી ગઈ. રાજાએ રાણીને છાતીએ વળગાડી. બંને રાજી થઈ ગયાં. રાણીએ વિચાર્યું કે મારી ઉપર જે યાતનાઓ પડી તે તો મારાં કર્મોનું ફળ હતું. વણઝારો તો નિમિત્ત માત્ર હતો. રાણીએ અને રાજાએ વણઝારાને ક્ષમા આપી.

રાણી રાજા સાથે મહેલમાં આવી. રાજાનાં દુષ્કર્મોનો અંત આવી ગયો. દૈવે પોતાની માયા સમેટી લીધી. કુટુંબમેળાપ સમાચાર આખા શ્રીપુર નગરમાં પ્રસરી ગયા. જેટલી ખુશી રાજાને થઈ તેનાથી અધિક પ્રજાને થઈ. રાજાએ છૂટા હાથે દાન કરી બધાને ખુશ કર્યા.

રાજાના સમાચાર ધીરે ધીરે ધારાપુરમાં પહોંચી ગયા. સ્વામીભક્ત મંત્રીએ એક પત્ર લખી એક દૂત સાથે શ્રીપુર મોકલી આપ્યો. મંત્રીએ રાજાને પોતાનું રાજ્ય સંભાળી લેવા વિનંતી કરી હતી. રાજાએ શ્રીપુરનું રાજ્ય મોટા પુત્ર કીર્તિપાલને સોંપ્યું. નાના પુત્ર તથા રાણી મદનવલ્લભાને લઈ રાજા ધારાપુર નગરમાં આવ્યો. ત્યાં આવી તે શાંતિથી રાજ્ય કરવા લાગ્યો. રાજાને પોતાનું અને શ્રીપુરનું રાજ્ય મળ્યું હતું. થોડા દિવસ પછી ધારાપુરના બગીચામાં એક જ્ઞાની મુનિ આવ્યા. રાજા-રાણી મુનિનાં દર્શન કરવા ઉદ્યાનમાં ગયાં. રાજાએ તેમને પૂછ્યું : 'ભગવન્, કયાં પૂર્વનાં દુષ્કૃત્યોને કારણે મારી ઉપર આ સંકટ આવ્યું ?'

મુનિએ કહ્યું : 'રાજન્, પૂર્વજન્મમાં તું શંખ નામે મહાજન હતો. શ્રીમતી તારી સ્ત્રી હતી. તમે બંનેએ ગુરુના ઉપદેશથી પ્રભાવિત થઈ યુવાવસ્થામાં જ અનેક પુણ્યોનો સંચય કર્યો. પરંતુ વૃદ્ધાવસ્થામાં તમે ધર્મકાર્ય છોડી દીધું. યુવાવસ્થામાં તમે જે પુણ્યોપાર્જન કર્યું હતું તેને કારણે તમને રાજ્ય વગેરે વૈભવ પ્રાપ્ત થયો હતો. પરંતુ વૃદ્ધાવસ્થામાં ધર્મવિમુખતાને કારણે તમારું રાજપાટ છિનવાઈ ગયું, સ્ત્રી અને પુત્રો વિખૂટાં પડ્યાં. પરંતુ તમે બંનેએ શીલવ્રતનું પાલન કરેલું તેથી ફરીથી રાજ્ય પ્રાપ્ત થયું.

અંતે દંપતીએ સ્વર્ગ પ્રાપ્ત ખર્યું.

કુલપુત્ર મહાબલ

શ્રીપુર નગરમાં મહાપ્રતાપી રાજા માનમર્દન રાજ્ય કરતો હતો. રાજાને કર્મફળ ઉપર ઓછો, પરંતુ પોતાની શક્તિ અને સામર્થ્ય પર વધારે વિશ્વાસ હતો. તેની તલવારની ધાર તેજ હતી તેથી તે માનતો કે દૈવ મારું કશું બગાડી શકે તેમ નથી.

આ શ્રીપુર નગરમાં મહાબલ નામનો એક કુલપુત્ર રહેતો હતો. તેનાં માતાપિતા નાનપણમાં જ મરી ગયાં હતાં. મહાબલનું પાલનપોષણ મુક્ત વાતાવરણમાં થયું હતું તેથી તેનું શરીર બળવાન હતું. તેને સારા-ખોટાનો તફાવત બતાવનાર કોઈ નહોતું તેથી તેને જે સારું લાગતું તે કરતો. અરક્ષિત વ્યક્તિને વ્યસનો જલ્દી પકડી લે છે. મહાબલ જુગાર, માંસાહાર, મદિરાપાન, વેશ્યાગમન, શિકાર, ચોરી, અન્યની સ્ત્રી વડે સેવા-આ સાત વ્યસનોથી લપેટાઈ ગયો.

આ સાતેય વ્યસનોમાંથી મહાબલને વિશેષ આકર્ષણ ચોરી પ્રત્યે હતું કારણ કે અન્ય છ વ્યસનો માટે જે ધન જોઈતું હતું તે ચોરીથી જ મળતું.

એક રાત્રે મહાબલ એક વેપારીને ત્યાં ચોરી કરવા ગયો. તેણે ખુલ્લા દરવાજામાંથી અંદર જોયું તો એક દોકડાની ભૂલ માટે તે પોતાના પુત્ર સાથે લડી રહ્યો હતો. તેણે વિચાર્યું કે જો હું આના ધનની ચોરી કરીશ તો તેને બહુ દુઃખ થશે. તેને કારણે તે પોતાના પ્રાણ પણ આપી દે. હું આવી વ્યક્તિનું ધન

લઈશ નહીં. આમ તેણે વેપારીને ત્યાં ચોરી કરવાનો વિચાર માંડી વાળ્યો. તે કામસેના વેશ્યાને ત્યાં પહોંચ્યો. પોતાની દેહકાંતિથી તે પોતાના મહેલમાં અજવાળું પાથરી રહી હતી, પરંતુ ધનલોલુપતાને કારણે તે એક કોઢિયા પુરુષને વળગી રહી હતી. તે જોઈ કુલપુત્ર મહાબલે નફરતથી આંખો ફેરવી લીધી. પછી તે રાજમહેલ તરફ ગયો. રાજા-રાણી મહેલમાં નિરાંતથી ઊંઘતાં હતાં. મહાબલે ખૂબ રત્નો, આભૂષણો વગેરે ભેગાં કર્યાં. તે જેવો ચોરીનો સામાન લઈને ચાલવા માંડ્યો. કે તરત જ એક સાપને દરવાજાના છિદ્રમાંથી અંદર આવતો જોયો. સાપની ગતિવિધિ જોવા મહાબલ એક ખૂણામાં છુપાઈ ગયો. રાણીના વાળ પલંગની નીચે લટકી રહ્યા હતા. તેની સહાયથી સાપ ઉપર ચઢી રાણીના હાથને દંશ દઈ ચાલતો થયો. મહાબલ દરવાજો ખોલી તેની પાછળ પાછળ ચાલતો થયો. મહેલની બહાર નીકળતાં જ સર્પે બળદનું રૂપ ધારણ કર્યું. દ્વારપાળે દંડો ઉગામ્યો, તો બળદે દ્વારપાલને શીંગડાં પર ઉઠાવી ફેંકીને મારી નાખ્યો. મહાબલે બળદનું પૂછડું પકડી લીધું. બળદે માનવવાણીમાં કહ્યું : 'તું મારું પૂછડું છોડી દે. મેં તારું શું બગાડ્યું છે ?'

મહાબલે કહ્યું : 'પહેલાં તું મને એ કહે કે તેં આ પ્રાણીઓને શા માટે માર્યાં છે ? જો તું મારા પ્રશ્નનો ઉત્તર આપીશ તો તને છોડી દઈશ.'

મહાબલની વાત સાંભળી બળદે કહ્યું : 'હું નાગકુમાર દેવ છું. આ રાણી અને આ દ્વારપાળ મારાં પૂર્વજન્મનાં વેરી હતાં. એમને મારીને મેં બદલો લીધો છે.' બળદનું પૂંછડું છોડતાં મહાબલે એ પૂછ્યું : 'હે દેવ, કૃપા કરીને એટલું કહો કે મારું મૃત્યુ કેવી રીતે થશે ?'

નાગકુમારે કહ્યું : 'એ જાણીને દુઃખ થશે, સમગ્ર જીવન ભય અને ગભરાટમાં વીતશે. તેથી કંઈ ન પૂછો. તારા મૃત્યુનું કારણ અજાણ જ રહેવા દે.'

એ સાંભળી મહાબલે આગ્રહથી મૃત્યુ વિશે જાણવા ઉત્સુકતા બતાવતાં કહ્યું : 'દેવ, મારા મૃત્યુનો હેતુ બતાવી દો.' બળદરૂપી દેવે કહ્યું : 'તો સાંભળ, આ નગરના રાજમાર્ગ પર જે વટવૃક્ષ છે તેની ડાળી પર લટકવાથી તારું મૃત્યુ થશે.'

મહાબલે પૂછ્યું : 'દેવ, આનું પ્રમાણ કંઈ આપશો ?' બળદરૂપી દેવે હસીને કહ્યું : 'મૂર્ખ, દૈવગતિને કોઈ ટાળી શકતું નથી. છતાં મારા કથનના પ્રમાણરૂપે કાલે થનારી એક ઘટના આજે બતાવી દઉં છું. કાલે રાજમહેલની એક અટારીએથી એક સુથાર પડશે અને તેનું મૃત્યુ થઈ જશે. જો આવું થાય તો માનજે કે મારું કથન ચોક્કસ છે.'

આટલું કહીને નાગકુમાર દેવ અદૃશ્ય થઈ ગયો. મહાબલ પોતાને ઘેર આવ્યો. બીજે દિવસે મહાબલ સવારથી જ રાજમહેલની આજુબાજુ આંટા મારવા લાગ્યો. રાજમહેલના શિખર ઉપર કેટલાય મજૂરો કામ કરી રહ્યા હતા. એમાં એક સુથાર હતો. સુથાર એક જગ્યાએ ખીલો ઠોકી રહ્યો હતો. તેના હાથમાંથી હથોડો છટક્યો, તેના ઝટકાથી તેનો પગ લપસ્યો અને તે નીચે પટકાયો. તેની આંખો ફાટી ગઈ. સુથારની દશા જોઈ મહાબલ ખૂબ ગભરાયો. તેને ખાવાપીવાનું પણ સારું લાગતું નહોતું.

મહાબલે વિચાર્યું કે જો હું આ સ્થાન છોડી દૂર ચાલ્યો જાઉં તો આ વટવૃક્ષની છાયા પણ મારા પર નહીં પડે. પછી હું કેવી રીતે મરીશ ? મહાબલ એટલું પણ નહોતો સમજતો કે મોત ગમે ત્યાં ખેંચી જાય છે. મહાબલ નગરથી દૂર એક નદી કિનારે પહોંચ્યો. ત્યાં તેણે એક તાપસના દર્શન કર્યાં. તેને જોઈ મહાબલે વિચાર્યું કે જો હું સંન્યાસ લઈને તપ કરું તો બધા અનર્થોથી બચી જાઉં. તેણે પેલા તાપસને ગુરુ માની તપ કર્યું. થોડા દિવસ પછી મહાબલના ગુરુ મૃત્યુ પામ્યા. હવે તે મઠમાં રહીને અજ્ઞાતપણે તપ કરવા લાગ્યો. એમ કરતાં ઘણાં વર્ષ વીતી ગયાં.

શ્રીપુરના રાજા માનમર્દનને ત્યાં એક ચોરે રત્નોની ચોરી કરી. ચોરો રત્નોની પેટી લઈને ભાગ્યા. મહેલમાં ખબર પડી ગઈ. સિપાઈઓએ ચોરોનો પીછો કર્યો. ચોરો દોડતા દોડતા મહાબલના મઠ સુધી પહોંચી ગયા. મઠની બહાર મહાબલ ધ્યાનમાં બેઠો હતો. ચોરોએ તેની પાસે જ રત્નોની પેટી મૂકી દીધી. મહાબલે તે પેટી જોઈ તો ખુશ થઈ ગયો. મહાબલ ચોરમાંથી તાપસ બન્યો, છતાં ધન પ્રત્યેની તેની આસક્તિ ઘટી નહીં. મહાબલ રત્નોની પેટી ઉઠાવીને મઠમાં જવા લાગ્યો કે સિપાઈઓએ તેને પડકારી ઊભો રાખ્યો.

સિપાઈઓએ મહાબલને બાંધી લીધો અને રાજા પાસે લઈ ગયા. મહાબલને પોતાનું મૃત્યુ નજીક લાગ્યું રાજમાર્ગના જે વટવૃક્ષને છોડીને તે ભાગ્યો હતો તેની પાસે જ સિપાઈઓ લઈ જવા લાગ્યા. હવે કોઈ મહાબલની રક્ષા કરી શકે એમ નહોતું.

મહાબલને બબડતો જોઈ સિપાઈઓ પૂછવા લાગ્યા કે તે શું કહી રહ્યો છે ? મહાબલ ઉત્તર આપ્યા વગર ચૂપચાપ ચાલ્યો જતો હતો. રાજમહેલ આવી ગયો. રાજા દરબાર ભરીને બેઠો હતો. સિપાઈઓએ રત્નપેટીની સાથે મહાબલને રાજા સમક્ષ ઉપસ્થિત કર્યો અને કહ્યું : 'મહારાજ, આ બગભગત હાથ આવ્યો છે. અત્યાર સુધી શ્રીપુરનાં ઘરોમાં ખૂબ ચોરીઓ કરી. હવે રાજમહેલોમાં હાથ અજમાવ્યો અને પકડાઈ ગયો.'

રાજા માનમર્દન તો તેના મુખમંડલને જોઈ રહ્યા, કારણ

કે તેની ઉપર તપનો પ્રભાવ તો હતો. રાજાનું મન તેને ચોર માનવા તૈયાર ન હતું. તેથી રાજાએ પૂછ્યું :

'આ વેશ ને આ કર્મ ! ધર્મ-કર્મનો આ મેળ કેવી રીતે બેઠો ?' એક રહસ્યભર્યા હાસ્ય સાથે મહાબલ બોલ્યો, 'રાજન્ વેશ અને કર્મનો કોઈ પ્રશ્ન જ નથી. ઉચિત અનુચિતનો પણ કોઈ પ્રશ્ન નથી. કર્મોની ગતિ ખૂબ વિચિત્ર છે.'

મહાબલની અટપટી અને વિચિત્ર વાણી સાંભળી રાજાને આશ્ચર્ય થયું. તેણે મહાબલને બંધનમુક્ત કરાવ્યો.

મહાબલે રાજમહેલમાં ચોરી કરવાની વાત, સાપ દ્વારા રાણીને કરડવાનું, નાગકુમાર દેવ મારફત બળદના રૂપમાં દ્વારપાલને મારવાની વાત, સુથારની રાજમહેલ પરથી પડી ને મરી જવાની ભવિષ્યવાણી અને મહાબલના મૃત્યુનું કારણ વડના ઝાડની ડાળીએ લટકવાનું વગેરે બધું જ આરંભથી અંત સુધી સવિસ્તાર વર્ણવી દીધું. અંતમાં તેણે બતાવ્યું કે કર્મના પ્રભાવથી જ ચોર રત્નપેટી પોતાની પાસે છોડી ગયો અને આપના સિપાઈઓ તેને પકડી લાવ્યા.

આ બધી વાત સાંભળી રાજા ગંભીર થઈ ગયો. પછી રાણીને યાદ કરી રડી પડ્યો. તેને દૈવ પર ગુસ્સો આવી ગયો. તેણે દૈવને પડકાર કરતાં કહ્યું : 'હે કરાલ દૈવ, તું બાળક, સ્ત્રી અને વૃદ્ધને હણવામાં પણ ચૂકતું નથી. તારી પ્રેરણાથી જ નાગકુમાર દેવે મારી સ્ત્રીને દંશ દીધો, તારા કહેવાથી જ તેણે બળદ થઈને મારા દ્વારપાળને માર્યો, હવે મહાબલને પણ વડની ડાળીએ લટકાવીને મારવા માગે છે. પરંતુ હવે તારું ચાલશે નહીં. મારું નામ પણ માનમર્દન છે. જો હવે મહાબલ પર તારું ચક્ર ચાલે તો તને સાચો વીર સમજું.'

પછી મહાબલને રાજાએ પોતાની પાસે રાખી લીધો. રાજા તેની પુત્રવત્ દેખભાળ રાખવા લાગ્યો. મહાબલ પણ આનંદથી રહેવા લાગ્યો. ખાવાપીવાના અને પત્નીના સુખમાં મહાબલ વડની શાખાને ભૂલી ગયો. પરંતુ જ્યારે તેની નજર વડના વૃક્ષ પર પડતી ત્યારે તેને નાગકુમાર દેવની યાદ આવી જતી અને મૃત્યુના ભયથી ગભરાઈ જતો. તેણે એક દિવસ રાજાને કહ્યું : 'રાજન્, રાજમાર્ગ પર ઊભેલા વડના ઝાડને જોઉં છું ત્યારે મૃત્યુના ભયથી કંપી જાઉં છું. તેથી મને અહીંથી ક્યાંક દૂર મોકલી આપો જેથી હું આ વૃક્ષને જોઈ ન શકું.'

રાજાએ કહ્યું : 'મહાબલ, તું નકામો ચિંતા કરે છે. તારી રક્ષાનો ભાર હવે મારા પર છે. હવે નસીબ તારું કંઈ બગાડી શકશે નહીં. તું નિશ્ચિંત થઈ જીવનનાં સુખો ભોગવ.'

રાજાની વાત સાંભળી મહાબલને આશ્વાસન મળ્યું. હવે મહાબલ વડના ઝાડના ભયને લગભગ ભૂલી ગયો. પરંતુ દૈવની માયાનો કોણ પાર પામી શક્યો છે ? તેની ગતિ વિચિત્ર છે.

પરંતુ નસીબે મહાબલને વટવૃક્ષ પાસે લઈ જવાનો નિશ્ચય કર્યો અને પોતાની અદશ્ય જાળ ફેલાવી દીધી.

રાજા માનમર્દને બગીચામાં ભ્રમણ કરવાનો વિચાર કર્યો અને મહાબલને સાથે લેવાનો નિશ્ચય કર્યો. રાજાના કહેવાથી મહાબલ વસ્ત્રાભૂષણ પહેરી તૈયાર થયો. ગળામાં સોનાની માળા તેણે વિશેષ રીતે પહેરી. રાજા અને મહાબલ પોતપોતાના અશ્વો પર સવાર થઈને મહેલની બહાર નીકળ્યા તે વખતે મહાબલની પત્નીએ તેને કોઈ કાર્યવશાત્ રોક્યો. જ્યારે મહાબલ પત્ની સાથે વાત કરીને નીકળ્યો ત્યારે રાજાનો ઘોડો દૂર નીકળી ગયો હતો. રાજાને પકડી પાડવા મહાબલે પોતાના ઘોડાને ઝડપથી દોડાવ્યો. ઘોડો દોડતો હતો તે વખતે વિશાલ વટવૃક્ષને જોઈ મહાબલે ઘોડાને ઘણા ચાબૂક માર્યા. ઝડપથી દોડતા ઘોડાને જ્યારે ચાબૂક વાગ્યા ત્યારે વટવૃક્ષ પાસે આવતાં આવતાં તે ઊંચો ઊછળ્યો. જેવો ઘોડો ઊછળ્યો કે તરત જ મહાબલના ગળાની સાંકળ વટવૃક્ષની એક ડાળીમાં ભરાઈ ગઈ. ઘોડો જતો રહ્યો, મહાબલ ડાળી સાથે લટકતો રહ્યો. તે ફાંસીનો ફંદો બની ગઈ અને મહાબલ મૃત્યુ પામ્યો.

પેલી તરફ રાજા આગળ જઈને રોકાયો. તે મહાબલની રાહ જોવા લાગ્યો. ઘણો સમય વીતી ગયા પછી રાજા પાછો ફર્યો. તેણે મહાબલ ક્યાં રોકાયો તે જોવા પ્રયત્ન કર્યો. રાજા ફાટેલ આંખે મહાબલને વૃક્ષની ડાળીએ લટકતો જોઈ રહ્યો. રાજમહેલના કર્મચારીઓએ આવી મહાબલને નીચે ઉતાર્યો. પોતાનો પરાજય સ્વીકારતાં રાજાએ કહ્યું : 'હે નિષ્ઠુર દૈવ, તું જીતી ગયું. મેં મહાબલની રક્ષાનો ભાર લીધો હતો પણ સમર્થ હોવા છતાં હું તેની રક્ષા કરી શક્યો નહીં. મારી બુદ્ધિમાં એ ન ઊતર્યું કે આ વટવૃક્ષને કપાવી નાંખું. મહાબલની ભેટ તને આપીને મારી બુદ્ધિમાં એ આવ્યું કે મારે આ વૃક્ષ કપાવી નાખવું. મારી બધી જ તાકાત વ્યર્થ ગઈ. હું મહાબલના મૃત્યુનો હેતુ જાણતો હોવા છતાં તેની રક્ષા ન કરી શક્યો.'

રોતાં રોતાં રાજાએ વિચાર્યું : 'હું કેટલો અહંકારી છું. અહંકારથી ઘેરાયેલા મેં મહાબલની રક્ષાનો ભાર લીધો. પરંતુ નસીબની વિરુદ્ધમાં હું કંઈ કરી શક્યો નહીં. મૃત્યુને કોઈ જીતી શક્યું નથી છતાં મેં મહાબલને બચાવવાનું અભિમાન કર્યું.'

મહાબલનો અગ્નિસંસ્કાર થઈ ગયો. રાજાને રાજમહેલ અને આ સંસાર કારાગાર જેવા લાગવા માંડ્યા. તેનું મન ચારિત્ર ગ્રહણ કરવા તૈયાર થઈ ગયું.

એક દિવસ રાજાની વૈરાગ્યવૃત્તિ ફળી. તેના નસીબે નંદનવનમાં બે જંઘાચરણ મુનિઓનું આગમન થયું. રાજા તેમનાં

દર્શને ગયો. રાજાની મુખમુદ્રા જોઈ મુનિ તેના મનના ભાવ પામી ગયા. તેમણે ધર્મસભામાં દેશના આપતાં કહ્યું : 'શુભ આત્માઓ, ભાગ્યને ઠપકો આપવો એ જંગલમાં રડવા સમાન છે. આ જીવ અશરણ છે. આમાંથી બચવાનો એકમાત્ર ઉપચાર શુભ કર્મ છે. કોઈપણ કર્મને નાનું ન સમજવું જોઈએ. દેહ અને આત્માને અલગ સમજીને આત્મકલ્યાણ કરવું જોઈએ.'

મુનિની વાણી સાંભળી રાજાને પ્રતિબોધ થયો. તેણે ચારિત્ર ગ્રહણ કરી લીધું. તપસાધના દ્વારા તેણે પોતાનાં કર્મોનો ક્ષય કર્યો અને મરણ પામીને મોક્ષ પ્રાપ્ત કર્યો.

શ્રેષ્ઠિ-પુત્રી પદ્મિની

વારાણસી નગરીના શેઠ કમઠની પુત્રી પદ્મિની કપટની ખાણ હતી. તે મિષ્ટભાષી હતી. તેનો વ્યવહાર 'દગાબાજ બેગણો નમે' એ કહેવતને ચરિતાર્થ કરે તેવો હતો.

પદ્મિનીનાં માતાપિતા તેને હંમેશા પોતાની પાસે રાખવા ઇચ્છતાં હતાં. તેથી તેનો વિવાહ ચન્દ્ર નામના એક પરદેશી વણિક સાથે એ શરતે કરવામાં આવ્યો કે તે ઘરજમાઈ બનીને રહે. ચન્દ્રને એમાં કોઈ વાંધો નહોતો કારણ કે તે ગરીબ હતો. વળી કમઠ શેઠની એકની એક છોકરી સાથે તેનો વિવાહ થવાથી તેમની સંપૂર્ણ સંપત્તિનો ઉત્તરાધિકારી થઈ ગયો. તે કમઠ શેઠને ત્યાં જ રહેવા લાગ્યો. તે પદ્મિનીની કપટભક્તિથી ખૂબ પ્રસન્ન રહેતો.

પદ્મિનીના પિતા પણ ગુજરી ગયા. પિતાના મરણ બાદ બે-ત્રણ મહિને માતા પણ પરલોક સિધાવી ગઈ. લોકોને દેખાડવા પદ્મિની ખૂબ રડી, પણ મનમાં તો તે ખૂબ પ્રસન્ન હતી. કારણ કે માતાપિતાનો અંકુશ પણ તેના માથા પરથી દૂર થયો.

હવે તો તેનામાં પતિભક્તિનું મોજું ઊમટી પડ્યું. સાથે સાથે પોતાના શીલની પણ ધાક જમાવતી રહી. તેનો પતિ તેને ચારિત્રવાન સમજતો હતો. આ તેનો બાહ્ય વ્યવહાર હતો. પરંતુ પતિની ગેરહાજરીમાં તે અન્ય પુરુષ સાથે અનાચાર કરતી.

પુત્રને જન્મ આપ્યા પછી તો તેણે તેને સ્તનપાન કરાવવાનો ઇન્કાર એટલા માટે કરી દીધો કે તેના શરીરને કોઈ પરપુરુષે સ્પર્શ પણ કર્યો નહોતો. તો પછી બાળકને સ્તનપાન કેવી રીતે કરાવે ? તેના પતિએ જ્યારે તેનું કારણ પૂછ્યું ત્યારે તેણે જણાવ્યું : 'બાળક પુરુષ છે. તે જો તેના અંગને સ્પર્શ કરે તો તેનું સતીત્વ દૂષિત થાય.'

ચન્દ્ર શેઠને આનાથી આશ્ચર્ય થયું. તેણે વિચાર્યું કે બધી સતીઓએ પોતાના પુત્રોને સ્તનપાન કરાવ્યું છે છતાં તેમનું સતીત્વ દૂષિત થયું નથી. પદ્મિનીએ પોતાના પતિને એના પાલન માટે અન્ય વ્યવસ્થા કરવાનું કહ્યું. તેણે તો પોતાનાં અંગોને કોઈ પુરુષનો સ્પર્શ કરવા દેવાની ના પાડી. પતિએ પ્રશ્ન કર્યો કે માતાનું સ્થાન કોણ લઈ શકે ? ત્યારે પદ્મિનીએ ધાવમાતાની વ્યવસ્થા કરવા કહ્યું.

તે જ્યારે પોતાની પત્નીના વ્યવહાર પર વિચારવા લાગ્યો ત્યારે તે તેને સતી જ નહીં, મહાસતી લાગી. તેની પત્ની જ સાચી સતી અને સત્યરિત્ર લાગી. તેનાં તન-મન બંને પવિત્ર છે એવું લાગ્યું.

તેણે પોતાના બાળકનું પાલન કરવા ધાવ-માતા રાખી લીધી.

ચન્દ્ર શેઠની ભાવના જેટલી પવિત્ર હતી તેટલી અપવિત્ર પદ્મિનીની હતી. પદ્મિની પોતાનાં રૂપ અને યૌવનને સ્થાયી રાખવા માગતી હતી. વળી તે પોતાના પતિ ઉપર ધાક પણ જમાવવા માગતી હતી. તેનું એ નાટક સફળ થયું અને તેના બંને ઉદ્દેશ પૂરા થયા.

બાળ ધાવમાતા પાસે રહેતું અને પતિ દિવસભર પોતાની દુકાન પર. તેથી પદ્મિનીનું અનાચાર સેવન ચાલતું રહેતું.

ચન્દ્ર શેઠે પોતાની દુકાનની આગળ ઘાસનું છાપરું બનાવ્યું હતું જેથી ત્યાંથી પસાર થતો કોઈ મુસાફર ત્યાં બેઘડી આરામ કરી લેતો. એક દિવસ બપોરે ચન્દ્ર શેઠ દુકાન પર બેઠા હતા. એવામાં એક બ્રાહ્મણ આવ્યો. આડીઅવળી વાતો કરતાં ચન્દ્ર શેઠને ખ્યાલ આવ્યો કે બ્રાહ્મણ બ્રહ્મચારી છે. પછી તે બ્રાહ્મણ જતો રહ્યો. ચન્દ્ર શેઠ તેના વિચારમાં ડૂબેલા હતા ત્યાં પેલો બ્રાહ્મણ પાછો આવ્યો અને કહેવા લાગ્યો કે તમારા છાપરાનો એક ટુકડો મારા માથા પર પડ્યો હતો. મને ખબર નહોતી. થોડે દૂર ગયા પછી મને ખબર પડી તો તે પાછું આપવા આવ્યો છું.

શેઠે કહ્યું : 'માત્ર એક સળી જ હતી ને ? ગમે ત્યાં ફેંકી દેવી હતી.'

પેલાએ કહ્યું : 'કંઈ આપ્યા વિના મેં એક સળી પણ લીધી નથી. મારો નિયમભંગ થાય.' બ્રાહ્મણે કટારી કાઢીને પોતાની ગરદન પર મૂકી. ત્યારે ચન્દ્ર શેઠે પોતાને પાપી ન બનાવવા કહ્યું : 'અજાણપણે તમારા માથે એક તણખલું પડ્યું. અજાણપણે થયેલા પાપનું આટલું મોટું પ્રાયશ્ચિત !'

ખૂબ સમજાવ્યા પછી બ્રાહ્મણે છરી હટાવી અને ત્યાં જ નિરાશ મુદ્રામાં બેસી ગયો.

ચન્દ્ર શેઠે આવા પવિત્ર બ્રાહ્મણને પોતાના ઘરમાં રાખવા વિચાર્યું. તેણે બ્રાહ્મણને કહ્યું : 'તમે મારા ઘેર રહો,

મારું ઘર પવિત્ર થઈ જશે.' બ્રાહ્મણે જવાબ આપ્યો : 'શેઠજી, હું તો બ્રહ્મચારી છું. અમારા જેવા માટે વન જ ઠીક છે.' ચન્દ્ર શેઠે કહ્યું : 'તમારા જેવાથી અમારા જેવા ગૃહસ્થોને અવશ્ય લાભ થશે.' બ્રાહ્મણે સ્ત્રી તો બ્રહ્મચારી માટે ઝેર સમાન હોવાનું કહ્યું. શેઠે કહ્યું : 'ઝેરનો પ્રયોગ કરવામાં આવે ત્યારે જ તે દુષ્પ્રભાવ બતાવે. મારી સ્ત્રી તો પરમ સતી છે માટે તમારી સાધનામાં કોઈ વિઘ્ન નહીં આવે.' શેઠે બહુ આગ્રહ કર્યો તેથી બ્રાહ્મણ ત્યાં રહેવા લાગ્યો.

બ્રાહ્મણના ઘરમાં રહેવાથી પદ્મિનીને અત્યંત સગવડ થઈ ગઈ. બંને વચ્ચે ગાઢ સંબંધ બંધાયો. ચન્દ્ર શેઠ આખો દિવસ દુકાને બેસીને દ્રવ્યોપાર્જન કરતા તો તેમની પત્ની અને બ્રાહ્મણ રંગરેલિયાં મનાવવા લાગ્યાં.

એક વાર ચન્દ્ર શેઠ વેપારાર્થે કુસુમપુર ગયા. નગરની બહાર જ ડેરા નાખ્યા અને વિશ્રામ માટે સૂઈ ગયા. કુસુમપુરની બહાર એક બગીચો હતો. તેમાં એક પક્ષી જોવા મળ્યું. તે લાકડા જેવું નિશ્ચેષ્ટ હતું. લોકો એને તપસ્વી સમજતા. લોકો એની પૂજા કરવા લાગ્યા. લોકોના દેખતાં તે પક્ષી નિશ્ચેષ્ટ બેઠું રહેતું પરંતુ એકાંત મળતાં જ તે બીજાં પક્ષીઓના માળામાં ઘૂસી જતું અને ઈંડાઓ ખાઈ જતું.

આ જોઈ ચન્દ્ર શેઠને આશ્ચર્ય થયું. તે પક્ષીના ઢોંગ પર વિચાર કરી રહ્યો હતો એવામાં જ કેટલીક છોકરીઓના હસવાનો અવાજ આવ્યો. તેની નજર ત્યાં ગઈ. બગીચામાં રાજકુમારીને એક તાપસ દેખાયો. તે કાયોત્સર્ગ મુદ્રામાં ઊભો હતો. રાજકુમારી સખીઓને છોડીને એકલી જ વંદન કરવા ગઈ. રાજકુમારી વંદન કરવા ઝૂકી કે તરત જ તાપસે તેનું ડોકું મરડી નાખ્યું. તે નિર્જીવ થઈ ગઈ. તાપસે ઝડપથી તેના દાગીના ઉતારી લઈ એક ખાડામાં દાટી દીધા. પછી તે ત્યાંથી દૂર જઈ એક વૃક્ષની નીચે કાયોત્સર્ગ મુદ્રામાં ઊભો રહી ગયો.

તાપસનું આ ઘોર કર્મ જોઈ ચંદ્ર શેઠ ચોંકી ગયા. તે શિબિરમાં પાછા આવી ગયા.

રાજપુત્રી અચાનક ગુમ થઈ જવાથી તેની તપાસ શરૂ થઈ. રાજાએ એની પુત્રીને શોધી આપનારને એક હજાર સુવર્ણમુદ્રાઓનો પુરસ્કાર આપવાની ઘોષણા કરી. રાજસેવકો તપાસ કરતા કરતા ચન્દ્ર શેઠ પાસે આવ્યા ત્યારે તેમણે બધું જ કહી દીધું. રાજપુત્રીનું નિર્જીવ શરીર રાજસેવકોનું મળ્યું. તેમણે અપરાધી તાપસને રાજા સમક્ષ રજૂ કર્યો. રાજાએ તેને મોતની સજા કરી.

આ બંને ઘટનાઓથી ચન્દ્ર શેઠ હચમચી ગયા. તેમને લાગ્યું કે સદાચાર અને ધર્મકર્મ તો જેટલો વધારે દેખાય તેટલો જ અધિક ઢોંગ અને પાખંડ. વિચાર કરતાં કરતાં તેનો વિચાર પ્રવાહ પોતાની પત્ની અને બ્રહ્મચારી બ્રાહ્મણ તરફ ગયો. પોતાની પત્નીએ પુત્રને સ્તનપાન કરાવવાની પાડેલી 'ના' અને બ્રાહ્મણના માથા પર પડેલી એક સળી પાછી આપવી. આ બંનેના અતિઆચાર શંકાસ્પદ છે. એણે નિર્ણય કર્યો કે બંનેને છુપાઈને જોવાં.

તે પછી પોતાનો સાર્થ લઈ વારાણસી પાછો આવ્યો. તે નગરીની બહાર પ્રથમ પહોરે પહોંચ્યો. તે સાર્થને ત્યાં જ છોડીને એકલો જ ઘેર પહોંચ્યો. તેણે મકાનમાં જોયું તો તેની પત્ની પદ્મિની પેલા બ્રાહ્મણની સાથે વિવિધ ક્રીડા કરી રહી હતી.

ચન્દ્ર શેઠ ભલો હતો, પણ ભોળો નહોતો. પોતાની પત્નીનું આવું ચારિત્ર જોઈ તે ચૂપ ન રહી શક્યો. તેણે એક શ્લોક કહ્યો જેનો ભાવાર્થ હતો :

'મેં મારી આંખોથી ચાર આશ્ચર્ય જોયાં : (૧) બાળક દ્વારા પણ અસ્પર્શ થયેલી સ્ત્રી (૨) ઘાસના એક ટુકડા માટે પોતાની હિંસા કરનાર બ્રાહ્મણ (૩) લાકડા જેમ નિશ્ચેષ્ટ રહેનાર પક્ષી (૪) જીવોની રક્ષા માટે વ્રતનું પાલન કરનાર તાપસ. આવાં મહાન આશ્ચર્યોને જોઈને કોણ પોતાનું મન શાંત રાખી શકે ?'

પતિ દ્વારા કરાયેલી ટીકા સાંભળી પત્ની પદ્મિની સમજી ગઈ કે પોતાનું પોલ ખૂલી ગયું છે. છતાં પણ તે કપટી હતી તેથી તરત ઊભી થઈ બ્રાહ્મણને ઘરની બહાર કાઢી મૂક્યો.

હવે ચન્દ્ર શેઠની આંખો ઊઘડી ગઈ હતી. તેણે એક શ્રમણની પાસે જઈ દીક્ષા લઈ કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું અને આયુષ્ય પૂર્ણ કરી મુક્ત થઈ ગયો.

પેલી તરફ અનાચાર સેવનને કારણે પદ્મિનીથી લક્ષ્મી રૂઠી. તેનું બધું ધન ખલાસ થઈ ગયું. આવી દશા જ બ્રાહ્મણની થઈ. તે બંને બીજાની સેવા કરી પેટ ભરવા લાગ્યાં.

[ભવભાવના વૃત્તિ, જૈન કથા રત્નકોષ, ભાગ - ૬, બાલાવબોધ, ગૌતમકુલકમાંથી]

મેઘરથ અને વિદ્યુન્માલી

ભરતક્ષેત્રની મધ્યમાં પૂર્વ-પશ્ચિમ સમુદ્ર સુધી ફેલાયેલો વૈતાઢ્ય પર્વત છે. એ પર્વતે ભરતક્ષેત્રના બે વિભાગ કર્યા છે - ઉત્તર ભરતાર્ધ અને દક્ષિણ ભરતાર્ધ. આ બંને વિભાગમાં અનેક નગરો વસ્યાં છે. ઉત્તર વિભાગના સુંદર અને રમણીય નગરમાં બે વિદ્યાધર કુમારો રહેતા હતા. એ બંને એક રાજાના કુંવર હતા. બંને સગા ભાઈ હતા અને તરુણ હતા. તેમનાં નામ હતાં - મેઘરથ અને વિદ્યુન્માલી.

બંને ભાઈઓને અનેક વિદ્યાઓ પ્રાપ્ત કરી લીધા પછી

ચાંડાલી વિદ્યા પ્રાપ્ત કરવાની ઇચ્છા થઈ. તેમણે તે વિદ્યા પ્રાપ્ત કરવાની વિધિ ગુરુજીને પૂછી એટલે તેમણે કહ્યું : 'વત્સ, ચાંડાલી વિદ્યાનો મંત્ર તો શીખવું છું પરંતુ તેને સિદ્ધ કરવાની વિધિ કઠણ છે. કોઈ ચાંડાલ કન્યા સાથે લગ્ન કરી તમારે તેની સાથે રહેવું પડશે. પછી તેને નિર્વસ્ત્ર કરી સામે બેસાડી એક વર્ષ સુધી રોજ રાત્રે મંત્રજાપ કરવા પડશે તથા આખું વર્ષ પૂર્ણ રીતે બ્રહ્મચર્યનું પાલન કરવું પડશે. જો તમે એક વર્ષ સુધી આ વિધિથી મંત્રની આરાધના કરી શકો તો આ વિદ્યા તમને સિદ્ધ થઈ જશે.'

વિદ્યા ક્યાં સિદ્ધ કરવી એમ વિચારી તેમણે નિર્ણય કર્યો કે ભૂમિગોચરી મનુષ્યો પાસે જઈ વિદ્યા સિદ્ધ કરવાનું ઠીક રહેશે. ગુરુની આજ્ઞા લઈ બંને ભાઈઓ ચાલ્યા.

બંને ભાઈઓ દક્ષિણ ભરતક્ષેત્રના વસંતનગરમાં આવ્યા. ચાંડાલોનો વેશ કરી તેમના મહોલ્લામાં પહોંચી ગયા. ત્યાં જઈ તેમના મુખિયાઓ પાસે જઈ બેઠા. મુખિયાએ બંને ભાઈઓને જોઈ પૂછ્યું : 'તમારા બંનેનો વેશ તો ચાંડાલનો છે, પરંતુ ચહેરા-મહોરાથી કુલીન દેખાવ છો. તમે કોણ છો ? ક્યાંથી આવો છો ?'

બંને ભાઈઓએ કહ્યું : 'ચહેરા-મહોરાથી શું થાય ? માણસનો વંશ તો બદલાઈ નથી જતો. કુલીનોમાં બદસૂરત હોય છે અને ચાંડાલોમાં ખૂબસૂરત હોય છે. આ તો વિધાતાની દેન છે.'

'ઠીક, તમે ચાંડાલ હશો, પણ એ તો કહો કે ક્યાંથી આવો છો ? તમારું ગામ ક્યું છે ?' મુખિયાએ પૂછ્યું.

બંને ભાઈઓએ કહ્યું, 'અમે ક્ષિતપ્રતિષ્ઠિતનગરથી આવ્યા છીએ. અમારાં માતાપિતાએ અમને ઘેરથી કાઢી મૂક્યા છે. અમે ભટકતા ભટકતા અહીં આવી પહોંચ્યા છીએ.'

એ બંનેના વ્યવહારથી પ્રભાવિત થયેલા મુખીએ ત્યાં સુખથી રહેવાનું કહ્યું. બંને કૃતજ્ઞતા પ્રગટ કરી ત્યાં રહ્યા. મુખીએ બંનેને ઘાસની બે ઝૂંપડીઓ બતાવી. બંને એમાં રહેવા લાગ્યા. થોડા દિવસોમાં જ બંનેએ પોતાના મધુર વ્યવહારથી ચાંડાલ વસ્તીમાં સારી ઓળખાણ કરી લીધી. બધાં એમની ઉપર પ્રસન્ન હતાં. ચાંડાલ મુખી બંનેના વ્યવહારથી ખૂબ પ્રભાવિત હતો. તે મુખીને બે પુત્રીઓ હતી; એક કાણી અને બીજી મોટા દાંતવાળી. બંને વિવાહયોગ્ય થઈ ચૂકી હતી. પણ તેને પરણવા કોઈ ચાંડાલ તૈયાર નહોતો. આથી મુખીએ તેમનાં લગ્ન આ પરદેશી યુવકો સાથે કરવાનું વિચાર્યું. આથી તેણે બંનેને કહ્યું : 'અહીં રહેતાં તમને ઘણા દિવસ થઈ ગયા. હવે મને લાગે છે કે તમારું ઘર વસી જાય.'

આમ તો બંને ભાઈઓનો ઉદ્દેશ પણ એ હતો કે ચાંડાલ કન્યાઓ સાથે લગ્ન થઈ જાય તો મંત્રસાધના કરી શકાય. અને તેથી જ તેઓ વૈતાઢ્ય પર્વતથી અહીં આવ્યા હતા. છતાં તેમણે ઉપર ઉપરથી કહ્યું : 'અમને પરદેશી યુવકોને કોણ કન્યા આપશે ?'

મુખીએ કહ્યું : 'હું મારી કન્યાઓ તમને આપીશ. જો તમે તૈયાર હો તો પાણિગ્રહણ કરવાની તૈયારીઓ શરૂ કરો.' બંનેએ સંમતિ આપી. મુખીએ પોતાની બંને કન્યાઓનાં લગ્ન બંને ભાઈઓ સાથે કર્યાં.

લગ્ન થતાં જ મેઘરથ પોતાની વિદ્યાસાધનામાં લાગી ગયો. તેણે એક વર્ષ સુધી પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કર્યું અને વિદ્યા સિદ્ધ કરી લીધી.

પરંતુ વિદ્યુન્માલી પોતાના બ્રહ્મચર્યમાં દૃઢ ન રહી શક્યો. ચાંડાલ કન્યાના મોહને કારણે એની વિદ્યાસાધનામાં વિઘ્ન આવ્યું. વિદ્યાસાધનાનું સ્થાન કામસાધનાએ લીધું. પરિણામે તેની સ્ત્રી ગર્ભવતી થઈ.

બંને ભાઈઓને એક વર્ષ પૂરું થયું તેથી મેઘરથે વિદ્યુન્માલીને કહ્યું : 'ભાઈ, ચાંડાલકન્યાઓ સાથે વિવાહ કર્યે એક વર્ષ વીતી ગયું. હવે તો તમને પણ વિદ્યા સિદ્ધ થઈ ગઈ હશે. હું તો વિદ્યા સિદ્ધ કરી ચૂક્યો છું. હવે આપણે બંને વૈતાઢ્ય પર્વત પર જઈએ અને વિદ્યાધરોનું સુખ ભોગવીએ.'

વિદ્યુન્માલીનું માથું શરમથી ઝૂકી ગયું. તેણે કહ્યું : 'મને એ જાણીને ઘણી ખુશી થઈ કે તને વિદ્યા સિદ્ધ થઈ ગઈ. તું જા. હું તારી સાથે આવી શકતો નથી.'

વિદ્યુન્માલીના શરમથી ઝૂકેલા મુખને જોઈ મેઘરથ સમજી ગયો કે તે દૃઢ રહી શક્યો નથી. છતાં એણે પૂછ્યું : 'કેમ તું મારી સાથે આવી શકતો નથી. ?'

વિદ્યુન્માલીએ કહ્યું : 'શું કહું ? હું દૃઢ રહી શક્યો નહીં. મારી સાધના ખંડિત થઈ ગઈ. મારી પત્ની ગર્ભવતી છે. હવે હું આવીને શું કરું ? કુટુંબીજનોને શું મોઢું બતાવું ?'

મેઘરથ વિદ્યુન્માલીનું દુઃખ સમજ્યો. તેણે કહ્યું : 'ભાઈ જે થયું તે થયું. મારી સાથે ચાલ. તને કોઈ કશું નહીં કહે.' વિદ્યુન્માલીએ જવાબ આપ્યો : 'હવે તો ઘેર ત્યારે જ જઈશ જ્યારે વિદ્યા સિદ્ધ કરી લઈશ.' મેઘરથે પૂછ્યું : 'હવે શું કરીશ ?' વિદ્યુન્માલીએ કહ્યું : 'હવે હું વિદ્યાની સાધના દૃઢતાપૂર્વક કરીશ. આવતા વર્ષ સુધીમાં સફળ થઈ જઈશ. આગલા વર્ષે આવજે, હું તારી સાથે આવીશ.' મેઘરથે કહ્યું : 'આ વર્ષે વિદ્યાની સાધના કર. એક વર્ષ પછી તને લેવા આવીશ.'

આમ કહીને મેઘરથ ગયો. તે પોતાનાં માતાપિતા તથા ગુરુ પાસે પહોંચ્યો. મેઘરથને વિદ્યુન્માલી વિશે પુછાતાં તેણે કહ્યું : 'હું આવતે વર્ષે જઈશ, ત્યાં સુધીમાં તે વિદ્યા સિદ્ધ કરી લેશે. પછી તે મારી સાથે આવશે.'

પેલી તરફ વિદ્યુન્માલીની ચાંડાલા-પત્નીએ પુત્રને જન્મ આપ્યો તેથી તેનો રાગ અધિક પ્રબળ થઈ ગયો. સાધના ભૂલીને તે પત્ની-પુત્રોમાં ખૂંપેલો રહેવા લાગ્યો. આમ, એક વર્ષ નીકળી ગયું.

મેઘરથ તેને લેવા આવ્યો ત્યારે તે પોતાના પુત્રને ખોળામાં બેસાડી રમાડતો હતો. તે જોઈ મેઘરથ નિરાશ થયો. છતાં તેણે કહ્યું : 'ભાઈ, હવે ચાલ તારી વિદ્યા સિદ્ધ થઈ ગઈ હશે.'

વિદ્યુન્માલીએ શરમથી નીચું માથું રાખી કહ્યું : 'હું આ વખત પણ દૃઢ ન રહી શક્યો. મારી પત્ની ફરીથી ગર્ભવતી છે. તને કષ્ટ પડ્યું તેથી હું દુઃખી છું. પરંતુ ગર્ભવતીને મૂકીને તારી સાથે આવી શકું એમ નથી.'

મેઘરથે તેને સમજાવતાં કહ્યું : 'શું તું ચાંડાલોની વચ્ચે ચાંડાલ બનીને રહીશ ? જરા વિચાર તો ખરો કે તારું કુળ ક્યું છે ? તારું ગૌરવ કેટલું ઊંચું છે ? આ જીવન એમને એમ નકામું જવા દેવા નથી. તારા ઉદ્દેશને ઓળખ.'

વિદ્યુન્માલી આ સાંભળી ચમક્યો. તેણે કહ્યું : 'હું જાણું છું કે જે ઉદ્દેશથી આપણે બંને અહીં આવ્યા હતા તે હું ભૂલી બેઠો. આ વખત મને ક્ષમા કરી દે. હું હવેના વર્ષે દૃઢ થઈને સાધના કરીશ. પછી તારી સાથે આવીશ.'

મેઘરથે તેના પ્રત્યે શુભકામના પ્રગટ કરી. પરંતુ વિદ્યુન્માલીની દૃઢતા ભોગી પુરુષ જેવી જ હતી. પછી પાછો વિદ્યુન્માલી કામભોગમાં લીન થઈ ગયો. આથી પછીનું વર્ષ પણ એમને એમ નીકળી ગયું.

હવે જ્યારે મેઘરથ આવ્યો ત્યારે વિદ્યુન્માલીના ખોળામાં બે બાળકો રમતાં હતાં. એકે મળ કર્યો અને બીજાએ પેશાબ. છતાં વિદ્યુન્માલી સુખ માનતો હતો. આ દૃશ્ય જોઈ મેઘરથ સમજી ગયો કે વિદ્યા તો વિદ્યુન્માલીએ સિદ્ધ કરી જ નથી. તેથી તેણે વિદ્યુન્માલીને કહ્યું કે હવે વિદ્યા સિદ્ધ કરવાની વાત મૂકી દો અને મારી સાથે આવી પિતાના રાજ્યમાં સુખપૂર્વક રહો.

વિદ્યુન્માલીએ હવે આવવાની ના પાડી કારણ કે તેની પત્નીનો તે આધાર હતો.

મેઘરથે તેને કડવા શબ્દોમાં કહ્યું : 'ભાઈ, આપણે અહીં વિદ્યા સિદ્ધ કરવા આવ્યા હતા પરંતુ તું તો આ કીચડમાં ગળા સુધી ડૂબી ગયો. આ ચાંડાલિનીમાં તને શી વિશેષતા દેખાય છે ? હું તારો વિવાહ અનેક સુંદર વિદ્યાધરીઓ સાથે કરાવી દઈશ. એમની સાથે સુખ ભોગવજે.'

વિદ્યુન્માલીએ એનો ઇન્કાર કર્યો. તેણે કહ્યું કે તે એમ ન કરી શકે. મેઘરથ સમજી ગયો કે વિદ્યુન્માલી તે કીચડમાંથી નીકળવા નથી માંગતો. મેઘરથ નિરાશ થઈ પાછો ફર્યો. પછી તેણે લાંબા સમય સુધી પિતાનું રાજ્ય સંભાળ્યું. પછી તેનો પુત્ર રાજ્ય સંભાળવા લાયક થઈ ગયો ત્યારે તેને સિંહાસન પર બેસાડી તેણે સુસ્થિત અણગાર પાસે દીક્ષા લીધી.

(જંબૂકુમાર ચરિય, ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્ર, પરિશિષ્ટ પર્વ, જંબૂસ્વામી અધિકાર, જૈન કથારત્નકોશ, ભાગ-૬, બાલાવબોધ, ગૌતમકુલક)

ગંગા પાઠક

લાટ દેશનું ભરૂચ નગર પ્રસિદ્ધ અને સંપન્ન નગર હતું. ત્યાં અનેક વેપારીઓ રહેતા હતા. અનેક ગરીબ હતા છતાં સંતુષ્ટ હતા.

તે નગરમાં ગંગા નામનો પાઠક રહેતો હતો. તેની આજીવિકાનું સાધન બાળકોને ભણાવવાં તે હતું. તેણે પૂરતું ધન એકત્ર કરી લીધું હતું. તેણે ધન એકઠું કર્યું ત્યાં સુધીમાં પ્રૌઢાવસ્થા પૂરી કરી વૃદ્ધાવસ્થામાં પ્રવેશી ગયો હતો.

શરૂઆતમાં ગંગા પાઠક ખૂબ ગરીબ હતો. તે એટલો ગરીબ હતો કે કોઈએ એને પોતાની કન્યા જ ન આપી. પરંતુ જ્યારે તેની પાસે પૈસા આવ્યા ત્યારે તેની લાલસાઓ પણ વધવા લાગી. તેને સ્ત્રીની ઇચ્છા થવા લાગી. તે એટલી બલવતી થઈ કે સંસારમાં તેને બધે જ સ્ત્રી દેખાવા લાગી.

આ સંસારમાં ધનનું ખૂબ મહત્ત્વ છે. સાઠ વર્ષની વૃદ્ધાવસ્થામાં પણ પુરુષના વિવાહ સોળ વર્ષની કન્યા સાથે થઈ જાય છે. ગંગા પાઠકના પણ થઈ ગયા. પત્નીના આગમનથી ગંગા પાઠકનું હૃદય ઝૂમી ઊઠ્યું. તેને ઘર સ્વર્ગ સમાન લાગવા માંડ્યું.

ગંગા પાઠકને સુખ મળ્યું પરંતુ તેની પત્ની અસંતુષ્ટ રહેવા લાગી. પુરુષની જેમ સ્ત્રી પણ યુવાન પુરુષ પ્રત્યે જ આકર્ષાય છે. તેને વૃદ્ધ પુરુષ મળી જાય તો અનિચ્છાએ જ તે સ્વીકારે છે. આ જ દશા ગંગા પાઠકની યુવાન પત્નીની હતી.

ગંગા પાઠક જ્યારે પોતાની પત્નીની ઇચ્છા પૂરી કરી શકતો નહીં ત્યારે તે જરા અકળામણ અનુભવતી. શરૂઆતમાં તો તે પોતાની કામનાઓ, શારીરિક ઇચ્છાઓ દબાવતી રહી, પરંતુ દમનની પણ કોઈ મર્યાદા હોય છે. જ્યારે તેની મયાદા આવી જાય છે ત્યારે તે બે ગણી-ચાર ગણી ઊછળે છે. પછી તેને દબાવવી અસંભવિત હોય છે. તે જ ગંગા પાઠકની પત્ની સાથે થયું. તેનો સંપર્ક એક અન્ય પુરુષ સાથે થઈ ગયો. તેણી તે પુરુષને મળવા રોજ રાત્રે જતી હતી. તે ઘડાની મદદથી નર્મદા પાર કરી સામે કિનારે પહોંચતી અને સ્પર્શસુખ પ્રાપ્ત કરી રાત્રે જ પાછી આવતી. આ બધું તે કરતી અને તેનો પતિ ઊંઘતો. આવી સ્ત્રીઓમાં પતિને વશ કરવાનો એક ગુણ હોય છે. ગંગા પાઠકની પત્ની પણ પતિભક્તિનો દેખાવ કરી તેને રાજી કરી લેતી હતી. ગંગા પાઠક પોતાની જાતને ધન્ય માનતો હતો.

દિવસે તે સ્ત્રી કાગડાને બલિ આપવા વનમાં જતી હતી. તેનો પતિ તેની રક્ષા માટે કોઈ ને કોઈ શિષ્યને તેની સાથે મોકલતો. તેના શિષ્યોમાંથી એક તરુણ હતો તે મોટા ભાગે તે સ્ત્રીની સાથે જતો.

એક વાર ગંગા પાઠકે સ્ત્રીને કહ્યું : 'તું કાગડાને બલિ આપવા જાય છે તો અમુક પુરુષને બોલાવતી આવજે.' પેલી સ્ત્રી તો પોતાના પતિ પર સતીત્વનો સિક્કો જમાવવા માગતી હતી. તે બોલી : 'તમે આવી અનુચિત આજ્ઞા આપો છો, તો થોડો ધર્મ-અધર્મનો તો વિચાર કરતા હો તો ?' ગંગા પાઠકે 'તેમાં અનુચિત શું છે ?' એમ પૂછ્યું. સ્ત્રીએ કહ્યું : 'એટલું પણ નથી જાણતા કે પરપુરુષ સાથે વાત કરવાથી શું મારું શીલ દૂષિત નહીં થઈ જાય ?'

ગંગા પાઠક ભણ્યો તો, પણ ગણ્યો નહોતો. એણે વાંચ્યું હતું કે સ્ત્રીએ પર પુરુષની સાથે વાત કરવાથી શીલ દૂષિત થઈ જાય છે. પોતાની સ્ત્રીના શીલનો તેની પર સિક્કો જામી ગયો. પછી ગંગા પાઠક જાતે જ પેલા પુરુષને બોલાવી લાવ્યો.

આ ઘટના પેલો તરુણ શિષ્ય જોઈ રહ્યો હતો. તેણે મનમાં વિચાર કર્યો કે ગુરુપત્ની માયાવિની, કુટિલ અને ચારિત્રહીન છે. આમ વિચારી તે વિદ્યાર્થી ગુરુપત્ની ઉપર નજર રાખવા લાગ્યો. તે જાણતો કે કામાચાર તો રાત્રે જ થાય છે. એક રાત તે જાગતો રહ્યો. તેના ગુરુ તો રાત્રિના પહેલા પહોરે જ ઘસઘસાટ ઊંઘી ગયા હતા. ગુરુપત્ની પાછળના દરવાજેથી બહાર નીકળી નદી તરફ ચાલવા લાગી. તે જેવી નદી ઊતરવા લાગી કે તેનો પ્રેમી સામેથી તરતો આવ્યો. તેનાથી થોડી ભૂલ થઈ ગઈ. એ એવા સ્થાન પર આવ્યો કે જ્યાં નદીની રેતમાં એક મગર પડ્યો હતો. મગરે તેને પકડવા પ્રયાસ કર્યો. તેથી પેલો પુરુષ ડરીને બૂમો પાડવા લાગ્યો. પેલી સ્ત્રી તેને દબડાવવા લાગી : 'તે ખાડા પાસે કેમ ઊતર્યો હતો ? ત્યાં કોઈ મગરમચ્છ હોય એટલુંય ધ્યાન નથી રહેતું. હવે કાયરની જેમ કેમ ધ્રૂજી રહ્યો છે ? એક મૂઠી રેતી લઈ મગરની આંખમાં નાખી દે. તે જતો રહેશે.'

આ શબ્દો સાંભળી શિષ્ય ચકિત રહી ગયો. સ્ત્રી-સ્વભાવના દોષો પર વિચાર કરતો તે પાછો આવ્યો. બીજે દિવસે તે શિષ્ય ગુરુપત્ની સાથે બલિભક્ષ્ય આપવા ગયો તો વનના એકાન્તમાં એણે એક અન્યોક્તિ કહી :

'દિવસે કાગડાને બલિભક્ષ્ય,
રાત્રે નર્મદા તરવી,
સ્ત્રીની માયા કોણ જાણે,
આંખમાં ધૂળ નાંખવી.'

આ સાંભળી ગુરુપત્ની ચોંકી ઊઠી. તેને લાગ્યું કે આ મારું ચારિત્ર્ય જાણી ગયો છે. માટે તેની સાથે દોસ્તી કરવી જરૂરી છે. એણે ગૂઢ સંકેત કરતાં કહ્યું :

'આમ જ ચાલે છે લોકાચાર
ચૂપ રહેવું તે જ ઉચિત વ્યવહાર છે.'

આ ગૂઢ સંકેતને પેલો તરુણ શિષ્ય પણ સમજી ગયો. હવે તે સ્ત્રીનો સંબંધ પેલા છાત્ર સાથે બંધાયો. હવે સ્ત્રીએ પેલા પુરુષને છોડી દીધો અને તરુણ સાથે સંબંધ બાંધી દીધો. હવે તેમનો અનાચાર નિર્બાધ રીતે ચાલવા માંડ્યો.

એક દિવસ ગંગા પાઠકને બીજે ગામ જવું હતું તેથી શિષ્યને પોતાના ઘરમાં જ રાત્રે રહેવાનું કહ્યું. શિષ્યે ગુરુને જલ્દી આવવાનું કહ્યું. ગંગા પાઠકે બીજા દિવસે બપોર સુધીમાં આવી જવાનું કહ્યું. તેની સ્ત્રીએ ઢોંગ કરતાં કહ્યું : 'હું તમારી ચરણરજ લીધા વગર પાણી પણ પી શકતી નથી.' પતિએ બહુ જરૂરી કામ હોવાથી જવાનું કહ્યું. તેની સ્ત્રીએ જરૂરી કામ હોવાથી રોકાશો નહીં એમ કહ્યું. ગંગા પાઠકે પોતાના છાત્રને રાત્રે ઘરમાં રહેવાનું કહ્યું હતું તેથી તેની સ્ત્રી મનમાં રાજી થતી હતી. પેલી સ્ત્રીએ પ્રેમથી પતિને વિદાય કર્યો.

હવે રાત ગંગા પાઠકની પત્ની અને પેલા છાત્રની હતી. હવે કોઈ ડર નહોતો. સ્ત્રીએ પોતાના પ્રેમીના ખભા પર પોતાનું માથું નાખી દીધું. સ્ત્રીએ આજની રાત ભાગ્યથી આવી હોવાનું કહ્યું. એ સાંભળી પ્રેમી છાત્રે કહ્યું : 'આમ લપાતાં-છુપાતાં ક્યાં સુધી મળતાં રહીશું ?' સ્ત્રી કંઈક વિચારવા લાગી એટલે પ્રેમીએ કહ્યું : 'ક્યા વિચારમાં ડૂબી ગઈ ? અચાનક કઈ સમસ્યા આવી ગઈ.'

પેલી સ્ત્રીએ કહ્યું : 'સમસ્યા એ છે કે આ મિલનને કાયમી કેવી રીતે બનાવાય ? આમ સંતાકૂકડીના પ્રેમથી થાકી ગઈ છું. હવે તમારો કાયમી સાથ ચાહું છું.'

થોડી વાર વિચાર કરી પેલી સ્ત્રીએ કહ્યું : 'એક કામ કરો. હું ધનની પોટલી બાંધું એટલી વારમાં તમે સ્મશાનથી એક મડદું ઉઠાવી લાવો. એને આ ઘરમાં નાંખી આગ લગાડી દઈશું. બીજા કોઈ નગરમાં જઈ ખુશીથી જીવન ગુજારીશું.' આ યોજના પેલા છાત્રને પણ પસંદ પડી ગઈ.

પેલો છાત્ર એક મડદું ઉઠાવી લાવ્યો. ત્યાં સુધીમાં પેલી સ્ત્રીએ ધનની પોટલી બાંધી દીધી. મડદાને પથારીમાં એવી રીતે સુવડાવ્યું કે જાણે કોઈ વ્યક્તિ સૂઈ ન રહી હોય ! પછી એ બંનેએ ઝૂંપડીને આગ લગાડી દીધી. ઝૂંપડી સળગી ઊઠી અને બંને ત્યાંથી નીકળી ગયાં.

બીજે દિવસે બપોરે ગંગા પાઠક પરત આવ્યો ત્યાં સુધીમાં બધું જ બળીને ખાક થઈ ગયું હતું. તેને બહુ દુઃખ થયું. ત્યાં પડેલાં હાડકાંને જોઈ તેને વિશ્વાસ બેસી ગયો કે એની સ્ત્રી અગ્નિમાં બળીને ખાક થઈ ગઈ. ત્યાં આવી પહોંચેલા પાડોશીઓએ તેને સાંત્વના આપી. કોઈએ કહ્યું : 'અંતિમ સમયે પત્ની સાથે બે વાત પણ ન કરી શક્યા.' ત્રીજાએ તેનાં અસ્થિ ગંગામાં વહેવડાવવાનું કહ્યું.

ગંગા પાઠકે અસ્થિ ભેગાં કરી લીધાં. તેને ગંગામાં પધરાવવા તે ચાલ્યો.

વૃદ્ધાવસ્થા, શિથિલ શરીર વગેરે સાથે જતા ગંગા પાઠકને અડધું અંતર કાપતાં છ મહિના થઈ ગયા. આમ છ મહિના સુધી પેલી સ્ત્રી અને તેનો પ્રેમી છાત્ર સુખ ભોગવતાં રહ્યાં. પણ આવો પ્રેમ ટકાઉ હોતો નથી. નાની-નાની બાબતોમાં બંને ઝઘડવા લાગ્યાં. હવે પેલી સ્ત્રીને ગંગા પાઠક યાદ આવવા લાગ્યો. તે પશ્ચાત્તાપ કરવા લાગી.

એટલામાં એનો પતિ ગંગા પાઠક આવતો દેખાયો. પતિ પ્રત્યે તેનો પ્રેમ ઊભરાયો. તેણે પતિને પૂછ્યું : 'તમે મને ઓળખો છો ? હું તમારી પત્ની છું.' ગંગા પાઠકે તેને ધારીને જોઈ પછી બોલ્યો : 'દેખાય છે તો મારી પત્ની જેવી. પરંતુ તું મારી પત્ની કેવી રીતે હોઈ શકે ? તેનાં અસ્થિ તો આ પોટલીમાં બાંધ્યાં છે. એ તો આગમાં બળી ગઈ હતી.'

સ્ત્રીએ કહ્યું : 'તે આગમાં બળી નહોતી. કોઈ બીજી બળી હશે. હું તો જીવિત છું. મારો સ્વીકાર કરો.' ગંગા પાઠકે સ્પષ્ટ ઇન્કાર કરતાં કહ્યું : 'તું કોઈ બીજી સ્ત્રી છે. મારી સાથે છલના કરી રહી છે. હું પરસ્ત્રીનો સ્વીકાર ન કરી શકું. આ મર્યાદા વિરુદ્ધ છે.'

હવે પેલી સ્ત્રીએ ગંગા પાઠકને એવી ગુપ્ત વાતો કહી કે જેને તે બંને સિવાય કોઈ ત્રીજું જાણતું નહોતું. એ વાતો સાંભળીને ગંગા પાઠકને વિશ્વાસ ઊભો ન થયો કે તે એની સ્ત્રી છે. તે ઇન્કાર કરતો જ રહ્યો.

ત્યારે પેલી સ્ત્રીએ પેલો વિદ્યાર્થી બતાવ્યો. વિદ્યાર્થીને જોઈ ગંગા પાઠક બોલ્યો : 'મારો શિષ્ય જ લાગે છે, પણ નહીં. આ તમારા બંનેની ચાલ લાગે છે. તમે બંને મળીને મને પાપ માર્ગે ઘસડવા માગો છો. પરંતુ હું તમારી ચાલમાં ફસાવાનો નથી.'

હવે પેલા છાત્રે ગુરુના પગમાં પડીને ક્ષમા માગી. પોતાનો પરિચય આપ્યો. છતાં ગંગા પાઠકને તેની ઉપર વિશ્વાસ ન બેઠો.

સ્ત્રીએ પતિને વિશ્વાસ આપવાના લાખ પ્રયત્ન કર્યા, સોગંદ ખાધા, વિવિધ રીતે સમજાવ્યો પણ તે સમજ્યો નહીં.

આખરે સ્ત્રી નિરાશ થઈ. તે પતિને ત્યાં જ છોડીને બીજે જતી રહી.

[આવશ્યક નિર્યુક્તિ, ઉપદેશ રત્નાકર, જૈન કથારત્નકોશ ભાગ-૬, બાલાવબોધ, ગૌતમકુલકમાંથી.]

સિંહ-વસન્ત

મગધ દેશમાં મહાલય નામે એક ગામમાં સિંહ અને વસંત નામના બે સગા ભાઈઓ રહેતા હતા. સિંહ મોટો અને વસંત નાનો હતો. તેમની વચ્ચે ખૂબ પ્રેમ હતો તેથી તેઓ એકબીજા વગર રહી શકતા નહોતા. સાથે જ ઘૂમતા-ફરતા, ધન મેળવતા અને ધનનો ઉપભોગ કરતા. બંનેના દેહ જુદા હતા, પણ પ્રાણ એક હતો. બંનેના વિવાહ થઈ ગયા હતા.

પરંતુ આ સુખ નાના ભાઈની સ્ત્રીથી ન જોવાયું. તેણે પોતાના પતિને ભડકાવવાનું શરૂ કર્યું. તેની ઇચ્છા જુદા રહેવાની હતી.

તેણે એક દિવસ પોતાના પતિને ભડકાવ્યો. તેણે કહ્યું : 'તમે બહુ જ ભોળા છો.' વસંતે કારણ પૂછતાં તેણીએ જણાવ્યું : ઘરમાં શું થઈ રહ્યું છે તેની તમને ખબર જ નથી. વસંતે ચમકીને પૂછ્યું : 'સ્પષ્ટ કહે કે ઘરમાં શું થઈ રહ્યું છે ?'

નાના ભાઈની સ્ત્રીએ કહ્યું : 'તમારા મોટાભાઈ મોઢેથી મીઠા છે પરંતુ તેમના હૃદયમાં કપટ છે. તે પોતાની પત્નીને રોજ નવાં વસ્ત્રાભૂષણ લાવીને પહેરાવે છે, ખાવા અનેક મીઠાઈ લાવે છે, એટલું જ નહીં અલગ ધન પણ એકઠું કરે છે.'

વસંત આગળ સાંભળી ન શક્યો. તેણે પત્નીને કટુ વચનો કહ્યાં અને માતા-પિતા જેવા મોટાભાઈ અને ભાભી વિશે ન બોલવા કહ્યું. તેથી તેની સ્ત્રીએ કહ્યું : 'આજે પોતાની વાત નહીં મનાય, પણ જ્યારે ફળ ભોગવવું પડશે ત્યારે વિશ્વાસ આવશે.'

પતિ ગુસ્સે થઈ ગયો તેથી તેની પત્ની શાંત તો પડી. પણ તેણે પોતાના પ્રયાસ ન છોડ્યા. ફરી એક વખત નાના ભાઈની પત્નીએ પોતાના પતિને કહ્યું : 'સ્વામી, તમને તમારાં ભાઈ-ભોજાઈના ભક્ત હોવાને કારણે કોઈ વાંક દેખાતો નથી, પરંતુ તમારી ભોજાઈ કપટની ખાણ છે. તે તો રાણીની માફક પલંગ પર બેઠી રહે છે અને બધાં કામ મારી પાસે કરાવે છે.' તે ખરેખર રોવા લાગી. તેના રુદનથી વસંત પીગળી ગયો. એક દિવસ તેણે સાહસ કરીને મોટાભાઈ સિંહને કહ્યું : 'ભાઈ, મારો ભાગ મને આપી દો.' એ સાંભળતાં જ ભાઈ ચકિત થઈ ગયો. તેણે મીઠા શબ્દોમાં નાના ભાઈને કહ્યું : 'ક્યા ભાગની માગણી કરે છે ? જરા વિચાર તો ખરો કે તારા સિવાય આ સંસારમાં મારું કોણ છે ? અને મારા સિવાય તારું કોણ છે ? આ બધું તારું જ છે. મારી સામે કોઈ ફરિયાદ હોય તો કહે.'

વસંત શું કહે ? ભાઈ-ભોજાઈ સામે એને કોઈ ફરિયાદ નહોતી. તે ચૂપ થઈ ગયો.

રાત્રે વસંતની પત્નીએ વસંતને પૂછ્યું : 'તમે ભાગ પાડવાની વાત કરી તો શું થયું ?' વસંતે કહ્યું : 'ભાઈએ બધું તમારું જ છે એમ કહ્યું તેથી હું તેમનાથી અલગ થવા નથી માગતો.' તે સાંભળતાં જ તેની પત્ની ભડકી ઊઠી. તેણે કહ્યું : 'ધૂર્ત અને

કપટી લોકો મીઠા શબ્દો બોલે છે. તમારાથી બીજો સારો નોકર તેમને કોણ મળશે ? ઠીક, તમે તમારા ભાઈની સેવા કરો, પણ મારાથી નથી થતી માટે મને મારા પિયર મૂકી જાવ.'

પતિએ પત્નીને આશ્વાસન આપતાં કહ્યું : 'અત્યારે પિયર જવાનું ન વિચાર. હું ભાગ પાડવાની વાત કરીશ.' વળી બેચાર દિવસ બાદ વસંતે ફરીથી સિંહને ભાગ પાડવાની વાત કરી. સિંહે ફરી સમજાવી લીધો. થોડા દિવસ પછી ફરીથી ભાગ પાડવાની વાત થઈ. આમ, વારંવાર વાત થવાથી મોટો ભાઈ સમજી ગયો કે આની પત્ની આના કાન ભંભેરે છે. હવે ભાગલા પાડવા જ પડશે. હવે તેણે નિર્ણય કરી લીધો કે હવે વસંત જ્યારે ભાગ પાડવાની વાત કરે ત્યારે તેની ઇચ્છા પૂરી કરી દઈશ.

એક દિવસે વસંતે આગ્રહ સાથે ભાગ પાડવાની વાત કરી અને સિંહની સામે અડી ગયો. વૃદ્ધ ભાઈએ ધનધાન્ય વગેરે વસ્તુઓના ભાગ પાડી દીધા. બધી વસ્તુઓ લઈ નાનો ભાઈ નીકળી ગયો. તે અલગ બીજા ઘરમાં રહેવા લાગ્યો. એની પત્નીની ઇચ્છા પૂરી થઈ ગઈ. હવે તે સ્વતંત્ર હતી, તેને રોકનાર કોઈ નહોતું. તે ઇચ્છિત ખર્ચ કરતી. આમ, ધન ધીમે ધીમે ખૂટવા લાગ્યું.

મોટો ભાઈ સિંહ અને એની પત્ની ઓછો ખર્ચ કરનાર હતાં. એનું ધન વધતું ગયું. વસંતની પત્નીએ તેને ભડકાવ્યો : 'તમને જુદા કર્યા પછી અલગ રાખેલ ધન તમારા ભાઈ કાઢવા લાગ્યા છે, જ્યારે આપણે નિર્ધન થઈ ગયાં છીએ. પરંતુ તેમની (ભાઈની) પાસે ધન ક્યાંથી આવી ગયું ?'

વસંતને પત્નીની વાતમાં વિશ્વાસ બેસી ગયો. તેણે પત્નીને ધન વગર કામ કેવી રીતે ચાલશે એમ પૂછ્યું. પત્નીએ તેને મોટાભાઈ પાસે જઈ પોતાનાથી છૂપા રાખેલા ધનમાંથી ભાગ માગવાનું કહ્યું. વસંતે એમ કર્યું તેથી મોટાભાઈને દુઃખ થયું. તેણે યોગ્ય ધન નાનાભાઈને આપી દીધું.

સિંહની ઉદારતાને વસંત ન સમજ્યો. ઊલટું એની પત્નીની વાત જ તેને સાચી લાગી. તેને વિશ્વાસ બેસી ગયો કે મોટા ભાઈએ અલગ કેટલુંક ધન રાખી લીધું છે. તેણે ધન લાવીને પત્નીને આપ્યું ત્યારે તેણે કહ્યું : 'જોયું, હું કહેતી હતી એ વાત સાચી નીકળી ને ! નહિ તો ભાગ પાડ્યા પછી કોઈ આટલી સહેલાઈથી ધન આપી દે ?' વસંતના મનમાં પત્નીની વાત પર વિશ્વાસ બેસી ગયો. તે પોતાના મોટા ભાઈને કપટી સમજવા માંડ્યો.

વસંતને પોતાના મોટાભાઈ પાસેથી સહેલાઈથી ધન મળી ગયું. તેથી કમાવા તરફ બેદરકાર થઈ ગયો. આનું પરિણામ એ આવ્યું કે ગામમાં વસંતની નિંદા થવા લાગી અને સિંહનો યશ ફેલાવા માંડ્યો.

વસંત પોતાની નિંદા અને મોટાભાઈનું સમ્માન સહન ન કરી શક્યો. લોકનિંદાને લીધે મોટાભાઈ પાસે ધન તો ન માગી શક્યો પરંતુ તેનાથી દ્વેષ રાખવા માંડ્યો. હવે તેણે પરદેશ જઈને ધન કમાવાનો વિચાર કર્યો. તે અનેક ગામડાંઓ અને નગરોમાં ફર્યો પણ ધન ન કમાઈ શક્યો.

વસંતની દશા બહુ જ ગરીબ થઈ ગઈ. તે પોતાની પેટની ભૂખ પણ મિટાવી નહોતો શકતો. ભૂખને કારણે તેનો ક્રોધ બેવડો થઈ ગયો. તે હાથમાં દંડો લઈને આવ્યો અને પોતાના મોટાભાઈ ઉપર પ્રહાર કર્યો. મોટો ભાઈ પણ બેધ્યાન નહોતો. દૂરથી જ નાના ભાઈની લાલ આંખો જોઈને એનો ઇરાદો સમજી ગયો.

નાનો ભાઈ વસંત તો પ્રહાર કરીને જતો રહ્યો. મોટો ભાઈ વિચારવા લાગ્યો કે આ સંસારને ધિક્કાર છે. જ્યાં નાનો ભાઈ મોટા ભાઈ ઉપર પ્રહાર કરે છે, તે પણ માત્ર ધન ખાતર. ધન પણ કેવું, જે અહીં જ પડી રહેવાનું છે. મોટાભાઈના હૃદયમાં વૈરાગ્ય જન્મ્યો. તે ગામ છોડીને ચાલ્યો. ભાગ્યજોગે તેને એક મહાવ્રતધારી મુનિરાજનાં દર્શન થયાં. તેણે તેમની પાસે દીક્ષા લીધી અને આયુષ્ય પૂર્ણ કરી સૌધર્મ દેવલોકમાં દેવ થયો.

મોટા ભાઈ સિંહ ઉપર હુમલો કર્યા પછી ગામમાં વસંત મોં બતાવવા લાયક ન રહ્યો. તે ભાગીને વન તરફ ગયો. લાંબો સમય ભટકતો રહ્યો. વનમાં તેને એક તાપસ મળી ગયો. તે પણ તાપસ બની ગયો. આયુષ્ય પૂર્ણ કરીને તે જ્યોતિષી દેવ બન્યો. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી ભવભ્રમણ કરતો રહ્યો. પછી અચલનગરની બહાર બહુશાલ ઉદ્યાનમાં ભયંકર સર્પ બન્યો.

સિંહનો જીવ સ્વર્ગનાં સુખ ભોગવી ગજપુર નગરમાં સુરેન્દ્રનો પુત્ર વસુધર બન્યો. તે અત્યંત ગુણવાન હતો. તે મોટો થયો અને પુરુષોચિત કલાઓમાં નિષ્ણાત થયો. એક વાર કોઈ સાધુનાં તેને દર્શન થયાં જાતિસ્મરણ જ્ઞાન થયું. તેના સ્મૃતિપટ પર નાનાભાઈ વસંતનું અકાર્ય તરવા લાગ્યું. તેણે ગુણધર નામના કેવલીને પોતાના નાના ભાઈ વસંત વિશે પૂછ્યું તો તેણે બધું જ કહ્યું જેમાં એનો નાનો ભાઈ એ સમયે અચલનગરની બહાર આવેલ બહુશાલ નામના બગીચામાં ભયંકર સર્પ બન્યો છે તે પણ હતું. ભાઈ વિશે બધું જાણીને વસુધરને સંસાર પ્રત્યે વૈરાગ્ય થઈ ગયો. તેથી તેણે દીક્ષા ગ્રહણ કરી લીધી.

દીક્ષિત થઈને વસુધર મુનિએ ચૌદ પૂર્વનું જ્ઞાન મેળવ્યું. પછી તપશ્ચરણના પ્રભાવથી તેને અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત થયું. તે આચાર્ય થયા. પછી વિહાર કરતા કરતા તે અચલપુરમાં પહોંચ્યા. ત્યાં બહુશાલ ઉદ્યાનમાં વસંતના જીવવાળા સર્પને પ્રતિબોધ આપ્યો. પ્રતિબોધિત થઈને સર્પે પાંચ દિવસના

ઉપવાસ કરી દેહત્યાગ કર્યો અને સૌધર્મ દેવલોકમાં દેવ બન્યો. કર્મોને નષ્ટ કરી તેણે સિદ્ધપદ પ્રાપ્ત કર્યું.

[ભવભાવના વૃત્તિ, નેમિચરિત્ર, જૈન કથાકોષ ભાગ-૬.]

માયાદિત્ય

કાશી દેશમાં વારાણસી નામની એક નગરી છે. તે નગરીમાં નિર્ધનતા જેવું નામનિશાન નથી. ત્યાં ધનવાન શેઠ-શાહુકારો ખૂબ રહે છે. અહીં દૂરદૂરથી વેપારીઓ અને વિદ્યાવ્યાસંગીઓ આવે છે.

આ વારાણસીની નૈર્ઋત્ય દિશામાં શાલિગ્રામ નામનું એક નગર છે. નગર સંપન્ન હોવા છતાં કોલાહલ અને અશાંતિ નથી. ત્યાંના લોકો એકબીજાને નજીકથી ઓળખે છે. તેઓ હળીમળીને રહે છે અને સુખદુઃખમાં એકબીજાની પડખે ઊભા રહે છે.

શાલિગ્રામનું નૈસર્ગિક સૌન્દર્ય અત્યંત સરસ હતું. ગામની બહાર એક સુંદર સરોવર હતું. આ ગામમાં ગંગાદિત્ય નામનો એક જન્મથી જ દરિદ્ર એવો વૈશ્ય રહેતો હતો. ગામમાં બધા જ ધનવાન અને સંપન્ન હતા પણ એકલો ગંગાદિત્ય જ દરિદ્ર હતો. ગામના બીજા લોકો સ્વસ્થ અને સુંદર હતા પણ ગંગાદિત્ય એકલો જ કુરૂપ હતો. બધા જ મિષ્ટભાષી હતા, જ્યારે પેલો વૈશ્ય કડવાં વચન બોલતો, વળી તે મિથ્યાવાદી પણ હતો, એ દેખાવે વિકૃત હતો. ગંગાદિત્ય કૃતઘ્ન, ખોટો, નિર્દય અને દુર્જન હતો. આવી નબળાઈને કારણે એનું ગંગાદિત્ય નામ લુપ્ત થઈ ગયું અને લોકો માયાદિત્ય કહેવા લાગ્યા.

એ જ ગામમાં થાણુ નામનો એક અન્ય વણિક રહેતો હતો. તે વંશપરંપરાથી ધનિક હતો. પરંતુ ભાગ્ય નબળું પડવાથી તે આપોઆપ નબળો પડવા લાગ્યો. પરંતુ અંદરની વાત કોને ખબર પડે ? થાણુ સરળ, ઉદાર, દાની અને ધર્માત્મા હતો. પણ હવે એવો સમય આવી ગયો હતો કે ધનોપાર્જન માટે તે ગામની બહાર જવાનો વિચાર કરતો હતો.

માયાદિત્યે વિચાર્યું કે થાણુ ધનવાન છે તો તેની પાસેથી ધન કેમ ન મેળવાય. આથી તેણે થાણુ સાથે મિત્રતા કરી લીધી. બંને એકબીજાના ગાઢ મિત્ર બની ગયા. બંનેનું હસવું-બોલવું સમાન હતું, પરંતુ થાણુની મિત્રતા સદ્‌ભાવ પર અને માયાદિત્યની મિત્રતા કપટ પર ટકેલી હતી. માયાદિત્યના મનમાં થાણુ પ્રત્યે મૈત્રીભાવ નહોતો, પરંતુ થાણુને લાગતું હતું કે માયાદિત્ય મિત્ર છે. માયાદિત્ય ગમે તેમ કરીને પોતાનું ધાર્યું કરવાના પ્રયત્નો કરતો. થાણુને તેનો ખ્યાલ નહોતો.

બંનેની મિત્રતા ગાઢ હતી. માયાદિત્ય થાણુને ઘેર જતો-આવતો હતો. બંને વચ્ચે વાતચીત થતી. વાતવાતમાં એક દિવસ થાણુએ માયાદિત્યને કહ્યું : 'મિત્ર, મારી ઇચ્છા પરદેશ જવાની છે. અહીં તારી સાથે એવો પ્રેમ થઈ ગયો છે કે તને છોડવા જીવ ચાલતો નથી.' માયાદિત્યે પૂછ્યું : 'હું પણ તને છોડી શક્યો નથી. હું પણ તારી સાથે આવીશ.'

થાણુએ કહ્યું : 'હું લહેર કરવા જતો નથી. જો કેવળ ફરવાના વિચારથી જતો હોત તો તને કેવી રીતે છોડી જાત. મિત્ર, હું તો ધનોપાર્જન માટે પરદેશ જવા ઇચ્છું છું.'

માયાદિત્યે પૂછ્યું : 'તારે ધનની શી જરૂર છે ? તારી પાસે શું ખૂટે છે તે ગામ છોડીને જઈશ ?' થાણુએ કહ્યું : 'તારાથી શું છુપાવવું ? હું દેખાઉં છું તેવો નથી. બધા મને ધનિક સમજે છે, પણ મારી દશા એવી છે કે જો થોડા દિવસ બેસી રહીશ તો હવેલી પણ વેચવી પડશે. મહેનત-મજૂરીમાં કંઈ વાંધો નથી, પરંતુ બધાની વચ્ચે મજૂરી નહીં કરી શકાય. પરદેશમાં વેપાર, મજૂરી બધું થઈ શકશે અને ધન કમાઈ શકીશ.'

માયાદિત્યે કહ્યું : 'જો આમ વાત હોય તો હું પણ તમારી સાથે ચોક્કસ આવીશ. સાથે રહીશું, સાથે મરીશું. હું તમને મદદ કરીશ. આપણે બંને થોડા દિવસોમાં જ ધન કમાઈ લઈશું.'

થાણુએ પ્રસન્ન થઈને કહ્યું : 'તારી પાસે એવી કઈ યોજના છે ? કઈ વસ્તુનો તું વેપાર કરીશ ?'

માયાદિત્યે ચપટી વગાડતાં કહ્યું : 'ધન તો આમ આવે છે. આપણા ગામની નજીકના વારાણસીમાં બહુ જ ધન છે.' વળી તેણે કહ્યું : 'આપણે જુગાર રમીશું. જો તેમાં હારીશું તો રાત્રે કોઈનાં તાળાં તોડીશું.'

આ બધું સાંભળતાં થાણુએ પોતાના કાન પર હાથ મૂકી દીધો. તેણે કહ્યું : 'બસ, તેં બહુ જ કહી દીધું. હવે કશું ન કહીશ. હું તો નીતિપૂર્વક અને ધાર્મિકતા સાથે કરવામાં આવેલ વેપાર પર જ ભરોસો રાખું છું.'

માયાદિત્ય ચાલાક હતો. તેણે વાત બદલતાં હસીને કહ્યું : 'અરે, તમે મારી વાત સાચી માની લીધી ? હું તો મજાક કરી રહ્યો હતો. હું પણ એ જ રીતે ધન કમાવા ઇચ્છું છું.'

થાણુએ કહ્યું : 'પણ ભાઈ, જે કંઈ તેં કહ્યું તેવી વાત મજાકમાં પણ નહીં કહેવી જોઈએ. લોકો મજાકમાં દુસ્સહ કર્મોનો બંધ કરી બેસે છે.' માયાદિત્યે મિત્રની ક્ષમા માગી. હવેથી ધ્યાન રાખવા કહ્યું. માયાવી મનુષ્ય પોતાનો પ્રભાવ આસાનીથી જમાવી દે છે. થાણુએ માયાદિત્યની વાતો પર વિશ્વાસ કરી લીધો. થાણુ માયાદિત્યના કપટને સમજી ન શક્યો.

બંને મિત્રો તૈયારી કરવા માંડ્યા. માયાદિત્યે પોતાને ધંધાનો કોઈ અનુભવ ન હોવાનું કહ્યું. થાણુએ ધાતુને શુદ્ધ કરવાનો,

ખાણ ખોદવાનો, શિલ્પકલાનું ઉપાર્જન કરવાનો વગેરે ધંધા બતાવ્યા. પછી બંને તૈયાર થઈ ગયા. રસ્તામાં ખાવા ભાથું લીધું. બંને નીકળ્યા. રસ્તામાં રોકાતા રોકાતા તેઓ પૈઠણપુર પહોંચ્યા.

થાણુની મદદથી માયાદિત્યે યોગ્ય માર્ગે ધનોપાર્જન કર્યું. એવી હવા ફેલાઈ કે તેઓ જે વસ્તુ ખરીદે છે તેના ભાવ બીજે દિવસે ચઢી જાય છે, એક વાર તેમણે કાળાં મરચાંનો સોદો કર્યો. તે પછી થોડી વારમાં બે ગણા ભાવે તે વેચાઈ ગયાં.

આમ, ફાયદો જ થતો ગયો. એ રીતે એક વર્ષમાં જ તે બંનેએ પાંચ-પાંચ હજાર સુવર્ણમુદ્રા કમાઈ લીધી. માયાદિત્ય તો હજી પણ કમાવા ઇચ્છતો હતો. પણ થાણુએ કહ્યું : 'પાંચ-પાંચ હજાર સોનામહોરો પૂરતી છે. હવે આપણે આપણા ગામ જવું જોઈએ.'

માયાદિત્યે પણ તેની ઇચ્છા પોતાને ગામ જવાની જણાવી. પાંચ પાંચ હજાર સોનામહોરોનું વજન ભારે હતું. વળી, રસ્તામાં લૂંટનો પણ ભય હતો. એટલે થાણુએ રસ્તો બતાવ્યો : 'મિત્ર, આપણા બંનેની દસ હજાર મુદ્રાઓ થઈ. મારી દૃષ્ટિએ એક એક હજારનાં દસ રત્નો ખરીદી લઈએ. વજન પણ ઘટી જશે અને સંતાડવાની સુવિધા પણ વધી જશે.' માયાદિત્યે કહ્યું : 'કહો છો તે તો ઠીક છે, પણ.' 'પણ શું ?' થાણુએ પૂછ્યું. તેણે કહ્યું : 'રત્ન તો થોડા નફા સાથે વેચાશે. એક એક રત્ન સવા-સવા હજારમાં વેચાશે. માની લો કે લાભ સાથે નહીં વેચાય તો મૂળ રકમ તો મળી જશે.'

બંનેની સુવર્ણમુદ્રાઓ પાંચ પાંચ રત્નોમાં ફેરવાઈ ગઈ. તે લઈ બંને જણ પોતાના ગામ શાલિગ્રામ તરફ ચાલ્યા. માર્ગ લાંબો હતો. બંનેને ચિંતા થવા લાગી. તેથી પૈઠણપુરથી પ્રસ્થાન કરતાં પહેલાં સંન્યાસીનો વેશ ધારણ કરી લીધો. હાથમાં દંડ અને કમંડળ લીધાં. બંનેએ માથું મૂંડાવી લીધું. દશેય રત્નોને એક ચીંથરામાં બાંધી લીધાં. પોટલી બનાવીને થાણુએ રાખી.

આટલી ગુપ્તતા છતાં બંનેને ચોર-લૂંટારાનો ભય સતાવતો હતો. ક્યાંય કોઈ ચાર માણસો વાત કરતા દેખાય તો તેમને લાગતું કે તેમના વિશે જ વાત કરે છે.

રત્નોને છુપાવનાર માયાદિત્ય અને થાણુને ભોજનની કોઈ ચિંતા નહોતી. બંને સાધુવેશમાં હોવાથી ભોજનશાળામાં ભોજન મળી જતું. જે નગરમાં જતા ત્યાં ભિક્ષાભોજન સુવિધાથી મળી જતું.

ચાલતા ચાલતા બંને મિત્રો કોઈ એક નગરમાં પહોંચ્યા. એક ઝાડ નીચે બંનેએ મુકામ કર્યો. માયાદિત્યે ક્યાંકથી ભોજન લાવી ખાઈ-પીને બેસવા કહ્યું : થાણુએ કહ્યું, 'મારાથી હવે ચલાતું નથી. બહુ જ થાકી ગયો છું.' માયાદિત્યે પૂછ્યું : 'તો શું કંઈ ભોજન નહીં કરો ? જ્યારે આટલું ચાલ્યા છો તો ભોજન માટે થોડી વધારે હિંમત કરો.'

થાણુએ કહ્યું : 'મિત્ર, ભિક્ષા માટે દ્વારે-દ્વારે ભટકવું પડશે જ. હું તો ઇચ્છું છું કે તું જ ભોજનસામગ્રી લઈ આવ. આજે આપણે હાથે જ મનપસંદ ભોજન બનાવીને ખાઈશું. ભીખમાં તો જેવું મળે તેવું ખાવું પડે છે.'

માયાદિત્યે કહ્યું : 'તો પછી તું જ જા. જે જે ચીજ ગમે તે લઈ આવ.'

થાણુએ તો કહ્યું : 'પોતે બહુ થાકેલો છે તેથી ચાલી શકે તેમ નથી.' માયાદિત્યે કહ્યું : 'મિત્ર, મને ભાવતાલ કરતાં નથી આવડતું. વળી, તારી પસંદગીની પણ મને ખબર નથી. માટે થોડી હિંમત કરો અને તમે જ જાઓ.' થાણુ માની ગયો અને રત્નોની પોટલી માયાદિત્યને આપતાં કહ્યું : 'આને તું સંભાળ, રસ્તામાં કોઈ છીનવી ન લે.' માયાદિત્યે પોતે આ માયાથી ડરતો હોવાનું કહ્યું અને થાણુને તે તેની સાથે લઈ જવા કહ્યું. થાણુએ ફરી આગ્રહ કર્યો : 'ના ભાઈ, તમે રાખો. તું તો અહીં જ રહીશ અને મારે દુકાનો પર ફરવું પડશે.' પછી માયાદિત્યે દસેય રત્નોની પોટલી પોતાની પાસે રાખી અને થાણુ ભોજનસામગ્રી ખરીદવા ગયો. થાણુના ગયા પછી માયાદિત્યે પોતાની માયા ફેલાવી. એક પોટલીમાં દસ રત્નો હતાં. બીજી પોટલીમાં તેણે રત્નો જેવડા જ દસ પથ્થર બાંધી દીધા. એણે એવી યોજના બનાવી કે પથ્થરોની પોટલી થાણુને આપી દઈશ અને લાગ જોઈને અસલી રત્નોની પોટલી લઈને ભાગી જઈશ.

યથાસમયે થાણુ પરત આવ્યો. તેને જોઈ માયાદિત્ય પોટલીઓની અદલાબદલીમાં ગભરાઈ ગયો. તેને આકળવિકળ જોઈ થાણુએ પૂછ્યું : 'કેમ શું વાત છે ? તું ગભરાયેલો કેમ છે ?' માયાદિત્યે કહ્યું : 'અરે, ગભરાઉં નહીં, તો શું કરું ? ભયથી મારા પ્રાણ જ જઈ રહ્યા છે. આટલી મોટી રકમનું જોખમ માથા પર હોય તો ભય તો લાગે જ ને ! હવે આને તું સંભાળ.'

માયાદિત્યે એક પોટલી થાણુને આપી અને એક પોતાનાં કપડાંમાં સંતાડી દીધી. એ પછી એ ભોજન બનાવવા લાગ્યો. માયાદિત્યે એકાએક કહ્યું : 'અરે મિત્ર, આંબલી તો તું લાવ્યો જ નહીં. વગર આંબલીએ ખાવામાં કોઈ સ્વાદ નહીં આવે.'

થાણુએ કહ્યું : 'આંબલીનો તો મને ખ્યાલ આવ્યો જ નહીં. હવે કોણ જાય ? વગર આંબલીએ જ ખાઈ લો.' માયાદિત્યે કહ્યું : 'હું જાણું છું કે હવે ફરીવાર તું જઈશ નહીં. જો મનપસંદ ખાવું હોય તો પ્રમાદ શા માટે ? તું બેસ, હું હમણાં લઈને આવું છું.'

આમ, માયાદિત્યને એક મોકો મળી ગયો. આંબલી લાવવાના બહાને તે બેમાંથી એક પોટલી લઈને ભાગી ગયો. તે

રાતભર ભાગતો રહ્યો. આ બાજુ થાણુ આખી રાત રાહ જોતો રહ્યો.

બીજા દિવસે થાણુએ માયાદિત્યની મોડે સુધી રાહ જોઈ. એણે વિચાર કર્યો કે મિત્ર માયાદિત્ય કોણ જાણે ક્યા સંકટમાં ફસાઈ ગયો. જો હું જ આંબલી લેવા જતો રહ્યો હોત તો તેની ઉપર સંકટ ન આવત એમ તેણે વિચાર્યું : 'દોષ તો મારો જ કહેવાય. ક્યાંકથી માગીને જેવું મળ્યું તેવું ખાધું હોત તો આ પ્રશ્ન જ ન આવત. હવે શું કરું ? તેને (મિત્રને) ક્યાં શોધું ? એનાં પાંચ રત્નો તો એના ઘરવાળાંઓને સોંપી દઉં.'

થાણુ સજ્જન હતો તેથી તેણે અપકારી અને કૃતઘ્ન માયાદિત્ય પ્રત્યે સારા વિચારો જ રાખ્યા. બધો દોષ પોતાનો જ માની લીધો. માયાદિત્ય ન મળવાથી તે પોતાના ગામ શાલિગ્રામ તરફ ચાલતો થયો.

આ તરફ માયાદિત્ય રાતભર ભાગતો રહ્યો અને પછી દિવસભર ચાલ્યો. રત્નોની પોટલી એની પાસે હતી. તે પોતાની ચતુરાઈ પર પ્રસન્ન થતો હતો કે થાણુને કેવો ઉલ્લૂ બનાવ્યો. અસલી રત્નો મેં લીધાં અને દસ પથ્થર તેને આપી દીધા. દસ તો મારાં જ થઈ ગયાં-પાંચ મારાં અને પાંચ એનાં. હવે ગામ પહોંચીને એની પાસે હું મારાં પાંચ માગીશ. તે કહેશે કે મારી પાસે તો પથ્થર નીકળ્યા. હું કહીશ કે તું બેઈમાન છે. મેં તને દસ રત્નો સોંપ્યાં હતાં. હું તો પાંચ રત્નો પરનો મારો દાવો કાયમ રાખીશ. ભલે તે રત્નો ન આપે, પણ સદા મારો ઋણી તો રહેશે.

આમ પોતાની સફળતા પર પ્રસન્ન થતો માયાદિત્ય એક વનમાં પહોંચ્યો, તે એક વૃક્ષ નીચે બેઠો, તેણે વિચાર્યું, 'હવે એ રત્નોને જોઈ તો લઉં. હજી સુધી તેને બરાબર જોયાં પણ નથી. કેવી ચમક હતી એની જ્યારે પૈઠણપુરમાં તે ખરીદ્યાં હતાં ત્યારે !

માયાદિત્યે રત્નોની પોટલી ખોલી તો તે બૂમ પાડી ઊઠ્યો : 'પોતે બીજાને છેતરવા ગયો હતો પણ પોતે જ છેતરાઈ ગયો.' રત્નોની જગ્યાએ દસ પથ્થર નીકળ્યા. તે પોતાના વાળ ખેંચવા લાગ્યો. ઉતાવળમાં પોતાનાં રત્નોની પોટલી પેલાને આપી દીધી અને પથ્થરોની પોતે છુપાવી લીધી.

છેતરપિંડીનું પરિણામ આ જ આવે છે. જ્યારે થાણુ ભોજનની સામગ્રી લેવા ગયો હતો ત્યારે માયાદિત્યે બે પોટલી બનાવી હતી, એકમાં અસલ રત્નો બાંધ્યાં હતાં અને બીજી પોટલીમાં એટલા જ વજનના દસ પથ્થર. જ્યારે થાણુ ભોજનસામગ્રી લઈને આવ્યો ત્યારે તેને જોઈ માયાદિત્ય ગભરાઈ ગયો. તેને લીધે અસલી રત્નોની પોટલી બહાર રહેવા દીધી. એ તો એમ જ સમજી બેઠો કે અસલ રત્ન પોતાની પાસે જ છે. તે ભાગવા માગતો હતો તેથી આમલી લાવવાને બહાને ભાગી ગયો. પણ વનમાં જઈને જોયું તો પથ્થર નીકળ્યા.

કોઈ ગમે તેટલો નિપુણ હોય પણ પોતાના દુર્ભાગ્યને ટાળી શકતો નથી. માયાદિત્યે પણ આ જ અનુભવ કર્યો.

તેની ચતુરાઈ માટીમાં મળી ગઈ. તે ગામ તરફ ચાલ્યો. તેણે વિચાર્યું : 'ગામમાં તો થાણુ મળશે જ. રત્નો તો એની પાસે છે જ એને રૂંવાડાં ખડાં કરી દે એવી કોઈ વાત સંભળાવીશ. ચાલો, ઠીક થયું. પાંચ રત્નો તો ક્યાંય ન ગયાં. જો તક મળશે તો દશેદશ મેળવીશ.'

થાણુ અને માયાદિત્ય અલગ-અલગ જગાએથી પોતાના ગામ તરફ જતા હતા. બંને એકબીજાને મળે તેવી સંભાવના નહોતી. પણ બન્યું એવું કે બંને જણ જ્યાં બે રસ્તા મળતા હતા ત્યાં મળી ગયા. થાણુ માયાદિત્યને જોઈ તેને ભેટી પડ્યો અને રોવા લાગ્યો. તેણે પૂછ્યું : 'મિત્ર, તું ક્યાં ફસાઈ ગયો હતો. હું તો ગભરાઈ ગયો હતો.' માયાદિત્યે કહ્યું : 'મારાથી કહી શકાય એમ નથી. હું તો જરા બચી ગયો, નહીં તો મરી ગયો હોત.'

થાણુએ કહ્યું : 'તારે કહેવું જ પડશે. જો નહીં બતાવે તો મિત્રતા કલંકિત થશે. કહેવાયું છે કે 'ગુરુથી કપટ, મિત્રથી ચોરી, તો આંધળો થાય કે કોઢી.' મારાથી કંઈ ન છુપાવો.'

તેણે તેને બેસાડીને બધું કહેવા માંડ્યું. માયાદિત્યનો હાથ પકડી થાણુએ તેને બેસાડ્યો. માયાદિત્યે મનમાં જ એક કથા ઘડી કાઢી. થાણુ પણ તે સાંભળી રહ્યો હતો. વાત કહેતાં કહેતાં માયાદિત્ય એક નજર થાણુની કમરે બાંધેલાં રત્નો પર પણ નાંખી લેતો.

માયાદિત્યે કહ્યું : 'આમલી માટે હું બહુ દુકાનો પર ફર્યો પણ ક્યાંય ન મળી. એક વાર તો એવું વિચાર્યું કે આમલી લીધા વગર જ પાછો ફરું. પણ પછી વિચાર્યું કે આમલી લેવા નીકળ્યો છું તો લઈને જ જઈશ. દુકાનો પર નહીં મળે તો કોઈના ઘેરથી માગી લઈશ. મળી જશે.

આમ વિચારી ઘેર-ઘેરથી આમલી માગવા લાગ્યો પણ ક્યાંયથી ન મળી. આ દરમિયાન મને એક મોટા મકાનનો ઝાંપો ખુલ્લો જોવા મળ્યો. તેમાં હું ઘૂસી ગયો. વિચાર્યું કે કોઈ મોટા શ્રીમંતની હવેલી હશે. જાતજાતનાં ભોજન બનાવ્યાં હશે. ત્યાં જરૂર આમલી મળી જશે. એ હવેલીમાં ઘૂસી ગયો, પણ ત્યાં કોઈ નહોતું. આખું ભવન સૂમસામ હતું. એવામાં એક કાળો ભૂત યમદૂત જેવો માણસ નીકળ્યો અને ચાર-પાંચ થપ્પડ મને મારી. મને ક્રોધ આવવાથી પૂછ્યું : 'મને કેમ મારો છો ? મેં તમારું શું બગાડ્યું છે ?' તેણે મને બીજી એક લાત મારી અને મને ચોર કહી 'ચાલ મારી સાથે' એમ કહ્યું.

તે વ્યક્તિ હવેલીના માલિક પાસે મને લઈ ગયો. તેણે કહ્યું : 'માલિક, આ રહ્યો આપનાં કુંડળોનો ચોર.' શેઠે કહ્યું : 'શાબાશ, તેં સરસ પકડ્યો આને. આ જ લઈ ગયો છે મારાં કુંડળ ? સારું, અત્યારે તો આને પૂરી દો. પછી તેને રાજદરબારમાં

લઈ જઈશ, આને દંડ તો રાજા જ આપશે.'

'આમ મને પૂરી દીધો.' એમ માયાદિત્યે કહ્યું : 'હું રાતભર રોતો રહ્યો.' એમ પણ એણે કહ્યું. 'બીજા દિવસે એક વેશ્યા જેવી સુંદરી મને ભોજન આપવા આવી. તે મારી ઉપર ઢળી પડી હતી. તેનો લાભ લેવા મેં એને કહ્યું : 'સુંદરી, જો તું સાચું કહે તો તને કંઈક પૂછું.' તે બોલી : 'પરદેશી, જે પૂછશો તેનો હું સાચો જવાબ આપીશ, શું પૂછો છો ?' મેં પૂછ્યું : 'મેં આ શેઠનું કંઈ બગાડ્યું નથી છતાં મને ચોર બનાવી પકડી લીધો છે. મેં તેમનાં કુંડળ ચોર્યાં નથી.' સુંદરી દાસીએ કહ્યું : 'એ તો હું જાણું છું કે તમે મારા શેઠનાં કુંડળ ચોર્યાં નથી. કુંડળ ચોરવાનો આરોપ તો એક બહાનું છે. ખરી વાત એ છે કે નવમીના દિવસે આ શેઠ તમારો બલિ આપશે.'

બલિના નામથી જ માયાદિત્ય ગભરાયો. તેણે દાસીને ત્યાંથી બહાર કાઢવા વિનંતી કરી. દાસીએ ના પાડી. તેણે તેને તરકીબ બતાવી : 'નવમીના દિવસે શેઠ સહિત બધાં સ્નાન કરવા જશે ત્યારે અહીં કોઈ નહીં રહે. એ વખતે આ બારીમાંથી કૂદીને ભાગી શકો છો.'

નવમીનો દિવસ આવતાં ઘરનાં બધાં બહાર ગયાં. હું બારી કૂદીને ભાગી છૂટ્યો. ઘણા ગાઉ દૂર નીકળી ગયો. તેણે થાણુને કહ્યું : 'તારા વિના તો હું જીવતો જ મરી રહ્યો હતો. રસ્તે જનારાઓને હું તારા વિશે પૂછતો. ત્યારે એક જણે કહ્યું કે એવો એક માણસ મેં આમ જતો જોયો છે. હું તને શોધતો શોધતો આ બાજુ આવ્યો. મારાં ભાગ્ય કે તું મને મળી ગયો.'

થાણુએ માયાદિત્યને ફરીથી છાતીએ વળગાડ્યો. તેણે કહ્યું : 'હવે જેવું મળશે તેવું ખાઈ લઈશું પણ કોઈ દિવસ હાથે બનાવેલ ભોજનની ઇચ્છા નહીં કરું.'

હવે બંને મિત્રો ફરીથી આગળ ચાલ્યા. હવે પ્રચંડ ગરમી પડતી હતી. એમાં એક મુશ્કેલી થઈ કે બંને ખોટા રસ્તે ચઢી ગયા. કઈ દિશામાં જવું અને ક્યાં ન જવું તેનું તેમને જ્ઞાન નહોતું. વનમાં સાચો રસ્તો બતાવનાર કોઈ નહોતું. તે વનમાં જ્યાં રસ્તો દેખાય ત્યાં તેઓ જતા. ક્યાંક તો પહોંચીશું એમ વિચારીને વનના અજાણ્યા માર્ગે ચાલ્યા જતા હતા.

ગરમીને કારણે પાણીથી ભરેલા ખાડા, તળાવો સુકાઈ ગયાં હતાં. ક્યાંક કીચડ જોવા મળતો. માયાદિત્ય અને થાણુ તરસ્યા હતા તેમ જ ભૂખ્યા પણ હતા. વનમાં તેમને કેટલાક દિવસોથી ભોજન નહોતું મળ્યું. થાણુ થાકીને બેસી ગયો અને માયાદિત્યને કહ્યું : 'તું સાહસિક છે. હું તો અધમૂઓ થઈ ગયો છું. મારાથી હવે ચલાતું નથી.' માયાદિત્યે કહ્યું : 'મિત્ર, ભૂખતરસ તો મને પણ લાગેલ છે. મને લાગે છે કે અહીં બેઠા બેઠા તરસથી મરી જવું તેના કરતાં તો પાણી શોધતાં શોધતાં ભલે મરી જવાય. ચલો, ઊઠો.'

માયાદિત્યે થાણુને હાથ પકડીને ઉઠાડ્યો. થાણુએ પોતાની પાસેનાં રત્નો માયાદિત્યને સાચવવાં આપ્યાં. માયાદિત્યે વિચાર્યું કે અસલી નકલીની અદલાબદલીમાં મારા હાથમાંથી રત્નો તો જતાં રહ્યાં હતાં. હવે થાણુ પોતે જ આપે છે તો શા માટે ન લેવાં. પણ પહેલાં થોડો ત્યાગ તો દેખાડું. માયાદિત્યે આમ વિચારી થાણુને જ તે રત્નો રાખવા કહ્યું. થાણુએ ના પાડતાં માયાદિત્યે દસેય રત્નોની પોટલી લઈ લીધી. બંને ચાલવા લાગ્યા. એકાદ માઈલ ચાલ્યા હશે ત્યાં તેમણે એક કૂવો જોયો. તે પથ્થરોનો બનેલો હતો. માયાદિત્યે થાણુને કહ્યું : 'આપણું ભાગ્ય સારું છે કે કૂવો મળી ગયો.' તેણે મિત્ર થાણુને એ પણ કહ્યું : 'આ કૂવો કોણે બનાવ્યો હશે તે વિચાર.' થાણુએ કહ્યું : 'પહેલાં અહીં ગામ હશે. તેનું ચિહ્ન આ કૂવો રહી ગયો હશે.'

માયાદિત્યે વિચાર્યું કે થાણુને કૂવામાં નાખી દઉં તો આ દસ રત્નોનો સ્વામી બની જાઉં. તેણે થાણુને કૂવામાં પાણી કેટલું ઊંડું છે તે જોવા કહ્યું. સરળ હૃદયી થાણુ કૂવામાં જોવા ગયો ત્યારે માયાદિત્યે તેને ધક્કો મારી કૂવામાં ફેંકી દીધો. પછી તે ભાગ્યો. કૂવાની અંદર ચારે તરફ મોટું ઘાસ ઊગેલું તેથી થાણુને વાગ્યું નહીં. તે વિચારતો હતો કે કોઈકે મને ધક્કો તો માર્યો છે. માયાદિત્ય પાસે હતો પણ તે તો તેનો મિત્ર હતો તેથી તેની ઉપર તો પૂરો વિશ્વાસ હતો કે તે એવું કરે નહીં.

પોતાની ચિંતા છોડી દઈ થાણુ માયાદિત્યની ચિંતામાં પડ્યો. તે તો તેની ચિંતામાં નવકાર મંત્ર જપવા લાગ્યો.

બંનેનાં મનમાં કેટલું અંતર હતું ! એક મિત્રને કૂવામાં ધક્કો મારી ભાગતો હતો, તો બીજો તેની મંગલકામના માટે મંત્ર જપતો હતો.

જે તરફ માયાદિત્ય રત્નોની પોટલી બાંધીને જઈ રહ્યો હતો તે તરફ પલ્લીપતિ શબરસેન ભીલરાજ પોતાનો પડાવ નાંખીને પડ્યો હતો. ભીલોએ માયાદિત્યને જોયો તો 'પકડો-પકડો'ની બૂમો પાડવા લાગ્યા. માયાદિત્ય ડરીને ભાગવા લાગ્યો. ભીલોએ તેના પગમાં તીર માર્યું તો તે પડી ગયો. માયાદિત્ય પકડાઈ ગયો. ભીલો તેને શબરસેન પાસે લઈ ગયા. શબરસેને તેનાં વસ્ત્રો ઉતરાવી તપાસ કરાવી તો તેની પાસેથી દસ રત્નો મળી આવ્યાં. ભીલરાજ કીંમતી રત્નોને જોઈ રાજી થયો. તેણે હુકમ કર્યો : 'આને જવા ન દેશો. બાંધીને વાંસના વાડામાં નાખી દો.'

ભીલોએ વેલાથી એના હાથપગ બાંધી દીધા અને દૂર નાખી દીધો. પછી શબરસેને સૈનિકોને કહ્યું કે પહેલાં પાણી શોધો. બહુ જ તરસ લાગી છે. એક ભીલે કહ્યું : 'થોડે દૂર એક જૂનો કૂવો છે. પણ એમાં પાણી છે કે નહીં તેની ખબર નથી.'

શબરસેને જઈને તપાસ કરવા કહ્યું. વડનાં પાનની એક દોણી બનાવી લેવા કહ્યું. ભીલોએ એમ કર્યું. ચાર ભીલો જૂના

કૂવા પાસે ગયા જેમાં થાણુ પડ્યો હતો. ભીલોએ લતાઓનું બનાવેલું મજબૂત દોરડું કૂવામાં નાંખ્યું તો થાણુએ પકડી લીધું. થાણુએ પોતે પરદેશી છે અને પોતાને બહાર કાઢવા કહ્યું. એક ભીલ તરત જ શબરસેન પાસે આવ્યો અને બધી વાત કહી. શું કરવું તેને માટે આજ્ઞા માગી. શબરસેને કહ્યું : 'આ કોઈ પૂછવાની વાત છે ? સંકટમાં ફસાયેલાઓને બચાવવાનું તો કામ આપણું છે. પાણીની ચિંતા પછી કરજો, પહેલા પેલા પરદેશીને બચાવીને લાવો.'

ભીલોએ થાણુને બહાર કાઢ્યો અને શબરસેન પાસે લઈ આવ્યા. શબરસેને વિચાર્યું કે આ કોઈ ભલો માણસ છે. તેણે કૂવામાં કેવી રીતે પડી ગયા ? ક્યાં જવું છે ? વગેરે પૂછ્યું.

થાણુએ કહ્યું : 'દરિદ્રતાને કારણે મારા એક મિત્રની સાથે ગામથી ધનોપાર્જન માટે નીકળ્યો હતો. પૈઠણપુર પહોંચીને અમે પાંચ-પાંચ હજાર સુવર્ણમુદ્રાઓ પ્રાપ્ત કરી. તેના બદલામાં એક એક હજાર સુવર્ણમુદ્રાઓ બરાબર અમે બંનેએ પાંચ-પાંચ રત્નો લીધાં. તે લઈને અમે નીકળ્યા.' થાણુએ ફરીથી કહ્યું : 'અમે બંને મિત્રો ચાલતા ચાલતા વનમાં ફસાઈ ગયા. ભૂખ્યા અમે કૂવા પાસે આવ્યા. હું કૂવામાં જોતો હતો ત્યારે કોઈકે મને કૂવામાં ધકેલી દીધો.'

ભીલ સેનાપતિ સમજી ગયો કે આને કોઈકે કૂવામાં નાંખી દીધો છે. તેણે થાણુને કહ્યું : 'તમને કૂવામાં નાખનારો તમારો મિત્ર જ છે.' થાણુએ બંને કાન પર હાથ મૂકી કહ્યું : 'આવું સાંભળવાથી મને પણ પાપ લાગશે. પ્રાણથી પ્યારો એવો મારો મિત્ર આવું કદાપિ ન કરી શકે.' ભીલ સેનાપતિએ તેને કહ્યું : 'તમારો મિત્ર ધૂર્ત છે. એણે જ તમને કૂવામાં નાખ્યા હતા.' થાણુએ પોતે કહ્યું : 'હું તો એવું માનતો નથી.' તેણે તો એ પણ કહ્યું : 'એવો આત્મીય મિત્ર મળવો મુશ્કેલ છે.'

થાણુના ભોળપણ પર ભીલ રાજા હસ્યો. ભીલ રાજાએ વિચાર્યું કે આ થાણુ બહુ જ ભોળો છે. ભીલે વિચાર્યું કે કોઈપણ રીતે થાણુને વાસ્તવિકતાનો પરિચય કરાવવો પડશે. ભીલ રાજાએ પૂછ્યું : 'તું કૂવામાં પડ્યો ત્યારે તારો મિત્ર ક્યાં ગયો ?' થાણુએ ઉદાસ થઈને કહ્યું : 'તે બિચારો ક્યાંક ભટકતો હશે.' થાણુની વાત પર બધા હસી પડ્યા. ભીલરાજાએ તેને કહ્યું : 'તારા મિત્રને છોડી દે, નહીં તો તે તારા માટે ઘાતક થશે.' ભીલરાજાએ તેને કહ્યું : 'તારા ભોળપણને કારણે તને પાંચ રત્ન પાછાં આપું છું તે લઈ તારે ઘેર જા.'

શબરસેન પોતાના રહેઠાણ તરફ ચાલ્યો. માયાદિત્યને તે પોતાના વાડામાં બંધ કરી ગયો હતો. થાણુ આગળ વધ્યો તો તેને વાડામાં બંધનમાં પડેલો માયાદિત્ય મળી ગયો. તેણે માયાદિત્યને કહ્યું : તારી ઉપર જે સંકટ પડ્યાં હશે તેને ભૂલી જઈ મારી સાથે ચાલ. શબરસેને મને પાંચ રત્નો આપ્યાં છે. તેમાંથી આપણે બે અડધાં અડધાં વહેંચી લઈશું.'

થાણુએ માયાદિત્યનાં બંધન ખોલી નાંખ્યાં. માયાદિત્યને એટલી શરમ આવી કે તે પોતાની આંખ થાણુની આંખ સાથે મેળવી ન શક્યો. થાણુએ તેને ખૂબ ધીરજ આપી.

ચાલતા ચાલતા બંને એક દિવસ પોતાના ગામ શાલિગ્રામ પહોંચી ગયા. માયાદિત્યે ગામવાળાઓને ભેગા કરી કહ્યું : 'મેં મારું નામ ગંગાદિત્ય છોડી માયાદિત્ય રાખ્યું તે ઠીક કર્યું. પોતે બહુ જ પાપી છે' એમ પણ તેણે કહ્યું. 'હવે પોતાને મૃત્યુ બાદ જ શાંતિ મળશે' એમ કહ્યું. એક વૃદ્ધ ગ્રામવાસીએ કહ્યું : 'અગ્નિમાં તપાવવાથી સોનું વગેરે ધાતુ શુદ્ધ થાય છે. મિત્રદ્રોહનું પાપ ચિતા ઉપર ચડવાથી પણ નષ્ટ થતું નથી.'

એક વૃદ્ધે સલાહ આપી : 'બળીને મરવાની કોઈ જરૂર નથી. તેં કરેલો મિત્રદ્રોહ તો ધન માટે કર્યો હતો. તેમાં કોઈ પાપ નથી.'

ત્રીજાએ માયાદિત્યને કહ્યું : 'મિત્રદ્રોહનું પાપ કર્યું છે માટે કાપાલિક સાધના કરવી જોઈએ.'

ચોથાએ માયાદિત્યને કહ્યું : 'ભાગ્ય જ કઠપૂતળીની જેમ નાચ કરાવે છે માટે તેં કોઈ પાપ કર્યું નથી. પાંચમાએ કહ્યું કે પાપ તો એણે કર્યું છે માટે સામાન્ય પ્રાયશ્ચિત તો કરવું જોઈએ.'

બધાના પૂછવા પર પાંચમી વ્યક્તિએ કહ્યું : 'ગંગાસ્નાન કરવાથી પાપ ધોવાઈ જાય છે. તેથી માયાદિત્ય થોડા દિવસ ગંગાકાંઠે રહે અને રોજ ગંગાસ્નાન કરે.' આ વિચાર બધાને ગમ્યો.

સૌથી છેલ્લે થાણુએ કહ્યું : 'ગંગાતટે આનું મરણ થાય તે હું નહીં થવા દઉં. જો આણે મિત્રદ્રોહ કર્યો હોય તો પણ તેને મિત્રદ્રોહી નથી માનતો. હું એને ક્યાંય નહીં જવા દઉં.' થાણુની વાત સાંભળતાં જ માયાદિત્ય તેને ભેટી પડ્યો અને આંસુ પાડવા લાગ્યો. તેણે કહ્યું : 'તારી ઉદારતાથી હું દબાતો જાઉં છું. મનુષ્યના રૂપમાં તું દેવતા છે.'

આટલો વૃત્તાંત સાંભળીને કૌશામ્બીના ઉદ્યાનમાં વિરાજેલા આચાર્ય ધર્મનંદને રાજા પુરન્દરદત્તને કહ્યું, 'આ જ અહીં બેઠેલા આ માયાદિત્યની કથા. તે હવે આત્મોદ્ધાર માટે અહીં આવ્યો છે.' માયાદિત્ય મુનિ ધર્મનંદનના ચરણોમાં ઢળી પડ્યો.

['કુવલયમાલા' માંથી, 'જૈન કથાએ'-શ્રી પુષ્કરમુનિ.]

માનભટ્ટ

ધર્મનંદન મુનિએ અભિમાનનું અન્ય નામ શું છે તે કહ્યું અને તેના અનર્થો વિશે કહ્યું. રાજા પુરન્દરદત્તે વચમાં જ મુનિને પૂછ્યું : 'આ ધર્મસભામાં અનેક પુરુષો બેઠા છે. એમાંથી માની પુરુષ કોણ છે તેની ખબર પડતી નથી.'

મુનિએ પોતાના સીધાણમાં અને રાજાની ડાબી બાજુએ

બેઠેલા પુરુષ તરફ સંકેત કર્યો. રાજાએ જોયું કે તે પુરુષ વારંવાર પોતાના ડાબા પગને ધરતી પર પછાડતો હતો. એ માની પુરુષને સાંગોપાંગ નિહાળ્યો પછી રાજા પુરન્દરદત્તે મુનિ ધર્મનન્દનને પૂછ્યું : 'એ પુરુષે ક્યાં ન કરવાનાં કાર્ય કર્યાં છે તે કહો.'

મુનિએ કહ્યું : 'એણે જે કાર્યો કર્યાં છે તે હૃદય કાંપી ઊઠે એવાં છે.' આટલું કહી મુનિએ માનમૂઢ માનભટ્ટની કથા કહી :

'માળવાની રાજધાની ઉજ્જૈનમાં અવંતિવર્ધન નામે રાજા રાજ્ય કરતો હતો. ઉજ્જૈનની ઈશાન દિશામાં કૂપવૃન્દ નામનું એક મોટું ગામ હતું. તેમાં ધનધાન્યથી સમૃદ્ધ લોકો રહેતા હતા. ગરીબો પણ હતા. તેમાં ક્ષેત્રભટ્ટ નામનો એક ઠાકુર હતો. ક્ષેત્રભટ્ટના પુણ્યોદયનો યોગ હતો તેથી તે ગામ છોડી મહાનગરી ઉજ્જૈન પહોંચી ગયો. તેને અવંતિવર્ધનના અંગરક્ષક તરીકે કામ મળી ગયું. તે પોતાના પરિવાર સાથે ઉજ્જૈનમાં જ રહેવા લાગ્યો. સાથે પત્ની અને પુત્ર પણ હતાં. ક્ષેત્રભટ્ટને વીરભટ્ટ નામે પુત્ર હતો જે પિતા જેવો જ બહાદુર હતો. પિતાની સાથે તે રાજસભામાં જતો હતો.

ક્ષેત્રભટ્ટે છળકપટ છોડી દઈ રાજાની સેવા કરી. તે રાજા માટે કેટલાંક યુદ્ધો લડ્યો, તેમાં તેને સફળતા મળી. રાજા ખુશ થયો. રાજાએ તેને કૂપવૃન્દ ગામ જાગીરમાં આપી દીધું. હવે ક્ષેત્રભટ્ટ એક ગામનો સ્વામી પણ થઈ ગયો. તે વૃદ્ધ થયો ત્યારે રાજા અવંતિવર્ધનને વિનંતી કરતાં કહ્યું : 'મહારાજ, હવે આ વૃદ્ધાવસ્થામાં હું સેવામાંથી નિવૃત્તિ ઇચ્છું છું. મારી જગ્યાએ મારો પુત્ર વીરભટ્ટ મારી જેમ જ આપની સેવા કરશે.' રાજાએ અનુમતિ આપી. ક્ષેત્રભટ્ટ પોતાની પત્નીને લઈ કૂપવૃન્દ જતો રહ્યો. ત્યાં તેનું ઠાકોરપણું પૂજાવા લાગ્યું. ઉજ્જૈનમાં વીરભટ્ટ રાજાની સેવા કરવા લાગ્યો.

વીરભટ્ટને ત્યાં પુત્ર થયો જેનું નામ કુળપરંપરા અનુસાર શક્તિભટ્ટ પાડવામાં આવ્યું. શક્તિભટ્ટ મોટો થતાં પિતાની સાથે જ રાજાની સેવા કરવા માંડ્યો. થોડા સમય પછી શક્તિભટ્ટે પિતાની જગા લઈ લીધી અને તે રાજા અવંતિવર્ધનનો પ્રમુખ પાર્ષદ બની ગયો. તેને એવું અભિમાન આવી ગયું કે હું રાજાથી પણ વિશેષ છું. તે કોઈને વધુ સમજતો નહોતો. તે દરબારીઓ પાસે અભિવાદનની અપેક્ષા રાખતો હતો.

શક્તિભટ્ટ સ્વભાવથી અભિમાની અને અહંકારી હતો. એક દિવસ રાજા અવંતિવર્ધનનો દરબાર ભરાયો હતો. ભીલરાજાનો પુત્ર પુલિંદ પોતાના સૈનિકો સાથે રાજાને વંદન કરવા આવ્યો. તે એક ખાલી આસન પર બેસી ગયો. થોડીવારમાં જ અભિમાની માનભટ્ટ આવ્યો. તેણે પુલિંદને પોતાના આસન પર બેઠેલો જોયો. નજીક આવીને તે બોલ્યો : 'પુલિંદ, આ મારું આસન છે. અહીંથી ઊઠી જા.' પુલિંદે નમ્રતાથી કહ્યું : 'આ તમારું આસન છે તે મને ખબર નહોતી. હવે બેઠો છું તો બેસવા દો. આટલા બધા માણસોની વચ્ચે મારી બેઇજ્જતી ન કરો. હવે ધ્યાન રાખીશ.' આટલાં નમ્ર વચનોથી માનભટ્ટ રાજી થઈ ગયો. તેણે ફરી જીદ ન કરી. પણ એક જણે કહી દીધું : 'કંઈ પણ હોય, પણ પુલિંદ ખૂબ ચતુર છે. એ વાતોમાં નિષ્ણાત છે.' આ ઉપરાંત બીજાઓએ માનભટ્ટની કરેલી ટીકાઓથી ઉશ્કેરાઈને તેણે પુલિંદની છાતીમાં કટાર ભોંકી દીધી. લોકોએ પુલિંદને સંભાળ્યો. માનભટ્ટ ઘોડા પર ભાગી જઈ જંગલમાં છુપાઈ ગયો. આ બાજુ પુલિંદનાં પ્રાણપંખેરું ઊડી ગયાં. રાજા અવંતિવર્ધન પણ ચકિત થઈ ગયો. પુલિંદના ભીલ સૈનિકોએ પોતાના સ્વામીનો બદલો લેવાનો નિશ્ચય કરી લીધો. તેઓ માનભટ્ટને ચારેબાજુ શોધવા લાગ્યા.

બીજી તરફ માનભટ્ટ અંધારાનો લાભ લઈ પોતાને ઘેર પહોંચ્યો અને પોતાના પિતા વીરભટ્ટને બધો વૃત્તાંત કહ્યો. પિતાએ બધી વાત સાંભળી હોવાનું કહ્યું. વીરભટ્ટે તેને શોધવા આવેલાઓને પણ કહ્યું : 'તે ઘેર આવ્યો જ નથી.' વીરભટ્ટે તેને કહ્યું : 'તેણે જે કર્યું તે બરાબર નથી કર્યું. જે થવાનું હતું તે થઈ ગયું.' આમાંથી બચવાના બે ઉપાય હોવાનું તેણે કહ્યું : 'એક તો રાજા સમક્ષ સમર્પણ કરી દેવું. કદાચ રાજા તને માફ કરી દે. બીજો ઉપાય એ છે કે આપણે બધા ઉજ્જૈન છોડીને ક્યાંક બીજે જતા રહીએ.'

માનભટ્ટે પોતાને બીજો ઉપાય ઠીક હોવાનું કહ્યું. તેણે કહ્યું : 'કદાચ રાજા માફ કરી પણ દે. પણ હું હત્યાનું કલંક લઈને બધાની સામે કેવી રીતે રહીશ ?' છેવટે તે પત્ની તથા માતાપિતા સાથે રાતોરાત ઉજ્જૈનથી નીકળી ગયો. કેટલાક દિવસો પછી તે નર્મદા નદીને કિનારે પહોંચ્યો. ત્યાં જ પુલિંદના ભીલ સૈનિકોએ પડાવ નાખ્યો હતો. તેઓ માનભટ્ટને જ શોધતા હતા. તેઓએ તો માનભટ્ટ ઉપર બાણવર્ષા શરૂ કરી દીધી. માનભટ્ટ પણ વીર હતો. તેણે એકલાએ જ મુઠ્ઠીભર સૈનિકોને હંફાવ્યા. વિજયથી માનભટ્ટ ફુલાયો. પિતાએ શાબાશી આપી.

તે પછી તેઓ નર્મદા પાર કરી એક ગામમાં પહોંચ્યા. ત્યાં એક નિર્જન કિલ્લામાં રહેવા લાગ્યા. સાથે લાવેલા ધન વડે માનભટ્ટ દિવસો ગુજારવા લાગ્યો. તેના દિવસો આનંદમાં વીતવા લાગ્યા. વસંતઋતુ આવતાં બધા લોકો પોતાની પત્નીને લઈ બગીચામાં પહોંચી ગયા. માનભટ્ટે પોતાની સ્ત્રીને કહ્યું : 'તું પણ જલ્દી તૈયાર થઈ જા.' ગૌરાંગીએ પોતાનું નામ ગૌરાંગી નહીં હોવાનું કહ્યું ત્યારે માનભટ્ટે હસીને ગૌરાંગી કેમ કહી તે સમજાવ્યું.

પતિ દ્વારા પોતાની પ્રશંસા સાંભળીને ગૌરાંગી ખીલી ઊઠી. માનભટ્ટ અને ગૌરાંગી તૈયાર થઈને બગીચામાં ગયાં. ગૌરાંગી સ્ત્રીઓના ટોળામાં ભળી જઈ ઝૂલા ઝૂલવા માંડી. પુરુષ અલગ ઝૂલા ઝુલાવી રહ્યા હતા. સ્ત્રીઓ ગીત ગાતી હતી તેમાં પતિની મજાક અને તેના પ્રેમનું વર્ણન હતું. હવે પુરુષોમાં પણ ઉત્સાહ આવી ગયો. તેમણે એકબીજાને કહ્યું : 'ભાઈઓ, આ

ગીતમાં તો એક જ જાતના પતિનું વર્ણન છે. તો આપણે પોતપોતાની પત્નીઓનાં રૂપગુણનું વર્ણન કરતાં અલગ અલગ વસંત ગીત કેમ ન ગાઈએ ?'

હવે જેની પત્ની વિશે ગીત હોય તે સ્ત્રી હસીને પોતાના પતિ તરફ જોતી. તેની સાથે બીજી સ્ત્રીઓ તેની મજાક પણ કરતી. એકની પત્ની થોડા દિવસ પહેલાં જ પોતાના પિયરથી આવી હતી. તેણે પોતાની પત્નીનું નામ તો ન લીધું પણ પિયરની વાત કહી એ પ્રકટ કરી દીધું કે તે તેના જ ગુણ ગાય છે. બધી સ્ત્રીઓ હસવા લાગી. ગૌરાંગીએ પેલી સ્ત્રીને કહ્યું : 'તારા પતિ તો તારી પાસે પાણી ભરે છે. લાગે છે કે તે તને ખૂબ ચાહે છે.'

એકે કહ્યું : 'ગૌરાંગી, હવે તારો વારો છે. તારો પતિ તારા જ ગુણ ગાશે.' ગૌરાંગીએ કહ્યું : 'અરે, મારો પતિ તો મારી પર પ્રાણ આપે એવો છે. એને મારો ગોરો રંગ એવો ગમે છે કે મને ગૌરાંગી જ કહે છે.' આ વાતો ચાલતી હતી તે દરમિયાન માનભટ્ટ ઝૂલા ઉપર બેસી ગયો. સાથીદારોએ કહ્યું : 'માનભટ્ટ, ગા. જો તારી ગૌરાંગી અહીં જ જુએ છે.' માનભટ્ટે પોતાના ગીતમાં કોઈ શ્યામસુંદરીને ઉદ્દેશીને ગાયું તેથી ગૌરાંગી ગુસ્સે થઈ ગઈ. તે ગુસ્સે થઈ બગીચો છોડી ઘર તરફ રવાના થઈ ગઈ. ઘેર આવી તે ખૂબ રડી. તેણે વિચાર્યું કે પોતે તો કહેવાની પત્ની છે. હવે પોતે મરી જાય તેમાં જ સારું છે.

માનભટ્ટે જોયું કે ગૌરાંગી રૂઠીને જતી રહી છે, તો તે પણ ઘર તરફ ચાલ્યો. ગૌરાંગીએ આત્મહત્યા કરવાનો નિશ્ચય કર્યો. તેણે છાપરાના લાકડા સાથે દોરડું બાંધ્યું અને ગાળિયો કરી પોતાના ગળામાં નાખી દીધો. નીચે સ્ટૂલ રાખી તેની ઉપર ઊભા રહી, પછી પગની ઠોકર મારી સ્ટૂલ ખસેડ્યું. દોરડું ગળામાં ફસાઈ ગયું. જીભ બહાર નીકળી ગઈ. એટલી વારમાં તેને શોધતો શોધતો માનભટ્ટ આવી પહોંચ્યો. તેણે સ્ત્રીને લટકતી જોઈ તો ગભરાઈ ગયો. તેણે દોરડું કાપી નાંખ્યું. જો થોડું મોડું થયું હોત તો ગૌરાંગી મૃત્યુ પામી હોત. થોડી વાર પછી તેને હોશ આવ્યા. માનભટ્ટે આ શું ગાંડપણ છે એમ ગૌરાંગીને પૂછ્યું. ગૌરાંગીએ છણકો કરીને કહ્યું : 'મારું નામ લેતાં તમને શરમ નથી આવતી ? ગીત શ્યામાંગીનાં ગાવ છો અને નામ મારું લો છો.' માનભટ્ટે હસતાં હસતાં કહ્યું : 'તું તો મજાકને સાચી માની ગઈ. મારે તો તું એક જ છે. એ ગીત તો મેં ખોટું-ખોટું ગાયું હતું.' ગૌરાંગીએ કહ્યું : 'તું ગમે તેમ કહે, હું માનવાની નથી. તારા હૃદયમાં જરૂર કોઈ શ્યામસલોની શ્યામાંગી વસી છે.' સ્ત્રીની શંકા ભાગ્યે જ દૂર થાય છે. ગૌરાંગીને પતિના ખુલાસાથી સંતોષ ન થયો. બહુ મનાવવા છતાં ગૌરાંગી ન માની એટલે માનભટ્ટ ઘેરથી નીકળી ગયો. આથી ગૌરાંગી પસ્તાઈ. સાસુ-સસરાએ આટલી રાત્રે ક્યાં જાય છે એમ પૂછ્યું ત્યારે પોતાના પતિને મનાવવા જતી હોવાનું કહ્યું.

વીરભટ્ટે કહ્યું : 'મારો એક જ પુત્ર છે. તે અમારી વૃદ્ધાવસ્થાનો સહારો છે. જો તેને કંઈ થઈ જશે તો કોને સહારે જીવીશ ?' માનભટ્ટની મા પણ રોઈ પડી. માનભટ્ટની પત્ની તથા તેનાં માતાપિતા-એમ ત્રણેય માનભટ્ટને પાછો વાળવા ચાલ્યાં. માનભટ્ટે તેમને આવતાં જાણી ઝડપ વધારી. તે વિચારવા લાગ્યો કે લોકો મારે માટે શું શું કરે છે ? પોતે એમ માનવાનો નથી એમ પણ વિચાર્યું.

માનભટ્ટ જંગલમાં આગળ વધ્યો. એક કૂવા પાસે ઊભો રહી ગયો. ગૌરાંગીએ તેને જોયો. તે ધીરેથી સરકી. માનભટ્ટે એક પથ્થર કૂવામાં નાંખ્યો અને પોતે ઝાડીમાં છુપાઈ ગયો. ગૌરાંગીએ પોતાનો પતિ કૂવામાં પડી ગયો એવી બૂમ પાડી. માતાપિતા અને પત્ની એકએક કરીને કૂવામાં પડ્યાં. માનભટ્ટ તેમના મરવાનો તમાશો જોઈ રહ્યો હતો. તેને એમ પણ ન થયું કે અભિમાન દૂર કરી ત્રણેયને બચાવું.

સવારે જોયું તો ત્રણેય મરેલા નીકળ્યાં. માનભટ્ટનું માન વિગલિત થઈ ગયું. તેને ધૈર્ય આપનારું કોઈ જંગલમાં નહોતું. માનભટ્ટે ત્રણ શબોને અગ્નિસંસ્કાર કર્યા. હવે તેને માટે સંસાર સૂનો હતો.

માનભટ્ટને સંસાર ઉપરથી વૈરાગ્ય આવી ગયો. માનભટ્ટ ભ્રમણ માટે નીકળી પડ્યો. એક ગામથી બીજે ગામ અને એક દેશથી બીજા દેશમાં તે ફરતો રહ્યો. તે મઠ, મંદિર, તીર્થ, દેશ વગેરે જગાએ ફર્યો પણ ક્યાંય શાંતિ ન મળી. ક્યાંય પાપશુદ્ધિનો ઉપાય નહોતો મળતો. કોઈ મથુરા જવાનું કહેતું તો કોઈ બનારસ જવાનું. કોઈ પ્રયાગનું મહત્ત્વ દર્શાવતું તો કોઈ બીજે ક્યાંકનું.

મુનિ ધર્મનંદને રાજા પુરન્દરદત્તને કહ્યું કે આમ ફરતો ફરતો માનભટ્ટ કૌશાંબી આવી ગયો. મુનિએ કહ્યું, 'હે રાજા, માનભટ્ટ એ નહોતો જાણતો કે પરંપરાથી ચાલ્યાં આવતાં તીર્થાટનોથી આજ સુધી કોઈનું પાપ દૂર થયું નથી. પોતાના જીવનની સાચી વિગત સાંભળીને માનભટ્ટનું રહ્યુંસહ્યું માન પણ ગળી ગયું અને આચાર્યના પગમાં પડીને તે રડવા લાગ્યો.' તેણે મુનિને કહ્યું : 'પ્રભુ, આપે ધર્મનૌકા પર ચઢાવીને અગણ્ય પાપીઓનો ઉદ્ધાર કર્યો છે. મને પણ આ કીચડમાંથી કાઢો.'

આચાર્યે કહ્યું : 'માનભટ્ટ, હવે દુઃખી ન થશો. હવે તમે ધર્મને શરણે આવી ગયા છો. ધર્મની કૃપાથી સંસારના બધા રોગ મટી જાય છે. પછી આચાર્યે માનભટ્ટને દીક્ષા આપી. ચંડસોમના રૂપમાં ક્રોધ અને માનભટ્ટના રૂપમાં માન-કષાયનું દુષ્પરિણામ જોઈ રાજા પુરન્દરદત્તના મનમાં માયા કષાયને જાણવાની ઇચ્છા થઈ. તેણે પૂછ્યું : 'હે ગુરુદેવ, માયા કષાય શું છે ? એનું રૂપ અને સ્વરૂપ બંને સમજાવો. મુનિએ બધું સમજાવ્યું.

[કુવલયમાલા કથા]

ચણ્ડસોમ

દમિલાણ નામનો એક દેશ સુખસમૃદ્ધિથી ભરેલો હતો. એ દેશમાં કાંચી નામે એક નગરી હતી. આ નગરીના અગ્નિખૂણામાં ત્રણ ગાઉ દૂર 'રગડા' નામની એક નાનકડી વસાહત હતી.

એ વસાહતમાં સુશર્મ નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. તે જન્મજાત ગરીબ હતો. તેને બે પુત્રો અને એક પુત્રી હતાં. મોટા પુત્રનું નામ ભદ્રશર્મા અને નાનાનું સોમશર્મા હતું. પુત્રીનું નામ સોમશ્રી હતું.

મોટો પુત્ર ભદ્રશર્મા નાનપણથી જ ક્રોધી સ્વભાવનો હતો. તે નાનપણથી જ પોતાના જેવડા છોકરાઓને હેરાન કરતો. રમતરમતમાં તે ગુસ્સે થઈ જતો. ભોળા છોકરાઓને તે મારતો. આથી સાથી બાળકો 'તેનું નામ ભદ્રશર્મા કોણે રાખ્યું હશે ? એનું નામ તો ચણ્ડ હોવું જોઈએ' એમ કહેતાં. તે પછી તે ચંડસોમ નામે જાણીતો થઈ ગયો.

ચણ્ડસોમ યુવાન થયો એટલે તેના પિતા સુશર્મે તેને નંદિની નામની સુંદર બ્રાહ્મણ કન્યા સાથે પરણાવી દીધો. નંદિની શીલવાન, સદાચારી તથા પતિવ્રતા સ્ત્રી હતી. તે પોતાના ક્રોધી પતિને પણ પરમેશ્વર સમાન માનતી.

થોડા દિવસ પછી નંદિનીનાં સાસુસસરા એટલે ચંડસોમનાં માતાપિતા જીવનનો ઉત્તરાર્ધ હોવાથી તીર્થયાત્રા કરવા નીકળી પડ્યાં. હવે બધી જવાબદારી ચંડસોમ પર આવી ગઈ. ઘરમાં તો દરેક વસ્તુની તંગી હતી. તૂટેલાં વાસણો અને ફાટેલાં કપડાં સિવાય ઘરમાં કશું નહોતું. પણ ચંડસોમનું ગાડું ગબડ્યે જતું હતું.

દરિદ્ર અવસ્થામાં લપેટાયેલી નંદિનીનું રૂપ બધાને તેની તરફ ખેંચી જતું. જ્યારે તે બહાર નીકળતી ત્યારે ગામના છેલબટાઉ તેની મશ્કરી કર્યા વિના ન રહેતા. કોઈ મોતીની માળા કાગડાને હાથ પડી હોવાનું, તો કોઈ કાગડો અને હંસની જોડી હોવાનું કહેતું. ચંડસોમ બધું સાંભળતો, પણ કોઈનું કશું બગાડી શકતો નહોતો. ગામના યુવકો નંદિની ભાભીની મજાક પણ કરી લેતા. ધીરે ધીરે ચંડસોમને પોતાની પત્ની નંદિનીના ચારિત્ર પર શંકા થવા લાગી. ચંડસોમ નંદિનીને પોતાની નજર નીચે જ રાખવા લાગ્યો.

એક વખત રગડામાં નાટકમંડળી આવી. લોકો કામધંધો પતાવી સંધ્યાસમયથી અડ્ડો લગાવી દેતા. ચંડસોમને પણ નાટક જોવાની ઇચ્છા થઈ. ચંડસોમની મુશ્કેલી એ હતી કે જો તે પોતાની પત્ની નંદિનીને લઈ જાય તો તેનું રૂપ જોઈ લોકો તેની મશ્કરી કરે. જો તેને એકલી મૂકીને જાય તો આખી રાત કેવી રીતે મૂકી જાય. જો કોઈની સાથે એની સાંઠગાંઠ હોય તો ઇશારાથી તેને બોલાવી લે. આમ, ચંડસોમ નાટક જોવા જવા ઇચ્છતો હતો અને નંદિનીને એકલી છોડવા પણ નહોતો માગતો. એવામાં એની બહેનને કહ્યું : 'તું અહીં તારી ભાભી પાસે રહે. હું નાટક જોવા જાઉં છું.' સોમશ્રીએ પણ નાટક જોવાની ઇચ્છા પ્રગટ કરી. ચંડસોમે પોતે જોઈ આવ્યા પછી કેવું છે તે જાણીને જોવા જજે એમ કહી અટકાવી. ચંડસોમ એકલો જ નાટક જોવા ગયો. બીજી તરફ નણંદ-ભાભી સોમશ્રી અને નંદિની અંદરઅંદર વાતો કરવા લાગી. સોમશ્રીએ પોતાનો ભાઈ તેને ન લઈ ગયો કે ન ભાભીને લઈ ગયો એમ કહ્યું. ભાભીએ સોમશ્રીને કહ્યું : 'હું તો રોજ નાટક જોઉં છું. આપણું જીવન પણ એક નાટક છે.' સોમશ્રીએ ભાભીને પૂછ્યું : 'જો નાટક જીવનની નકલ હોય તો તેને જોવામાં કેમ રસ પડે છે ?' ત્યારે નંદિનીએ કહ્યું : 'રસનું કારણ એ છે કે માણસ અસલને સમજતો નથી માટે નકલમાં રસ લે છે. હકીકતમાં રસ વસ્તુમાં નહીં, વસ્તુની નકલ અને કલાકારની કારીગરીમાં હોય છે.'

આ સાંભળી સોમશ્રીએ કહ્યું : 'ભાભી, તમે આટલાં જ્ઞાની છો તે મેં આજે જાણ્યું.' સોમશ્રીએ કહ્યું : 'ભાભી, ચંડસોમ મારો સગો ભાઈ અને તમારો પતિ છે પણ તે તમને સમજી શક્યો નથી.' નંદિનીએ કહ્યું : 'તે મારા પૂજ્ય છે. પતિ ગમે તેવો હોય તો પણ પત્નીએ તેનો અનાદર ન કરવો જોઈએ.' સોમશ્રીએ નાટક અંગે પોતાનો અભિપ્રાય આપીને કહ્યું : 'તેની ઇચ્છા એવી છે કે તે અને નંદિની બંને નાટક જોવા જાય.' નંદિનીએ ના પાડી. તેણે સોમશ્રી સમક્ષ તેના ભાઈના સ્વભાવની વાત કરી. નંદિનીને નણંદે કહ્યું : 'તેને ખબર ન પડે તેમ તેની પહેલાં ઘેર આવી જઈશું.' સોમશ્રી એકલી રહી તેથી તે ન ગઈ. પણ એટલામાં ચંડસોમનો નાનો ભાઈ સોમશર્મા આવ્યો. નંદિનીએ નણંદને તેની સાથે નાટક જોવા જવાનું કહ્યું. સોમશ્રી માની ગઈ. તે તેના નાના ભાઈ સાથે નાટક જોવા ગઈ. નંદિનીએ અંદરથી બારણાં બંધ કરી દીધાં અને બળતા દીવાને અજવાળે રાત કાપવા લાગી. નંદિનીની આંખો ઝોકે ચડી.

અહીં ચંડસોમ તન્મય થઈને નાટક જોઈ રહ્યો હતો. તેની આગળપાછળ જોનારા બેઠા હતા. પાછળ બેઠેલા દર્શકોમાં એક સ્ત્રી અને તેનો ઉપપતિ બેઠેલ હતાં. તે બંને પોતાની પ્રેમચર્ચા કરવા અને સંકેતસ્થળ નક્કી કરવા આવ્યાં હતાં. નાટક જોવાનું તો એક બહાનું હતું.

પ્રેમી પુરુષે પોતાની પ્રેમિકાનો હાથ પોતાના હાથમાં લઈ કહ્યું : 'જો આજે નાટક ન હોત તો આજ પણ ન મળત.' પ્રેમિકાએ પોતાની મજબૂરી હોવાનું કહ્યું. ઘેર પતિ, દિયર અને નણંદ હોવાથી સ્વતંત્ર નહીં હોવાનું કહ્યું. આ બંને પ્રેમીઓ ચંડસોમની પાછળ જ બેઠાં હતાં. તેણે આ વાત સાંભળી. તેને શંકા થવા લાગી કે આ તો તેની પત્ની નંદિની જ લાગે છે. જરૂર તેનો કોઈ છદ્મ પ્રેમી છે. તે બંનેની વાત સાંભળવા લાગ્યો. તેણે તે

તરફ કાન માંડ્યા. પ્રેમીએ પ્રેમિકાને પોતાનો કામાગ્નિ ઠારવા કહ્યું. સ્ત્રીએ પોતાનો પતિ ચણ્ડ હોવાનું કહ્યું. બસ ચણ્ડસોમે તે સાંભળ્યું. તેને લાગ્યું કે તેનું નામ લેનારી તેની પત્ની જ છે.

સ્ત્રીએ પોતાની વાત કહી તો તેના પ્રેમીએ તેને ફોસલાવતાં કહ્યું : 'તારો ચણ્ડ હોય, કે સૌમ્ય હોય. મારી તો તું નંદિની છે. જો તું મારી કામેચ્છા આજે પૂરી નહીં કરે તો હું પ્રાણ આપી દઈશ.' સ્ત્રી વિચારવા લાગી. તેણે કહ્યું : 'તો તું ઘેર ચાલ. મારો પતિ અહીં નાટક જોવા આવ્યો છે. તેને મારા આવવાની ખબર નથી.'

ચંડસોમના ક્રોધનો પાર ન રહ્યો. તે પોતાના ઘર તરફ ચાલ્યો. તે પોતાની ઘરની નજીક છુપાઈ ગયો. તેના મનમાં પોતાના ઘરનાં બારણાં પણ ખખડાવવાનો વિચાર ન આવ્યો. નંદિની અગાશીમાં (કક્ષમાં) જ સૂઈ રહી હતી. ચંડસોમ તો એવું માની બેઠો કે નંદિની અહીં કેવી રીતે હોય ? તે તો તેના પ્રેમી સાથે આવતી હશે.

એટલી વારમાં ચંડસોમની બહેન સોમશ્રી અને ભાઈ સોમશર્મા નાટક જોઈને પરત આવ્યાં, ચંડસોમે તો કંઈ પણ વિચાર કર્યા વિના બંનેની છાતીને ભાલાથી વીંધી નાખી. લોહી વહેવા લાગ્યું. બંને પડ્યાં. નંદિનીની ઊંઘ ઊડી ગઈ. તેણે કમાડ ખોલીને જોયું. તે ચંડસોમ પર ગુસ્સે થઈ. તેણે કહ્યું : 'અરે નિશાચર, તેં આ શું કર્યું ? તે તારાં ભાઈ અને બહેનની હત્યા કરી ?' તેણે ભાઈ અને બહેનને ઓળખ્યાં. નંદિની પણ રડવા લાગી.

ચંડસોમે વિચાર્યું કે માતાપિતા તીર્થયાત્રાએથી પરત આવશે તો તેમને શું જવાબ આપીશ. હે દેવ, આવો અનર્થ મારા હાથે કેમ કરાવ્યો. પાડોશીઓ આવવા લાગ્યા. ભીડ થઈ ગઈ. પહેલાં બધાએ ચંડસોમના કૃત્યની નિંદા કરી. છેવટે બધાએ શોક ન કરવા કહ્યું.

ચંડસોમ પસ્તાતો હતો. તે નસીબને દોષ દેતો હતો. રોતાં રોતાં રાત પૂરી થવા આવી. બધા તેને સાંત્વન આપતા હતા. પોતાનાં ભાઈબહેનની અંતિમ ક્રિયા કરવા લોકોએ સમજાવ્યો. બંનેની ચિતા સળગાવીને ચંડસોમે કહ્યું કે ભાઈબહેનની ચિતા સળગાવીને જીવતો ઊભો છું. ચંડસોમ ચિતામાં કૂદવા આગળ વધ્યો કે તરત જ લોકોએ તેને પકડી લીધો. તેણે લોકોને પૂછ્યું કે હત્યાનું પાપ ન લાગે તેવો કોઈ ઉપાય છે. કેટલાકે બ્રાહ્મણને પાપ ન લાગે એમ કહ્યું, તો કેટલાકે પાપનો નાશ કરવાનું કહ્યું. તો વળી બીજા એકે અજ્ઞાનથી કરેલા કર્મનો દોષ લાગતો નથી. છેવટે આકુળવ્યાકુળ ચંડસોમે કહ્યું : 'બીજાઓ ગમે તે કહે પણ પોતાનું મન માનતું નથી કે પોતે પાપ કર્યું નથી. કોઈ તેને વિધિવત્ પ્રાયશ્ચિત્ત બતાવે તો પાપમાંથી છૂટે.'

ગ્રામપુરોહિતે એ વખતે તેને કહ્યું : 'તારી પાસેથી બધી સંપત્તિ, વાસણ, પશુ-પક્ષી બધું બ્રાહ્મણોને દાનમાં દઈ દે. તું ભિક્ષાપાત્ર લઈને માંગીને ખા અને તીર્થાટન કર. માથું મૂંડાવી નાખ. અડસઠ તીર્થોમાં સ્નાન કરવાથી પાપમુક્ત થઈ જઈશ.'

આટલી કથા સંભળાવ્યા પછી કૌશાંબીના રાજોદ્યાનમાં રહેલા આચાર્ય ધર્મનંદને રાજા પુરન્દરદત્તને કહ્યું : 'હે રાજન્, પાપ બહારના સ્નાનથી કેવી રીતે દૂર થશે ? જો તીર્થજળથી પાપ ધોવાતાં હોત તો ગંગાજીમાં રહેવાવાળાં જલચર કેમ પાપમુક્ત થતાં નથી. રાજન્, સ્વાર્થી, પંડિતોની વાતોથી ચંડસોમને સંતોષ ન થયો તો તે કૌશાંબી આવી ગયો.'

પોતાનાં પૂર્વકૃત્યોનું વર્ણન સાંભળી ચંડસોમ મુનિના ચરણોમાં પડી ગયો. ચંડસોમે પોતાને દીક્ષા આપવા ધર્મનંદનને વિનંતી કરી. ગુરુએ તેને દીક્ષા આપી અને તે ચંડમુનિ બની ગયો.

['કુવલયમાલા' કથામાંથી]

શાંબ-પ્રદ્યુમ્ન

કંસવધ પછી યાદવો શક્તિશાળી થયા. પરંતુ જરાસંધના ભયથી સહુ ખળભળી ઊઠ્યા. સૌ મથુરા છોડી સોરઠ તરફ આવ્યા. સોરઠમાં આવી તેમણે દ્વારાવતી (દ્વારિકા) નગરી વસાવી. દ્વારાવતીમાં કૃષ્ણનરેશ રાજા રાજ્ય કરે. તેના અંતઃપુરમાં રુકિમણી પ્રમુખ રાણી હતી. કૃષ્ણને તેની પ્રત્યે અપાર મમતા હતી. આથી સત્યભામા તેની ઈર્ષ્યા કરતી.

એક દિવસ અયમુત્ત મુનિ વિહાર કરતા કરતા રુકિમણીને ત્યાં આવ્યા. રુકિમણીએ તેમને આદરમાન આપી પોતાને સંતાન થશે કે નહિ તે અંગે પૃચ્છા કરી. સત્યભામા બરાબર તે જ વખતે ત્યાં આવી અને સાધુનું વચન ગ્રહી લીધું. 'એ પુત્ર પોતાનો જ હશે. એ વાત ઋષિએ એને જ કહી છે.' એમ કહીને તે રુકિમણી સાથે ઝઘડવા લાગી. બંને રાણીઓ ન્યાય માટે શ્રીકૃષ્ણ પાસે ગઈ. છેવટે નક્કી કરવામાં આવ્યું કે બેમાંથી જે ખોટું પડે તે પોતાના મસ્તકની વેણી છેદીને બીજાને આપે. શરત બંનેએ માન્ય રાખી. દૈવયોગે બંનેને ગર્ભ રહ્યો. પૂરે માસે રુકિમણીએ પુત્ર પ્રસવ્યો. દાસીએ આવી શ્રીકૃષ્ણને વધાઈ આપી. દ્વારિકાનગરી આનંદમાં ગરકાવ થઈ ગઈ. શ્રીકૃષ્ણે કુંવરનું નામ પ્રદ્યુમ્ન પાડ્યું.

એક દિવસ કૃષ્ણના ખોળામાં રમતા પ્રદ્યુમ્નનું ધૂમકેતુ નામના દ્વેષી દેવતાએ રુકિમણીનો વેશ ધારણ કરી અપહરણ કર્યું. કૃષ્ણે તો તેને રુકિમણી જાણીને જ તેના હાથમાં પ્રદ્યુમ્નને સોંપેલ. ધૂમકેતુએ બાળકને ઉપાડી વૈતાઢ્ય પર ભૂતરમણ ઉદ્યાનમાં મૂક્યો. એવામાં કાળસંવર નામે એક વિદ્યાધરે આવી સંતાન વગર ઝૂરતી કનકમાલા નામની પોતાની સ્ત્રીને તે બાળક આપવાનો વિચાર કરી તેણે પ્રદ્યુમ્નને ઉઠાવી લીધો. ગૂઢ ગર્ભ હતો તેનો પ્રસવ થયો છે એવી જાહેરાત કરી તે કુંવરને ઉછેરવા લાગી.

બીજી બાજુ રુકિમણીએ આવી કૃષ્ણની પાસે પોતાનો પુત્ર માગ્યો ત્યારે કૃષ્ણે કહ્યું : 'હમણાં તો હાથોહાથ આપ્યો છે.' રુકિમણીએ કૃષ્ણને મજાક ન કરવા કહ્યું. કૃષ્ણને અચંબો થયો. તે દેવની માયા જોઈ ધ્રૂજી ઊઠ્યો.

પ્રદ્યુમ્નકુમારના અપહરણથી દ્વારિકાનગરી શોકમાં ડૂબી ગઈ. સર્વ યાદવો ઉદાસ થયા, પરંતુ સત્યભામાને હર્ષ થયો. 'કુંવરને કોણ લઈ ગયું હશે ?' એમ બલભદ્ર અને કૃષ્ણ વિચારે છે એટલામાં નારદમુનિ ત્યાં આવ્યા. તેમણે ઉદાસીનું કારણ પૂછ્યું. રુકિમણીના પુત્ર પ્રદ્યુમ્નના હરણ વિશેની સઘળી વાત નારદે જાણી લીધી.

આ તરફ પ્રદ્યુમ્નકુમાર વિદ્યાધરને ત્યાં ઊછરવા લાગ્યો. યૌવનમાં પ્રવેશતાં તે અત્યંત સ્વરૂપવાન દેખાવા લાગ્યો. તેને જોઈ તેને ઉછેરનાર કનકમાલાએ જ તેની સમક્ષ પોતાની સાથે ભોગ ભોગવવા માગણી મૂકી. એ સાંભળી પ્રદ્યુમ્નકુમાર તો આભો જ રહી ગયો. પ્રદ્યુમ્ને તો તે પોતાની માતા થાય એમ કહ્યું ત્યારે કનકમાલાએ તેને ઉપાડી લાવનાર અંગેની સઘળી વિગતો આપી.

કનકમાલાએ ભોગ ભોગવવાના બદલામાં કુંવરને ગૌરી અને પ્રજ્ઞપ્તિ વિદ્યા આપવાનું પણ કહ્યું. પ્રદ્યુમ્ને બંને વિદ્યા મેળવી લઈ પછી કનકમાલાને કહ્યું : 'પ્રથમ તું મારી માતા છે અને પછી વિદ્યાગુરુ.' આ સાંભળી કનકમાલા કોપાયમાન થઈ. પ્રદ્યુમ્ન ત્યાંથી વનમાં ચાલ્યો ગયો. કનકમાલાએ સ્ત્રીચરિત્ર માંડ્યું. તેણે જાતે જ પોતાના દેહ પર ન્હોર માર્યા. વેણીદંડ છૂટો કરી બૂમબરાડા પાડવા લાગી. આ સાંભળી કનકમાલાના પુત્રો દોડી આવ્યા. પ્રદ્યુમ્ન સાથે યુદ્ધ માંડ્યું પરંતુ પ્રદ્યુમ્ને તેમને હરાવ્યા. કાળસંવર વિદ્યાધરને પણ પ્રદ્યુમ્ને વિદ્યાના જોરે થંભાવ્યો. એટલામાં નારદ ત્યાં આવ્યા. રુકિમણી અને સત્યભામા વચ્ચેની શરતની કુમારને વાત કરી, રુકિમણીને અપમાનિત થતી બચાવવા કહ્યું.

નારદની વાત સાંભળી, પ્રજ્ઞપ્તિ વિદ્યાના બળથી વિમાન રચી પ્રદ્યુમ્ન દ્વારિકાનગરી આવ્યો. સત્યભામાના પુત્ર ભાનુકનાં લગ્નની તડામાર તૈયારીઓ થઈ ચૂકી હતી. પ્રદ્યુમ્ને ભાનુકને પરણનાર કન્યાનું અપહરણ કરી તેને નારદ પાસે ઉદ્યાનમાં મૂકી.

પછી પ્રદ્યુમ્ને વાનરરૂપ ધરી આરામિક પાસે ફળ માગ્યાં. સત્યભામાના ડરથી માળીએ તે આપવાની આનાકાની કરતાં આખો બાગ ઉજાડી નાંખ્યો. અશ્વરૂપ ધારણ કરી આખું નગર ફર્યો. વિવાહ નિમિત્તે એકઠાં કરેલાં જળ અને ઘાસનો નાશ કર્યો. સોદાગર વણિકનું રૂપ ધારણ કરી અશ્વ વેચવા આવ્યો. અશ્વની પરીક્ષા માટે ભાનુકને બેસાડી અશ્વને દોડાવ્યો. ભાનુક ઘોડા પરથી પડતાં તેનાં હાડકાં ભાંગી ગયાં. આ જોઈ નગરના લોકો વિમાસણમાં પડી ગયા. આ પછી કુમાર બ્રાહ્મણવેશ ધારણ કરી નગરમાં ગયો. સત્યભામાની દાસી કુબ્જાનું વિદ્યાબળે રૂપ બદલી નાંખી તેને સુરૂપ બનાવી. કુબ્જાને આશ્ચર્ય થયું. તેણે બ્રાહ્મણવેશી પ્રદ્યુમ્નને પૂછ્યું : 'ક્યાંથી આવો છો ?' પૂછપરછ પછી દાસી બ્રાહ્મણને સત્યભામા પાસે લઈ ગઈ. સ્વરૂપવતી થયેલી કુબ્જા દાસીને સત્યભામાએ ઓળખી નહિ. કુબ્જાએ પોતાની ઓળખાણ આપીને સિદ્ધપુરુષ બ્રાહ્મણની વાત કહી. સત્યભામાએ બ્રાહ્મણને મહેલમાં બોલાવી માનપાન આપ્યું. સત્યભામા રુકિમણીના રૂપથી જલતી હતી. તેથી તેણે બ્રાહ્મણને વિનંતી કરી કે તેને રુકિમણીથી અધિક સ્વરૂપવાન બનાવી દે. વિપ્રે એમ કરી આપવા હા કહીને પોતે કહે તેમ કરવા કહ્યું. વિપ્રે તેને માથું મુંડાવી, સર્વ આભરણ ઉતારી, જરીપુરાણાં વસ્ત્રો પહેરી, મસ્તક અને મુખ ઉપર મેશ ચોપડી 'રૂડુંછઉ સ્વાહા' 'રૂડુંબુડુ સ્વાહા' એમ અઠ્ઠોતેરસો વાર મંત્ર ભણવાથી રૂપ અપૂર્વ થઈ જશે એમ કહ્યું.

બ્રાહ્મણવેશે રહેલા પ્રદ્યુમ્ને ભોજન માગતાં ભાનુકના વિવાહ માટે તૈયાર કરવામાં આવેલાં લાડુ-ખાજાં વગેરે પીરસવામાં આવ્યાં. તે બધાં જ કુમાર ખાઈ ગયો છતાં તૃપ્તિ ન થઈ. દાસીએ તેને ઉઠાડી મૂક્યો. વિપ્રવેશ બદલી કુમારે બાળમુનિનો વેશ ધારણ કર્યો અને રુકિમણીના ઘેર આવી સીધો જ કૃષ્ણના સિંહાસન પર બેસી ગયો. રુકિમણીએ તેને કૃષ્ણ કે કૃષ્ણના અંગજ સિવાય કોઈ સિંહાસન પર બેસી શકે નહિ એમ કહી ઊઠી જવા કહ્યું. બાળમુનિના વેશે રહેલા પ્રદ્યુમ્ને સોળ વરસને અંતે પારણાં કરવા આવ્યો હોવાનું અને માતાનું ધાવણ પણ ન મળ્યું હોવાનું કહીને રુકિમણીને વહોરાવવા કહ્યું. રુકિમણીએ તેને ક્ષીરનું ભોજન વહોરાવ્યું. પછી પ્રદ્યુમ્ને મીઠા લાડુ માગ્યા. રુકિમણીએ કૃષ્ણ માટેના લાડુ કોઈને અપાય નહીં એમ કહ્યું છતાં હઠ કરીને તેણે લીધા.

બીજી તરફ સત્યભામાએ ઘણા જાપ જપ્યા પણ રૂપમાં કોઈ ફેર પડ્યો નહીં. વળી, કોઈએ આવીને તેને ભાનુકને પરણનાર કન્યાનું અપહરણ થયાના, બાગ ઉજાડી મૂક્યાના, ભાનુકને અશ્વ પરથી પછાડ્યાના, ઘાસ-પાણી ખલાસ કર્યાના સમાચાર આપ્યા. સત્યભામા તે અપમાન ગળી ગઈ.

આ ઘટના પછી સત્યભામાએ પોતાની દાસીને રુકિમણીના કેશ લઈ આવવાનું કહ્યું. બાળમુનિએ તે દાસીના જ કેશ વડે તેના હાથમાંનું પાત્ર ભરી આપ્યું. દાસીને તેની ખબર પડી નહિ. સત્યભામા પાસે ગઈ ત્યારે જ તેને વાતની ખબર પડી. ક્રોધાવિષ્ટ સત્યભામાએ કૃષ્ણને રુકિમણીના કેશ પૂર્વે થયેલી શરત પ્રમાણે અપાવવા કહ્યું. કૃષ્ણે બલભદ્રને મોકલી રુકિમણીના કેશ મંગાવ્યા. પરંતુ પ્રદ્યુમ્ને કૃષ્ણનું રૂપ ધારણ કર્યું. તે જોઈ બલભદ્ર શરમાઈને પાછા આવ્યા. બે રૂપ ધારણ કરવા બદલ પોતાના ભાઈ કૃષ્ણને ઠપકો આપ્યો. એવામાં નારદ ત્યાં આવ્યા. પ્રદ્યુમ્નને પોતાનું અસલ રૂપ પ્રગટાવવા કહ્યું. કુમારે સ્વ-રૂપ પ્રગટાવ્યું. એ જોઈને રુકિમણીના હૈયે ટાઢક વળી.

પિતા કૃષ્ણને ચીઢવવા કુમારે પેંતરો રચ્યો. માતાને

બોલવા ના કહીને એક આશ્ચર્ય પેદા કરવા કહ્યું. તે રુકિમણીને રથમાં બેસાડીને ચાલ્યો અને યાદવોને કહેતો ગયો કે રુકિમણીને લઈ જાઉં છું. આ જોઈ કૃષ્ણે પોતાનું સારંગ ધનુષ્ય ચડાવ્યું પણ તેમાં તે નિષ્ફળ ગયો. પ્રદ્યુમ્ને વિદ્યાના બળથી કૃષ્ણના દળને વેરણછેરણ કરી નાખ્યું. કૃષ્ણ વિચારવા લાગ્યા 'આ કોણ છે ?' તે વખતે જ તેમની દક્ષિણ ભુજા ફરકી. શુભ શુકન થયા. નારદે આવીને કુંવરને યુદ્ધ કરતાં રોક્યો. પ્રદ્યુમ્ને માતાપિતાને પ્રણામ કર્યા. પોતે આ કૌતુક માટે જ કર્યું છે એમ કહી ક્ષમાયાચના કરી. છપ્પન કોટિ યાદવોએ પ્રદ્યુમ્નકુમારના નગરપ્રવેશનો મહોત્સવ ઊજવ્યો. સત્યભામાને આ પ્રસંગની ઈર્ષ્યા થઈ.

પ્રદ્યુમ્નકુમારે અપહરણ કરેલી કન્યા ભાનુને પરણાવી. તે પછી પ્રદ્યુમ્ન એક સાથે પચાસ કન્યાઓને પરણ્યો.

એક દિવસ સત્યભામા ભાંગેલાતૂટેલા ખાટલા પર રિસાઈને સૂતી હતી. કૃષ્ણે તેને ચિંતાતુર જોઈ કારણ પૂછ્યું. સત્યભામાએ પોતાને રુકિમણીના પુત્ર જેવો પુત્ર જોઈએ છે એમ કહ્યું. કૃષ્ણે તેને ચિંતા ન કરવા કહી હરિણગમેષી દેવની આરાધના કરી. કૃષ્ણે દેવ પાસે પ્રદ્યુમ્નકુમાર સરખો પુત્ર માગ્યો. હરિણગમેષી 'તેવો પુત્ર થશે'એમ કહીને તેને એક હાર આપીને અંતર્ધ્યાન થઈ ગયા. પ્રદ્યુમ્નને આ વિશે ખબર પડતાં જંબૂવતીને સત્યભામાનું રૂપ ધારણ કરાવી કૃષ્ણ પાસે મોકલી. કૃષ્ણે જંબૂવતીને સત્યભામા જાણી તેના ગળામાં હાર પહેરાવ્યો અને તેની સાથે ભોગ ભોગવ્યા. તે પછી થોડીવારમાં સત્યભામા આવતાં 'ફરી કેમ આવી ?' એમ કહી કૃષ્ણે સત્યભામાને વિષયતૃષ્ણા વિશેષ હોવાનું વિચાર્યું. સત્યભામાએ પોતે નહોતી આવી એવી સ્પષ્ટતા કરી. કૃષ્ણે તેની સાથે ભોગ ભોગવ્યા. તે જ વખતે પ્રદ્યુમ્નકુમારે ભેરી વગાડી. આથી કૃષ્ણ ક્ષોભ પામ્યા. સત્યભામાને તેમણે કહ્યું : 'તારે પુત્ર થશે પરંતુ તે ભીરુ હશે.'

બીજે દિવસે સવારે શ્રીકૃષ્ણે પેલો હાર જંબૂવતીના ગળામાં જોયો. તેમણે ધાર્યું કે પ્રદ્યુમ્ને વિદ્યાના બળે જંબૂવતીને રાત્રિએ મારી પાસે મોકલી હશે. કૃષ્ણને સર્વ સમજાઈ ગયું. પૂરે માસે જંબૂવતીએ પુત્ર પ્રસવ્યો. તેનું નામ શાંબ રાખવામાં આવ્યું. સત્યભામાને પણ પુત્ર થયો. તેનું નામ ભીરુક પાડ્યું.

શાંબ અને પ્રદ્યુમ્નની જોડી સરસ લાગતી હતી. એક દિવસ રુકિમણીએ પ્રદ્યુમ્નકુમારને વૈદર્ભીને પરણી લાવવા કહ્યું. વૈદર્ભીનું માગું લઈને સેવકને મોકલવામાં આવ્યો. રુકમૈયાએ જવાબ આપ્યો : 'કૃષ્ણનું કુળ તો આહિરનું છે તેથી મારી પુત્રી કોઈ ચંડાળને આપીશ પણ તને પરણાવીશ નહીં.' જવાબ લઈ સેવક પાછો વળ્યો. કુંવરે સઘળી વાત જાણી માતાને આશ્વાસન આપ્યું. શાંબ અને પ્રદ્યુમ્ન ચાંડાલનો વેશ લઈ ભોજકટક નગરમાં ગયા. નગરમાં ફરતાં તેઓ ગીતો ગાતા, વાંસળી વગાડતા, વીણાવાદન કરતા. નગરનાં નરનારીઓ તેને જોવા ટોળે મળતાં.

વૈદર્ભીએ પણ પેલા ગાયકોની કલા વિશે જાણી તેમને મહેલમાં તેડ્યા. પિતાના ખોળામાં બેસી તેણે ગીતો સાંભળ્યાં. કુંવરીએ પ્રદ્યુમ્નકુમારની પ્રશંસા કરી. કુમાર તેના મનમાં વસી જતાં તેણે તેને પરણવાનો દૃઢ નિશ્ચય કર્યો.

આ દરમિયાન એવા સમાચાર આવ્યા કે ગજશાળામાંથી છૂટી ગયેલો એક હાથી તોફાને ચડ્યો છે. તેને પકડવાની કોઈ હિંમત કરતું નથી. રાજાએ હાથીને વશ કરવા ઢંઢેરો પિટાવ્યો. ગવૈયાઓએ તે માટે બીડું ઝડપ્યું. હાથીને વશ કર્યો. ઇચ્છામાં આવે તે માગવાનું રાજાએ કહેતાં કુમારે વૈદર્ભી કન્યાની માગણી કરી. રાજાએ ક્રોધે ભરાઈને શાંબ-પ્રદ્યુમ્નને ગામ બહાર કાઢ્યા. શાંબે પ્રદ્યુમ્નને પોતાની વિદ્યાનો ઉપયોગ કરવા કહ્યું. કુમારે વિદ્યાબળનો ઉપયોગ કરીને ભરનિંદ્રામાં સૂતેલી કુંવરી પાસે જઈ રુકિમણીના હાથે લખેલ પત્ર આપ્યો કે જેમાં તેને પોતાની પુત્રવધૂ બનવા જણાવ્યું હતું. સઘળી હકીકત જાણી કુંવરીને હર્ષ થયો. કુંવરીએ પ્રદ્યુમ્નકુમાર સાથે લગ્ન કર્યાં. દિવસ ઊગ્યો ત્યારે કુંવરીને જગાડવા ગયેલી ધાવમાતાએ લગ્નની કોરી સાડી અને કંકણ જોઈને સૌને તેની જાણ કરી. કુંવરીનું એ પરાક્રમ જાણી રુકમૈયાએ તેને ઠપકો આપ્યો. આખરે સૌની સાક્ષીએ માગણ ગવૈયાઓને બોલાવી રુકમૈયાએ પોતાની કન્યા આપી. પ્રદ્યુમ્ન અને શાંબ કુંવરીને લઈને ત્યાંથી ચાલ્યા.

જંબૂવતીનો પુત્ર શાંબ સત્યભામાના બીજા પુત્ર ભીરુકને રંજાડે છે એવી ફરિયાદ સત્યભામાએ જંબૂવતી સમક્ષ કરી. જંબૂવતીએ તો પોતાના પુત્રને ઠાવકો અને ડાહ્યો ગણાવ્યો. કૃષ્ણે જંબૂવતીને તેની ઠાવકાઈનો નમૂનો કોઈ દિવસ બતાવવા કહ્યું. એક વખત કૃષ્ણ અને જંબૂવતી ભરવાડ-ભરવાડણનો વેશ ધારણ કરી દહીં વેચવા નીકળ્યાં. રૂપાળી ભરવાડણને જોઈ શાંબે દહીં લેવાને બહાને તેને ઘરમાં લઈ જઈ બાથમાં લીધી. તે વખતે શ્રીકૃષ્ણ અને જંબૂવતીએ સ્વરૂપ પ્રગટ કર્યાં. શાંબ શરમાયો. બીજે દિવસે શાંબ હાથમાં લાકડાની ખીલી લઈને લોકોને ડરાવતો હતો કે મારી ગઈકાલની વાત જે કોઈ પ્રકટ કરશે તેના મુખમાં તે ખીલી મારીશ. કૃષ્ણે ગુસ્સે થઈ તેને નગર બહાર કાઢી મૂક્યો. પ્રદ્યુમ્ને તેને પ્રજ્ઞપ્તિ વિદ્યા આપી.

સત્યભામાએ પ્રદ્યુમ્નને પણ નગર બહાર સ્મશાનમાં જઈને રહેવા કહ્યું. પ્રદ્યુમ્ને જતાં જતાં ક્યારે પાછો આવું એમ પૂછ્યું. સત્યભામાએ કહ્યું : 'શાંબકુમારનો હાથ પકડીને લાવું ત્યારે.' પ્રદ્યુમ્ન 'ભલે'એમ કહી ચાલતો થયો.

ભીરુકને પરણાવવા સત્યભામાએ નવ્વાણું કન્યાઓ તૈયાર કરી, પણ સોમી કન્યા મળતી નથી. પ્રદ્યુમ્ને પ્રજ્ઞપ્તિ વિદ્યા વડે આ વાત જાણી પોતે જિતશત્રુ રાજાનું રૂપ લીધું અને શાંબને કન્યારૂપ ધારણ કરાવ્યું. સત્યભામાએ જિતશત્રુની કન્યાનું માગું નાખ્યું એટલે

રાજાએ શરત કરી : 'જો સત્યભામા મારી પુત્રીનો હાથ ઝાલી નગર મધ્યે લઈ જાય અને વિવાહ સમયે મારી પુત્રીનો હાથ ભીરુકના હાથની ઉપર રખાવે તો હું મારી પુત્રી ભીરુકને આપું.' સત્યભામાએ શરત સ્વીકારી. જિતશત્રુની કન્યારૂપે રહેલ શાંબને પોતે હાથ ઝાલીને નગરમાં લાવી કન્યાને ચોરીમાં બેસાડવામાં આવી. ભીરુક પરણ્યો. લગ્નવિધિ પૂરી થતાં ભીરુકને બદલે શાંબ કન્યાઓને લઈને ચાલવા માંડ્યો. ભીરુકે એ કન્યાઓને પોતે પરણ્યો હોવાનું કહ્યું. ત્યારે લગ્નમાં હાજર રહેલા સૌની સાક્ષી આપી શાંબે કહ્યું કે એ બધી કન્યાઓને પોતે પરણ્યો છે. તેણે કન્યાઓ સહિત જંબૂવતી પાસે જઈ પ્રણામ કર્યા.

(આધાર : સમયસુંદરરચિત 'શાંબ-પ્રદ્યુમ્ન ચોપાઈ')

ચાર પ્રત્યેક બુદ્ધ

કરકંડૂ રાજા, દુમુખ, નમિ અને નિગ્ગઈ એ નામે ચાર પ્રત્યેક બુદ્ધ થઈ ગયા. કલિંગ દેશમાં ચંપાનગરીમાં દધિવાહન રાજા રાજ્ય કરતો હતો. તે ચેડા રાજાની પુત્રી પદ્માવતીને પરણ્યો હતો. એક વાર ગર્ભના પ્રભાવે રાણીને રાજાનો વેશ પહેરી ગજે ચઢવાનો અને તે વખતે રાજા છત્ર ધરે એવો દોહદ થયો. રાજાએ તે પરિપૂર્ણ કરવા તેમ કર્યું ત્યારે એકાએક અનરાધાર વરસાદ તૂટી પડતાં હાથી ભાગવા લાગ્યો. તે વખતે રાજા એક વૃક્ષની ડાળીએ વળગી ગયો, પરંતુ રાણીને હાથી લઈ ગયો. દૂર વનમાં હાથી એક તળાવમાં પાણી પીવા ઊતર્યો ત્યારે રાણી હળવેકથી હાથી પરથી ઊતરી પડી. વનમાં આગળ ચાલતાં રાણીએ એક તાપસને જોયો. તે તાપસને ચેડા રાજા સાથે પણ સંબંધ હતો તેથી પદ્માવતીની વાત સાંભળી તેને આશ્વાસન આપી ખાવા માટે ફળ આપ્યાં. તાપસે પદ્માવતીને નજીક આવેલા દત્તપુરમાં મોકલી આપી. રાણી એક ઉપાશ્રયમાં ગઈ. ગુરુણીને ગર્ભ વિશેની સઘળી વાત કહી. આથી ગુરુણીએ તેને સાંત્વન આપ્યું. પદ્માવતીએ સમય થતાં પુત્રને જન્મ આપ્યો. તેને રત્નકંબલમાં વીંટી મસાણમાં મૂકી દીધો. ચાંડાલે તેને ઉછેરી અવકર્ણિક નામ આપ્યું. તેને ઘણી ખંજવાળ આવતી તેથી કરકંડૂ એવું બીજું નામ પણ આપ્યું.

સાધ્વીરૂપે રહેલ પદ્માવતી વહોરીને લાવેલ મેવામીઠાઈ કરકંડૂને આપી આવતી. કરકંડૂ મોટો થતાં સ્મશાનનો રખેવાળ થયો. એક વાર કોઈ કારણસર બે અણગાર મસાણમાં આવ્યા. તેમાંથી એક લાકડીના ગુણદોષને જાણતો હતો. તેણે તેના ગુણદોષને વર્ણવ્યા. સાધુની એ વાત કરકંડૂ અને ત્યાં રહેલા બીજા એક બ્રાહ્મણે સાંભળી. બ્રાહ્મણે કરકંડૂ પાસેની શુકનિયાળ લાકડી પડાવી લેવા પ્રયત્ન કર્યો. બંને વચ્ચે ઝઘડો થતાં નગરમાં પંચ પાસે ગયા. પંચે બ્રાહ્મણને લાકડી આપી દેવાથી પુણ્ય થશે એવું કરકંડૂને સમજાવવા પ્રયત્ન કર્યો. કરકંડૂએ તો ચોખ્ખી ના પાડી દીધી. તેણે કહ્યું : 'આ લાકડીના પ્રતાપે તો હું રાજ્ય પામીશ.' એ પછી બ્રાહ્મણોએ કરકંડૂને માર્યો અને તેનાં માતાપિતા સાથે મસાણમાંથી ભગાડી મૂક્યો.

કરકંડૂ ફરતો ફરતો કંચનપુર આવ્યો. ત્યાંનો રાજા અપુત્ર મરણ પામતાં એક અશ્વ યોગ્ય વ્યક્તિની શોધમાં મોકલવામાં આવ્યો હતો. તે કરકંડૂ જ્યાં સૂતો હતો ત્યાં આવ્યો અને હર્ષથી હણહણાટી કરી. આથી રાજ્યના અધિકારીઓએ કરકંડૂ પર રાજા તરીકે પસંદગી ઉતારી અને તેને ઘોડે બેસાડી છત્રચામર ધરી નગરમાં લઈ ગયા. નગરમાં પેસતાં જ બ્રાહ્મણોએ વિરોધ કરતાં કહ્યું : 'ચાંડાલ રાજા થયો હોઈને અમે તેને નમીશું નહીં.' રાજાએ દંડ ફેરવતાં બ્રાહ્મણો અગ્નિથી દાઝવા લાગ્યા. છેવટે બ્રાહ્મણો નમ્યા. કરકંડૂએ બધા ચાંડાલોને બ્રાહ્મણ બનાવ્યા.

કરકંડૂ હવે ભલી રીતે પ્રજાપાલન કરવા લાગ્યો. એ વખતે સ્મશાનમાં મળેલો બ્રાહ્મણ તેની પાસે આવ્યો. કરકંડૂએ તેને ઇચ્છા મુજબ માગવાનું કહેતાં તેણે ચંપાનગરીની આસપાસનું એક ગામ આપવા કહેવડાવ્યું. એ સાંભળી રાજા દધિવાહન બ્રાહ્મણ ઉપર કોપ્યો અને દૂતને મોકલી આકરાં વેણ કહાવ્યાં. કરકંડૂએ એ સાંભળી ચંપાપુરી પર તત્કાળ ચડાઈ કરી. બંને પક્ષે ભારે ખુવારી થઈ.

યુદ્ધ થયાનું જાણી પદ્માવતીએ દધિવાહનને પ્રતિબોધ આપવા વિચાર્યું. પહેલાં તે કરકંડૂ પાસે ગઈ અને બાપ સાથે કેમ લડે છે તે તેને પૂછ્યું. કરકંડૂએ વીગતો પૂછતાં પદ્માવતીએ સઘળી વાતની સ્પષ્ટતા કરી.

પદ્માવતી તે પછી ચંપાપુરી ગઈ અને દધિવાહનને મળી. રાજા તેને ઓળખીને આનંદ પામ્યો. કંચનપુર અને ચંપાનગરી એ બે નગરોનો રાજા કરકંડૂ થયો. દધિવાહને દીક્ષા ગ્રહણ કરી.

કરકંડૂને એક ગોવાળ ઉપર ભારે પ્રેમ હતો. એક દિવસ તેણે ગોવાળને કહ્યું : 'એક સફેદ વાછરડાને તેની માતાનું દૂધ પિવડાવી ઉછેર.' ગોવાળે તેમ કર્યું. વૃષભ જુવાન થયો. મદમસ્ત થઈને ત્રાડો પાડતો હતો.

થોડાં વર્ષ પસાર થતાં બળદ ઘરડો થઈ ગયો. તેને જોઈ કરકંડૂએ વિચાર કર્યો કે વૃદ્ધાવસ્થામાં આવી જ સ્થિતિ થવાની. આમ, વૃષભથી પ્રતિબોધ પામીને તેણે સંયમ ધારણ કર્યો અને પહેલા પ્રત્યેક બુદ્ધ તરીકે ખ્યાતિ પામ્યો.

(૨) દુમુહ / દુમુખની કથા

પાંચાલ દેશમાં કંપિલા નગરીમાં જય નામે રાજા રાજ્ય કરતો હતો. તેને ગુણમાલા નામે પટરાણી હતી. જય રાજાએ એક વાર અભૂતપૂર્વ ચિત્રસભા આલેખવાનો હુકમ કર્યો. ચિત્રસભા તૈયાર થઈ જતાં જય રાજાએ મહોત્સવ કર્યો અને માથે મુકુટ પહેરી તે સિંહાસન પર બેઠો. મુકુટમાં રાજાના મુખનું પ્રતિબિંબ પડતું

જોઈને લોકોએ તેને દુમુહ નામ આપ્યું.

દુમુહની પટરાણી ગુણમાલાએ સાત પુત્રોને જન્મ આપ્યો. પરંતુ એકેય પુત્રી ન હોવાનો તેને વસવસો રહેતો હતો. સમય જતાં એક પુત્રી થઈ જેનું મદનમંજરી નામ રાખ્યું.

એ સમયે ઉજ્જયિનીમાં ચંડપ્રદ્યોત નામે રાજા રાજ્ય કરતો હતો. તેના દૂતે એક વાર કંપિલાના રાજા દુમુહના અદ્‌ભુત મુકુટની પ્રશંસા કરી. ચંડપ્રદ્યોતને તે મેળવવાની ઇચ્છા થતાં દૂતને મોકલી મુકુટ આપી દેવા દુમુહને કહેવડાવ્યું. દુમુહે પ્રત્યુત્તર આપતાં કહ્યું : 'ચંડપ્રદ્યોત જો પોતાનો અનલગિરિ હાથી, અગ્નિભીરુ, રથ, શિવા નામની રાણી અને લોહજંઘ નામે દૂત મને આપે પછી જ મુકુટ વિશે વિચાર કરું.' એ સાંભળી ચંડપ્રદ્યોત ગુસ્સે થયો અને કંપિલા પર ચડાઈ કરી. પરંતુ લડાઈમાં, મુકુટના પ્રતાપે, દુમુહનો વિજય થયો. ચંડપ્રદ્યોત પકડાયો.

એક દિવસ ચંડપ્રદ્યોતની નજર મદનમંજરી પર પડતાં તે કામાતુર થયો દુમુહ સમક્ષ તેણે મદનમંજરીને પરણવાનો પ્રસ્તાવ મૂકતાં દુમુહે તે પ્રસ્તાવ સ્વીકારી લીધો અને પોતાની પુત્રી તેણે ચંડપ્રદ્યોતને પરણાવી ચંડપ્રદ્યોતને તેના રાજ્યમાં મોકલ્યો.

દુમુહે ઇંદ્રધ્વજના ઉત્સવ માટે ઢંઢેરો પિટાવ્યો. લોકોએ એકઠા થઈ સાત દિવસ સુધી રંગેચંગે ઉત્સવ ઊજવ્યો. તે પછી એક દિવસ રાજાએ આવી જોયું તો ઇંદ્રધ્વજને મળમૂત્રમાં પડેલો જોયો. દુમુહે તેનાથી પ્રતિબોધ પામી સંયમ ગ્રહણ કર્યો. આમ, તે બીજા પ્રત્યેક બુદ્ધ તરીકે ઓળખાયો.

(૩) નમિની કથા

જંબૂદ્વીપના સુદર્શન નગરમાં મણિરથ નામે રાજા. તેનો નાનો ભાઈ જુગબાહુ (યુગબાહુ) યુવરાજપદે હતો. પોતાની ભાર્યા મદનરેખા ઉપર યુવરાજને અતિ પ્રેમ. જુગબાહુને ચંદજસ નામે એક પુત્ર હતો.

એક વાર મણિરથના મનમાં મદનરેખાને પ્રાપ્ત કરવાની વાસના જાગી. તેણે મદનરેખાને ભેટસોગાદો મોકલવા માંડી. મદનરેખા જેઠ તરફથી મળતી ભેટને પ્રસાદી સમજી સ્વીકારવા લાગી. આથી મણિરથને લાગ્યું કે નક્કી તે તેના (મણિરથના)પ્રેમમાં પડી છે. એક વાર મણિરથે મદનરેખા સમક્ષ પ્રસ્તાવ મૂક્યો ત્યારે તેણે જેઠને પિતા સમાન ગણાવ્યો. વળી, પોતાને માથે જુગબાહુ જેવો પતિ હયાત છે એમ કહી જેઠને મર્યાદા ન લોપવા જણાવ્યું.

આથી મણિરથે પોતાના ભાઈ જુગબાહુની હત્યા કર્યા વિના પોતાનું કાર્ય નહીં સરે એમ વિચાર્યું.

સમય જતાં મદરેખાને બીજો ગર્ભ રહ્યો. તે વખતે ઘણા દોહદ જાગ્યા જે પૂર્ણ કર્યા. વસંતઋતુનું આગમન થતાં જુગબાહુ મદનરેખાને લઈ વનમાં ક્રીડા કરવા ગયો. એ જાણી મણિરથે તકનો લાભ લઈ પોતાના ભાઈની હત્યા કરી મદનરેખા સાથે ભોગ ભોગવવા વિચાર્યું. તેણે વનમાં જઈ જુગબાહુની હત્યા કરી. મદનરેખાએ પોકાર પાડ્યો. પહેરેગીરો આવ્યા. હત્યારાની તપાસ કરવા માંડ્યા. મણિરથે પોતાના હાથમાંથી પડેલા ખડ્‌ગને કારણે ભાઈનું મૃત્યુ થયું હોવાનું કહ્યું. પહેરેગીરો મણિરથને નગરમાં લઈ ગયા. ચંદજસ રડતો રડતો આવ્યો. મદનરેખા પોતાના રૂપને ધિક્કારવા લાગી. તેણે વિચાર્યું કે તેના રૂપને લીધે પુત્રની પણ કદાચ જેઠ હત્યા કરે. આથી શીલનું રક્ષણ કરવા તે ઘર છોડી ચાલી નીકળી. વનમાં તેણે પુત્રને જન્મ આપ્યો. તેને રત્નકંબલમાં વીંટી નામાંકિત મુદ્રા પહેરાવી, કિનારે સુવડાવી મદનરેખા પોતાનાં વસ્ત્રો સરોવરમાં ધોવા લાગી. વસ્ત્ર ધોઈ તે સ્નાન કરતી હતી તે વખતે દુરદંત નામે એક હાથીએ તેને પકડી આકાશમાં ઉછાળી. દૈવયોગે એક વિદ્યાધરે તેને ઝીલી લીધી. તે તેને વૈતાઢ પર્વત પર લઈ ગયો. મદનરેખાએ આપવીતી કહી, પોતાનું તરતનું જન્મેલું બાળક ટળવળીને મરી જશે માટે જવા દેવા વિનંતી કરી. ત્યારે કામાતુર વિદ્યાધરે પોતાને પતિ માને તો તે જે કહે તે કરવા તૈયાર હોવાનું મદનરેખાને જણાવ્યું.

વિદ્યાધરે પોતાનો પરિચય આપતાં કહ્યું : 'ગાંધાર દેશના રતનાવહપુરના વિદ્યાધર રાજા મણિચૂડ અને રાણી કમલાવતીનો હું મણિપ્રભ નામે પુત્ર છું. રાજરિદ્ધિ છોડી મારા પિતાએ સંયમ ગ્રહણ કર્યો છે. નંદીસર ગયેલા મારા પિતાની પાસે જતાં રસ્તામાંથી તારું અપહરણ કર્યું.' વળી, વિદ્યાધરે મદનરેખાનો પુત્ર મિથિલાનગરીની રાણી પાસે ઊછરતો હતો એ પોતાની વિદ્યાના બળે તેને કહ્યું.

મદનરેખાએ શીલની રક્ષા કરવા એક યુક્તિ વિચારી. તેણે વિદ્યાધરને નંદીસર યાત્રા કરાવે તો તેની ઇચ્છા પૂરી કરવા જણાવતાં વિદ્યાધર રાજી થયો. તે સતીને લઈને નંદીસર ગયો. ત્યાં સતીએ જિનબિંબને વંદન કર્યા અને મણિચૂડ મુનિને પ્રણમી બંને તેમની સમક્ષ બેઠાં. ચારનાણીએ વાત જાણીને પુત્રને સમજાવ્યો. મણિપ્રભે મદનરેખાની ક્ષમા માગી અને તેને બહેન કહી.

મદનરેખાએ મુનિને પોતાના પુત્ર વિશે પૂછતાં તેમણે કહ્યું : 'જંબૂદ્વીપના મણિતોરણ નગરના અમિત જસા રાજાની પટરાણી પુષ્પવતીને પુફકસેન અને રતનસિંહ નામે બે પુત્રો હતા. તેઓ જપતપ કરી બારમા દેવલોકને પામ્યા. ત્યાંથી ચ્યવીને બંને ધાતકીખંડના હરિષેણ રાજાની રાણી સમુદ્રદત્તાના પેટે સાગરદેવ અને સાગરદત્ત નામના પુત્રો તરીકે અવતર્યા. તેમણે દીક્ષા લીધા પછી ત્રીજા દિવસે વીજળી પડતાં તે બંનેનો ઘાત થયો. ત્યાંથી ચ્યવીને એક મિથિલા નગરીના રાજા જયસેનનો પદ્મરથ નામે પુત્ર થયો. બીજો સુદર્શન નગરની મદનરેખાને ત્યાં જન્મ્યો. જયસેન રાજાએ પદ્મરથને રાજકાજ સોંપી દીક્ષા લીધી. પદ્મરથ પટરાણી

સાથે રંગરાગ ખેલતો હતો ત્યારે એક વાર એક વક્રતુરંગ રાજાને વનમાં હરી ગયો. ત્યાં રાજાએ તારા પુત્રને જોતાં તેના પ્રત્યે પ્રેમ જન્મ્યો. તેણે બાળકને ઊંચકી લીધો. મિથિલા આવીને રાજાએ તે રાણીને આપ્યો. રાણીએ પુત્રજન્મ આપ્યો હોય તેમ તેને વધાવ્યો. મદનરેખા તે સાંભળી આનંદ પામી.

પુત્રને મળવા ઉત્સુક મદનરેખા મિથિલાનગરી ગઈ. ત્યાં તેણે પ્રથમ દેવ જુહાર્યા. પછી સાધ્વી પાસે જઈ તેણે દીક્ષા ગ્રહણ કરી.

મિથિલામાં મોટા થઈ રહેલા મદનરેખાના પુત્રે શત્રુઓને નમાવ્યા તેથી તેનું નામ નમિ પાડવામાં આવ્યું. ઉંમરલાયક થતાં તેને એકસો આઠ કન્યાઓ પરણાવવામાં આવી. પદ્મરથ રાજાએ નમિને રાજકાજ સોંપી દીક્ષા ગ્રહણ કરી. ભાઈની હત્યા કરનાર મણિરથનું સર્પદંશથી મૃત્યુ થયું. આથી જુગબાહુ અને મદનરેખાના મોટા પુત્ર ચંદ્રજસને ગાદીએ બેસાડવામાં આવ્યો.

એક દિવસ નમિ રાજાનો મદમસ્ત હાથી બંધન છોડી ભાગ્યો. લોકોમાં નાસભાગ મચી ગઈ. હાથી ભાગીને સુદર્શન નગરની સીમમાં આવતાં ચંદ્રજસ રાજાએ તેને બાંધી દીધો. નમિના દૂતોએ જઈને તેને આ વાત કહી એટલે તેણે ચંદ્રજસ પાસે હાથી પાછો માગ્યો. ચંદ્રજસે ના પાડતાં યુદ્ધ થયું. સુવ્રતા સાધ્વીએ યુદ્ધમાં મનુષ્યનો ક્ષય થતો હોવાનું જાણી બંનેભાઈઓને ન કરવા સમજાવ્યા. બંને ભાઈઓ કેવી રીતે થાય તેમ પૂછતાં સાધ્વીએ સઘળી હકીકત કહી બંને ભાઈઓનું મિલન થયું. ચંદ્રજસે પોતાનું રાજ્ય નમિને આપી પોતે દીક્ષા ગ્રહણ કરી.

રૂડી રીતે રાજ કરતાં કરતાં એક વાર નમિને દાહજ્વર લાગુ પડ્યો. કોઈ ઉપાય કારગત નીવડતો નહોતો. વૈદ્યોએ બાવના ચંદન લાવવાનું કહ્યું. છેવટે રાજ્ય છોડી સંયમ ગ્રહણ કરવાનો મનસૂબો કરતાં જ તેનો દાહજ્વર મટી ગયો. નમિને જાતિસ્મરણ થયું. નમિ રાજા ત્રીજો પ્રત્યેક બુદ્ધ થયો.

(૪) નિગ્ગઈની કથા

મગધ દેશમાં પટવર્ધનપુરમાં સિંહરથ રાજા રાજ્ય કરતો હતો. એક દિવસ ઉત્તરાપથના બે અશ્વો લઈને સોદાગર આવ્યો. એ બંને અશ્વો પર રાજા અને રાજકુંવર અસવાર થયા. અશ્વો પવનવેગે દોડ્યા. રાજા એ અશ્વ દોડાવતો જંગલમાં અડતાળીસ કોસ દૂર લઈ ગયો. લગામ ઢીલી મૂકતાં ઘોડો ઊભો રહ્યો. રાજાએ તેને એક વૃક્ષ સાથે બાંધ્યો. પછી તેણે ફળફૂલનો આહાર કર્યો.

રાજાએ એક ઊંચા સ્થાન પર રહેલ મહેલ જોયો. ત્યાં જઈને રાજાએ જોયું તો એક સ્વરૂપવાન કન્યા બેઠી હતી. રાજાને જોઈ કન્યાએ ઊભા થઈ આદરમાન દીધું. બંનેની દૃષ્ટોદૃષ્ટ મળી, કામ ઊપજ્યો. રાજાએ કન્યાને તેના એકાકી જીવન વિશે પૂછતાં કન્યાએ 'પહેલાં મને પરણ, પછી સઘળી હકીકત કહીશ,' એમ કહ્યું. રાજાએ તેની સાથે ગાંધર્વવિવાહ કર્યો.

કન્યાએ પોતાનો પરિચય રાજાને આપતાં કહ્યું : 'ભરતક્ષેત્રના ક્ષિતપ્રતિષ્ઠ નગરના જિતશત્રુ રાજાને એક દિવસ ચિત્રસભા આલેખાવાની ઇચ્છા થતાં તેણે બધા ચિતારાઓને બોલાવી કામ વહેંચી દીધું. તે ચિતારાઓમાં ચિત્રાંગદ નામે એક વૃદ્ધ અને નિર્ધન ચિતારો હતો. તેને કનકમંજરી નામે ચતુર પુત્રી હતી. એક દિવસ કનકમંજરી પોતાના પિતા માટે ભાત લઈને જતી હતી ત્યારે એક ઘોડેસવારે તેને રોકી. પછી તે દૂર જતો રહ્યો અને કનકમંજરી પિતા પાસે પહોંચી. પિતા દેહચિંતા અર્થે ગયા ત્યારે નવરી પડેલી કનકમંજરીએ મોરપિચ્છનું આબેહૂબ ચિત્ર આલેખ્યું. તે વખતે રાજા ત્યાં આવી પહોંચ્યો. તેણે પેલા ચીતરેલ મોરપિચ્છને સાચું માનીને પકડવા પ્રયત્ન કરતાં નખ તૂટી ગયો. તે જોઈ કનકમંજરી હસી પડી અને મર્મવચન કહ્યાં. ખસિયાણા પડી ગયેલા રાજાએ તેને તેનાં મર્મવચનોનો અર્થ પૂછ્યો. કનકમંજરીએ મૂર્ખનાં લક્ષણો ગણાવતાં કહ્યું : 'જે રાજમાર્ગ પર વહુબેટી, વૃદ્ધો અને બાળકોની પરવા કર્યા વિના ઘોડો દોડાવે તે મૂર્ખ છે. વળી, જેણે મારા પિતા જેવા નિઃસહાય, નિર્ધન અને વૃદ્ધને ચિત્રશાળામાં ચિત્ર કરવાનું સોંપ્યું છે તે પણ મૂર્ખ છે. ત્રીજો મૂર્ખ તારો પિતા કે જે ભોજન વખતે જ દેહચિંતા અર્થે ગયો અને ખાવાનું ઠંડું થઈ ગયું. ચોથો મૂર્ખ તું (રાજા) છે કે જે વિચાર્યા વગર જ ચિત્રાંકિત મોરપિચ્છને પકડવા ગયો.' કન્યાની વચન-ચાતુરી જાણી રાજા આનંદ પામ્યો. કનકમંજરીના રૂપથી રાજા આકર્ષાયો. તેણે મંત્રીને ચિતારા પાસે મોકલી કનકમંજરીના હાથની માગણી કરી. ચિતારાએ પોતે નિર્ધન હોવાનું કહી છત્રપતિ સાથે દીકરીનો વિવાહ કેવી રીતે કરું એમ કહ્યું. રાજાએ તેને બહુ ધન આપ્યું અને કનકમંજરી સાથે પરણ્યો.

પરણ્યાની રાત્રે કનકમંજરી રાજા પાસે ગઈ. કનકમંજરીએ નક્કી કરેલા પૂર્વસંકેત અનુસાર મદનિકા દાસીએ પ્રશ્ન કર્યો. રાણી કનકમંજરીએ તેને રાજા સૂઈ જાય પછી સઘળી વાત કહેવાનું કહેતાં રાજાને આશ્ચર્ય થયું. રાજા કપટનિદ્રામાં પડ્યો. મદનિકાએ વાત કહેવા રાણીને કહ્યું.

રાણીએ કહ્યું : 'એક નગરના નગરશેઠે એક દહેરું બંધાવ્યું. તે દહેરું એક હાથ ઊંચું હતું. તેમાં ચૌહત્થ ઊંચી મૂર્તિની સ્થાપના કરી.' મદનિકાએ એ કેવી રીતે માની શકાય એમ કહેતાં તેણે વાત બીજા દિવસ પર ઠેલી.

બીજે દિવસે પણ રાજા પાસે જવાનો વારો ચિતારી (રાણી)નો જ રહ્યો. ચિતારીએ આગલી રાતે કહેલી સમસ્યાનો ઉકેલ આપતાં કહ્યું : 'ચૌહત્થ એટલે ચાર હાથવાળા દેવ એક હાથ ઊંચા દહેરામાં સમાય એ વાતમાં આશ્ચર્ય શું ?'

દાસીએ બીજી વાત કહેવાની વિનંતી કરતાં રાણીએ બીજી વાત કહી : 'કોઈ એક રાજાએ ચોરોને પકડી, તેમને પેટીમાં પૂરી નદીમાં વહાવી દીધા. તે પેટી એક નગરના કિનારે આવી ત્યારે બે જણે તેને જોતાં ધનની લાલચે કિનારે ખેંચી લીધી. પેટી ખોલતાં તેમાંથી ચોર નીકળ્યા. બહાર કાઢનારે ચોરોને પેટીમાં કેટલા દિવસ થયા એમ પૂછતાં તેમણે ત્રણ દિવસ થયાનું કહ્યું. મદનિકાએ પ્રશ્ન કર્યો : 'એ કેવી રીતે જાણ્યું ?' ત્યારે રાણીએ ખૂબ દહીં ખાવાથી ઊંઘ આવતી હોવાનું કહી બીજે દિવસે ઉત્તર આપવાનું કહ્યું.

રાજાએ ઉત્તર સાંભળવા ત્રીજે દિવસે પણ કનકમંજરીનો જ વારો રાખ્યો. કનકમંજરીએ મદનિકાને આગલા દિવસના પ્રશ્નનો ઉત્તર આપ્યો : 'ચોરને તરીયો તાવ આવતો. એના ઉપરથી એણે ત્રીજો દિવસ થયો હોવાનું કહેલું.' પછી મદનિકાના કહેવાથી કનકમંજરીએ ત્રીજી વાર્તા કહી.

તેણે કહ્યું : 'એક રાજાએ દાગીના ઘડવા કેટલાક સોનીઓને બોલાવ્યા. તે ભોંયરામાં બેસી દીવાના અજવાળે ઘાટ ઘડતા હતા. તેમણે અંદરોઅંદર રાત છે કે દિવસ એમ પૂછતાં એકે રાત હોવાનું કહ્યું.' દાસીએ ભોંયરામાં ચંદ્ર-સૂરજ દેખાતા ન હોવા છતાં તેણે રાત હોવાનું કેવી રીતે જાણ્યું એમ પૂછ્યું. પરંતુ રાણીએ ટીંડોરાં ખાધા હોવાથી ઊંઘ આવતી હોવાના બહાના હેઠળ ઉત્તર ટાળ્યો.

ચોથા દિવસે પણ કનકમંજરીનો વારો રહ્યો. દાસીના પ્રશ્નનો ઉત્તર આપતાં રાણીએ તે સોની રતાંધળો હોવાનું કહ્યું. તે પછી રાણીએ ચોથી વાર્તા કહી : 'એક ગુરુ ચાર લાડુ લાવ્યા. તેમાંથી પ્રથમ ચેલાને એક આપ્યો. બીજાને બીજો, ત્રીજો લાડુ ચોથાને આપ્યો અને એક પોતે ખાધો. તો ગુરુને કેટલા શિષ્યો હશે ?' દાસીએ સ્વામિનીને એનો ભેદ કહેવા વિનંતી કરતાં રાણીએ આજે ખટાશ ઘણી ખવાઈ ગઈ હોવાથી ઊંઘ આવે છે એમ કહ્યું.

પાંચમે દિવસે પણ કનકમંજરીને જ રાજાએ બોલાવી. તેણે આગલા દિવસની સમસ્યાનો ઉકેલ આપ્યો કે ગુરુને ત્રણ જ ચેલા હતા. ત્રીજા ચેલાનું નામ ચોથો હતું. તે દિવસે રાણીએ વળી એક બીજી સમસ્યા કહી : 'એક ઊંચા મંડપની ઉપર અને નીચે ઘણાં પંખીઓ રહેતાં હતાં. ઉપર રહેતાં પંખીઓમાંથી એક નીચે જાય તો ઉપર-નીચેની સંખ્યા સરખી થઈ જાય. અને જો નીચેથી એક પંખી ઉપર જાય તો ઉપરની સંખ્યા બમણી થઈ જાય. તો કુલ કેટલાં પંખીઓ હશે ?' પ્રશ્ન કરી દિવસે સોગઠાંબાજી રમી હોવાથી ઊંઘ આવતી હોવાનું કહી દાસીને બીજે દિવસે આવવા કહ્યું.

રાજાને ઉત્તર સાંભળવાની ચટપટી લાગતાં છઠ્ઠા દિવસે પણ કનકમંજરીને જ બોલાવી. તેણે દાસીને આગળની સમસ્યાનો ઉત્તર આપતાં કહ્યું કે ઉપર સાત અને નીચે પાંચ પંખી હશે.

મદનિકાએ નવી સમસ્યા કહેવા કનકમંજરીને કહ્યું તેણે નવી સમસ્યા કહી : 'ત્રણ ચોરે કોઈનો ભંડાર તોડી ઘણી સોનામહોરો ચોરી લીધી. તેમાંથી એક વાર એક ચોર આવીને ત્રીજો ભાગ લઈ ગયો. બીજો પણ ત્રીજા કરતાં એક ભાગ અધિક લઈ ગયો. બાકીનો ભાગ ત્રીજો લઈ ગયો.ત્રણેને સરખો ભાગ મળ્યો. તો કેટલી સોનામહોરો હશે ?' આટલું કહી પોતાનું શરીર દુઃખતું હોવાથી બીજા દિવસ પર ઉકેલ બાકી રાખ્યો.

સાતમા દિવસે પણ તેનો વારો રહ્યો. કનકમંજરીએ છઠ્ઠા દિવસની સમસ્યાનો ઉકેલ આપતાં છ સોનામહોરો હોવાનું કહ્યું. એ પછી એણે એક નવી સમસ્યા કહી : 'એક ઊંટ વનમાં ચરવા ગયો. તેણે એક મોટું વૃક્ષ જોઈ તેને હેઠે પાડવા પ્રયત્ન કર્યો, પરંતુ તે ન પડતાં ઊંટે ગુસ્સે થઈને તેની ઉપર મળમૂત્ર કર્યાં. ઊંચા વૃક્ષ ઉપર આ કેવી રીતે શક્ય બને ?' પોતાને પ્રીતમ સાથે આજે રાત્રે નિરાંતથી વાત કરવી છે એમ કહી કનકમંજરીએ બીજે દિવસે ઉકેલ આપવાનું કહ્યું.

આઠમા દિવસે આવીને તેણે સમસ્યાનો ઉકેલ આપ્યો કે વૃક્ષ જૂના કૂવાની ભીંતમાં ઊગેલું હતું. તે પછી તેણે એક બીજી સમસ્યા કહી. 'બાર વર્ષે પદ્મિનીને મળેલા તેના પ્રીતમે ખુશ થઈને મોટાં મુક્તાફલ આપ્યાં. પેલી સ્ત્રીએ તે ફેંકી દીધાં. તો સ્ત્રીએ પોતાના પ્રીતમ ઉપર શાથી ગુસ્સો કર્યો હશે ?' આટલું પૂછી પોતાના પિયુએ અફીણ ખવરાવ્યું હોઈને શોષ પડવાથી બોલી શકાતું નથી એમ કહી ઉકેલ બીજા દિવસ પર મુલતવી રાખ્યો.

આમ તેર રાત્રિ સુધી દાસીને સમસ્યા પૂછી, તેના ઉકેલો સાંભળવા ઉત્સુક રાજાને વશ કરી લીધો. ચતુર ચિતારીએ પોતાના પિયુને વશ કરી લીધાનું જાણી અન્ય રાણીઓને ઈર્ષ્યા થઈ. તેમણે કોઈ યુક્તિ કરી રાજાનું મન ફેરવવા વિચાર કર્યો.

બીજી બાજુ ચિતારી પોતાના મહેલના ઓરડામાં આવી પોતાનો મૂળ વેશ (ચિતારીનો) ધારણ કરી પોતાના જીવને નિરભિમાની રહેવા ઉપદેશ આપતી રહી. તે જોઈ ઈર્ષ્યાળુ રાણીઓએ રાજાના કાન ભંભેર્યા કે ચિતારી તેને વશ કરવા કામણટૂમણ કરી રહી છે. તે નજરોનજર જોવા રાજાને આગ્રહ પણ કર્યો. રાજાએ ખાતરી કરવા રાણીના આવાસ પાસે છુપાઈને બધું સાંભળ્યું તો કનકમંજરી પોતાની જાતને જ નિંદતી હતી. રાજાએ પ્રસન્ન થઈ તેને પટરાણી બનાવી.

એવામાં વિમલચંદ આચાર્ય વિહાર કરતા કરતા જિતશત્રુના રાજ્યમાં આવ્યા. રાજા અને પટરાણી કનકમંજરીએ આચાર્યને વંદના કરી, જિનધર્મ ગ્રહણ કર્યો. અનશન ઉપવાસ કરી બંને સ્વર્ગે ગયાં. ત્યાંથી ચ્યવીને કનકમંજરી દૃઢશક્તિ વિદ્યાધરની પુત્રી કનકમાલા તરીકે અવતરી. તે યુવાન થઈ ત્યારે તેના રૂપથી

આકર્ષાયેલા વાસવ ખેચરે તેનું અપહરણ કર્યું. ખેચરે પાણિગ્રહણ કરવાની તૈયારી કરતી વખતે જ કનકમાલાનો ભાઈ કનકતેજ ત્યાં આવ્યો. વિદ્યાધર અને તેની વચ્ચે યુદ્ધ થયું. બંને તેમાં મરાયા. કનકમાલા ભાઈના મૃત્યુનો શોક કરતી બેઠી હતી. એવામાં એક વ્યંતરે આવીને તેને કહ્યું કે તે તેનો (કનકમાલાનો) પૂર્વજન્મનો પિતા છે. તે વખતે દૃઢશક્તિ વિદ્યાધર પણ ત્યાં આવ્યો. તેને જોઈ વ્યંતરે કન્યાને મૃતપ્રાયઃ કરી નાખી. આમ, કનકતેજ, વાસવ અને કન્યા ત્રણેય મૃતરૂપ થઈ ગયાં. દૃઢશક્તિને લાગ્યું કે વ્યંતરે જ મારા પુત્રને અને પુત્રીને માર્યાં છે. કામવાસના જ સંસારના અનર્થોનું મૂળ છે એમ વિચારી તેણે સંયમ લીધો.

વ્યંતરે માયા વડે કન્યાને સજીવન કરી. દીકરીએ પિતા સમક્ષ ભાઈના મરણનું કારણ કહ્યું. આ પછી દેવે કનકમંજરી અને જિતશત્રુના પૂર્વભવ કહ્યા. વ્યંતરે સિંહરથ રાજાને સંતોષ્યો. રાજાએ સ્વદેશ જવાની ઇચ્છા બતાવી ત્યારે કનકમાલાએ પોતાના પ્રિયતમને પ્રજ્ઞપ્તિ વિદ્યા પ્રાપ્ત કરી જવાનું કહ્યું. રાજાએ તેમ કર્યું અને પોતાને નગર પહોંચ્યો. લોકોએ તેને નિગ્ગઈ એવું નામ આપ્યું. તે પછી તેણે રાજરિદ્ધિ છોડીને વૈરાગ્ય ધારણ કરતાં ચોથા પ્રત્યેક બુદ્ધ તરીકે ખ્યાતિ પામ્યા.

(ચાર પ્રત્યેક બુદ્ધ રાસ : કવિ સમયસુંદર)